ૐ

શ્રી વીતરાગાય નમઃ

રાજહૃદય

(ભાગ-૧૭)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

(પત્રાંક-૭૬૭ થી ૮૧૧)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૨-૪-૨૦૧૬ (ફાગણ વદ ૧૦, પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૪મી સમ્યક્ જયંતિ)
પ્રત : ૨૦૦
પૃષ્ઠ સંખ્યા : ૩૭૬ + ૮ = ૩૮૪
પડતર કિંમત : ૬૧૦/-
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
ભગવતી ઓફસેટ
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રસ્તાવના

'રાજહૃદય' ભાગ-૧૭નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં 'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'માં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે 'રાજહૃદય' નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઈચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે

જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઈત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે 'પૂજ્ય ભાઈશ્રી'ના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ

ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, આ તો બાર અંગનો સાર છે ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય 'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ખાલી જગ્યા રાખવામાં આવી છે. 'પૂજ્ય ભાઈશ્રી'ના ભાવોનો પ્રવાહ યથાવત જાળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૯ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે. આ ગ્રંથના બધા પ્રવચનોની સીડી પુસ્તક સાથે રાખેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઈમ્પ્રેશન્સ'નો આભાર માનવામાં આવે છે. રાજહૃદયના બધા ભાગો **www.satshrut.org** ઉપર ઉપલબ્ધ છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

'રાજહૃદય' ભાગ–૧૭ ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

શારદાબેન શાંતિલાલ શાહ, ચેન્નઈ	૪૧,૦૦૦/-
સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી	૨૫,૦૦૦/-
શ્રી શાંતિલાલ વી. દેઢિયા, મુંબઈ	૧૭,૦૦૦/-
દિક્ષીત મુકેશભાઈ મહેતા, ચેન્નઈ	૧૧,૦૦૦/-
શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર	૧૧,૦૦૦/-
વૃંદાબેન વિમલભાઈ ઠક્કર, મુંબઈ	૭,૫૦૦/-
પ્રવિણાબેન વિનોદભાઈ ઠક્કર, મુંબઈ	૭,૫૦૦/-
શ્રી દિક્ષીત એમ. મહેતા, મુંબઈ	૫,૫૦૦/-
શ્રીમતી નીરુબેન મણીલાલ સાવલા, મુંબઈ	૫,૦૦૦/-
શ્રીમતી શ્વેતાબેન ભાવીનભાઈ સાવલા, મુંબઈ	૫,૦૦૦/-
સારિકાબેન, મુંબઈ	૫,૦૦૦/-
મારિયાબેન, મુંબઈ	૫,૦૦૦/-
શોભનાબેન દિનેશભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
તોરલબેન દિનેશભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
શ્રીમતી સરિતાબેન મીસરીફ, તેજપુર	૫,૦૦૦/-
શ્રીમતી પ્રમીલાબેન ભૂરા, તેજપુર	૫,૦૦૦/-
પૂનમબેન ભાવેશભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
પૂજાબેન પારસભાઈ શાહ, ચેન્નઈ	૫,૦૦૦/-
શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ	૫,૦૦૦/-
ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા	૫,૦૦૦/-
શ્રી રસીકભાઈ એન. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
શ્રીમતી તરુલતાબેન આર. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
મીના વી. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
માનસી શાહ, મુંબઈ	૫,૦૦૦/-
પૂજા વી. શાહ, મુંબઈ	૫,૦૦૦/-
સ્વ. શ્રી ગુલાબભાઈ જી. ભાટિયા, મુંબઈ	૫,૦૦૦/-
શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર	૨,૫૦૦/-
શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ	૨,૫૦૦/-
શ્રીમતી ઈલાબેન દિનેશભાઈ છેડા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રીમતી માનસી મોનાક છેડા, મુંબઈ	૨,૫૦૦/-
મૈત્રી દિનેશભાઈ છેડા, મુંબઈ	૨,૫૦૦/-

શ્રીમતી મીનાબેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રીમતી ચેલણાબેન શ્રેણીકભાઈ સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રી પ્રતિકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
વેલબાઈ વીશનજી સાવલા, મુંબઈ	૨,૫૦૦/-
શ્રી પિયૂષભાઈ નગીનદાસ ભાયાણી, કોલકાટા	૨,૧૦૦/-
રીયા મેહુલ ગાલા, મુંબઈ	૨,૦૦૦/-
કરીના મેહુલ ગાલા, મુંબઈ	૨,૦૦૦/-
સાચી હેમલ ગાલા, મુંબઈ	૨,૦૦૦/-
સોહમ હેમલ ગાલા, મુંબઈ	૨,૦૦૦/-
શ્રીમતી વાસંતીબેન જયંતભાઈ ગાલા, મુંબઈ	૨,૦૦૦/-
શ્રીમતી લીનાબેન ભરતભાઈ રાંભિયા, મુંબઈ	૨,૦૦૦/-
શ્રી જિનેન્દ્રભાઈ દિલીપભાઈ દોશી, ચેન્નઈ	૨,૦૦૦/-
શ્રીમતી રાધિકાબેન જિનેન્દ્રભાઈ દોશી, ચેન્નઈ	૨,૦૦૦/-
શ્રીમતી સાકરબેન મેઘજી, મુંબઈ	૧,૫૦૦/-
હર્ષ, સ્મિત ભરતભાઈ રાંભિયા, મુંબઈ	૧,૫૦૦/-
શ્રીમતી વીણાબેન મહેન્દ્રભાઈ વીરા, મુંબઈ	૧,૫૦૦/-
શ્રી પ્રકાશભાઈ શાહ, મુંબઈ	૧,૦૦૦/-
શ્રી મૈત્રી દિનેશભાઈ છેડા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી જીજ્ઞા દિપકભાઈ છેડા, મુંબઈ	૧,૦૦૦/-
હેત્વી દિપકભાઈ છેડા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રી દિપકભાઈ તલકશી છેડા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રી મીનાબેન લાલુભાઈ ભીખાભાઈ, મુંબઈ	૧,૦૦૦/-
રક્ષાબેન પરેશભાઈ શાહ, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી વર્ષાબેન તરુણભાઈ સાવલા, મુંબઈ	૧,૦૦૦/-
શ્રીમતી લીલાબેન શેઠી, તેજપુર	૧,૦૦૦/-
શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા	૧,૦૦૦/-
શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર	૧,૦૦૦/-
શ્રીમતી બેલાબેન જૈન, ભાવનગર	૧,૦૦૦/-
સ્વ. ગુલાબભાઈ જીવનદાસ ભાટીયા, કમ્પાલા	૧,૦૦૦/-
સ્વ. કાલિંદીબેન બૈજુભાઈ જોશી, કમ્પાલા	૧,૦૦૦/-
શ્રીમતિ સુશીલાબેન સંઘોઈ, મુંબઈ	૫૦૦/-
શ્રીમતી સ્નેહલતાબેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર	૨૫૧/-
સ્વ. કસ્તુરીબેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-
સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-
ધારા ઋષભ શાહ, ભાવનગર	૧૫૧/-

પ્રવચન અનુક્રમણિકા

પ્રવચન નં.	પત્રાંક	પાના નં.
૩૭૭.	પત્રાંક–૭૬૭	૦૦૧
૩૭૮.	પત્રાંક–૭૬૮-૭૬૯	૦૧૯
૩૭૯.	પત્રાંક–૭૭૦-૭૭૧	૦૩૭
૩૮૦.	પત્રાંક–૭૭૨	૦૫૭
૩૮૧.	પત્રાંક–૭૭૩-૭૭૪	૦૭૫
૩૮૨.	પત્રાંક–૭૭૪ થી ૭૭૭	૦૯૫
૩૮૩.	પત્રાંક–૭૭૮-૭૭૯	૧૧૨
૩૮૪.	પત્રાંક–૭૮૦	૧૨૮
૩૮૫.	પત્રાંક–૭૮૧	૧૪૫
૩૮૬.	પત્રાંક–૭૮૧	૧૬૧
૩૮૭.	પત્રાંક–૭૮૧-૭૮૨	૧૭૭
૩૮૮.	પત્રાંક–૭૮૨	૧૯૪
૩૮૯.	પત્રાંક–૭૮૩	૨૧૦
૩૯૦.	પત્રાંક–૭૮૩	૨૨૭
૩૯૧.	પત્રાંક–૭૮૪ થી ૭૮૮	૨૪૨
૩૯૨.	પત્રાંક–૭૮૯ થી ૭૯૩	૨૫૮
૩૯૩.	પત્રાંક–૭૯૩ થી ૭૯૭	૨૭૪
૩૯૪.	પત્રાંક–૭૯૮ થી ૮૦૧	૨૯૧
૩૯૫.	પત્રાંક–૮૦૨ થી ૮૦૭	૩૧૦
૩૯૬	પત્રાંક–૮૦૭	૩૨૯
૩૯૭	પત્રાંક–૮૦૮ થી ૮૧૧	૩૪૫

ॐ

नमः श्रीसिद्धेभ्यः

રાજહૃદય

(ભાગ-૧૭)

પત્રાંક-૭૬૭

વવાણિયા, ચૈત્ર સુદ ૩, રવિ, ૧૯૫૩

પરમભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમદ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર.

અદ્વેષવૃત્તિથી વર્તવું યોગ્ય છે, ધીરજ કર્તવ્ય છે.

મુનિ દેવકીર્ણજીને 'આચારાંગ' વાંચતાં સાધુનો દીર્ઘશંકાદિ કારણોમાં પણ ઘણો સાંકડો માર્ગ જોવામાં આવ્યો, તે પરથી એમ આશંકા થઈ કે એટલી બધી સંકડાશ એવી અલ્પ ક્રિયામાં પણ રાખવાનું કારણ શું હશે ? તે આશંકાનું સમાધાન :

સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે,

તેથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યા કરે એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે; કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ કેવળ ભૂમિકા નામે તેરમે ગુણસ્થાનકે હોય છે. અને નિર્મળ વિચારધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાનકે હોય છે. પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવઅસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્‌ભુત સંકળનાથી ઉપદેશી છે, જને પાંચ સમિતિ કહેવાય છે.

જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે. જે જે સંયમમાં પ્રવર્તવાના બીજા પ્રકારો ઉપદેશ્યા છે, તે તે સર્વ આ પાંચ સમિતિમાં સમાય છે; અર્થાત્ જે કંઈ નિર્ગ્રંથને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી છે, તે પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિ ત્યાગ કરવી અશક્ય છે, તેની જ આજ્ઞા આપી છે; અને તે એવા પ્રકારમાં આપી છે કે મુખ્ય હેતુ જે અંતર્મુખ ઉપયોગ તેને જેમ અસ્ખલિતતા રહે તેમ આપી છે. તે જ પ્રમાણે વર્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે.

દીર્ઘશંકાદિ ક્રિયાઓ પ્રવર્તતાં પણ અપ્રમત્ત સંયમદૃષ્ટિ વિસ્મરણ ન થઈ જાય તે હેતુએ તેવી તેવી સંકડાશવાળી ક્રિયા ઉપદેશી છે, પણ સત્પુરુષની દૃષ્ટિ વિના તે સમજાતી નથી. આ રહસ્યદૃષ્ટિ સંક્ષેપમાં લખી છે, તે પર ઘણો ઘણો વિચાર કર્તવ્ય છે. સર્વ ક્રિયામાં પ્રવર્તતાં આ દૃષ્ટિ સ્મરણમાં આણવાનો લક્ષ રાખવા યોગ્ય છે.

શ્રી દેવકીર્ણજી આદિ સર્વ મુનિઓએ આ પત્ર વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે. શ્રી લલ્લુજી આદિ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય. કર્મગ્રંથની વાંચના પૂરી થયે ફરી આવર્તન કરી અનુપ્રેક્ષા કર્તવ્ય છે.

તા. ૧-૬-૧૯૯૨, પત્રાંક - ૭૬૭
પ્રવચન નં. ૩૭૭

પત્રાંક-૭૬૭, પાનું-૫૯૬. 'વવાણિયા'થી લખ્યો છે. ... જેઠ મહિનામાં 'સોભાગભાઈ'નો દેહાંત થયો છે. છ-આઠ મહિના 'વવાણિયા'...

કારતક વદ ૧૦. કારતક મહિનામાં છેલ્લી .. લખી છે. પછી કારતક મહિનામાં.. ૪૨૨ 'વવાણિયા'. 'નડિયાદ' પછી 'વવાણિયા' આવ્યા છે. ...

મુમુક્ષુ :- પછી એકવાર ...

પૂજ્ય ભાઈશ્રી :- 'મોરબી' થોડાક દિવસ આવ્યા છે. 'વવાણિયા'થી 'મોરબી' થોડાક દિવસ આવ્યા છે. પછી 'વવાણિયા'... આપણે ૭૬૭ ચાલે છે ને ? એ ૭૭૪, ૭૭૫, ૭૭૬માં 'સાયલા' આવ્યા છે. 'મોરબી' આવ્યા છે વચમાં. ચાર-પાંચ પત્રો 'મોરબી'ના છે. 'વવાણિયા-મોરબી' તો નજીક છે ને. 'મોરબી' આવ્યા છે પણ 'સાયલા' નથી આવ્યા એટલે 'મોરબી' આવો છો અને 'સાયલા' નથી આવતા. બાકી પહેલેથી જ લગભગ મોટા ભાગના પછી 'ઈડર' ગયા છે. ૭૭૭, ૭૭૮ 'ઈડર' છે. 'સાયલા' આવીને 'ઈડર' ગયા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી. (પત્રાંક) ૭૭૫ ચૈત્ર મહિનો ચાલે છે. ૭૭૭માં 'ઈડર' છે. પછી ૭૮૦માં ... આઠ મહિને આવ્યા છે. જેઠ મહિને આવ્યા. એ સાત મહિના સુધી નથી આવ્યા. 'વવાણિયા' હોવા છતાં સાત મહિના સુધી 'સાયલા' બોલાવવા છતાં નથી આવ્યા. ખેંચ્યું છે. એ એમના પત્રોમાં જ લીધું છે. 'સોભાગભાઈ'ના પત્રોમાં. ઘણી આતુરતા બતાવી છે.

પત્રનું મથાળું છે '**પરમભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમદ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરુષરૂપ ભગવાનને**

વારંવાર નમસ્કાર.' પુરુષાર્થ. જે ઘણી ભક્તિ કરે એના પ્રત્યે પણ જે રાગ કરતા નથી, જે ઘણો દ્વેષ કરે એના પ્રત્યે પણ દ્વેષ કરતા નથી, એવો જેનો પુરુષાર્થ છે. એટલે એ વીતરાગભાવમાં જે બંને અવસ્થામાં, બંને પ્રકારના વીતરાગભાવે સ્થિર રહે તેવા પુરુષાર્થવંત ભગવાનને, એ આત્મામાં ભગવત્પણું જોવે છે, ભગવાનની દશા જોવે છે, વીતરાગદશા, એમને ... નમસ્કાર. પત્ર છે 'લલ્લુજી' મુનિ ઉપરનો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે પોતાને નમસ્કાર કરે છે. પોતે નમસ્કાર કરવા યોગ્ય છે. પોતે પણ પોતાને નમસ્કાર કરે છે. અને આવા કોઈપણ આ આત્માઓ છે તે બધાને નમસ્કાર કરે છે. બધાને નમસ્કાર કરે છે. જેટલા આવા આત્માઓ છે, .. એ સર્વ વીતરાગ દ્રવ્યોને, વીતરાગ ભાવોને. દ્રવ્યોમાં બધા આવી ગયા. એ જેટલા વીતરાગ ભાવો પ્રગટ કરનારા છે, પુરુષાર્થ કરનારા છે એ બધાને નમસ્કાર કરે છે. બહુમાન કરે છે-વીતરાગતાનું બહુમાન કરે છે.

'અદ્વેષવૃત્તિથી વર્તવું યોગ્ય છે, ધીરજ કર્તવ્ય છે.' 'લલ્લુજી' મુનિને સમાજમાંથી પ્રતિકૂળતાઓ ઊભી થઈ છે. ગૃહસ્થીને માનો નહિ. ગૃહસ્થને તમે વંદન આદિ કરો, ગૃહસ્થ હોવા છતાં એની પાછળ-પાછળ ફરો છો અને એને સાંભળવા જાવ છો. એના પ્રત્યે સમાજમાંથી પ્રતિકૂળતા અને દ્વેષનું વાતાવરણ ઉત્પન્ન થાય છે. તેમના પ્રત્યે પણ **'અદ્વેષવૃત્તિથી વર્તવું યોગ્ય છે,...'** મથાળું એટલા માટે બાંધ્યું છે કે મુનિઓ તો વીતરાગ હોય. મુનિ હોય તે વીતરાગ હોય. અને એવા વીતરાગ હોય એવા પુરુષરૂપ ભગવાનને તો અમે નમસ્કાર કરીએ છીએ. માટે તમારે પણ **'અદ્વેષવૃત્તિથી વર્તવું યોગ્ય છે,...'** અને એ બાબતમાં **'ધીરજ કર્તવ્ય છે.'** શાંતિ રાખવી, ધીરજ રાખવી, ક્યાંય આકરા ઉતાવળા ન થાવું. ગમે તેમ આડુઅવળું પણ કહી દે. ભલે કહે.

'મુનિ દેવકીર્ણજીને 'આચારાંગ' વાંચતાં સાધુનો દીર્ઘશંકાદિ કારણોમાં પણ ઘણો સાંકડો માર્ગ જોવામાં આવ્યો, તે પરથી એમ આશંકા થઈ કે એટલી બધી સંકડાશ એવી અલ્પ ક્રિયામાં પણ રાખવાનું કારણ શું હશે ? તે આશંકાનું સમાધાન :' શું .. દે છે ? કે આચારાંગની અંદર મુનિઓના આચારમાં સમિતિની અંદર આદાન નિક્ષેપણ સમિતિ છે. કોઈપણ વસ્તુ લેવી, મૂકવી, ઝાડો, પેશાબ એવી જગ્યાએ કરવું કે જ્યાં નાના ..., મકોડા, જીવ જંતુની હિંસા ન થાય. આ તો બહુ અલ્પ-નાની ક્રિયા છે એમાં પણ આટલી બધી યત્ના રાખવાની, આટલી બધી કાળજી રાખવાની એવું 'આચારાંગ'માં આવે છે. તો આ તો બહુ ઝીણી-ઝીણી સૂક્ષ્મ વાતો કરી છે, બહુ સાંકડો માર્ગ કરી નાખ્યો છે. સાંકડો એટલે સૂક્ષ્મ માર્ગ કર્યો છે. ઉપયોગની અંદર બહુ

સૂક્ષ્મતા રાખવી પડે. તેવી શંકાનું સમાધાન. બહુ સરસ સમાધાન કર્યું છે, હોં !

'સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે.' સૂત્ર મૂક્યું આ. જે મુનિ થાય, જૈન મુનિ, વીતરાગી સાધુ થાય એ કેવા હોય ? કે સતત અંતર્મુખ ઉપયોગે જેની સ્થિતિ હોય. ચંચળતા હોય, હાલતા, ચાલતા, બેસતા ડાફોળિયા મારતા હોય એ કોઈ મુનિના લક્ષણ નથી. નિર્ગ્રંથ મુનિની સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ છે. અને એ એનો મુખ્ય ધર્મ છે, પરમ ધર્મ છે. **'એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે;...'** એક સમય પણ બહાર ન નીકળવું. મુખ્ય માર્ગ તો એ છે. અને એમણે પ્રતિજ્ઞા એ જ લીધી છે. દીક્ષાકાળે પ્રતિજ્ઞા એ લેવરાવવામાં આવે છે કે હું સદાય અંતર્મુખ રહીશ. હું મુનિધર્મમાં સદાય અંતર્મુખ રહીશ, એવી એમણે પ્રતિજ્ઞા લીધી છે.

મુમુક્ષુ :- ઉપયોગ બાહર નિકલા કી જમ કા દૂત સમજો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ અભિપ્રાય તો ચોથા ગુણસ્થાનેથી જાય છે. એવો અભિપ્રાય તો ચોથા ગુણસ્થાને થાય છે. હવે છઠ્ઠા-સાતમા ગુણસ્થાને એ રૂપ પરિણમન અને સ્થિરતા આવે છે. આ અભિપ્રાયનો વિષય ત્યાં આવે છે. ચોથા ગુણસ્થાને પરિપૂર્ણ વીતરાગતાનો અભિપ્રાય છે. એ તો મુમુક્ષુનો પ્રારંભ જ ત્યાંથી થાય છે. અભિપ્રાય તો ત્યાંથી ઘડાય છે. ચોથા ગુણસ્થાને તો એ અભિપ્રાય નિરંતર વર્તે છે. પછી છઠા-સાતમા ગુણસ્થાને એ અભિપ્રાય અનુસાર આચરણનો પુરુષાર્થ ચાલે છે. અહીં તો આચરણનો પુરુષાર્થ ચાલે છે.

'એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે;...' જુઓ ! છે કે નહિ મુનિપણું ? ભાવમુનિપણું ચિતર્યું છે કે નહિ ? એમને ખબર નહોતી પડતી ? શ્વેતાંબર મુનિ કેવા હોય ? દિગંબર મુનિ કેવા હોય ખબર નહોતી પડતી ? અરે..! ભાવમુનિ કેવા હોય એ ખબર છે. તો પછી દ્રવ્યની ખબર ન પડે ? ભાવની ખબર પડે એને દ્રવ્યની ખબર ન પડે ? આ ભાવ તો સૂક્ષ્મ છે. ભાવની ખબર પડી અને દ્રવ્યની ખબર ન પડી ? તને એમ લાગતું હોય તો તારા જેટલી સ્થૂળતા બીજાની નથી એમ નક્કી થાય છે.

'પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે...' તે અંતર્મુખ થવા અર્થે બાહ્ય પ્રક્રિયામાં પણ સંયમિતપણે વર્તવું એ સાધન છે. બાહ્ય પ્રક્રિયામાં પણ સંયમિતપણે વર્તવું જોઈએ. એમાં પ્રવૃત્તિની મર્યાદા ન રહે તો ઉપયોગ અંતર્મુખ આવે નહિ. **'સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે...'** શરીરના નિર્વાહને અર્થે **'સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે.'** એ શરીર ટકવા અર્થે થોડી પણ પ્રવૃત્તિ, આહારાદિની દૈહિક પ્રવૃત્તિ

થવા યોગ્ય છે. '**કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં...**' દેહથી કાંઈપણ તેવી પ્રવૃત્તિ કરતાં '**ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે,...**' જેટલી દેહની પ્રવૃત્તિ કરે એટલો ઉપયોગ બહાર જાય. જેટલો ઉપયોગ બહિર્મુખ બહાર જાય તેટલી તે પ્રવૃત્તિની અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યા કરે-એ ઉપયોગ બહાર જાય છે એના બદલે ઉપયોગ અંતર્મુખ રહ્યા કરે. '**એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે;...**' એ પ્રવૃત્તિને કેવી ગ્રહણ કરાવી છે ? કે સહેજે અંતર્મુખ આવી શકે એવી રીતે બાહ્ય પ્રવૃત્તિ કરવાની હોય છે. એવી બાહ્ય પ્રવૃત્તિ ન કરે કે જેને લઈને ઉપયોગ અંતર્મુખ આવી ન શકે. અંતર્મુહૂર્તમાં ઉપયોગ અંતર્મુખ આવવો જોઈએ. એ બાહ્ય પ્રવૃત્તિ સિમિત હોય તો જ થઈ શકે. તેની સીમા બહુ જ સાંકડી હોય તો જ થઈ શકે. બહુ પહોળી મર્યાદા હોય તો એ બહુ બહાર ચાલ્યો જાય, એ ઝટ પાછો આવી શકે નહિ. એમ કહેવું છે.

ફરીથી, '**તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે.**' અલ્પ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. અને તેવી '**કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે,...**' તે બહિર્મુખ થતો હોવા છતાં પણ તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યા કરે, એમ કરતાં કરતાં પણ પ્રવૃત્તિમાંથી અંતર્મુખ ઉપયોગમાં આવી જાય એવા પ્રકારમાં તે પ્રકૃતિને ગ્રહણ કરાવી છે. તેથી વધારે પ્રકાર એમાં લીધો નથી. સહેલાઈથી, સહજપણે અંતર્મુખ થઈ શકે એવા પ્રકારની અંદર મુનિરાજે પ્રવૃત્તિને સિમિત રાખવી જોઈએ. નહિતર એ ઉપયોગ અંતર્મુખ આવી શકે નહિ.

'**કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ કેવળ ભૂમિકા નામે તેરમે ગુણસ્થાનકે હોય છે.**' શું કહે છે ? કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ જે છે, કેવળ એટલે પૂરેપૂરો-સંપૂર્ણ. સહજપણે અંતર્મુખ ઉપયોગ તો કેવળ ભૂમિકા નામના તેરમે ગુણસ્થાનકે હોય છે. સંપૂર્ણ ભૂમિકા છે. '**અને નર્મળ વિચારધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમ ગુણસ્થાનકે હોય છે.**' સાતમે ગુણસ્થાને ઉપયોગ અંતર્મુખ હોય છે પણ કેવો ? નિર્મળ વિચારધારાના બળવાનપણા સહિત. આમ છે. જે વિકલ્પ ઉઠે એમાં પણ નિર્મળતા અને આત્મબળ સહિત, આત્મપુરુષાર્થ સહિત એ સાતમા ગુણસ્થાને હોય છે.

'**પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે,...**' સાતમા ગુણસ્થાને પ્રમાદ આવે ત્યારે પાછા છઠ્ઠા ગુણસ્થાને આવે છે. '**અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવઅસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે.**' હવે ઉપયોગ પ્રમાદની અંદર સ્ખલિત તો થયો, પણ જો વધુ પ્રમાણમાં સ્ખલિત થઈ જાય

તો પછી બહિર્મુખપણું વધી જાય, ભાવમાં અસંયમની ઉત્પત્તિ થઈ જાય. એ અસંયમની ઉત્પત્તિ ન થાય એના માટે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ યોજવામાં આવી છે. **'તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી...'** જુઓ ! અસંયમિત ન થવું અને દેહાદિની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી. આહારાદિ, ચાલવું, આહાર માટે ગમન કરવું, મળ-મૂત્રનો નિક્ષેપ થવો, પીછી-કમંડળને મૂકવા, ગ્રંથને લેવા, મૂકવા એટલું જે કાંઈ છે એ પણ બાહ્ય સંયમપૂર્વક હોય છે. એ નિરર્ગળ-આગળિયા વિનાની પ્રવૃત્તિ હોય નહિ. એકદમ લગામમાં છે, Control માં છે એ. દેહની પ્રવૃત્તિ પણ છોડી શકાય એવું નથી અને ઉપયોગને અંતર્મુખમાંથી બહિર્મુખ આવવામાં એકદમ સિમિત રાખી દેવો પડે છે. નહિતર ફરીને અંતર્મુખતા તરત આવે નહિ. એ પરિસ્થિતિ થાય છે.

એટલે **'તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્‌ભુત સંકળનાથી ઉપદેશી છે, જેને પાંચ સમિતિ કહેવાય છે.'** ભાષાસમિતિ, ઈર્યાસમિતિ, આદાનનિક્ષેપણ સમિતિ એ જે પાંચ સમિતિ છે એ એટલા માટે કહી છે કે બાહ્ય પ્રવૃત્તિમાંથી અંતર્મુખ ઉપયોગ આવવામાં એને કાંઈ તકલીફ પડે નહિ. સહેજે સહેજે આવી જાય. એટલી મર્યાદામાં એ બહારમાં આવે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અષ્ટ પ્રવચન .. કહો કે ભગવાનની આજ્ઞાની અંદર ચાલનારો કહો, આજ્ઞા બહાર ચાલનારો નહિ.

'ઋષભદેવ' 'આદિનાથ' ભગવાન પ્રથમ તીર્થંકર થયા. તે પહેલાં તો અહીંયાં જુગલિયાના ક્ષેત્રો હતા. ધર્મ-કર્મ હતા નહિ. ધર્મ નહિ અને કર્મ પણ નહિ. જ્યારે ચોથા આરાની શરૂઆતમાં ધર્મ-કર્મ શરૂ થયા ત્યારે મુનિયોગ્ય અને શ્રાવકયોગ્ય આચાર કેવા હોય એ પણ એમણે દિવ્યધ્વનિમાં પ્રકાશ્યું. અમે આ માર્ગે ચાલ્યા છીએ. પાચમાં ગુણસ્થાને અંતર-બાહ્ય અમે આ માર્ગે ચાલ્યા છીએ અને મુનિદશામાં છઠા-સાતમા ગુણસ્થાને અંતર-બાહ્ય અમે આ પ્રકારે ચાલ્યા છીએ. માટે જેને અમારા રસ્તે ચાલવું હોય એણે આ મર્યાદામાં ચાલવું. આ મર્યાદા ઓળંગીને બહાર જાવું નહિ. નહિતર ઉપયોગમાં ફેંકાઈ જશો. ઉપયોગ અંદર નહિ આવે. એને જિનોક્ત માર્ગ કહેવામાં આવ્યો છે. જિનેન્દ્રથી કહેવાયેલો માર્ગ. કહેવાયેલો એટલે ? કે પોતે અનુભવીને એ વાત કરી કે જો આ મર્યાદાથી ઉપયોગ બહાર જાય (તો મુનિદશા રહેશે નહિ). માટે બહારમાં એની આટલી મર્યાદા છે એ જાણી લેવા યોગ્ય છે. અને સહજપણે એ

પ્રમાણે આચરણમાં આવવા યોગ્ય છે, હઠથી પણ આવવા યોગ્ય નથી. એ સ્પષ્ટ કર્યું છે.

મુમુક્ષુ :- વ્યવહાર બહાર ગયો એટલે નિશ્ચય બહાર ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયમાર્ગ પણ બતાવ્યો. નિશ્ચયની તારતમ્યતા તો માપવાનું કોઈ સાધન નથી. નિશ્ચયની તારતમ્યતા માપવાનું સાધન નથી પણ વ્યવહારમાં આવે ત્યારે એનું તો માપ છે કે નહિ ? એનું માપ છે. એના માપ બહાર જાય તો નિશ્ચય છૂટી જાય. વ્યવહાર છૂટી જાય તો નિશ્ચય છૂટી જાય. ઉદ્દેશિક આહાર લે તો મુનિપણું રહે નહિ.

મુમુક્ષુ :- નિશ્ચય જોવાની જરૂર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ ખલાસ થઈ જાય. છૂટી જ જાય, રહે જ નહિ, એમ કહે છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ માટે પણ .. વાત કરી એમાં ચંચળતા ઉપયોગની છે એના માટે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના માટે જ વાત છે. આ તો મુનિદશાની વાત છે. પણ ખરેખર મુમુક્ષુ કેવા હોય એ પણ એક વિચારવા જેવો વિષય છે. પૂર્ણતાના લક્ષે ઉપડ્યો હોય, એટલી લગની અને તાલાવેલી હોય, એટલી જિજ્ઞાસા હોય એને ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય ગોઠે નહિ. એના બદલે ઉદયમાં બધે રસ લે. મુમુક્ષુપણું ક્યાંથી રહેવાનું અંદર ? એને મુમુક્ષુપણું રહે નહિ. અત્યારે તો ગડબડ બહુ વધી ગઈ છે. એ તો ઠીક આચાર-વિચારના ઠેકાણા નહિ, પણ જે જ્ઞાનીઓ મુમુક્ષુની ઉત્કૃષ્ટ ભૂમિકાથી આગળ વધીને જ્ઞાનદશામાં આવ્યા એના માટે ગમે તેમ વાત બોલી જાય. કહેવાય મુમુક્ષુ. એ વાત કોઈ રીતે મેળ ખાય એવી નથી.

મુમુક્ષુ :- ... મુનિ થવાના હતા પણ છતાં મુનિમાર્ગે ....

પૂજ્ય ભાઈશ્રી :- ના. મુનિ થયા પહેલા ઉપદેશ ન આપે. એ પહેલા ઉપદેશ ન આપે. મુનિદશામાં પણ ઉપદેશ ન આપે. દિવ્યધ્વનિ વખતે ઉપદેશ શરૂ થાય. જ્યારે ગૃહસ્થદશામાં હોય ત્યારે ગૃહસ્થમાં અસિ, મસિ, કૃષિ એ બધું સમજાવ્યું. આ ધર્મ અને કર્મ. એમાં કર્મ બધું સમજાવ્યું. એ ગૃહસ્થ દશામાં. પણ પછી જે જિનમાર્ગનો ઉપદેશ આપે છે, માર્ગનો ઉપદેશ દિવ્યધ્વનિ વખતે આપે છે. એ પહેલા ઉપદેશ આપવાનો .. નથી.

મુમુક્ષુ :- પોતે મુનિ થવાના હતા અને મુનિ વિષે...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બતાવી નહિ, કાંઈ ન બતાવી. એટલે તો એમનો વારો આવ્યો બાર મહિના સુધી આહાર મળ્યો નહિ. ઉપદેશ આપે તો તો બધી ખબર પડે કે મુનિ હું થાઉં છું. પણ મુનિને આહાર દેવાની વિધિ પહેલા સમજી લ્યો. કારણ કે હું

પાછો આહાર લેવા આવીશ. પછી અનઉદ્દેશિક આહાર કેવી રીતે રહે ? કહો જોઈ. એમને ખબર છે કે કોઈને મુનિને કેવી રીતે આહાર આપવો એ ખબર નથી. હવે હું શીખડાવતો જાવ. કેમકે મારે પણ મુનિદશામાં એક હજાર વર્ષ કાઢવાના છે. એમને તો બધી ખબર છે. અવધિજ્ઞાન છે ને. પછી મારે આહાર લેવા આવવા માટે જરૂર પડશે ને. પહેલેથી વ્યવસ્થા કરતો જાવ. તો પછી અનઉદ્દેશિક આહાર કેવી રીતે રહે ? પોતે જ વ્યવસ્થા કરે તો. કાંઈ કરતા નથી. કોઈ વ્યવસ્થા કરતા નથી.

મુમુક્ષુ :- એવા હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એવા .. ધર્માત્માનો એવો એક સિદ્ધાંત છે કે સંપ્રદાયપણે જો વિચારવામાં આવે તો જૈનધર્મની સ્થાપના કરવી અતિ ... છે. કેમકે સંપ્રદાયબુદ્ધિ તરત થઈ જાય છે. અને કોઈ પાત્ર મુમુક્ષુ જોઈને જો ધર્મનું પ્રતિપાદન કરવામાં આવે તો એ પાત્ર મુમુક્ષુ ... ધર્મ કરી શકે છે. હવે બેમાં સંખ્યા અપેક્ષાએ મોટો ફેર પડે છે. સંપ્રદાયમાં ઘણા જીવો આવે છે અને વ્યક્તિગત ઉપદેશમાં, પાત્રને ઉપદેશ કરે એમાં કો'ક કો'ક જીવો સામે આવે છે. તો પછી ધર્મ પ્રવૃત્તિ કરવી કેવી રીતે ? સાંકડો માર્ગ થઈ જાય છે. એમણે નાખ્યું. અભ્યંતર પરિણામમાં નાખ્યું.

'સોગાનીજી' એ બહુ સરસ (લખ્યું છે). ભલે પોતે ઉપદેશના પ્રવર્તક નહોતા. પણ વિકલ્પ આવી ગયો એટલે લખી નાખ્યું કે ચોથા-પાંચમા ગુણસ્થાને મુખ્યપણે તો ઉપદેશક પ્રવૃત્તિ છે નહિ. આ કાળમાં મુનિપણું કે ગુરુનું પદ છે એ તો દેખાતું નથી. તો પછી ચોથા-પાંચમા ગુણસ્થાનવાળાએ કોઈએ કાંઈ કહેવું જ નહિ ? એમ નથી. એણે મુખ્યપણે પોતાના ધર્મની પ્રવૃત્તિ કરવી અને એ પ્રવૃત્તિ કરતા જેવો યોગ બનશે ત્યારે તેવો વિકલ્પ આવી જશે. અત્યારથી એની વ્યવસ્થા અને ગોઠવણીની ભાંજગડમાં પડવું નથી. બહુ સરસ વાત લીધી છે. આપણે 'ધન્ય આરાધના'માં લીધું છે ને. પાછળ લીધું છે. એમની .. પ્રવૃત્તિ વિષેના જે વિચારો છે એ વિચારોની અંદર એમનો ...

મુમુક્ષુ :- પાનું-૮૧૩.

પૂજ્ય ભાઈશ્રી :- ૮૧૩ ? પાનું-૮૧૩. હાથનોંધ-૭૩.

'જેનાથી માર્ગ પ્રવર્ત્યા છે, એવા મોટા પુરુષના વિચાર, બળ, નિર્ભયતાદિ ગુણો પણ મોટા હતા.' કેમકે જો નિર્ભયતા ન હોય તો સામે જે ઉપસર્ગ, પરિષહ કરનાર વિરોધી તો બધી વખતે ઊભા થવાના જ છે. 'ઋષભદેવ' ભગવાન વખતે વિરોધી ઊભા થયા હતા અને 'ગુરુદેવશ્રી કાનજીસ્વામી' વખતે પણ વિરોધી ઊભા થયા હતા. આ પહેલેથી છેલ્લે સુધી .. તો એનામાં નિર્ભયતા, વિચાર, બળ એ બધા એના ગુણ પણ મોટા હોય. મોટા પુરુષના એ ગુણ પણ મોટા હોય છે.

'એક રાજ્ય પ્રાપ્ત કરવામાં જે પરાક્રમ ઘટે છે, તે કરતાં અપૂર્વ અભિપ્રાય સહિત...' જુઓ ! અભિપ્રાયનો વિષય લીધો. **'તે કરતાં અપૂર્વ અભિપ્રાય સહિત ધર્મસંતતિ પ્રવર્તવામાં વિશેષ પરાક્રમ ઘટે છે.'** પરાક્રમી પુરુષનું કામ છે. માયકાંગલા, બીકણ માણસનું, ભયવાન માણસોનું કામ નથી. **'તથારૂપ શક્તિ થોડા વખત પૂર્વે અત્ર જણાતી હતી,...'** હવે પોતા ઉપર નાખ્યું. એવી શક્તિ થોડા વખત પહેલાં વિચાર આવ્યો કે ... મારા પણ એવી શક્તિ છે. પણ 'મારો' શબ્દ નથી લખતા. અત્રે જણાતી હતી. એટલે પોતાની વાત છે. **'હાલ તેમાં વિકળતા જોવામાં આવે છે...'** એમાં થોડો ફેર પડ્યો અત્યારે. એટલે .. દેખાય છે. **'તેનો હેતુ શો હોવો જોઈએ તે વિચારવા યોગ્ય છે.'** એ વિચાર થોડો ઠંડો પડ્યો છે. માર્ગ પ્રવર્તાવાનો જે ભાવ હતો એ થોડો ઠંડો પડ્યો છે, ધીમો કર્યો છે, શિથિલ પડ્યો છે, ... કર્યો છે. એનું કારણ વિચારવા યોગ્ય છે. એમ કરીને પોતાના વિચારો રજુ કરે છે. આ તો હાથનોંધ છે ને ? પોતાની અંગત હાથનોંધ છે, પોતા માટે લખેલી.

'દર્શનની રીતે...' એટલે સંપ્રદાયની રીતે. **'દર્શનની રીતે આ કાળમાં...'** દર્શન એટલે અધ્યાત્મ જૈનદર્શન. **'આ કાળમાં ધર્મ પ્રવર્તે એથી જીવોનું કલ્યાણ છે કે સંપ્રદાયની રીતે પ્રવર્તે તો જીવોનું કલ્યાણ છે તે વાત વિચારવા યોગ્ય છે.'** કેવું સરસ તારવ્યું છે ! કે સંપ્રદાયની રીતે ધર્મ પ્રવર્તાવો કે દર્શનની રીતે એટલે અધ્યાત્મની રીતે ધર્મ પ્રવર્તાવવો ? કેમકે સંપ્રદાયની રીતે પ્રવર્તાવો તો જે માર્ગાનુસારી છે એના નામ નહિ લેવાય. સંપ્રદાયવાળા કહેશે કે તમે અન્યમતિના કાં નામ લેવા માંડ્યા ? તમે શ્વેતાંબરના નામ ક્યાં લેવા માંડ્યા ? 'આનંદઘનજી' શ્વેતાંબર હતા. તો જે દિગંબર છે એ તો ઊંચાનીચા થઈ જશે. મૂળ દિગંબર છે એ ઊંચાનીચા થઈ જશે. અથવા દિગંબરબુદ્ધિ, સંપ્રદાયબુદ્ધિ થઈ ગઈ છે એ બધા ઊંચાનીચા થઈ જશે. પછી ભલેને સ્થાનકવાસીમાંથી 'કાનજીસ્વામી'માં આવ્યા હોય, એ બધા ઊંચાનીચા થઈ જાય. હવે કરવું શું ?

'દર્શનની રીતે...' એટલે જૈનદર્શન જે અધ્યાત્મદર્શન છે એ રીતે આ કાળમાં ધર્મ પ્રવર્તાવીએ તો જીવોનું કલ્યાણ થાય ? કે સંપ્રદાયની રીતે ધર્મ પ્રવર્તાવીએ તો જીવોનું કલ્યાણ થાય ? **'સંપ્રદાયની રીતે ઘણા જીવોને તે માર્ગ ગ્રહણ થવા યોગ્ય થાય,...'** કેમકે એમાં ... કેટલાક પાત્ર જીવો ઘણા આવી જાય. કોઈ ગર્ભિત પાત્રતાવાળા આવે, કોઈ વર્તમાન પાત્રતાવાળા આવે. એમ અનેક પ્રકારની ભિન્ન ભિન્ન પાત્રવાળા છે એ સંપ્રદાયની દૃષ્ટિમાં સંખ્યા મોટી પડે. **'દર્શનની રીતે વિરલ**

જીવોને ગ્રહણ થાય.' જે પાંચ-પચ્ચીસ આવે વ્યક્તિગત રીતે એમાં એક, બે, ત્રણ વિશેષ પાત્ર જીવ હોય, બાકીનાનો કાંઈ પત્તો લાગે એવું ન હોય.

'**જો જિનને અભિમતે માર્ગ નિરૂપણ કરવા યોગ્ય ગણવામાં આવે,...**' જિનને અભિમતે એટલે દર્શનપણે, દર્શનની રીતે જો માર્ગનું નિરૂપણ કરવામાં આવે '**તો તે સંપ્રદાયના પ્રકારે નિરૂપણ થવો વિશેષ અસંભવિત છે,...**' એટલે અધ્યાત્મની રીતે મૂળમાર્ગને જેમ છે એમ કહેવા જઈએ તો સંપ્રદાયની .. એમાં ઘણાને ગડબડ થઈ જાય પાછી. એ '**અસંભવિત છે, કેમકે તેની રચનાનું સાંપ્રદાયિક સ્વરૂપ થવું કઠણ છે.**' કેમકે જે અધ્યાત્મનો વિષય છે એની રચના એવી છે કે એને સાંપ્રદાયિક ઢાળામાં ઢાળી શકાય એવું નથી. સાંપ્રદાયિક ઢાળામાં ઢાળવા જાવ તો માર્ગ છૂટી જાય એવું છે. કેવી કેટલી ઊંડી વિચારણા કરી ! ધર્મ પ્રવર્તાવવા વિષે પણ કેટલી ઊંડી વિચારણા કરી છે !

'**દર્શનની અપેક્ષાએ કોઈક જીવને ઉપકારી થાય...**' જ્યારે દર્શનની અપેક્ષાએ લઈએ તો કો'ક જ જીવને લાભ થાય. '**એટલો વિરોધ આવે છે.**' બે વાત વચ્ચે વિરોધ ઊભો થાય છે. કરવું શું ? આ કેમ વિચાર ઢીલો પડી ગયો છે. 'સોગાનીજી'એ રસ્તો કાઢ્યો છે. આ સમસ્યાનું સમાધાન 'સોગાનીજી'એ કાઢ્યું છે. માર્ગ પ્રવર્તાવવાના વિકલ્પ ઓછા હતા પણ છતાં ચર્ચામાં બોલી ગયા છે કે ધર્માત્માએ તો મુખ્યપણે પોતાની અંતર્મુખ પ્રવૃત્તિ વધુમાં વધુ થાય એવી જ રીતે માર્ગ સાધવાની (મુખ્યતામાં રહેવું). ... લેવા જાવાનું નથી. .. કાંઈ એને લેવા જવાનું નથી. એ તો એની પાસે પહેલેથી Advance માં છે. ....

કાંઈ પૂર્વ યોજિત યોજનાથી કાંઈ કરવું નથી. ઠીક! શું કહ્યું ? પૂર્વયોજિત યોજનાથી કાંઈ કરવું નથી. આ રસ્તો કાઢ્યો છે. કેમકે એમાં ... છે અત્યારે. જો સંપ્રદાયની દૃષ્ટિએ કરવા જાવ તો જીવો ખંડનમંડનમાં અને સંપ્રદાયબુદ્ધિમાં પડી જાય છે. 'ગુરુદેવે' કહ્યું, દિગંબર સત્ય છે, શ્વેતાંબર કલ્પિત છે. હવે 'આનંદઘનજી'નું નામ લે તો ભડકે. '...' અને 'નિરસિંહ મહેતા'નું નામ લે તો ભડકે. પાછા પોતે લેતા હતા તો કોઈ વિચાર કરતા નથી કે પોતે તો લે છે. .. દોહરાવે છે. આપણે કાંઈક વિચાર કરવા જેવો છે, આપણે કાંઈક ... એવું છે.

એટલી સૂક્ષ્મતાથી વિચારતા હોય એને એમ લાગે કે સંપ્રદાયબુદ્ધિ જુદી વાત છ અને જિનના અભિમતે જૈનદર્શન શું છે એ કોઈ જુદી વાત છે. બેને મેળ ખાય એવું નથી. સંપ્રદાયબુદ્ધિ સંકુચિત બુદ્ધિ છે અને જૈનદર્શનમાં વિશાળતા ઘણી છે. એટલી બધી વિશાળતા છે કે સમવસરણમાં તિર્યંચને કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. મનુષ્યમાં તો નહિ, ઢેઢ, ભંગી, ચમારને તો નહિ પણ તિર્યંચને પણ No Admission નું

Board નથી લગાવ્યું કે તમે તિર્યંચ છો, Permission લઈને આવજો. નહિ. અહીં તો કુદરતી રચના જ એવી છે કે ભવ્ય હોય તે આવે. અને તિર્યંચ પણ પામે. પાંચમા ગુણસ્થાને આવી જાય. અહીં એ પ્રતિબંધ છે નહિ. એમ તો જાતિ ને કૂળ ને એ બધું નીચું જ છે એનું તો. એની જાત પણ નીચી છે અને કૂળ પણ નીચું છે. પાપના ફળમાં તો તિર્યંચ થયા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ફાટે જ તે. એ પ્રકારના જીવોની યોગ્યતા હોય એટલે એમ જ થાય. એ કેમ થયું શું ? એમ જ થાય એ તો. કાળ એવો છે એટલે બધા એવા જ જીવો અહીંયાં આવે. આ ક્ષેત્રે, આ કાળે એવી જ યોગ્યતાવાળા વધુ પ્રમાણમાં જીવો હોય. એનું જ બળવાનપણું હોય, એની જ સંખ્યા વધારે હોય, એના જ પુણ્ય જોર કરતા દેખાય. ઠીક !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધું તમારે ... એમાં થોડો ટાઈમ લાગશે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' ને તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ કહે કે પણ હવે આપણું કરો. એ કરતાં કરતાં જો કોઈ પ્રભાવનાયોગ હશે જીવનમાં, તો એ વખતે એવો જ વિકલ્પ આવશે. સારામાં સારી પ્રભાવના થાય, એવો જ વિકલ્પ આવશે. અત્યારથી એનું કરવું અને ગોઠવવું એ બધી ભાંજગડમાં ક્યાં પડવું ? અને એ ભાંજગડમાં આગળ જતા પછી અહીં પોતાને અંદરમાં સાધવું છે એની અંદર દખલ આવી જાય પાછી. એ ત્યાં .. થાય. અંતર સાધનામાં તકલીફ ઊભી થાય એને. એટલા માટે એમણે એ રસ્તો કાઢી દીધો. આપણે તો આપણા રસ્તે આગળ વધોને. પ્રભાવનાયોગ હશે તો .. કામ થઈ જવાનુ છે. લાંબી મહેનત કરવી પડશે નહિ.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' માટે સહજ હતો પ્રભાવનાયોગ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રભાવનાયોગ સહજ હતો. એમણે ક્યાં કાંઈ ગોઠવ્યું છે ? એમણે કાંઈ ગોઠવ્યું નથી.

મુમુક્ષુ :- પ્રસ્તાવનામાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રસ્તાવનામાં છે. આમાં ... ધર્મપ્રવૃત્તિમાં વિચિક્ષણતા-એમ કરીને લીધું છે. બરાબર છે. તેઓશ્રીના ધર્મપ્રભાવનાના વિષયમાં વિચિક્ષણતા હતી એના અનેક પડખાઓથી કેટલી સૂક્ષ્મ વિચારણાઓ ચાલતી વિચિક્ષણતા લઈને, એનો પુરાવો તે વખતની હાથનોંધ ૧/૭૩માં મળે છે. આપણે જે વાંચી એ હાથનોંધ.

તથારૂપ શક્તિ પોતામાં હતી છતાં પણ અનેકવિધ કારણોસર તેઓ ગુપ્ત રહ્યા હતા. તે માંહેની એક સૂક્ષ્મ વાત અતિ ગૂઢ વચનોમાં આ હાથનોંધમાં જોવા મળે છે કે દર્શનની રીતે આ કાળમાં ધર્મ પ્રવૃત્તિ ... જીવનું કલ્યાણ છે કે સંપ્રદાયની રીતે પ્રવર્તે તો જીવોનું કલ્યાણ છે, એ વાત વિચારવાયોગ્ય છે. એ વાત એમ ને એમ સ્થૂળ બુદ્ધિથી નક્કી કરવા જેવી નથી.

સંપ્રદાયની રીતે ઘણા જીવોને તે માર્ગ ગ્રહણ કરવા યોગ્ય પ્રસંગ ઊભો થાય. દર્શનની રીતે કોઈ વિરલ જીવને એ .. થવાનો છે. એ રીતે સંપ્રદાયની રીતે નિરૂપણ કર્મનું અસંભવ દેખાય છે અને દર્શનની રીતે સંપ્રદાયનું સ્વરૂપ આપવું મુશ્કેલ છે. એટલે કોઈ જીવને ઉપકારી થાય. આમ બંનેમાં સંખ્યાનો વિરોધ આવે છે.

'**ઉપરોક્ત પ્રકારે તેઓશ્રીને માર્ગ પ્રવર્તકની રીતિ-નીતિના વિષયમાં...**' એની Policy શું ઘડવી ? એની કાર્યપદ્ધતિ શું હોય ? એવી '**રીતિ-નીતિના વિષયમાં ઘણા સૂક્ષ્મ અને ગહન વિચારો આવ્યા છે અને પરસ્પર વિરોધી પડખાઓનો ઊંડો વિચાર તેમને ચાલ્યો છે. તેઓશ્રીના ઉક્ત વચનોથી સમજાય એવું છે. તે સર્વના નિષ્કર્ષ સ્વરૂપે તેઓશ્રીએ સ્વયંની આરાધનાને મુખ્ય કરીને...**' ... ગાયું, ખેંચીને કાઢ્યું છે. '**તે સર્વના નિષ્કર્ષરૂપે તેઓશ્રીએ સ્વયંની આરાધનાને મુખ્ય કરીને અને ગૌણપણે જે જે પાત્ર જીવો જણાયા તેમની વચ્ચે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની મર્યાદામાં રહીને માર્ગ પ્રવર્તાવવાની પ્રવૃત્તિ યથાર્થપણે અને યોગ્ય રીતે કરી છે એમ સમજાય છે.**' એમણે જે પ્રવૃત્તિ કરી છે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને યથાર્થ રીતે અને યોગ્ય રીતે જ કરી છે.

'**સ્વયંના ઉદયભાવ અને ઔદયિક સંયોગોની પરિસ્થિતિ જોઈને શાસન પ્રવર્તાવવાના અંતરંગ ગુણો પોતામાં હોવા છતાં અને શાસનનાયક અથવા ઉપદેશકના સ્થાને રહીને તેઓશ્રી ધર્મની પ્રવૃત્તિ છતાં કરી નથી. તે આ વિષયમાં તેઓશ્રીની ઊંડી વિચારણા અને દીર્ઘદર્શિતાને પ્રદર્શિત કરે છે.**' એટલો વિષય એમના શબ્દો ઉપરથી તારવેલો છે. એમણે જે કહ્યું છે એ બહુ ઊંડી વિચારણાથી યોગ્ય લાગ્યું તે જ કર્યું છે. એમાં કોઈ ભૂલ કાઢે કે આમ કેમ ન કર્યું અને આમ કેમ કર્યું ? તો એના જેટલી ઊંડી વિચારણા બીજાએ કરી હોય એવું દેખાતું નથી. એમ છે.

મુમુક્ષુ :- દિગંબર ધર્મ સત્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દિગંબર ધર્મ સત્ય છે. પણ સંપ્રદાયની રીતે તે બરાબર નથી. એ જ સંપ્રદાયમાંથી 'ગુરુદેવ'નો કેટલો વિરોધ થયો. સર્વથી અધિક વિરોધ થયો

હોય તો દિગંબર .. 'ગુરુદેવ'નો વધારે વિરોધ કોણે કર્યો ? સ્થાનકવાસી, દેરાવાસી તો પછી ઠરી ગયા કે મૂકો માથાકૂટ. આપણામાં હવે કાંઈ વાંધો એવું નથી. દિગંબર તો 'ગુરુદેવ'ના છેલ્લા દિવસ સુધી દિગંબરોના છાપાએ ચાલુ રાખ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સંપ્રદાયબુદ્ધિનું કારણ છે. વધુમાં વધુ પાપ સંપ્રદાયબુદ્ધિવાળો કરે એટલું પાપ બીજો કરી શકે નહિ. સીધો ધર્માત્માનો જ વિરોધ કરે, મહાપુરુષનો જ વિરોધ કરે અને ધર્મનો જ વિરોધ કરે. સંપ્રદાયબુદ્ધિમાં એવું મોટું પાપ થાય. માટે સંપ્રદાયબુદ્ધિ ન થાય એની બહુ જ કાળજી રાખવી. મહાપુરુષોએ તો 'શ્રીમદ્ રાજચંદ્રજી' જેવા મહાપુરુષોએ એ કાળજી એટલી રાખી છે. બીજાએ તો રાખવી જ જોઈએ.

મુમુક્ષુ :- વીતરાગ ધર્મની .. દિગંબર-શ્વેતાંબર બધું ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એમાં એવું છે કે કોઈ રીતી-નીતિ તો Fix કરવી જ પડે. જ્યારે રીતી-નીતિ તમે Fix કરો એટલે બીજાની રીતિ-નીતિથી એ જુદી પડે છે. પછી એને નામ વગર કેવી રીતે ઓળખો ? તમે માણસ છો, તમે માણસ છો અને તમે પણ માણસ છો. નામ પાડ્યા વગર કેવી રીતે વ્યવહાર ચાલે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. વીતરાગનો માર્ગ એટલું નામ પાડવું પડે કે નહિ ? તો એ કહે કે પછી એને નામ ગમે તે આપો. એ કહે અમારામાં આમ છે અને તમારામાં આમ છે. વીતરાગનો માર્ગ (કહો એટલે) ઓલા શ્વેતાંબર કહે, અમારો પણ વીતરાગનો માર્ગ, દિગંબર કહે અમારો પણ વીતરાગનો માર્ગ, સ્થાનકવાસી કહે અમે તો ઢૂંઢીને કાઢેલો અમારો વીતરાગનો માર્ગ છે. અમે તો ઢૂંઢીયા. ઢુંઢી-ઢુંઢીને કાઢેલો. ઠીક ! પછી હવે કેમ નક્કી કરશો ? એટલે એ તો નામ પાડવાની વાત છે. પણ નામથી મતલબ નથી. જે કાંઈ જિનોક્ત માર્ગ નિશ્ચય વ્યહારયુક્ત છે, જિનોક્ત માર્ગ છે, જિનેન્દ્ર પ્રણિત છે, જે માર્ગે એ ચાલ્યા છે, જે માર્ગની સીમાના સીમાડા એમણે નક્કી કર્યા છે, એનું ઉલ્લંઘન કરવાનો કોઈનો અધિકાર નથી. પછી દિગંબર હોય તો એનો અધિકાર નથી અને શ્વેતાંબર હોય તો એનો અધિકાર નથી અને સ્થાનકવાસીનો અધિકાર નથી. એમ લેવું.

મુમુક્ષુ :- આ બધી પરિસ્થિતિ જોઈને બધા જ્ઞાનીઓ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો બીજો ઉપાય નથી. એ તો અનુભવથી કાઢેલી વાત છે. જે વાત મૂકી છે એ તો પોતાના અનુભવથી મૂકી છે.

'જેમ આજ્ઞા આપી છે...' જિનન્દ્રદેવે **'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું;...'** નહિતર ચાલવું નહિ. આજ્ઞાના ઉપયોગ વડે ચાલવું, નહિતર ન ચાલવું. ... **'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું;...'** આ ચાલવામાં છે એ ઈર્યાસમિતિ છે, બોલવામાં ભાષાસમિતિ છે. **'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું;...'** કોઈપણ ચીજ લેવી-મૂકવી. કોઈપણ ચીજ આઘી પાછી કાંઈ મૂકવી પડે તો તે કરવું.

'જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગ કરવા યોગ્ય ત્યાગ કરવો.' એમાં પણ આજ્ઞા પ્રમાણે, જિનોક્ત આજ્ઞા પ્રમાણે કરવું. **'એ પ્રકારે પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ કહી છે. જે જે સંયમમાં પ્રવર્તવાના બીજા પ્રકારો ઉપદેશ્યા છે,...'** જે જે સંયમમાં પ્રવર્તવાના એ સિવાયના પણ બીજા પ્રકારો ઉપદેશ્યા છે. આ મૂળ વાત છે. પછી એના પેટામાં પણ બીજી વાતો આવતી હોય. **'તે તે સર્વ આ પાંચ સમિતિમાં સમાય છે;...'** બાકીની બધી પેટા વાત લીધી છે. **'અર્થાત્ જે કંઈ નિર્ગ્રંથને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી છે, તે પ્રવૃત્તિમાંથી જે પ્રવૃત્તિ ત્યાગ કરવી અશક્ય છે, તેની જ આજ્ઞા આપી છે;...'** એ એને કરવી જ પડશે.

'અને તે એવા પ્રકારમાં આપી છે કે મુખ્ય હેતુ જે અંતર્મુખ ઉપયોગ...' શું કરવા એનો ... ? **'મુખ્ય હેતુ જે અંતર્મુખ ઉપયોગ તેને જેમ અસ્ખલિતતા રહે તેમ આપી છે.'** એ ઉપયોગનું સ્ખલન ન થાય. બહારમાં ન આવે. એ જાળવવા માટે આ બધી મર્યાદા એમણે બાંધી છે. **'તે જ પ્રમાણે વર્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે,...'** આ નીચેથી સમજાવ્યું. ઉપરથી વાત એમ છે કે જો મુનિયોગ્ય વીતરાગભાવરૂપ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનના ઉપયોગ અને પરિણતિ હોય તો એનો કષાય આ પાંચ સમિતિની મર્યાદામાં આવી જાય છે. એથી બહાર એનો કષાય જાતો નથી. એમ કહેવાનો આશય છે. એટલે ભગવાને એમ કહ્યું કે, અમે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આવ્યા ત્યારે અમારી બાહ્ય પ્રવૃત્તિની સીમા આટલી રહી ગઈ અને આટલી થઈ ગઈ. આથી બહાર જાય તો ઉપયોગની સ્ખલના થઈ જાય, ગુણસ્થાન છૂટી જાય. **'ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે.'** એટલે એ અપ્રમત્ત દશાને સંભાળવા અર્થે, જાળવવા અર્થે, નભાવવા અર્થે, .. કરવા અર્થે બહારમાં પણ મર્યાદિત રીતે

આવવું જોઈએ.

'દીર્ઘશંકાદિ ક્રિયાએ પ્રવર્તતાં પણ અપ્રમત્ત સંયમષ્ટિ વિસ્મરણ ન થઈ જાય...' બહારમાં પ્રમત્તમાં આવ્યા છતાં પણ અસંયમપણું ચાલ્યુ ન જાય. અપ્રમત્તપણું પણ **'વિસ્મરણ ન થઈ જાય તે હેતુએ તેવી તેવી સંકડાશવાળી ક્રિયા ઉપદેશી છે, પણ સત્પુરુષની દષ્ટિ વિના તે સમજાતી નથી.'** આ ગૂઢ વાત કરી ગયા. સત્પુરુષની દષ્ટિ વિના સમજાતી નથી એટલે શું ? કે ખરેખર તો એટલી વીતરાગતા વધે ત્યારે રાગ એટલી સંયમિત મર્યાદામાં જ પ્રવર્તે અને એથી બહાર ન આવે. આવે તો એ ગુણસ્થાનની ... રહે નહિ. છૂટી જાય. એ સત્પુરુષની દષ્ટિ છે. આ એ નાખ્યું ગૂઢ ભાષામાં.

'આ રહસ્યદષ્ટિ...' સત્પુરુષની દષ્ટિ એટલે **'આ રહસ્યદષ્ટિ સંક્ષેપમાં લખી છે, તે પર ઘણો ઘણો વિચાર કર્તવ્ય છે.'** તમારે એનો ઘણો વિચાર કરવો. આ 'લલ્લુજી' મુનિને લખે છે. કે મુનિ તો જૈનદર્શનમાં આવા હોય છે. તમે 'આચારાંગ' વાંચો છો તેથી ... ચિત્ર તમને કેવી રીતે સમજાય છે ? કેમ આવી પ્રવૃત્તિ નથી ? આ .. મર્યાદા કેમ બાંધી ? આવી નાની વાતમાં ?

મુમુક્ષુ :- ઉપરથી નાની વાત...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલું રહસ્ય છે ! એ લઘુશંકા કરવામાં પણ આટલો ઘણો દીર્ઘશંકાદિ .. પણ ઘણો સાંકડો માર્ગ જોવામાં આવ્યો. શું કારણ છે ? એમાં રહસ્ય છે. એમાં પણ રહસ્ય છે. દેહની આહાર, વિહારની ક્રિયામાં પણ છઠા-સાતમા ગુણસ્થાનયોગ્ય વીતરાગતા હોય ત્યારે બહારમાં ઉપયોગ કેટલી મર્યાદામાં, સંયમમાં પ્રવર્તે એ બતાવવું છે. એ મર્યાદાનું ઉલ્લઘંન કરી જાય તો છઠા-સાતમા ગુણસ્થાનની વીતરાગતા જ ચાલી જાય. એમ બતાવવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો મુમુક્ષુથી કીધું છે. મુમુક્ષુ .. આહાર, વિહારના નિયમો .. ૧૦૫માં ન લીધું ? ૧૦૫માં લીધું કે નહિ ? પાત્રતાના ગુણોમાં લઈ લીધું. પાનું૨૧૦. નવમો બોલ છે. 'આહાર, વિહાર, નિહારનો નિયમી,...' નિયમ કરી નાખે. ચાર રોટલી ખાવી એટલે ચાર રોટલી જ ખાવી. ત્રણ રોટલી ખાવી એટલે ત્રણ રોટલી જ ખાવી. પછી એક દિ' છ ખાય, આઠ ખાઈ લે અને બીજે દિ' ત્રણ ખાય એમ નહિ. થોડું ઓછું જમવું જોઈએ. ભૂખ હોય એના કરતા થોડું ઓછું જમવું જોઈએ, થોડું ભૂખ્યા રહેવું જોઈએ. એવો જે નિયમ છે એની અંદર એને નિયમ કરી નાખવો જોઈએ. જો એ નિયમ ન રહે તો મુમુક્ષુની ભૂમિકામાં આહારની ગૃદ્ધિ વધી જતા વાર

લાગે નહિ. અને એમાં સ્વાદિષ્ટ ભોજન મળે ત્યારે ઝપટ બોલાવ્યા વગર રહે નહિ. અને પછી પરિણામ જ્યાં તીવ્ર થયાં ત્યાં પછી એ પરિણામને અંકુશમાં લાવવામાં ... થવાની. એ રસ વધી ગયો. જેટલો રસ વધ્યો. પુદ્ગલનો રસ જેટલો વધ્યો તેટલી ચૈતન્યની શક્તિ ઘટી. જેટલો ભાવમાં પુદ્ગલ રસ વધ્યો એટલી ચૈતન્યની શક્તિને માર પડ્યો. સીધી વાત છે. એટલો નબળો થયો. એની નબળાઈ વધવાની. શરીર કદાચ સબળ થશે અને પોતે નિર્બળ થશે. આત્મશક્તિએ નિર્બળ થાશે. પછી કહે ભાઈ ! મારો પુરુષાર્થ ઉપડતો નથી. આપણે વાંચીએ છીએ, વિચારીએ છીએ પણ પુરુષાર્થ ઉપડતો નથી. પણ પુરુષાર્થ ઉપડે ક્યાંથી ? ખાવા, પીવામાં તારો રસ વધી જાય અને નબળાઈ વધારતો જા છો. આત્માની નબળાઈ વધારતો જાય છે પછી પુરુષાર્થ ઉપડશે ક્યાંથી ? ઉપાડવો હોય તોપણ નહિ ઉપડે. કેમ ? કે નબળો તો સારી રીતે પડી ગયો છો. રસ પડ્યા વિના સાચી રીતે એ બધી સાચી વિધિએ રસ પડ્યા વિના એને સ્વસન્મુખ થવાની પુરુષાર્થની શક્તિ ઉત્પન્ન થાય નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તપ તો આગળનો વિષય છે. તપ છે એ મુમુક્ષુનો વિષય નથી. મુમુક્ષુને તો પહેલા રસ છોડવો. ઉદયમાં જેટલા પંચેન્દ્રિયના રસ છે એ બધા તોડવાની વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એ એની મુખ્યપણે અહીં તપ કહેતા. તપ તો જેને સમ્યક્પ્રકારે ઢગલાબંધ નિર્જરા કરી શકે એને તપ કહેવામાં આવે છે. એમાં ઈચ્છાનો નિરોધ થઈ જાય. ઈચ્છા ઉત્પન્ન ન થાય, ઉત્પન્ન જ ન થાય. વીતરાગતાને કારણે રાગની ઈચ્છા ઉત્પન્ન જ ન થાય. એની વાત છે. ઘણી .. વિષય લીધો. સ્વરૂપમાં પ્રતપન તે તપ છે. અને તપ છે તે આત્માનુ તેજ છે, નૂર છે. ઘણી સ્થિરતા આવે એની વાત છે. અહીંયાં હજી સ્થિરતા કેમ થાય એની ખબર ન હોય ને હું તપ કરું છું, હું રસ છોડું છું. એને તપ કહેવાય નહિ.

મુમુક્ષુ :- તપ વખતે તો ઉપયોગ જ નિર્વિકલ્પ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા નિર્વિકલ્પ હોય છે. નિર્વિકલ્પ હોય છે એટલું નહિ ઘણી સ્થિરતાવાળો નિર્વિકલ્પ હોય છે ત્યારે એને તપ હોય છે. જે સ્થિરતાનું કારણ છે ત્યાં.

'સર્વ ક્રિયામાં પ્રવર્તતાં આ દૃષ્ટિ સ્મરણમાં આણવાનો લક્ષ રાખવા યોગ્ય છે. શ્રી દેવકીર્ણજી આદિ સર્વ મુનિઓએ આ પત્ર વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.' લખ્યું છે. આ પત્ર છે એ ફલાણાએ વારંવાર અનુપ્રેક્ષામાં લેવો. એ એમના વખતથી જ

એ અભ્યાસ એમણે ચાલું કરાવ્યો છે. ભલે લખ્યા છે પત્રો. પણ પત્રનો સ્વાધ્યાય તો એમણે ચાલુ કરાવ્યો છે. **'શ્રી લલ્લુજી આદિ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય. કર્મગ્રંથની વાંચના પૂરી થયે ફરી આવર્તન કરી અનુપ્રેક્ષા કર્તવ્ય છે.'** તો ફરીને શરૂ કરજો. .. પૂરો થયો હોય તો ફરીને પાછો એ ચાલુ કરજો. એટલે શાસ્ત્ર સ્વાધ્યાયની સૂચનાઓ પણ એમણે પત્રમાં આપી છે.

આ પત્ર છે એ વીતરાગમાર્ગની અંદર મુનિદશામાં અંતર-બાહ્ય કેવા પ્રકાર હોય છે એના ઉપર પ્રકાશ પાડ્યો છે.

પરપદાર્થમાં પોતાપણાના પરિણામો અને પોતાપણાનો અભિપ્રાય પરિભ્રમણની વેદના આવ્યે મંદ પડે, દેહાત્મબુદ્ધિ મંદ થવા અર્થે દેહમાં અશાતાનો ઉદય આવ્યે, યથાર્થ પ્રકારે અવલોકન આદિ પ્રયોગ કરવાથી આકુળતા પકડાય તો આકુળતાથી ખસવાના પ્રયાસમાં અંશે સફળતા મળે, રાગથી એકત્વ મટવાનું અતિ સૂક્ષ્મ અને કઠણ છે, તે એકત્વ જ્ઞાન અને રાગની સંધિ-આકુળતા, મલિનતા અને વિપરીતતાના અનુભવ જ્ઞાનથી પકડાય, તેમજ માર્ગની અપ્રાપ્તિની ખટક વા વેદનાથી ઉત્પન્ન ભેદજ્ઞાનથી મંદ પડે છે. મુમુક્ષુની ભૂમિકામાં ઉપરોક્ત પ્રકારે પરદ્રવ્ય અને પરભાવનું એકત્વ મંદ થાય તો જ્ઞાનદશાની સહજ પ્રાપ્તિ થાય છે, જે કાંઈ દુર્લભ છે તે તો મુમુક્ષુતામાં યથાર્થતા પ્રાપ્ત થવી તે, તે કારણની દુર્લભતા હોવાથી અનંતકાળનું પરિભ્રમણ રહ્યું છે. કારણ મળ્યે કાર્ય સહજ અને સુલભ છે. (અનુભવ સંજીવની-૧૭૮૭)

પત્રાંક-૭૬૮

વવાણિયા, ચૈત્ર સુદ ૪, સોમ, ૧૯૫૩

શુભેચ્છાયુક્ત શ્રી કેશવલાલ પ્રત્યે, શ્રી ભાવનગર.

કાગળ પ્રાપ્ત થયો છે. આશંકાનું સમાધાન આ પ્રમાણે છે :

એકેન્દ્રિય જીવને અનુકૂળ સ્પર્શાદિની પ્રિયતા અવ્યક્તપણે છે, તે 'મૈથુનસંજ્ઞા' છે.

એકેન્દ્રિય જીવને દેહ અને દેહના નિર્વાહાદિ સાધનમાં અવ્યક્ત મૂર્છારૂપ 'પરિગ્રહ-સંજ્ઞા' છે.

વનસ્પતિ એકેન્દ્રિય જીવમાં આ સંજ્ઞા કંઈક વિશેષ વ્યક્ત છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન એ આઠે જીવના ઉપયોગરૂપ હોવાથી અરૂપી કહ્યાં છે. જ્ઞાન અને અજ્ઞાન એ બેમાં મુખ્ય ફેર આટલો છે, કે જે જ્ઞાન સમકિતસહિત છે તેને 'જ્ઞાન' કહ્યું છે અને જે જ્ઞાન મિથ્યાત્વસહિત છે તેને 'અજ્ઞાન' કહ્યું છે. પણ વસ્તુતાએ બન્ને જ્ઞાન છે.

'જ્ઞાનાવરણીયકર્મ' અને 'અજ્ઞાન' એક નથી; 'જ્ઞાનાવરણીયકર્મ' જ્ઞાનને આવરણરૂપ છે, અને 'અજ્ઞાન' જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ એટલે આવરણ ટળવારૂપ છે.

'અજ્ઞાન' શબ્દનો સાધારણ ભાષામાં 'જ્ઞાનરહિત' અર્થ થાય છે. જેમ જડ જ્ઞાનથી રહિત છે તેમ; પણ નિર્ગ્રંથ પરિભાષામાં તો મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ અજ્ઞાન છે; એટલે તે દૃષ્ટિથી અજ્ઞાનને અરૂપી કહ્યું છે.

એમ આશંકા થાય કે જો અજ્ઞાન અરૂપી હોય તો સિદ્ધમાં પણ હોવું જોઈએ; તેનું સમાધાન આ પ્રમાણે છે :- મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ 'અજ્ઞાન' કહ્યું છે, તેમાંથી મિથ્યાત્વ જતાં બાકી જ્ઞાન રહે છે, તે જ્ઞાન સંપૂર્ણ શુદ્ધતાસહિત સિદ્ધ ભગવંતમાં વર્તે છે. સિદ્ધનું, કેવળજ્ઞાનીનું અને સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વરહિત છે. મિથ્યાત્વ જીવને ભ્રાંતિરૂપે છે. તે ભ્રાંતિ યથાર્થ સમજાતાં નિવૃત્ત થઈ શકવા યોગ્ય છે. મિથ્યાત્વ દિશાભ્રમરૂપ છે.

શ્રી કુંવરજીની જિજ્ઞાસા વિશેષ હતી, પણ કોઈ એક હેતુવિશેષ વિના પત્ર લખવાનું હાલ વર્તતું નથી. આ પત્ર તેમને વંચાવવાની વિનંતિ છે.

તા. ૨-૬-૧૯૯૨, પત્રાંક - ૭૬૮, ૭૬૯
પ્રવચન નં. ૩૭૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૭૬૮, પાનું-૫૯૭. '**શુભેચ્છાયુક્ત શ્રી કેશવલાલ પ્રત્યે,...**' 'કેશવલાલભાઈ' ... વ્યાપારમાં ખરાબ ... 'કૃપાળુદેવ'ના પરિચયમાં આવેલા. ત્યારે એમને .. .. આ પત્ર ... બાર મહિનાનો દોઢસો રૂપિયાનો પગાર. કેટલો ? બાર મહિને દોઢસો રૂપિયા પગાર. મહિનાનો સાડા બાર રૂપિયા. પંદર રૂપિયાનો ખર્ચો હતો. ... પગાર .. મહિને અઢી રૂપિયા (ઘટે). અઢી રૂપિયા કે પાંચ રૂપિયા મેળવવા માટે ... આત્માર્થી માણસ છે. એટલે છ મહિના પહેલાં 'નડિયાદ' હતા. ત્યારથી નોકરીમાં હતા. દર્શન કરવાની ઈચ્છા હતી પણ ટિકિટ ભાડાના પૈસા નહોતા. 'કુંવરજી' કહે, પાંચ રૂપિયા આપું તમને. દર્શન કરવાનો ભાવ હોય તો આલે પાંચ રૂપિયા. દર્શન કરી આવ. ના પાડી. મારે માથે ... કરજ છે. ધંધો કરતાં નુકસાની ગયેલી. ... વેપાર કરતા. અત્યારે પગારમાં પૂરું થતું નથી. પાંચેક રૂપિયાનું કરજ વધે છે. મારે બીજા પાંચ રૂપિયાનું કરજ વધારવું નથી. કેવી રીતે મારે જાવું ? બહુ આત્માર્થી માણસ. એના પત્રમાં લાગે છે .. અવલોકન કરે છે. પોતાના પરિણામનું અવલોકન કરે છે. 'કેશવલાલજી' .. આત્માર્થી ...

'**કાગળ પ્રાપ્ત થયો છે. આશંકાનું સમાધાન આ પ્રમાણે છે :**' શંકા નહિ પણ આશંકા છે. શંકા અને આશંકામાં એ ફર્ક છે. જેને આશંકા તરીકે પ્રશ્ન પૂછવામાં આવે છે તે પ્રશ્ન પૂછનાર પ્રત્યે આસ્થા ધરાવે છે. પોતાને ઉત્તર સમજાય કે ન સમજાય. પૂછેલા પ્રશ્નનો ઉત્તર આવે, એ કદાચ પોતાને અનુકૂળ ન હોય, પોતાની માન્યતાને અનુકૂળ ન હોય, પોતાની વિચારધારાને અનુકૂળ ન હોય તોપણ કહેનાર પ્રત્યે આસ્થા હોય, એવી આસ્થાપૂર્વક વ્યક્ત કરેલી શંકાને આશંકા કહે છે. અને સામા માણસ ઉપર વિશ્વાસ ન હોય ત્યારે શંકાથી પૂછવામાં આવે છે. કોને ખબર શું જવાબ દે એનો. એનો જવાબ માનવો, ન માનવો એ પછી વિચારશું. આપણે શંકા તો કરો. એ રીતે જે પ્રશ્ન કરવામાં આવે છે એને શંકા કહે છે. શંકા અને આશંકા વચ્ચેનો એ તફાવત છે.

મુમુક્ષુ :- શંકા ન હોય પણ આશંકા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આશંકા હોય. શાસ્ત્રમાં શાસ્ત્રવચનમાં શંકા ન પડે, ગુરુવચનમાં શંકા ન પડે. આશંકાની છૂટ છે. શંકા છે એ તો આસ્થાથી માનીને કરેલો પ્રશ્ન છે. અથવા તમે ખોટા પણ હો કદાચ. તમારી પણ ભૂલ હોય શકે. અમારો આ

પ્રશ્ન છે, શું જવાબ આપો છો ? એ શંકા કરી. સામા ઉપર શંકા છે. ઉત્તર આપનાર પ્રત્યે પણ એને શંકા છે.

મુમુક્ષુ :- એ નિઃશંકિત ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સમ્યગ્દૃષ્ટિનું નિઃશંકપણું. સમ્યગ્દૃષ્ટિ છે એ હંમેશાં નિઃશંક હોય છે. પોતાના સ્વરૂપને વિષે નિઃશંક છે અને સ્વરૂપના પ્રતિપાદિત એવા જિનવચનોને વિષે પણ એ નિઃશંક છે. નિશ્ચય અને વ્યવહાર...

અહીંયાં આશંકાનું સમાધાન આપે છે. '**એકેન્દ્રિય જીવને અનુકૂળ સ્પર્શાદિની પ્રિયતા અવ્યક્તપણે છે,...**' મન નથી ને ? અવ્યક્તપણે એટલે પોતાને ખબર ન પડે એવા પરિણામને અવ્યક્ત પરિણામ કહે છે. પોતે ન જાણે પોતાના પરિણામ એને અવ્યક્ત પરિણામ કહે છે. પોતાને જાણવામાં આવે મન દ્વારા, પોતાના પરિણામ મન દ્વારા જણાય એને વ્યક્ત પરિણામ કહે છે. એકેન્દ્રિયને તો મન નથી. એક સ્પર્શેન્દ્રિય છે અને એ સ્પર્શેન્દ્રિયમાં એને પ્રિય લાગે છે એ એની '**મૈથુનસંજ્ઞા છે.**' ચાર સંજ્ઞા છે ને ? એમાં એકેન્દ્રિયની પણ ચાર સંજ્ઞા છે. એકેન્દ્રિયને આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, ... ચારેય સંજ્ઞા દરેક જીવને અનાદિથી છે. કોઈ જીવને એ પ્રકારે કાંઈ એને સમજાવવામાં આવે પછી એના પરિણામ થાય એવું નથી. અનાદિના એ.. સંજ્ઞા એટલે ઈચ્છા. એ પ્રકારના ઈચ્છાવાળા ભાવો અનાદિના છે.

'**એકેન્દ્રિય જીવને દેહ અને દેહના નિર્વાહાદિ સાધનમાં અવ્યક્ત મૂર્છારૂપ 'પરિગ્રહ-સંજ્ઞા' છે.**' એકેન્દ્રિય જીવ ક્યાં પરિગ્રહ કરવા જાય ? એને મકાન નથી, એને ઘર નથી, એને કાંઈ વાસણ-કૂસણ નથી, કપડા નથી તોપણ એને પરિગ્રહ સંજ્ઞા છે. કયા પ્રકારે ? કે '**દેહ અને દેહના નિર્વાહાદિ સાધનમાં અવ્યક્ત...**' મૂર્છા છે એને. મને હોય તો સારું, મારી અનુકૂળતાઓના સાધનો મને હોય તો સારું. એ પ્રકારે. '**વનસ્પતિ એકેન્દ્રિય જીવમાં આ સંજ્ઞા કંઈક વિશેષ વ્યક્ત છે.**' પરિગ્રહ સંજ્ઞા વનસ્પતિના એકેન્દ્રિય જીવમાં કંઈક વિશેષ વ્યક્ત છે. બીજાને પણ સમજાય એવી હોય છે. વિશેષ વ્યક્ત ... એને પોતાને કાંઈ ખબર નથી. એના માટે તો અવ્યક્ત છે. પણ બીજા માટે વ્યક્ત છે. વનસ્પતિની સુંદરતા હોય છે અથવા એને અનુકૂળ પાણી, પ્રકાશ, ખાતર, છાંયડો, તડકો .. એ એનો પરિગ્રહ છે. '**વનસ્પતિ એકેન્દ્રિય જીવમાં આ સંજ્ઞા કંઈક વિશેષ વ્યક્ત છે.**'

'**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન...**' વિભંગજ્ઞાન એટલે અવધિઅજ્ઞાન. '**એ આઠે જીવના ઉપયોગરૂપ હોવાથી...**' એ આઠે પ્રકારના જ્ઞાન જીવના ઉપયોગરૂપ હોવાથી '**અરૂપી**

કહ્યાં છે.' જીવના ઉપયોગરૂપ પરિણામ હોવાથી તે અરૂપી પરિણામ છે. એમાં રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી અને શબ્દ નથી.

'જ્ઞાન અને અજ્ઞાન એ બેમાં મુખ્ય ફેર આટલો છે, કે જે જ્ઞાન સમકિતસહિત છે તેને 'જ્ઞાન' કહ્યું છે અને જે જ્ઞાન મિથ્યાત્વસહિત છે તેને 'અજ્ઞાન' કહ્યું છે.' જ્ઞાન અને અજ્ઞાનની આ પરિભાષા છે. સમકિત સહિતના જ્ઞાનને જ્ઞાન કહ્યું છે. મિથ્યાત્વ સહિતના જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે. **'પણ વસ્તુતાએ બન્ને જ્ઞાન છે.'** છે તો બન્ને જ્ઞાન. જ્ઞાનસામાન્ય તો ત્યાં છે. આવ્યું ને ? અજ્ઞાન હોય, મિથ્યાજ્ઞાન હોય કે સમ્યગ્જ્ઞાન હોય, જ્ઞાન તો છે જ. અને જ્ઞાન સામાન્યને સમ્યક્ મિથ્યાની વિશેષતા લાગુ પડતી નથી. ખરેખર તો જ્ઞાનસામાન્યને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની વિશેષતા પણ લાગુ પડતી નથી. ઈન્દ્રિયજ્ઞાનને અતિન્દ્રિય જ્ઞાનની વિશેષતા લાગુ પડતી નથી, અલ્પજ્ઞાન અને પૂર્ણ જ્ઞાનની વિશેષતા લાગુ પડતી નથી. મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાનના વિશેષણો પણ એને લાગુ પડતા નથી. કોઈ વિશેષણો ન લાગુ પડે તેનું નામ સામાન્ય. એમ કહેવું છે. વિશેષ નહિ તે સામાન્ય. વિશેષ નહિ એટલે વિશેષની વિશેષતાઓ કોઈ નહિ એનું નામ સામાન્ય. એ રીતે સામાન્ય કહે છે.

મુમુક્ષુ :- ક્ષણિક હોવા છતાં.

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષણિક હોવા છતાં સામાન્ય છે એ સામાન્ય છે. ક્ષણિક છે પણ ધારાવાહી તો છે. ક્યારેય અભાવ હોય એવું તો હોતું નથી. પણ વસ્તુતાએ બંને જ્ઞાન છે.

''જ્ઞાનાવરણીયકર્મ' અને 'અજ્ઞાન' એક નથી;...' શું કહે છે ? જ્ઞાનાવરણીય કર્મ છે એ જ્ઞાનને આવરણ કરે છે અને અજ્ઞાન છે એ જ્ઞાનની વિપરીતતા સૂચક છે. જ્ઞાનાવરણીય જ્ઞાનના અભાવ સૂચક છે. ઓછું જ્ઞાન છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનાવરણીય હોય, મતિજ્ઞાનાવરણીય હોય, શ્રુતજ્ઞાનાવરણીય હોય, અવધિજ્ઞાનાવરણીય હોય, મનઃપર્યય જ્ઞાનાવરણીય હોય અને કેવળજ્ઞાનાવરણીય પણ હોય છે. છતાં એ જ્ઞાની છે તે સમ્યગ્જ્ઞાની છે. પણ અજ્ઞાન હોય એને એ પાંચ આવરણ હોવા છતાં વિપરીતતા વધારામાં છે. ઊંધું જ્ઞાન છે, ઊંધી સમજણ છે. તેથી તે બંને એક નથી. એક વાત નથી.

''જ્ઞાનાવરણીયકર્મ' જ્ઞાનને આવરણરૂપ છે, અને 'અજ્ઞાન' જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમરૂપ એટલે આવરણ ટળવારૂપ છે.' જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને આવરણરૂપ છે અને અજ્ઞાન જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ એટલે આવરણ ન (રહે). અસ્તિ-નાસ્તિ .. અહીંયાં અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાનની વ્યાખ્યા નથી કરી.

અસ્તિથી જ્ઞાનને આવરણ છે અને જ્ઞાનને અનાવરણ છે. જેટલું ખુલ્લું છે એટલું અનાવરણ છે, જેટલું બિડાયેલું છે એટલું આવરણ છે અને એ બંને જ્ઞાનાવરણીયના કારણે છે. એમ લેવું છે.

''અજ્ઞાન' શબ્દનો સાધારણ ભાષામાં 'જ્ઞાનરહિત' અર્થ થાય છે.' અજ્ઞાન શબ્દનો શબ્દાર્થ છે એ જ્ઞાનરહિતપણું સૂચવે છે. **'જેમ જડ જ્ઞાનથી રહિત છે તેમ;...'** એને પણ અજ્ઞાની કહેવાય. જડને પણ અજ્ઞાની કહેવાય. પદ્ધતિ નથી રૂઢિમાં. પણ કહી શકાય. **'પણ નિર્ગ્રંથ પરિભાષામાં તો મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ અજ્ઞાન છે;...'** રૂઢિગતપણે અજ્ઞાન કહે એટલે વિપરીત જ્ઞાન હોય, મિથ્યાત્વસહિતનું જ્ઞાન હોય એને રૂઢિગતપણે અજ્ઞાન કહે છે. બાકી અજ્ઞાનની ત્રણ વ્યાખ્યા કરી. જ્ઞાનરહિતપણું તે અજ્ઞાન અને જ્ઞાનાવણીય કર્મના ક્ષયોપશમરૂપ આવરણ ટળવારૂપ અજ્ઞાન અને જ્ઞાનાવરણીય કર્મને આવરણરૂપ છે એ પણ અજ્ઞાન છે. અજ્ઞાનમાંથી ચાર અર્થ કાઢ્યા. આવરણસહિતપણું તે પણ અજ્ઞાન, આવરણરહિતપણું તે પણ અજ્ઞાન, વિપરીત જ્ઞાન તે પણ અજ્ઞાન અને જ્ઞાનનો અભાવ તેનું નામ પણ અજ્ઞાન. ચાર અર્થ કાઢ્યા છે. એમ પોતે ચાર અર્થ કર્યા છે આ જગ્યાએ. આ સ્વાધ્યાય થાય ત્યારે ચોખ્ખું થાય. નહિતર આવી સાધારણ વાત ઉપર ઉપરથી વાંચી જવાય. સ્વાધ્યાયમાં બધા અર્થ કરવા પડે ને સમજાવવા પડે ... અજ્ઞાન એટલે અજ્ઞાન. એમ આશંકા થાય...

હવે કહે છે કે **'એમ આશંકા થાય કે જો અજ્ઞાન અરૂપી હોય તો સિદ્ધમાં પણ હોવું જોઈએ;...'** કેમકે સિદ્ધ ભગવાન પણ અરૂપી છે. જીવની અવળી પર્યાય કે સવળી પર્યાય, બધી જ પર્યાય અરૂપી જ હોય છે. ઊલટી પર્યાય પણ અરૂપી અને સુલટી પર્યાય પણ અરૂપી હોય. સિદ્ધ ભગવાનને ઊલટી પર્યાય તો હોતી નથી. હવે **'એમ આશંકા થાય કે જો અજ્ઞાન અરૂપી હોય તો સિદ્ધમાં પણ હોવું જોઈએ;...'**

'તેનું સમાધાન આ પ્રમાણે છે : મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ 'અજ્ઞાન' કહ્યું છે,...' મુખ્યપણે અજ્ઞાનનો રૂઢિ અર્થ શું છે ? **'મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ 'અજ્ઞાન' કહ્યું છે, તેમાંથી મિથ્યાત્વ જતાં બાકી જ્ઞાન રહે છે,...'** મિથ્યાત્વ ચાલ્યું ગયું માટે જ્ઞાન રહે છે. **'તે જ્ઞાન સંપૂર્ણ શુદ્ધતાસહિત સિદ્ધ ભગવંતમાં વર્તે છે. સિદ્ધનું, કેવળજ્ઞાનીનું અને સમ્યક્દ્દષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વરહિત છે.'** જુઓ ! ત્રણેના જ્ઞાન લીધા હવે. સમ્યગ્દષ્ટિના જ્ઞાન સાથે પેલા બે જ્ઞાન લઈ લીધા. સિદ્ધ પરમાત્માનું, અરિહંત પરમાત્માનું, કેવળજ્ઞાની પરમાત્માનું અને સમ્યગ્દષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વ રહિત છે એ અપેક્ષાએ ત્રણે સરખા છે. એટલે ત્રણેને મિથ્યાત્વનો અભાવ છે. **'મિથ્યાત્વ જીવને**

ભ્રાંતિરૂપે છે.' એ મિથ્યાત્વ છે એ જીવને ભ્રાંતિરૂપ છે. જ્ઞાનની વિપરીતતા તે ભ્રાંતિ. જ્ઞાનની વિપરીતતા તે ભ્રાંતિ.

'**તે ભ્રાંતિ યથાર્થ સમજાતાં...**' એટલે યથાર્થ સમજણ થવાથી '**નિવૃત્ત થઈ શકવા યોગ્ય છે.**' ભ્રાંતિ છે એ સાચી સમજણથી મટવા યોગ્ય છે. અને '**મિથ્યાત્વ દિશાભ્રમરૂપ છે.**' મિથ્યાત્વ છે એ અંતર્મુખની દિશાની સૂઝ ન આવવા દે એનું નામ મિથ્યાત્વ છે. બહુ સૂક્ષ્મ અર્થ કર્યો છે. મિથ્યાત્વનો આ જગ્યાએ બહુ સૂક્ષ્મ અર્થ કર્યો છે. દિશાભ્રમરૂપ જે પરિસ્થિતિ છે એ મિથ્યાત્વરૂપ છે.

બે દિશા છે : એક બહિર્મુખ અને એક અંતર્મુખ. પોતાની હયાતી, પોતાનું સ્વરૂપઅસ્તિત્વ એ અંતઃતત્ત્વસ્વરૂપ હોવાથી અંતર્મુખપણે એ વિષયગત થાય છે, જ્ઞાનગોચર થાય છે. એવી દિશાની ભ્રમણા, તે દિશા વિષે ભ્રમણા રહે છે. આમ કરવાથી અંતર્મુખતા આવે, સ્વાધ્યાય કરવાથી અંતર્મુખ થાવ, ધ્યાન કરવાથી હું અંતર્મુખ થાવ, યોગનો પ્રયોગ કરું તો અંતર્મુખ થાય, જિનેન્દ્ર ભગવાનની સામે બહુ ટકટકી લગાવીને ત્રાટક કરું તો અંતર્મુખ થાઉં, બહુ પૂજા-ભક્તિ કરું તો અંતર્મુખ થાઉં, એ દિશાભ્રમના ... છે. અંતર્મુખ થવાની વાત એમાં એકેય જગ્યાએ આવતી નથી.

મુમુક્ષુ :- એ મિથ્યાત્વ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ મિથ્યાત્વ સહિત છે. દિશાસૂચક અર્થ કર્યો છે. મિથ્યાત્વનો દિશાની પ્રધાનતાથી અર્થ કર્યો છે. આપણે સ્વાધ્યાયમાં અધ્યાત્મને એવી રીતે વિચારીએ છીએ, જે વિવિક્ષા ... લઈએ એમાં કે મિથ્યાત્વની શ્રદ્ધાપ્રધાન અર્થ-વ્યાખ્યા શું છે ? મિથ્યાત્વની જ્ઞાનપ્રધાન વ્યાખ્યા શું છે ? મિથ્યાત્વની ચારિત્રપ્રધાન વ્યાખ્યા શું છે ? મિથ્યાત્વની પુરુષાર્થપ્રધાન વ્યાખ્યા શું છે ? મિથ્યાત્વની સુખપ્રધાન વ્યાખ્યા શું છે ? અહીં દિશાપ્રધાન વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :- કેવા સિદ્ધાંત વચમાં આવી ગયા !

પૂજ્ય ભાઈશ્રી :- અંદરથી કાઢે છે ને ! દિશાભ્રમરૂપ જે જ્ઞાનની પરિસ્થિતિ... આ તો જ્ઞાનપ્રધાનમાં જાય છે. ભ્રમણા છે, ભ્રાંતિ છે એ જ્ઞાનની પર્યાય છે. વિપરીત જ્ઞાનની પર્યાય છે. પણ એને પણ એક વિશેષણ લગાડ્યું. મિથ્યાજ્ઞાનની પર્યાયને પણ એક વિશેષણ લગાડ્યું. દિશાની ભ્રાંતિ. શેની ભ્રાંતિ ? સ્વરૂપની ભ્રાંતિ તો ખરી, પણ એમાં પણ દિશાની ભ્રાંતિ. સ્વરૂપની ભ્રાંતિ તે અજ્ઞાન. અહીં કહે છે કે દિશાની ભ્રાંતિ તે અજ્ઞાન. એમ કહેવાનું કારણ એ છે કે અહીંયાં કાર્યપદ્ધતિ-વિધિનો વિષય ... વિધિની ભૂલ છે એ દિશાની ભ્રાંતિમાં જાય છે. કેવી વાત આવી છે! આમ તો અમે વાંચી જઈએ તો હજી ધ્યાન નથી જાતું. ચોખ્ખું કરવું પડે ને. સ્વાધ્યાયમાં તો એક એક

વાતને ચોખ્ખી કરવી પડે. '**મિથ્યાત્વ દિશાભ્રમરૂપ છે.**'

'**શ્રી કુંવરજીની જિજ્ઞાસા વિશેષ હતી,..**' 'કુંવરજી' ... 'ભાવનગર'માં હતા. એ નોકરીમાં રહ્યા. '**શ્રી કુંવરજીની જિજ્ઞાસા વિશેષ હતી, પણ કોઈ એક હેતુવિશેષ વિના પત્ર લખવાનું હાલ વર્તતું નથી.**' ખાસ કારણ હોય તો પત્ર લખાય છે. સામાન્ય બાબતમાં પત્ર લખવાનું મારાથી બની શકતું નથી. એટલે એમને પત્ર નથી લખ્યો.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- ના. હેતુવિશેષ વિના લખ્યું છે અહીંયાં. સદ્‌ભાવ નથી લીધો. સ્વભાવ લીધો છે. ખાસ કારણ વગર. હેતુવિશેષથી પત્ર નથી લખી શકાતો એમ કહ્યું હોય તો એ .. કારણ છે. હેતુવિશેષ વિના એટલે એમને પત્ર લખવાનું કોઈ મને કારણ અત્યારે જણાતું નથી. પત્ર લખવાનો હેતુ નથી. એટલે '**પત્ર લખવાનું હાલ વર્તતું નથી. આ પત્ર તેમને વંચાવવાની વિનંતિ છે.**' આ પત્ર પણ એને વંચાવજો. એ ૭૬૮ થયો. જ્ઞાનાવરણીય અજ્ઞાન સંબંધી આશંકાનું મુખ્યપણે સમાધાન કર્યું છે. એકેન્દ્રિય જીવને પણ ચાર સંજ્ઞા હોય છે એનો પણ બે સંજ્ઞાનો ખુલાસો આપ્યો છે.

મુમુક્ષુ :- આ પત્ર એમને વંચાવજો એમ લખ્યું હોત તો ચાલત. પણ વંચાવો એવી વિનંતિ છે. તો કેટલી નમ્રતા છે ! અમારે શું સમજવું ? બોધ શું લેવો ?

પૂજ્ય ભાઈશ્રી :- બોધ એ લેવો કે ભલે સાધારણમાં સાધારણ મુમુક્ષુ હોય, આપણાં કરતાં કોઈને આપણે સાધરણ માનતા હોય એના પ્રત્યે પણ વિનયયુક્ત વ્યવહાર રાખવો. જ્ઞાની પણ એક સાધારણ મુમુક્ષુ પ્રત્યે એનો વ્યવહાર વિનયયુક્ત રાખે છે, તો મુમુક્ષુને તો સમજાવવાની કે શિખડાવવાની પછી જરૂર રહેતી નથી. એમનું પોતાનું જે જીવન હતું એ જ મુમુક્ષુને બોધસ્વરૂપે હતું. અનેક પડખાથી.

મુમુક્ષુ :- કથાનુયોગ જ છે 'શ્રીમદ્‌જી'નો.

પૂજ્ય ભાઈશ્રી :- જીવંત કથાનુયોગ છે. ... '**આ પત્ર તેમને વંચાવવાની વિનંતિ છે.**'

મુમુક્ષુ :- આદેશ કરીને કોઈને કાંઈ લખ્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આદેશ તરીકે લખે, કહે તો પણ તેમનો અધિકાર છે. છતાં પણ એ પોતાની વર્તમાન બાહ્ય પરિસ્થિતિ, ઉંમર, ... શ્વેતાંબર સંપ્રદાયમાં .... જ્ઞાની, તપસ્વી, ધર્મી ગણાય. પોતાની શંકાનું સમાધાન કરે. લોકોને તો કાંઈ ખ્યાલ ન હોય કે .. બે માણસ વચ્ચેના સંબંધો છે. પોતપોતાની બાહ્ય પરિસ્થિતિ જોઈને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં પોતાની વર્તનાને રાખી છે.

મુમુક્ષુ :- આટલી બધી સાવધાની રાખી છે તો ઉપયોગ વળી પાછો અંતરમાં

પણ જોડાયેલો જ રહેલો છે. બહારમાં આટલી સાવધાની રાખી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો પરિણતિ જુદી છે ને. ઉપયોગ જુદો છે અને પરિણતિ જુદી છે. પરિણતિ છે. અને બહારમાં એટલી સાવધાની રાખી છે તો એમાં પણ એટલા ઉપયોગમાં ભિન્નપણું તો ખરું જ, અભિન્નપણું નહિ. કેમકે લબ્ધ ઉપયોગ થઈને એક પર્યાય છે, બે પર્યાય નથી. જ્ઞાનની એક સમયની પર્યાયમાં લબ્ધ ઉપયોગ બંને છે. લબ્ધ આત્મા સાથે અભેદ છે. ઉપયોગ પરદ્રવ્ય તરફની પ્રવૃત્તિમાં હોવા છતાં પણ ભિન્નતા રાખીને વાત છે. અભિન્નપણું એકત્વ કરીને તો એ પ્રવૃત્તિ પણ નથી. એટલે બંધન નથી. એટલે પ્રતિબંધ નથી. ભિન્નપણું રહે છે એટલે પ્રતિબંધ નથી. એ આરાધક પરિણામની વિશેષતા છે. આરાધક જ્ઞાનની એ વિશેષતા છે કે એ જ્ઞાન ક્યાંય પણ પ્રતિબદ્ધપણું પામતું નથી. બીજા જ્ઞેયો પ્રત્યે જવા છતાં પણ પ્રતિબદ્ધપણું પામતું નથી. ભિન્ન જ રહે છે. ઉપયોગ બહાર જાય તોપણ ભિન્ન રહીને. અભિન્ન થઈને નહિ, એકત્વપણે નહિ.

મુમુક્ષુ :- લડાઈમાં ઊભા હોય ત્યારે પણ?

પૂજ્ય ભાઈશ્રી :- ગમે ત્યાં હોય નહિ. ... હો કે .. હો. એની સાથે એને કાંઈ મતલબ નથી. બંને એક જ જગ્યાએ ....

મુમુક્ષુ :- .. ભિન્ન રહીને જ વર્તે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ભિન્ન રહીને જ વર્તે છે. નહિતર તો અશુભમાં આનંદ અને ખુશી થયા વગર રહે નહિ. અને શુભમાં પણ આનંદ અને ખુશી થયા વગર રહે નહિ. બંનેને દુઃખભાવ જાણે છે. અશુભ વધારે દુઃખવાળા પરિણામ છે. શુભ મંદ દુઃખવાળા પરિણામ છે. આ તીવ્રવાળા દુઃખવાળા પરિણામ છે. છે બંને ...ના છે.

મુમુક્ષુ :- આ સમજાય તો કામ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તે સમજાય તો આત્માર્થ સમજાય. જો જ્ઞાનીની અંતર આરાધના સમજાય તો એ આત્મહિત સાધી રહ્યા છે. મારે કેમ સાધવું એ સમજાય. કેમકે એ Practical વિષયનું જ્ઞાન થયું. તો એને Practice કરતાં આવડે. જેમ કોઈને Practical કરાવતા પહેલાં દેખાડવામાં આવે. ...ની અંદર હોય ને. માસ્તર-શિક્ષક પહેલા Practical કરે કે જુઓ ! હું આમ કરું છું. આ ચીજ અહીંથી પકડવાની છે, આને આટલી આમ કરવાની છે, આને આમ કરવાનું છે, આને આમ કરવાનું છે. નજરે દેખાડે. હવે તું કર. પછી એમાં ભૂલ થાય તો બીજી વખત કર, ત્રીજી વખત કર. એમ કરતાં કરતાં (શિખે). છતાં એ જોવા મળે છે તો શિખવા મળે છે. એટલું કહેવું છે. હજી જેને જોવા જ મળતું નથી એને શીખવાનો ક્યાં વાત છે ? એટલી મર્યાદા છે હજી. ત્યાં

પણ એટલી મર્યાદા છે. પોતાને Practice કરવી બાકી છે.

જે જીવ આત્માર્થી થઈને આત્મહિત કરવા ચાહે છે એને એવો બીજા જ્ઞાનીના પરિણમનનો પ્રયોગ જોવો એ પોતાને આત્માર્થનો પ્રયોગ કરવામાં સાનુકૂળ નિમિત્ત છે અથવા એથી આગળ બીજું કોઈ નિમિત્ત નથી. ઉપદેશ જેને કહી શકાય. એથી આગળ બીજું કોઈ નથી. ઉત્તમથી ઉત્તમ પ્રકાર છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી'ની આવી દશા જોઈને પોતે પ્રયોગમાં ઉતરવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અથવા એ દશાથી એ જ્ઞાની ઓળખાય છે. એ દશાથી જ્યારે જ્ઞાની ઓળખાય છે ત્યારે એ જીવને જ્ઞાની થવાની યોગ્યતા ત્યાં ઉત્પન્ન થાય છે. પોતાને જ્ઞાનીપણું પ્રગટ થવાની યોગ્યતાની ઉત્પત્તિ ત્યાં આગળ થાય છે. આ એક એનો વિશેષ લાભ છે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી'ના પુસ્તકથી ઘણો મોટો લાભ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ, એમાં કાંઈ સવાલ નથી.

મુમુક્ષુ :- એમની .. ઓળખાય...

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાય તો. લાભ ક્યારે ? કે ઓળખાય તો. ન ઓળખાય તો કાંઈ નહિ. 'સમયસાર'થી લાભ ઘણો છે. 'ગુરુદેવ'ને થયો કે ન થયો ? 'શ્રીમદ્‌જી'ને થયો કે ન થયો ? એ બંને મહાપુરુષોનો જન્મ 'સમયસાર'માંથી થયો. એ તો આચાર્યનું રચેલું ... પોતે પોતાની યોગ્યતાથી કામ કરે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે. બાકી તો હજારો માણસો 'સમયસાર' વાંચી ગયા. ત્યારપછી તો 'ગુરુદેવ'ના નિમિત્તે હજારો માણસો 'સમયસાર' વાંચી ગયા. વાંચી ગયા એટલે કાંઈ લાભ થઈ જાય છે એવું કાંઈ નથી. વાંચે એમ નહિ. બીજાને વંચાવે, સમજાવે ત્યાં સુધી .. પણ એથી કાંઈ કામ થાય છે એવું છે નહિ.

મુમુક્ષુ :- એમનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્ઞાનીનું જીવન ખુલ્લી કિતાબ છે. કેમકે એમની એટલી સરળતા હોય છે કે કોઈ વાતને ગોપવતા નથી. એવી માયાચારી કરતા નથી. એવી ખુલ્લી કિતાબ છે. પોતાના દોષ લખ્યા છે, પોતાના ગુણ લખ્યા છે, પોતાના પરિણામ જેવા છે તેવા બધા વર્ણવ્યા છે. એકદમ. કાંઈ માન-અપમાનનો વિકલ્પ કર્યા વિના, કલ્પના કર્યા વિના. એવી બધી કલ્પના છોડીને લખ્યું છે.

મુમુક્ષુ :- માન-અપમાનનું પ્રકરણ તો ... મૂકી દીધું હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ખલાસ થઈ ગયું. આત્માને માન-અપમાન જેવી કોઈ ચીજ છે નહિ. એ ભ્રાંતિ છૂટી ગઈ, ભ્રાંતિ છે એ છૂટી ગઈ.

મુમુક્ષુ :- હવેના ...

પૂજ્ય ભાઈશ્રી :- 'જીવન-મૃત્યુ પણ સમ ગણે અને સમ ગણે સંસાર મોક્ષ.' ઠીક ! ત્યાં સુધી છે. સમભાવની તો મર્યાદા ત્યાં સુધી છે. 'જીવીત મરણે પણ નહિ ન્યુનાધિકતા, ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.' શુદ્ધ સમભાવ છે. જ્ઞાતા-દ્રષ્ટાપણું. પોતાની દશાનો પણ જ્ઞાતા-દ્રષ્ટા. એમાં પણ આ કરું અને આ ન કરું એ વાત ચાલી ગઈ છે. કૃતકૃત્ય સ્વભાવમાં કૃતકૃત્ય ભાવે સ્થિર રહી ગયા. ૭૬૮ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૭૬૯

વવાણિયા, ચૈત્ર સુદ ૪, ૧૯૫૩

ત્રણે પ્રકારનાં સમકિતમાંથી ગમે તે પ્રકારનું સમકિત આવે તોપણ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય; અને જો તે સમકિત આવ્યા પછી જીવ વમે તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સુધી સંસારપરિભ્રમણ થઈને મોક્ષ થાય.

તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ સર્વને જીવઅજીવનું જ્ઞાન હતું તેથી સમકિત કહ્યું છે એમ કંઈ નથી. તેમાંના ઘણા જીવોને માત્ર સાચા અંતરંગ ભાવથી તીર્થંકરની અને તેમના ઉપદેશેલા માર્ગની પ્રતીતિથી પણ સમકિત કહ્યું છે. એ સમકિત પામ્યા પછી જો વમ્યું ન હોય તો વધારેમાં વધારે પંદર ભવ થાય. સાચા મોક્ષમાર્ગને પામેલા એવા સત્પુરુષની તથારૂપ પ્રતીતિથી સિદ્ધાંતમાં ઘણે સ્થળે સમકિત કહ્યું છે. એ સમકિત આવ્યા વિના જીવને ઘણું કરીને જીવ અને અજીવનું યથાર્થ જ્ઞાન પણ થતું નથી. જીવઅજીવનું જ્ઞાન પામવાનો મુખ્ય માર્ગ એ જ છે.

૭૬૯. 'સોભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે. '**ત્રણે પ્રકારનાં સમકિતમાંથી ગમે તે પ્રકારનું સમકિત આવે તોપણ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય;...**' આટલી Gurantee આપી. પહેલું સમકિત જ્ઞાનીને ઓળખવારૂપ છે. બીજું સમકિત આત્માને ઓળખવારૂપ છે અને ત્રીજુ સમકતિ આત્માના અનુભવસ્વરૂપ છે. પ્રત્યક્ષ-સાક્ષાત્ અનુભવસ્વરૂપ છે. ત્રણમાંથી કોઈપણ સમકિત આવે. ભલે ત્રીજું આવે, સમકિતના કારણ ... આવે એટલે કે... લક્ષ, કારણ અને ... 'સ્વચ્છંદ મત આગ્રહ તજી વર્તે

શ્રીગુરુ લક્ષ, સમકિત તેને ભાખિયું કારણ ગણી પ્રત્યક્ષ' એટલે કે મારા જ્ઞાનમાં એને પંદર ભવે મુક્ત થવાનું જે સમ્યગ્દર્શનમાં કારણ છે એ કારણને અમે પ્રત્યક્ષ એની પર્યાયમાં હવે જોઉં છું. માટે હું એને સમકિત કહું છું. જ્ઞાની ન થયો હોય તોપણ પંદર ભવે છૂટકો. કેમકે એ સમ્યગ્દિષ્ટિ થાય જ, એને સ્વરૂપની ઓળખાણ થાય જ, એને અનુભવ થાય જ. અને એનો નિર્વાણ થાય, થાય ને થાય જ. .. બેસાડી દીધી છે. અનુભવવા શું કરવું (એની) લાઈન બેસાડી દીધી છે.

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્રની ...

પૂજ્ય ભાઈશ્રી :- દેવ-ગુરુ-શાસ્ત્રની ... છે. સમકિતમાં દેવ-ગુરુ-શાસ્ત્ર આવે કે ન આવે ? સમકિતમાં દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણેય આવી ગયા. તિર્યંચ ક્યાં દેવ-ગુરુ-શાસ્ત્રને યાદ કરે છે. નવકાર મંત્ર આવડે કે ન આવડે તિર્યંચને ? કહો જોઈ. તિર્યંચને નવકાર મંત્ર ન આવડે. ... એના આત્મામાં એને બધું ... ગયું.

મુમુક્ષુ :- બાર અંગનો સાર.

પૂજ્ય ભાઈશ્રી :- બાર અંગનો સાર આવ્યો. પછી દેવ-ગુરુ-શાસ્ત્ર ક્યાં બાદ રહ્યા ? બાર અંગનો સાર તો એણે પકડી લીધો. પછી એને દેવ-ગુરુ-શાસ્ત્રનો કાંઈ બાધ હોતો નથી.

મુમુક્ષુ :- ખરેખર એણે માન્યા દેવ-ગરુ-શાસ્ત્રને

પૂજ્ય ભાઈશ્રી :- આપણે કેટલા વર્ષથી દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ ? તમારે તો પિતાશ્રીના વખતથી છે. કેટલા ૬૦ થયા ? થયા ને ? ૬૦ પહોંચી ગયા છે. ૬૦ વર્ષથી દેવ-ગુરુ-શાસ્ત્ર .. છે અને એણે એક Second પણ દેવ-ગુરુ-શાસ્ત્રને યાદ નથી કર્યા. જે તિર્યંચને સમકિત થયું એણે તો એક વખત પણ દેવ-ગુરુ-શાસ્ત્રને યાદ નથી કર્યા અને આપણે ૬૦ વર્ષથી કર્યા. શું કામનું ? કહો ! એવું છે.

મુમુક્ષુ :- ... ક્ષાયિક-ઉપશમ અને ક્ષયોપશમ એ પ્રકારે નથી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એનું પ્રયોજન નથી. એ આગમ પદ્ધતિ છે. ક્ષાયિક, ક્ષયોપશમ, ઉપશમ એ બધી આગમપદ્ધતિ છે. કરણાનુયોગના સંબંધવાળી, કરણાનુયોગના આગમની પદ્ધતિથી એ બધી વાતો છે. અહીંયાં તો મુમુક્ષુજીવ સીધો કેવી રીતે માર્ગે ચડે છે. સુગમમાં સુગમ રીતે સુગમપણે રસ્તે ચડી જાય એની વાત છે કે એક સત્પુરુષને શોધ બીજું કાંઈ શોધમા, પછી મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. સમ્યગ્દર્શન નહિ, નિર્વાણ ન પ્રાપ્ત થાય તો મારી પાસેથી લઈ લેજે. એની જામીનગીરી હું નોંધાવું છું. પોતે જામીન થાય છે. સર્વજ્ઞના માર્ગમાં આવા મહાપુરુષો જામીન થાય છે. સાધારણ માણસો જામીન નથી થતા. જામીન .. આ પૈસાની જામીનગીરી મકાન-

બકાન છે ? દુકાન છે ? શું કરો છો ? અહીંયાં પાછા જામીનમાં સહી કરીને બહારગામ વયા જાવ એવું તો નથી ને ? જેની તેની જામીનગીરી લેવાતી નથી.

મુમુક્ષુ :- ભરોસો આવતો નથી. એટલો ભરોસો કેમ આવતો નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ઊંધો ભરોસો બહુ મજબુત પકડીને રાખ્યો છે, એમાં ઢીલું પડતું નથી. આ પૈસાથી સુખ છે, .. અનુકૂળતા થાય તો સુખ છે, કુટુંબ પરિવારના સભ્યો બધા અનુકૂળ રહે તો મને ઠીક પડે. પ્રતિકૂળ જાય તો મને ઠીક ન પડે. ગડબડ તો થાય ને ભાઈઓમાં ને બધે ? બધા અનુકૂળ હોય તો મને ઠીક, પ્રતિકૂળ હોય તો મને ઠીક નહિ. એનો ગમો, એનો અણગમો. એ બધો વિશ્વાસ છોડ્યા વિના આ વિશ્વાસ ઊભો કેવી રીતે કરે ? એ વિશ્વાસ તો તોડવો પડે.

શું કહ્યું ? 'સોભાગભાઈ'નો પત્ર છે ને ? ૭૫૧માં વિષય ચાલ્યો છે. ત્યારપછી આ વાત ચાલી ફરીને. એ વિષય ઉપર ફરીને હવે (કહે છે) કે '**ત્રણે પ્રકારનાં સમકિતમાંથી ગમે તે પ્રકારનું સમકિત આવે તોપણ વધારમાં વધારે પંદર ભવે મોક્ષ થાય;...**' એટલે તો આપણે પૂછીએ કે આપણને 'ગુરુદેવ' મળ્યા એમાં ઓળખ્યા કેટલાએ ? આપણે કાંઈ સમર્પણ નથી કર્યું 'ગુરુદેવ' પ્રત્યે ? 'ગુરુદેવ' પ્રત્યે ભક્તિ, 'ગુરુદેવ'ની વંદના, 'ગુરુદેવ'ની સ્તુતિ, ગુરુ યાત્રાએ જાય તો આપણે સાથે જઈએ. ... ઝાઝાં માણસો હોય તો ... ઓછી, વધારે માણસો .. વધારે રહે. અને ઘણું સાંભળીએ, બને તેટલું વધારેમાં વધારે સાંભળીએ. અનુકૂળતા હોય તો 'સોનગઢ' જઈને પણ રહીએ. તો 'ગુરુદેવ'ને ઓળખ્યા કહેવાય કે ન ઓળખ્યા કહેવાય ? એ ઓળખાણમાં એકેય વાત લાગુ પડતી નથી. ઓળખાણમાં ઓળખાણ સિવાય બીજી એકેય વાત લાગુ પડતી નથી. .. અધ્ધરે અધ્ધર.

મુમુક્ષુ :- બધું ફોગટ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ફોગટ જાય. ન ઓળખે તો ફોગટ જ જાય. એવા ફોગટ ફેરા કર્યા છે.

મુમુક્ષુ :- દર રવિવારે જતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દર રવિવારે જતા હતા. અરે..! કેટલાક તો ત્યાં જઈને રહ્યા છે. આપણે તો હજી અઠવાડિયે એકવાર જતા હતા. આપણી કરતા સાત ગણું વધારે .... ત્યાં ... રવિવાર કરતા સાત ગણા વધારે કે નહિ ? સાત ગણા હોય કે સત્તર ગણા હોય, ઓળખાણની વાત જુદી છે.

મુમુક્ષુ :- ખરેખર ઓળખ્યા કોને કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર ઓળખ્યા કોને કહેવાય ? ખરેખર ઓળખાણ એ

કહેવાય કે જેને પછી પોતાના સ્વરૂપની ઓળખાણ થાય એને કહેવાય.

મુમુક્ષુ :– આત્મસાત કરે.

પૂજ્ય ભાઈશ્રી :– જુઓ ! તમે નાણાવટી છો. ... ઓળખાણ બતાવી દો, એ કઈ રીતે ઓળખે છે ? ઓળખાણ કોને કહેવાય ? સોનાની ઓળખ. તો કસોટી ઉપર સોનાને કસવું. એ તો હું પણ ઘસી દઉં, તમે પણ ઘસી લ્યો. એટલે ... ઓળખાણ થઈ જાય ? અથવા સોનાની કિંમતના પૂરા પૈસા આપીને સોનું ખરીદવું એટલે સોનાની ઓળખાણ આવે ? દસ લાખનું સોનું ખરીદ્યું હોય તો એને ઓળખાણ થઈ જાય ખરી ?

મુમુક્ષુ :– એની તો પાક્કી ચકાસણી કર્યા બાદ .. કર્યા પછી પૈસા ચૂકવાય. ....

પૂજ્ય ભાઈશ્રી :– હવે જેટલા ખરીદે છે, જે પૈસા ચૂકવે છે એ બધા તો કાંઈ ઓળખતા નથી. વિશ્વાસે લઈ લે છે. વિશ્વાસે લઈ લે. પછી ભલે અંદર દગો હોય પણ વિશ્વાસે લઈ લે. એવું બને છે.

મુમુક્ષુ :– ઓળખાણ એ ઓળખાણ.

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખાણ એ ઓળખાણ. આપણે એમ કહીએ કે, આ ભાઈને હું ઓળખું છું. બીજા કહે કે એ તો એવા અને તેવા છે. હું એ ભાઈને ઓળખું છું. શું કહે ? કો'ક એમ કહે કે જેની સાથે તમારા સંબંધ છે એ તો આવા છે અને તેવા છે. તો કહે, હું ઓળખું છું. કદાચ તમે નહિ ઓળખતા હો, પણ હું તો ઓળખું છું. વાત પૂરી થઈ ગઈ એમાં. ભાઈ એ જેવા છે એની મને ખબર છે. તારે મને સમજાવવાની જરૂર નથી. તારો સમજાવ્યો હું સમજાઈ જાય એવું નથી. કેમકે હું ઓળખું છું માટે. ન ઓળખતો હોય તો એને શંકા પડે. એમ ? એવું છે ત્યારે ? ... એમ ? મને ખબર નહિ. એને શંકા પડે. ઓળખે એને શંકા પડે નહિ. લ્યો, એનું નામ આ. ઓળખાણમાં નિઃશંકતા આવે. જ્ઞાનીને નિવૃત્તિમાં જોવે કે પ્રવૃત્તિમાં જોવે, હસતા જોવે કે રડતા જોવે, ખાતા જોવે કે પીતા જોવે, ચાલતા જોવે કે ધ્યાનમાં બેસેલા જોવે. પછી ગમે તે રીતે જોવે એને શંકા પડે નહિ. એનું નામ ઓળખાણ છે, લ્યો ! ઓળખાણ કોને કહેવાય ?

એક માણસને એક લાખ રૂપિયાનું કોઈકનું પાકીટ હાથમાં આવ્યું. એને ગોતીને, ધણીને ગોતીને પહોંચાડ્યું. એ માણસ ઉપર કોઈ પાંચ રૂપિયાનો આરોપ મૂકે કે એ ભાઈ પાંચ રૂપિયા ચોરી ગયો હતો, હોં ! ભલે એણે પંદર દિ' પહેલા લાખ રૂપિયા પાછા આપ્યા, પણ કાલે જ પાંચ રૂપિયાની ચોરી કરી હતી. એ વાત સાચી હોય ખરી ? .. ખરી ? કે ભાઈ જેણે લાખમાં નજર ન બગાડી એણે પાંચમાં કેવી રીતે બગાડી ?

માને છે કેવી રીતે ? તો કહે, મેં નજરે નજર જોયું છે. બધાએ એને ચોરી કરતા ભાળ્યો એટલે માર્યો એને. ઠીક ! આવું બન્યું હતું. મેં જોયું બધું બરાબર. કાંઈક આમાં ભૂલ છે, ભાઈ ! કાંઈક બીજી રીતે એનો .. ચૂકાઈ ગયો લાગે છે. બાકી એ માણસ પાંચ રૂપિયા શું પાંચ લાખ હોય તો અડે એમ નથી. ઓળખાણ એનું નામ છે.

મુમુક્ષુ :- નજરે જોયેલું પણ ખોટું હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખોટું. નજરે તો બે ચંદ્ર દેખાય. નજર ત્રાસી થઈ જાય. નજર કોને કહેવી ? નજર તો સાચી નજરને નજર કહેવાય. ખોટી નજરને કાંઈ નજર કહેવાય નહિ.

મુમુક્ષુ :- (પાન) ૭૧૦.

પૂજ્ય ભાઈશ્રી :- ૭૧૦. ઉપદેશ છાયા-૯. '**શ્રી વલ્લભાચાર્ય કહે છે કે શ્રીકૃષ્ણ ગોપી સાથે વર્તતા હતા, તે જાણીને ભક્તિ કરો.**' આ છે ને ? હવેલીનો પંથ. શ્રૃંગાર પંથ જેને કહેવામાં આવે છે. એ 'વલ્લભાચાર્યે' શરૂ કરાવેલો. આજથી ૫૦૦ વર્ષ પહેલાંની વાત છે. '**શ્રીકૃષ્ણ ગોપી સાથે વર્તતા હતા, તે જાણીને ભક્તિ કરો. યોગી જાણીને તો આખું જગત ભક્તિ કરે છે...**' 'શ્રીકૃષ્ણ'ને યોગી જાણીને તો આખું જગત ભક્તિ કરે છે. અમે એને ભોગી જાણીને ભક્તિ કરી. તો બધા એને ભોગ ધરાવે. એને ખવડાવે, પીવડાવે, નવડાવે, સુવડાવે. બધું. હવા નાખે. ઠંડી હોય તો એ સગડીથી તાપ કરે. ઉનાળામાં પંખા નાખે. બધું કરે. ...

'**શ્રી વલ્લભાચાર્ય કહે છે કે શ્રીકૃષ્ણ ગોપી સાથે વર્તતા હતા, તે જાણીને ભક્તિ કરો, યોગી જાણીને તો આખું જગત ભક્તિ કરે છે...**' .. કાઢે છે. ... કાઢે છે એ તો. '**પણ ગૃહસ્થાશ્રમમાં યોગદશા છે તે જાણીને ભક્તિ કરવી એ વૈરાગ્યનું કારણ છે.**' ગૃહસ્થ દશામાં પણ યોગદશા છે. ગૃહસ્થ દશામાં .. દશા છે, એ જાણીને ભક્તિ કરવી એ વૈરાગ્યનું કારણ છે. જુઓ ! હવે અહીંયાંથી શું એમણે અર્થ કાઢ્યો છે ? સુવિચારણા કોને કહેવાય ? '**ગૃહસ્થાશ્રમમાં સત્પુરુષ રહે છે તેનો ચિત્રપટ જોઈ વિશેષ વૈરાગ્યની પ્રતીતિ થાય છે.**' આહા..! આ વેશની અંદર આ યોગી છે ! ગૃહસ્થાશ્રમના વેશમાં એ યોગીના દર્શન કરે છે.

'**યોગદશાનો ચિત્રપટ જોઈ આખા જગતને વૈરાગ્યની પ્રતીતિ થાય પણ ગૃહસ્થાશ્રમમાં રહેતા છતાં ત્યાગ વૈરાગ્ય યોગદશા જેવાં રહે છે એ કેવી અદ્‌ભુત દશા છે ! યોગમાં પણ જે વૈરાગ્ય રહે તેવો અખંડ વૈરાગ્ય સત્પુરુષ ગૃહસ્થાશ્રમમાં રાખે છે. તે અદ્‌ભુત વૈરાગ્ય જોઈ મુમુક્ષુને વૈરાગ્ય, ભક્તિ થવાનું નિમિત્ત બને છે. લૌકિક**

દષ્ટિમાં વૈરાગ્ય, ભક્તિ નથી.' લૌકિકદષ્ટિમાં એ વૈરાગ્ય-ભક્તિ ન થાય. અલૌકિક દષ્ટિ હોય તો આ વાત સમજાય. ક્યાંથી કાઢ્યું ? 'શ્રીકૃષ્ણ'ના ..માંથી આ વાત કાઢી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરી વાત છે. 'આનંદઘનજી'એ લગભગ એવી રીતે સ્તુતિ કરી છે બધી. 'આનંદઘનજી'એ જિનેન્દ્રદેવની સ્તુતિ પતિના સ્થાને મૂકીને જ લગભગ એ સ્તુતિ કરી છે. 'બીજો મનમંદિર આણું નહિ, એ અમ કુળવટ રીત જિનેશ્વર, ધર્મ જિનેશ્વર...'

મુમુક્ષુ :- એને .. દષ્ટિ જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... દષ્ટિમાં એ વૈરાગ્ય .. અલૌકિક દષ્ટિ હોય તો ગૃહસ્થમાં પણ ઓળખી શકે. એમાં પણ કોઈ કપરા સંયોગોમાં, ભીડના સંયોગોમાં, જેને સંયોગની ભીડ કહેવાય, એમાં જો એને ઓળખાણની પ્રતીતિ રહે ત્યારે એને જે બહુમાન આવે એવું બહુમાન એને એકેય વખત આવે નહિ. વધારેમાં વધારે બહુમાન એનું આવે. ... બધી જુદી જાતની Line છે.

'**અને જો તે સમકિત આવ્યા પછી જીવ વમે તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સુધી સંસારપરિભ્રમણ થઈને મોક્ષ થાય.**' હવે સરખામણી કરો તમે. કે સમકિતથી વમેલો એની યોગ્યતા વધારે ? કે સત્પુરુષને ઓળખે એની યોગ્યતા વધારે ? ભલે ઓલાને એકવાર સમકિત થઈ ગયું છે. અનુભવ લઈ આવ્યો, ઘર જોઈ આવ્યો છે. યોગ્યતા સત્પુરુષને ઓળખે એની વધારે. એ તો .. છૂટકો એનો. આને તો પુદ્ગલ પરાવર્તન પણ થાય. એને થાશે નહિ. એમ લેવું.

'**તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ સર્વને જીવઅજીવનું જ્ઞાન હતું તેથી સમકિત કહ્યું છે એમ કંઈ નથી.**' જીવ-અજીવનું જ્ઞાન હતુ માટે એને સમકિત થયું છે એવું કાંઈ નથી. લ્યો, આવી ગયું આમાં. આ જીવ-અજીવનું જ્ઞાન, દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન થયું માટે કાંઈ એને સમકિત હતું એમ કાંઈ છે નહિ. '**તેમાંના ઘણા જીવોને માત્ર સાચા અંતરંગ ભાવથી તીર્થંકરની અને તેમના ઉપદેશેલા માર્ગની પ્રતીતિથી પણ સમકિત કહ્યું છે.**' એ તીર્થંકરની પ્રતીતિ અને તેમના કહેલા માર્ગની પ્રતીતિથી એને સમકિત કહ્યું છે. ...

'**એ સમકિત પામ્યા પછી જો વમ્યું ન હોય તો વધારેમાં વધારે પંદર ભવ થાય.**' ન વમે તો, હોં ! વમે તો અર્ધપુદ્ગલ પરાવર્તનમાં ચાલ્યો જાય.

મુમુક્ષુ :- અંતરંગ ભાવ અને પરિણમન...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે આમાં શું છે કે ચડતી શ્રેણી લેવી. પહેલાં સમકિતમાં

આવે, બીજા સમકિતમાં આવે, ત્રીજા સમકિતમાં આવે. આગળ વધીને તેરમા ... પાછો પડે. એક વખત દિવાળું કાઢ્યા પછી ઊભું થવું હોય તો જિંદગી નીકળી જાય. ...

શું કહે છે ? '**એ સમકિત પામ્યા પછી જો વમ્યું ન હોય તો વધારેમાં વધારે પંદર ભવ થાય. સાચા મોક્ષમાર્ગને પામેલા એવા સત્પુરુષની તથારૂપ પ્રતીતિથી સિદ્ધાંતમાં ઘણે સ્થળે સમકિત કહ્યું છે.**' એ સત્પુરુષ છે, સાચા મોક્ષમાર્ગને પામ્યા છે, નિશ્ચય મોક્ષમાર્ગને પામ્યા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ જે નિયત નિશ્ચય મોક્ષમાર્ગ છે એને પામ્યા છે. એવા સત્પુરુષ છે એની તથારૂપ પ્રતીતિ એટલે પામ્યા છે એની પ્રતીતિ. એના પરિણામને પહોંચીને '**સિદ્ધાંતમાં ઘણે સ્થળે સમકિત કહ્યું છે.**' 'આત્મસિદ્ધિ'માં કહ્યું એમ નહિ. સિદ્ધાંતમાં પણ એને કહ્યું છે.

'**એ સમકિત આવ્યા વિના જીવને ઘણું કરીને જીવ અને અજીવનું યથાર્થ જ્ઞાન પણ થતું નથી.**' ભલેને ચોપડા વાંચ્યા હોય કે લખ્યા હોય. પણ એને જીવ-અજીવનું યથાર્થ જ્ઞાન હોતું નથી. કેમકે યથાર્થ જ્ઞાનમાં તો ભેદજ્ઞાન થાય છે. જીવથી અજીવ ભિન્ન છે એનું નામ યથાર્થતા છે. અહીંયાં તો અશાતાની વેદના આવે ત્યારે ભિન્નતા કાંઈ રહેતી નથી. એ જીવ અજીવનું યથાર્થ જ્ઞાન નથી. '**જીવઅજીવનું જ્ઞાન પામવાનો મુખ્યમાર્ગ એ જ છે.**' કોણ ? કયો માર્ગ છે ? સત્પુરુષને ઓળખવાનો. પહેલા સમકિતથી, બીજા સમકિતથી, ત્રીજી સમકિત સુધી જાવું તે. ... એમ નહિ. સિદ્ધાંતના શાસ્ત્રનો અભ્યાસ કરવાની વાત નથી. મુખ્ય માર્ગ આ છે. જીવઅજીવનું જ્ઞાન પામવાનો મુખ્ય માર્ગ તો આ જ છે. કાર્યપદ્ધતિ પણ પોતે નક્કી કરી લીધી છે. કેવી રીતે જીવ રસ્તે ચડે.

મુમુક્ષુ :- ૭૫૧ .. પછી આ પત્ર લખ્યો છે. પહેલો જ પત્ર છે 'સોભાગભાઈ'ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેલો જ પત્ર છે. .. પછી નવ દિવસ ગયા છે.

મુમુક્ષુ :- .. રવિવાર છે. ૭૫૧. ૫૭૦ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. વચ્ચે ઓલા બધા આવી ગયા ને 'આનંદઘનજી'ના ને .. ફાગણ વદ ૧૧ અને ચૈત્ર સુદ ૪. બરાબર છે. .. પછી પાછો એ જ વિષયનો આટલો ખુલાસો કર્યો છે. આ સિદ્ધાંતજ્ઞાન પ્રત્યે લઈ ગયા 'સોભાગભાઈ'ને. સત્પુરુષને ઓળખ્યા એને જીવ અજીવનું સિદ્ધાંતજ્ઞાન થાય. બીજાને સિદ્ધાંતજ્ઞાનનો અધિકાર નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ચૈત્ર સુદ ૪ લખેલો છે અને આ પણ ચૈત્ર સુદ ૪ લખેલો

છે. 'કેશવલાલભાઈ'નો છે એ. એને અને એને આમ વિષયનું અનુસંધાન.. કાંઈ મેળ ખાય છે ? નહિ.

મુમુક્ષુ :- મતિજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- '**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને...**' મિથ્યાત્વ દિશાભ્રમ છે ત્યાં સુધીનો. તે ૭૬૯ના પાછળના પાને છે. 'કેશવલાલભાઈ' ... છે. આપણે કદાચ ત્યાં આવ્યું નથી.

મુમુક્ષુ :- જીવઅજીવનું જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી એમણે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન એ આઠ ઉપયોગ લીધા અને એમાં જે સમકિત સહિતનું જ્ઞાન છે તેને જ્ઞાન કહ્યું, મિથ્યાત્વ સહિતનું જ્ઞાન છે તેને અજ્ઞાન કહ્યું. બરાબર છે. જ્ઞાનાવરણીયનો પણ અસ્તિ-નાસ્તિથી બે રીતે અર્થ કર્યો. અજ્ઞાન શબ્દનો અર્થ જ્ઞાનરહિત થાય છે પણ એ તો જડની અપેક્ષાએ વાત છે. સામાન્ય રીતે નિર્ગ્રંથ એટલે શાસ્ત્ર પરિભાષામાં મિથ્યાત્વ સહિતના જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે. બરાબર છે. મિથ્યાત્વ સહિતનું જ્ઞાન અજ્ઞાન કહ્યું છે. તેમાંથી મિથ્યાત્વ જતાં બાકી રહે છે તે જ્ઞાન .. સિદ્ધ ભગવંતમાં વર્તે છે. સિદ્ધનું, કેવળીનું અને સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વ રહિત છે. એની પાછળનો ભાગ હોય. 'કેશવલાલભાઈ'નો તો આ એકેન્દ્રિયની.. વિષય તો ફરી જાય છે. એકેન્દ્રિયની .. મતિજ્ઞાન અને ... આ વિષય છે ... સાથે કાંઈ મેળ ખાતો નથી. ...

એમાં એ સિદ્ધાંત આવી ગયો કે સિદ્ધનું, કેવળીનું અને સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વરહિત એક જાતિનું છે. એક જાતિ. જાત એક થઈ ગઈ. મિથ્યાત્વ જીવને ભ્રાંતિરૂપે છે. જ્ઞાનની ભ્રાંતિ તેને મિથ્યાત્વ કહીએ. તે ભ્રાંતિ યથાર્થ સમજાય તો નિવૃત્ત થાય. ભૂલ જડે તો ભૂલ ભાંગે. જેને મિથ્યાજ્ઞાન સમજાય એનું જ્ઞાન સમ્યક્ થઈ જાય, એમ કહે છે. પોતામાં ને પોતામાં પોતાની ભ્રાંતિ સમજાય કે હું અહીંયાં મારું નથી ત્યાં મારાપણું સ્થાપું છું. હું નથી ત્યાં હુંપણું અનુભવુ છું. આ તારી ભ્રાંતિની ... અવલોકન વગર કેવી રીતે .. પોતાની ભ્રાંતિ તો અંદર .. હોય છે. એ જોવે તો છૂટે એમ કહે છે. પોતાની ભૂલ જોવે તો ભૂલ છૂટી જાય. જોવા માત્રથી ભૂલ છૂટી જાય છે. પાંચ ને બે સાત. એના બદલે આઠ ગણે. ભૂલ જાણે તો ભૂલ છૂટી જાય. અરે..! આઠ નહિ સાત જ થાય. એ સિદ્ધાંત પણ એમાં નાખ્યો.

મુમુક્ષુ :- વાસ્તવમાં સ્વરૂપમાં કાંઈ ભૂલ છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપમાં ભૂલ નથી. જે ભ્રાંતિ છે, જે અવળી છે એ સમજાણી એટલે અવળાપણું ન રહે. અવળાપણું સમજાય તો અવળાપણું ન રહે.

સીધી વાત છે. જેને મિથ્યાત્વની ભૂલ સમજાય તેને ભૂલ રહેતી નથી. મિથ્યાત્વની ભૂલ સમજાય તેને ભૂલ રહેતી નથી. એને મિથ્યાત્વ ... ઊંધી દિશા જ ચાલે. મિથ્યાત્વ હોય ત્યારે ઊલટી દિશામાં જ જીવના પરિણામ ગતિ કરે. અંતર્મુખ પરિણામે જીવના પરિણામની ગતિ થાય નહિ. .. એ વાત ... કરી ... મિથ્યાત્વ છે એ દિશાભ્રમરૂપ છે. દિશાની સૂઝ નથી આવતી એને. આ માર્ગ સાચો... આ માર્ગ સાચો... આ માર્ગ સાચો... એમ કહે. માર્ગ એક જ છે અંતર્મુખ ....

મુમુક્ષુ :- શાસ્ત્રનો અભ્યાસ કરીને પણ ભૂલ ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... ભૂલ ટાળવા માટે શાસ્ત્રનો અભ્યાસ હતો. ત્યાં પણ ભૂલ ન ટળી. હવે ક્યાં ટાળશે ? હવે તો કોઈ બીજું ઠેકાણું ભૂલ ટાળવાનું રહેતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. એના આત્માર્થનું ધ્યેય રહ્યું નહિ. એને શાસ્ત્ર અભિનિવેશ કહેવામાં આવે. એક આત્માર્થ સિવાય બીજા કોઈ હેતુથી શાસ્ત્રનું અધ્યયન તે શાસ્ત્રિય અભિનિવેશ કહેવા યોગ્ય છે. આ વ્યાખ્યા ... આવશે આગળ.

નિષ્પક્ષ થઈને સત્સંગ કર્તવ્ય છે એટલે કે પૂર્વેગ્રહેલાં મિથ્યા આગ્રહોથી જ હું દોષિત છું દુઃખી છું – એમ નિશ્ચય કરીને મધ્યસ્થ ભાવે સત્સંગ કરવામાં આવે તો 'સત્' સમજાય. સત્ સમજાય એટલે પરમાર્થ સમજાય. એટલે પોતાના વિપરીત અભિપ્રાયો કે જે પરિભ્રમણ કરાવનારા છે તેનાથી છૂટવાનું સમજાય. પછી કોઈ મુક્તિનો માર્ગ બતાવનાર સત્પુરુષ મળે તો ઓળખે કે ખરેખર આ પુરુષ મને ભવથીભવનાં કારણોભવરોગથી છોડાવે છે તેવો પ્રત્યક્ષ અનુભવ થાય છે, ત્યારે બાહ્ય દૃષ્ટિ ટળે છે એટલે સત્પુરુષનું બાહ્યાચરણ જોવાતું નથી, ફક્ત તેમનું સ્વરૂપ જ જોઈને પરમેશ્વરબુદ્ધિ ઉપજે છે અને તે જ ભવસાગર તરવાનો ઉપાય છે.

(અનુભવ સંજીવની-૧૭૮૩)

પત્રાંક-૭૭૦

વવાણિયા, ચૈત્ર સુદ ૪, ૧૯૫૩

જ્ઞાન જીવનું રૂપ છે માટે તે અરૂપી છે, ને જ્ઞાન વિપરીતપણે જાણવાનું કાર્ય કરે છે, ત્યાં સુધી તેને અજ્ઞાન કહેવું એવી નિર્ગ્રંથ પરિભાષા કરી છે, પણ એ સ્થળે જ્ઞાનનું બીજું નામ જ અજ્ઞાન છે એમ જાણવું.

જ્ઞાનનું બીજું નામ અજ્ઞાન હોય તો જેમ જ્ઞાનથી મોક્ષ થાય એમ કહ્યું છે, તેમ અજ્ઞાનથી પણ મોક્ષ થવો જોઈએ; તેમ જ મુક્ત જીવમાં પણ જ્ઞાન કહ્યું છે; તેમ અજ્ઞાન પણ કહેવું જોઈએ; એમ આશંકા કરી છે, તેનું આ પ્રમાણે સમાધાન છે :

આંટી પડવાથી ગૂંચાયેલું સૂત્ર અને આંટી નીકળી જવાથી વગર ગૂંચાયેલું સૂત્ર એ બન્ને સૂત્ર જ છે; છતાં આંટીની અપેક્ષાથી ગૂંચાયેલું સૂત્ર, અને વગર ગૂંચાયેલું સૂત્ર એમ કહેવાય છે, તેમ મિથ્યાત્વજ્ઞાન તે 'અજ્ઞાન' અને 'સમ્યગ્જ્ઞાન' તે 'જ્ઞાન' એમ પરિભાષા કરી છે, પણ મિથ્યાત્વજ્ઞાન તે જડ અને સમ્યગ્જ્ઞાન તે ચેતન એમ નથી. જેમ આંટીવાળું સૂત્ર અને આંટી વગરનું સૂત્ર બન્ને સૂત્ર જ છે, તેમ મિથ્યાત્વજ્ઞાનથી સંસારપરિભ્રમણ થાય અને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ થાય. જેમ અત્રેથી પૂર્વ દિશા તરફ દશ ગાઉ ઉપર એક ગામ છે, ત્યાં જવાને અર્થે નીકળેલો માણસ દિશાભ્રમથી પૂર્વને બદલે પશ્ચિમ તરફ ચાલ્યો જાય, તો તે પૂર્વ દિશાવાળું ગામ પ્રાપ્ત ન થાય, પણ તેથી તેણે ચાલવારૂપ ક્રિયા કરી નથી એમ કહી ન શકાય; તેમ જ દેહ અને આત્મા જુદા છતાં દેહ અને આત્મા એક જાણ્યા છે તે જીવ દેહબુદ્ધિએ કરી સંસારપરિભ્રમણ કરે છે, પણ તેથી તેણે જાણવારૂપ કાર્ય કર્યું નથી એમ કહી ન શકાય. પૂર્વથી પશ્ચિમમાં ચાલ્યો છે, એ પૂર્વને પશ્ચિમ માનવારૂપ જેમ ભ્રમ છે, તેમ દેહ અને આત્મા જુદા છતાં બેયને એક માનવારૂપ ભ્રમ છે; પણ પશ્ચિમમાં જતાં, ચાલતાં જેમ ચાલવારૂપ સ્વભાવ છે, તેમ દેહ અને આત્માને એક માનવામાં પણ જાણવારૂપ સ્વભાવ છે. જેમ પૂર્વને બદલે પશ્ચિમને પૂર્વ માનેલ છે, તે ભ્રમ તથારૂપ હેતુ-સામગ્રી મળ્યે સમજાવાથી પૂર્વ પૂર્વ જ

સમજાય છે, અને પશ્ચિમ પશ્ચિમ જ સમજાય છે, ત્યારે તે ભ્રમ ટળી જાય છે, અને પૂર્વ તરફ ચાલવા લાગે છે, તેમ દેહ અને આત્માને એક માનેલ છે, તે સદ્‌ગુરુ ઉપદેશાદિ સામગ્રી મળ્યે બન્ને જુદા છે, એમ યથાર્થ સમજાય છે, ત્યારે ભ્રમ ટળી જઈ આત્મા પ્રત્યે જ્ઞાનોપયોગ પરિણમે છે. ભ્રમમાં પૂર્વને પશ્ચિમ અને પશ્ચિમને પૂર્વ માન્યા છતાં પૂર્વ તે પૂર્વ અને પશ્ચિમ તે પશ્ચિમ દિશા જ હતી, માત્ર ભ્રમથી વિપરીત ભાસતું હતું, તેમ અજ્ઞાનમાં પણ દેહ તે દેહ અને આત્મા તે આત્મા જ છતાં તેમ ભાસતા નથી એ વિપરીત ભાસવું છે. તે યથાર્થ સમજાયે, ભ્રમ નિવૃત્ત થવાથી દેહ દેહ જ ભાસે છે, અને આત્મા આત્મા જ ભાસે છે; અને જાણવારૂપ સ્વભાવ વિપરીતપણાને ભજતો હતો તે સમ્યક્‌પણાને ભજે છે. દિશાભ્રમ વસ્તુતાએ કંઈ નથી અને ચાલવારૂપ ક્રિયાથી ઈચ્છિત ગામ પ્રાપ્ત થતું નથી, તેમ મિથ્યાત્વ પણ વસ્તુતાએ કંઈ નથી, અને તે સાથે જાણવારૂપ સ્વભાવ પણ છે, પણ સાથે મિથ્યાત્વરૂપ ભ્રમ હોવાથી સ્વસ્વરૂપતામાં પરમસ્થિતિ થતી નથી. દિશાભ્રમ ટળ્યેથી ઈચ્છિત ગામ તરફ વળતાં પછી મિથ્યાત્વ પણ નાશ પામે છે, અને સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદમાં સ્થિતિ થઈ શકે એમાં કંઈ સંદેહનું ઠેકાણું નથી.

તા. ૩-૬-૧૯૯૨, પત્રાંક - ૭૭૦, ૭૭૧
પ્રવચન નં. ૩૭૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૭૭૦. પાનું-૫૯૭. '**જ્ઞાન જીવનું રૂપ છે માટે તે અરૂપી છે, ને જ્ઞાન વિપરીતપણે જાણવાનું કાર્ય કરે છે, ત્યાં સુધી તેને અજ્ઞાન કહેવું એવી નિર્ગ્રંથ પરિભાષા કરી છે, પણ એ સ્થળે જ્ઞાનનું બીજું નામ જ અજ્ઞાન છે એમ જાણવું.**' અજ્ઞાન પણ જ્ઞાનની પર્યાય છે એમ કહેવું છે. જ્ઞાન એ જીવનું સ્વરૂપ છે. જ્ઞાનસામાન્ય. અને તે જીવ અરૂપી હોવાથી જ્ઞાન પણ અરૂપી છે. '**જ્ઞાન વિપરીતપણે જાણવાનું કાર્ય કરે...**' ત્યારે શાસ્ત્રકારોએ એને અજ્ઞાન એવું નામ આપ્યું છે. પણ એ સ્થળે એ જ્ઞાનનું જ એવું નામ આપવામાં આવ્યું છે, એમ જાણવું.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'નો આ પત્ર છે ? નામ નથી પણ Reference ચાલ્યો

આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ બીજાનો પણ એવા મતલબનો પત્ર લખ્યો હોવાનો સંભવ તો ખરો.

'જ્ઞાનનું બીજું નામ અજ્ઞાન હોય તો જેમ જ્ઞાનથી મોક્ષ થાય એમ કહ્યું છે, તેમ અજ્ઞાનથી પણ મોક્ષ થવો જોઈએ;...' એટલે જ્ઞાન અને અજ્ઞાનમાં કાંઈ તફાવત જ ન હોય અને બંનેને જ્ઞાન કહેતા બંને વાત સરખી હોય કદાચ તો **'જેમ જ્ઞાનથી મોક્ષ થાય...'** છે-જ્ઞાનના ફળમાં મોક્ષ મળે છે, એમ અજ્ઞાનના ફળમાં પણ મોક્ષ મળવો જોઈએ. **'તેમ જ મુક્ત જીવમાં પણ જ્ઞાન કહ્યું છે; તેમ અજ્ઞાન પણ કહેવું જોઈએ;...'** મુક્ત જીવને જ્ઞાન છે તો એને અજ્ઞાન કહીએ. કેમકે બંને એક છે. એમ તો કાંઈ બંને એક નથી. **'એમ આશંકા કરી છે, તેનું આ પ્રમાણે સમાધાન છે :'** કારણ કે ઉપરના પત્રમાં એ વાત આવી છે ને ? એટલે કદાચ એ 'કેશવલાલભાઈ'નો પત્ર હોય કે પછી 'સોભાગભાઈ'નો પણ હોય. બીજો ભાગ 'સોભાગભાઈ'ને લખ્યો છે એમ મૂળમાં... આમાં ... વસ્તુતાએ બંને જ્ઞાન છે એમ થાય છે. પર્યાયે બંને જ્ઞાન છે એમ નથી. પર્યાયે તો એક જ્ઞાન છે અને એક અજ્ઞાન છે. પણ વસ્તુતાએ બંને જ્ઞાન છે. એમ લેવું. અપેક્ષા બદલીને ? ઓલી પર્યાયની અપેક્ષા લીધી, ઓલી વસ્તુની અપેક્ષા લીધી. **'તેનું આ પ્રમાણે સમાધાન છે :'**

'આંટી પડવાથી ગૂંચાયેલું સૂત્ર અને આંટી નીકળી જવાથી વગર ગૂંચાયેલું સૂત્ર એ બન્ને સૂત્ર જ છે;...' સૂત્રની અપેક્ષાએ તો બંને સૂત્ર જ છે. એક ગૂંચવાયેલી અવસ્થામાં છે અને એક નહિ ગૂંચવાયેલી અવસ્થામાં છે. બાકી છે તો એ મૂળમાં સૂત્ર જ છે. **'છતાં આંટીની અપેક્ષાથી ગૂંચાયેલું સૂત્ર, અને વગર ગૂંચાયેલું સૂત્ર એમ કહેવાય છે, તેમ મિથ્યાત્વજ્ઞાન તે 'અજ્ઞાન' અને 'સમ્યક્જ્ઞાન' તે 'જ્ઞાન' એમ પરિભાષા કરી છે,...'** એકમાં-સમ્યગ્જ્ઞાનમાં સમાધાન વર્તે છે, મિથ્યાજ્ઞાનમાં અસમાધાન વર્તે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જે જ્ઞાન...

મુમુક્ષુ :- ગુણ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુણમાં. પણ હવે ગુણ એટલે શું ? આત્મગુણમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લૌકિકમાં તો ગુણ-દોષનો સવાલ જુદો જુદો છે. લૌકિકમાં તો

શુભને ગુણ માન્યો છે અને અશુભને અવગુણ માન્યો છે. ક્રોધ કરે તે અવગુણ, ક્ષમા રાખે તે ગુણ. અહીંયાં તો જ્ઞાનની પર્યાયની વાત લેવી છે. ક્રોધ અને ક્ષમાદિ ચારિત્રના પર્યાયો છે-ચારિત્રગુણના. અહીં જ્ઞાનની પર્યાયનો વિષય ચાલે છે.

મુમુક્ષુ :- થોડું Complicated છે.

પૂજ્ય ભાઈશ્રી :- Complicated નથી. To the point શું વાત ચાલે છે એ ખ્યાલમાં રહેવું જોઈએ.

જે મિથ્યાત્વજ્ઞાન છે તેને અજ્ઞાન કહે છે. એવી પરિભાષા શાસ્ત્રમાં કરી છે. એટલે જે જ્ઞાન વિપરીત સમજણવાળું છે અથવા આત્માને આત્મા તરીકે સ્વીકારતું નથી, જાણતું નથી. અનાત્માને અનાત્મા તરીકે જાણતું-સ્વીકારતું નથી, પરને પર તરીકે જાણતું નથી, સ્વને સ્વ તરીકે જાણતું નથી. તે અજ્ઞાન છે. અને સમ્યક્જ્ઞાન છે તેને જ્ઞાન એમ ટૂંકામાં કહ્યું છે. પરિભાષા કરીને કહ્યું છે. એટલે એવી રીતે આગમમાં કહેવાની પદ્ધતિ છે.

'**પણ મિથ્યાત્વજ્ઞાન તે જડ અને સમ્યગ્જ્ઞાન તે ચેતન એમ નથી.**' મિથ્યાજ્ઞાનીનું જ્ઞાન તે જડ, જડની પર્યાય છે. સમ્યગ્જ્ઞાનીની પર્યાય તે ચેતનની પર્યાય એમ નથી. બંને ચેતનની જ પર્યાય છે. એક ઊલટી અને એક સુલટી. એક રોગિષ્ટ, એક તંદુરસ્ત. બંને શરીરની પર્યાય છે. એમ અહીંયાં જ્ઞાનની પર્યાય છે. '**જેમ આંટીવાળું સૂત્ર અને આંટી વગરનું સૂત્ર બન્ને સૂત્ર જ છે, તેમ મિથ્યાત્વજ્ઞાનથી સંસારપરિભ્રમણ થાય અને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ થાય.**' આ ૧૩૩નો જવાબ આવી ગયો. મિથ્યાત્વજ્ઞાનથી સંસાર પરિભ્રમણ થાય અને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ થાય. કાલની બપોરની ચર્ચાનો ઉત્તર આવી ગયો.

'**જેમ અત્રેથી પૂર્વ દિશા તરફ દશ ગાઉ ઉપર એક ગામ છે, ત્યાં જવાને અર્થે નીકળેલો માણસ દિશાભ્રમથી પૂર્વને બદલે પશ્ચિમ તરફ ચાલ્યો જાય,...**' આ મિથ્યાત્વ દિશાભ્રમરૂપ છે ને ? પૂર્વને બદલે પશ્ચિમ તરફ ચાલ્યો જાય '**તો તે પૂર્વ દિશાવાળું ગામ પ્રાપ્ત ન થાય;...**' અથવા એ ગામ એ ન પહોંચે. '**પણ તેથી તેણે ચાલવારૂપ ક્રિયા કરી નથી એમ કહી ન શકાય;...**' ચાલ્યો તો છે જરૂર. પણ પૂર્વના બદલે પશ્ચિમમાં ચાલ્યો છે. '**તેમ જ દેહ અને આત્મા જુદા છતાં...**' દેહ જડ અને આત્મા ચૈતન્ય. એ '**જુદા છતાં દેહ અને આત્મા એક જાણ્યા છે...**' દેહને જ આત્મા જાણ્યો છે. '**તે જીવ દેહબુદ્ધિએ કરી સંસારપરિભ્રમણ કરે છે,...**' દેહબુદ્ધિએ કરીને નવા દેહ પ્રાપ્ત થાય એવા કર્મ બાંધે છે. ઠીક ! નવા નવા દેહ પ્રાપ્ત થવાનું શું કારણ ?

દેહબુદ્ધિ-દેહાત્મબુદ્ધિ. એને લઈને દેહની પ્રાપ્તિ થાય છે.

'પણ તેથી તેણે જાણવારૂપ કાર્ય કર્યું નથી એમ કહી ન શકાય.' દેહને આત્મા જાણ્યો એમ તો જાણ્યો છે ને, એમ કહે છે. એણે જાણ્યું જ નથી એમ કેમ કહેવાય ? દેહને આત્મા જાણ્યો. દેહ અને આત્મા જુદા જુદા જાણ્યા નથી. હવે **'પૂર્વથી પશ્ચિમમાં ચાલ્યો છે,...'** ઉપરના દૃષ્ટાંત પ્રમાણે **'એ પૂર્વને પશ્ચિમ માનવારૂપ જેમ ભ્રમ છે, તેમ દેહ અને આત્મા જુદા છતાં બેયને એક માનવારૂપ ભ્રમ છે;...'** સૂર્ય પશ્ચિમમાં હતો એને ભ્રમ થયો કે અત્યારે સવાર છે. એ બાજુ ચાલવા માંડ્યો પૂર્વ તરફ. આત્મા દેહમાં છે તો દેહ જ આત્મા છે એમ માની લીધું. દેહ વગરનો તો કોઈ આત્મા દેખાતો નથી. બધા જ આત્મા દેહવાળા છે માટે દેહ જ આત્મા છે. 'આત્મસિદ્ધિ'માં શંકા કરી છે.

'પણ પશ્ચિમમાં જતાં, ચાલતાં જેમ ચાલવારૂપ સ્વભાવ છે, તેમ દેહ અને આત્માને એક માનવામાં પણ જાણવારૂપ સ્વભાવ છે.' વિભાવસ્વભાવ લેવો. એ પ્રકારે પણ એનો અજ્ઞાન ધર્મ છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ પણ એનો એક ધર્મ છે. **'જેમ પૂર્વને બદલે પશ્ચિમને પૂર્વ માનેલ છે, તે ભ્રમ તથારૂપ હેતુસામગ્રી મળ્યે સમજાવાથી પૂર્વ પૂર્વ જ સમજાય છે,...'** પૂર્વને બદલે પશ્ચિમ જાણ્યું હોય અને એ ભ્રમ ક્યારે મટે ? કે પૂર્વને પૂર્વ જાણે ત્યારે. કોઈ કારણથી જાણે એને. કોઈ એને જણાવનાર મળે અથવા પોતાને ખ્યાલ આવે. **'અને પશ્ચિમ પશ્ચિમ જ સમજાય છે, ત્યારે તે ભ્રમ ટળી જાય છે, અને પૂર્વ તરફ ચાલવા લાગે છે,...'**

'તેમ દેહ અને આત્માને એક માનેલ છે,...' ખોટા રસ્તે ચડે છે એ પણ પહેલા તો માને છે તો એ સાચો રસ્તો માનીને ચાલે છે ને ? પછી ખબર પડે છે કે આ રસ્તો તો અહીં નથી જતો. પાછા વળી જાવ. એવી રીતે. **'તેમ દેહ અને આત્માને એક માનેલ છે, તે સદ્‌ગુરુ ઉપદેશાદિ સામગ્રી મળ્યે...'** જુઓ ! શું લીધું ? અનાદિથી દેહને જ આત્મા માન્યો છે. તે સદ્‌ગુરુ ઉપદેશાદિ સામગ્રી મળ્યે. સદ્‌ગુરુ ઉપદેશની સામગ્રી મળે. એના જે જાણકાર છે, દેહ અને આત્માના ભિન્ન-ભિન્નપણાના જાણકાર અને અનુભવી પુરુષ છે એનો ઉપદેશ મળે છે ત્યારે **'બન્ને જુદા છે, એમ યથાર્થ સમજાય છે,...'** પોતે સમજવાનો પુરુષાર્થ કરે છે અને સામે સમજાવનાર હોય છે. નિમિત્ત-નૈમિત્તિક મેળ ખાય છે ત્યારે એને યથાર્થ સમજાય છે. અને સમજાય છે ત્યારે **'ભ્રમ ટળી જઈ આત્મા પ્રત્યે જ્ઞાનોપયોગ પરિણમે છે.'** જ્યારે એનો ભ્રમ ટળે છે ત્યારે પોતાના આત્મા પ્રત્યે એનો જ્ઞાનનો ઉપયોગ પરિણમે છે. લ્યો ! આ ચિહ્ન

આપ્યું.

તેને યથાર્થ સમજાયું એની ખાત્રી શું કે આ યથાર્થ સમજાયું ? કે ઉપયોગ આત્મા તરફ વળે ત્યારે સમજવું કે યથાર્થ સમજાયું છે. અત્યાર સુધી ઉપયોગ આત્મા તરફ વળતો જ નહોતો. ઉપયોગ બહાર ને બહાર ભમતો હતો. કેમકે હું આત્મા ભિન્ન આત્મા છું એવું જ્ઞાન-સમ્યક્જ્ઞાન નહોતું થયું, યથાર્થ જ્ઞાન નહોતું થયું. જ્ઞાન યથાર્થ થયું ત્યારે ઉપયોગ પર પ્રત્યે નિરસ પરિણામ પામીને આત્માના મહિમામાં, આત્માના આત્મરસના પરિણામને પામીને આત્મા તરફ વળે. ક્યાં લઈ ગયા વાતને ? કે યથાર્થ સમજાય છે અને ભ્રમ ટળી જાય ત્યારે આત્મા પ્રત્યે જ્ઞાનોપયોગ પરિણમે છે. જ્ઞાનનો ઉપયોગ આત્મા પ્રત્યે પરિણમે છે.

'ભ્રમમાં પૂર્વને પશ્ચિમ અને પશ્ચિમને પૂર્વ માન્યા છતાં પૂર્વ તે પૂર્વ અને પશ્ચિમ તે પશ્ચિમ દિશા જ હતી,...' ભ્રમ થવાથી કાંઈ દિશા બદલી જાય એમ નથી. ભ્રમથી કાંઈ પોતાને ભ્રમ થાય એટલે દિશા પૂર્વની પશ્ચિમ થઈ જાય એમ તો કાંઈ બને નહિ. એમ દેહને આત્મા માનીને દેહને રાખવા માગે એટલે દેહ રહે એવું તો કાંઈ બનતું નથી. કોઈ પ્રાણી દેહને ત્યાગ કરવા, છોડવા માગતો નથી, છતાં પણ દેહ આત્મા નહિ હોવાથી એને આધિન નથી. **'માત્ર ભ્રમથી વિપરીત ભાસતું હતું,...'** આ ભ્રમ થાય છે ને Train માં. Train ની ગતિમાં ભ્રમ થાય છે. બાજુની Train ચાલતી થાય અને એના ઉપર એની એકાગ્રતા હોય ત્યારે એને એમ લાગે કે Train તો મારી ચાલે છે, એ સ્થિર છે. ઊલટું દેખાય. એમ ભ્રમથી વિપરીત ભાસતું હતું.

'તેમ અજ્ઞાનમાં પણ દેહ તે દેહ અને આત્મા તે આત્મા જ છતાં તેમ ભાસતા નથી એ વિપરીત ભાસવું છે.' અજ્ઞાનમાં પણ દેહ તો દેહ જ રહે છે અને આત્મા તે આત્મા રહે છે. દેહને આત્મા માનવાથી કાંઈ દેહ આત્મા થઈ જતો નથી. એ તો દેહ છે એ રહેવાનો. પણ એમ ભાસવું તે વિપરીત ભાસવું છે. **'તે યથાર્થ સમજાયે, ભ્રમ નિવૃત્ત થવાથી દેહ દેહ જ ભાસે છે, અને આત્મા આત્મા જ ભાસે છે;...'** જ્યારે યથાર્થ સમજાય છે ત્યારે દેહ આત્મારૂપે ભાસતો નથી. બાજુમાં રહેલું એક ખોખું... કેવું ? બાજુમાં રહેલું એક ખોખું દેખાય છે. ખાલી ખોખું. જેમાં આત્મા નથી એવું ખાલી ખોખું છે-દેહ છે. આત્મા અંદર ચૈતન્ય પદાર્થ દેહથી તદ્દન ભિન્ન છે.

પોતાની હયાતીનો અનુભવ શેમાં થાય છે ? જ્ઞાનમાં કે દેહમાં ? દેહમાં હયાતીનો અનુભવ થઈ શકે નહિ. જો દેહમાં હયાતીનો અનુભવ થતો હોત તો અંગ-ઉપાંગ કપાયને છૂટા પડે ત્યારે એમાં પણ હયાતી લાગે. એમાં પણ હયાતી લાગે. Operation કરે, ... ત્યારે જુદા પડી જાય. એમાં હયાતી લાગે છે ? છે નહિ એમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખાવું એ તો એક પ્રક્રિયાનું નામ છે. વાસ્તવમાં તો જે આહારના પુદ્ગલો છે તે ભાણામાંથી હોજરીમાં ક્ષેત્રાંતરપણાને પામે છે. આ સિવાય બીજું કાંઈ નથી. પરમાણુઓનું ક્ષેત્રાંતર થવું એનું બીજું નામ પાડ્યું ખાવું. બાકી ખાવું કોઈ ચીજ જ નથી. કાંઈ ખવાતું જ નથી. પછી કોણ ખાય છે એ ક્યાં પ્રશ્ન રહે છે ? કોઈ ચીજ ખવાતી નથી પછી કોણ ખાય છે એ પ્રશ્ન ક્યાં રહે છે ? એ તો જે ભાણામાં દાળ, ભાત, શાક, રોટલા પડ્યા હતા એ હોજરીમાં Transfer થયા. એને આપણે ખાવું કહીએ છીએ. ખાવું-ખાવું કાંઈ થયું જ નથી. કોઈએ કાંઈ ખાધું જ નથી. દેહે ખાધું નથી. આત્માએ તો ખાધું નથી પણ શરીરે ખાધું નથી કાંઈ. જઠરાગ્નિ પ્રદિપ્ત થઈ એટલે એનું વેદન થયું. એ વેદનનું નામ શું પાડ્યું ? ભૂખ લાગી છે. પછી એ અગ્નિ અહીંયાં કંઠની અંદર પ્રદિપ્ત થાય તો એનું નામ શું પાડ્યું ? કે તરસ લાગી. એ તો .. વેદન છે. અગ્નિનું એ વેદન છે, બીજું કાંઈ નથી.

મરી ગયો છે એમ કહે છે ને ? કોઈ માણસનું નિધન થાય છે તો કહે મરી ગયો. કોણ મરી ગયો ? આત્મા મરી ગયો ? ના, ના. એ તો ક્ષેત્રથી બીજા ક્ષેત્રે ગયો. તો શરીર મરી ગયું ? ના. શરીરના જે પુદ્ગલો છે એ પંચ મહાભૂતમાં વિંખાઈ જશે. કોઈ રાખ થશે, કોઈ અગ્નિ થશે, કોઈ હવા થશે. એમ વિંખાઈ જશે. પરમાણુ પર્યાયથી પર્યાયાંતર પામે છે, જીવ પણ પર્યાયાંતર પામે છે. એનું નામ પાડવામાં આવ્યું છે. એ તો વ્યવહાર છે, બીજું કાંઈ નથી. કહેવામાત્ર છે. વસ્તુતાએ તો એવું કાંઈ બન્યું નથી. ન તો એક પરમાણુ જગતમાંથી ઓછું થયું છે. શરીરનો એક પરમાણુ જગતમાંથી નાશ પામ્યો નથી, જીવ પણ જગતમાંથી નાશ પામ્યો નથી. આમ છે.

મુમુક્ષુ :- પરિવર્તન છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિવર્તન તો ચાલ્યા જ કરે છે. એક સમય એવો નથી કે પદાર્થ પર્યાયથી પર્યાયાંતર ન થતો હોય. એવો તો કોઈ સમય છે નહિ.

શું કહે છે ? '**તે યથાર્થ સમજાયે, ભ્રમ નિવૃત્ત થવાથી દેહ દેહ જ ભાસે છે, અને આત્મા આત્મા જ ભાસે છે;...**' પછી દેહની ક્રિયા તે દેહ જ ભાસે છે, એ આત્માની ક્રિયા ભાસતી નથી. એ દેહની પર્યાય છે. જ્ઞાની જીવ દેહની પિડાથી ભિન્ન રહીને એને જાણે છે, વેદતો નથી. '**અને જાણવારૂપ સ્વભાવ વિપરીતપણાને ભજતો હતો...**' જે જાણવારૂપ સ્વભાવ વિપરીતપણાને ભજતો હતો કે મને થાય છે '**તે સમ્યક્પણાને ભજે છે.**' કે હું તો જાણનાર છું. સર્વ કાળે જાણનાર છું. જાણવા સિવાય બીજું કોઈ કાર્ય હું કરતો નથી, કરી શકતો પણ નથી. કરતો તો નથી પણ કરી શકતો પણ નથી.

'**દિશાભ્રમ વસ્તુતાએ કંઈ નથી...**' દિશાભ્રમ છે એ વસ્તુતાએ કાંઈ નથી. એ ભ્રમ છે, કલ્પના છે, બાકી વસ્તુ નથી કોઈ. એવી કોઈ વસ્તુ નથી. '**અને ચાલવારૂપ ક્રિયાથી ઈચ્છિત ગામ પ્રાપ્ત થતું નથી, તેમ મિથ્યાત્વ પણ વસ્તુતાએ કંઈ નથી, અને તે સાથે જાણવારૂપ સ્વભાવ પણ છે, પણ સાથે મિથ્યાત્વરૂપ ભ્રમ હોવાથી સ્વસ્વરૂપતામાં પરમસ્થિતિ થતી નથી.**' શું છે ? કે ભ્રમથી જે સ્વસ્વરૂપમાં પરમસ્થિતિ થવી જોઈએ તે પરમસ્થિતિ થતી નથી. ફરીથી. '**દિશાભ્રમ વસ્તુતાએ કંઈ નથી. અને ચાલવારૂપ ક્રિયાથી ઈચ્છિત ગામ પ્રાપ્ત થતુ નથી.**' એ દૃષ્ટાંત છે. હવે સિદ્ધાંત '**તેમ મિથ્યાત્વ પણ વસ્તુતાએ કંઈ નથી,...**' ફક્ત એ મિથ્યાત્વને લઈને '**તે સાથે જાણવારૂપ સ્વભાવ પણ છે, પણ સાથે મિથ્યાત્વરૂપ ભ્રમ હોવાથી સ્વસ્વરૂપતામાં...**' એટલે સ્વસ્વરૂપપણામાં '**પરમસ્થિતિ થતી નથી.**' પરિણમન ઊલટું ચાલે છે એટલે પોતામાં જે પરમસ્થિતિ આવવી જોઈએ એ સ્થિતિ સુખ-શાંતિની, સમાધિની સ્થિતિ થતી નથી. અસમાધિમાં દુઃખી... દુઃખી... દુઃખી... થઈને પરિણમ્યા કરે છે.

'**દિશાભ્રમ ટળ્યેથી ઈચ્છિત ગામ તરફ વળતાં પછી મિથ્યાત્વ પણ નાશ પામે છે,...**' જો દિશાભ્રમ ટળે તો ઈચ્છિત ગામ તરફ વળવાનું થાય. એમ મિથ્યાત્વ પણ નાશ પામે છે અને સ્વસ્વરૂપ, સ્વરૂપ નહિ પણ '**સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદમાં સ્થિતિ થઈ શકે એમાં કંઈ સંદેહનું ઠેકાણું નથી.**' એમાં કોઈ સંદેહનું ઠેકાણું નથી.

મુમુક્ષુ :- અનાદિકાળથી કેવી મોટી ભૂલ કરી છે ! દેહને આત્મા માન્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. દેહને આત્મા માનીને પર સ્વરૂપમાં પરભાવમાં અને દેહમાં સ્થિતિ નહિ થઈ શકતી હોવા છતાં આ જીવ એમાં સ્થિતિ પામ્યો હોવાનું માનીને, હું આ દેહ પામ્યો, હું દેહ પામ્યો, એવા ભાવે જીવે દુઃખી થવા સિવાય બીજું કાંઈ કર્યું નથી. અનાદિથી એ જ કર્યું છે. હવે જો યથાર્થ સમજણ આવે-શરીરને શરીર માને અને આત્માને આત્મા માને તો સ્વસ્વરૂપમાં સ્થિતિ પામે. શું લીધું છે ? સ્વસ્વરૂપમાં સ્થિતિ પામે. સ્વસ્વરૂપ '**શુદ્ધ જ્ઞાનાત્મપદમાં...**' દેહપદમાં આત્મા જણાતો હતો હવે જ્ઞાનપદમાં આત્મા જણાશે.

'**સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદ...**' જ્ઞાનપદ પણ નથી લીધું. જ્ઞાનાત્મપદ. જ્ઞાન તે આત્મા. એવા પદમાં '**સ્થિતિ થઈ શકે એમાં કંઈ સંદેહનું ઠેકાણું નથી.**' એ એટલા માટે લીધું છે કે કોઈ એમ કહે છે કે આત્મામાં સ્થિતિ પામવી એ તો ન બની શકે એવું બહુ અઘરું કઠણ કામ છે. માણસ બધું છોડીને-ઘરબાર છોડીને જંગલમાં વયો જાય તો

એને આત્મામાં સ્થિરતા થાય. એવું કાંઈ નથી. ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય, ચારે ગતિના. નરક નારકીમાં હોય. યથાર્થ સમજણ થયે સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદમાં સ્થિતિ થઈ શકે છે અને ગમે તેવા સંયોગમાં સુખની પ્રાપ્તિ એને થઈ શકે છે. પ્રયોજન તો દુઃખ મટાડવાનું છે, સુખી થવાનું છે. એ સમજણ ફળે સુખ થાય છે. અણસમજણે દુઃખ અને સાચી સમજણે સુખ. બસ ! આટલી જ વાત છે. સૂત્ર તો સૂત્ર છે. એક ગૂંચવાયેલું છે અને એક વગર ગૂંચવાયેલું છે. ગૂંચવાયેલું હોય તો એનો ઉપયોગ ન કરી શકે, વગર ગૂંચવાયેલું હોય તો એને ગુંથવું હોય, બાંધવું હોય જે કરવું હોય તે થઈ શકે. એમ વિપરીત સમજણ છે એનાથી દુઃખ, દુઃખ અને દુઃખ. એકાંતે દુઃખ છે. દેહને આત્મા માન્યો એ જીવ કોઈ દિ' સુખી ન થાય.

જેણે દેહને આત્મા માન્યો છે એને સુખ ન હોય. ભલેને ગમે તે પ્રકારના સંયોગો હોય, દેવલોકનો દેવ હોય અને દોમદોમ સાહેબી એને દેખાતી હોય તોપણ એને સખ પડે નહિ. ક્યાંય સખ પડે નહિ. એના વિકલ્પ છે એ અસમાધિભાવે દોડ્યા જ કરે અને આકુળતામાંથી એ છૂટી જ શકે નહિ. અહીં જ્ઞાનાત્મપદમાં પોતાનું સ્વસ્વરૂપ અનુભવગોચર થયું તો એને શાંત... શાંત.. સમાધિભાવમાં આત્માની શાંતિ પ્રગટે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું, 'કલકત્તા'માં હું એકલો જ સુખી છું.

પૂજ્ય ભાઈશ્રી :- એકલો હું જ સુખી છું. હા. ૭૦ લાખની વસ્તીમાં હું એકલો સુખી છું. આ બધા દુઃખી જોઉં છું. ગરીબો પણ દુઃખી અને શ્રીમંતો પણ દુઃખી. બધાને દુઃખી જોયા.

મુમુક્ષુ :- જ્ઞાનાત્મપદમાં આવવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનાત્મપદમાં... ક્યાંય આઘું છે ? જ્ઞાન ક્યાં ... છે ? જ્ઞાન ક્યાં આઘું છે ? સવાલ એટલો જ છે કે જ્ઞાનને એકલું જ્ઞાન, ભિન્ન જ્ઞાન, જુદા જ્ઞાન તરીકે એને પોતે પોતાને અનુભવે. વચ્ચે કોઈને ભેળસેળ ભાવમાં કરે નહિ. ભલે કોઈ જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસિત થાય, પ્રતિબિંબિત થાય પણ પોતે પોતામાં જ છે. પોતે પોતે જ છે. જ્ઞાન તે જ્ઞાન જ છે. જ્ઞાનમાં એ વાત સિવાય કાંઈ નથી. એમ એણે જ્ઞાનને જોવું જોઈએ.

મુમુક્ષુ :- અનુભવ કરવામાં Time ન લાગે એટલો સમજવામાં Time લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે કે અણસમજણની ભૂલ તો સમજણથી મટે. અને અણસમજણે ... કરી છે. પછી અણસમજણની જે ભૂલ છે એ અંતરાય મટે છે એટલે થોડો રસ્તો સુગમ થાય છે. અનુભવની ભૂલ તો અનુભવથી તોડવી પડે છે. મિથ્યા અનુભવ છૂટે તો સમ્યક્ અનુભવ થાય. મિથ્યા સમજણ મટે તો સમ્યક્ સમજણ થાય.

એમ છે. બે રીતે ભૂલ છે. એક સમજણની, એ પણ જ્ઞાનની ભૂલ છે અને એક અનુભવની, એ પણ જ્ઞાનની ભૂલ છે. અને તે બંને ભૂલ ટળવી જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... અંતરાય કર્મથી પોતે ભિન્ન છે. ... આ શરીર મને છે એમ શું કરવા લે છે ? તું જુદો છો. શરીરના સંયોગમાં રહેલો એવો તું સંયોગથી જુદો છો. પછી શું વાંધો ? દૂધમાં નાખેલું પાણી પાણી છે, દૂધ નથી. એમ તું જુદો જ છો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દેહના ધર્મ... આત્માને કોઈ અંતરાય-ફંતરાય છે નહિ. કેમકે જ્ઞાનસ્વરૂપ (છે), જ્ઞાન એનાથી જુદું પડતું નથી. જ્ઞાન .. ભાવ કરે. જ્ઞાનને કોઈ લઈ જઈ શકતું નથી, ચોરી જઈ શકતું નથી, .. શકતું નથી, બાળતું નથી, પલાળતું નથી, સૂકવતું નથી, મારતું નથી, ઘાત કરી શકતું નથી. કાંઈ નથી (કરી શકાતું). જ્ઞાનને કોઈ કાંઈ કરી શકે નહિ. સ્પર્શી શકે નહિ. મારા જ્ઞાનને કોઈ સ્પર્શી શકતું નથી. એવો હું અવ્યાબાધ છું. કોઈ બાધા જ ન પહોંચાડી શકે. પછી અંતરાય શેનો ? અંદર આવે તો અંતરાય થાય ને. પ્રવેશ જ નથી કોઈનો. જ્ઞાનમાં કોઈનો પ્રવેશ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય પર્યાય બંનેમાં કોઈનો પ્રવેશ નથી. જ્ઞાન જે દ્રવ્યરૂપે છે એમાં પણ પ્રવેશ નથી. જ્ઞાનસ્વભાવી દ્રવ્યમાં. જ્ઞાનપર્યાયમાં પણ પ્રવેશ નથી. દ્રવ્ય-પર્યાય બેયમાં (પ્રવેશ નથી). આત્મામાં કોઈનો પ્રવેશ જ નથી. સીધી વાત છે. દ્રવ્યથી ..

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોનું ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લાભાંતરાય અને ભોગાંતરાય એ બધું પુદ્ગલમાં જાય છે, જીવમાં નહિ. જીવની પર્યાયમાં નહિ. જીવદ્રવ્યમાં પણ નહિ અને જીવની પર્યાયમાં પણ નહિ. તમે વિદ્યાનગરમાં રહો છો અને ગામમાં તોફાન થાય એમાં તમારે શું લેવા દેવા ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ .. તમે તમારા ઘરમાં સહીસલામત છો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ...આ તો આવવાનું છે જ નહિ. આમાં ક્યારેય આવે એવું જ નથી. તમને ખાતરી થઈ ગઈ કે અહીંયાં આવી શકે એવું છે જ નહિ. વચ્ચે Military

ઊભી છે. મારા ઘર સુધી કોઈ આવે એવું છે નહિ. એમ છે, અભેદ કિલ્લો છે. ચૈતન્યવજ્રનો અભેદ કિલ્લો છે. એને ભેદીને કોઈ અંદર આવી શકે એવું નથી. પછી ભય શો ? વિકલ્પ શો ? ચિંતા શેની ? શેની ચિંતા ?

મુમુક્ષુ :- નિર્ભય બનાવી દીધા આપે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ભય થઈ જાય એવું જ આ વિજ્ઞાન છે. ભય બધા છૂટી જાય. સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદમાં નિઃશંકપણે સ્થિતિ થાય અને સમાધિરૂપ શાંતિનું સુખ અનુભવમાં આવે. નિરાકુળ.

જ્ઞાન અને અજ્ઞાન ઉપરનો એ પત્ર છે. આટલી વાત છે જ્ઞાન અને અજ્ઞાનમાં. અહીંયાં ફેરફાર કરે એટલે બધા જ ગુણ સવળા ચાલવા માંડે. જે જ્ઞાન સવળું થાય એટલે શ્રદ્ધા સવળી થાય, એનું ચારિત્ર સવળું થાય, એનું દુઃખ મટીને સુખ સવળું થાય. અનંતે અનંત ગુણ સવળા થાય.

મુમુક્ષુ :- આવું છે છતાં આગળ કેમ ચાલે છે જીવ ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને પૂછવું જોઈએ. પ્રશ્ન તો પોતે પોતાને કરવા જેવો છે. કે, ભાઈ ! તારે સુખી થાવું છે કે દુઃખી થાવું છે એ કહે.

મુમુક્ષુ :- થાવું છે સુખી.

પૂજ્ય ભાઈશ્રી :- સુખી થાવું છે તો સુખ થાય એમ ચાલને. દુઃખ થાય એવી રીતે શું કરવા હાથે કરીને ચાલે છે ? પોતે પોતાના પગ ઉપર, અહીંયાં તો ગળા ઉપર પોતે જ કુહાડો મારે છે. કોઈ બીજો એને હેરાન કરતો નથી. એમ છે.

મુમુક્ષુ :- દીવો લઈને કૂવામાં પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ જ ગણાયને. જ્ઞાન છે છતાં દુઃખી થાય તો દીવો લઈને જ કૂવે પડે છે.

હવે પાછો ફરીને ૭૫૧નો Reference આપે છે. આ 'સોભાગભાઈ' ઉપરનો હશે. લખ્યું નથી પણ હશે 'સોભાગભાઈ' ઉપરનો. Footnote માં 'જુઓ પત્રાંક ૭૫૧.' લીધો છે.

પત્રાંક-૭૭૧

વવાણિયા, ચૈત્ર સુદ ૫, ૧૯૫૩

[1]ગયા કાગળમાં અત્રેથી ત્રણ પ્રકારનાં સમકિત જણાવ્યા હતાં. તે ત્રણે સમકિતમાંથી ગમે તે સમકિત પામ્યાથી જીવ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ પામે. જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય; અને જો તે સમકિત વમે, તો વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તન સંસાર હોય.

ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય, તો તે જીવ વમી શકે; પણ ક્ષાયિક સમકિત હોય તો તે વમાય નહીં; ક્ષાયિક સમકિતી જીવ તે જ ભવે મોક્ષ પામે, વધારે ભવ કરે તો ત્રણ ભવ કરે અને કોઈ એક જીવની અપેક્ષાએ ક્વચિત્ ચાર ભવ થાય. યુગલિયાનું આયુષ બંધાયા પછી ક્ષાયિક સમકિત આવ્યું હોય, તો ચારભવ થવાનો સંભવ છે; ઘણું કરીને કોઈક જીવને આમ બને છે.

ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કંઈક જીવોને તીર્થંકર સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રુચિથી, શ્રી તીર્થંકરના આશ્રયથી, અને નિશ્ચયથી સમકિત કહ્યું છે. એવી પ્રતીતિ, એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે. પુરુષ સાચા છે અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, તેમ જ મોક્ષમાર્ગ હોય, તે પુરુષનાં લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે, જે વીતરાગ હોય તે પુરુષ યથાર્થવક્તા હોય, અને તે જ પુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તારસહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે. તથારૂપ પુરુષની આજ્ઞા ઉપાસવાથી રાગદ્વેષનો ક્ષય થઈ

જુઓ પત્રાંક ૭૫૧

વીતરાગ દશા થાય છે. તથારૂપ સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરુષનાં વચનરૂપ શાસ્ત્રોથી કોઈક પૂર્વે આરાધક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે; અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે.

'**ગયા કાગળમાં અત્રેથી ત્રણ પ્રકારનાં સમકિત જણાવ્યા હતા.**' ૭૫૧ના કાગળમાં ત્રણ પ્રકારના સમકિત જણાવ્યા હતા. '**તે ત્રણે સમકિતમાંથી ગમે તે સમકિત પામ્યાથી જીવ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ પામે.**' જ્ઞાનીને ઓળખે તોપણ એને સોળમો ભવ નથી, આત્મસ્વરૂપનો નિર્ણય કરે તોપણ એને સોળમો ભવ નથી અને સ્વાનુભવ કરે તોપણ એને સોળમો ભવ નથી. આગળ વધતો જાય એની વાત છે. '**જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય;...**' જઘન્ય પુરુષાર્થવાળાને પણ તે ભવે મોક્ષ થાય. '**જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય;...**' જઘન્ય એટલે ઓછામાં ઓછું એ ભવે પણ મોક્ષ થાય. કોઈ તો એ ભવે (મોક્ષ જાય). ઓછામાં ઓછું, વધુમાં વધુ અને ઓછામાં ઓછું. તો વધુમાં વધુ પંદર ભવ અને ઓછામાં ઓછો એક ભવે. તે જ ભવે મોક્ષ થાય.

'**અને જો તે સમકિત વમે, તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલ-પરાવર્તનકાળ સુધી સંસારપરિભ્રમણ કરીને પણ મોક્ષ પામે.**' ત્રણમાંથી કોઈપણ સમકિતે આવ્યો હોય. પાછો વમી જાય તો વધારેમાં વધારે એને અર્ધપુદ્ગલપરાવર્તનકાળથી વધારે એટલે અનંત કાળ નથી એને. પછી એ અનંત કાળ સુધી પરિભ્રમણ કરવાનો નથી. '**સમકિત પામ્યા પછી વધારેમાં વધારે અર્ધ પુદ્ગલપરાવર્તન સંસાર હોય.**' એથી લાંબો સંસાર કોઈને હોય નહિ.

'**ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય, તો તે જીવ વમી શકે; પણ ક્ષાયિક સમકિત હોય તો તે વમાય નહીં;...**' હવે સમકિતમાં કોણ વમે ? કે ક્ષયોપશમ અને ઉપશમવાળા વમે છે. ક્ષાયિકવાળા વમતા નથી. વમવું એટલે નાશ પામવું. વમન કહે છે ને ? આ ઊલટી થવી. ખાધેલું નીકળી જાય. એમ સમકિત ગ્રહણ કરેલું પાછું છૂટી જાય. એને અહીં વમન કહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપશમથી ક્ષયોપશમમાં આવ-જા થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપશમ સમકિત. ત્રણ પ્રકારના સમકિત છે. ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત અને ક્ષાયિક સમકિત. એમાં ઉપશમ સમકિતનો કાળ તો લઘુ અંતર્મુહૂર્તનો ક્ષણવર્તી છે. પછી જીવ ક્ષાયિકમાં આવે અથવા ક્ષયોપશમમાં આવે. તો ક્ષયોપશમમાં આવે એ કદાચ વમીને મિથ્યાદષ્ટિ થાય. પણ ક્ષાયિકસમકિત કદિ નાશ પામતું નથી.

મુમુક્ષુ :- સમકિત વમ્યુ કોને કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- સમકિત વમ્યુ એને કહેવાય કે ... આત્મા માનતો થાય. અનાત્મભાવ એવા રાગાદિ ભાવોનો કર્તા થાય અને પોતાનું જે પ્રત્યક્ષ વેદન છે એ છૂટી જાય. પ્રત્યક્ષ વેદનની જે અનંત ગુણની પરિણતિ છે, જેને જ્ઞાનધારા કહેવામાં આવે છે-મોક્ષમાર્ગ, એ મોક્ષમાર્ગ છૂટી જાય. એમ થાય. અને એમ થવાનું કારણ પ્રથમમાં પ્રથમ એને શુદ્ધાત્માની રુચિ છૂટીને શુભની રુચિ થઈ જાય છે. વિકલ્પ છે એની રુચિ થઈ જાય. શુભભાવની રુચિ થઈ જાય. શુભભાવની રુચિ એકાંતે ત્યાગવા યોગ્ય છે. પછી શુભભાવ તો આપોઆપ ટળી જશે. શુભભાવ સીધો નહિ ટળે. શુભરાગ સીધો નહિ મટે. પણ શુભરાગની રુચિ એકાંતે ટાળવા જેવી છે. એ સમકિત નહિ થવા દે. અને સમકિત થયું હશે તો પાડી દેશે. આવી ભયંકર ચીજ છે એ. કાં તો સમકિતને અટકાવે છે અને કાં તો સમકિત થયું હોય એને ગોથું ખવડાવે છે. એ શુભની રુચિ કામ કરે છે. માટે જે જે શુભભાવો જેને જેને થતા હોય એને ત્યાં જાગૃત થવાની જરૂર છે, ચેતી જવાની જરૂર છે. રુચિ સહિતના તો શુભભાવ તો નથી થતા ને ? શુભની રુચિ સહિતના તો શુભભાવ નથી થતા ? અહીં જાગૃતિ કરવાની છે. શુભભાવ થાય એનો વાંધો નથી પણ એની રુચિનો તો હરગીઝ વાંધો છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ રુચે, સારા લાગે, એને ગોઠે. મેં આ કર્યું. બહુ સરસ. આપણને સારો ભાવ આવ્યો. આ ભાવ સારો. .. બહુ સારા ભાવ આવ્યા, આજે સ્વાધ્યાયમાં બહુ સારા ભાવ થયા. પણ હોય શુભભાવ બધા. પણ એ એને સારા લાગે, રુચે એ સમકિતને આવવા દેશે નહિ. અને સમકિત થયા પછી જો એવું થાય તો ગોથું ખાઈ જાય, પડી જાય. સમકિતી તો તે છે કે જેને અનંત કાળમાં નહિ પ્રગટેલો એવો આત્માનો આનંદ પ્રગટે તોપણ એ પર્યાયની મુખ્યતા એને થાય નહિ. શુદ્ધ ભાવોની મુખ્યતા ન થાય તો પછી શુભભાવના મંદ કષાયના આનંદની જો એને મુખ્યતા થાય તો એ ભ્રમમાં આવી જાય છે, ભ્રમણામાં આવી ગયો છે એમાં શંકા કરવા જેવી નથી. આમ છે.

મુમુક્ષુ :- શુભમાં જે રુચિ આવે છે એ પ્રયોજનની ભૂલ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રયોજનની ભૂલ છે. બધી ભૂલ જ છે. સોળે સોળ આના એની ભૂલ છે. પછી કઈ ભૂલ નથી ? એ પૂરેપૂરી ભૂલ છે. એ અધુરી ભૂલ નથી, એ પૂરી ભૂલ છે.

મુમુક્ષુ :- મહેનત તો ઘણી કરી પણ બધી બેકાર.

પૂજ્ય ભાઈશ્રી :- અવળો ગમે તેટલો ચાલે, .. થાય. પશ્ચિમ-પૂર્વમાં ચાલવા માંડે. પશ્ચિમ ... પણ ઊંધો ચાલ્યો એનું શું ? એ તો દૂર ગયો. ચાલ્યો એની કિંમત નથી, કઈ દિશામાં ચાલ્યો એની કિંમત છે.

(એક મુમુક્ષુ) હતા. બહુ એનું મંથન. ઘણું ચિંતન અને મંથન. પણ કઈ દિશામાં એ નક્કી કરવા જેવું છે. ચિંતન-મંથન હોવું જોઈએ. પણ દિશા પણ સાથે સાથે યથાર્થ હોવી જોઈએ. નહિતર ચિંતન-મંથન પણ બીજી દિશામાં એને લઈ જાય. શુભની રુચિ તીવ્ર થઈ જાય. શુભની રુચિ તીવ્ર થાય એ અશુભમાં આવ્યા વગર રહેશે નહિ. શુભના ફળ આવશે કે તરત અશુભમાં વયો જાશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... યથાર્થ હોવું જોઈએ.

મુમુક્ષુ :- યથાર્થ એટલે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- યથાર્થ એટલે આત્મહિત થાય એવા પ્રકારે. આત્મહિતના લક્ષે. એવા પરિણામમાં આત્મહિત સિવાય બીજો કોઈ આશય નહિ, બીજો કોઈ આધાર અને અવલંબન નહિ. ચોખ્ખે ચોખ્ખું હોવું જોઈએ, ભેળસેળ વગરનું. મને સંસારની પણ અનુકૂળતા રહ્યા કરો, સંયોગની પણ અનુકૂળતા રહ્યા કરો અને મારે આત્મામાં પણ મોક્ષ પામવો. સંસારમાર્ગ છોડીને મોક્ષ પામવો છે, અનંત સુખ પામવું છે, આત્માની પણ શાંતિ જોઈએ છે. પણ એક મ્યાનમાં બે તલવાર રહે એવું નથી. આમ છે. પછી આત્મિક પુરુષાર્થ કરતાં કચાશ રહેશે અને પુણ્ય ઊંચા પ્રકારના બંધાશે અને અનુકૂળતાઓ આવશે એ વગર ઈચ્છાએ આવશે. એ ઈચ્છા વિનાની પ્રાપ્તિ છે. પણ ઈચ્છિત પ્રાપ્તિ જે છે એ તો પાપાનુબંધી પુણ્ય છે. અને એમાં અધોગતિમાં જીવને ગયા વિના છૂટકો નથી.

મુમુક્ષુ :- દેવલોક જાશે.

પૂજ્ય ભાઈશ્રી :- દેવલોકમાંથી વળી પાછો એકેન્દ્રિયમાં જાય. શું કામનું દેવલોક ? કતલખાનામાં લઈ ગયેલા પ્રાણીને એમ કહે કે તને સારામાં સારુ ખવરાવું. તારે જે ખાવું હોય એ સારામાં સારા બધા ભોજન પડ્યા છે. તારે ખાવું હોય એ ખાઈ લે.

પછી તારી કતલ કરવાની છે. એમ દેવલોકમાં મોકલી દે. .. દેવલોકમાં મોકલી દે પછી ... શું કામનો દેવલોક ? એણે ખાધું એ શું કામનું ?

'ક્ષાયિક સમકિતી જીવ તે જ ભવે મોક્ષ પામે, વધારે ભવ કરે તો ત્રણ ભવ કરે...' ક્ષાયિક સમકિતવાળાને ચોથો ભવ ન હોય. **'અને કોઈ એક જીવની અપેક્ષાએ ક્વચિત્ ચાર ભવ થાય.'** વધારેમાં વધારે ત્રણ ભવ કરે. **'અને કોઈ એક જીવની અપેક્ષાએ ક્વચિત્ ચાર ભવ થાય. યુગલિયાનું આયુષ્ય બંધાયા પછી ક્ષાયિક સમકિત આવ્યું હોય, તો ચાર ભવ થવાનો સંભવ છે; ઘણું કરીને કોઈક જીવને આમ બને છે.'** આવી રીતે .. અપવાદરૂપ અપેક્ષા છે. અહીંયાં યુગલિયાનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને ક્ષાયિક સમકિત પછી આવે. તો મનુષ્ય, દેવ, મનુષ્ય. ...

'ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ...' નિર્ગ્રંથીનીઓમાં ત્યાગી .. તે. પંચમ ગુણસ્થાન સુધી હોય છે ને ? **'શ્રાવક તથા શ્રાવિકાઓ....'** એટલે ગૃહસ્થ. **'કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી.'** જુઓ ! અભિપ્રાયની વાત આવી. સિદ્ધાંતમાં એવો અભિપ્રાય નથી કે એણે બધા શાસ્ત્રો વાંચ્યા હોય. જીવ-અજીવનું શાસ્ત્રજ્ઞાન હતું તેથી એને સમકિત કહ્યું છે એમ કહેવા માગતા નથી. **'તેમાંથી કંઈક જીવોને...'** તેમાંથી કંઈક જીવોને **'તીર્થંકર સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે તેમ જ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રુચિથી, શ્રી તીર્થંકરના આશ્રયથી અને નિશ્ચયથી સમકિત કહ્યું છે...'** આ પહેલું સમકિત ઓળખવારૂપ. જીવાજીવનું જ્ઞાન ન હોય. પણ સત્પુરુષને ઓળખી લે. આ 'સોભાગભાઈ'ને ક્યાં શાસ્ત્ર જ્ઞાન હતું ? હજી તો ..ગૃહીતવાળાનો હતો. યોગ્યતામાં આવી ગયા પહેલા સમકિતમાં. અહીંયાં તીર્થંકર લીધા છે. આ પુરુષ કહે છે એ બરાબર છે. આ જ સત્ય કહે છે. આ જ મોક્ષનો માર્ગ છે. આ જ હિતોપદેશ છે એમનો. એવી એને પ્રીતિ અને રુચિ થાય, પ્રતીતિ થાય. પ્રીતિ સહિત પ્રીતિ અને રુચિ થાય એને નિશ્ચયથી સમકિત કહ્યું છે.

'એવી પ્રતીતિ, એવી રુચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે.' એક ન્યાયે એને જીવ-અજીવના જ્ઞાનસ્વરૂપ કહેવામાં આવે છે. કેમકે એ જે કહે છે એ જીવને બચાવવા કહે છે, જીવનું હિત થવા કહે છે. એટલે એમાં જીવ અને અજીવનું જ્ઞાન... દેહ તે આત્મા નથી, રાગ તે આત્મા નથી, આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એમાં એને જીવ-અજીવનું જ્ઞાન આવી ગયું.

દ્રવ્ય-ગુણ-પર્યાય ભલે ન શીખ્યા હોય પણ એને જીવ-અજીવનું જ્ઞાન આવી ગયું. એક ન્યાયે.

'**પુરુષ સાચા છે...**' તીર્થંકરદેવ. '**અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે,...**' '**તેમ જ મોક્ષમાર્ગ હોય...**' એવી પ્રતીતિ સાચી આવી છે. '**તે પુરુષનાં લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે,...**' એ એમના જે લક્ષણો છે એ બધા વીતરાગપણાની સિદ્ધિ કરે છે. એમને ક્યાંય રાગ થતો જોવામાં આવતો નથી. આ દેહમાં રોગ થાય, આહાર મગાવે, ઔષધિ મગાવે એ બધી વાત ક્યાંય મેળ ખાતી નથી. તીર્થંકરદેવ એવા હોય છે કે એમની પ્રતીતિ થતાં એમની વીતરાગતાની પ્રતીતિ આવે છે. એ રાગી છે ને રોગી છે એવી પ્રતીતિ આવે નહિ.

શું કહ્યું ? જુઓ ! '**કે જેમ આ પરમકૃપાળુ કહે છે તેમ જ મોક્ષમાર્ગ છે, તેમ જ મોક્ષમાર્ગ હોય,...**' બીજી રીતે હોય નહિ. તેમ જ એનો અર્થ કે બીજી રીતે હોય નહિ. '**તે પુરુષનાં લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે.**' એમના વચન વીતરાગપણું બતાવે છે. ક્યાંય રાગ બતાવે નહિ. '**જે વીતરાગ હોય તે પુરુષ યથાર્થવક્તા હોય,...**' અને જે વીતરાગ હોય તે જ સાચું કહે. જેને રાગ હોય એ સાચું કહી શકે નહિ. કેમકે રાગ બાજુ એનું ખેંચાણ છે. એ ક્યાંથી સાચું કહેશે ? '**અને તે જ પુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય...**' અને એવા પુરુષની પ્રતીતિપૂર્વક જ મોક્ષમાર્ગનો સ્વીકાર થાય.

'**એવી સુવિચારણા...**' જોયું ? અહીંયાં સુવિચારણા શબ્દ નાખ્યો. '**એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે.**' જ્ઞાનીપુરુષ કહો, વીતરાગપુરુષ કહો, નિર્ગ્રંથ ગુરુ કહો, એમની ઓળખાણ, એમની વીતરાગતાની ઓળખાણ એ એક ન્યાયે જીવાજીવનું જ્ઞાન છે. જીવ આવો છે. વીતરાગ છે એવો જીવ છે. બાકી જીવ નહિ.

મુમુક્ષુ :- મનઃપર્યયજ્ઞાન વીતરાગતા આવ્યા પછી હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- મનઃપર્યવજ્ઞાન મુનિદશા સિવાય કોઈને થાય નહિ. એટલે કે પંચમ ગુણસ્થાન સુધી મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થવાની કોઈ પરિસ્થિતિ હોતી નથી. પણ બધા જ જીવોને મનઃપર્યયજ્ઞાન થાય એવો નિયમ નથી. મનઃપર્યયજ્ઞાન ન થાય, અવધિજ્ઞાન ન થાય અને મતિ-શ્રુતમાંથી સીધું કેવળજ્ઞાન થાય. એ મનઃપર્યયજ્ઞાન છે તે પરાશ્રિત જ્ઞાન છે. કેવું જ્ઞાન છે ? તેનો વિષય આત્મા નથી પણ તેનો વિષય રૂપી છે.

શું કહ્યું છે ? આગળ શું કહે છે ? મનઃપર્યયજ્ઞાન અને અવધિજ્ઞાનનો વિષય રૂપી છે. અરૂપી નથી. જુઓ ! સ્વપરપ્રકાશક આમાં આવી ગયું કે નહિ આમાં ? જો પરપ્રકાશકપણું જ્ઞાનને હોય જ નહિ તો અવધિ અને મનઃપર્યયજ્ઞાન હોય જ નહિ એમ થાય. કેમકે એનો વિષય જ આત્મા નથી. ઈ બે જ્ઞાન એવા છે કે એનો વિષય આત્મા જ નથી. એનો વિષય રૂપી પદાર્થ જ છે. મતિ-શ્રુતમાં તો એમ લઈ જાય કે એનો વિષય એકલો આત્મા છે અને અનાત્મા નથી. અનાત્મા માને એ .... અવધિ, મનઃપર્યયનું શું કરશો ? લ્યો.

મુમુક્ષુ :- મુનિ અવસ્થાની આવશ્યકતા નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કેમ આવશ્યકતા નહિ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મનઃપર્યયજ્ઞાન મુનિદશા પહેલા થાય નહિ. મુનિદશાની પવિત્રતા પછી એ જ્ઞાનની ઉત્પત્તિ થાય. પણ એ જ્ઞાનની ઉત્પત્તિ થાય એ મુનિ થાય, એવો નિયમ નહિ. ન પણ થાય અને કેવળજ્ઞાન થાય.

મુમુક્ષુ :- મુનિ અવસ્થાની આવશ્યકતા નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! મુનિ અવસ્થા વગર થાય જ નહિ. પછી આવશ્યકતા નથી એ વાત ક્યાં રહી ? જેને મનઃપર્યયજ્ઞાન હોય એ મુનિ જ હોય. મુનિ વગર મનઃપર્યયજ્ઞાન હોય જ નહિ.

મુમુક્ષુ :- છઠ્ઠે ગુણસ્થાને.

પૂજ્ય ભાઈશ્રી :- છઠ્ઠા ગુણસ્થાને જ થાય. પાંચમા ગુણસ્થાન સુધી ન થાય. એ તો લીધું આપણે કે પાંચમા ગુણસ્થાન સુધી કોઈને મનઃપર્યયજ્ઞાન ન થાય. છઠ્ઠા ગુણસ્થાને થાય.

મુમુક્ષુ :- છઠ્ઠા ગુણસ્થાને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. છઠ્ઠા ગુણસ્થાને થાય. પછી છઠાથી પછી સાથે રહે છે. પણ પર વિષય છે એટલે છઠ્ઠા ગુણસ્થાનનો વિષય છે. સાતમાથી તો આત્માનો વિષય છે. આઠમાનો વિષય આત્મા છે, નવમાનો વિષય આત્મા છે. ... વિષય છે. રૂપી છે ને ? મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી છે. એટલે છઠ્ઠાનો એ વિષય છે. સાતમાથી એની પ્રવૃત્તિ નથી. લબ્ધિ છે પણ પ્રવૃત્તિ નથી. મનઃપર્યયજ્ઞાનની લબ્ધિ છે. સાતમામાંથી છઠ્ઠામાં આવે એટલે વળી પાછો એને ઉપયોગ થઈ શકે. પણ સાતમામાં મનઃપર્યયનો ઉપયોગ સાતમામાં ન થાય. લબ્ધિ રહે, ઉપયોગ ન થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : શું કરવાનું ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એવું કાંઈ જરૂરી નથી. એવું કાંઈ જરૂરી નથી. હોય પણ.

મુમુક્ષુ :- સાચા ભાવલિંગી મુનિને જ થાય ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાવલિંગી મુનિને થાય. દ્રવ્યલિંગીને ન થાય. બીજા કોઈને ન થાય. જે દ્રવ્યલિંગી નથી એને તો થવાનો પ્રશ્ન જ નથી. ભાવલિંગીને થાય. પણ બધાને થાય એવો કોઈ નિયમ નથી. કેવળજ્ઞાન થાય અને મનઃપર્યયજ્ઞાન ન પણ થાય. એ તો એક જ્ઞાનની લબ્ધિ છે. લબ્ધિ તો બધાને કાંઈ ન પ્રગટે. બધા મોક્ષમાર્ગીને લબ્ધિ ન પ્રગટે. કોઈ કોઈને પ્રગટે, કોઈને ન પ્રગટે. એ બધી જ્ઞાનની લબ્ધિ છે. અવધિ, મનઃપર્યયજ્ઞાનની લબ્ધિ કહેવાય.

શું કહે છે ? '**ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથિનીઓ, શ્રાવક તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું...**' એમ નથી. અહીં ... વિષય છે. આપ્તપુરુષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય છે. એ જ યથાર્થ વીતરાગ હોવાથી યથાર્થ વક્તા છે એટલે કહેનારા છે. '**એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રુચિથી અને તે આશ્રયથી પછી સ્પષ્ટ વિસ્તારસહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છે.**' પછી એને આગળ જતાં પેટાભેદનું વ્યવસ્થિત જ્ઞાન થાય છે.

'**તથારૂપ સત્પુરુષની આજ્ઞા ઉપાસવાથી...**' એવા વીતરાગ પુરુષની આજ્ઞા ઉપાસવાથી '**રાગદ્વેષનો ક્ષય થઈ વીતરાગ દશા થાય છે.**' એને રાગ-દ્વેષનો નાશ થઈને વીતરાગ દશા થાય છે. '**તથારૂપ સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે.**' એના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવે નહિ. પ્રત્યક્ષ હોય તો ઓળખે ને ? પ્રત્યક્ષ હોયા વિના કેવી રીતે ઓળખે ? હજી તો પ્રત્યક્ષમાં પણ નથી ઓળખતો તો વગર પ્રત્યક્ષે તો ઓળખે જ ક્યાંથી ? એટલે '**તથારૂપ સત્પુરુષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે.**' આવી શકે નહિ. '**તેવા પુરુષનાં વચનરૂપ શાસ્ત્રોથી કોઈક પૂર્વે આરાધક હોય...**' આરાધક હોય એટલે જેને સંસ્કાર હોય '**એવા જીવને સમકિત થવું સંભવે છે;...**' એ પરોક્ષ હોય તો સંસ્કારીને થાય. બીજાને થાય નહિ એમ ચોખ્ખું કહી દીધું.

'**અથવા કોઈ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઈક જીવને સમકિત**

પ્રાપ્ત કરાવે છે.' એ આચાર્ય છે એ પ્રત્યક્ષ થયા ને ? પછી બીજા આચાર્યના .. વચનથી .. જુઓ ! અહીં ફલાણા આચાર્ય આમ કહેવા માગે છે અને આ રીતે સમકિત થાય છે. એમ કરીને સમકિતની પ્રાપ્તિ કરાવી શકે છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ વગર તો થાય જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ વગર થાય નહિ. સમકિત થવાનો પ્રશ્ન રહેતો નથી. એ તો છે જ. એટલા માટે તો સત્પુરુષને શોધ એમ કીધું.

મુમુક્ષુ :- અવધિજ્ઞાન ... છે કે ...

પૂજ્ય ભાઈશ્રી :- અવધિ નામ મર્યાદા છે. અવધિનો અર્થ જ મર્યાદા છે. એનો શબ્દાર્થ જ મર્યાદાનો છે. મર્યાદિત જ હોય. એનો અર્થ જ મર્યાદા છે. ભિન્ન-ભિન્ન મર્યાદા હોય. એકસરખું બધાને ન હોય. બધાને જુદી જુદી મર્યાદા હોય. (અહીં સુધી રાખીએ)...

શ્રુતજ્ઞાનમાં સ્વરૂપનો અનુભવ કરવો તેને ભાવશ્રુત કહે છે. દ્રવ્યશ્રુતના વાચ્યનો અનુભવ કરવો એટલે કે 'પરમાત્મા ઉપાદેય છે,' એવા દ્રવ્યશ્રુત દ્વારા નિજ પરમાત્માની ઉપાદેયતા સાક્ષાત્ ઉપાદેયતા ભાવમાં થવી તે ભાવશ્રુત છે. નિજ પરમેશ્વરપદનો સાક્ષાત્કાર તે જ સમ્યક્ ઉપાદેયતા છે. અથવા અનુભવકાળે જ પરમપદ ઉપાદેય થાય છે, જ્યાં સુધી હેય ઉપાદેયનો વિકલ્પ છે તેમાં, ત્યાં સુધી ખરેખર સ્વરૂપ ઉપાદેય થયું નથી. પરંતુ શ્રુતજ્ઞાનમાં અભેદ સ્વરૂપનો અભેદ અનુભવ થવો તે ભાવશ્રુત છે. તે અમૃતરસ છે. તે અનન્યરુચિથી પરમપ્રેમથી આસ્વાદન કરવા યોગ્ય છે. **(અનુભવ સંજીવની-૧૭૯૫)**

પત્રાંક-૭૭૨

વવાણિયા, ચૈત્ર સુદ ૧૦, સોમ, ૧૯૫૩

ૐ સર્વજ્ઞાય નમઃ

કેટલાક રોગાદિ પર ઔષધાદિ સંપ્રાપ્ત થયે અસર કરે છે, કેમકે તે રોગાદિના હેતુનો કર્મબંધ કંઈ પણ તેવા પ્રકારનો હોય છે. ઔષધાદિ નિમિત્તથી તે પુદ્ગલ વિસ્તારમાં પ્રસરી જઈને અથવા ખસી જઈને વેદનીયના ઉદયનું નિમિત્તપણું છોડી દે છે. તેવી રીતે નિવૃત્ત થવા યોગ્ય તે રોગાદિ સંબંધી કર્મબંધ ન હોય તો તેના પર ઔષધાદિની અસર થતી નથી, અથવા ઔષધાદિ પ્રાપ્ત થતાં નથી, કે સમ્યક્ ઔષધાદિ પ્રાપ્ત થતાં નથી.

અમુક કર્મબંધ કેવા પ્રકારનો છે તે તથારૂપ જ્ઞાનદૃષ્ટિ વિના જાણવું કઠણ છે. એટલે ઔષધાદિ વ્યવહારની પ્રવૃત્તિ એકાંતે નિષેધી ન શકાય. પોતાના દેહના સંબંધમાં કોઈ એક પરમ આત્મદૃષ્ટિવાળા પુરુષ તેમ વર્તે તો, એટલે ઔષધાદિ ગ્રહણ ન કરે તો તે યોગ્ય છે; પણ બીજા સામાન્ય જીવો તેમ વર્તવા જાય તો તે એકાંતિક દૃષ્ટિથી કેટલીક હાનિ કરે; તેમાં પણ પોતાને આશ્રિત રહેલા એવા જીવો પ્રત્યે અથવા બીજા કોઈ જીવ પ્રત્યે રોગાદિ કારણોમાં તેવો ઉપચાર કરવાના વ્યવહારમાં વર્તી શકે તેવું છે છતાં ઉપચારાદિ કરવાની ઉપેક્ષા કરે તો અનુકંપા માર્ગ છોડી દેવા જેવું થાય. કોઈ જીવ ગમે તેવો પીડાતો હોય તોપણ તેની આસનાવાસના કરવાનું તથા ઔષધાદિ વ્યવહાર છોડી દેવામાં આવે તો તેને આર્ત્તધ્યાનના હેતુ થવા જેવું થાય. ગૃહસ્થવ્યવહારમાં એવી એકાંતિક દૃષ્ટિ કરતાં ઘણા વિરોધ ઉત્પન્ન થાય.

ત્યાગવ્યવહારમાં પણ એકાંતે ઉપચારાદિનો નિષેધ જ્ઞાનીએ કર્યો નથી. નિર્ગ્રંથને સ્વપરિગ્રહિત શરીરે રોગાદિ થાય ત્યારે ઔષધાદિ ગ્રહણ કરવામાં એવી આજ્ઞા છે કે જ્યાં સુધી આર્ત્તધ્યાન ન ઊપજવા યોગ્ય દૃષ્ટિ રહે ત્યાં સુધી ઔષધાદિ ગ્રહણ ન કરવું, અને તેવું વિશેષ કારણ દેખાય તો નિરવદ્ય ઓષધાદિ ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી, અથવા યથાસૂત્ર ઔષધાદિ ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી; અને બીજા નિર્ગ્રંથને શરીરે રોગાદિ થયું હોય ત્યારે તેની વૈયાવચ્ચાદિ કરવાનો પ્રકાર જ્યાં દર્શાવ્યો છે ત્યાં કંઈ

પણ વિશેષ અનુકંપાદિ દૃષ્ટિ રહે એવી રીતે દર્શાવ્યો છે. એટલે ગૃહસ્થવ્યવહારમાં એકાંતે તેનો ત્યાગ અશક્ય છે એમ સમજાશે.

તે ઔષધાદિ કંઈ પણ પાપક્રિયાથી થયાં હોય, તોપણ તેથી પોતાનો ઔષધાદિપણાનો ગુણ દેખાડ્યા વિના ન રહે, અને તેમાં થયેલી પાપક્રિયા પણ પોતાનો ગુણ દેખાડ્યા વિના ન રહે અર્થાત્ જેમ ઔષધાદિનાં પુદ્ગલમાં રોગાદિનાં પુદ્ગલને પરાભવ કરવાનો ગુણ છે, તેમ તે કરતાં કરવામાં આવેલી પાપક્રિયામાં પણ પાપપણે પરિણમવાનો ગુણ છે, અને તેથી કર્મબંધ થઈ યથાવસર તે પાપક્રિયાનું ફળ ઉદયમાં આવે. તે પાપક્રિયાવાળાં ઔષધાદિ કરવામાં, કરાવવામાં તથા અનુમોદન કરવામાં ગ્રહણ કરનાર જીવની જેવી જેવી દેહાદિ પ્રત્યે મૂર્છા છે, મનનું આકુળવ્યાકુળપણું છે, આર્તધ્યાન છે, તથા તે ઔષધાદિની પાપક્રિયા છે, તે સર્વ પોતપોતાના સ્વભાવે પરિણમીને યથાવસરે ફળ આપે છે. જેમ રોગાદિનાં કારણરૂપ કર્મબંધ પોતાનો જેવો સ્વભાવ છે તેવો દર્શાવે છે, જેમ ઔષધાદિનાં પુદ્ગલ પોતાનો સ્વભાવ દર્શાવે છે, તેમ ઔષધાદિની ઉત્પત્તિ આદિમાં થયેલી ક્રિયા, તેના કર્તાની જ્ઞાનાદિ વૃત્તિ તથા તે ગ્રહણકર્તાનાં જેવા પરિણામ છે, તેનું જેવું જ્ઞાનાદિ છે, વૃત્તિ છે, તેને પોતાનો સ્વભાવ દર્શાવવાને યોગ્ય છે, તથારૂપ શુભ શુભ સ્વરૂપે અને અશુભ અશુભ સ્વરૂપે સફળ છે.

ગૃહસ્થવ્યવહારમાં પણ પોતાના દેહે રોગાદિ થયે જેટલી મુખ્ય આત્મદૃષ્ટિ રહે તેટલી રાખવી અને આર્ત્તધ્યાનનું યથાદૃષ્ટિએ જોતાં અવશ્ય પરિણામ આવવા યોગ્ય દેખાય અથવા આર્ત્તધ્યાન ઊપજતું દેખાય તો ઔષધાદિ વ્યવહાર ગ્રહણ કરતાં નિરવદ્ય (નિષ્પાપ) ઔષધાદિની વૃત્તિ રાખવી. ક્વચિત્ પોતાને અર્થે અથવા પોતાને આશ્રિત એવા અથવા અનુકંપાયોગ્ય એવા પરજીવને અર્થે સાવદ્ય ઔષધાદિનું ગ્રહણ થાય તો તેનું સાવદ્યપણું નિર્ધ્વંસ (ક્રૂર) પરિણામના હેતુ જેવું અથવા અધર્મ માર્ગને પોષે તેવું હોવું ન જોઈએ, એ લક્ષ રાખવા યોગ્ય છે.

સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરુષની વાણીને કંઈ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં, એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય છે.

તા. ૮-૬-૧૯૯૨, પત્રાંક - ૭૭૨
પ્રવચન નં. ૩૮૦

પત્રાંક-૭૭૨, પાનું-૫૯૯. 'મોરબી' 'નવલચંદભાઈ' ઉપર લખેલો છે. '**ॐ સર્વજ્ઞાય નમઃ**' '**કેટલાક રોગાદિ પર ઔષધાદિ સંપ્રાપ્ત થયે અસર કરે છે, કેમકે તે રોગાદિના હેતુનો કર્મબંધ કંઈ પણ તેવા પ્રકારનો હોય છે. ઔષધાદિ નિમિત્તથી તે પુદ્ગલ વિસ્તારમાં પ્રસરી જઈને અથવા ખસી જઈને વેદનીયના ઉદયનું નિમિત્તપણું છોડી દે છે. તેવી રીતે નિવૃત્ત થવા યોગ્ય તે રોગાદિ સંબંધી કર્મબંધ ન હોય તો તેના પર ઔષધાદિની અસર થતી નથી, અથવા ઔષધાદિ પ્રાપ્ત થતા નથી, કે સમ્યક્ ઔષધાદિ પ્રાપ્ત થતાં નથી.**' કોઈ પ્રશ્ન ચાલ્યો છે કે દવાથી રોગ મટે કે નહિ ? ઔષધથી રોગ મટે કે નહિ ? એવા પ્રકારનો કોઈ પ્રશ્ન ચાલ્યો હશે તેનો ઉત્તર આપે છે.

'**કેટલાક રોગાદિ પર ઔષધાદિ સંપ્રાપ્ત થયે...**' એની અસર થતી જોવામાં આવે છે. ... દવાથી થતું હોય એમ જોવામાં આવે છે. હવે એનું કારણ શું છે ? કે એ અશાતા વેદનીનું કર્મ નિબંધન થયું હતું ત્યારે એનો પ્રકાર કેવો હતો ? કે અમુક પ્રકારની ઔષધિનો સંયોગ થવાથી ... ખરેખર તો પહેલેથી જ એ કર્મબંધ હતો. .. એવા પ્રકારનો. પછી એ ઔષધ છે એનું .. થઈ જાય છે અથવા તો કેટલાક પરમાણુઓ ખસી જઈને પોતે અશાતાવેદનીનું નિમિત્ત છોડી દે છે. ... યોગાનુયોગે. એવી રીતે રોગ દવાથી મટ્યો એમ દેખાય. પણ તે જ પ્રકારનું ઉપાદાન છે એમ કહેવું છે. અમુક નિમિત્તના સંયોગમાં અમુક પ્રકારની પર્યાય છે એવો એક અપેક્ષિત ધર્મ પણ પર્યાયોનો છે. અને એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જગતમાં પ્રસિદ્ધ છે. એ ... લઈને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જગતમાં પ્રસિદ્ધ છે.

કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કાંઈ કરતું નથી એ સિદ્ધાંત તૂટતો નથી. જે કાંઈ કોઈપણ દ્રવ્યમાં બીજા દ્રવ્યના સંયોગના નિમિત્તે ફેરફાર થાય છે એ ફેરફાર થવાનો સ્વધર્મ આ

દ્રવ્યમાં હોય છે. ઉપચારથી એના ઉપર આરોપ આવે છે. આનાથી આમ થયું, આનાથી આમ થયું. એવી રીતે. હવે ન મટે ત્યારે શું થાય ? દવાથી મટે અને એ જ દવાથી પાછું એ જ દર્દીને એ જ રોગ ન મટે. જે રોગ થયો હોય, જે દવાથી મટ્યો હોય એ જ દર્દીને ફરીને પાછો બીજે દિવસે ઉથલો મારે ને ન મટે. પહેલી વખત મટે અને બીજી વખત ન મટે. કેમ એમ ? એ વખતના ઉપાદાનમાં તથાપ્રકારની યોગ્યતા હતી. એના ઉપાદાનમાં તથાપ્રકારની યોગ્યતા નથી. નિમિત્ત ભલે તેનું તે રહ્યું. અરે...! એથી બળવાન નિમિત્ત હોય તોપણ.

તાવ આવે. ૧૦૪-૧૦૫ ડિગ્રી થાય. બરફ ઘસે. Temprature ઓછું થાય. ફરીને પાછો ૧૦૪-૧૦૫ થાય અને એથી બરફ ઘસે અને ૧૦૫, સાડા પાંચ ને છ થઈને ગડબડ થાય. કેમ ન બન્યું ? ઠંડી-ગરમી સામે સામે છે. પહેલી વખત ગરમી ઘટી અને બીજી વખત કેમ વધી ? એ ઘટી ત્યારે પણ એની યોગ્યતાથી અને વધી ત્યારે પણ એની યોગ્યતાથી.

'તેવી રીતે નિવૃત્ત થવા યોગ્ય તે રોગાદિ સંબંધી કર્મબંધ ન હોય...' એ પ્રકારે નિવૃત્ત થવા યોગ્ય જીવને કર્મબંધ ન હોય **'તો તેના પર ઔષધાદિની અસર થતી નથી,...'** ... અથવા એને દવા જ મળે નહિ. કાં તો એને રોગને યોગ્ય દવા મળે નહિ. અને કાં તો સાચી દવા મળે નહિ. ... નિદાન ખોટું કરે, દવા ખોટી લખાય જાય. જે દવા લખી હોય એ મળે નહિ બજારમાં. અને મળે તોપણ અસર થાય નહિ. આમ કોઈને કોઈ કારણ બને. રોગ ન મટવાનો હોય ત્યારે આવા બધા પ્રકાર બને છે. એમ ભિન્ન ભિન્ન પ્રકારે ઉપાદાનની યોગ્યતા અનુસાર કાર્ય થાય છે. એમ બંને પ્રકારમાં ... નક્કી થાય છે.

નિમિત્તપ્રધાન દૃષ્ટિથી જોવામાં આવે ત્યારે દવાથી મટ્યું અથવા દવા કરી તોપણ ન મટ્યું. એમ લોકો કહે છે. ... થાય છે થોડી. માણસ કહે છે, ભાઈ ! અમે બધું કરી ચૂક્યા. આપણે તો બધું કરી ચૂક્યા પણ આપણા હાથની વાત નથી. ખરેખર તો એમ જ છે. કોઈના હાથની કોઈ વખતે બાજી હોતી નથી. મટે ત્યારે પણ નહિ અને ન મટે ત્યારે પણ નહિ. એ જ પરિસ્થિતિ ...

'અમુક કર્મબંધ કેવા પ્રકારનો છે તે તથારૂપ જ્ઞાનદૃષ્ટિ વિના જાણવું કઠણ છે.' આ રોગનો કર્મબંધ કેવા પ્રકારે થયેલો છે ? કે તે પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન હોય તો જણાય. બધાને કાંઈ ખબર પડે નહિ. અથવા એ તબીબી વિજ્ઞાનના જાણકાર હોય એને એ જ્ઞાનથી જણાય કે આ પ્રકારનો રોગ થયો છે. **'એટલે ઔષધાદિ વ્યવહારની પ્રવૃત્તિ એકાંતે નિષેધી ન શકાય.'** દવાથી રોગ મટતો નથી માટે કોઈએ દવા કરવી નહિ એમ

ન કહી શકાય. એમ કહે છે. કેમકે કેટલાક રોગ એવા હોય છે કે તથાપ્રકારની ઔષધિ પ્રાપ્ત થયે એ રોગમાં અશાતામાંથી શાતાનો પ્રકાર થાય છે. પછી એનો કાળ વહેલોમોડો હોય તો વહેલુંમોડું પણ થાય. ... માટે એકાંતે ઔષધાદિ વ્યવહારની પ્રવૃત્તિ નિષેધી ન શકાય.

હવે એમાં પણ બે ન્યાય છે. '**પોતાના દેહ...**' એમાં રોગાદિ ઉત્પન્ન થયો હોય અને એક બીજાના દેહમાં-કુટુંબ, પરિવારમાં કોઈ બીજાને શરીરમાં રોગ થયો હોય, બંનેમાં એક ન્યાય લાગુ પડે નહિ. '**પોતાના દેહના સંબંધમાં કોઈ એક પરમ આત્મદષ્ટિવાળા પુરુષ તેમ વર્તે...**' જેને પરમ આત્મદષ્ટિ થઈ છે કે મારો આત્મા દેહાદિથી ભિન્ન છે. શાતા-અશાતા એની સાથે મારે કાંઈ લેવા-દેવા નથી. હું જ્ઞાતા-દષ્ટા છું. અશાતાના ઉદયકાળે પણ વેદનાનો જ્ઞાતા-દષ્ટા છું એવા કોઈ પરમ દષ્ટિવાળા જ્ઞાનીપુરુષ એમ વર્તે કે મારે ઔષધ લેવું નથી. જાવ. ઔષધ નહિ લઉં હું. ભલે રોગ શરૂ થયો. મારે ઔષધ લેવાનું નથી. '**એટલે ઔષધાદિ ગ્રહણ ન કરે તો તે યોગ્ય છે.**' તો એવી આત્મામાં સ્થિરતા રહેતી હોય અને ઔષધ ન ગ્રહણ કરે તો તે યોગ્ય છે.

'**પણ બીજા સામાન્ય જીવો તેમ વર્તવા જાય...**' ... ખબર કાઢવા જાય. સગા-સંબંધીની તબિયતની. '**તો તે એકાંતિક દષ્ટિથી કેટલીક હાનિ કરે;...**' એને કહે, તમારે દવા લેવી નહિ, હોં ! દવાથી કાંઈ મટતું નથી. વ્યાખ્યાન સાંભળીને ગયા હોય. દવાથી રોગ મટતો નથી. જાય કો'કની ખબર કાઢવા. .. દવાથી મટતો જ નથી રોગ. 'ગુરુદેવ' ના પાડે છે. કહેવાય કે ન કહેવાય ? એમ એકાંતે એને નિષેધી શકાય નહિ એમ કહે છે. તું તારા આત્મામાં સ્થિર રહેતો હોય. જ્ઞાતા-દષ્ટા .. વાંધો નથી. તારા દેહમાં પહેલા પ્રયોગ કર. તું બીજાના દેહમાં સીધો પ્રયોગ કરાવે છે. એની યોગ્યતા જોયા વગર, એનું ઉપાદાન જોયા વગર, એની સહનશક્તિ જોયા વગર ... દવાથી મટતું નથી. એમ એકાંતે નિષેધી શકાય નહિ. એમ કહેવું છે. કેવી વાત કરી છે ! ન્યાય ફરે છે. એમ એકાંતિક દષ્ટિથી વર્તવા જાય તો બીજા સામાન્ય જીવોને કેટલીક હાનિ કરે છે. એના પરિણામ બગડી જાશે, એના પરિણામ બગડી જાશે.

'**તેમાં પણ પોતાને આશ્રિત રહેલા એવા જીવો પ્રત્યે...**' એટલે કુટુંબમાં. દીકરો માંદો પડે તો એની મા કહે કે સારામાં સારા ડૉક્ટરને બોલાવો, સારામાં સારી દવા કરો. જલદી સાજો થઈ જાય. દીકરાની વહુ માંદી પડે તો કહે, કાંઈ દવાથી મટતું નથી. અમથે અમથી દવાનો ખર્ચો કરવો નકામો છે. દવાથી કાંઈ રોગ મટતા જ નથી. શાસ્ત્ર તો ના પાડે છે. ઠીક ! '**પોતાને આશ્રિત રહેલા એવા જીવો પ્રત્યે અથવા બીજા કોઈ જીવ પ્રત્યે રોગાદિ કારણોમાં તેવો ઉપચાર કરવાના વ્યવહારમાં વર્તી શકે તેવું છે...**'

ઉપચાર એનો કરાવી શકે તેવું છે '**છતાં ઉપચારાદિ કરવાની ઉપેક્ષા કરે...**' કે કાંઈ દવા કરવાની નથી. જે થાવાનું હશે તે થશે. જે કાળે જે થવાનું હોય તે થાય. ક્રમબદ્ધ પર્યાયમાં જે આવવાનું હોય તે આવે. કાંઈ દવા-બવા કરવી નથી. બીજાને માટે. '**તો અનુકંપા માર્ગ છોડી દેવા જેવું થાય.**' હવે એને જે અશાતાને લઈને દુઃખ છે એ દુઃખ સંબંધીનું પણ પોતાને દુઃખ નથી, એવો અનુકંપાનો માર્ગ છૂટી જાય. આમ છે. કેવી સંકડાશ છે ! દવાથી રોગ મટે નહિ છતાં દવા કોઈને અશાતા થઈ હોય તો દવા લેવી, ન લેવી એ બધામાં અનુકંપાનો પણ વિષય એક છે વચ્ચે. એ પણ વાત છે.

'**કોઈ જીવ ગમે તેવો પીડાતો હોય તોપણ તેની આસનાવાસના કરવાનું...**' એટલે ... કરવાનું. કાઠિયાવાડી ભાષામાં આસનાવાસના કહે છે. એવા ... કોઈ પીડાતો હોય તો એની પીડા ઓછી થાય, એને શાતા ઊપજે એવો કાંઈ પણ ઉપચાર કરો '**તથા ઔષધાદિ વ્યવહાર છોડી દેવામાં આવે...**' એને કાંઈ દવા આપશો નહિ. ભલે પીડાય. દવાથી કાંઈ મટવાનું નથી. એની અશાતાનો ઉદય મટશે તો મટી જશે. '**તો તેને આર્ત્તધ્યાનના હેતુ થવા જેવું થાય.**' એ જીવને આર્ત્તધ્યાન વધી જાય. '**ગૃહસ્થવ્યવહારમાં એવી એકાંતિક દૃષ્ટિ કરતાં ઘણા વિરોધ ઉત્પન્ન થાય.**' .. કારણો.. એટલે ગૃહસ્થની અંદર સામાન્ય વ્યવહારમાં એ રીતે બીજા ઉપર પ્રયોગ કરવા જાય તો એ દૃષ્ટિ બરાબર નથી. પોતાના ઉપર પ્રયોગ કરે. એનો કાંઈ વાંધો નથી. બે પદાર્થો ભિન્ન છે. કોઈ પદાર્થ કોઈનું કાંઈ કરતું નથી. એમાંથી એકાંત પણ થાય છે તો રાગ-દ્વેષ વધે છે. એમાંથી અનેકાંત થાય છે તો વીતરાગતા ઉત્પન્ન થાય છે. આમ છે.

'**ત્યાગવ્યવહારમાં પણ એકાંતે ઉપચારાદિનો નિષેધ જ્ઞાનીએ કર્યો નથી.**' આ તો ગૃહસ્થીનો દાખલો લીધો. હવે કોઈ ત્યાગી હોય તોપણ એણે ઔષધ ન લેવું એવો નિષેધ જ્ઞાનીઓએ કર્યો નથી. એના પોતાના પરિણામ જોઈને એણે પ્રવૃત્તિ કરવી જોઈએ. આર્ત્તધ્યાન વધે એ રીતે ત્યાગ કરવા જાય તો તે ત્યાગ યથાર્થ નથી. આ તો સીધી વાત છે. ત્યાગ કરવો છે તોપણ પરિણામની શાંતિ અર્થે કરવો છે અને ગ્રહણ કરવું છે, વિકલ્પમાં, આમ ... વિકલ્પ આવે છે, તોપણ તે પરિણામની શાંતિ અર્થે. પરિણામમાં ક્લેશ વધે કે ઘટે, દોષ વધે કે ઘટે એ હેતુ લક્ષમાં રાખીને જે કાંઈ કરવું છે તે કરવું છે. નથી કરવું તે નથી કરવું. આમ વિચારવું જોઈએ એમ કહેવું છે.

એટલે ત્યાગીઓને પણ '**ત્યાગવ્યવહારમાં પણ એકાંતે ઉપચારાદિનો નિષેધ જ્ઞાનીએ કર્યો નથી.**' રોગ થાય ત્યારે એને પણ જરાય દવા લેવી નહિ. કેમકે એ ત્યાગી થઈ ગયા છે. એમ છે નહિ. કેમકે ત્યાગી તો જ્ઞાની પણ થાય છે, અજ્ઞાની પણ

થાય છે. જ્ઞાનીમાં પંચમ ગુણસ્થાન પણ હોય અને છઠ્ઠું-સાતમું પણ હોય. ત્યાગીમાં તો. છઠ્ઠે-સાતમે પોતાને લેવાનો ભાવ આવે નહિ. પણ એને બીજા ઔષધાદિ આહારની અંદર ભેળવીને આપી દે તો એનો એને દોષ લાગતો નથી. એને ઔષધદાન કહે છે. મુનિરાજને જે આહારમાં ઔષધિ ભેળવે છે તેને ઔષધદાન કહેવામાં આવે છે. સીધી દવા તો લે નહિ. કેમકે એક જ વખત આહાર લે છે. મુનિને ચોવીસ કલાકમાં બીજી વખત આહાર-પાણી હોય નહિ. વધુમાં વધુ એક વાર.

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : હા. કોઈ એવા શ્રાવક હોય એને ખ્યાલ આવી જાય કે મુનિરાજને આવી કોઈ અશાતા વેદનીનો ઉદય વર્તે છે. મુનિરાજ તો દવા લેવાના નથી. કેમકે એને દેહાધ્યાસ છૂટી ગયો છે. ઉપરાંત આત્મસ્થિરતા પરમ આત્મદષ્ટિ વર્તે છે. અને આહાર લીધા પછી બીજી વખત એમને પાણી કે દવા કે કોઈ ચીજ લેવાનો તો પ્રશ્ન નથી. આહાર પણ નહિ અને ઔષધ પણ નહિ. એટલે આહારમાં લેવાય જાય તો લેવાય જાય. પછી તો લેવાનો પ્રશ્ન જ નથી. એ કોઈ જાણકાર શ્રાવક હોય...

મુમુક્ષુ : એને ઉદ્દેશિક ...નો દોષ ન લાગે.

પૂજ્ય ભાઈશ્રી : નહિ. ઉદ્દેશિકનો દોષ ન લાગે. એ વખતે એને વિકલ્પ આવી જાય. ઘરમાં હોય. એના માટે લેવા જાય એમ નહિ. આજે ફલાણા મુનિ આવવાના છે અને એને આવો રોગ છે માટે દવા લાવી રાખું, એમ નહિ. ઘરમાં ઔષધિ પડી હોય એને ખ્યાલ જાય કે આવી રીતે મહારાજને અશાતા વર્તે છે તો સામાન્ય રીતે તો ગૃહસ્થીના ઘરમાં દવાઓ તો હોય જ છે. નિર્દોષ. એ પણ નિર્દોષ. આયુર્વેદની. એને ઔષધદાન કહેવામાં આવે છે. એવી રીતે. આ અત્યારે ડૉક્ટરને બોલાવે અને દવા લઈ આવે અને દવા ખવડાવે અને પીવડાવે એ પ્રકાર નથી. મુનિદશામાં એ પ્રકાર છે જ નહિ. એ બધા ગૃહસ્થીના પ્રકાર છે.

'ત્યાગવ્યવહારમાં પણ એકાંતે ઉપચારાદિનો નિષેધ કર્યો નથી. નિર્ગ્રંથને સ્વપરિગ્રહિત શરીરે રોગાદિ થાય ત્યારે ઔષધાદિ ગ્રહણ કરવામાં એવી આજ્ઞા છે કે જ્યાં સુધી આર્ત્તધ્યાન ન ઊપજવા યોગ્ય દષ્ટિ રહે ત્યાં સુધી ઔષધાદિ ગ્રહણ ન કરવું, અને તેવું વિશેષ કારણ દેખાય તો નિરવદ્ય...' કેવું ? નિરવદ્ય એટલે નિષ્પાપ, અહિંસક, હિંસા કરેલું નહિ. **'ઔષધાદિ ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી,...'** એ તો જ્ઞાનીને પણ એમ છે કે પોતાને જ્યાં સુધી સ્થિરતા રહે ત્યાં સુધી તે ઔષધ ગ્રહણ કરતા નથી. એ પણ પ્રયોગ કરે છે. મારા પરિણામ કેટલા સ્થિર થાય છે. આવો રોગનો ઉદય આવ્યો છે તો એ મારા માટે એ પ્રયોગ કરવાનો અવસર આવ્યો છે.

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : હા. કરે. ...

મુમુક્ષુ : ....

પૂજ્ય ભાઈશ્રી : એ તો આ વખતે પણ ડૉક્ટરને બોલાવવાની ના જ પાડતા હતા. પહેલી વખત .. લઈ ગયા હતા. ... કાંઈ કરવું નથી. દેહ કાલ પડે કે આજ પડે એથી શું ફરક પડે છે ? કાલે દેહ પડે કે આજે દેહ પડે એથી ફરક શું પડે છે ? અહીંયાં જેને મમત્વ હોય એને દુઃખ થાય છે કે આ દેહ છોડવો નથી, આ સંયોગ છોડવા નથી, આ ઘર છોડવું નથી, આ બધા જેટલા સંગમાં છે સગા-સંબંધી એનો સહવાસ છોડવો નથી. એને દુઃખ થાય. જેને કાંઈ લેવા-દેવા નથી એને તો કાંઈ...

'અથવા યથાસૂત્ર ઔષધાદિ ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી; અને બીજા નિર્ગ્રંથને શરીરે રોગાદિ થયું હોય ત્યારે તેની વૈયાવચ્ચાદિ કરવાનો પ્રકાર જ્યાં દર્શાવ્યો છે ત્યાં કંઈ પણ વિશેષ અનુકંપાદિ દૃષ્ટિ રહે એવી રીતે દર્શાવ્યો છે.' મુનિરાજની સેવા કરવાની વાત હોય તોપણ તેમાં અનુકંપાની દૃષ્ટિ છે. **'એટલે ગૃહસ્થવ્યવહારમાં એકાંતે તેનો ત્યાગ અશક્ય છે એમ સમજાશે.'** જ્યારે મુનિદશામાં ઔષધગ્રહણનો ... છે. તો એકાંતે .. ત્યાગ કરે એ વાત તો કાંઈ શક્ય દેખાતી નથી. કેમકે એના પરિણામની, વીતરાગતાની જ મર્યાદા છે. શરીર પ્રત્યેના મમત્વનો રાગ હોય છે અને એથી આર્ત્તધ્યાન થયા વગર રહે નહિ. રાગ હોય અને પ્રતિકૂળતા ઊભી થાય એને એના રાગની જગ્યાએ દ્વેષ, આર્ત્તધ્યાન અને દ્વેષના પરિણામ થયા વગર રહે નહિ.

'તે ઔષધાદિ કંઈ પણ પાપક્રિયાથી થયાં હોય,...' હવે શું કહે છે ? કે એ ઔષધ તૈયાર કરવામાં હિંસા થઈ હોય. **'તોપણ તેથી પોતાનો ઔષધાદિપણાનો ગુણ દેખાડ્યા વિના ન રહે,...'** ભલે હિંસાથી દવા ઉત્પન્ન થઈ હોય પણ એ તો જે રોગ ઉપર જે પ્રકાર થવાનો હોય એ પ્રકારે એનો ગુણધર્મ છે એ અનુસાર કામ કરવાની, કરવાની ને કરવાની. **'અને તેમાં થયેલી પાપક્રિયા પણ પોતાનો ગુણ દેખાડ્યા વિના ન રહે.'** ઔષધિ એનો ગુણ દેખાડ્યા વગર ન રહે અને હિંસા થાય તો એનું ફળ થયા વિના ન રહે. કોઈ ક્રિયા નિષ્ફળ નથી, એમ કહે છે.

'અર્થાત્...' એનો અર્થ શું ? કે **'જેમ ઔષધાદિનાં પુદ્ગલમાં રોગાદિનાં પુદ્ગલને પરાભવ કરવાનો ગુણ છે,...'** નિમિત્ત-નૈમિત્તિક... એનામાં નિમિત્તત્વ છે ને ? ઔષધમાં નિમિત્તત્વ છે. એ પોતાનો ગુણ છે. અને રોગમાં .. એ પોતાનો ગુણ છે. **'પરાભવ કરવાનો ગુણ છે, તેમ તે કરતાં કરવામાં આવેલી પાપક્રિયામાં પણ**

પાપપણે પરિણમવાનો ગુણ છે, અને તેથી કર્મબંધ થઈ યથાવસર તે પાપક્રિયાનું ફળ ઉદયમાં આવે.' એમાં કાંઈ પાપક્રિયાનું ફળ છૂટી જાય એમ બને નહિ. ઝેર જાણીને ખાય કે ઝેર અજાણ્યે ખાય, ઝેર ખાય એ મરે, મરે ને મરે. એમ કહેવું છે. અમને ખબર જ નહોતી કે આ દવામાં આટલું પાપ થાય છે. એવું ચાલે નહિ.

'તે પાપક્રિયાવાળાં ઔષધાદિ કરવામાં, કરાવવામાં તથા અનુમોદન કરવામાં ગ્રહણ કરનાર જીવની જેવી જેવી દેહાદિ પ્રત્યે મૂર્છા છે, મનનું આકુળ-વ્યાકુળપણું છે, આર્ત્તધ્યાન છે, તથા તે ઔષધાદિની પાપક્રિયા છે, તે સર્વ પોતપોતાના સ્વભાવે પરિણમીને યથાવસરે ફળ આપે છે.' ખાય, દવા કરે, પૈસા આપીને દવા કરાવે અથવા દવા કરે કે આ ઠીક કર્યું, તમે આ દવા લીધી સારું કર્યું. મટી જાય છે. એ દવા કરવા જેવી છે. સારું કર્યું. એ બધાયના પાપનું ફળ યથાવસરે મળ્યા વગર રહેતું નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- ઈંડાનો રસ આપ્યો હતો ને ? 'ગુરુદેવશ્રી' કહેતાને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'ગુરુદેવ' એક દાખલો આપતા. ક્ષયરોગમાં ... ખોરાક અપાતો હશે. એક દરદી.. કાં કાકો-ભત્રીજો કે ભાઈ-ભાઈ હશે, બે ભાઈઓ હશે. એ મટાડવા માટે ઈંડા ખવરાવે. ઓલાને ખબર નહિ કે મારા ખોરાકમાં ઈંડાનો રસ નાખે છે. ખોરાકમાં ઈંડુ તોડીને નાખી દે છે કે દવામાં નાખી દે છે એ કાંઈ ખબર નહિ. ખબર નહિ માટે એને પાપ ન લાગે એમ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. બેય નારકીમાં ગયા. એક નારકી ગયો અને એક પરમાધામી ગયો. એલા પણ તું મને શું કરવા મારે છે ? કે તેં મને ખવરાવ્યો હતો. જેણે ખાધું એ પરમાધામી થયો અને ખવડાવ્યો એ માર ખાવાવાળો થયો. પણ મને શું કરવા મારે છે ? બેયને અવધિજ્ઞાન હોય છે. હું તો તારો ફલાણો-ફલાણો ભાઈસાહેબ તારી સેવા કરી છે. સેવા નથી કરી, તેં મને નરકમાં નાખ્યો છે. લે હવે તને ઠપકારું. તેં જ મને નરકમાં નાખ્યો છે. એમ કરીને મારે. એણે નાખ્યો નથી. ગયો છે પોતાના પરિણામે. પણ એને અજ્ઞાનમાં તો દ્વેષબુદ્ધિ આવે કે તેં આમ કર્યું મારા માટે. માટે હું તને મારું છું.

આપણે પણ કોઈ અજાણી જગ્યાએ જમવા જઈએ તો પૂછીએ છીએ કે નહિ ? શાક ભાણામાં .. ભાઈ ! શું છે આમાં ? આમાં શું શું નાખ્યું છે ? આમાં બટેટાનું કે કંદમૂળનું કાંઈ મિશ્રણ કર્યું છે ? આ ઉંધીયું ને એવું બધું બનાવે છે કે નહિ ?

મુમુક્ષુ :- પૂછવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂછવું જોઈએ. એમ ને એમ ગૃદ્ધિથી ખાવા મંડી જાય એમ

હોય નહિ.

મુમુક્ષુ :- આપણે મુમુક્ષુને જમવાનું હોય તો જમવાનું કહેવું ન જોઈએ. કહે તો એણે જૈન બનાવવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભલે કદાચ એને ખબર ન હોય કે આ નથી ખાતા. તોપણ ખાવાવાળાને તો વિવેક હોવો જોઈએ ને ? ... વાળી .. બનાવી હોય એ ન ખાય તો ક્યાં એમાં એને થઈ જવાનું છે ? નહિ ખાય તો એમાં એને કાંઈ થઈ જવાનું છે ? બસ ત્યારે. એને તો કહેવું પણ ન જોઈએ ખરેખર કે હું આ નથી ખાતો. ... આ મારે ખવાય એવી ચીજ નથી. બાજુવાળાને પૂછી લે કે આમાં શું છે ? ફરસાણમાં બટેટા નાખ્યા છે, આમાં આદુ નાખ્યું છે. બીજું ખાઈ લે. ખબર પણ ન પડે.

મુમુક્ષુ :- ...આહાર તરીકે...

પૂજ્ય ભાઈશ્રી :- .. આહાર ક્યાં રહ્યો ? ...પાપક્રિયાથી થયેલી ... આહાર ક્યાં રહ્યો ? .. એટલે શું પણ ? બટેટાના આ જીવો ન મરે એમ ? .. થઈ જાય ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જીવન જીવવા માટે નહિ. જીવન જીવવા માટે ઘણી ચીજ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : અસાધારણ કે સાધારણ. તો પછી સગવડિયો ધર્મ થયો કે નહિ ? સિદ્ધાંત ક્યાં રહ્યો ? કોઈપણ સંજોગોમાં અડગ રહેવું, અચળ રહેવું....

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તમારામાં કેવું કેવું થઈ ગયું છે એનું વર્ણન કરવા જેવું નથી રહ્યું. હવે એનું વર્ણન કરવા જેવું નથી રહ્યું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં જે .. હળવે હળવે છૂટી જાશે. એ બધા વિકલ્પ હળવે હળવે છૂટી જાશે. નવા નવા આવ્યા છો ને એટલે રહે કે હજી ઓલા લોકો આમ કરે. એ એમ જ કરવાના છે. અને એમ જ કરે. એમ ન કરે તો શું કરે ? જુઓ ! જ્ઞાન નથી, સમજણ નથી, ગ્રહિત મિથ્યાત્વ એટલે તીવ્ર મિથ્યાત્વ વર્તે છે. પછી એને બધા અપરાધ થાય તો એમાં નવું શું છે પણ હવે ? કાંઈ નવું નથી. ખાવા-પીવાના શું બધા ઠેકાણા વગરના અત્યારે કેટલા પરિણામ થઈ ગયા. શેના આધારે ટકે એ તો કહો પણ ? જ્યારે એને નિર્દોષ પરમાત્માનું અંતરંગમાં જ્ઞાન નથી, એ ટકે કોના આધારે ? અવલંબન કોનું લ્યે ? પરમાત્માનું અવલંબન મળે તો ટકી શકે એવું છે. નહિતર ટકી શકાય એવું છે જ નહિ. કોઈ જીવને. શ્વેતાબંર હો, દિગંબર હો, વૈષ્ણવ હો ગમે તે હો.

ત્યાગ કર્યો હોય, દીક્ષા લીધી હોય, સાધુ થયો હોય, ગમે તે કર્યું હોય નહિ. ટકશે કોના આધારે ? આ સવાલ છે.

મુમુક્ષુ :- દેહ પ્રત્યે મૂર્ચ્છા..

પૂજ્ય ભાઈશ્રી :- દેહ પ્રત્યે મૂર્ચ્છા છે માટે લે છે. .. નથી. .. પૂછે છે...

મુમુક્ષુ :- પાંચ મહાવ્રતમાં એક વ્રતનું ઠેકાણું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! અણુવ્રત પણ નથી. મહાવ્રત તો નથી. અણુવ્રતના પણ ઠેકાણા નથી. મહાવ્રતના ક્યાં ઠેકાણા છે ? અણુવ્રતના પણ ઠેકાણા નથી. અણુવ્રત હોય એટલે પાંચમા ગુણસ્થાને... .. જ્ઞાન તો નથી પણ જે વ્યવહાર છે એનું પણ ઠેકાણું નથી. વ્યવહારાભાસનું ઠેકાણું નથી.

મુમુક્ષુ :- શ્રાવકને કાંઈ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એક પગથિયું ચૂક્યો તો ક્યાં જઈને અટકશે એ કહેવું મુશ્કેલ છે. એમ છે. એટલે યથાઅવસર એટલે કરવું, કરાવવું, અનુમોદવું તેના ફળ આવ્યા વિના રહે નહિ.

તેવા જીવને '**અનુમોદન કરવામાં ગ્રહણ કરનાર જીવની જેવી જેવી દેહાદિ પ્રત્યે મૂર્છા છે, મનનું આકુળ-વ્યાકુળપણું છે, આર્ત્તધ્યાન છે, તથા તે ઔષધાદિની પાપક્રિયા છે, તે સર્વ પોતપોતાના સ્વભાવે પરિણમીને યથાવસરે ફળ આપે છે.**' ફળ આવ્યા વિના રહેશે નહિ. માટે જ્યાં-ત્યાં, જેને-તેને દવાનો ઉપદેશ આપવો નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. બહુ ધ્યાન રાખવાનું.

મુમુક્ષુ :- કાંઈ લેવા-દેવા નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને લેવા-દેવા નહિ. મારો અનુભવ છે, હોં ! તમે આ દવા કરજો. ભાઈ ! તારે કાંઈ નવરાશ છે ? આને માટે નવરો છો તું ? તારે કાંઈ આત્માનું કામ નથી કરવાનું ? એને તો દેહની મૂર્ચ્છા છે એ મૂર્ચ્છા તારે દઢ કરાવવી છે ? દેહની મૂર્છા છોડવાની વાત કર, કાંઈક આત્માની વાત કર. પણ દેહની મૂર્ચ્છા તને છે અને એને પણ છે, હવે એને દઢ કરાવવી છે. પોતે દઢ કરી અને એને દઢ કરાવી.

મુમુક્ષુ :- પોતાના જાણપણાનું જ્ઞાન એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાઈ છે ને ... છે. ઓલા શિયાળામાં શું લઈ આવ્યા હતા ? ચ્યવનપ્રાશ. બહુ સરસ. ઘરે બનાવ્યું. હાથે બનાવ્યું છે. ચ્યવનપ્રાશ ખાવ તો ... શરીર

સારું થઈ જાય ને ? શિયાળામાં ચ્યવનપ્રાશ ખાધો હોય તો શરીર સારું રહે. મને તો દેહની મૂર્ચ્છા છે, તમે પણ દેહની મૂર્ચ્છા દઢ કરો. સારું સારું ખાવ. ખોરાક સારો કસવાળો ખોરાક લેવો. દવા-બવા નહિ તો કાંઈ નહિ. ખોરાક કસવાળો લ્યોને, ભાઈ ! શરીર સારું રહેશે. રોગ નહિ આવે. શું કરવું છે એલા તારે ? શરીરની મૂર્ચ્છા એક તો કરી છે અને એને દઢ કરવી છે ? વધારવી છે તારે ? શું કરવું છે ? માટે એ બધા જાણપણા ઉપર ચોકડી મૂકી દેવી.

મુમુક્ષુ :- ... અવિચારીનું પરિણામ આવ્યા વગર રહે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- રહે નહિ.

મુમુક્ષુ :- અનર્થદંડ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાવ અનર્થદંડ છે. અમથો અમથો દંડાય છે પોતે. એની સાથે કાંઈ લેવા કે દેવા.

મુમુક્ષુ :- બીજા બાબતમાં સલાહ ન દેવી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક. આ બધા ખુલાસા કરી દેવા સારા. એકલી દવાની સલાહ ન દેવી કે ભણવાની પણ સલાહ ન દેવી ? તું ડૉક્ટર થાજે, તું ફલાણો થાજે, તું આટલું ભણજે, ભણીને હોંશિયાર થાજે. હવે ભાઈ એને થાવું હશે એ થાશે. એના પૂર્વ કર્મ લઈને આવ્યો છે. અમથો અમથો તું પરિણામ ... કરે છે ?

મુમુક્ષુ :- વ્યવહારધર્મ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. વ્યવહારધર્મ નથી. એ જરાય વ્યવહારધર્મ નથી. અનર્થદંડરૂપી અધર્મ છે.

મુમુક્ષુ :- ભણવાની સલાહ દે, વ્યાપારની સલાહ દે.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યાપારની સલાહ દે, ભણવાની સલાહ દે. ઠીક ! આ ધંધો કરો, આ કારખાનું કરો, આમાં અત્યારે બહુ કમાણી છે, આમાં કરવા જેવું છે. અમથો-અમથો, એને કાંઈ લેવા-દેવા ન હોય. પણ એને એમ થાય કે જો મેં સલાહ આપી હતી. એને ફાયદો થયો. એનો જશ આપણને મળ્યો. ઠીક ! ઊંડે કોઈ અભિપ્રાય કાંઈ કામ કરતા હોય એને. ઊંડે ઊંડે અભિપ્રાય ઘણા કામ કરતા હોય છે. કારણ કે એવું ક્યાંક બન્યું હોય. કાગને બેસવું ને ડાળને પડવું. કોઈકને સલાહ આપી હોય અને કાંઈક ફાયદો થયો હોય તો એ એવું પકડી રાખે કે પાછો પંદર ઠેકાણે કહેતો ફરે કે મેં આને આમ કીધું હતું ને એને આમ ફાયદો થયો. મેં કીધું હતું ને આમ થયું, મેં કીધું હતું ને આને આમ થયું. ઠીક ! મારા કહેવાથી થયું. હજી તારે કેટલું ... છે ? તે દિ' તો તેં પાપ બાંધ્યું. હવે અનુકૂળ પડ્યું તો હવે સત્તર વખત બીજી વાર બાંધવા માટે પરિણામ

કરવા માંડ્યો. ઠીક ! ગાંડાના કાંઈ ગામ જુદા હશે ? પોતે પોતાના પગ ઉપર કુહાડો મારે છે. શું કરે છે ? પોતે પોતાના પગ ઉપર કુહાડો મારે છે. બીજું બધું ઠીક, પણ આ દવાનું ઘેલું બધાને લાગે છે. જેણે દવા બહુ લીધી હોય કે ખાધી હોય. થઈ રહ્યું. એ બધાને દવાનું કીધા કરશે.

મુમુક્ષુ :- પરોપકાર નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- પરોપકાર નથી, અનર્થદંડ છે. પરોપકાર નથી પણ અનર્થદંડ છે. દેહની મૂર્ચ્છા દઢ થાય છે. પોતાને દઢ થાય છે અને સામાને પણ દઢ થાય છે. પહેલા દેહાત્મબુદ્ધિ છોડવાનો ઉપાય કરવાનો કે દેહાત્મબુદ્ધિ વધારવાનો ઉપાય કરવાનો ? અમથે અમથો કારણ વગર.

મુમુક્ષુ :- ન કહે તો અનુકંપા જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અનુકંપાનો વિકલ્પ આવે ત્યારની વાત ત્યારે. ટેવ પડી ગઈ હોય એમાં અનુકંપાનું બહાનુ પકડીને દેહની મૂર્ચ્છા ... એમ કરવું આપણે. અનુકંપા એકલી છે કે દેહની મૂર્ચ્છા સાથે સાથે છે ? આ વાત જરાક તપાસજો. પછી આગળ ચાલવું. ઠીક ! પરિણામ તો .. છે ને. બીજા છેતરાશે, પોતે તો નહિ છેતરાય ને ? પોતાના પરિણામ પોતે તપાસી લેવા.

મુમુક્ષુ :- એના અભિપ્રાયમાં આચાર્યપણું પડ્યું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આચાર્યપણું એમ ને ? એ તો પરસ્પર આચાર્યપણું કરવાની અજ્ઞાનીને ટેવ પડી ગઈ હોય છે. બીજાને ઉપદેશ દેતો જ ફરે, ઉપદેશ દેતો જ ફરે. જે બહુ બીજાને ઉપદેશ આપે છે એ ખરેખર પોતે ઉપદેશ લેવાનું ચૂકી જાય છે. દેખાવ એમ કરે છે કે મેં ઉપદેશ ગ્રહણ કર્યો છે માટે હું તમને ઉપદેશ આપું. ખરેખર એ ઉપદેશ લેવાનું ચૂકી એટલા માટે જાય છે કે એની એકાંતે પરલક્ષવાળી પરિણતિ થઈ ગઈ હોય છે. એટલે એને સ્વલક્ષ થતું નથી. મારે સુધરવાનું છે એમ બનતું નથી. આ તકલીફ થાય. એટલે પરલક્ષ એને તીવ્ર થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું ઘૂંટણ વધે કે પરલક્ષ વધે એ તપાસી લેવું.

શું કહે છે ? '**જેમ રોગાદિનાં કારણરૂપ કર્મબંધ પોતાનો જેવો સ્વભાવ છે તેવો દર્શાવે છે, જેમ ઔષધાદિનાં પુદ્ગલ પોતાનો સ્વભાવ દર્શાવે છે, તેમ ઔષધાદિની ઉત્પત્તિ આદિમાં થયેલી ક્રિયા,...**' પાપક્રિયા. '**તેના કર્તાની જ્ઞાનાદિ વૃત્તિ તથા તે ગ્રહણકર્તાના જેવા પરિણામ છે, તેનું જેવું જ્ઞાનાદિ છે, વૃત્તિ છે, તેને પોતાનો સ્વભાવ દર્શાવવાને યોગ્ય છે,...**' એટલે કે કોઈ પરિણામ અફળ નથી. જ્ઞાન જ્ઞાનના

પરિણામ, વૃત્તિ વૃત્તિના પરિણામ, પાપ પાપના પરિણામ બધા ભાવ સફળ છે. બધા પરિણામ સફળ છે. કોઈ પરિણામ અફળ નથી.

'તથારૂપ શુભ શુભ સ્વરૂપે અને અશુભ અશુભ સ્વરૂપે સફળ છે.' અનુકંપા થાય તો શુભ છે. એની મૂર્છા દઢ થાય તો અશુભ છે. અનુકંપામાં પણ ભિન્ન રહે તો અનુકંપા છે. બીજાની દયા પાળતા પણ રાગાદિથી ભિન્નપણું રહે તો અનુકંપા છે. નહિતર તો મૂર્છા થઈ જાય. દર્શનમોહ .. અનુકંપાના નિમિત્તે. 'પ્રવચનસાર'માં 'જયસેનાચાર્યે' લીધું છે. દર્શનમોહ લીધો છે. મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે અનુકંપા દર્શનમોહનું કારણ છે. છે ને ? 'પ્રવચનસાર'માં ગાથા છે. કેમ ? કે મૂર્છા દઢ કરે છે માટે. એક બાજુ કહે કે અનુકંપાનો ત્યાગ કરવો નહિ. બીજી બાજુ કહે કે દેહની મૂર્છા કરવી નહિ. હવે કરવું શું ? કે દેહની મૂર્છા પ્રથમ ત્યાગીને અનુકંપના ભાવમાં આવવાની વાત છે. મૂર્છા વધારવા માટે અનુકંપાનો ઉપદેશ છે નહિ. જૈનમાર્ગ એ લોકોત્તર માર્ગ છે. દયા તો અન્યમતવાળા પણ પાળે છે. અન્યમતવાળા દયા પાળે અને જૈનમતવાળા દયા પાળે. એમાં ફેર શું ? લૌકિક વાત નથી. આ અલૌકિક વાત છે.

મુમુક્ષુ :- ઔષધના પત્રમાં પણ કેવો બોધ !

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેટલું નોખું પાડી પાડીને સમજાવ્યું છે.

મુમુક્ષુ :- કેટલી ભૂલો ટળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રશ્ન ઊઠ્યો છે. ...ભાઈને કાંઈક પ્રશ્ન ઉઠ્યો છે. એની પત્રમાં ચોખવટ કરે છે. પ્રત્યક્ષ યોગ એટલો નથી પોતાના .. પાસે. તો પત્રની અંદર લખે છે. લખવાનો ક્ષયોપશમ અને સામર્થ્ય ઘણું છે એટલે ઘણી વાતો સ્પષ્ટ કરી શકે છે.

'ગૃહસ્થવ્યવહારમાં પણ પોતાના દેહે રોગાદિ થયે જેટલી મુખ્ય આત્મદષ્ટિ રહે તેટલી રાખવી...' જુઓ ! પહેલી આ વાત છે. મુનિની વાત તો એક બાજુ રહી, એને તો આત્મસ્થિરતા જ મુખ્ય છે. પણ **'ગૃહસ્થવ્યવહારમાં પણ પોતાના દેહે રોગાદિ થયે જેટલી મુખ્ય આત્મદષ્ટિ રહે તેટલી રાખવી...'** રોગ થાય એટલે આત્મદષ્ટિના પુરુષાર્થમાં આવવું. આ પહેલી વાત છે. રોગ થાય તે સારું કે નહિ સારું ? કહો. રોગ થાય એ સારું કે નહિ સારું ? આત્મદષ્ટિનો જેને પુરુષાર્થ કરવો છે એના માટે સારું છે. આત્મદષ્ટિનો પુરુષાર્થ કરવો છે એના માટે સારુ છે.

મુમુક્ષુ :- અવસર છે જોવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- એને અવસર છે.

'ગૃહસ્થવ્યવહારમાં પણ પોતાના દેહે રોગાદિ થયે જેટલી મુખ્ય આત્મદષ્ટિ રહે

તેટલી રાખવી અને આર્ત્તધ્યાનનું યથાદષ્ટિએ જોતાં અવશ્ય પરિણામ આવવા યોગ્ય દેખાય અથવા આર્ત્તધ્યાન ઊપજતું દેખાય તો ઔષધાદિ વ્યવહાર ગ્રહણ કરતાં નિરવદ્ય (નિષ્પાપ) ઔષધાદિની વૃત્તિ રાખવી.' ગૃહસ્થે પણ બને ત્યાં સુધી નિર્દોષ દવાઓ લેવી. જ્યાં સુધી નિર્દોષ દવાઓ મળતી હોય ત્યાં સુધી બીજી દવાઓ લેવા દોડાદોડી કરવી નહિ.

મુમુક્ષુ :- ... ખાતરી કેવી રીતે કરવી ?

પૂજ્ય ભાઈશ્રી :- પૂછવું. જેની પાસેથી દવા લે એને પૂછવું. સોનું લેવા જાય ત્યારે ખાતરી કરે છે કે નહિ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લખેલું હોય છે. દવા ઉપર Composition લખેલું હોય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. કાયદો નથી એટલે નથી લખતા. પણ આપણે પૂછવામાં કાંઈ પાપ લાગતું નથી. એને પૂછવું કે, ભાઈ ! આ હું વાપરું છું. પૂછાવી લેવું. Manufacturing company નું કાયદેસર નામ તો લખ્યું હોય છે કે નહિ ? એને કાગળ લખવો કે આની અંદર આ વપરાતું નહિ હોય કે વપરાય છે. મહેરબાની કરીને સ્પષ્ટતા કરો. અજાણી ચીજમાં ઝેરની શંકા હોય તો લે ? કદાચ આમાં ઝેર હોય. અરે..! ઘરમાં ચીજ ઉઘાડી રહી ગઈ હોય રાતે. ખાવાની ચીજ. પછી શું કરે ? એમ ને એમ ખાઈ લે છે ? બધી ચોકસાઈ કરે અને છતાં વહેમ પડે તો ફેંકી દે. કેમ ? એને પોતાને નુકસાન થાય ત્યાં ... નથી. બીજાને નુકસાન થાય તો બેદરકારી રાખવી છે. પોતાને નુકસાન થાય એને ક્યાંય બેદરકારી રાખવી નથી. તને તારી દયા છે અને બીજાની દયા નથી, એના જેવી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- અજાણી ચીજને ... અભક્ષ ગણી છે.

પૂજ્ય ભાઈશ્રી :- શાસ્ત્રમાં એ વાત સારી છે. એમાં અજાણી ચીજ ન ખાવી. આ ગમે ત્યાં કોઈવાર અજાણી ચીજ આવી જાય. આમાં આપણને ખબર નથી. અજાણી છે. આપણે મૂકી દેવી. અજાણી છે માટે ખાઈ લેવી. આપણને ખબર નહોતી, એમ ન ચાલે.

મુમુક્ષુ :- બહારની ચીજ ખાવી બંધ કરી દેવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વધારે સારી વાત છે. અહીં તો છૂટવું છે એની વાત છે.

બંધાવું છે એના માટે વાત નથી. જેને છૂટવું છે એના માટે આ બધી કથા ને વાર્તા છે. બાકી અનાદિ તો બંધાવા માટે બધું કરી ચૂક્યો છે. ઘણું રખડ્યો, ઘણો દુઃખી થયો. હવે દુઃખથી મુક્ત થવું હોય તો ઠેકાણે આવ એમ કહે છે. બાકી હજી તારે રખડવું જ હોય તો રખડ, બાપા ! એમાં તને કોઈ અટકાવી શકે એવું નથી.

એટલે તો મુખ્ય તો આત્મદૃષ્ટિ રાખવી. છતાં આર્ત્તધ્યાનનું યથાદૃષ્ટિએ .. અવશ્ય પરિણામમાં આવવા યોગ્ય દેખાય. એમ લાગે કે હવે આર્ત્તધ્યાન થઈ જશે અથવા આર્ત્તધ્યાન ઉત્પન્ન થતું દેખાય. જાગૃતિ હોય તો ખબર પડે. ... ન ખબર પડે. અરે..! પરિણામમાં આર્ત્તધ્યાન થવા માંડ્યું. તો ઔષધાદિ વ્યવહાર ગ્રહણ કરવો. પણ કેવો ? નિષ્પાપ ઔષધિને ગ્રહણ કરવાની વૃત્તિ રાખવી.

'ક્વચિત્ પોતાને અર્થે અથવા પોતાને આશ્રિત એવા...' કોઈ એક કુટુંબ-પરિવાર સભ્યના હાથે **'અનુકંપાયોગ્ય એવા પરજીવને અર્થે...'** એ પિડાતો હોય, .. હોય. **'સાવદ્ય ઔષધાદિનું ગ્રહણ થાય તો તેનું સાવદ્યપણું નિર્ઘૃંસ (ક્રૂર) પરિણામના હેતુ જેવુ અથવા અધર્મ માર્ગને પોષે તેવું હોવું ન જોઈએ, એ લક્ષ રાખવા યોગ્ય છે.'** એવી જે ઔષધાદિનું, સાવદ્ય ઔષધાદિનું ગ્રહણ થાય તો એ સાવદ્યપણું નિર્ઘૃંસના પરિણામના હેતું જેવું હોય. નિષ્ઠુર પરિણામથી તે દવા વગેરે બનાવી હોય **'અથવા અધર્મના માર્ગને પોષે તેવું હોવું ન જોઈએ, એ લક્ષ રાખવા યોગ્ય છે.'** આટલી સાવધાની રાખવી. ક્યાંય પણ ધર્મના માર્ગમાં પાપ ક્રિયાને ઉત્તેજન આપવાનો ઉપદેશ હોઈ શકે નહિ. કરવું, કરાવવું કે અનુમોદવું. આ એક સીધો સાદો સિદ્ધાંત છે. હવે એના ઉપર થોડું માર્ગદર્શન આપે છે.

'સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરુષની વાણીને કંઈ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં,...' ઠીક ! શાસ્ત્રવચન હોય, જ્ઞાનીની વાણી હોય. આમ કરવા જતા તો આમ થશે, આ વાતનો તો આવો ઉંધો અર્થ થાય છે. આમાં તો આમ નુકસાન થઈ જાય. તને અર્થ કરતા નથી આવડતું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઠીક. એક મુમુક્ષુભાઈ લીલી ડુંગળી લઈને જાતા હશે. લીલી ડુંગળીના પાછળ ડાંડલા બહાર નીકળે ને. થેલી બહાર પાંદડા નીકળેલા. બીજા કોઈ મુમુક્ષુ જોઈ ગયા. આ શું લીધું ? કે ડુંગળી લીધી. શિયાળામાં Heart માટે બહુ સારી. લસણ અને ડુંગળી Heart માટે બહુ સારી. છાપામાં આવે. ન ખવાય. તો કહે, આત્મા ક્યાં ખાઈ શકે છે ? ઠીક ! ઓલા કહે, ન ખવાય. તો કહે, આત્મા ક્યાં ખાઈ શકે છે ? ભાઈ ! જ્ઞાનીપુરુષની વાણી કોઈપણ રીતે **'એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને**

અહિતકારી અર્થમાં ઉતારવી નહીં,...' ... ન ઉતારવી. જ્ઞાનીઓએ શાસ્ત્રમાં શાસ્ત્રકારોએ આત્માનું હિત થાય એટલા માટે એ વાત લખી છે. એ હિતનો દૃષ્ટિકોણ એમાંથી સમજતા ન આવડતો હોય તો અહિતકારી અર્થમાં તો એને ઉતારવી નહિ. આટલી મર્યાદા રાખવી. કોઈપણ વચનમાં આટલી મર્યાદા રાખવી.

'એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવા યોગ્ય છે.' આવો ઉપયોગ એટલે સાવધાની. આ સાવધાની હંમેશા-સદાય રાખવા જેવી છે. ક્યાંય પણ આત્માનું અહિત ન થાય અને હિત થાય એની સાવધાની તો નિરંતર રાખવા જેવી છે. તો બચી જશે. પોતાના હિત-અહિતની ઉપેક્ષા કરશે તો કેટલું અહિત કરશે એનો પત્તો લાગશે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પડ્યો. એકાંત પકડીને ચાલ્યો હોય. એમ નથી. પોતાનું અહિત થાય, બીજાનું અહિત થાય એવું કાંઈ કરવું, કરાવવું, અનુમોદવું એવું કાંઈ કરવું જોઈએ નહિ. આ હિતનો માર્ગ છે અને હિતોપદેશ છે. શાસ્ત્રમાં તો આત્માના હિતનો ઉપદેશ છે. અહિત થાય એવો કોઈ ઉપદેશ છે નહિ. માટે એનું એ જ દૃષ્ટિએ અર્થઘટન કરવું. બીજો દૃષ્ટિકોણ હોય તો પોતાનો એ ખોટો-જૂઠો દૃષ્ટિકોણ છે એમ સમજી લેવું.

મુમુક્ષુ :- બે લીટીમાં તો સિદ્ધાંત જેવી વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગદર્શન આપ્યું કે જ્ઞાનીપુરુષની વાણીને ક્યાંય પણ અહિતકારી અર્થમાં ઉતારવી નહિ. આ એક એને મર્યાદા બાંધી દીધી. અથવા એક કાગળ એ પણ આવશે કે, જ્ઞાનીપુરુષના કોઈ વચનને લૌકિક અર્થમાં ઉતારવા નહિ. લૌકિક વાતમાં એ .. જ્ઞાની અલૌકિક ઉપદેશ આપે છે. એને અલૌકિક અર્થ ...

મુમુક્ષુ :- .. દરેક ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. પોતે હિત સાધતા સાધતા કરે છે. માટે જ્ઞાનીપુરુષના વચનમાં હિતોપદેશ રહેલો છે. એ જે રસ્તે ચાલે છે એ વાત કરે છે ને ? કોઈપણ માણસ એ તો વાત તો પોતે જે રીતે પરિણમતો હોય એ જ કરી શકે ને. બીજી રીતે કઈ રીતે કરી શકે ?

જ્ઞાની કોણ થાય છે એ તો સમજવું જોઈએ ને ? કે જેને પોતાના આત્માની પણ દયા આવી છે. અનંત કાળથી જન્મ-મરણ કરી રહેલા એવા પોતાના આત્માની પણ દયા આવી છે અને જગતના સર્વ જીવો પ્રત્યે એની સમદૃષ્ટિ છે. કોઈ જીવનું અહિત ન થાવ, કોઈ જીવને દુઃખ ન થાવ. એ બધા પરિણામ પછી જ્ઞાની થવાનો વારો આવે છે. આ તો ભૂમિકામાં, પૂર્વભૂમિકામાં આવી જાય છે. પછી જ્ઞાની થવાનો વારો આવે છે. એમ છે.

કોઈ જીવ દેવ-ગુરુ-શાસ્ત્રનો વિરોધ કરતા હોય તો 'ગુરુદેવ' પ્રવચનમાં એમ કહે, અરે..રે..! ભાઈ ! બાપુ ! તને આનાથી દુઃખ થશે. શું કહે ? તને આનાથી દુઃખ થશે. અનુકંપા ... આ કોઈને દુઃખ થાય એ કેમ ઈચ્છવા જેવું હોય ? કોઈને દુઃખ થાય એ કેમ ઈચ્છવા જેવું હોય ? પોતાનો વિરોધ કરતા હોય. એ .. ઠીક ! આમ લોકોત્તર ...

એ ૭૭૨ (પત્ર) પૂરો થયો. ૭૭૩માં પણ એવો જ કોઈ વિષય 'નવલચંદભાઈ' ઉપરનો જ પત્ર છે. અને એ વિષય પાછો ચાલુ રહ્યો છે. આ ચૈત્ર સુદ-૧૦મો પત્ર છે. ચાર-પાંચ દિવસ પછી પાછો ફરીને એ જ વિષય ઉપર ... વેદનીય કરીને ઔષધનો વિષય ચાલ્યો છે. અહીં સુધી રાખીએ...

કુટુંબ પ્રતિબંધ મિથ્યાત્વને દઢ કરે છે. જેથી પ્રાપ્ત પરમ સત્સંગ નિષ્ફળ જાય છે. સત્સંગના ચાહક જીવે કુટુંબની ચાહના મૂકવી ઘટે છે. તત્વજ્ઞાનનો અભ્યાસ કરવાવાળા જીવનું, પ્રાયઃ પરિભ્રમણ દુર્ગતિના કારણરૂપ આ મહાદોષ પ્રતિ ધ્યાન નહિ જતુ હોવાથી, તે અભ્યાસ નિષ્ફળ જાય છે. બહારમાં વ્યવસાય આદિથી નિવૃત્તિ લઈ, મોક્ષમાર્ગ પામવા, કોઈ જીવ ધર્મ પ્રવૃતિ કરે છે, આવી એક બીજુ સુંદર હોવા છતાં, બીજી બાજુ કુટુંબ પ્રતિબંધક પરિણામોનો પાડે, ધર્મ પ્રવૃત્તિના ઘાસના પુળાને ચાવી જાય છે, અને અંધજનની માફક જીવને તેની કાંઈ ખબર પણ પડતી નથી !! કુટુંબીઓ પ્રત્યે પોતાપણાથી સ્નેહ તે કુટુંબ પ્રતિબંધ છે. સંસારમાં તે સાવ સાધારણ () થઈ ગયેલ છે, જેથી તેની ભયંકરતાનો જરાપણ ખ્યાલ, તત્વના અભ્યાસી જીવોને પણ, આવતો નથી ! સ્વલક્ષના અભાવમાં, જીવ વંચનાબુદ્ધિએ ઉકત્ પ્રકારે, દુર્લભ મનુષ્યભવ મિથ્યાત્વને ટાળ્યા વિના જ ગુમાવે છે !!! (અનુભવ સંજીવની-૧૮૦૫)

પત્રાંક-૭૭૩

વવાણિયા, ચૈત્ર સુદ ૧૫, શનિ, ૧૯૫૩

શ્રી સર્વજ્ઞાય નમઃ

જે વેદનીય પર ઔષધ અસર કરે છે, તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે, એમ કહ્યું નથી, કેમકે તે ઔષધ અશુભકર્મરૂપ વેદનીયનો નાશ કરે તો અશુભકર્મ નિષ્ફળ થાય અથવા ઔષધ શુભ કર્મરૂપ કહેવાય. પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે તે અશુભ કર્મ વેદનીય એવા પ્રકારની છે કે તેને પરિણામાંતર પામવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે. મંદ કે મધ્યમ શુભ અથવા અશુભ બંધને કોઈ એક સ્વજાતીય કર્મ મળવાથી ઉત્કૃષ્ટ બંધ પણ થઈ શકે છે. મંદ કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે. તેમજ તેવા અશુભ બંધને કોઈ એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે.

મુખ્ય કરીને બંધ પરિણામાનુસાર થાય છે. કોઈ એક મનુષ્યે કોઈ એક મનુષ્યપ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કરવાથી તેણે નિકાચિત કર્મ ઉત્પન્ન કર્યું છતાં કેટલાક બચાવના કારણથી અને સાક્ષી આદિના અભાવથી રાજનીતિના ધોરણમાં તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય તેથી કાંઈ તેનો બંધ નિકાચિત નહીં હોય એમ સમજવા યોગ્ય નથી, તેના વિપાકનો ઉદય થવાનો વખત દૂર હોય તેથી પણ એમ બને. વળી કેટલાક અપરાધમાં રાજનીતિના ધોરણે શિક્ષા થાય છે તે પણ કર્તાના પરિણામવત્ જ છે એમ એકાંતે નથી, અથવા તે શિક્ષા કોઈ આગળ ઉત્પન્ન કરેલા અશુભ કર્મના ઉદયરૂપ પણ હોય છે; અને વર્તમાન કર્મબંધ સત્તામાં પડ્યા રહે છે, જે યથાવસરે વિપાક આપે છે.

સામાન્યપણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે. પણ વિશેષ દૃષ્ટિએ તો હિંસા કરતાં અસત્યાદિનું પાપ એકાંતે ઓછું જ છે એમ ન સમજવું, અથવા વધારે છે એમ પણ એકાંતે ન સમજવું. હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેના કર્તાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તેનો બંધ

કર્તાને થાય છે. તેમ જ અસત્યાદિના સંબંધમાં પણ સમજવા યોગ્ય છે. કોઈએક હિંસા કરતાં કોઈએક અસત્યાદિનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે, તેમ જ કોઈએક અસત્યાદિ કરતાં કોઈએક હિંસાનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે.

ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસાર પ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં, કોઈએક પૂર્વકર્ના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી, તે પુરુષ ગૃહસ્થાવાસમાં કુટુંબાદિના નિર્વાહ અર્થે જે કંઈ પ્રવૃત્તિ કરે છે, તેમાં તેના પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી. તે તો યથાપરિણામ બંધપણું પામે છે. કર્મના સૂક્ષ્મ પ્રકારોને મતિ વિચારી ન શકે તોપણ શુભ અને અશુભ કર્મ સફળ છે, એ નિશ્ચય જીવે વિસ્મરણ કરવો નહીં.

પ્રત્યક્ષ પરમ ઉપકારી હોવાથી તથા સિદ્ધપદના બતાવનાર પણ તેઓ હોવાથી સિદ્ધ કરતાં અર્હંતને પ્રથમ નમસ્કાર કર્યા છે.

તા. ૯-૬-૧૯૯૨, પત્રાંક - ૭૭૩ અને ૭૭૪
પ્રવચન નં. ૩૮૧

'નવલચંદ..' 'મોરબી'. આગળના પત્રમાં રોગ અને ઔષધ સંબંધીનું સ્પષ્ટીકરણ કર્યું છે એ વિષય ચાલુ છે. '**જે વેદનીય પર ઔષધ અસર કરે છે, તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે, એમ કહ્યું નથી,...**' સિદ્ધાંત (નથી). કોઈપણ ઔષધ કોઈપણ રોગને નિવૃત્ત કરી દે છે એવી તો કોઈ વસ્તુસ્થિતિ નથી. એણે બંધ કર્યો હતો એ રોગ થાય એવો બંધ કર્યો હતો. એ બંધનો નાશ કરી દે અને રોગ થવા ન દે, એમ ન બને. આ Preventive drugs કહે છે ને ? રોગ ન આવવા માટેની અગમચેતી. રોગ ઉત્પન્ન થાય એ પહેલા અગમચેતીથી લેવામાં આવતું ઔષધ. Preventive drugs કહે છે. રોકી લે. પહેલેથી રોકી લે.

કોઈ જીવે રોગ થાય એવો બંધ કર્યો હોય તો એ દવા એ બંધને નિષ્ફળ કરી દે

એમ બને કાંઈ ? તો તો પછી એણે જે પાપકાર્ય કર્યું છે એ ન ભોગવવાનો અવસર આવે. જ્યોતિષ એટલા માટે જોવડાવે છે ને ? એટલા માટે જોવડાવે છે કે ભવિષ્યમાં કોઈ મુસિબત આવવાની હોય તો અત્યારથી એને રોકી લઈએ. રોકી શકાય ? તો તો પછી કરેલા કર્મ નિષ્ફળ જાય. એવી કુદરતના ઘરમાં કોઈ વ્યવસ્થા નથી. કુદરતના ઘરમાં તો કુદરતી રીતે પદાર્થના ગુણધર્મ અનુસાર, વિજ્ઞાન અનુસાર જે કાળે, જે અવસ્થા એના પરિપક્વ કાળે થવાની તે થાય.

એટલે '**જે વેદનીય પર ઔષધ અસર કરે છે તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ જ નિવૃત્ત કરી શકે છે એમ કહ્યું નથી. કેમકે તે ઔષધ અશુભકર્મરૂપ વેદનીયનો નાશ કરે તો અશુભકર્મ નિષ્ફળ થાય...**' એણે પૂર્વે બાંધેલું અશુભકર્મ છે એ નિષ્ફળ થાય. '**અથવા ઔષધ શુભ કર્મરૂપ કહેવાય.**' કેમકે અશુભનો નાશ તો શુભ કરે છે. તો ઔષધ લેવું એ શુભકાર્ય થયું. ઔષધ લેવું એ પણ શુભ કાર્ય થયું. આ દવા લેવી, દવા ખાવી, દવા ચીંધવી એ બધા અશુભભાવ છે. શુભભાવ નથી પણ અશુભભાવ છે.

'**પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે તે અશુભ કર્મ વેદનીય એવા પ્રકારની છે કે તેને પરિણામાંતર પામવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે.**' ત્યાં એ વેદનીય અશુભકર્મ, એ વેદનીય જ એવા પ્રકારે છે કે આવું ઔષધ આવે ત્યારે એ આગળ જતા પરિણામાંતર એટલે અશાતા વેદનીયમાંથી શાતા વેદનીયમાં આવવાનું નિમિત્ત પડે. એવું જ કર્મ એણે બાંધ્યું છે. એમાં પણ કોઈને તરત, થોડી વારે, કોઈને ઘણા સમયે પરિણામાંતર થતું જોવામાં આવે છે. તરત જ શાતા થઈ જાય એવું નથી. કોઈને શાતા થવામાં સમય પણ લાગે છે, કોઈને વધારે સમય લાગે છે એવું પણ બને.

મુમુક્ષુ :– સ્વકાળ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એનો સ્વકાળ છે. આ તો એવો કોઈ બંધ હોય કે આવા ઔષધ આવતાં આ પ્રકારે એને એ બંધની નિવૃત્તિ થાય, પરિણામાંતર થાય, એ અશાતામાંથી શાતા થાય તોપણ એમાં બધો સરખો સમય હોતો નથી. એમ થવાનું હોય તો સમયાંતરના પ્રકાર હોય છે.

'**મંદ કે મધ્યમ શુભ અથવા અશુભ બંધને...**' શુભ કે અશુભ બંધ બાંધ્યો હોય, બંધાયો હોય તે મંદ હોય અથવા મધ્યમ હોય. તીવ્ર ન હોય. મંદ અને મધ્યમ એટલે તીવ્ર ન હોય. એવા '**શુભ અથવા અશુભ બંધને કોઈ એક સ્વજાતીય કર્મ મળવાથી ઉત્કૃષ્ટ બંધ પણ થઈ શકે છે.**' જે શુભ કે અશુભ બંધ બંધાયો હોય, પાછો પોતે શુભ કે અશુભ તીવ્ર પરિણામ કરે તો ઓલો મંદ કે મધ્યમ હોય એ તીવ્ર થઈ જાય, ઉત્કૃષ્ટ થઈ

જાય. એવું પણ બને છે. જેને કરણાનુયોગની ભાષામાં ઉત્કર્ષણ કહે છે.

'મંદ કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે.' શુભમાંથી અશુભ થઈ જાય. પરમાણુ બાંધ્યા હોય શુભના-શુભપ્રકૃતિના અને અશુભકર્મ વિશેષ એટલે તીવ્ર અશુભભાવ કરવાથી મંદ અને મધ્યમ હોય એ શુભબંધ અશુભબંધમાં પરિણમી જાય. પ્રકૃતિ શુભમાંથી અશુભ થઈ જાય, અશુભમાંથી શુભ થઈ જાય. પ્રતિપક્ષ કર્મ જોરદાર ભાવ થઈ જાય તો મંદ કે મધ્યમ હોય એની પ્રકૃતિ વિરુદ્ધ પણ થઈ જાય. એને કરણાનુયોગમાં પ્રકૃતિનું સંક્રમણ કહે છે. તીવ્ર થાય એને ઉત્કર્ષણ કહે છે. મંદમાંથી તીવ્ર થાય એને ઉત્કર્ષણ કહે છે. શુભમાંથી અશુભ કે અશુભમાંથી થાય એને સંક્રમણ કહે છે. અને તીવ્રમાંથી કોઈ મંદ થાય, મધ્યમમાંથી મંદ થાય તો એને ઘટે છે. અપકર્ષણ થયું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહેવું છે અહીંયાં કે પૂર્વે બાંધેલો બંધ છે એને વર્તમાન પરિણામની અસર થવા યોગ્ય છે. જો એ મંદ કે મધ્યમ હોય તો. તીવ્ર ભાવે બાંધ્યા હોય તો ફેરફાર (ન થાય). મંદ કે મધ્યમ હોય તો વધે, ઘટે અથવા પ્રકૃતિનો ફેરફાર પણ થઈ જાય. શુભમાંથી અશુભ થાય, અશુભમાંથી શુભ થઈ જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ તો ફળ થયું એનું. ભવિષ્યમાં જ ફળ આવવાનું. સ્થિતિ પૂરી થશે, .. ભવિષ્યમાં પાક આવશે ત્યારે ફળ આવશે. વર્તમાનમાં શું છે કે પૂર્વે પડેલામાં ફેરફાર થઈ ગયો ઈ ઉદયમાં આવશે. જે ફેરફાર થયું તે ઉદયમાં આવશે. ઓલું ભૂંસાઈ ગયું.

એ તો દુનિયામાં દરેક પ્રકારમાં એવું જ બને. જે બળવાન હોય એ .. બળિયાના બે ભાગ. ગુજરાતીમાં કહેવત છે કે બળિયાના બે ભાગ. નબળો હોય એનો એક ભાગ. ... એ રીતે જે પરિણામની બળવંતરતા હોય છે એ પ્રકારના ફેરફાર થાય. એટલે **'મંદ કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે.'** શુભ બાંધ્યું છે પણ તીવ્ર અશુભભાવ કરવાથી શુભ મટીને અશુભ થઈ જાય. પુણ્ય ધોવાય જાય. પાપ એવું કરે કે એનું પુણ્ય ધોવાય જાય. ઉદયમાં આવ્યા પહેલાં. એ પુણ્યનો ઉદય આવ્યા પહેલા જ એને બાંધેલા પાપનો ઉદય આવે એને. પુણ્યનો ઉદય જ ન આવે. .. ફરી જાય. **'તેમજ તેવા અશુભ બંધને કોઈ એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે.'** તેમજ તેવા અશુભ બંધને કોઈ

એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે. એટલે અશુભમાંથી શુભ થાય અને શુભમાંથી અશુભ થાય છે. એ પ્રકારના ફેરફાર થઈ શકવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મંદ કે મધ્યમ હોય તો. શું શરત લીધી ? તીવ્ર નહિ. તીવ્ર પાપ કર્યા હોય તો પુણ્યથી ન ઠેલાય. અને તીવ્ર પાપ કર્યા હોય તો પુણ્યથી ન ઠેલાય, તીવ્ર પુણ્ય કર્યા હોય તો પાપથી ન ઠેલાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમાં તો એટલો જ પ્રશ્ન છે કે શાતા-અશાતા વેદનીય કર્મનો ઉદય આવે છે તો કોઈ માણસને તે વેદનીય કર્મને દવાથી મટાડી શકાય ? એણે બંધ બાંધ્યો હોય એ છૂટી જાય ? ના. ફેરફાર થાય ? કે હા, ફેરફાર મંદ કે મધ્યમ હોય તો થાય. મંદ બંધ પડ્યો હોય, મધ્યમ બંધ હોય અને અશુભ હોય, તીવ્ર પુણ્ય કરે તો એ અશુભ પલટીને શુભ થઈ જાય. સાધારણ પુણ્ય કર્યું હોય અને તીવ્ર પાપ કરે તો એ ઉદયમાં આવે એ પહેલા એ બદલાઈને પાપ થઈ જાય. પાંચ રૂપિયા જમે કરેલા હોય અને સાત રૂપિયાની નુકસાની કરે તો બે રૂપિયાની ખોટ જાય કે નહિ ? એના જેવી વાત છે. અને પાંચ રૂપિયાની નુકસાની હોય અને સાત રૂપિયા કમાણી તો બે રૂપિયાની મૂડી થાય કે ન થાય ? બચે કે ન બચે ? આ સીધી વાત છે. પણ મંદ અને મધ્યમ પુણ્ય-પાપમાં એવું સંક્રમણ પ્રકૃતિનું થાય છે. એટલે પુણ્યે પાપ ઠેલાય, પાપે પુણ્ય ઠેલાય. પણ તીવ્ર પુણ્ય કર્યા હોય કે તીવ્ર પાપ કર્યા હોય તો એમાં ઠેલાવાપણું રહેતું નથી. એ તો ઉદયમાં આવશે, આવશે ને આવશે જ. એમાં ફેરફાર થાશે નહિ. આ સત્તામાં ફેરફાર થાય છે. પછી ઉદય આવે. એમ કહેવું છે.

મુમુક્ષુ : તપ કરવાથી નિર્જરા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી : સ્વરૂપમાં સ્થિરતારૂપ જે તપ છે એનાથી નિર્જરા થાય છે. આ જે શુભભાવથી ઉપવાસ કરે છે કે કોઈપણ તપ કરે છે એમાં જે શુભભાવ છે એનાથી નિર્જરા નથી થતી. એનાથી પુણ્યબંધ થાય છે. શુભભાવથી પુણ્યબંધ થાય છે પણ નિર્જરા નથી થતી. અથવા કોઈ મંદ પાપની પ્રકૃતિ હોય તો એ પલટીને પુણ્યપ્રકૃતિમાં અંદરને અંદર સત્તામાં ને સત્તામાં પલટાય જાય છે. આમ છે. ... પહેલા તો તપનું સ્વરૂપ શું છે એ નક્કી કરવું. લોકો અત્યારે સંપ્રદાયમાં જેને તપ કહે છે એ ખરેખર તપ નથી. પણ મિથ્યાત્વ સહિતના શુભભાવ છે. કેવા ? મિથ્યાત્વ સહિતના શુભભાવ છે. મિથ્યાત્વનું અશુભ ખોટું સાથે સાથે છે. સાથે સાથે મિથ્યાત્વનું મોટું પાપ છે. કેવું મિથ્યાત્વ છે એ ? ગ્રહિત મિથ્યાત્વ છે એ.

મુમુક્ષુ :- અનાહારી પદ પ્રાપ્ત કરવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- તપ કરે એટલે આહાર ન લે એમ કહેવું છે ને ?

મુમુક્ષુ :- અનાહારી પદ પ્રાપ્ત કરવા માટેની Practice કરવાની.

પૂજ્ય ભાઈશ્રી :- Practice માં શું કરે ?

મુમુક્ષુ :- ... તપ કરે. છોડતો જાય, છોડતો જાય...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે આહાર છોડે એટલું ને ? પણ પરિણામમાં શું થાય ?

મુમુક્ષુ :- અનાહારી પદ પ્રાપ્ત કરવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એમાં પરિણામ કેવા હોય ? અનાહારી પદ પ્રાપ્ત કરવું એ તો ધ્યેય થયું. ભવિષ્યમાં પ્રાપ્ત થાય .. અત્યારે પરિણામ એના શું થાય ?

મુમુક્ષુ :- આત્માને પ્રાપ્ત કરવાના.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માને પ્રાપ્ત કરવા માટે અત્યારે શું કરે ? એમ મારો પ્રશ્ન છે. પ્રશ્નનો ઉત્તર જોઈએ મારે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તપ કરે એટલે પરિણામ શું કરે ? તપ કરે એટલે એના ભાવ કેવા હોય ?

મુમુક્ષુ :- આત્માને અનાહારી પદ પ્રાપ્ત કરવા ...

પૂજ્ય ભાઈશ્રી :- શું ભાવ કરે ? કહો. પ્રાપ્ત કરવાના શું ભાવ કરે ? અનાહારી પદ પ્રાપ્ત કરવાના શું ભાવ કરે ? કહો. આ તો સવાલ છે. આ તો રહસ્ય છે જૈનદર્શનનું.

મુમુક્ષુ :- આત્મા તો અનાહારી છે જ.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા અનાહારી છે. જેવો અનાહારી છે એવો જ ભાવવામાં આવે. કેવા ભાવે ભાવવામાં આવે ? શુભભાવે નહિ. એમાં બે પ્રકાર છે. એવો શુભ વિકલ્પ પણ થાય કે હું અનાહારી છું. મારે આહાર લેવાનો પ્રશ્ન નથી. કારણ કે હું અનાહારી છું. એવો વિકલ્પ છે તે શુભભાવ છે. અને અનાહારીસ્વરૂપ છે, વીતરાગભાવસ્વરૂપ છે એવા ભાવમાં સદશભાવે તન્મય થઈને વીતરાગભાવમાં સ્થિર થાય તો એ માર્ગ છે, એ વિધિ છે, એ ઉપાય છે. શુભભાવ થાય, વિકલ્પ થાય તો પુણ્યબંધ થાય. વીતરાગભાવ થાય તો કર્મની નિર્જરા થાય અને અનાહારીપદ પ્રગટ થાય. એમ છે.

મુમુક્ષુ :- ...ઇ પહેલાં મારે કરી લેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હજી તો શ્રદ્ધા શું છે એ ખબર નથી, જ્ઞાન શું છે એ

ખબર નથી, જ્ઞાનમાં અનાહારી પદ કેવું હોય એ જ્ઞાનમાં ભાસતું નથી, જણાતું નથી અને અનાહારી પદ કરવા માટે મારે આહાર નથી લેવો. એ શુભવિકલ્પ થયો. એનાથી પુણ્યબંધ થાય છે. એનાથી કાંઈ અનાહારી પદ પ્રગટ થાય નહિ. એમ છે.

મુમુક્ષુ :- લડુ ખાના ઔર મોક્ષ મેં જાના, ... શક્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં ક્યાં લડુ ખાવાની વાત કરી છે.

મુમુક્ષુ :- ખાતા ખાતા કઈ રીતે અનાહારી પદને પહોંચે ?

પૂજ્ય ભાઈશ્રી :- ખાતા ખાતાનો પ્રશ્ન જ નથી. જ્યારે સ્વરૂપમાં જીવ નિર્વિકલ્પ થાય વીતરાગભાવમાં, શુદ્ધોપયોગમાં ત્યારે એને કોઈ મન-વચન-કાયાની પ્રવૃત્તિ હોતી નથી. પછી ખાતો ખાતો જાય એ પ્રશ્ન ક્યાં રહ્યો ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધોપયોગમાં આવવા માટે શુદ્ધોપયોગનો પુરુષાર્થ કરવો પડે. બીજો પુરુષાર્થ કરવાથી શુદ્ધોપયોગ થાય એમ નથી. શુભોપયોગનો પુરુષાર્થ કરવાથી શુદ્ધપયોગ થાય એમ નથી. આ તો એનું આખું Science સમજવું પડે એવું છે કે કયા પરિણામનું કારણ શું છે ? કયા પરિણામનું કારણ શું છે ?

મુમુક્ષુ :- વીતરાગ દશા પ્રાપ્ત કરવાની.

પૂજ્ય ભાઈશ્રી :- વીતરાગ દશા પ્રાપ્ત કરવા માટે પહેલા દર્શનમોહને મટાડવો જોઈએ. પહેલા શુભભાવ કરે માટે વીતરાગભાવ પ્રગટે એમ નથી. પહેલા દર્શનમોહ મટે પછી ચારિત્રમોહ મટે. 'હણે બોધ વીતરાગતા.' દર્શનમોહ, ચારિત્રમોહ બે મોહ છે. (એમાં) પહેલા મોહને હણવા માટે બોધ એટલે જ્ઞાન જોઈએ. જુઓ ! જ્ઞાનને સાધન કહ્યું. મોહ છે એ બે પ્રકારના છે : 'દર્શન ચારિત્ર નામ' 'હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ.' 'આત્મસિદ્ધિ'માં લીધું. દર્શનમોહને હણવા માટે બોધ એટલે આત્મજ્ઞાન જોઈએ અને ચારિત્રમોહને હણવા માટે વીતરાગતા જોઈએ. ક્યાંય શુભભાવ જોઈએ એવું આવ્યું ? બતાવો જોઈએ. શુભભાવ તો એક રાગ છે. રાગને મટાડવા રાગ, લોહીને મટાડવા લોહી, લોહીનો ડાઘ કાઢવા માટે લોહી કામમાં આવે નહિ, પાણી જોઈએ, એમ કહેવું છે.

મુમુક્ષુ :- ચાર કષાય ચાલુ હોય અને ધર્મ થઈ શકે ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચારેય ચોકડી ચાલુ હોય ત્યાં સુધી ધર્મનો અભાવ રહે. ધર્મનો સદ્ભાવ ન થાય. પ્રથમ ધર્મનો સદ્ભાવ અનંતાનુબંધીનો પહેલો કષાય જાય ત્યારે છે. ત્યાં સુધી થાય નહિ. એ કષાય જવા માટે પહેલો જ્ઞાનમાં અભિપ્રાય બદલાય. પહેલા જ્ઞાનમાં અભિપ્રાય બદલાય જાય. પછી બધી વાત આગળ ચાલે. જ્યાં

સુધી અભિપ્રાય જૂનો બદલાય નહિ ત્યાં સુધી ગમે તે કરી કરીને સુકાઈ જાય કે મરી જાય, કાંઈ થાય નહિ. કોઈ લાભ ન થાય. કેમકે અભિપ્રાયનો વિપર્યાસ ઊલટો પડ્યો છે. એ વિપર્યાસ મટે નહિ ત્યાં સુધી કોઈ પરિણામ સફળ થતા નથી. એવું છે. છે, થોડું ફેરફારવાળું છે. જે એની કાર્યની પદ્ધતિ એ કાર્યપદ્ધતિ સમજ્યા વિના જરાપણ ફેરફાર થાય એટલે જીવ માર્ગ છોડીને ઉન્માર્ગે ચાલ્યો જાય છે. એમ બને છે.

'મુખ્ય કરીને બંધ પરિણામાનુસાર થાય છે.' બંધનો નિયમ શું છે ? પરિણામે બંધ. મુખ્ય કરીને બંધ છે તે પરિણામ અનુસાર થાય છે. **'કોઈ એક મનુષ્યે કોઈ એક મનુષ્યપ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કરવાથી તેણે નિકાચિત કર્મ ઉત્પન્ન કર્યું...'** ખૂન કર્યું. કોઈ એક મનુષ્યે કોઈ એક મનુષ્યપ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કર્યો. અંદર ખૂન કરવાના પરિણામ કર્યા. **'તેણે નિકાચિત કર્મ ઉત્પન્ન કર્યું...'** એવા જે આકરા પરિણામ કર્યા એને લઈને એણે નિકાચિત કર્મનો બંધ કર્યો છે. એ સાધારણ મંદ કે મધ્યમ નથી પરિણામ. તીવ્ર પરિણામ છે.

'છતાં કેટલાક બચાવના કારણથી અને સાક્ષી આદિના અભાવથી રાજનીતિના ધોરણમાં તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય...' Court ની અંદર કદાચ એને પુરાવા ન મળે, સાક્ષી ન મળે તો Court એને છોડી મૂકે. કેમકે ન્યાયાધીશનું જ્ઞાન એવું મર્યાદિત છે અથવા એ એવો ન્યાય કરવા માટે બંધાયનો બેઠો છે કે એને પુરાવા-સાક્ષી મળે તો જ માનવાનું અને નહિતર માનવાનું નહિ. એને ખબર હોય કે આણે ખૂન કર્યું છે તોપણ. ઘણીવાર એવું બને છે. Judge ને ખબર હોય કે આણે ગુનો કર્યો છે. છતાં સાક્ષી-પુરાવા ન મળે તો એને છોડી મૂકવો પડે. Judge ને ખબર હોય કે આણે ગુનો કર્યો નથી, આ માણસ નિર્દોષ છે. પણ સાક્ષી-પુરાવા સામે કોઈએ એવા મજબુત ઊભા કર્યા હોય તો એને ... સજા. જાવ, નિર્દોષને પણ (સજા). કેમકે એ કાયદાથી બંધાઈને બેઠો છે. એને ખબર હોય છતાં. આ તો Judge એ અંદરોઅંદર વાત કરેલી એ બધી સાંભળેલી છે. મારા માસીના દીકરા ભાઈ Judge હતા. ... અમે બેસીએ ત્યારે આ બધી ચર્ચા અમે કરીએ. અમને ખબર હોય પણ શું કરીએ ? અમારા હાથ બંધાયેલા છે. અમે કાંઈ સ્વતંત્ર રીતે ન્યાય આપતા નથી. કાયદા પ્રમાણે ન્યાય આપવો પડે. નહિતર અમારા માથે પણ Checking થાય છે, ઉપલી Court માં કે આ કેવા Judgement$ આપે છે ? ... આવે છે કે કાંઈક કાયદો સમજીને આપે છે ? એના ઉપર .. મળે, Promotion મળે. એ તો જેવા જેવા હોંશિયાર હોય એ પ્રમાણે એને આગળ લે.

મુમુક્ષુ : ... જજ છે.

પૂજ્ય ભાઈશ્રી : એ તો ગમે તે હો. એને તો પોતાને કુદરત શું છે અને લૌકિક શું છે અને અલૌકિક શું છે એટલો ફેરફાર હોય. લૌકિકમાં તો ગુનેગાર પણ છૂટી જાય.

'તેથી કાંઈ તેનો બંધ નિકાચિત નહીં હોય એમ સમજવા યોગ્ય નથી,...' માટે એને સજા નહિ થાય, કુદરતના ઘરમાં સજા નહિ થાય એમ કાંઈ માનવા જેવું નથી. **'તેના વિપાકનો ઉદય થવાનો વખત દૂર હોય તેથી પણ એમ બને.'** એ એણે જે બંધ બાંધ્યો છે એની સ્થિતિ હજી પાકવાને વાર છે માટે અત્યારે છૂટી જાય છે. અત્યારે કેમ એને સજા થતી નથી પકડાણો તોપણ ? આવું પેલા ઉપર આરોપનામું કર્યું તોપણ કેમ સજા ન થઈ ? કે હજી એ બંધના ઉદય આવવાની સ્થિતિ પાકી નથી. વિપાક સમય નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ દૃષ્ટાંત એવી રીતે આપતા હતા. એક માણસ એક ખૂન કરે છે. એક માણસ બોમ્બ નાખીને હજારોને મારી નાખે છે. હવે એ પકડાય, બેય પકડાય. લૌકિકમાં તો બેયને સજા સરખી મળે. કુદરતના ઘરમાં એવું નથી. કુદરતના ઘરમાં તો હજાર માર્યા એને હજાર વાર નરકમાં મારશે. એક વાર માર્યો એને એકવાર મારશે. અથવા જે રીતે એના કર્મ હશે (તે પ્રમાણે થશે).

મુમુક્ષુ :- નરકગતિ છે એની સાબિતી છે.

પૂજ્ય ભાઈશ્રી :- નરકગતિ છે એની સાબિતી એટલા માટે છે કે અહીંયાં લૌકિકમાં વ્યવસ્થા નથી. હજાર માણસને મારવાનો કે હજાર વાર ફાંસી દેવાની અહીંયાં કોઈ વ્યવસ્થા નથી. એ કાંઈ ન્યાય નથી કે હજારનો અપરાધ કરે અને એક જણનો અપરાધ કરે તો બેયને સરખો દંડ દેવો એ કોઈ ન્યાયનો વિષય નથી. તો પણ કરે શું ? લૌકિકમાં ન્યાયની એથી વધારે વ્યવસ્થા છે નહિ.

'વળી કેટલાક અપરાધમાં રાજનીતિના ધોરણે શિક્ષા થાય છે તે પણ કર્તાના પરિણામવત્ જ છે એમ એકાંતે નથી,...' અત્યારે જે એને શિક્ષા થઈ એ એને દોષિત હતો માટે થઈ છે એમ નથી. હોય નિર્દોષ અને શિક્ષા થાય. એ પૂર્વ કર્મનો ઉદય છે એને. અત્યારે તો એણે કાંઈ અપરાધ નથી કર્યો. છતાં શિક્ષા થાય. **'અથવા તે શિક્ષા કોઈ આગળ ઉત્પન્ન કરેલા અશુભ કર્મના ઉધયરૂપ પણ હોય છે;...'** એ ભૂતકાળમાં બાંધેલા કર્મનો ઉદય આવ્યો છે. **'અને વર્તમાન કર્મબંધ સત્તામાં પડ્યા રહે છે, જે યથાવસરે વિપાક આપે છે.'** એમ પણ બને છે. આ કરણાનુયોગનો થોડો વિષય ચાલ્યો છે, પત્રોની અંદર.

'સામાન્યપણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે.' માણસ જૂઠું બોલે

એના કરતાં કોઈના પ્રાણની હિંસા કરે એનું પાપ વધારે છે. '**પણ વિશેષ દૃષ્ટિએ તો હિંસા કરતાં અસત્યાદિનું પાપ એકાંતે ઓછું જ છે એમ ન સમજવું, અથવા વધારે છે એમ પણ એકાંતે ન સમજવું.**' હવે આ કેવું Flexible છે. આમાં એકાંત કામ આવે એવું નથી. અસત્યનું પાપ કોઈવાર હિંસા કરતા પણ વધી જાય અને કોઈવાર હિંસા કરતાં ઓછું પણ હોય. એ કેવું અસત્ય, ક્યા પ્રસંગે, કેવા પ્રકારનું અસત્ય બોલ્યો એના ઉપર આધાર છે. એક માણસ અસત્ય બોલે અને ઘણા જીવોની હિંસા થઈ જાય. અસત્ય બોલવામાં. એ તો અસત્ય જ બોલ્યો છે. એ અસત્યનું પાપ એને હિંસા કરતા પણ વધારે છે. સામાન્ય રીતે ઓછું છે. એમ એકાંત ન લેવું.

'**હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ...**' આ જૈનદર્શનમાં ગણિતાનુયોગ પણ વિચારવા જેવો છે. એમાં બધે એક લાકડીએ કાયદો હાંકે એવું બને એવું નથી. '**હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેના કર્તાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તેનો બંધ કર્તાને થાય છે.**' એકાંતે નહિ. જે હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે અને હિંસા જેણે કરી છે એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ છે, એ બંનેને તોળીને અહીંયાં બંધ પડે છે. હિંસા કરનારને એ રીતે બંધ પડે છે. સરખો પડતો નથી. આવે છે ને. તાંદુલિયા મચ્છનો દૃષ્ટાંત. મગરમચ્છને બંધ પડે છે, હિંસા કરે છે એના કરતાં એની પાપણમાં બેઠો છે એને વધારે બંધ પડે છે. ઓલો સાતમી નારકીએ જાય છે. ઓલો સાતમી નારકીએ નથી જતો. એના પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોતા એનો બંધનો નિર્ણય થાય છે. દેખાવ પ્રમાણે, બાહ્ય પરિસ્થિતિ પ્રમાણે એકાંતે એનો કોઈ નિર્ણય કરી શકાય નહિ. '**તેમ જ અસત્યાદિના સંબંધમાં પણ સમજવા યોગ્ય છે.**' એ રીતે અસત્ય પણ કેવડું છે અને કેટલું છે ? એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ શું છે ? એમાં પણ વિચાર કરવાની એ જ રીત રહેલી છે.

મુમુક્ષુ :- નાના જીવને બચાવવો તો ...

પૂજ્ય ભાઈશ્રી :- .. એમ કહે છે કે, તમે જૈન લોકો પાણી પણ ગાળી ગાળીને પીવો છો પણ કોઈનું લોહી પીવું હોય તો અળગણ પીવો છો એમ કહે છે. શું કહે છે ? આ વર્તમાન કેહવાતા જૈનોની સમાજમાં છાપ છે. જે બધા જૈનો કહેવાય છે એના કાર્યોની છાપ આવી છે. પાણી ગળીને પીવો છે પણ લોહી તો અળગણ પીવો છો એવા તમે ક્રૂર પરિણામી છો.

'**કોઈએક હિંસા કરતાં કોઈએક અસત્યાદિનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંતગુણ વિશેષ પર્યંત થાય છે. તેમ જ કોઈ એક અસત્યાદિ કરતાં કોઈ એક હિંસાનું ફળ એક ગુણ, બે ગુણ કે અનંત ગુણ વિશેષ પર્યંત થાય છે.**' એમાં Double

થાય, એટલું ને એટલું થાય, બમણું થાય કોઈપણ .. ગણું થાય. પચાસ ગણું થાય, સો ગણું થાય, હજાર ગણું થાય. બેય સામે સામે છે. એમાં એકાંત લેવાતો નથી. આવું કરણાનુયોગનું સ્પષ્ટીકરણ આપ્યું છે. હવે થોડું માર્ગદર્શન આપે છે.

'ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસાર પ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં,...' ઉદાસીનતા. પરિણામમાં ઉદાસીનતા આવી છે અને એ ઉદાસીનતાના કારણે વારંવાર ત્યાગ કરવાના ભાવ પણ રહ્યા કરે છે. **'છતાં, કોઈએક પૂર્વકર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી,...'** જ્ઞાની હોય, ઉદાસીન હોય. પોતાની જ વાત લ્યોને. ઉદાસીન છે. વારંવાર ગૃહસ્થવાસ છોડી દેવાના ભાવ યુવાનીમાં આવ્યા હતા. ૩૦ વર્ષ પહેલાં બધા યુવાન જ ગણાય ને. ૨૩-૨૪ વર્ષથી વૈરાગ્ય થઈ ગયો છે.

'છતાં, કોઈએક પૂર્વકર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થવાસ ત્યાગી શકતા નથી, તે પુરુષ ગૃહસ્થવાસમાં કુટુંબાદિના નિર્વાહ અર્થે જે કંઈ પ્રવૃત્તિ કરે છે,...' હવે અહીંયાં પોતાની વાત ... છે. **'તેમાં તેના પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય.'** બધાને એકસરખો ન થાય. સામાન્ય માણસ પણ કુટુંબ નિર્વાહ અર્થે ધંધો-વેપાર કરે અને જ્ઞાની પણ ધંધા-વેપારમાં બેઠેલા હોય કે જેને ...

એક Line માં બધા જમવા બેઠા હોય. એટલે બધાનું એકસરખું .. છે ? ... કોઈને દાળ પીરસે અને બીજાને નથી દેતા એવું કાંઈ નથી. જેટલી રસોઈ બની છે એ બધાને એકસરખી પીરસાય છે. હવે જમવાના બધાના પરિણામ એકસરખા છે ? નહિ. કોઈ તીવ્ર રસથી જમે છે, કોઈ મંદ રસથી જમે છે. કોઈ અરસ પરિણામે પણ જમતા જોવામાં આવે છે. દેખાવમાં ગમે તેમ લાગે. નિરસ પરિણામ હોય.

મુમુક્ષુ :- .. ની એક ને એક જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ એકની એક છે. ચીજ પ્રમાણે બંધ નહિ થાય. પરિણામે બંધ થશે. મુખ્ય કરીને બંધ પરિણામ અનુસાર થાય છે. આ સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સારું છે, સારું છે એમ કરીને બહુ સરસ, બહુ સરસ. આજે તો .. છે. કાં તો આજે બગડ્યું છે, ... બગડ્યું છે, આ બરાબર નથી, આ બરાબર નથી. બેય સરખા છે. કેવા ? બેય સરખા છે. એક વખોડે છે અને વખાણે છે. એ બંને સરખા જ છે. એકને રાગ થાય છે, એકને દ્વેષ થાય છે. ચીજ સારી પણ નથી અને ચીજ ખરાબ પણ નથી. કઢી બહુ ખાટી છે. આપણને આવી કઢી ન ફાવે. ઓલો કહે આપણને તો આવી જ ફાવે. લ્યો, ઠીક ! હવે સારી કહેવી ? કે ખરાબ કહેવી ? જેને

ખાટું ભાવે એ શું કહે કે આ તો બહુ સરસ થઈ છે. આવી ખાટી જ હોય કઢી, આનું નામ કઢી કહેવાય. ઓલો કહે, આવી તે ખાટી હોય ? આપણું કામ નહિ. આ કઢી આપણને ન ભાવે. કઢી સારી કે કઢી ખરાબ ?

આપણે 'સોનગઢ'ની સમિતિમાં જમવાનો કકળાટ કરે. મુમુક્ષુઓ બધા જમવા આવે. મુમુક્ષુએ તો કકળાટ ન કરવો જોઈએ. પણ છતાં કરે છે એટલે કહું છું. ભાઈ ! શું કહે ? કેટલાકને આમ ફાવતું નથી, કેટલાકને આમ ફાવતું નથી. કોઈને કેવું ફાવતું હોય અને કોઈને કેવું ફાવતું હોય. હવે ત્યાં પચાસ માણસ માટે કાંઈ જુદી જુદી જાતની, પાંચ-દસ જાતની તો રસોઈ બને નહિ. એક જાતની બહુ બહુ તો બે જાતની બને કે મરચું ઓછું અને મરચું વધારે. પણ મીઠું તો જેટલું નખાતું હોય એટલું જ નખાય. કોઈને મીઠું ઓછું જોઈએ. આ મને ખારુ લાગે છે. મને ... અહીંયાં રસોઈ બરાબર બનતી નથી. એટલે એમાં એ જાતની રસોઈ ચીજ જ એવી છે કે વધારે જમનારા હોય તો એનો કચકચાટ થયા વગર રહે નહિ. એમાં રસોડું ચલાવનારને કોઈ દિવસ જશ મળે નહિ. અપજશનું ખાતુ છે.

અમારે ચર્ચા એ ચાલી હતી. અપજશનું ખાતુ છે આ. કેમ ? કે કો'ક તો ગડબડ કરવાનું. મનુષ્ય સ્વભાવ એવો છે. મનુષ્ય સ્વભાવ કેવો છે ? કે જે કોઈ પરિસ્થિતિ ચાલતી હોય એ પરિસ્થિતિની ટીકા કરવી. અંગ્રેજીમાં એની કહેવત છે. To murmur against the present. વર્તમાન પરિસ્થિતિની સામે બણબણાટ-ગણગણાટ કર્યા જ કરે માણસ. આ મનુષ્ય સ્વભાવ છે. આ આમ ન થવું જોઈએ અને આ આમ થવું જોઈએ. કોઈપણ પરિસ્થિતિમાં આ આમ ન થવું જોઈએ અને આ આમ થવું જોઈએ. યોગ્ય-અયોગ્યતાનો વિચાર કર્યા વિના સામાન્ય મનુષ્ય સ્વભાવ એવો છે. એટલે એમાં બધાને કોઈ એક માણસ સંતોષ આપી શકે એવું કદિ બની શકે નહિ.

શું કહે છે અહીંયાં ? **'તેમાં તેનાં પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી...'** હવે ક્યાં જીવ છેતરાય છે ? કે પોતાને મોહ હોય છતાં અનુકંપા માને. એનો કુટુંબનો મોહ હોય. .. અનુકંપા માટે હું વેપાર કરું છું. નહિતર તો બિચારા દુઃખી થઈ જાય. જો હું રળીને ન દઉં તો બધા દુઃખી દુઃખી થાય. માટે એની પણ મારે દયા રાખવી જોઈએ. હોય પોતાનો મોહ. મારા છે માટે એને ... **'મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી...'** પોતે જ પોતાના પરિણામ કષાયથી, પ્રમાદથી ચાહે છે. અમે શું કરીએ ? ભાઈ ! અમારે ઉદય છે. ભોગાદિ કર્મનો. ભોગાદિ કર્મનો અમને ઉદય છે. પણ ભોગાદિ નામનું કોઈ કર્મ જ નથી હવે. તું તારા કષાયથી અને પ્રમાદથી પરિણામ કરે છે તે જોતો નથી.

અને અમારે આ ઉદય છે. શું કરીએ ? ઉદયમાં તો પછી કરવું જ પડે. એમ **'માનવાથી કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી.'** કર્મ નહિ છેતરાય.

તું કદાચ બીજાને બીજી વાત કરીશ તો સામો માણસ છેતરાશે. સામા માણસનો આત્મા ભૂલ ખાશે. પણ જડકર્મ ભૂલ ખાશે નહિ. ચેતન ભૂલ ખાય. ચેતન ભૂલે, જડ ન ભૂલે એમ કહે છે. ઓલું Machine આવે છે ને ? કારખાનામાં Machine આવે છે. એના Numbring .. જાય. આ ... આવે છે કે નહિ ? ... કેટલી .. ચાલી. Machine ન છેતરાય. માણસને જો ગણવા બેસાડો તો ગણવામાં ભૂલી જાય. મશીન છેતરાય નહિ. બધા Machine અત્યારે Counting machine સાથે આવે છે. ... લેવા નહિ. એનું Metere મૂકી દે એટલે એક હજાર કરવાના હોય એટલે એક હજાર થાય ને અટકી જાય. એમાં ૯૯૯ ન થાય અને ૧૦૦૧ ન થાય. માણસને ગણવા બેસાડો તો કદાચ ભૂલ થઈ જાય. એટલે એનો ઉપયોગ રહે ન રહે. જડને કાંઈ આવું છે નહિ. એ તો એ જ પ્રમાણે જે ગોઠવ્યું હોય એ પ્રમાણે ગોઠવાઈ ગયું. જાવ.

એમ કર્મનું એવું જ છે. અંદરના પરિણામ સારા ન હોય અને બહારનો દેખાવ કરે કે મારા પરિણામ સારા છે. એવી રીતે જડકર્મ છે એ ભૂલ ખાતું નથી. બોલતો હોય ખોટું અને કહે કે હું સાચું બોલુ છું. જરાય મારી વાત ખોટી નથી. કર્મ છેતરાશે નહિ.

મુમુક્ષુ :- ઈશ્વરની સાક્ષીએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઈશ્વરની સાક્ષીએ સોગંદ દઈને પછી હળાહળ ખોટું બોલે.

મુમુક્ષુ :- કર્મ છેતરાશે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મ છેતરાશે નહિ.

મુમુક્ષુ :- સર્વજ્ઞ ભગવાન નહિ છેતરાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એક સર્વજ્ઞ નહિ છેતરાય અને એક કર્મ નહિ છેતરાય. બાકી બધા છદ્મસ્થ છેતરાશે. બીજા કોઈ છેતરાશે નહિ.

'મોહ છતાં અનુકંપા માનવાથી કે પ્રમાદ છતાં ઉદય માનવાથી કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી. તે તો યથાપરિણામ બંધપણું પામે છે.' જેવા પરિણામ .. બંધ થયા વગર રહેશે નહિ. Automatic છે. **'કર્મના સૂક્ષ્મ પ્રકારોને મતિ વિચારી ન શકે...'** જે કર્મ બંધ થાય છે તેના સૂક્ષ્મ પ્રકારો છે એને કદાચ સ્થૂળબુદ્ધિથી વિચારી ન શકાય. સર્વજ્ઞના જ્ઞાનમાં તો આવી જાય છે. પણ મતિ એટલે સ્થૂળ બુદ્ધિમાં એ વિચાર થઈ શકતો નથી, ન થઈ શકે. **'તોપણ શુભ અને અશુભ કર્મ સફળ છે,...'** કાં તો પરિણામ શુભ હોય, કાં તો પરિણામ અશુભ હોય. તે બધા સફળ છે. સંસારમાં ફળ દેવા માટે એ બધા શુભાશુભ કર્મ સફળ છે. કોઈ પરિણામ અફળ નથી. **'એ નિશ્ચય**

જીવે વિસ્મરણ કરવો નહીં.' એ નિશ્ચય જીવે ભૂલવા જેવો નથી કે જેવા પરિણામ થાશે એવો કર્મબંધ થવાનો જ છે. આપણે કોઈને છેતરીએ પણ કર્મ છેતરાવાના નથી.

'પ્રત્યક્ષ પરમ ઉપકારી હોવાથી તથા સિદ્ધપદના બતાવનાર પણ તેઓ હોવાથી સિદ્ધ કરતાં અર્હંતને પ્રથમ નમસ્કાર કર્યો છે.' પ્રત્યક્ષ-પરોક્ષ. સિદ્ધ ભગવાન તો અર્હંત ભગવાન કરતાં ઉચ્ચ કોટીની દશાએ બિરાજમાન છે તોપણ એ પ્રત્યક્ષ ઉપકારી થાય છે. અરિહંત પરમાત્મા પ્રત્યક્ષ ઉપકારી થાય છે. સિદ્ધ પરમાત્મા કોઈને પણ પ્રત્યક્ષ ઉપકારી થતા નથી. તેથી અને જે સિદ્ધ પદના બતાવનાર હોવાથી. સિદ્ધપદ આવું હોય, નિર્વાણપદ આવુ હોય, ધ્યેય આવું હોય. .. પ્રકારે છે. એવું બતાવનાર પણ તે અરિહંત પરમાત્મા જ હોવાથી. પ્રથમમાં પ્રથમ, હોં ! **'સિદ્ધ કરતાં અર્હંતને પ્રથમ નમસ્કાર કર્યા છે.'** સિદ્ધને નમસ્કાર નથી કર્યા પણ અરિહંતને પહેલા નમસ્કાર કર્યા છે.

મુમુક્ષુ :- એક જીવ સિદ્ધમાં જાય ત્યારે ... નો એક જીવ આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં એકની સામે એકનો મેળ નથી પણ ૬૦૮ની સામે ૬૦૮નો મેળ છે. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવો મનુષ્યમાંથી-મનુષ્યલોકમાંથી નિર્વાણને પ્રાપ્ત થાય છે અને ૬૦૮ જીવ નિત્ય નિગોદમાંથી ઈતર નિગોદમાં .. રાશિમાં આવે છે. પરિભ્રમણમાં આવે છે. ...

મુમુક્ષુ :- .. પત્રમાંથી ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એટલે એમ કહ્યું, કે નીચેના પદવાળા હોય તોપણ, મોક્ષમાર્ગી ધર્માત્મા નીચેના પદવાળા હોય તોપણ જો એ પ્રત્યક્ષ હોય તો ઊંચા પદવાળા કરતાં, પરોક્ષ એવા ઊંચા પદવાળા કરતાં પણ પ્રત્યક્ષ એવા નીચા પદવાળા ઉપકારી થાય છે. જીવને વર્તમાનમાં લાભનું કારણ થાય છે. માટે એને પોતાના ઉપકારનું કારણ જાણીને એના પ્રત્યે ભક્તિ કરવા યોગ્ય છે. આમ લેવું. આશય એ લેવો છે.

મુમુક્ષુ :- પારમાર્થિક રહસ્ય નવકાર મંત્રમાં છપાયેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- નવકાર મંત્રમાં આ બે પદની ગોઠવણીમાં આવું રહસ્ય છે એમ ... પ્રથમ અરિહંતપદ અને પછી સિદ્ધપદને નમસ્કાર કર્યા એમાં આ રહસ્ય છે. એક પ્રત્યક્ષ છે, બીજા સદાય પરોક્ષ છે. માટે પ્રત્યક્ષ ઉપકારી થતા હોવાથી એને પહેલા નમસ્કાર કરવામાં આવ્યા છે. એની ભક્તિ વિશેષ કરવામાં આવે છે. **'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર. એવો લક્ષ થયા વિના ઊગે ન આત્મવિચાર.'** આમ છે. મતલબની વાતમાં લોકો સમજી જાય. લંકાએ સોનુ શું કામનું ? શું કહે ? લંકાનું

સોનું આપણે શું કામનું ? કેમકે લંકા ... પડી છે. આપણે તો અહીંયાં હોય એ વાપરવાના કામમાં આવે. આપણી પાસે હોય એ જરૂર વખતે એનું કામ થાય. લંકામાં સોનાની ખાણ હોય આપણે શું કામની ? એમ પરોક્ષ ગમે તેટલું હોય.

એક .. દૃષ્ટાંત છે. સમુદ્ર દરિયાના દરિયા ક્ષીરસાગર પડ્યા છે. પણ અહીંયાં તરસ લાગે તો એક મીઠા પાણીનો કળશો હોય તો પ્રાણ બચે. બાકી ઓલો દરિયો કાંઈ પ્રાણ બચાવવા આવશે ? એટલે પ્રયોજનની બાબતમાં તો પ્રત્યક્ષ (સિવાય) કોઈ ઉપકારી નથી. ખરેખર તો પ્રત્યક્ષનો કોઈ વિકલ્પ જ નથી-Alternative નથી કે એની કોઈ પૂર્તિ કરી શકે. પ્રત્યક્ષ ન હોય તો પૂર્તિ કેવી રીતે થાય ? કે થાય જ નહિ. જાવ. એમ વાત છે. એ ૭૭૩મો પત્ર (પૂરો) થયો.

પત્રાંક-૭૭૪

(૧) શુભ બંધ મોળો હોય અને તેને કોઈ અશુભ કર્મનો જોગ બને તો શુભ બંધ મૂળ મોળો હોય તેના કરતાં વધારે મોળો થાય છે. (૨) શુભ બંધ મોળો હોય અને તેમાં કોઈ શુભ કર્મયોગનું મળવું થાય તો મૂળ કરતાં વધારે દૃઢ થાય છે અથવા નિકાચિત થાય છે. (૩) કોઈ અશુભ બંધ મોળો હોય અને તેને કોઈ એક શુભ કર્મનો જોગ બને તો મૂળ કરતાં અશુભ બંધ ઓછો મોળો થાય છે. (૪) અશુભ બંધ મોળો હોય તેમાં અશુભ કર્મનું મળવું થાય તો અશુભ બંધ વધારે મજબૂત થાય છે અથવા નિકાચિત થાય છે. (૫) અશુભ બંધને અશુભ કર્મ ટાળી ન શકે અને શુભ બંધને શુભ કર્મ ટાળી ન શકે. (૬) શુભ કર્મબંધનું ફળ શુભ થાય અને અશુભ કર્મબંધનું ફળ અશુભ થાય. બન્નેના ફળ તો થવાં જ જોઈએ, નિષ્ફળ ન થઈ શકે.

રોગ વગેરે છે તે ઓસડથી ટળી શકે છે તેથી કોઈને એમ લાગે કે પાપવાળું ઓસડ કરવું તે અશુભ કર્મરૂપ છે, છતાં તેનાથી રોગ જે અશુભ કર્મનું ફળ તે મટી શકે છે; એટલે કે અશુભથી શુભ થઈ શકે છે; આવી શંકા થાય એવું છે; પણ એમ નથી. એ શંકાનો ખુલાસો નીચે પ્રમાણે છે :

કોઈ એક પુદ્ગલના પરિણામથી થયેલી વેદના (પુદ્ગલવિપાકી વેદના) તથા મંદ રસની વેદના કેટલાક સંજોગોથી ટળી શકે છે અને કેટલાએક સંજોગોથી વધારે થાય છે અથવા નિકાચિત થાય છે. તેવી વેદનામાં ફેરફાર

થવામાં બાહ્ય પુદ્ગલરૂપી ઓસડ વગેરે નિમિત્ત કારણ જોવામાં આવે છે; બાકી ખરી રીતે જોતાં તો તે બંધ પૂર્વથી જ એવો બાંધેલો છે કે, તે જાતના ઓસડ વગેરેથી ટળી શકે. ઓસડ વગેરે મળવાનું કારણ એ છે, કે અશુભ બંધ મોળો બાંધ્યો હતો; અને બંધ પણ એવો હતો કે તેને તેવાં નિમિત્ત કારણો મળે તો ટળી શકે પણ તેથી એમ કહેવું બરાબર નથી કે પાપ કરવાથી તે રોગનો નાશ થઈ શક્યો; અર્થાત્ પાપ કરવાથી પુણ્યનું ફળ મેળવી શકાયું. પાપવાળાં ઓસડની ઈચ્છા અને તે મેળવવા માટેની પ્રવૃત્તિથી અશુભ કર્મ બંધાવા યોગ્ય છે અને તે પાપવાળી ક્રિયાથી કંઈ શુભ ફળ થતું નથી. એમ ભાસે, કે અશુભ કર્મના ઉદયરૂપ અશાતાને તેણે ટાળી તેથી તે શુભરૂપ થયું, તો તે સમજવા ફેર છે; અશાતા જ એવી જાતની હતી કે તે રીતે મટી શકે અને તેટલી આર્ત્તધ્યાન આદિની પ્રવૃત્તિ કરાવીને બીજો બંધ કરાવે.

'પુદ્ગલવિપાકી' એટલે જે કોઈ બહારના પુદ્ગલના સમાગમથી પુદ્ગલ વિપાકપણે ઉદય આવે અને કોઈ બાહ્ય પુદ્ગલના સમાગમથી નિવૃત્ત પણ થાય; જેમ ઋતુના ફેરફારના કારણથી શરદીની ઉત્પત્તિ થાય છે અને ઋતુફેરથી તે નાશ થાય છે; અથવા કોઈ ગરમ ઓસડ વગેરેથી નિવૃત્ત થાય છે.

નિશ્ચયમુખ્યદૃષ્ટિએ તો ઓસડ વગેરે કહેવામાત્ર છે. બાકી તો જે થવાનું હોય તે જ થાય છે.

૭૭૪. એમાં પણ કરણાનુયોગનો કેટલોક વિષય પત્રમાં ચાલ્યો છે. પત્ર કોના ઉપરનો છે એ આમાં નથી લખ્યું. તારીખ પણ એમાં નથી. .. . એટલે. જે ચાલતો વિષય છે એના ...

'(૧) **શુભ બંધ મોળો હોય...**'

મુમુક્ષુ :- તારીખ પણ નથી લખી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તારીખ નથી. પણ આ વિષય ચાલે છે ને કરણાનુયોગનો. ... લીધો. '(૧) **શુભ બંધ મોળો હોય અને તેને કોઈ અશુભ કર્મનો જોગ બને તો શુભ બંધ મૂળ મોળો હોય તેના કરતાં વધારે મોળો થાય છે.**' .. આમ એક .. બને. છ ભેદ લીધા છે એમણે. શુભ અને અશુભ પરિણામમાં છ પ્રકારે હિનાધિક કેવી અસર આવે, એની ચર્ચા કરી છે. કોઈ એક શુભ બંધ મોળો પડ્યો હોય ત્યાં કોઈ એને

અશુભકર્મનો એવો પ્રસંગ બને. .. એવો પ્રસંગ બને, ઉદય બને તો એ શુભબંધ પડ્યો હોય, અહીંયાં અશુભ પરિણામ કરે અશુભ પ્રસંગે, તો શુભ બંધ કાં તો સાવ મોળો પડી જાય, ફિક્કો પડી જાય. એનો અનુભાગ ઘટે શુભનો. પ્રકૃતિનો રસ ઘટી જાય.

'(૨) **શુભ બંધ મોળો...**' હોય. શુભ બંધ મોળો હોય '**અને તેમાં...**' એટલે પૂર્વનો બંધ '**તેમાં કોઈ શુભ કર્મયોગનું મળવું થાય...**' પાછો શુભકર્મનો ઉદય આવે. '**તો મૂળ કરતાં વધારે દઢ થાય છે અથવા નિકાચિત થાય છે.**' મોળો બંધ હોય અને તીવ્ર શુભ પરિણામ કરે, શુભબંધ મોળો પડ્યો હોય, તો એ ઉત્કૃષ્ટ શુભ થઈ જાય અથવા નિકાચિત શુભ થઈ જાય. એમ પણ બને.

મુમુક્ષુ :- આ સત્તાની વાત છે ? સત્તા નામ કર્મની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. બંધ તો સત્તામાં જાય ને. ઉદયની વાત નથી. આ તો થઈ ક્યારે જાય ? કે અંદર હોય તો થઈ જાય ને. સત્તામાં બંધ કરેલો હોય, શુભબંધ કરેલો હોય. બંધ હોય એટલે કરેલો મોળો હોય. અને અહીંયાં વર્તમાનમાં શુભયોગ આવે અથવા અશુભ યોગમાં વધારે મોળો પણ પડે. એ જાતનો વધારે બંધ પડ્યો હોય એમાં નિકાચિત પણ થાય. દઢ પણ થાય.

મુમુક્ષુ :- નિકાચિત એટલે ભોગવવા જ પડે એવું હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિકાચિત એટલે ભોગવ્યે છૂટકો. ભોગવ્યા વગર ચાલે નહિ. સમ્યગ્દૃષ્ટિ સ્વર્ગમાં જાય છે. તો એને સ્વર્ગમાં જાવું છે ? સ્વર્ગમાં જાવું નથી. પણ નિકાચિત બંધ પડે એટલે એને ત્યાં ગયા વગર ચાલે નહિ. એમ છે. એ શુભ તો કર્યું જ છે. ....

મુમુક્ષુ :- નિકાચિત...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું કાંઈ નથી. નિકાચિત બંનેમાં શુભમાં-અશુભમાં બંનેમાં ... વધારે એ .. થાય. નિકાચિત એટલે ચોક્કસ. જે .. જરા ... એ .. નિધત અને નિકાચિત બે શબ્દ...

'(૩) **કોઈ અશુભ બંધ મોળો હોય...**' હવે બીજી વાત લીધી કે '**કોઈ અશુભ બંધ મોળો હોય અને તેને કોઈ એક શુભ કર્મનો જોગ બને તો મૂળ કરતાં અશુભ બંધ ઓછો મોળો થાય છે.**' એની ... ઘટી જાય. એક તો અશુભ મોળો છે અને એમાં પાછા શુભભાવ કર્યા એટલે અશુભનું વધારે મોળું .. આવી ગયું. સત્તામાં ને સત્તામાં. '(૪) **અશુભ બંધ મોળો હોય તેમાં અશુભ કર્મનું મળવું થાય...**' એક તો પાપ .. કર્યું હોય અને વળી પાછો ઉપર વધારે પાપ કરે. '**તો અશુભ બંધ વધારે મજબૂત થાય છે અથવા નિકાચિત થાય છે.**' તીવ્ર અશુભ થઈ જાય અથવા ભોગવ્યા વગર ન છૂટે

એવો નિકાચિત થઈ જાય. આ બે સામે સામે આવી ગયા.

હવે '**(૫) અશુભ બંધને અશુભ કર્મ ટાળી ન શકે...**' અશુભ ટળવા માટે અશુભ ન ચાલે. '**અશુભ બંધને અશુભ કર્મ ટાળી ન શકે અને શુભ બંધને શુભ કર્મ ટાળી ન શકે.**' શું કહ્યું ? આ મોક્ષમાર્ગના .. થાય છે. આપણે તો નિર્જરા કરવા માટે તપ કરો. હવે એણે પૂર્વ કર્મ બાંધ્યા છે. શુભયોગ આવ્યો. ચાલો ભાઈ, પર્યુષણના દિવસો આવ્યા છે. ધર્મના દિવસો છે. શુભયોગ આવ્યો ને ? એક તો શુભકર્મ બાંધ્યું છે. પાછો ઉપવાસ વગેરે કરે, નિર્જરા કરવા માંડે. નિર્જરા નહિ થાય. શુભ બંધથી શુભ બંધ ટાળી ન શકાય. અશુભબંધને અશુભકર્મથી ટાળી ન શકાય. શુભ બંધને શુભકર્મથી ટાળી ન શકાય. એમ કહે છે. જોયું ? આ પાંચમામાં તો કેવો ભાંગો લીધો !

મુમુક્ષુ :- તપમાં .. નિષેધ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તપ જ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તપ બરાબર છે. પણ એ વીતરાગભાવરૂપ છે.

મુમુક્ષુ :- પણ આ તો તપનો નિષેધ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એવા તપનો નિષેધ ક્યારે કહેવાય ? ઈચ્છા નિરોધ તપઃ એનો નિરોધ નિષેધ ક્યાંય કર્યો નથી. ઈચ્છાનો નિરોધ પહેલાં થવો જોઈએ. પછી તો ઈચ્છા જ ન હોય તો માણસ ન ખાય. સ્વાભાવિક છે. જેને ઈચ્છા જ ન થાય એ ન ખાય એ તો સ્વભાવિક છે. ઈચ્છા નિરોધ તપઃ.

મુમુક્ષુ :- એવો સંયોગ ક્યારે થાય ? કે ઈચ્છા ..

પૂજ્ય ભાઈશ્રી :- એવો વીતરાગભાવ પ્રગટ કરે તો એવું થાય. ઈચ્છા .. એમ લાગે કે એવું ક્યારે થાય ? બાકી .. એવું જ આવે છે.

મુમુક્ષુ :- .. કરવા બેસીએ ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યારે તપ થાય કે ન થાય ?

મુમુક્ષુ :- ન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ન થાય ? કેમ ? એણે ઉપવાસ નથી કર્યો ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો માનીએ છીએ આપણે ... નામું કરવા બેસે, ભૂલ આવતી હોય જડે નહિ ને ખાવાનું ભૂલી જાય. તો એને નિર્જરા થાય કે ન થાય ? કે એને એ વખતે પાપનો બંધ થાય. નામું કરતાં કરતાં ખાવાનું રહી જાય તો પુણ્યનો બંધ ન થાય પણ પાપનો બંધ થાય. પરિણામે બંધ છે, ક્રિયાએ બંધ નથી.

મુમુક્ષુ :- ઉપયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ ... એવા ચાર-પાંચ ભાંગા લખેલા છે. બહુ શરૂઆતમાં જ લખેલો છે.

(૫) **'અશુભ બંધને અશુભ કર્મ ટાળી ન શકે અને શુભ બંધને શુભ કર્મ ટાળી ન શકે. (૬) શુભ કર્મબંધનું ફળ શુભ થાય અને અશુભ કર્મબંધનું ફળ અશુભ થાય.'** શુભ કરે અને અશુભ બંધાય એવું ન બને. અશુભ કરે અને શુભ બંધાય એવું ન બને. **'બન્નેના ફળ તો થવાં જ જોઈએ, નિષ્ફળ ન થઈ શકે.'** જેવા ભાવ કરે એનું ફળ આવવાનું. એમાં કાંઈ ફેરફાર થઈ શકે નહિ. મોળો હોય તો ... જે કરે એ પ્રમાણે થાય. બાકી કોઈ નિષ્ફળ છે નહિ.

હવે પાછુ લીધું કે **'રોગ વગેરે છે તે ઓસડથી ટળી શકે છે....'** ઓસડ એટલે દવા. **'રોગ વગેરે છે તે ઓસડથી ટળી શકે છે તેથી કોઈને એમ લાગે કે પાપવાળું ઓસડ કરવું તે અશુભ કર્મરૂપ છે,...'** હિંસાત્મક દવા વાપરવી તે અશુભકર્મ છે. **'છતાં તેનાથી રોગ જે અશુભ કર્મનું ફળ તે મટી શકે છે; એટલે કે અશુભથી શુભ થઈ શકે છે; આવી શંકા થાય એવું છે; પણ એમ નથી.'** રોગ થયો એ પાપનો ઉદય છે. હિંસાત્મક દવા વાપરી, વળી એને મટી ગયું. પાપનો બંધ હતો, પાપનો ઉદય આવ્યો અને પાપ કરીને મટી ગયું ? મટે તો પુણ્યના ઉદયથી. સમાધાન થાશે નહિ. આ પૈસા કમાય છે કે નહિ માણસો ? પૈસા કમાવાના પરિણામ પાપના છે. અને જે કમાણી થાય છે એ પુણ્યના ઉદયથી થાય છે. આમ સામે સામુ આવે એટલે સમાધાન ન થાય. આમ કેમ બને ? પાપના ઉદયમાં પાપ પરિણામ કર્યા અને ફળ પુણ્યનું દેખાય છે. પુણ્યના ઉદયમાં પાપના પરિણામ કર્યા અને પુણ્યનો ઉદય .. દેખાય. હવે આમાં કરવું શું ? અટપટું લાગે. એ બધું બરાબર છે. જે રીતે થાય છે એ રીતે બધું બરાબર જ થાય છે. એમાં કાંઈ ફેરફાર છે નહિ.

ફરીથી. એક એવો દૃષ્ટાંત છે. કોઈ ભાઈને કાંઈક પેરેલીસીસ કે એવો વા થઈ ગયો. બહુ ભયંકર રોગ થઈ ગયેલો. કોઈ એમ કહે કે, ભાઈ ! આ રોગ મટે છે. મટાડવામાં થોડી હિંસા થાય. કેવી રીતે ? ફલાણાં પ્રાણીનું લોહી ચોપડો. કબુતરના લોહીથી મટી જશે. એવા વા થાય છે. ..નું લોહી ગરમ બહુ હોય. .. તો છે. કાકરા પણ ખાય જાય. પચી જાય એને. હોજરીમાં એવી તાકાત છે. પથ્થર ખાય. .. વા મટી જાય. હવે કબુતરનું લોહી લગાડવા એને મારે ત્યારે થાય. પછી એનાથી એને અશુભ કરે અને એને અશુભનો ઉદય છે એમાં લાભ થઈ જાય ? કેમ બને ? છતાં એ વખતે પુણ્યબંધનો ઉદય હોય તો .. દેખાય. ત્યારે માણસને સમાધાન થાય નહિ.

આ કતલખાના ચલાવે છે. ચલાવે છે કે નહિ ? મોટા મોટા 'અમેરિકા' જેવા દેશમાં તો માંસાહાર બહુ છે. ... કેવા ? .. હિંસા કરે. એને આટલો બધો પુણ્યનો ઉદય દેખાય. સાધારણ માણસને કરણાનુયોગના વિષયની જેને સમજણ ન હોય એને સમાધાન થતું નથી. આમ કેમ ? પ્રમાણિક માણસ છે એ બિચારા ભૂખે મરે છે. ઈચ્છા કરનારા, ઢગલાબંધ ઈચ્છા કરનારા લહેર કરે છે. બીજાને છેતરનારા ફાવી જાય છે. સીધા માણસોને કોઈ કમાવા દેતું નથી, કમાણીમાંથી ... ટેકસની ચોરી કરી એની પાસે પૈસા થઈ જાય છે. શું કરવું ? ભાઈ ! એ બધા પૂર્વકર્મના ઉદય છે. વર્તમાનમાં ફળ છે એને વર્તમાન કાર્ય સાથે સીધો સંબંધ નથી. અત્યારે જે પરિણામ કરે છે એને નવો બંધ પડશે અને એનો વિપાક ભવિષ્યમાં આવશે. અત્યારે જે ઉદય ચાલે છે એ પૂર્વે બાંધેલા કર્મનો ચાલે છે. માટે એ બેને મેળવવા જાય તો મેળ નહિ પડે. મેળ પડે તોપણ એમ નથી અને મેળ ન પડે તોપણ એમ નથી. એમ લેવું.

'એ શંકાનો ખુલાસો નીચે પ્રમાણે છે :' આ શંકાનું પોતે સમાધાન કરશે. જે અટપટું કારણ-કાર્ય દેખાય છે એનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે.

વ્યવહારને વ્યવહારના સ્થાને શ્રી વીતરાગે સ્થાપીત કરેલ છે. જે આત્મહિતાર્થે યોગ્ય લાગે છે, સંમત થાય છે. નિશ્ચયે તેનો નિષેધ સમ્યક્ છે. આવી જ જિન નીતિ છે. વ્યવહારના અનેક ભંગભેદ છે, જે હેય ઉપાદેયના દૃષ્ટિકોણથી વિચારવા યોગ્ય છે. ક્યાંય એકાંત કર્તવ્ય નથી. તથાપિ ધર્માત્માનું સમ્યક્ એકાંત કે જે નિજ પરમપદની પ્રાપ્તિનું હેતુભૂત છે, તે ત્રણેકાળે વંદનીય છે. તેમની આરાધના જયવંત વર્તો !! **(અનુભવ સંજીવની-૧૮૨૮)**

તા. ૧૦-૬-૧૯૯૨, પત્રાંક - ૭૭૪ થી ૭૭૭
પ્રવચન નં. ૩૮૨

'શ્રીમદ્ રાજચંદ્ર' ... ૬૦૧ પાનું. બીજા Paragraph થી. '**રોગ વગેરે છે તે ઓસડથી ટળી શકે છે તેથી કોઈને એમ લાગે કે પાપવાળું ઓસડ કરવું તે અશુભ કર્મરૂપ છે, છતાં તેનાથી રોગ જે અશુભ કર્મનું ફળ તે મટી શકે છે; એટલે કે અશુભથી શુભ થઈ શકે છે; આવી શંકા થાય એવું છે; પણ એમ નથી. એ શંકાનો ખુલાસો નીચે પ્રમાણે છે :**' રોગ થાય છે એ ... ફળ આવ્યું. ઔષધિનો ઉપયોગ કરવાના પરિણામ છે તે પાપભાવ છે. પાપભાવ છે અને પાપનું ફળ નાશ પામે એવું ફળ થાય એમ કેમ બને ? આવી શંકા થાય છે. દવાથી રોગ કેમ મટે છે ? દવા લેવાનો ભાવ તો અશુભ પરિણામ છે અને જીવને અશુભ પરિણામથી અશુભના ફળમાં કેમ ફાયદો થયો ? શુભ પરિણામથી અશુભના ફળમાં ફાયદો થાય પણ અશુભ પરિણામથી અશુભના ફળમાં કેમ ફાયદો થયો ? આવી શંકા થવા યોગ્ય છે. એનો નીચે પ્રમાણે ખુલાસો છે.

'**કોઈ એક પુદ્ગલના પરિણામથી થયેલી વેદના...**' પુદગલના પરિણામથી થયેલી વેદના છે. જેમાં પુદ્ગલકર્મ નિમિત્ત છે અથવા બહારના પુદ્ગલો નિમિત્ત છે. વેદના થવામાં બહારના પુદ્ગલો નિમિત્ત છે. જેમકે શિયાળો થાય. શિયાળાના ઠંડીના વાતાવરણના પુદ્ગલોમાં શરદી થઈ જાય. શરદી થવાના બહારમાં નિમિત્ત બીજા પુદ્ગલો (છે). એને '**પુદ્ગલ વિપાકી વેદના...**' કીધી. પુદ્ગલના કારણે થયેલી પુદ્ગલની વેદના ... એ પુદ્ગલની વિપાકી વેદના '**તથા મંદ રસની વેદના...**' તીવ્ર રસવાળી ન હોય પણ મંદ રસવાળી હોય તો કોઈ દવાથી ફાયદો થાય.

'**કેટલાક સંજોગોથી...**' એટલે કોઈ ઔષધ વગેરેથી '**ટળી શકે છે અને કેટલાએક સંજોગોથી...**' એટલે વિરુદ્ધ પ્રકારના સંયોગોથી તે વધારે થાય. શરીદ થઈ હોય ને પાછો ... Ice cream ખાય. શરદી વધી જાય. એમ કેટલાક સંયોગોથી એ ... '**અથવા નિકાચિત થાય છે. તેવી વેદનામાં...**' નિકાચિત થાય એટલે ન ટળી શકે એવી તીવ્ર થઈ જાય છે નિકાચિતપણું તીવ્ર લેવું છે. '**તેવી વેદનામાં ફેરફાર થવામાં બાહ્ય પુદ્ગલરૂપી ઓસડ વગેરે નિમિત્ત કારણ જોવામાં આવે છે;...**' ઉપાદાન કારણ નહિ પણ નિમિત્ત કારણ જોવામાં આવે છે. દવા મળી અને એનો રોગ મટ્યો એવું જોવામાં આવે છે.

'બાકી ખરી રીતે જોતાં તો તે બંધ પૂર્વથી જ એવો બાંધેલો છે...' મૂળમાં તો એ બંધ જ એવો બાંધેલો છે **'કે, તે જાતના ઓસડ વગેરેથી ટળી શકે.'** એ જાતનો બંધ બાંધેલો છે. ચોક્કસ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એનો ઉપચાર થાય એ પ્રકારનો એ બંધ છે. એટલે **'તેને તેવાં નિમિત્ત કારણો મળે તો ટળી શકે પણ તેથી એમ કહેવું બરાબર નથી કે પાપ કરવાથી તે રોગનો નાશ થઈ શક્યો;...'** દવા લેવાના ભાવ પાપ પરિણામ છે અને પાપ પરિણામ કર્યા માટે રોગનો નાશ થયો. પાપે રોગ ..., મટાડ્યો એમ કહેવું એ બરાબર નથી, ન્યાયસંગત વાત નથી. **'અર્થાત્ પાપ કરવાથી પુણ્યનું ફળ મેળવી શકાયું.'** એમ કહેવું તે વ્યાજબી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં રોગની વાત કરી. પણ ગરીબી છે એ પાપનું ફળ છે, નિર્ધનપણું. પછી પૈસા મેળવવાના પરિણામ કરે છે એ પાપના પરિણામ છે. નોકરી, ધંધો કરે અને પૈસા મળે એ શુભનું ફળ છે. પણ પાપનું ફળ ભોગવતો હતો તે વધારે પાપ કરવાથી તે મટી ગયું, તેનું ફળ શુભ આવ્યું એમ કહેવું તે ન્યાયસંગત નથી, ન્યાયવિરુદ્ધ છે. ... ..

પુરુષાર્થ વગરનો કોઈ જીવ ક્યારેય એક સમય પણ હોતો નથી. આત્માનો વીર્યગુણ સદાય પરિણમે છે. માટે ક્યારેય કોઈનો પુરુષાર્થ .. જાય છે એવું બનતું નથી. નહિતર પુરુષાર્થ .. જાય છે એની કલ્પના કરવી નકામી છે. પુરુષાર્થ અવળો છે કે પુરુષાર્થ સવળો છે એટલું જ વિચારવાનું છે. પુરુષાર્થ નથી એ વાત જ નથી. માટે પુરુષાર્થ ઊડી જાય છે, પુરુષાર્થ ઊડી જાય છે એ .. કરવી, એ પુરુષાર્થના સ્વરૂપને નહિ સમજેલાની વાત છે. કોઈપણ વાત કરતાં પુરુષાર્થ ઉડી જાય છે. ... પુરુષાર્થ ઊડી જાય છે, ફલાણું .. પુરુષાર્થ ઊડી જાય છે. પુરુષાર્થ શેનો .. પુરુષાર્થનું પરિણમન સદાય ચાલુ છે. અવળો છે કે સવળો છે એ નક્કી કર ને.

આત્મા પ્રત્યે જે પુરુષાર્થનું પરિણમન છે એ સવળું છે અને આત્માથી અન્ય પદાર્થો પ્રત્યે જે પુરુષાર્થનું પરિણમન છે તે અવળું છે. બસ ! બે જાત છે, ત્રીજી જાત નથી એમાં. ઊડી જાય છે અને વગર ઊડી જાય છે, એ બધી વાત સમજણ વગરની છે.

મુમુક્ષુ :- ઊંધો પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- ઊંધો પુરુષાર્થ .. સવળો કરે તો ઈષ્ટ છે, ઈચ્છનીય છે.

'પાપવાળાં ઓસડની ઈચ્છા અને તે મેળવવા માટેની પ્રવૃત્તિથી અશુભ કર્મ બંધાવા યોગ્ય છે.' આપણે દવા શબ્દ અત્યારે વાપરીએ છીએ. ...ઓસડ વાપરતા. મૂળ શબ્દ છે ઔષધ. એમાંથી અપભ્રંશ થઈને ઓસડ થઈ ગયું. મૂળ શબ્દ તો ઔષધ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. .. સાહિત્યની ભાષામાં ઔષધ શબ્દ હજી વપરાય છે. ચાલુ ભાષામાં, ગામઠી ભાષામાં અપભ્રંશ થઈને ઓસડ થઈ ગયો. સાહિત્યની પરિભાષામાં હજી ઔષધ શબ્દ વપરાય છે. વૈદો તો વૈદોની ભાષામાં ઔષધિ જ બોલે છે. દવા નથી બોલતા. આ ઔષધિ સારી છે. ...

'પાપવાળાં ઓસડની ઈચ્છા અને તે મેળવવા માટેની પ્રવૃત્તિથી અશુભ કર્મ બંધાવા યોગ્ય છે...' ઈચ્છાથી, હોં ! ઈચ્છાથી બંધાય છે. અને તે મેળવવામાં પાપ. એ પણ અશુભ કર્મ છે. બંને અશુભ કર્મ બાંધવાના અશુભભાવો છે. **'અને તે પાપવાળી ક્રિયાથી કંઈ શુભ ફળ થતું નથી.'** અને એ ક્રિયા કરે ... ઔષધિ લેવાની ક્રિયા થાય એથી કાંઈ એને શુભનું ફળ આવે એમ બને નહિ.

મુમુક્ષુ :– પાપવાળી ઔષધ અને નિર્દોષ ઔષધ એમ બે ...

પૂજ્ય ભાઈશ્રી :– આ તો પાપવાળી ક્રિયા લીધી છે. અને કોઈ ઔષધમાં બે પ્રકાર તો છે. કોઈ જીવની હિંસાથી થયેલી ઔષધિ એ પાપવાળી ઔષધિ છે. નિર્દોષપણે તૈયાર થયેલી ઔષધિ એ નિર્દોષ ઔષધિ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એમાં પાપબંધ તો બંનેમાં થાય છે. ..માં તીવ્ર પાપ બંધ થાય. કોઈની હિંસા કરીને એ ઔષધ બનાવ્યું હોય તો એ તીવ્ર પાપનો બંધ થાય છે. કોઈ એમ ને એમ ઔષધ બન્યુ હોય તો મંદ પાપનો બંધ છે. છે એ (પાપબંધ જ). દવા લેવી, રોગ મટાડવાના પરિણામ એ બધા પાપના જ પરિણામ છે, પુણ્યના પરિણામ નથી. તબિયત સારી રાખવી, સારી કરવી, તબિયત જાળવવી, શરીરને ઠીક રાખવું એ બધા પરિણામ પાપના પરિણામ છે, પુણ્યના પરિણામ નથી. આહાર, પાણીથી માંડીને બધા પાપના પરિણામ છે. મુનિદશામાં .. બાકી નીચે તો બધે એ પાપના પરિણામ છે.

'એમ ભાસે, કે અશુભ કર્મના ઉદયરૂપ અશાતાને તેણે ટાળી...' દેખાય શું કે આ ઉદયકર્મ જે અશાતાના ઉદય હતો એને ટાળ્યો. **'તેથી તે શુભરૂપ થયું,...'** પુણ્યથી પાપ ઠેલાય માટે આ પુણ્ય થયું. પુણ્ય કર્યું માટે પાપ ઠેલાણું. એમ છે નહિ. એ વખતે પાપનો ઉદય પૂરો થઈ અને પુણ્યનો ઉદય શરૂ થયેલો હતો. બસ ! એટલી વાત થઈ. પાપનો ઉદય પૂરો થઈને પુણ્યનો ઉદય શરૂ થયો. ઉદય ફર્યો છે. બાકી દવાએ ખરેખર કાંઈ કર્યું નથી. એમ પાપથી **'તે શુભરૂપ થયું, તો તે સમજવા ફેર છે;...'** એમ કહેવું તે સમજવા ફેર છે.

'અશાતા જ એવી જાતની હતી કે તે રીતે મટી શકે...' અથવા એનો ઉદય જ્યાં

પૂરો થાય, એ જાતની અશાતા હતી. **'અને તેટલી આર્ત્તધ્યાન આદિની પ્રવૃત્તિ કરાવીને બીજો બંધ કરાવે.'** ત્યાં જેટલું આર્ત્તધ્યાન દવા લેવાનું ... અશુભ થાય છે, ઈચ્છા થાય તે આર્ત્તધ્યાન છે. નવા ... કારણ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- દવા ન લે તોપણ રોગ મટે. અને દવા લે તોપણ રોગ નથી મટતો. એમ પણ જોવામાં આવે છે. પ્રયોગ કરવો પોતાએ. કોઈવાર પ્રયોગ કરવો. લ્યો, આ હાડકું ભાંગ્યું છે એ કઈ દવાથી સંધાય જાય ? કહો જોઈએ. ... દવા ત્યાં ? વગર દવાએ સંધાશે કે નહિ સંધાય ? એને ... સાંધવું હોય તો ... બે મહિના ... હોય તો .. તોપણ કાંઈ ન થાય. પુદ્ગલ સ્વયં પાપ કરે છે. ઉદય અનુસાર એનું કામ કરે છે.

મુમુક્ષુ :- દર્દી માટે તો બરાબર છે, સારવાર કરનાર માટે...

પૂજ્ય ભાઈશ્રી :- સારવાર કરનારને વિકલ્પ આવે છે કે નહિ ? એવા પ્રકારનો વિકલ્પ આવે છે ... કરી તો શું શકે, એને વિકલ્પ આવે. યોગ્યતા પ્રમાણે...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એમ કેમ ... ? એ તો એના જેવું થયું કે આપણે ... તો ભોગવવું કે નહિ ? એમ ન હોય. જે કાળે જેવો વિકલ્પ આવે, થવાયોગ્ય હોય તે થાય. એટલે તેનાથી રાગ-દ્વેષ-મોહથી બચવાનો પુરુષાર્થ કરવો એ કરવા જેવું છે. દવા કરવાનો રાગ કરવા જેવો છે નહિ, પુરુષાર્થ કરવા જેવો છે. પુરુષાર્થ ન થાય, ઓછો થાય અને બીજા પરિણામ થાય અને જો થવા કાળે હોય તે થાય. પણ કરવો જ જોઈએ. એમાં તો રાગ કરવાની ભાવના આવી ગઈ. કરવો જોઈએ એમ માને તો રાગ કરવાની ભાવના આવી ગઈ. વડીલોને એવી અપેક્ષા હોય કે નીચેના મારી સેવા કરે તો સારું. એ લોકોની ફરજ છે કે મારી સેવા કરવી જોઈએ. એ અપેક્ષાથી જે ... પોતાને નુકસાન થાય. યોગ્યતા પ્રમાણે એ પરિણામ કરે. એવા પરિણામ કરે, સેવા કરે, ન કરે, ... જોતાં એ વિચારવાનું રહે. મારે કોઈની અપેક્ષા (નથી). બિના કિસીકે અભી હી પૂર્ણ હૂં. કોઈની મદદ વગર હું પરિપૂર્ણ છું, હું ઓશિયાળો નથી, હું દીન નથી, હું હીન નથી. એમ પોતાના સ્વભાવ સામર્થ્યને સંભાળવું. દરેક સમયે પોતાના સ્વભાવ સામર્થ્યને સંભાળવું. આ શ્રીગુરુનો ઉપદેશ છે. વ્યવહારે ઉપદેશ છે.

મુમુક્ષુ : 'સોગાનીજી'એ મંત્ર આપી દીધો.

પૂજ્ય ભાઈશ્રી : .. નહિતર આર્ત્તધ્યાનના પરિણામ થયા વગર રહેશે નહિ. એમાં પણ પાછું એમ થાય કે, અમે તો ભૂતકાળમાં આટલું આટલું એ લોકો માટે કર્યું છે પાછું. એ કર્યું છે ... એની કાંઈ ફરજ નહિ ? ઠીક ! તારે અપેક્ષા રાખીને શું કામ છે ?

આર્ત્તધ્યાન વધારવું છે ? એ આર્ત્તધ્યાન વધારવા જેવું નથી. .. કરે ત્યારે એમ કહેવું કે, ભાઈ ! તમારે કરવાની જરૂર નથી. મારે બધું ચાલે છે. ગમે તેવું મારે ચાલે છે. હું બધું ચલાવવા માંગુ છું. એના વગર ન ચાલે એવું મારે હોય નહિ. એમ રાખવા ... એની Practice તું મને કરવા દે. તું મને સગવડ આપ માં. ભલે થોડી અગવડ પડે. થોડી અગવડ પડે તો મારો પ્રયોગ .. છે. માટે તું મને પ્રયોગમાં અગવડ કર માં, સગવડ આપીને. ... મને સગવડ આપીને પ્રયોગમાં અગવડ લાવમાં તું. ભલે થોડી અગવડ પડે પણ ચલાવતા શીખવું છે. એમ રાખવું. પછી આર્ત્તધ્યાન નહિ થાય. અપેક્ષા .. હશે તો અપેક્ષા વધતી જ જાશે.

મુમુક્ષુ :- .. ફરજ બજાવવી...

પૂજ્ય ભાઈશ્રી :- .. સૌનું સૌ જાણે. આપણે તો આપણે શું કરવું એ જોવાનું છે. જે લોકો જીવનના ઉતરાર્ધમાં આવ્યા. ક્યાં ? ઉતરાર્ધમાં આવ્યા. ભલે વાળ ધોળા ન થયા હોય. ઉતરાર્ધમાં આવ્યા કે નહિ ? ૭૦ થયા એટલે. ૭૦ થઈ ગયા. એણે અપેક્ષા રાખવી નહિ. એ આપે .. આપણે અપેક્ષા રાખવી નથી. પછી વાંધો નહિ આવે.

મુમુક્ષુ :- ફરજ બજાવ્યાનો આનંદ એ જ એનું...

પૂજ્ય ભાઈશ્રી :- .. એ જાણે. આપણે તો આપણું શું કરવું એ વાત છે. આપણી ફરજ શું ? સ્વધર્મમાં રહેવું એ આપણી ફરજ છે. 'ગીતા'માં એવો શ્લોક છે. ... ત્યાં તો .. વાત છે. ત્યાં તો .. છે ને ? ... કર્મમાં જે ... એ સિદ્ધિને પામે. અહીંયાં કહે છે કે સ્વધર્મ .. સ્વભાવકર્મમાં અભિરથ થાય એ સિદ્ધિને પામે. આત્માનું કર્મ શું ? શુદ્ધ પરિણામને પરિણમવું, નિર્દોષ પવિત્ર પરિણામને પરિણમવું એ આત્માનું કર્મ છે.

''પુદ્ગલવિપાકી' એટલે જે કોઈ બહારના પુદ્ગલના સમાગમથી પુદ્ગલ વિપાકપણે ઉદય આવે...' એને પુદ્ગલવિપાકી કહેવામાં આવે છે. બહારના સમાગમે. Accident થાય અને વેદના થાય એ બહારનો સમાગમ છે. **'કોઈ બાહ્ય પુદ્ગલના સમાગમથી નિવૃત્ત પણ થાય; જેમ ઋતુના ફેરફારના કારણથી શરદીની ઉત્પત્તિ થાય છે અને ઋતુફેરથી તે નાશ થાય છે;...'** માહ મહિનામાં શરદી થાય, ફાગણ મહિનામાં મટી જાય. **'અથવા કોઈ ગરમ ઓસડ વગેરેથી નિવૃત્ત થાય છે.'** શરદી થઈ હોય એને ગરમ ઔષધિ આપે. ...લીંડીપીપર આપે છે ને. એ બધાનો સરવાળો એક વાક્યમાં મારે છે.

'નિશ્ચયમુખ્યદૃષ્ટિએ તો...' આ બધી વાતો થઈ એ વ્યવહારની, નિમિત્તાધિનની. નિમિત્તની મુખ્યતાથી વાત કરી. હવે ઉપાદાનની મુખ્યતાની વાત કરે છે કે

'નિશ્ચયદમુખ્યદષ્ટિએ તો ઓસડ વગેરે કહેવામાત્ર છે.' દવા, ઔષધિ એ બધી કહેવાની વાતો છે. ખરેખર એ કાંઈ કરતા નથી. નિશ્ચય એટલે ખરેખર. **'બાકી તો જે થવાનું હોય તે જ થાય છે.'** દવા હોય કે દવા ન હોય. જે થવાનું હોય તે થાય. આ સરવાળો મારી દીધો. કેમકે ઉદય છે એ સાદિસાંત છે. અશુભનો ઉદય હોય કે શુભનો ઉદય હોય તે સાદિસાંત છે. સાદિસાંત ... દવા કરે કે દવા ન કરે, એની સાથે કાંઈ લેવા દેવા નથી.

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : .... કેટલા પડખાંથી છણાવટ કરી. એક પ્રશ્ન ચાલ્યો હશે 'નવલચંદભાઈ'એ. .. આ વ્યવહાર છે બાકી આ નિશ્ચય છે.

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : બહુ સૂક્ષ્મ અને વિશાળ. ૭૭૪ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૭૭૫

વવાણિયા, ચૈત્ર વદ ૫, ૧૯૫૩

બે કાગળ પ્રાપ્ત થયા છે.

જ્ઞાનીની આજ્ઞારૂપ જે જે ક્રિયા છે તે તે ક્રિયામાં તથારૂપપણે પ્રવર્તાય તો તે અપ્રમત્ત ઉપયોગ થવાનું મુખ્ય સાધન છે, એવા ભાવાર્થમાં આગલો કાગળ[1] અત્રથી લખ્યો છે. તે જેમ જેમ વિશેષ વિચારવાનું થશે તેમ તેમ અપૂર્વ અર્થનો ઉપદેશ થશે. હમેશ અમુક શાસ્ત્રાધ્યાય કર્યા પછી તે કાગળ વિચારવાથી વધારે સ્પષ્ટ બોધ થવા યોગ્ય છે.

છકાયનું સ્વરૂપ પણ સત્પુરુષની દષ્ટિએ પ્રતીત કરતાં તથા વિચારતાં જ્ઞાન જ છે. આ જીવ કઈ દિશાથી આવ્યો છે, એ વાક્યથી શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન પ્રારંભ્યું છે. સદ્‌ગુરુમુખે તે પ્રારંભવાક્યના આશયને સમજવાથી સમસ્ત દ્વાદશાંગીનું રહસ્ય સમજાવા યોગ્ય છે. હાલ તો 'આચારાંગાદિ' જે વાંચો તેનું વધારે અનુપ્રેક્ષણ કરશો. કેટલાક ઉપદેશપત્રો પરથી તે સહજમાં સમજાઈ શકશે. સર્વ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય. સર્વ મુમુક્ષુઓને પ્રણામ પ્રાપ્ત થાય.

૧. આંક - ૭૬૭

૭૭૫ નંબરનો પત્ર 'લલ્લુજી મુનિ' અને 'દેવકરણજી' ઉપરનો છે. '**બે કાગળ પ્રાપ્ત થયા છે. જ્ઞાનીની આજ્ઞારૂપ જે જે ક્રિયા છે તે તે ક્રિયામાં તથારૂપપણે પ્રવર્તાય તો તે અપ્રમત્ત ઉપયોગ થવાનું મુખ્ય સાધન છે,...**' મુનિની દશામાં જે ભગવાનની આજ્ઞા છે, જિનેન્દ્રની આજ્ઞા છે, આચાર્ય મહારાજની આજ્ઞા છે, જ્ઞાનીની જે આજ્ઞા છે, જે પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિ અઠ્યાવીસ મૂળગુણની યોજના છે, એ ક્રિયા નથી, એ યોજના છે. '**તે તે ક્રિયામાં તથારૂપપણે પ્રવર્તાય...**' જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે પ્રવર્તાય '**તો તે અપ્રમત્ત ઉપયોગ થવાનું મુખ્ય સાધન છે,...**' નિમિત્ત છે. સાધન છે એટલે નિમિત્ત છે. ભાવલિંગી મુનિ હોય તો. એ એની અંદર અધ્યાહાર હશે. દ્રવ્યલિંગી હોય અને એ પ્રમાણે ચાલે તો તેથી કાંઈ એને અપ્રમત્તદશા થઈ જાય એમ છે નહિ. .. સમ્યગ્દર્શન હોય, ત્યાર પછી સ્વરૂપસ્થિરતા વધી હોય અને સપ્તમ ગુણસ્થાનમાં પહેલા આવ્યા હોય, પછી પ્રમત્તદશામાં આવે ત્યારે આ અઠ્યાવીશ મૂળગુણની મર્યાદામાં રહે તો તે અપ્રમત્તદશા આવવાનું નિમિત્ત છે. જો તે એની મર્યાદામાં ન રહે તો અપ્રમત્તદશા આવે નહિ. ... ગુણ ચૂકે તો મુનિદશા ચાલી જાય. એટલે સાધન કહ્યું.

'**એવા ભાવાર્થમાં આગલો કાગળ અત્રથી લખ્યો છે.**' ઓલો જે છે ને ? ૭૬૭ નંબરનો જે પત્ર આપણે વાંચ્યો એ ... એમાં .. જે સંકલના કરી છે, યોજના કરી છે ... છે ને ? સંયમના અર્થે, બાહ્ય સંયમના નિર્વાહને અર્થે કાંઈ પણ ... એના ઉપર વાત ચાલે છે. '**તે જેમ જેમ વિશેષ વિચારવાનું થશે તેમ તેમ અપૂર્વ અર્થનો ઉપદેશ થશે.**' એટલે એમાં મર્મ શું છે, એ ક્રિયામાં કહેવા પાછળ રહસ્ય શું છે ? વીતરાગતા કેવી રીતે પ્રતિપાદન કરવી છે ? એ વિશેષ વિચાર કરશો તો તમને અપૂર્વ અર્થનો ઉપદેશ થશે.

'**હમેશ અમુક શાસ્ત્રાધ્યાય કર્યા પછી તે કાગળ વિચારવાથી વધારે સ્પષ્ટ બોધ થવા યોગ્ય છે.**' બધા કાગળ તમારે ... પરિણામ જરાક આ વિષયમાં પરોવાયેલા હોય .. ભલે કાગળ ક્રિયાનો છે. પણ ઉપયોગ તત્ત્વજ્ઞાન વિષયક ચાલતો હોય ત્યારે વાંચવું એમ કહ્યું. ... સવારે જમ્યા પછી અડધી કલાકે આ દવા લેવી. અથવા જમ્યા પહેલા બે કલાકે આ દવા લઈ લેવી. એમ કહેવાનો જે આશય છે એ ... ભૂમિકા છે. એ એની યોગ્યતા છે ... અનુસાર એને ચાલવું. ભલે પત્રો લખ્યા છે પણ એની અંદર .. માર્ગદર્શનની ઘણી બધી લાઈનો મૂકી છે.

'**છકાયનું સ્વરૂપ પણ સત્પુરુની દૃષ્ટિએ પ્રતીત કરતાં તથા વિચારતાં જ્ઞાન જ છે.**' છકાય .. ... એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય અને સંજ્ઞી

પંચેન્દ્રિય છ પ્રકારના જીવો ક્યા ક્યા રહ્યા છે. એ છકાય જીવોનું સ્વરૂપ પણ સત્પુરુષની દૃષ્ટિએ પ્રતીત કરતાં ... ઠીક ! સત્પુરુષની દૃષ્ટિએ વિચારતાં. એનું મૂળ સ્વરૂપ શું છે ? કેમ એ એવી દશાને પામ્યા છે ? એવી દશા પામવાના કારણો શું છે ? એ વગેરે સત્પુરુષની દૃષ્ટિએ વિચારતાં તે જ્ઞાન જ છે. એમાં મૂળ સ્વરૂપનો વિષય આવે છે માટે એને જ્ઞાન કહેવામાં આવે છે. સત્પુરુષની દૃષ્ટિમાં શુદ્ધ સત્તાનો વિષય આવે છે.

એ પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલ્યા છે માટે આમ થયું છે. વિવેકને ચૂક્યા છે માટે એનું મન ચાલ્યું ગયું છે. મન વગરના કેમ થયા ? કે મન મળ્યું ત્યારે પણ એણે મનનો વિવેકમાં ઉપયોગ કર્યો નહિ. આત્મહિત કરવાનો વિવેક કર્યો નહિ. ઉપેક્ષા કરી આત્મહિતની. માટે એને મન ... દશા થઈ. એ રીતે વિચારતાં તે જ્ઞાન જ છે. **'આ જીવ કઈ દિશાથી આવ્યો છે, એ વાક્યથી શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન પ્રારંભ્યું છે.'** શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન નામનું એક અધ્યયન છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- હા. શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન.

'આ જીવ કઈ દિશાથી આવ્યો છે, એ વાક્યથી શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન પ્રારંભ્યું છે.' ... ત્યાંથી એ અધ્યયનની શરૂઆત કરી છે. .. અંદર એ જ્ઞાન કેવી રીતે છે. **'સદ્‌ગુરુમુખે તે પ્રારંભવાક્યના આશયને સમજવાથી સમસ્ત દ્વાદશાંગીનું રહસ્ય સમજાવા યોગ્ય છે.'** ઠીક ! પરિજ્ઞા શાસ્ત્રની આજ્ઞા શું છે ? તેવું અધ્યયન. તે સદ્‌ગુરુની મુખે સદ્‌ગુરુ એટલે આત્મજ્ઞાનીપુરુષના મુખે એ વાક્યને જો સમજે, એ વાક્યના આશયને સમજવામાં આવે તો બાર અંગનું રહસ્ય જે આત્માનુભૂતિ છે એ સમજાવા યોગ્ય છે. બાર અંગનું રહસ્ય શું છે ? આત્માનુભૂતિ છે. એ આત્માનુભૂતિ સંપન્ન એવા સદ્‌ગુરુના શ્રીમુખે એ વિષયને, એ આશયને સમજવામાં આવે તો બારે અંગનો સાર અને સંક્ષેપમાં એને ગ્રહણ થાય એવું છે.

'હાલ તો 'આચારાંગાદિ' જે વાંચો તેનું વધારે અનુપ્રેક્ષણ કરશો.' અત્યારે તો તમે .. માટે આચારાંગ વારંવાર ... **'કેટલાક ઉપદેશપત્રો પરથી તે સહજમાં સમજાઈ શકશે.'** ... એના ઉપર માર્ગદર્શન મળશે અને તમને એ સમજાશે. **'સર્વ મુમુક્ષુઓને પ્રણામ પ્રાપ્ત થાય.'** વ્યવહારે આપણે પ્રણામ-નમસ્કાર કરીએ છીએ એ પ્રમાણે સર્વ મુમુક્ષુને પ્રણામ પ્રાપ્ત થાય. ... પ્રણામ કહીએ. એ ૭૬૭ના અનુસંધાનમાં (પત્ર છે).

પત્રાંક-૭૭૬

સાયલા, વૈશાખ સુદ ૧૫, ૧૯૫૩

ૐ

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ એ કર્મબંધના પાંચ કારણ છે. કોઈ ઠેકાણે પ્રમાદ સિવાય ચાર કારણ દર્શાવ્યાં હોય છે. ત્યાં મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયમાં પ્રમાદને અંતર્ભૂત કર્યો હોય છે.

પ્રદેશબંધ શબ્દનો અર્થ શાસ્ત્રપરિભાષાએ :- પરમાણુ સામાન્યપણે એક પ્રદેશાવગાહી છે. તેવું એક પરમાણુનું ગ્રહણ તે એક પ્રદેશ કહેવાય. જીવ અનંત પરમાણુ કર્મબંધે ગ્રહણ કરે છે. તે પરમાણુ જો વિસ્તર્યા હોય તો અનંતપ્રદેશી થઈ શકે, તેથી અનંત પ્રદેશનો બંધ કહેવાય. તેમાં બંધ અનંતાદિથી ભેદ પડે છે; અર્થાત્ અલ્પ પ્રદેશબંધ કહ્યો હોય ત્યાં પરમાણુ અનંત સમજવા, પણ તે અનંતનું સઘનપણું અલ્પ સમજવું. તેથી વિશેષ વિશેષ લખ્યું હોય તો અનંતતાનું સઘનપણું સમજવું.

કંઈ પણ નહીં મુઝાતાં અદ્યંત કર્મગ્રંથ વાંચવો, વિચારવો.

૭૭૬મો પત્ર 'ધારશીભાઈ' ઉપરનો છે. 'મોરબી'ના ન્યાયાધીશ હતા. '**મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધનાં પાંચ કારણ છે.**' મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. 'ઉમાસ્વામિ'એ લીધું. .. ના અધિકારમાં લીધું. '**એ કર્મબંધના પાંચ કારણ છે.**' કારણ એટલે આસ્રવ. આસ્રવ કારણ છે અને બંધ તે કાર્ય છે. સંવર કારણ છે અને નિર્જરા તે કાર્ય છે. '**કોઈ ઠેકાણે પ્રમાદ સિવાય ચાર કારણ દર્શાવ્યાં હોય છે. ત્યાં મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયમાં પ્રમાદને અંતર્ભૂત કર્યો હોય છે.**' ...

'**પ્રદેશબંધ શબ્દનો અર્થ શાસ્ત્રપરિભાષાએ :**' પ્રદેશબંધ એટલે શું ? બંધના ચાર પડખાં છે ને ? પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ. એમાં પ્રદેશબંધ એટલે શું ? શાસ્ત્રમાં આગમમાં કેવી રીતે એને કહ્યો છે ? એક એક વાતના ખુલાસા કર્યા છે. '**પરમાણુ સામાન્યપણે એક પ્રદેશાવગાહી છે. તેવું એક પરમાણુનું ગ્રહણ તે એક પ્રદેશ કહેવાય.**' પરમાણુનું ક્ષેત્રફળ કેટલું ? એક પ્રદેશને રોકે એટલું. એક પ્રદેશ એટલે શું ? કે જેના બે ભાગ ન થઈ શકે એટલું ક્ષેત્રફળ. ઓરસ-ચોરસ. ક્ષેત્રફળ એટલું કે

જેના બે ભાગ ન થઈ શકે. Minimum unit જેને કહેવામાં આવે. એવું એક પરમાણુનું ગ્રહણ તે એક પ્રદેશ કહેવાય.

'જીવ અનંત પરમાણુ કર્મબંધે ગ્રહણ કરે છે. તે પરમાણુ જો વિસ્તર્યા હોય તો અનંતપ્રદેશી થઈ શકે,...' એનો વિસ્તાર એક-એક પ્રદેશે એક એક પરમાણુને ગોઠવો તો એનું ક્ષેત્ર અનંતપ્રદેશીમાં છે. **'તેથી અનંત પ્રદેશનો બંધ કહેવાય.'** ભલે એ .. નિગોદનો જીવ હોય એ અનંત પરમાણુને બાંધે. કેવા ? નિગોદનો જીવ પણ અનંત પરમાણુને બાંધે. પણ એ કાંઈ ક્ષેત્ર બધા અનંતું ન રોકે. એ જેટલા પ્રદેશમાં એનો ... અવગાહીને રહ્યો હોય એટલા બધા અવગાહન પામી જાય. પછી હાથીનો જીવ હોય કે કીડીનો જીવ હોય. અનંત પરમાણુ બાંધી શકે છે. એક પરમાણુ બીજા પરમાણુને અવગાહન આપે છે. એ રીતે એને થોડા ક્ષેત્રમાં ઘણા પરમાણુનું રહેવું બને છે. પણ એ રીતે અનંત પરમાણુઓનું બંધન થાય એવા ભાવ કર્યા હોય ત્યારે એને અનંત પ્રદેશનો બંધ કહેવામાં આવે છે.

'તેમાં બંધ અનંતાદિથી ભેદ પડે છે;...' એમાં ભેદ પડે છે. **'અર્થાત્ અલ્પ પ્રદેશબંધ કહ્યો હોય ત્યાં પરમાણુ અનંત સમજવા,...'** એમાં પણ અનંતાદિના ઘણા ભેદ સમજવા. ઘણા ભેદ-પ્રભેદ પડે છે. અલ્પબહુત્વ... અને **'તે અનંતનું સઘનપણું અલ્પ સમજવું.'** એ રીતે અહીંયાં જે અનંત છે એનું અલ્પ સઘનપણું સમજવું. **'તેથી વિશેષ વિશેષ લખ્યું હોય તો અનંતતાનું સઘનપણું સમજવું.'** અલ્પ હોય તો સઘનપણું અલ્પ છે, અનંત... અનંત... અનંત... .. હોય તો સઘનપણું વિશેષ છે.

મુમુક્ષુ :- પ્રદેશબંધ ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રદેશબંધ એટલે જેટલા પરમાણુ આવ્યા, ઝાઝાં આવ્યા કે થોડા આવ્યા ગણતરીમાં, એને પ્રદેશબંધ કહેવામાં આવે છે. એક પરમાણુ એક પ્રદેશ રોકે છે. માટે એનું નામ શાસ્ત્રમાં પ્રદેશબંધ પાડ્યું એમ કહેવું છે. ખરેખર તો એ પરમાણુની સંખ્યા બંધ છે. બહુ સાદી ચોખ્ખી ભાષામાં લઈએ તો એ પરમાણુની સંખ્યાબંધ છે. પરમાણુમાં પ્રકૃતિ, જ્ઞાનાવરણી, દર્શનાવરણી, અંતરાય વગેરે જે પ્રકૃતિ પડે એ પ્રકૃતિબંધ કહેવાય. પછી એમાં જેટલા પરમાણુઓ આસ્રવીને બંધાય એ સંખ્યાને પ્રદેશબંધ કહે છે. એ કેટલી સ્થિતિ સુધી દેહની સાથે, જીવની સાથે વળગેલા રહે, વિપાકમાં આવ્યા પછી છૂટા પડે, ઉદય આવ્યા પછી છૂટા પડે, ઉદય આવ્યા પહેલાની જે સ્થિતિ એને સ્થિતિબંધ કહે છે. અને એ વિપાક સમય એનો ઉદય મંદ થયો હોય એને અનુભાગબંધ કહેવામાં આવે છે. આમ એક બંધના ચાર પડખાં છે. ભગવાને એક બંધને ચાર પડખેથી વર્ણવ્યો છે. ચાર પ્રકારે એનું વર્ણન કર્યું છે.

હવે દૃષ્ટાંત લઈએ કે એક માણસને એક નાની એવી ફોડકી થઈ છે અને પીડા બહુ કરે છે. એના પ્રદેશો ઓછા છે. રોગના પ્રદેશો ઓછા છે અને અનુભાગ તીવ્ર છે. એક માણસને મોટું જબરજસ્ત ભગંદર ... કરેલું .. ખાડો પડી ગયો હોય. અરે..! આવું તમને થયું છે ? મને કાંઈ પિડા નથી થતી. દેખાય છે પણ પિડા નથી. દેખાય છે કેવું ? બહુ દુઃખ થતું હોય એવું લાગે એને જોવે ત્યારે. એ કહે, ના મને દુઃખ નથી, પીડા નથી. અનુભાગ ઓછો હોય, પ્રદેશ વધારે હોય. એવી રીતે પડખાં પડે છે ને ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેવા ભાવ કરે એ પ્રકારનો બંધ થાય. એમાં ક્યાંય કર્મ કોઈની શરમ ભરતા નથી. એક સર્વજ્ઞ કોઈની શરમ ભરતા નથી અને એક કર્મ કોઈની શરમ ભરતા નથી.

'કંઈ પણ નહીં મુઝાતાં આદ્યંત કર્મગ્રંથ વાંચવો, વિચારવો.' કોઈપણ જાતની મુંઝવણ રાખ્યા વગર કર્મગ્રંથને શરૂથી અંત સુધી વાંચશો અને વિચારશો. એટલે કોઈ કર્મના બંધ સંબંધીનો વિષય ચાલે છે, 'ધારશીભાઈ' સાથે ચર્ચામાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. નો ગ્રંથ હશે તે વિચારવો. દિગંબર સાહિત્યમાં મુખ્ય આ છે. 'ગોમ્મટસાર'. ... આમ 'ષટ્‌ખંડાગમ' અને એની ધવલ ટીકાઓ છે એ પણ કરણાનુયોગનો વિષય છે. ઘણો વિસ્તાર છે. જે જે મુમુક્ષુ સાથે જે વિષય ચાલે છે એની ચર્ચા આવે છે. ભિન્ન ભિન્ન પ્રકારના વિષયો જુદા જુદા પત્રોની અંદર ચર્ચાયેલા જોવામાં આવે છે.

પત્રાંક-૭૭૭

ઈડર, વૈશાખ વદ ૧૨, શુક્ર, ૧૯૫૩

તથારૂપ (યથાર્થ) આપ્ત (મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા) પુરુષનો જીવને સમાગમ થવામાં કોઈ એક પુણ્ય હેતુ જોઈએ છે, તેનું ઓળખાણ થવામાં મહત્ પુણ્ય જોઈએ છે, અને તેની આજ્ઞાભક્તિએ પ્રવર્તવામાં મહત્ મહત્ પુણ્ય જોઈએ છે; એવાં જ્ઞાનીનાં વચન છે, તે સાચાં છે, એમ પ્રત્યક્ષ અનુભવાય એવું છે.

તથારૂપ આપ્તપુરુષના અભાવ જેવો આ કાળ વર્તે છે. તોપણ આત્માર્થી જીવે તેવો સમાગમ ઈચ્છતાં તેના અભાવે પણ વિશુદ્ધિસ્થાનકના અભ્યાસનો લક્ષ અવશ્ય કરીને કર્તવ્ય છે.

૭૭૭ પત્ર છે 'સુખલાલ છગનલાલ' 'વીરમગામ'ના એક મુમુક્ષુ છે. એના ઉપરનો પત્ર છે. અને 'ઈડર'થી લખેલો પત્ર છે. 'ઈડર' ગયા છે, આ દિવસોમાં 'ઈડર' ગયા છે. 'સોભાગભાઈ'ને લઈને આ જે છેલ્લી વખત 'ઈડર' ગયા એ આ દિવસોમાં ગયા છે. અને પાંચેક દિવસ ત્યાં રહ્યા છે. 'ઈડર'માં પાંચેક દિવસ રહ્યા છે.

'**તથારૂપ (યથાર્થ) આપ્ત...**' પુરુષનો. આપ્તનો અર્થ કર્યો છે અહીંયાં, જુઓ ! ૭૫૧માં આપ્ત શબ્દ વાપર્યો હતો ને ? '**(મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા)...**' પુરુષને આપ્તપુરુષ કહેવામાં આવે છે. શું કહે છે ? મુખ્યપણે અરિહંત ભગવાનને આત્મપુરુષ કહ્યા છે આગમમાં. પણ મુનિરાજ પણ આત્મપુરુષ છે અને જે કોઈ ધર્માત્મા મોક્ષમાર્ગને પામ્યા છે અને જે મોક્ષમાર્ગને અનુભવીને મોક્ષમાર્ગ દર્શાવે છે, તેમના તે વચનો મોક્ષમાર્ગ પ્રાપ્તિ માટે વિશ્વાસ કરવાને યોગ્ય છે. માટે તેને આપ્તપુરુષ કહેવામાં આવે છે. આપ્તનો અર્થ વિશ્વસનીય. વિશ્વાસને યોગ્ય, વિશ્વાસને પાત્ર. એને આપ્ત કહેવામાં આવે છે.

'**(યથાર્થ) આપ્ત (મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા) પુરુષનો...**' એટલે મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય. એ ખોટું નહિ કહે. ખોટો રસ્તો નહિ બતાવે. મોક્ષમાર્ગ સાચો દર્શાવશે. કેમકે સાચો મોક્ષમાર્ગ એને અનુભવગોચર, પ્રત્યક્ષ પ્રગટ થયેલો છે. અને એ મોક્ષમાર્ગમાં વિચરી રહ્યા છે, પરિણમી રહ્યા છે. માટે એ સાચું કહે છે. એ રીતે એ વિશ્વાસને યોગ્ય છે. જેણે મોક્ષમાર્ગ જોયો નથી, મોક્ષમાર્ગ જાણ્યો નથી, અનુભવ્યો નથી એ મોક્ષમાર્ગને કેવી રીતે દર્શાવે ? એના વચનો મોક્ષમાર્ગ માટે વિશ્વાસને પાત્ર રહેતા નથી.

મુમુક્ષુ :- નિર્ગ્રંથ કહેવાય કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ગ્રંથ કહેવાય, જ્ઞાની .. ચતુર્થ ગુણસ્થાનવર્તી, પંચમગુણસ્થાનવર્તી, છઠ્ઠા ગુણસ્થાનવર્તી અને તેરમા ગુણસ્થાનવર્તી. આ ચાર ગુણસ્થાનમાં ભાષાનો યોગ છે. વચન ઉપર વિશ્વાસ મૂકવાનો છે ને ? વચનયોગ કોને છે ? ચાર ગુણસ્થાને છે. ચોથે, પાંચમે, છઠ્ઠે અને તેરમે ગુણસ્થાને. પછી સાતથી બાર ગુણસ્થાન સુધીના બધા નિર્વિકલ્પ છે. તેરમું ગુણસ્થાન નિર્વિકલ્પ છે પણ કુદરતી ત્યાં ભાષાનો યોગ તીર્થંકરાદિ કેટલાક કેવળીઓને હોય છે. અમુક કેવળીઓને હોતો નથી. .. કોઈ કોઈ કેવળીઓને હોય છે. એ આપ્ત પુરુષ છે.

એવા પુરુષનો '**જીવને સમાગમ થવામાં કોઈ એક પુણ્ય હેતુ જોઈએ છે,...**' એ પ્રકારના પુણ્યોદય વિના એવા આપ્તપુરુષનો પ્રત્યક્ષ સમાગમ મળતો નથી. પ્રત્યક્ષ સમાગમ મળવો એ મહાપુણ્યનો ઉદય છે. અસાધારણ પ્રકારની જેની Quality છે,

જાતિ છે, હોં ! બહારમાં ભલે નિર્ધનતા હોય, રોગિષ્ટપણું હોય, બીજા પાપના ઉદય હોય. અપયશ પ્રકૃતિ હોય, બધા હડહડ કરતા હોય, ... હોય બધું હોય. પણ સત્પુરુષનો સમાગમ થવો, આપ્તપુરુષનો સમાગમ થવો તે જુદી જ પ્રકારની જાતિના પુણ્યનો ઉદય છે. એ પુણ્યના ઉદયના રાજા કે શ્રીમંત કે દેવ સાથે મેળવી શકાય નહિ. એ જાત જુદી છે અને આ જાત જુદી છે, એમ કહેવું છે. એમ કહીને શું કહેવું છે ? કે આવી જાતનો જો પુણ્યનો ઉદય હોય તો જીવે એવા પુણ્યને વેડફી નાખવા જોઈએ નહિ. એમ કહે છે. એવો કોઈ અસાધારણ ઉદય હોય તો એને વેડફવો જોઈએ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. અને એ તો બધાને હોય છે. ત્યાં તો શ્રીમંતે પણ 'ગુરુદેવ'ની સભામાં અને ગરીબ પણ બેસે. પુણ્ય તો બધાના સરખા છે એ જાતના. ... એ ખરેખર વિશેષ પુણ્યશાળી અથવા એને ધન્ય છે કે જેણે એ વાણીનો લાભ લઈને આત્મહિતની દિશામાં પ્રગતિ કરી હોય.

એવા '**પુરુષનો જીવને સમાગમ થવામાં કોઈ એક પુણ્ય હેતુ જોઈએ છે, તેનું ઓળખાણ થવામાં મહત્ પુણ્ય જોઈએ છે,...**' એમાં તો યોગ્યતા જોઈએ. તો એ ભાગ્યશાળી છે એમ કહેવાય. જો કોઈ રીતે એણે મહાપુરુષને ઓળખ્યા હોય તો એને ભાગ્યશાળી ગણવો જોઈએ. કેમ ભાગ્યશાળી ? કે એ નિર્વાણ ... લેવાનો છે. એ જ્ઞાની થશે અને એ નિર્વાણપદ સુધી પહોંચશે. તો કહે છે, ભાગ્યશાળી છે. એક ન્યાયે એને ભાગ્યશાળી કહેવામાં આવે છે. જગતના ભાગ્ય નહિ. એ આત્માના ભાગ્ય લેવાની વાત છે.

મુમુક્ષુ :- સવારનો ભિખારી, બપોરે .. અને સાંજનો પુજારી...

પૂજ્ય ભાઈશ્રી :- ... થાય માટે ભાગ્યશાળી નથી. એ પવિત્ર દશાને પ્રાપ્ત કરે માટે એ ભાગ્યશાળી છે. ભલે એને કોઈ ન ઓળખે અને ન પૂજે કોઈ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... કર્મો ફરે એથી આત્માને કાંઈ લાભ નથી. પુણ્યશાળી હોય કે ગમે તે હોય. પાપશાળી હોય. પવિત્ર દશા કરે તે ભાગ્યશાળી છે. ભલે અપયશ નામકર્મનો ઉદય હોય, ભલે બધા એને મારી મારીને કાઢી મૂકે. કેમ ? ગાળો દે, મારીને કાઢે. પણ જો એની દશામાં પવિત્રતા છે તો એ ભાગ્યશાળી છે. દશામાં પવિત્રતા નથી તો ભલેને આખી દુનિયા વખાણી મારે, એના આત્માને કાંઈ એમાંથી સુખ મળવાનું નથી. કોઈ વખાણ કરે અને યશ મળે માટે આત્માને શાંતિ કે સુખ થાય એવું તો કાંઈ બનતું નથી. એ કંઈ સુખ-શાંતિ માટે કામની ચીજ નથી. એ યશ નામકર્મ આત્માને

કામનું કે નકામુ ? નકામુ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તીર્થંકરનામ પ્રકૃતિ નકામી. સૌથી વધારે યશ નામકર્મ તીર્થંકરદેવને હોય. એના જેટલા યશ જગતમાં ક્યાંય ગવાતા નથી. છતાં એક-બે ચોવીશીના નામ આવડે. કેટલાના આવડે ? અનંતી ચોવીશી થઈ ગઈ. નામ પણ અત્યારે કોઈને ખબર નથી. એટલો બધો યશ ગવાણો, એમ લાગે કે ઓ..હો..હો..! આખું જગત એનો યશ ગાય છે. કરોડો તો દેવો આવે. કેટલા ? કરોડોના કરોડો દેવો આવે. એવું આકાશ ભરાય જાય કે એકવાર સૂર્યનો પ્રકાશ .. આ વાદળા ક્યાંથી થઈ ગયા ? વાદળા દેખાતા નથી અને આ પ્રકાશ ઝાંખો કેમ પડી ગયો ? ઉપરથી આવે છે ને ? એટલા કરોડોના ટોળાના ટોળા આવે. એ ભગવાનની સ્તુતિ કરે. ભગવાન સામું જોતા નથી. ભલે સો ઈન્દ્રોના તુજ ચરણમાં શિર નમતાં. ભલે ... એમના મુગટથી એના ચરણને પ્રક્ષાલ કરતા હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી ન રહે એમ ? એક ચોવીશીમાં એક ક્રોડાક્રોડી સાગર જાય. ... ચોથો આરો છે એ એક ક્રોડાક્રોડી સાગરનો છે. ચોથા આરામાં થાય. પંચમ આરાથી બંધ થાય. પહેલા, બીજા, ત્રીજામાં ન હોય. પાંચમા, છઠ્ઠામાં ન હોય. એક ક્રોડાક્રોડી સાગર .. પછી પાછા ફરીને વળી પાછા... યાદ રહે તો ભલે, .. રહે તો પણ ભલે, ન રહે તોપણ ભલે. તીર્થંકરદેવને લેવા-દેવા નથી. એ ગયા સિદ્ધાલયમાં.

મુમુક્ષુ :- નથી એ જ્ઞેયોમાં તુજ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા, સ્વરૂપે ડૂબેલા નમન તુજને ઓ જિનવરા.' સમવસરણની સ્તુતિ આપણા (મુમુક્ષુએ) બનાવી છે. સરસ સ્તુતિ બનાવી છે.

કહે છે કે અનંતા તીર્થંકરો અત્યારે સિદ્ધાલયમાં છે. આજે કોઈ એમના નામ પણ જાણતા નથી. માટે મારું નામ પ્રસિદ્ધ થાવ એવી ભ્રાંતિ, યશ નામકર્મની ભ્રાંતિ સેવવા જેવી નથી. એ પાપ ... યશનું બહુ છે બહારમાં. મને યશ મળે, મારો યશ ગવાય, મને બધા જાણે, મને બધા ઓળખે, આવો સારો ઓળખે. એમ ને એમ પરિભ્રમણ વધાર્યું છે. લોકમાં પરિભ્રમણ કરીને લોકોની વચ્ચે રહેવું છે. લોકપરિભ્રમણ ચાલુ ને ચાલુ રહેશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ફૂલ જંગલમાં હો કે બાગમાં હો, એની સુગંધ અને સુંદરતા

તો જે છે તે છે. કોઈને લઈને નથી.

એવા આપ્તપુરુષની '**ઓળખાણ થવામાં મહત્ પુણ્ય જોઈએ છે, અને તેની આજ્ઞાભક્તિએ પ્રવર્તવામાં મહત્ મહત્ પુણ્ય જોઈએ છે;...**' કહે છે કે એની આજ્ઞાભક્તિએ રહેવાનો યોગ .. બને તો એ વિશેષ ભાગ્યશાળી સમજવો. ઓળખાણ થઈ એ ભાગ્યશાળી અને એનો યોગ-સંયોગ રહે, આજ્ઞાભક્તિમાં વિશેષ વિશેષ .. પરિણામ રહે, દર્શનમોહનો એ વખતે અનુભાગ તુટતો જાય, દર્શનમોહ ગળતો જાય એ મહત્ મહત્ .. ગણવો જોઈએ. '**તેની આજ્ઞાભક્તિએ પ્રવર્તવામાં મહત્ મહત્ પુણ્ય જોઈએ છે; એવા જ્ઞાનીનાં વચન છે,...**' હું કહેતો નથી એમ કહે છે. '**એવા જ્ઞાનીનાં વચન છે, તે સાચા છે,...**' અત્યંત સાચા છે. સાચા છે એટલું નહિ. તે અત્યંત સાચા છે. '**એમ પ્રત્યક્ષ અનુભવાય એવું છે.**' એ બરાબર ખ્યાલ કરે તો એને પણ એવો અનુભવ થાય એવું છે. એ તો પોતે પ્રત્યક્ષ હતા ને ? ... થાય એવું છે. '**તથારૂપ આપ્તપુરુષના અભાવ જેવો આ કાળ વર્તે છે.**' આ કાળમાં લગભગ એનો અભાવ હોય તેવો કાળ વર્તે છે. સદ્ભાવ હોય તો કોઈને નજરમાં આવતા નથી. માટે એ અભાવ જેવો કાળ વર્તે છે. અભાવ છે એમ ન કહ્યું. અભાવ જેવો કાળ વર્તે છે. આ કાળમાં અભાવ વર્તે છે એમ ન કહ્યું. અભાવ જેવો કાળ વર્તે છે. ... છે જ નહિ.

'**તોપણ આત્માર્થી જીવે તેવો સમાગમ ઈચ્છતાં તેના અભાવે પણ વિશુદ્ધિસ્થાનકના અભ્યાસનો લક્ષ અવશ્ય કરીને કર્તવ્ય છે.**' શું કહે છે ? આ .. અત્યારે છે એનો ફેંસલો કરી નાખ્યો. અત્યારે આ પ્રશ્ન થયો છે આપણા સમાજમાં કે અત્યારે કોઈ જ્ઞાનીપુરુષ છે નહિ, અમારે શું કરવું ? હતા ત્યારે પણ તેં શું કર્યું ? કે હવે અત્યારે વાત કરે છો ? હતા ત્યારે તો કોઈ તને વિશેષતા આવી નહિ. તો હવે હોય તો તારે શું કરવું છે ? છે નહિ. આ પ્રશ્ન આવે. એટલે આ એનો ઉત્તર આપ્યો. કે તોપણ આત્માર્થી જીવે તેવો સમાગમ ઈચ્છવો. તેની ભાવના ભાવવી. ઈચ્છવો એટલે ભાવના રાખવી કે કોઈ જ્ઞાનીપુરુષનો, સત્પુરુષનો મને સમાગમ થાય એની ઈચ્છા રાખવી. જો મને સમાગમ થાય તો કોઈપણ ભોગે સમાગમ કરવા મારી તૈયારી છે. પાછી એટલી તૈયારી હોય. કોઈપણ ભોગે મારે સમાગમની તૈયારી રાખવી છે.

'**તેવો સમાગમ ઈચ્છતાં તેના અભાવે પણ...**' અને એ ઈચ્છે, એના અભાવે .. ઈચ્છે '**પણ વિશુદ્ધિસ્થાનકના અભ્યાસનો લક્ષ...**' જો સત્પુરુષ હોય અને એના પ્રત્યે એને ઓળખાણ, બહુમાન અને ભક્તિ થાય તોપણ વિશુદ્ધિ થાય અને ન હોય અને ઈચ્છા તોપણ એને ભાવનામાં વિશુદ્ધિ થાય. ... તને લાભનું કારણ થશે.

સ્વભાવિક તને લાભનું કારણ થશે. યોગ્યતામાં તો બધું સવળું જ પડે છે. સમાગમ પણ સવળો, સંયોગ પણ સવળો અને વિયોગ પણ સવળો. પ્રત્યક્ષ હોય તો કાંઈ નિરંતર સમાગમ થાય. એ કાંઈ નવરા છે કે સામા આવીને બેસી રહે ચોવીસ કલાક. એમ તો બને નહિ. ત્યારે સંયોગ તો વિયોગ સહિત છે. વિયોગમાં વિશેષ સમાગમના પરિણામ થાય એ વિયોગ પણ એમને લાભનું કારણ થાય અને સંયોગ પણ એને લાભનું જ કારણ થાય. સત્પુરુષનો સમાગમ સત્પુરુષ પ્રત્યેની પ્રીતિ ભક્તિ વધારે છે. સત્પુરુષનો સંયોગ જેમ સત્પુરુષ પ્રત્યેની પ્રીતિ ભક્તિ વધારે છે, તેમ સત્પુરુષનો વિયોગ પણ સત્પુરુષ પ્રત્યેની પ્રીતિ ભક્તિને જ વધારે છે. યોગ્યતામાં તો સવળું જ પડે.

મુમુક્ષુ :- પાત્રતા કેળવવી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. ભાવના પોતે પાત્રતામાં લઈ આવે. સત્પુરુષના સમાગમની ભાવના એ વિશુદ્ધિનું સ્થાનક તો કીંધુ અહીંયાં. એ પાત્રતા કહો કે વિશુદ્ધિ સ્થાનક કહો. શબ્દ બીજો છે. વિશુદ્ધિસ્થાનકને જ પાત્રતા કહેવામાં આવે છે. અહીંયાં પહેલા પુણ્યયોગ કહ્યો. અહીંયાં વિશુદ્ધિસ્થાનક લીધું. એ જ પત્રમાં નીચે એ પુણ્યયોગને જ વિશુદ્ધિસ્થાનક કહી દીધું. ઓલો પુણ્યયોગ નથી અહીંયાં. વિશુદ્ધિસ્થાનકને પુણ્યયોગ કહ્યો છે. એના અભ્યાસનો લક્ષ. વારંવાર એવી ભાવના થવી. એવું લક્ષ અવશ્ય કરીને જીવે કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નાનું Post card લખ્યુ છે પણ એમાં મુંઝવણનો ઉકેલ લાવી દીધો છે કે હવે સત્પુરુષનો સમાગમ નથી તો શું કરવું ? સમાગમની ભાવના કરવી, વિયોગમાં પણ તું સમાગમની ભાવના કર. તો તને વિયોગ છે એમ નક્કી થાય છે. જો તને સમાગમની ભાવના ન રહેતી હોય તો તને વિયોગ થયો જ નથી. માટે તને સંયોગ પણ થયો નહોતો. કેમકે વિયોગની અંદર દુઃખ નથી. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... 'તુજ વિયોગ સ્ફુરતો નથી, ...' પછી એ સંબંધીની એમ કે વેદના પણ નથી. એની વેદના પણ નથી. 'નહિ તેનો પરિતાપ.' એનો પરિતાપ-તાપ પણ લાગતો નથી. મારી યોગ્યતા જ ક્યાં છે એમ કહે છે. યોગ્યતાવાળા ગાય છે, હોં !

મુમુક્ષુ :- નહિ ઉદાસ અનભક્તથી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'નહિ ઉદાસ અનભક્તથી' મને અત્યારે જે ઘરના,

વેપારના, ધંધાના .. એમાં મને ઉદાસીનતા આવી નથી. આપનો વિયોગ છે તો એમાં મને ઉદાસીનતા આવવી જોઈતી હતી ... ઉદાસીન ... મારી લાયકાતનું ઠેકાણું નથી. વીસ દોહરામાં સ્વનિંદાના દોહરા છે. પાત્રતા ગ્રહણ થવા માટેનો એ વિષય છે.

મુમુક્ષુ :- વ્યક્તિ પ્રત્યેનો ...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યક્તિ પ્રત્યેનો રાગ ત્યારે કહેવાય કે તે વ્યક્તિમાં ગુણ ન હોય છતાં રાગ થાય તો. પણ ગુણવાન વ્યક્તિ પ્રત્યે રાગ થાય તો તે વ્યક્તિરાગ કહેવાતો નથી પણ ગુણાનુરાગ કહેવામાં આવે છે. આમ બે વચ્ચે ફેર છે. વ્યક્તિરાગ અને ગુણાનુરાગમાં આટલો ફેર છે. કેમકે ગુણ ગુણવાનના આશ્રયે રહે છે. ગુણ કાંઈ અધ્ધર લટકતા નથી. ગુણ કાંઈ અદ્ધર નથી. ગુણવાનના આશ્રયે ગુણ છે. ગુણાનુરાગ થાય તો ગુણવાનનો રાગ થયા વગર રહે જ નહિ. એને વ્યક્તિરાગ ન કહેવાય, એને ગુણાનુરાગ કહેવાય. ધર્માત્મા પ્રત્યેના રાગને ગુણાનુરાગ કહેવાય, એને વ્યક્તિરાગ ન કહેવાય. એમ છે.

મુમુક્ષુ :- ગુણવાનને ...

પૂજ્ય ભાઈશ્રી :- ગુણવાનને ન ઓળખતો હોય તો વ્યક્તિરાગ કરે. કોણ કરે વ્યક્તિરાગ ? ગુણને ન ઓળખતો હોય તે. જેને ગુણ દેખાતા હોય એને વ્યક્તિ દેખાતી નથી. એને ગુણ દેખાય છે. એને જ્યાં જ્યાં જે જે ગુણવાન હોય એના પ્રત્યે એને અનુરાગ, ભક્તિ, પ્રીતિ થયા વગર રહે નહિ. કોઈ એમ કહે કે હું આ જ્ઞાનીના ગુણને પૂજું પણ આ જ્ઞાનીના ગુણને ન પૂજું. તો એ વ્યક્તિરાગ છે. એણે ગુણને નથી ઓળખ્યા, વ્યક્તિને ઓળખી છે. આ જ્ઞાનીને નહિ પણ આ જ્ઞાનીની ... ન કરું, આ જ્ઞાનીની મહિમા, પૂજા-ભક્તિ ન કરું, આ જ્ઞાનીની કરું. એ વ્યક્તિરાગમાં જાય છે. કેમકે એને જો ગુણની ખબર હોત તો એવા ભેદ પડે નહિ. .... એમ છે.

સત્-શ્રવણ આત્મકલ્યાણની અત્યંત ભાવના સહિત સ્વલક્ષે થવું ઘટે છે, જેથી પ્રયોજનનો દૃષ્ટિકોણ સાધ્ય થાય. નહિતો શ્રવણ - અશ્રવણ બંન્ને સરખું છે. ઉપરોક્ત ભાવે શ્રવણ-ક્રમે કરીને ભાવશ્રુત પ્રગટવાનું કારણ બને છે. અન્ય પ્રકારનું શ્રવણ નિષ્ફળ થાય છે. (અનુભવ સંજીવની-૧૮૨૧)

પત્રાંક-૭૭૮

ઈડર, વૈશાખ વદ ૧૨, શુક્ર, ૧૯૫૩

બે કાગળ મળ્યા છે. અત્રે ઘણું કરીને મંગળવાર પર્યંત સ્થિતિ થશે. બુધવારે સાંજે અમદાવાદથી મેલગાડીમાં મુંબઈ તરફ જવા માટે બેસવાનું થશે. ઘણું કરીને ગુરુવારે સવારે મુંબઈ ઊતરવું થશે.

કેવળ નિરાશા પામવાથી જીવને સત્સમાગમનો પ્રાપ્ત લાભ પણ શિથિલ થઈ જાય છે. સત્સમાગમના અભાવનો ખેદ રાખતાં છતાં પણ સત્સમાગમ થયો છે એ પરમપુણ્યયોગ બન્યો છે. માટે સર્વસંગત્યાગયોગ બનતાં સુધીમાં ગૃહસ્થવાસે સ્થિતિ હોય ત્યાં પર્યંત તે પ્રવૃત્તિ, નીતિસહ, કંઈ પણ જાળવી લઈને પરમાર્થમાં ઉત્સાહ સહિત પ્રવર્તી વિશુદ્ધિસ્થાનક નિત્ય અભ્યાસતાં રહેવું એ જ કર્તવ્ય છે.

તા. ૧૭-૧૨-૧૯૯૧, પત્રાંક ૭૭૮, ૭૭૯
પ્રવચન નં. ૩૮૩

'**બે કાગળ મળ્યા છે. અત્રે ઘણું કરીને મંગળવાર...**' શુક્રવારે .. શુક્ર, શનિ, રવિ, સોમ. ચાર દિવસ ... 'સુખલાલભાઈ'ને લખ્યું. પાંચેક દિવસ ... '**બુધવારે સાંજે અમદાવાદથી મેલગાડીમાં મુંબઈ તરફ જવા માટે બેસવાનું થશે.**' 'અમદાવાદ'થી ... 'સોભાગભાઈ'ના ... '**ઘણું કરીને ગુરુવારે સવારે મુંબઈ ઊતરવું થશે. કેવળ નિરાશા પામવાથી જીવને સત્સમાગમનો પ્રાપ્ત લાભ પણ શિથિલ થઈ જાય છે.**' નિરાશ ન થવું, હતાશ ન થવું. મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી થતી એટલા માટે હતાશ ન થવું, નિરાશ બહુ ન થવું. કેમકે એમાં નુકશાન છે. એવા પરિણામનું ફળ નુકસાન છે. .. સ્વભાવનું અનંતવીર્ય ... છે એવી વિદ્યમાનતાને કારણે છે. ભાવમાં આવિર્ભૂત કરવી, એ પ્રકારથી એ વિરુદ્ધ થઈ. હતાશા થઈ, નિરાશા થઈ એ વિરૂદ્ધ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ ... વાત છે. સ્વ દિશા છે એ તો પોતાના દોષને .. કરેલા પરિણામ છે અને હતાશા છે એ પોતાના પુરુષાર્થને ભૂલીને, સ્વભાવને-સામર્થ્યને

ભૂલીને, શક્તિને ભૂલીને પોતાને સ્વીકારવામાં નબળો સ્વીકારે છે, ... સ્વીકારે છે, ... એવો પ્રકાર છે. વિકૃતિનો પ્રકાર છે આ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... નિરાશા ...

એક તો વર્તમાન અવસ્થામાં સંતુષ્ટ થવું, એ જ વર્તમાન અવસ્થામાં નિરાશ થવું. આ બે વાત સાથે સાથે ન બને. આશાસ્પદ થાય અને સંતુષ્ટ થાય તોપણ મુશ્કેલી છે. સંતુષ્ટ ન થાય અને નિરાશ થાય તોપણ મુશ્કેલી. એ પરિણામથી સત્સમાગમનો પ્રાપ્ત લાભ પણ શિથિલ થાય. ... ઢીલો પડી જાય.

'સત્સમાગમના અભાવનો ખેદ રાખતાં છતાં પણ સત્સમાગમ થયો છે એ પરમપુણ્યયોગ બન્યો છે, માટે સર્વસંગત્યાગયોગ બનતાં સુધીમાં ગૃહસ્થવાસે સ્થિતિ હોય ત્યાં પર્યંત તે પ્રવૃત્તિ, નીતિસહ, કંઈ પણ જાળવી લઈને પરમાર્થમાં ઉત્સાહ સહિત પ્રવર્તી વિશુદ્ધિસ્થાનક નિત્ય અભ્યાસતાં રહેવું એ જ કર્તવ્ય છે.' કેટલી વાતો લખી છે ! એક પત્રમાં કેટલી વાતો લખી છે. ... એ પ્રકારના પરિણામ થયા હશે. તાત્કાલીક એ પરિણામ ઉપર વાત કરી. નિરાશાના જે પરિણામ છે એ ઉત્સાહ અને ઉલ્લસિત વીર્યથી વિરુદ્ધ જાતિના છે. જે સ્વરૂપ પ્રાપ્તિની ભાવનામાં ઉલ્લાસ આવે, એ ઉલ્લાસથી પ્રતિપક્ષ પરિણામ છે, વિરૂદ્ધ જાતના પરિણામ છે. એટલા માટે એ .. એમ છે. એ વાત એની ...

સત્સમાગમના અભાવનો ખેદ થાય. ... સત્સમાગમ રહે નહિ. અને એ ખેદ હોવા છતાં, રહેવા છતાં પણ જેટલો કાંઈ સત્સમાગમ ભૂતકાળમાં પ્રાપ્ત થયો એ પરમ પુણ્યનો યોગ બન્યો છે. અને જ્યાં સુધી પોતે સર્વસંગપરિત્યાગ સુધીમાં ન આવે, .. ન થાય ત્યાં સુધી ગૃહસ્થવાસમાં સ્થિતિ હોય ત્યાં સુધી સત્સમાગમની પ્રવૃત્તિ નીતિસહતાથી-વ્યવહારિક જીવનમાં ક્યાંય ... સાથે, સરળતા સાથે, .. સાથે સત્સમાગમ ચાલુ રાખવો. અને પરમાર્થમાં એટલે આત્મકલ્યાણના કાર્યમાં, આત્મકલ્યાણ પ્રત્યે ઉત્સાહ સહિત પ્રવર્તવું. ઉલ્લાસિત વીર્યથી પ્રવર્તવું. અને વિશુદ્ધિસ્થાનક ... વિશુદ્ધિસ્થાનનો અભ્યાસ કરવો. દર્શનમોહ મંદ પડે અને વિષયકષાયનો રસ મંદ પડે. બંને અનુભાગ ઘટવાની વાત છે. ચારિત્રમોહ .. ત્યારે એને જે વિશુદ્ધિસ્થાનક ... આવે. વિશુદ્ધિસ્થાનક કહો કે મુમુક્ષુની ભૂમિકાની નિર્મળતા કહો. ભૂમિકા યોગ્ય નિર્મળતા. એ અભ્યાસ ચાલુ રાખવો ...

દઢ મોક્ષેચ્છા સાથે હોય તો ઉત્તમ વાત છે. દઢ મોક્ષેચ્છા ન હોય તોપણ વિશુદ્ધિસ્થાનક તો એણે જાળવી રાખવા જોઈએ. અભ્યાસવા જ જોઈએ. સત્સંગ,

સદ્ગ્રંથનું વાંચન, અધ્યયન, સદ્વિચાર, સદાચાર અને એ સિવાય આગળ વધીને જેટલું બને એટલું અવલોકન, પ્રયોગ એ બધું ચાલુ જ રાખવું જોઈએ. વિશુદ્ધિસ્થાનક ... જે દઢ મોક્ષેચ્છા એટલે પૂર્ણતાનું લક્ષ નથી થતું, કરવા યોગ્ય છે એમ જાણ્યા પછી પણ નથી થતું ત્યાં પણ દર્શનમોહ .. નહિતર વિશુદ્ધિ સ્થાનકમાં દર્શનમોહનો અનુભાગ ઘટે પણ એ આગળ જતાં થવા યોગ્ય છે એમ સમજીને પણ વિશુદ્ધિસ્થાનક તો એણે બરાબર અભ્યાસવા જ જોઈએ. એમ ... ..

ભાવના, જિજ્ઞાસા, ... મુમુક્ષુને યોગ્ય બધા પ્રકારના પરિણામ આવે અને એ ચાલુ રહેવા જોઈએ. એને ખ્યાલ હોય પોતાને કે હજી શરૂઆત નથી થઈ, ... તો એને એ કિમત વધારે નહિ આપે. ફાયદો શું થશે ? કે એની કિંમત એથી વધારે નહિ આંકે કે હું આગળ વધી ગયો છું. ... પ્રાપ્ત થતો નથી, હું લાયક છું, યોગ્યતા મારામાં ઘણી છે, પાત્રતા ઘણી છે એવું કાંઈ નહિ થાય. અસત્ અભિમાન નહિ થાય. એ ખ્યાલમાં રહેશે કે હજી શરૂઆત પણ થઈ નથી. પણ તેથી કાંઈ નિરાશ થવાની જરૂર નથી. વિશુદ્ધિસ્થાનકોનો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ. વિશુદ્ધિસ્થાનક કહીને બધા પરિણામ .. દર્શનમોહ અનુભાગ ઘટે એવા બધા પરિણામ લઈ લેવા.

એ પણ બહુ સારુ માર્ગદર્શન આપ્યું છે. કેમકે એ પ્રકારના પણ કોઈ કોઈ પરિણામ થાય જીવને કે ક્યારેક નિરાશ થઈ જાય, ક્યારેક સંતુષ્ટ થઈ જાય. પણ એ કાંઈ .. કરવા યોગ્ય નથી. ૭૭૮ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૭૭૯

મુંબઈ, જયેષ્ઠ સુદ, ૧૯૫૩

ૐ સર્વજ્ઞ

સ્વભાવજાગૃતદશા

ચિત્રસારી ન્યારી, પરજંક ન્યારૌ, સેજ ન્યારી,
ચાદરિ ભી ન્યારી, ઈહાં ઝૂઠી મેરી થપના;
અતીત અવસ્થા સૈન, નિદ્રાવાહિ કોઉ પૈ ન,
વિદ્યમાન પલક ન, યામૈ અબ છપના;
સ્વાસ ઔ સુપન દોઉ, નિદ્રાકી અલંગ બૂઝે,
સૂઝૈ સબ અંગ લખિ, આતમ દરપના;
ત્યગી ભયૌ ચેતન, અચેતનતા ભાવ ત્યાગિ,
ભાલૈ દૃષ્ટિ ખોલિકૈ, સંભાલે રૂપ અપના.

અનુભવઉત્સાહદશા

જૈસો નિરભેદરૂપ, નિહચૈ અતીત હુતૌ,
તૈસૌ નિરભેદ અબ, ભેદકૌ ન ગહૈગૌ !
દીસૈ કર્મરહિત સહિત સુખ સમાધાન,
પાયૌ નિજથાન ફિર બાહરિ ન બહૈગૌ;
કબહૂં કદાપિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ,
રાગ રસ રાચિકૈં ન પરવસ્તુ ગહૈગૌ;
અમલાન જ્ઞાન વિદ્યમાન પરગટ ભયૌ,
યાહિ ભાંતિ આગમ અનંતકાલ રહૈગૌ.

સ્થિતિદશા

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ;
એક કરતૂતિ દોઈ દર્વ કબહૂઁ ન કરૈ,
દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;
જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ,
અપનેં અપનેં રૂપ કોઉ ન ટરતુ હૈ;
જડ પરિનામનિકૌ કરતા હૈ પુદ્ગલ,
ચિદાનન્દ ચેતન સુભાવ આચરતુ હૈ.

શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે અથવા બીજા એક યોગ્ય મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.

બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.

અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.

જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.

તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્તવ્ય છે.

શુદ્ધ સહજ આત્મસ્વરૂપ.

૭૭૯ 'સૌભાગ્યભાઈ' ઉપરનો પત્ર છે. હવે 'મુંબઈ' પહોંચી ગયા છે. બારસ ને શુક્રવારે એ ત્યાં હતા. ૧૩, ૧૪, અમાસ, સોમવાર ૧ મુંબઈ જવા નીકળ્યા છે. ૨ પછીનો કાગળ છે. જેઠ સુદ ૨નો કે ૩નો લખેલો છે. જયેષ્ઠ વદ ૧૦ ... ૧૩ ને ૨૨-૨૩ ત્યાં 'ઈડર'માં જે ચર્ચા થઈ હતી ત્યારપછીના એ પત્રનો વિષય .. એકદમ સ્વભાવજાગૃતદશા, અનુભવઉત્સાહદશા, અનુભવમાં સ્થિત થયેલાની દશા ... ત્રણ પદ ટાંક્યા પછી 'બનારસીદાસજી'ના પદ ટાંક્યા છે. એ ક્રમબદ્ધ ટાંક્યા છે.

ચિત્રસારી ન્યારી, પરજંક ન્યારૌ, સેજ ન્યારી,
ચાદરિ ભી ન્યારી, ઈહાં ઝૂઠી મેરી થપના;
અતીત અવસ્થા સૈન, નિદ્રાવાહિ કોઉ પૈ ન,
વિદ્યમાન પલક ન, યામૈ અબ છપના;
સ્વાસ ઔ સુપન દોઉ, નિદ્રાકી અલંગ બૂઝે,
સૂઝૈ સબ અંગ લખિ, આતમ દરપના;
ત્યાગી ભયૌ ચેતન, અચેતનતા ભાવ ત્યાગિ,
ભાલૈ દષ્ટિ ખોલિકૈ, સંભાલૈ રૂપ અપના.

પોતાની સ્વભાવની જાગૃતિમાં જીવ એવા પરિણામે પરિણમે છે. જેમ કોઈ માણસ સૂતો હોય ત્યારે એ એમ સમજે છે કે સેજ એટલે મારી પથારી પણ જુદી છે, મારી ચાદર પણ જુદી છે, સપનું પણ જુદું છે, ઓઢવાનું પણ જુદું છે. એમાં હું અહીંયાં બધાની વચ્ચે છે એમ સ્થાપ્યું છે એ ... વાત છે. થપના એટલે સ્થાપ્યું. ... કરી. એ બધું જુદું હોવા છતાં એમાં પોતાપણું સ્થાપ્યું છે એ સ્થાપના ... છે. અતીત અવસ્થા છે.

મુમુક્ષુ :- નિર્જરા દ્વાર.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્જરામાં છે ને.

મુમુક્ષુ :- પાનું-૧૭૬.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં ૧૩૯ છે. એક એક શબ્દ સહિત અર્થ છે. જીવની

જાગૃત દશા. જ્યારે સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું ત્યારે એટલે જ્ઞાનદશામાં ... જીવ વિચારે છે કે શરીરરૂપી મહેલ જુદો છે. કર્મરૂપી પલંગ જુદો છે. પરજંક ન્યારો. પરજંક એટલે પલંગ. ચિત્રસારી એટલે મહેલ. મહેલ જુદો, મહેલની અંદરનો પલંગ જુદો, ... સેજ ન્યારી, માયારૂપ પથારી. કલ્પનારૂપ ચાદર જુદી છે. ચાદર ભી ન્યારી. કલ્પનારૂપ ચાદર જુદી, તથા નિદ્રાવાહિ મોહનિદ્રા. પૂર્વકાળમાં નિદ્રામાં પડેલી મારી બીજી જ પર્યાય છે. મોહનિદ્રામાં મેં માની લીધું કે આ મકાન મારું, એની અંદરની બધી વ્યવસ્થા મારી છે, મારી અનુકૂળતાઓ છે, આ બધી મારી સગવડતાઓ છે. એ .. પર્યાયો છે. હવે વર્તમાનની એક પળ પણ નિદ્રામાં નહિ વિતાવું.

'**અતીત અવસ્થા સૈન, નિદ્રાવાહિ કોઉ પૈ ન, વિદ્યમાન પલક ન, યામૈં અબ છપના;...**' હવે એક પળ પણ મારે મોહનિદ્રામાં રહેવું નથી. ... નિઃસ્વાર્થ અને ... સ્વપ્ન ... એ સપનું છે. શ્વાસોશ્વાસ એ પણ સપનું છે. એ બંને નિદ્રાના સંયોગથી દેખાતા હતા. હવે આત્મરૂપ દર્પણમાં મારા સમસ્ત ગુણો દેખાવા લાગ્યા. '**સૂઝૈ સબ અંગ લખિ, આતમ દરપના;...**' આત્માના દર્પણમાં, જ્ઞાનદર્પણમાં મારા આત્મગુણો બધા દેખાવા લાગ્યા. આ રીતે આત્મા અચેતન ભાવોનો ત્યાગી થઈ ગયો. જ્ઞાનદષ્ટિથી જોઈને પોતાની .. સંભાળે છે. આ માટે ... કે આવું સમ્યગ્જ્ઞાન જાગ્રત થાવ. ... જે વાત કરી છે તે અનુસાર આવું સમ્યગ્જ્ઞાન જાગ્રત થાવ. એટલા માટે એ વાત લખી છે.

પછી અનુભવઉત્સાહ દશા છે. અનુભવમાં કેવો ઉત્સાહ આવે.

મુમુક્ષુ :- સર્વવિશુદ્ધિનો ૧૦૮ શ્લોક.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વવિશુદ્ધિનો ૧૦૮ શ્લોક. શુદ્ધ આત્મદ્રવ્ય .. '**પૂર્વે અર્થાત્ સંસારીદશામાં નિશ્ચયનયથી આત્મા જેવો અભેદરૂપ હતો તેવો પ્રગટ થઈ ગયો.**' '**જૈસો નિરભેદરૂપ, નિહચૈ અતીત હુતૌ,...**' ભૂતકાળમાં પણ જેવો અભેદ હતો '**તૈસો નિરભેદ અબ, ભેદકૌ ન ગહૈગૌ !**' એવો જ અભેદરૂપે પ્રગટ થઈ ગયો. તે પરમાત્માને હવે ભેદરૂપ કોણ કહેશે ? હવે કોઈ ભેદને ગ્રહણ નહિ કરે, એમ કહે છે. ગુણભેદના, ગુણના અને પર્યાયના ભેદો હવે ગ્રહણ નહિ કરે. અનુભવમાં ભેદ નથી. અનુભવની વાત લેવી છે ને ? તો અનુભવમાં ભેદ હોતો નથી.

'**દીસૈ કર્મરહિત સહિત સુખ સમાધાન,...**' જે કર્મ રહિત અને સુખ-શાંતિ સહિત દેખાય છે. પોતાનું સ્વરૂપ કર્મ રહિત નિષ્કર્મ. સંયોગ છે ત્યારે પણ, હોં ! કર્મનો સંયોગ છે ત્યારે પણ કર્મ રહિત અને સુખ-શાંતિ સહિત-પોતાના સ્વભાવના સુખ-શાંતિ સહિત છે. તથા જેણે નિજ સ્થાન અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી છે. '**પાયૌ નિજથાન...**' પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી છે. '**બાહરિ ન બહૈગૌ;...**' હવે બહાર

રહેશે નહિ. જન્મ-મરણરૂપ સંસારમાં નહિ આવે અથવા એ ઉપયોગમાં હવે બહારમાં તણાશે નહિ.

'**કબહૂં કદાપિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ,...**' ક્યારેય આ આત્માએ કદિ પણ પોતાનો નિજ સ્વભાવ છોડીને, રાગ-દ્વેષમાં લાગીને પરપદાર્થ શરીરાદિ .. નહિ કરે. હવે ક્યારે પણ પોતાના સ્વભાવની ઉપર ... નહિ. રાગની પક્કડમાં આવશે નહિ. શરીર તે હું એવી પક્કડમાં આવશે નહિ. '**અમલાન જ્ઞાન વિદ્યમાન પરગટ ભયૌ,...**' કારણ કે વર્તમાનમાં જે નિર્મળ જ્ઞાન છે તે પ્રગટ થયું છે. તે આગામી અનંત કાળ સુધી હવે એવું ને એવું રહેશે. '**યાહિ ભાંતિ આગમ અનંતકાલ રહેગૌ.**' એ સર્વ સર્વવિશુદ્ધમાંથી અનુભવદશાનું એ પદ લીધું છે.

'નાટકસમયસાર' વાંચીને એમાંથી ...

મુમુક્ષુ : કર્તા-કર્મ અધિકાર.

પૂજ્ય ભાઈશ્રી : એ કર્તા-કર્મ અધિકારમાં ... ઓલામાં ...

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ;

એટલે એક પરિણામના બે દ્રવ્ય કરતા નથી. એટલે જીવ અને પુદ્ગલ કર્મ મળીને રાગની ઉત્પત્તિ કરે છે એમ નથી. તેમ બે પરિણામ એક દ્રવ્ય (કરે અર્થાત્) જીવ રાગ પણ કરે, પુદ્ગલનું જ્ઞાન પણ કરે અને પુદ્ગલના કાર્યો, શરીરના કાર્યો પણ કરે, એક દ્રવ્ય .. પરિણામ કરતા નથી.

એક કરતૂતિ દોઈ દર્વ કબહૂં ન કરૈ,
દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;

કરતૂતિ એટલે ક્રિયા. એક કાર્ય. બે દ્રવ્ય થઈને એક કાર્ય ન કરે ક્યારેય. અને એક દ્રવ્ય કદિ બે ક્રિયાને ન કરે. બે દ્રવ્ય ભેગા મળીને-સાથે મળીને એક ક્રિયાને ન કરે. એમ બે ક્રિયા એક દ્રવ્ય ન કરે.

જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ,
અપનેં અપનેં રૂપ કોઉ ન ટરતુ હૈ;

જીવ અને પુદ્ગલ એક ક્ષેત્ર અવગાહીને રહેલા છે. છતાં પોતપોતાના સ્વરૂપનો ત્યાગ કરતા નથી. પોતાના સ્વરૂપથી ટળી જતા નથી, નાશ પામતા નથી.

જડ પરિનામનિકૌ કરતા હૈ પુદગલ,
જડ પરિણામનો પુદ્ગલ કરતા છે.
ચિદાનન્દ ચેતન સુભાવ આચરતુ હૈ.

ચેતન્ય છે, ચેતન છે એ તો પોતાનો સ્વભાવ છે. ચૈતન્ય આનંદ સ્વભાવ છે, જ્ઞાનાનંદ સ્વભાવ છે. ... એ સિવાય સ્વભાવથી બીજું કરી શકતો નથી. ... કરી શકે છે. જ્યારે આવું ભેદજ્ઞાન થાય છે ત્યારે જડ જડ પરિણામને કરે છે અને ચેતન જ્ઞાનાનંદ પરિણામને કરે છે. એ પ્રકારના પરિણામ થાય છે.

મુમુક્ષુ :- સ્વભાવના ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વભાવનું લક્ષ કરાવ્યું છે. ...માં સ્વભાવનું લક્ષ કરાવ્યું છે. હવે અનુભવ જાગૃતદશા, સ્વભાવ જાગૃતદશા ઉપર પત્ર લખે છે. સ્પષ્ટ ... છે.

'શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે અથવા બીજા એક યોગ્ય મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.' ... તમે હવે એમની પાસે ... આંખે ઝાંખપ આવી ગઈ છે. વૃદ્ધાવસ્થા છે. ... સંભળાવો. સંભળાવે 'અંબાલાલભાઈ'. ... એમને અહોભાવ હતો. હવે જે પત્ર આવશે એ ... એવી આશાથી જ એવો જ પત્ર જ્યારે .... **'સર્વ અન્યભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે 'મુક્ત' છે.'** ભલે જે સહિત હોય તોપણ આત્મા સર્વ અન્ય ભાવથી-રાગ, દ્વેષ, મોહ આદિ મલિન પરિણામથી, એનાથી જેને પોતાનું આત્મસ્વરૂપ રહિત ભાસે છે, એવો જ અનુભવ જેને વર્તે છે, કેવળ આત્માનો અનુભવ વર્તે છે એ અનુભવ મુક્તદશાનો અનુભવ છે. એમાં બંધપણું નથી. અબંધ પરિણામ હોવાથી તેને મુક્તભાવ કહેવામાં આવે છે.

'બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.' ... એ અન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સર્વથા અસંગભાવે વર્તે છે. કોઈપણ અન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો ભાવથી સંગ કરતા નથી. તે પણ મુક્ત છે. કેમકે એ માત્ર એના જ્ઞાતા રહે છે. પોતાનું-પારકું એવું કાંઈ લાગતું નથી. **'અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે.'** એટલે શરૂ થાય છે. અટળ અનુભવસ્વરૂપ-અનુભવમાંથી વિચલિતપણું ન થાય, શુદ્ધોપયોગમાં સ્થિર થાય એવો જે અટલ અનુભવરૂપ આત્મા, એવા અનુભવસ્વરૂપ જ આત્મા છે. આત્મા અનુભૂતિસ્વરૂપ છે અને એવો સ્વભાવ છે તે અચલિત સ્વભાવ છે. એવા આત્માનું સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષપણે જુદું ભાસવું, પ્રત્યક્ષ જુદો અનુભવ થવો, ત્યારથી મુક્તદશાની શરૂઆત થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અંતર અનુભવ લીધો છે. પ્રત્યક્ષ ભાસવો લીધું છે ને ?

ભાસન શબ્દ ભાવભાસનમાં પણ લેવાય છે અને ભાસન છે એ અનુભવમાં પણ લેવાય છે. પરોક્ષમાં નિર્ણય છે અને પ્રત્યક્ષમાં અનુભવ છે.

'પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે.' જેને મુક્તદશા વર્તે છે **'તે પુરુષ મૌન થાય છે,...'** જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં પછી વાણીનો ઉપચાર ... **'તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે,...'** અપ્રતિબદ્ધ થાય છે એટલે ક્યાંય પણ એના પરિણામ બંધાતા નથી, રોકાતા નથી, પ્રતિબંધપણું પામતા નથી. ક્યાંય સ્થિર થતા નથી. ... **'તે પુરુષ અસંગ થાય છે,...'** તે પુરુષ, તે આત્મા છે એ અસંગ થઈ જાય છે. કોઈના સાથે એને સંગ પછી નથી. **'તે પુરુષ નિર્વિકલ્પ થાય છે...'** તે પુરુષ નિર્વિકલ્પ થાય છે. મરણ પથારીએ છે એમ ... આવું આત્મસ્વરૂપ જ્યાં પ્રત્યક્ષપણે સંભાળે છે ત્યાં એ વિકલ્પ .. ...

'જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.' .. કાંઈ પણ સંબંધ નહોતો. ભૂતકાળની ભૂલ છે એ ભૂલ હતી. હું શરીરવાળો હતો, મારા આવા આવા શરીર, આવા ભવ થયા, આવા શરીર થયા એ ભૂલ હતી. દેહાદિને વિષે પોતાનો કાંઈપણ સંબંધ નહોતો. ભૂતકાળમાં પણ ખરેખર આત્માને દેહની સાથે સંબંધ નહોતો. .. દૂધમાં પાણી નાખ્યું પણ પાણી કાંઈ દૂધ થયું નહિ. જીવને શરીરનો સંયોગ થયો પણ શરીર કાંઈ આત્મા થયું નહિ. શરીર જડ જ રહ્યું. એટલે ખરેખર તો કાંઈ એને સંબંધ નહોતો. ભૂતકાળ લઈ લીધો. જ્ઞાન વર્તમાનમાં થયું. ભૂતકાળમાં અનંત ભૂતકાળ લઈ લીધો.

'એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.' દેહ હોવા છતાં દેહથી ભિન્ન ચૈતન્યનો જેણે અનુભવ કર્યો, દેહની વિદ્યમાનતામાં પણ દેહાતીત સ્વરૂપનો જેણે અનુભવ કર્યો એને ભગવાન ગણીને નમસ્કાર કરે છે. ભગવાન કોણ ? કે જે ભવનો અંત લાવે તે ભગવાન. જન્મ-મરણ ટાળે તે ભગવાન. જે સ્વાનુભવ કરશે એ પણ જન્મ-મરણનો અંત લાવે છે. માટે એને પણ ભગવાન ગણીને નમસ્કાર કરવામાં આવે છે. 'શ્રીમદ્‌જી'એ પોતે જેને દેહાતીત અસંગ દશા ઉત્પન્ન થઈ એ આત્માને ભગવાનસ્વરૂપે જોઈને નમસ્કાર કરે છે. કેવા સ્વરૂપે જોવે છે ? ભગવાનસ્વરૂપે જોઈને નમસ્કાર કરે છે.

'તિથિ આદિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એ જ કર્તવ્ય છે.' જ્યેષ્ઠ સુદ ૧૦ મારો દેહ છૂટવાનો છે, ... એ વિકલ્પ છોડી દ્યો. કયા દિવસે દેહ છૂટવાનો છે અને પોતાનું મૃત્યુ થવાનું છે ... આ દિવસે દેહ છૂટવાનો છે એ લક્ષ છોડી દે. .. લક્ષ

છોડી દે.

... બધા હયાત છે. પણ એ વિકલ્પ નહિ. એવો ... વિચાર નહિ કરો. કાળની સાથે હવે તમારે કાંઈ સંબંધ નથી. હવે આત્મા સાથે સંબંધ છે. એ પત્ર લગભગ ... લખેલો હશે. પાછો જેઠ સુદ ૮ એક બીજો પત્ર ફરીથી લખ્યો છે. ...

મુમુક્ષુ :- ...૭૭૯ ફરીને વાંચીએ.

પૂજ્ય ભાઈશ્રી :- પત્ર તો ખ્યાલ આવી ગયો છે ને ?

ચિત્રસારી ન્યારી, પરજંક ન્યારૌ, સેજ ન્યારી,
ચાદરિ ભી ન્યારી, ઈહાં ઝૂઠી મેરી થપના;

મેં મારી સ્થાપના ... મહેલમાં, પલંગમાં, પથારીમાં, ચાદરમાં જેટલા જેટલા .. જ્યાં જ્યાં પોતાનો .. ત્યાં એ ... કોઈને મકાનનો, કોઈને આબરૂનો, કોઈને કુટુંબના કોઈ સભ્યનો, કોઈને કોઈ સભ્યનો, કોઈને કોઈ સભ્યનો... પોતાના સ્વભાવની જાગૃતિ અર્થે એ બધા પરિણામ .. છે. આ આત્માને ... કાંઈ લેવા દેવા નથી. જુદો છે. ... એ જુદો છે. જ્યારે જુદો નહોતો લાગતો ત્યારે પણ જુદો જ હતો. નહોતો લાગતો એ ભૂલ હતી.

અતીત અવસ્થા સૈન, નિદ્રાવાહિ કોઉ પૈ ન,

તે ભૂતકાળની જે અવસ્થા નિદ્રાની હતી એવી વિદ્યમાન પલક-એક પળ પણ હવે એમાં મારે નિદ્રાની-મોહનિદ્રાની ... રહેવું નથી. '**સ્વાસ ઔ સુપન દોઉ,...**' શ્વાસ છે એના બધા જેટલા ... છે એ બધા સપના જેવા છે. '**નિદ્રાકી અલંગ બૂઝે, સૂઝે સબ અંગ લખિ, આતમ દરષના;...**' પોતાના આત્મામાં જુએ તો પોતાના બધા ગુણ દેખાય છે. અંગ એટલે પોતાના ગુણ દેખાય છે, બાકી બધું સપના જેવું લાગે છે. '**ત્યાગી ભયૌ ચેતન, અચેતનતા ભાવ ત્યાગિ,...**' ... બધાનો ભિન્નપણું જાણ્યું એ જ એનો ત્યાગ છે. અચેતનતા ચેતનપણાના બધા ભાવ છોડીને '**ભાલે દૃષ્ટિ ખોલિકૈ,...**' પોતાની દૃષ્ટિ છોડીને '**સંભાલૈ રૂપ અપના.**' પોતાનું સ્વરૂપ સંભાળે. સ્વભાવની જાગૃતિ આવે ત્યારે બધું .. ભાસે અને પોતાનું સ્વરૂપ સંભાળે. એમ કહીને એમ કહેવું છે કે તમે પણ આ રીતે તમારું સ્વરૂપ સંભાળો. બધી જગ્યાએથી પરિણામને છોડી દ્યો.

મુમુક્ષુ : સ્વભાવજાગૃતદશા ..

પૂજ્ય ભાઈશ્રી : તમે સ્વભાવની જાગૃતિમાં આવો, એમ કહેવું છે. સ્વભાવજાગૃતદશાનું 'બનારસીદાસજી'નું પદ લખીને એમ કહે છે કે તમે પણ સ્વભાવની જાગૃતિમાં આવી જાવ. ... બધા શબ્દના અર્થ ...

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : ... સંબંધ. અલંગ એટલે સંબંધ કર્યો છે.

'નિદ્રાકી અલંગ બૂઝે,...' નિદ્રાનો સંબંધ. હવે વર્તમાનમાં એક પણ નિદ્રાનો સંયોગ જે દેખાતા હતા. ... .. એટલે શ્વાસોશ્વાસ. અને આ પરવિષયનો સંયોગ એ નિદ્રાના કારણે એનો સંબંધ દેખાતો નથી. હવે આત્મા જાગ્યો ત્યારે પોતાના સંબંધમાં પોતાના દર્પણમાં જોવા .. જ્ઞાનથી પોતાના ગુણને જોવે...

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : અલંગ નિંદ્રા. નિદ્રારૂપી ... સંબંધ.

પછી અનુભવમાં ઉત્સાહ આણવા માટે અનુભવ ઉત્સાહની દશાનું વર્ણન કર્યું છે. અનુભવમાં કેવો ઉત્સાહ હોય.

જૈસો નિરભેદરૂપ, નિહચૈ અતીત હુતૌ,
તૈસૌ નિરભેદ અબ, ભેદકૌ ન ગહૈગૌ !

જ્યારે અભેદ અનુભવમાં આવશે ત્યારે કોઈ ભેદને નહિ ગ્રહણ કરે. તે સદાય નિર્ભેદ છે. ભૂતકાળમાં પણ નિર્ભેદ છે અને અત્યારે પણ નિર્ભેદ છે. એવા નિર્ભેદને એના અનુભવમાં કોઈ ભેદને ગ્રહણ નહિ કરે.

'દીસૈ કર્મરહિત સહિત સુખ સમાધાન, .. '

પોતાના કર્મ રહિત પોતાનું સમાધાન સ્વરૂપ પોતાને વિષે...

'પાયૌ નિજથાન ફિર બાહરિ ન બહૈગૌ;..'

પોતાના સ્વસ્થાનને ગ્રહણ કરીને આવે. સ્વરૂપની બહાર કોઈ અન્ય દ્રવ્ય-ભાવને ગ્રહણ કરવા નહિ જાય.

કબહૂં કદાપિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ,
ક્યારે પણ પોતાનો સ્વભાવ છોડીને
રાગ રસ રાચિકૈં ન પરવસ્તુ ગહૈગૌ;

રાગના રસમાં રાચીને કોઈપણ વસ્તુને ગ્રહણ કરશે નહિ.

અમલાન જ્ઞાન વિદ્યમાન પરગટ ભયૌ,

અમલાન એટલે નિર્મળ. નિર્મળ એવા વિદ્યમાન જ્ઞાન જેને પ્રગટ થયું છે.

યાહિ ભાંતિ આગમ અનંતકાલ રહૈગૌ.

હવે પછીના અનંત કાળમાં રહેશે. એવો અનુભવનો ઉત્સાહ છે કે હવે પછી ક્યારે પણ મારા અનુભવની બહાર હું નહિ જાઉં. એ બે વાત સ્વાનુભવ ઉપર લીધી છે. અને બીજી વાત છે એ કર્તા-કર્મની વાત છે. પોતે એક ભિન્ન પદાર્થ હોવાથી પોતાનું કાર્ય

બીજો કરે નહિ. બે જણા થઈને પણ કોઈ એ કાર્ય કરે નહિ.

એક પરિનામકે ન કરતા દરવ દોઈ,
દોઈ પરિનામ એક દર્વ ન ધરતુ હૈ;

એક પરિણામના બે દ્રવ્ય કર્તા નથી અને કોઈ એક દ્રવ્ય બે પરિણામ, પોતાનું પરિણામ પણ કરે અને બીજા પદાર્થનું પણ પરિણામ કરે એવી વસ્તુવ્યવસ્થા નથી. .. તો વસ્તુનું વિજ્ઞાન બતાવે છે. પદાર્થ છે એ પોતાના પરિણામ કરે, પોતાના સિવાય બીજાના પરિણામ ન કરે. તેમ એક પરિણામ થવા માટે બે પદાર્થે ભેગા મળીને કરવા પડે એમ પણ નથી. એ પરિણામ કહો કે ક્રિયા કહો. પરિણામની ક્રિયા. કરતૂતિ એટલે ક્રિયા.

એક કરતૂતિ દોઈ દર્વ કબહૂં ન કરૈ,
બે દ્રવ્ય થઈને એક ક્રિયા ન કરે.
દોઈ કરતૂતિ એક દર્વ ન કરતુ હૈ;

બે ક્રિયા એક દ્રવ્ય ન કરે. પોતાની અને પરની. એમ બે ક્રિયા ન કરે.

જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઉ,
જીવ અને પુદ્ગલ એક ક્ષેત્રમાં રહેલા છે.
અપનેં અપનેં રૂપ કોઉ ન ટરતુ હૈ;

પોતાના સ્વરૂપને કોઈ ટરતું નથી, પોતાના સ્વરૂપને છોડતું નથી, નાશ પામતું નથી. જડ જડ રહે છે. ચેતન ચેતન રહે છે.

જડ પરિનામનિકૌ કરતા હૈ પુદ્ગલ,

જડ પરિણામને પુદ્ગલ કરે છે, જીવ નથી કરતો. જીવ તો ચેતન છે

ચિદાનન્દ ચેતન સુભાવ આચરતુ હૈ.

ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ કરવાવાળો છે. જડના પરિણામને જીવ કરતો નથી. જડના પરિણામને એટલે શરીરના પરિણામને, વાણીના પરિણામને, કોઈ બીજા સંયોગી પદાર્થના પરિણામને જીવ કરતો નથી. કર્તાપણું દેખાય છે તે ભ્રાંતિ છે, અજ્ઞાન છે અને તે જન્મ-મરણનું કારણ છે.

મુમુક્ષુ :- આ બધા ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભેદજ્ઞાન કરાવ્યું. ... ભેદજ્ઞાન કરાવ્યું, સ્વભાવની જાગૃતિ કરાવી. એમાં ન્યારો... ન્યારો... ન્યારો... કરીને ભેદજ્ઞાન લીધું. અને સ્વાનુભવના ઉત્સાહની દશા પણ કરાવી. પ્રસંગોચિત ... એમનો દેહનો અંતિમ પ્રસંગ જોઈને ...

'શ્રી સોભાગને વિચારને અર્થે આ કાગળ લખ્યો છે, તે હાલ શ્રી અંબાલાલે

અથવા બીજા એક યોગ્ય મુમુક્ષુએ...' ગમે તેણે નહિ. જે વાંચે એને પણ થોડું એ સંબંધીનો ભાવ આવિર્ભાવ થવો જોઈએ એમ કહે છે. એમ ને એમ વાંચી જાય, સંભળાવી જાય, છોકરો સંભળાવી દે એમ ન કીધું, એમને ચાર દીકરા છે. એમને કહેજો કે આ કાગળ એમને વાંચી સંભળાવે એમ નથી કહ્યું. કાગળ લખું છું. પોતાને ખબર છે કે એ વાંચી શકે એવી સ્થિતિમાં નથી. 'ઈડર' સાથે હતા. એટલે વાંચી શકે એવી સ્થિતિમાં નથી એ ખબર છે. તથા 'અંબાલાલ'ને વંચાવો. 'અંબાલાલભાઈ' ન હોય, કદાચ ન પહોંચ્યા હોય, બીજો કોઈ યોગ્ય મુમુક્ષુએ, પાત્ર મુમુક્ષુએ વંચાવવો. કેટલી સૂચના આપી છે ! **'એક યોગ્ય મુમુક્ષુએ તેમને જ સંભળાવવો યોગ્ય છે.'** તેમને જ એમ લખ્યું છે. બીજાને સંભળાવવા માટે નથી. આ એમને જ ઉદ્દેશીને લખેલો છે. એમના માટે જ લખેલો છે. ખાસ પ્રયોજનથી લખ્યો છે, હેતુથી લખ્યો છે માટે એમને જ સંભળાવવો.

'સર્વ અન્યભાવથી આત્મા રહિત છે,...' આત્મા ત્રણે કાળે સર્વ રાગાદિ અન્ય ભાવથી રહિત છે. **'કેવળ એમ જેને અનુભવ વર્તે છે...'** એવો જેને સ્વાનુભવ વર્તે છે એ અનુભવ મુક્ત ભાવ છે. એ મુક્ત થઈ ગયા એમ કહે છે. એને મુક્તિ છેટી નથી. ખરેખર તો એને શરૂઆત થઈ ગઈ છે. અનુભવ થયો ત્યારથી શરૂઆત થઈ ગઈ. હજી શરીર છે, સગા-વ્હાલા છે, ઘર-કુટુંબ છે. કેવળ અસંગ છું. સર્વ ભાવથી રહિત છું એવો અનુભવ આવ્યો. મુક્તપણું ચાલુ થઈ ગયું.

મુમુક્ષુ :- ... નોકર્મ લેવા કે

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ નહિ. બધા લઈ લેવા. અન્ય ભાવમાં અન્યભાવ અને અન્ય દ્રવ્ય બધા વિકારી પરિણામ, બધા શુભાશુભ પરિણામ, ... શુભાશુભ પરિણામ અને બધા સંયોગો. એ તો ચોખવટ કરે છે.

'બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું,...' જુઓ ! બધામાં સાથે આ શબ્દ છે. એક એકમાં અસંગપણું બધાનું ચારે ચાર વખત લીધું છે. અસંગપણા ઉપર વજન કેટલું છે ! **'સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું...'** બધા કાળથી અસંગપણું. મારે કોઈ કાળ-બાળ છે નહિ. ... મારે કાળ કોઈ લાગુ પડતો નથી. ચોથો આરો નહિ અને પંચમ આરો પણ નહિ. **'કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે 'મુક્ત' છે.'** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસંગ થયો એ પણ મુક્ત થયો.

'અટળ અનુભવસ્વરૂપ આત્મા...' મુક્ત મુક્ત કહીને આત્માનું સ્વરૂપ જ કહી દીધું. **'અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી**

મુક્તદશા વર્તે છે.' જ્યારથી આવો અનુભવસ્વરૂપ આત્મા પ્રત્યક્ષ ભિન્ન અનુભવમાં આવે ત્યારથી અસંગ દશાની શરૂઆત થઈ ગઈ. '**તે પુરુષ મૌન થાય છે,...**' પુરુષ નામ આત્મા લેવું. આત્મા મૌન થાય છે. '**તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે,...**' તે આત્મા ક્યાંય પછી બંધાતો નથી. તે આત્મા અસંગ થઈ જાય છે. કોઈના સંગમાં એ જાતો નથી. અને તે આત્મા નિર્વિકલ્પ થઈ જાય છે. એને પછી કાંઈ વિકલ્પ ઉઠાવવાની પણ આવશ્યકતા નથી. એ આત્મા સદાને માટે મુક્ત થાય છે. એટલે સદાને માટે દુઃખથી મુક્ત થાય છે, સદાને માટે જન્મ-મરણથી મુક્ત થાય છે, સદાને માટે એ દોષથી મુક્ત થાય છે. આ રીતે લેવું. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. અસંગપણું ... અનુભવનો પ્રયત્ન કરવો. ચિંતવવાનો અર્થ વિકલ્પ કરવો એમ નહિ પણ અનુભવનો પ્રયત્ન કરવો.

'**જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો..**' એવું જોયું. કેવું જોયું પોતાનું સ્વરૂપ ? કે ત્રણે કાળને વિષે મારે કોઈની સાથે કાંઈ સંબંધ નહોતો. એક આત્મા છું, જ્ઞાનમય તત્ત્વ છું અને ખરેખર કોઈની સાથે કોઈપણ પ્રકારનો મારા આત્માને કાંઈ સંબંધ નથી. સર્વ પુદ્ગલો, જીવો, અજીવો ભિન્ન છે. બીજા જીવો પણ ભિન્ન છે અને બીજા જડ પરમાણુઓ પણ ભિન્ન છે.

મુમુક્ષુ :- ... ક્યાંય ગયા નથી અને આવ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણે કાળે મારામાં છું અને મારાથી બહાર ક્યાંય ગયો નથી, જવાનો પણ નથી. એવી અસંગદશા ઉત્પન્ન કરી. એવી ભાવમાં જેણે આત્માની અસંગદશા ઉત્પન્ન કરી '**તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.**' એવા આત્માઓને હું નમસ્કાર કરું છું. એવા જે સત્પુરુષ થયા, .. થયા, વીતરાગ થયા એવા આત્માઓને હું નમસ્કાર કરું છું.

'**તિથ આદિનો વિકલ્પ છોડી...**' તિથિનો વિચાર છોડી દઈને '**નિજ વિચારમાં વર્તવું...**' આત્માના વિચારમાં પ્રવર્તવું '**એ જ કર્તવ્ય છે.**' તિથિનો વિકલ્પ એટલે એમ કે વારંવાર આને તિથિનો વિકલ્પ આવે છે. દશમને દિવસે દેહ છૂટવાનો છે, દશમને દિવસે હવે છેલ્લો દિવસ છે. છોડી દો. દેહ રહે, ન રહે, આત્માને કાંઈ સંબંધ નથી. દેહ સંયમમાં રહે કે દેહ સંયમમાં ન રહે, એથી આત્માને લાભ પણ નથી અને નુકસાન પણ નથી.

ભાગીદારી દુકાનમાંથી છોડી દીધી હોય, વેપારી-વાણિયાને અનુભવમાં તરત આવે એવી વાત છે. ભાગીદારી દુકાનમાંથી છોડી દીધી હોય. સંબંધો જૂના ભાગીદાર સાથે કાંઈ બગડ્યા ન હોય અને એ દુકાને જઈને બેસે. પહેલા પણ બેસતો હતો. અને

જ્યાં એની બેઠક હોય ત્યાં જ ઓલા ભાગીદાર આદર કરીને બેસાડે. અહીં બેસો, અહીં પધારો. અને ત્યાં બેસે. પછી એના ભાવમાં શું રહે ? એ જ જગ્યાએ બેસે, એ જ ખુરશી ઉપર બેસે, એ જ ગાદી-તકીયે જ્યાં બેઠો હોય ત્યાં બેઠો. એવી જ રીતે બેસે .. બીજાનું .. એમ લાગે. ... બીજા લોકોને એમ લાગે કે આ તો હજી એમ ને એમ છે. અંદરમાં કાંઈ લેવા કે દેવા. કોઈપણ વાત આવે વેપારની, પછી એને રસ પડે ? મારે શું ? એને શું છે ? મારે શું ? જે હશે એ. મારે કાંઈ લેવા-દેવા નથી. હું તો ખાલી ખબરઅંતર પુછવા આવ્યો. કેમ છો કેમ નહિ. મજામાં છો ને ? આ સિવાય મારે કાંઈ સંબંધ નથી.

એમ છોડી દે. જેને પોતાપણું છૂટ્યું. આમેય શરીર છોડીને તો જાવાનું જ છે. જેને જોઈને બધા મારું મારું કરે છે એને .. જવાનો છું. એની ક્રિયા .. કરું તોપણ ... એ પોતે પહેલેથી જ એવું જુદાપણું જેણે જાણ્યું છે એ જન્મ-મરણનો નાશ કરશે. એ જન્મ-મરણનો નાશ કરશે. મુક્તદશાને પ્રાપ્ત કરશે. મુક્તદશાને પ્રાપ્ત કરશે એટલે પરમાનંદની દશાને પ્રાપ્ત કરશે.

એ પછી મૌન થાય છે એટલે એને બોલવાના વિકલ્પ પણ ... અનુભવમાં તો સહેજે મૌનપણું છે. ... બરાબર છે. મુક્તિ થઈ એને પણ ઈચ્છા નથી. બોલવાનો વિકલ્પ નથી. મુનિ પણ શા માટે બધા ... એ જાતનો ... આમ તો શું છે કે જે ... દશામાં વર્તે છે, જ્યાં સુધી ...દશામાં વર્તે છે તે મૌન થાય છે એટલે મારે આમ કહેવું છે અને આમ બોલવું છે એ બધો અભિપ્રાય ખલાસ થઈ જાય. અભિપ્રાયની દૃષ્ટિએ સાવ મૌન થઈ જાય. મૌન થયો તે મુનિ. અભિપ્રાયની દૃષ્ટિ એટલે એમની ... ભાષાનો યોગ હોય અને .. વાત છે. પણ ખરેખર તો એ મૌન થઈ ગયા છે. તે અપ્રતિબદ્ધ થાય છે. મૌન થાય છે, બંધાતા નથી, અસંગ થાય છે, નિર્વિકલ્પ થાય છે. વિકલ્પમાં તો આમેય ભાષા ક્યાં છે ? .. કોઈ સમકિત હોય. એ હવે જ્યારે સ્વભાવમાં આવવું છે, પુરુષાર્થ કરીને સ્વભાવ પ્રગટ જ કરવો છે તો હમણાં કાંઈ પણ વાતચીત કરવાનો પ્રસંગ ઓછો કરી નાખવો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને બોલવાનો વિકલ્પ રહેતો નથી. બોલવાનો કરવાનો વિકલ્પ રહેતો હોય તો એને એના સ્વભાવને અનુભવ કરવા અર્થે તે વિકલ્પ અનુકૂળ નથી. વિકલ્પને શાંત કરવા યોગ્ય છે. એટલા માટે ... વ્યક્તિગત ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : વ્યક્તિગત વાત છે. વ્યક્તિને ઉદ્દેશીને ... એટલે બધી વાતો

સિદ્ધાંતમાં જ ... કોઈ કોઈ વાતો તો વ્યક્તિને, એ વ્યક્તિને લાગુ પડે ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો મૌન .. ભાષા સાથે.. નિર્વિકલ્પ થાય છે એ તો ... થાય છે, નિર્વિકલ્પ થાય છે, અપ્રતિબદ્ધ થાય છે, એ બધા બોલ... પણ મૌન થાય છે એ પહેલી વાત લીધી છે. જ્યારથી પ્રત્યક્ષ જુદો ભાસ્યો ત્યારથી મુક્ત દશા વર્તે છે. ત્યારથી એટલે શરૂઆતથી. તે મૌન થાય છે. જ્યાં એને પ્રત્યક્ષ અનુભવ થાય... કેમકે .. પ્રત્યક્ષ ... ચર્ચા તો.. પ્રત્યક્ષ અનુભવ થાય તે મૌન થાય છે. પહેલો ... એટલે બોલવા સંબંધીના વિચારો પણ જેના શાંત થઈ જાય છે. હવે મારા સ્વરૂપમાં ગુપ્ત થઈને અનુભવરૂપ દશાએ રહેવું છે. અને બોલવાથી શું ફાયદો છે ? બોલવાથી તો નુકસાન છે કે લાભ છે ? ખરેખર તો બોલનારને પણ એની દશાના .. નુકસાન છે. બરાબર છે ? સુનનેવાલે કો ઔર સુનાનેવાલે કો અપની અપની દશા કે યોગ્ય નુકસાન હી હૈ.

વક્તા હોય એને તો બોલીને બીજા ઉપર પ્રભાવ પાડવાનો હોય. એ આ માર્ગમાં નથી. ... લોકસંજ્ઞાનું ઝેર છે. બીજા માટે સારો દેખાવ દેખાડવા માટે પ્રયત્ન કરવો એ તો આત્માને અંદર નહિ આવવા માટે, અંદર આવવાનો દરવાજો બંધ કરી દેવાની વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવું છે. આ .. સમાજમાંથી ... આપણને ન મળત એ વાત સાચી છે. પણ એના માટે એક વિચાર બહુ સારો છે. હીરા હોય ને હીરા ? એ હીરાને જ્યારે ઘંટી ઉપર ઘસે ત્યારે એની જે રજ નીકળે ને? એની કિંમત પણ કેરેટમાં થાય. તોલામાં નહિ. સોનાની જેમ તોલામાં અને ગ્રામમાં ન થાય. કેરેટમાં થાય. બરાબર છે ? હીરા એ હીરા છે અને રજ એ રજ છે. હીરાની તોલે રજ કાંઈ આવે નહિ.

એમ જે મહાપુરુષોનો અનુભવ છે એની તોલે કાંઈ વાણી અને વિકલ્પ ... આવે નહિ. એ તો રજ ખરી છે. અનુભવ કરતાં કરતાં એમની રજ ખરી છે. એક અપેક્ષાએ ઘણી કિંમતી છે. તેમ છતાં પણ અનુભવની કિંમત એ અનુભવની કિંમત છે અને વાણીની વાત એ વાણીની વાત છે. જેની રજમાંથી પણ બીજાને લાભ થાય છે. ખરેખર તો બીજી જ વાત છે કે એ સ્વભાવમાં ન રહ્યા ત્યારે બોલવાનો વિકલ્પ આવ્યો ને ? વિભાવમાં આવીને .. પછી .. એમનો વિભાવ અને વિભાવની Byeproduct વાણી. એ નિમિત્ત પડે બીજાને અનુભવમાં પાછી. ... અનુભવની શું વાત કરવી! અનુભવનું તો મૂલ્ય થાય એવું નથી.

પત્રાંક-૭૮૦

મુંબઈ, જેઠ સુદ ૮, ભોમ, ૧૯૫૩

જેને કોઈ પણ પ્રત્યે રાગ, દ્વેષ રહ્યા નથી,

તે મહાત્માને વારંવાર નમસ્કાર

પરમ ઉપકારી, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ,

ભાઈ ત્રંબકનો લખેલો કાગળ એક આજે મળ્યો છે.

'આત્મસિદ્ધિ' ગ્રંથના સંક્ષેપ અર્થનું પુસ્તક તથા કેટલાંક ઉપદેશપત્રોની પ્રત અત્રે હતી તે આજે ટપાલમાં મોકલ્યા છે. બન્નેમાં મુમુક્ષુ જીવને વિચારવા યોગ્ય ઘણા પ્રસંગો છે.

પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે.

કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય જાણતાં અથવા અજાણતાં તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું, ઘણા નમ્રભાવથી ખમાવું છું.

આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે. એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે. એ જ વિનંતિ.

શ્રી રાયચંદ્રના નમસ્કાર પ્રાપ્ત થાય.

તા. ૧૬-૬-૧૯૯૨, પત્રાંક - ૭૮૦
પ્રવચન નં. ૩૮૪

... 'સોભાગભાઈ' ઉપરનો (પત્ર છે). '**પરમ ઉપકારી, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન...**' આટલા વિશેષણો લીધા. મથાળું બાંધ્યું છે. '**જેને કોઈ પણ પ્રત્યે રાગ, દ્વેષ રહ્યા નથી, તે મહાત્માને વારંવાર નમસ્કાર.**' ગુણવાચક નમસ્કાર કર્યા છે. અમુક વ્યક્તિને નમસ્કાર એમ કહેવાને બદલે જે કોઈ આત્મા રાગ-દ્વેષનો અભાવ કર્યો, ... સહેજે અભાવ થઈ ગયો જેને, એવી વીતરાગતા જેણે પ્રાપ્ત કરી એ આત્મા નહિ કહેતા તે મહાન આત્માને વારંવાર નમસ્કાર કરું છું. એક વાર નહિ પણ વારંવાર નમસ્કાર કરું છું. વીતરાગતા પ્રત્યેની ભક્તિ પ્રગટ કરી છે.

મુમુક્ષુ :- સત્પુરુષો બધા આવી ગયા ?

પૂજ્ય ભાઈશ્રી :- બધા સત્પુરુષો આવી ગયા, બધા મુનિઓ આવી ગયા, બધા વીતરાગો આવી ગયા, અરિહંતો, સંતો બધા આવી ગયા.

મુમુક્ષુ :- બધા ધર્માત્માનો આ જ અભિપ્રાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધાનો આ અભિપ્રાય છે. મુમુક્ષુનો પણ એવો જ અભિપ્રાય હોય. ખરેખર મુમુક્ષુ હોય તો એનો પણ એવો જ અભિપ્રાય હોય.

'**પરમ ઉપકારી, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ.**' પોતાને ભૂતકાળમાં ઉપકાર થયો છે એ પણ અહીંયાં છેલ્લે છેલ્લે વ્યક્ત કરે છે. આત્માર્થી છે. ખરેખર 'સોભાગભાઈ' આત્માર્થી છે. સરલતા વગેરે અનેક આત્માર્થીના ગુણોથી સંપન્ન છે. એટલા સંબોધનમાં વિશેષણ વાપર્યા છે.

મુમુક્ષુ :- .. પરમ ઉપકારી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પરમ ઉપકારી છે. પરમ ઉપકારી ... પહેલો ઉપકાર થયો એ પરમ ઉપકારી. પહેલામાં પહેલી દિશા મળી જાય છે એ મોટી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ એવો દાખલો છે. આ એને જીવંત દૃષ્ટાંત છે. જોકે જ્ઞાનીઓ અને ગુરુપદે બિરાજમાન એવા નિર્ગ્રંથ મુનિઓ પણ પોતાના શિષ્યને હંમેશા ઉપકારી માને છે. એટલા માટે માને છે કે પોતાને તેના પ્રત્યે કાંઈ ઉપદેશ દેતા, એ લુખ્ખો ઉપદેશ નથી દેતા. એ ઉપદેશ કરતાં પોતાને પણ આત્માનો ઉપદેશ કરતાં આત્મભાવ આવિર્ભાવ પામે છે કે તમારા નિમિત્તે મને પણ આત્મગુણની વૃદ્ધિ થઈ.

માટે તમે પણ મારા ઉપકારી છે. નિમિત્તને ઉપકારી કહે છે કે નહિ આમાં ? ગુરુને શિષ્ય નિમિત્ત છે અને શિષ્યને ગુરુ નિમિત્ત છે. આપસમાં એકબીજાને ઉપકારી થાય. આમ છે. ત્યાં માન-અપમાનનો પ્રશ્ન જ નથી. ઊંચ-નીચનો ત્યાં કોઈ વિચાર વિકલ્પ નથી. ફક્ત વસ્તુસ્થિતિ આ છે કે મારા ભાવ પ્રગટ થવામાં તમે નિમિત્ત પડો છો માટે તમે મારા ઉપકારી. શિષ્ય કહે છે કે મને આત્મગુણ પ્રાપ્ત થવામાં આપનો સંગ નિમિત્ત પડે છે માટે આપ ઉપકારી. કોઈ કાંઈ લેતું-દેતું તો નથી. આત્મામાંથી કાઢીને કોઈ લેવા-દેવાનો તો પ્રસંગ નથી. નિમિત્ત જોઈને ઉપકારી ગણવામાં આવે છે. યથાર્થ છે.

મુમુક્ષુ :- ગુરુ તો બોધ આપે છે, શિષ્ય બોધ નથી આપતો.

પૂજ્ય ભાઈશ્રી :- શિષ્ય બોધ નથી આપતો પણ ગુરુ બોધ આપે છે ત્યારે ગુરુને પણ એ બોધના વિષયક ભાવો-આત્મભાવો એ વિશેષ વિશેષ આવિર્ભુત થાય. ૬૦૯ માં શું લીધું ? પાનું કાઢો.

મુમુક્ષુ :- ૪૬૯ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- સાતમો Paragraph. '**આ અમે કહ્યું...**' નીચે છેલ્લી લીટી. સાતમા Paragraph ની છેલ્લી લીટી. સાતડો કર્યો છે. '**આ અમે કહ્યું તે જ વાતની વિચારણાથી...**' હવે વાત શું કરી છે ? સત્સંગ અને મહિમાની વાત કરી છે. '**અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી સહજસમાધિપર્યંત પ્રાપ્ત થયા એવા સત્સંગને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરું છું.**' આમાં તો સત્સંગી જીવો આવે છે, મુમુક્ષુ પણ આવે છે. અને મુમુક્ષુને પત્ર લખતી વખતે એના ભાવ આવિર્ભાવ થયા. તો કહે છે, એ સત્સંગને હું નમસ્કાર કરું છું. કેમકે મને લાભ થયો ને ? જ્યાં લાભ થાય ત્યાં જીવ ઢળે. જ્યાં જ્યાં જીવને લાભ થાય ત્યાં ત્યાં જીવ ઢળે. એ જીવની સ્વભાવગત પરિણતિ છે. સ્વભાવગત પરિણામ સ્થિતિ છે. જે પરિણમનશીલતા છે એમાં પણ એક એવો ગુણ છે કે જ્યાં જ્યાં એને લાભ થાય ત્યાં ત્યાં એ પરિણામ ઢળે. ઢાળવું પડે નહિ પણ સહેજે ઢળે. એમાં બીજી કલ્પના કાંઈ કરવા જેવી નથી. આ સીધીસાદી વાત છે.

મુમુક્ષુ :- જે કોઈ વ્યક્તિ સત્સંગનો વિરોધ કરતા હોય અને આના નિમિત્તે સત્પુરુષનો ખુલાસો આવતો હોય, વધારે ખુલાસો આવતો હોય એ રીતે આ જીવને લાભ થતો હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો એ ઉપકારી થયા. વિરોધ કરનારા પણ ઉપકારી થયા.

'ગુરુદેવ' પ્રવચન કરતા હતા. અનેક વિદ્વાનો વિરોધ કરતા હતા. દિગંબર મુનિ ... શ્વેતાંબરના મહારાજો વિરોધ કરતા હતા. સ્થાનકવાસીઓના .. વિરોધની અંદર કોઈને

કોઈ વાત પકડીને વિરોધ કરતા હતા કે આ નિમિત્તને માનતા નથી, આ ફલાણું કરતા નથી, આમ કરતા નથી, તેમ કરતા નથી. એ નિમિત્તે 'ગુરુદેવે' સ્પષ્ટીકરણ આપ્યું. જેને એ સ્પષ્ટીકરણથી લાભ થયો એ સ્પષ્ટીકરણ કઢાવનાર જે નિમિત્ત છે એ ઉપકારી છે. ઠીક ! સવળું લેવું છે એને બધે સવળું જ છે. અવળું લેવું છે એને બધે અવળુ પડે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હોય. ..માં બધું હોય.

મુમુક્ષુ :- આ કારણનું કાર્ય થયું ?

પૂજ્ય ભાઈશ્રી :- આ કારણનું કાર્ય થયું.

'ભાઈ ત્રંબકનો લખેલો કાગળ એક આજે મળ્યો છે.' આ અવસ્થામાં પોતે તો લખી શકતા નહોતા. એટલે બીજા પાસે પત્ર લખાવતા હતા. **''આત્મસિદ્ધિ' ગ્રંથના સંક્ષેપ અર્થનું પુસ્તક તથા કેટલાંક ઉપદેશપત્રોની પ્રત અત્રે હતી તે આજે ટપાલમાં મોકલ્યાં છે.'** 'આત્મસિદ્ધિ'નો સંક્ષેપ અર્થ કરેલો. એનું એક પુસ્તક, કેટલાક પોતે પત્રો લખેલા એની નકલો આવેલી. એ 'અંબાલાલભાઈ' મોકલતા નકલ કરી કરીને. **'તે આજે ટપાલમાં મોકલ્યા છે.'**

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ . જે આ સંક્ષેપમાં અર્થ કર્યો છે એ અર્થ આજે ઉપલબ્ધ નથી. 'સોભાગભાઈ'ને ત્યાંથી હાથવગું રહ્યું નથી. 'સોભાગભાઈ'એ તો લગભગ ૯૦૦ જેટલા કાગળો લખ્યા હશે. એમાંથી ૫૦-૫૫ કાગળો આજે મોજૂદ છે, 'ववाणिया'માં. આથી વધારે નથી. એટલે એ .. પણ 'સોભાગભાઈ'ના કાગળો તો 'કૃપાળુદેવ' ઉપર આવ્યા એ કોણ સાચવે ? એમને તો પોતાને જ પોતાનું ઠેકાણું નહોતું, બીજાના કાગળો કઈ રીતે સાચવે ?

'બન્નેમાં મુમુક્ષુ જીવને વિચારવા યોગ્ય ઘણા પ્રસંગો છે.' આ બંન્ને છે એ મુમુક્ષુજીવને વિચારવામાં કામમાં આવે એવી ચીજ છે માટે તમને મોકલ્યા છે. **'પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરુષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબંધ વર્તે ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું,...'** સામાન્ય રીતે સંસારી જીવને દેહનું મમત્વ વર્તે છે તેથી તે દેહને છોડવા ઈચ્છતો નથી. કોઈપણ ભોગે, કોઈપણ ઉપચાર, ઈલાજ કરીને દેહને રાખવા અને ટકાવવા માગે છે. કહે છે કે પરમયોગી એવા 'ઋષભદેવ' જેવા પુરુષો પણ એ દેહને રાખી શક્યા નથી. એક સમય પણ વધારે નહિ. કેટલો ? એક

સમય પણ લંબાવી શક્યા નથી. કેમકે એ હાથની વાત જિનેન્દ્રની પણ નથી. પૂર્વકર્મનો યોગ જે સમયે પૂરો થાય એ સમયના પુદ્ગલના પરિણામને રોકવા, લંબાવવા, ફેરફાર કરવા કાંઈ કોઈ સમર્થ નથી. એટલે દેહનું મમત્વ તો છોડી દ્યો એમ કહે છે. 'સોભાગભાઈ'ને શું કહે છે ?

'ઋષભદેવ' ભગવાન પણ જે દેહને ન રાખી શક્યા એ દેહને તમે અને હું રાખી શકીએ એ કલ્પના જ સાવ બેકાર છે. એ વાત જ વિચારવા જેવી નથી રહેતી. હા. એટલું છે. આ મનુષ્યદેહમાં રહીને જે કાંઈ કરવા યોગ્ય છે તે કરી લેવું જોઈએ. એટલો લાભ આ સંયોગનો લઈ લેવો જોઈએ એમ કહેવું છે. કે '**તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે તે એ કે, તેનો સંબધ વર્તે...**' દેહનો સંબંધ વર્તે આયુષ્ય હોય ત્યાં સુધી. '**ત્યાં સુધીમાં જીવે અસંગપણું, નિર્મોહપણું કરી લઈ...**' પરપદાર્થનો સંગ છોડવો. પરપદાર્થ પ્રત્યેનો મોહ પણ છોડવો. અને '**અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ...**' એનો અનુભવ કરવો. પોતાના શાંતસ્વરૂપનો, આનંદસ્વરૂપનો, સુખસ્વરૂપનો જેના અનુભવને કોઈ બાધા પહોંચાડી શકે નહિ એવું એમનું સ્વરૂપ છે. એને '**જાણી બીજા સર્વ ભાવ પ્રત્યેથી વ્યાવૃત્ત (છૂટા) થવું.**' બધા ભાવો છોડી દેવા. કોઈ ભાવો આત્માને લાભનું કારણ નથી. એક આત્મભાવ સિવાય કોઈ ભાવ આત્માને લાભનું કારણ નથી. આ છેલ્લો સમય છે ને ? કોઈ ભાવ આત્માને લાભનું કારણ નથી. એક આત્મા સિવાય કોઈ ભાવ આત્માને લાભનું કારણ નથી. આ ચોખ્ખી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જો કોઈ પણ કર્મ છે એનો ઉદય શરૂ થઈ ગયો, અરે..! ઉદય શરૂ થયો ગયો નહિ. ઉદય શરૂ થયા પહેલા ઉદયાવલીકાળમાં આવી ગયા પછી એ કર્મની અંદર અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ .. પણ થઈ શકે નહિ. આ એનો સિદ્ધાંત છે. કર્મપરમાણુનો આ સિદ્ધાંત છે. કે ઉદયાવલીમાં આવ્યા પછી તરત ઉદયમાં આવવાના છે. ઉદયાવલીમાં આવ્યા પછી પૂરું. એમાં ફેરફાર થવો એ પહેલા ગમે તે થઈ જાય. એ પછી કાંઈ થાય નહિ. બહુ સરસ વાત કરી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દેહ રહે છે તે તું અબાધ્ય અનુભવસ્વરૂપ એવા નિજસ્વરૂપને અનુભવમાં લે. સર્વભાવથી વ્યાવૃત્ત થા. '**કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે.**' ભવભ્રમણને તોડવાનું કામ કરી લે છેલ્લે છેલ્લે એમ કહે છે. ભવભ્રમણને ટાળવાનો સમય છે. આ ભવ જ એના માટે છે. એમ આત્માર્થી જીવને લાગવું જોઈએ, ભાસવું જોઈએ કે ખરેખર આ ભવ એના માટે છે. ભવભ્રમણ ટાળવા માટે આ ભવ છે. કેમકે

ભવભ્રમણ ટાળવાનો ઉપાય મને સમજવા મળ્યો છે. આ વાત મારી સામે આવી એ એક વિષયનો સંકેત કરે છે, એક બાબતનો સંકેત કરે છે કે મારે ભવભ્રમણ ટાળવા માટે આ ભવ હતો. નહિતર આ વાત ક્યાંથી બને અત્યારે ? આ હલકા કાળમાં આવી ઊંચી વાત મને ક્યાંથી મળે ! નક્કી મારે આ ભવભ્રમણ ટાળવાનો જ ભવ છે. આ ભવમાં આ કામ મારે કરી લેવું છે. કોઈપણ ભોગે કરી લેવું છે, કોઈપણ કારણે કરી લેવું છે, ગમે તેમ કરીને કરી લેવું છે. એવી ભાવના આત્માર્થી જીવને આવી સુંદર ભવભ્રમણને ટળવાની વાત મળતાં થઈ આવે છે. અંદરથી આત્મામાંથી ઊગે છે. એના ભવિતવ્યમાંથી એ વાત ઊગે છે. ક્યાંથી ઊગે છે ? એના ભવિતવ્યમાંથી એ વાત ઊગે છે. કોઈ કર્મના આશ્રયે એ વાત નથી ઊગતી. કેમકે કર્મના આશ્રયે ભવભ્રમણ થાય છે, ભવભ્રમણ ટળતું નથી. કર્મના અવલંબે ભવભ્રમણ ટળતું નથી. મુમુક્ષુની ભૂમિકામાં પણ કર્મનું અવલંબન છૂટે છે, ક્યારેક-ક્યારેક. એ આવા પરિણામ થાય ત્યારે. કે હવે આ જીવને ભવભ્રમણનો છેડો દેખાય જાય છે. મોક્ષના ભણકારા અંદર આત્મામાં વાગી રહ્યા છે. અને આવી વાત જે ભવભ્રમણની છૂટવાની મળી છે કે એ એમ સૂચવે છે કે આ ભવ અનંત ભવને ટાળવા માટે છે. ભવવૃદ્ધિ માટે ભવ નથી, ભવ ટાળવા માટે ભવ મળ્યો છે. એવું એને લાગે છે. આત્મામાંથી લાગે છે.

'**કે જેથી ફરી જન્મમરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું, નિર્મોહપણું, યથાર્થ સમરસપણું રહે છે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમ જ્ઞાની પુરુષનો નિશ્ચય છે.**' આ દેહ છોડવાનો પ્રસંગ છે ને ? એટલે પ્રાસંગિક પ્રેરણા આપી છે કે કોઈપણ મનુષ્યને દેહ છોડતી વખતે, મૃત્યુકાળ જેને કહેવામાં આવે છે, દેહ છોડતી વખતે જો આત્મિક પુરુષાર્થથી અસંગપણું રહે, નિર્મોહપણું રહે, જેટલા અંશે, સર્વથા નથી, એ તો જેટલા અંશે થાય એટલા અંશે અને યથાર્થ સમરસપણું એટલે સમતાભાવ, જ્ઞાતાભાવ, વીતરાગભાવ જેટલા અંશે રહે, જેટલા અંશે વધારે રહે તેટલું મોક્ષપદ નજીક છે. તેને મોક્ષ નજીક છે, પરિપૂર્ણ શુદ્ધતા એને નજીક છે.

શું કહ્યું આમાં ? કે આ એક દેહ છૂટવાનો કાળ એ એક એવો કાળ છે કે જે કાળે ખરેખર બાકી રહેલા કર્મના ઉદયનો પૂરેપૂરો હુમલો છે. આઠેય કર્મનો હુમલો છે. બહુભાગ તો અશાતા હોય વેદનીમાં. કો'કને જ શાતાવેદની હોય. બાકી બહુભાગ તો અશાતાવેદની હોય. પ્રાણ છૂટે ત્યારે થોડી Second તો અશાતા આવ્યા વિના રહે નહિ. અને તીવ્રમાં તીવ્ર આવે પાછી. જેમ Heart attack થી મરે પણ એ Heart ની જેટલા Second વેદના હોય છે એ વેદના પ્રાણ છોડાવી નાખે એવી વેદના હોય છે. એ કહી ન શકે એટલે જુદી વાત છે. બાકી હૃદયમાં કોઈ, Heart ની અંદર કોઈ છરી-

ચાકા ચારે બાજુથી મારતા હોય અને હૃદયને કાપી નાખતા હોય એવી વેદના થાય એનું નામ Heart attack છે. એ Heart attack માં.. લોકો એમ કહે કે Heart attack માં મરી ગયા એ ... પણ એવું કાંઈ નથી. પોતે વીતરાગભાવમાં જેટલા અંશે રહે એ વખતે જેટલો પુરુષાર્થ થયો તેટલું સારું છે. પીડા ઓછી-વત્તી થઈ, ઓછા-વત્તા કાળ માટે થઈ એ કોઈ ગણતરીનો વિષય નથી. એ વખતે જો પુરુષાર્થ થાય, જ્યારે કર્મરૂપી દુશ્મનોએ હુમલો કર્યો છે ત્યારે જો એને લડતા આવડ્યું તો એ વખતે એની સફળતા મોક્ષપદને નજીક લઈ આવે છે એમ કહે છે. નિર્વાણપદને એ નજીક લઈ આવે છે. ઘણા કર્મોની નિર્જરા થઈ જાય. એકસાથે ઢગલાબંધ નિર્જરા થઈ જાય. એવો એ પ્રસંગ છે.

મુમુક્ષુ :- સમાધિમરણ.

પૂજ્ય ભાઈશ્રી :- સમાધિમરણ પણ કહેવામાં આવે છે. સમાધિમરણમાં પણ તારતમ્યભેદ લીધા છે અહીં તો. જેટલા અંશે અસંગપણું. એમ નહિ, એકલું સમાધિમરણ સામાન્ય કહીને વાત નથી છોડી દીધી. જેટલા અંશે અસંગપણું, જેટલા અંશે નિર્મોહપણું, જેટલા અંશે વીતરાગપણું રહે તેટલું મોક્ષપદ નજીક છે એમ પરમજ્ઞાનીપુરુષનો નિશ્ચય છે. કેવળજ્ઞાની પુરુષોએ આ વાત કહી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમાધિમરણને .. કહ્યું છે. સમાધિમરણ તો સમાધિમરણ છે પણ એમાં તારતમ્યભેદ હોય છે. એમાં પણ સામાન્ય અને વિશેષ. આમાં વિશેષની વાત કરવી છે. વિશેષ પ્રકારે સમાધિમરણ કરે છે કે જે મોક્ષપદને નજીક લાવે છે.

મુમુક્ષુ :- ... આત્માર્થી જીવને..

પૂજ્ય ભાઈશ્રી :- આત્માર્થીને સમાધિમરણ નથી ગણ્યું. જ્ઞાનીને સમાધિમરણ ગણ્યું છે. એ વખતે પોતે સ્વભાવમાં આવે છે. સ્વભાવની પરિણતિ ઉગ્ર થાય છે. સ્વભાવની સાવધાની વિશેષ થાય છે અને કોઈ કોઈ જ્ઞાનીઓ તો નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આવી જાય છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આવી જાય એને તો છેલ્લો એકાદ ભવ જ બાકી હોય પછી એને ઝાઝાં ભવ હોય નહિ. એટલી નિર્જરા થઈ જાય. જો એ દેહ છૂટવાના કાળે જો શુદ્ધોપયોગમાં આવે તો નિર્જરા કેટલી થાય ? એકાદ ભવ રહી જાય એટલી. એથી વધારે એને (ભવ ન હોય). એવો એ પુરુષાર્થ એટલા લાભનું એ કારણ છે.

જ્ઞાનીઓ ભાનમાં દેહને છોડે છે. હું આત્મા છું એવા ભાનમાં દેહત્યાગ કરે છે. આત્મભાન થયા પહેલા હું શરીર છું એવા ભાનમાં દેહત્યાગ થાય છે. એટલે એને

સમાધિમરણ ગણવામાં આવતું નથી. પછી યોગ્યતા સારી હોય છતાં પણ આત્મભાન છે અને આત્મભાન નથી, આ બે વચ્ચે બહુ મોટો ફેર છે. આત્મભાન નથી ત્યાં અનંતાનુબંધી સહિતના ચારેય કષાય ઊભા છે અને મિથ્યાત્વ મોહનીય, દર્શનમોહનો પણ ... ચાલુ છે. એ પરમ જ્ઞાની એટલે કેવળજ્ઞાનીપુરુષનો આ નિશ્ચય છે. એને મોક્ષપદ નજીક થાય એ કેવળીઓએ કહેલું છે, સર્વજ્ઞોએ એ વાત કહેલી છે.

'કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય જાણતાં અથવા અજાણતાં તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું, ઘણા નમ્રભાવથી ખમાવું છું.' છેલ્લો અવસર છે ને ? હવે તમે જાવ છો ત્યારે બોલ્યુંચાલ્યું માફ કરજો આપણે કહે છે કે નહિ ? ... 'સોભાગભાઈ'નો દેહાંતકાળ છે. સ્વર્ગમાં તો ભેગા થાશે, એકબીજા ભેગા થયા હશે. એકબીજાને અનુરાગ ઘણો છે એટલે. અહીંથી હવે વિયોગ છે એટલે અહીંયાં ક્ષમાપનાની, જેઠ મહિનામાં કાંઈ ક્ષમાપનાની તિથિ નથી, સવંત્સરી નથી કાંઈ કે ક્ષમાપના કરે, પણ અહીંયાં અંતિમ કાળ જોઈને ક્ષમાપના કરે છે. માટે ક્ષમાપના કરી છે. કેવો વિનય અને કેવી નમ્રતા ! આદર્શ જીવન હતું. એમનું જીવન પણ બહુ આદર્શ, બહુ ચોખ્ખું. વ્યવહારિક જીવન પણ એકદમ શુદ્ધ વ્યવહારિક જીવન હતું. .... વ્યાપારમાં, કુટુંબ-પરિવારમાં, મુમુક્ષુઓ સાથેના વ્યવહારમાં અરે...! કોઈ અજાણ્યા સાથેના પણ વ્યવહારમાં, એકદમ શુદ્ધ અને આદર્શમય જીવન !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ક્ષમાપના તો વીતરાગભાવમાં આવે એને નિશ્ચય ક્ષમાપના કહેવાય છે. પણ એ પહેલાં એવો એક વિકલ્પ આવે છે કે જગતના કોઈપણ જીવને ... આ આત્માને ... હોય તો તે અંતઃકરણપૂર્વક હું એની ક્ષમા માગી લઉ છું-માફી માગી લઉ છું. કેમકે એ પ્રકારનો મારો અભિપ્રાય નિવૃત્ત થઈ ગયો છે. કારણ શું છે ? કે કોઈને એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈપણ જીવને દુઃખ પહોંચે એ પ્રકારનો મારો અભિપ્રાય ખલાસ થઈ ગયો છે. પછી જ્ઞાનદશાનો વારો આવે છે. જ્ઞાનદશા પછી આવે છે. બધા જ્ઞાનીઓની તો એ પરિસ્થિતિ તો હોય જ છે. બધા જ્ઞાનીઓની એ પરિસ્થિતિ હોય જ છે. એ જ્ઞાની થયા એનો અર્થ જ કે પહેલા આ ભાવનામાં આવી ગયા છે. આવો અભિપ્રાય .. થઈ ગયો પછી જ્ઞાની થયા. જ્ઞાની થયા એનો અર્થ જ એ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આપણે ઘણા ... અંતઃકરણથી કે કેવી રીતે ? અહીં શું શબ્દ વાપર્યો છે ? સર્વ જીવને... વિનયપૂર્વક ઘણા નમ્રભાવથી ખમાવું છું. એટલે એ

શબ્દ વાપરે છે ક્ષમાપનામાં. અતંઃકરણથી ક્ષમાવું છું. એટલે અંતઃકરણ છે એ અભિપ્રાયનો સૂચક છે. મારો અભિપ્રાય નથી, કોઈપણ જીવને દુઃખ પહોંચાડવાનો મારો અભિપ્રાય નથી. છતાં જાણતાં, અજાણતાં થઈ ગયું હોય. જાણતાં તો પોતાને કષાય વધી ગયો હોય અને થઈ ગયું હોય કે અજાણતાં એને દુઃખ પહોંચાડવું ન હોય છતાં પણ દુઃખ પહોંચે, એને લાગી પડે એવું કોઈ કામ થઈ ગયું હોય તો મારો અભિપ્રાય દુઃખ પહોંચાડવાનો નહિ હોવાથી હું ક્ષમા માંગુ છું.

મુમુક્ષુ :- .. ક્ષમા આપ્યા પછી...

પૂજ્ય ભાઈશ્રી :- જો અંતઃકરણથી માગી હોય તો ન થાય. અંતઃકરણથી માગી હોય તો ન થાય. એ તો સ્વભાવિક છે. આપણે પરસ્પરના પ્રસંગથી વિચારી શકીએ કે, જો તમારા પ્રત્યે અંતઃકરણથી મને ભાવ આવે તો પછી ફરીને થવાનો પ્રશ્ન નથી રહેતો. ફરી ફરીને થાય એનો અર્થ કે ઉપર ઉપરથી દેખાવ કર્યો છે. અંતઃકરણથી એ વાત ઊભી થઈ નથી. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. એનું નામ જ અંતઃકરણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. બહુ સારો વ્યવહાર છે. જૈનશાસન સિવાય આ પ્રકારનો વ્યવહાર કોઈપણ સંપ્રદાયમાં નથી. ૧૮-૧૯ વર્ષની ઉંમરે 'મુંબઈ'માં મારી સાથે એક ભાઈ કામ કરતા હતા. એ શ્વેતાંબર જૈન હતા 'સુરેન્દ્રનગર'ના. એ સંવત્સરી પ્રતિક્રમણ કરીને આવીને ખમાવે ત્યારે પહેલીવહેલી મને એ છાપ પડી ગઈ. વિચાર આવી ગયો કે આ લોકોમાં આ વ્યવહાર બહુ સારો છે. આવો વ્યવહાર ક્યાંય નથી. બહુ સારો વ્યવહાર છે. બાર મહિનામાં એક દિવસ તો બધાને કહી દેવું કે, ભાઈ ! મારી ભૂલ થઈ હોય કે ન થઈ હોય, હું માફી માગી લઉ છું. હળવોફૂલ થઈ જાય. અંતઃકરણથી માગે તો હળવોફૂલ થઈ જ જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સાથે કામ કરતા હોય એને તો ખટખટ કાંઈ થાય જ. પછી એ જ્યારે મોટો માણસ પણ નાનાને ખમાવે પછી તો વાત પૂરી થઈ ગઈને ? નાનો તો મોટા પાસે જાય પણ મોટો ઉઠીને નાના પાસે જાય. સીધી છાપ પડી ગઈ. આ કોઈ ... બીજી છે. આવી પદ્ધતિ ક્યાંય નથી. જૈનની પદ્ધતિ આ રીત સારી છે. માણસ હળવોફૂલ થઈ જાય.

ખરેખરે તો જૈનધર્મ જ ગુણ-દોષ ઉપર ચાલે છે. બીજો કોઈ સંપ્રદાયબુદ્ધિએ

ચાલતો નથી. એકલો ગુણ-દોષનો જ વિષય ચાલ્યો છે. આત્માને ગુણ ક્યા અને દોષ ક્યા, ગુણ ક્યા ને દોષ ક્યા. ગુણ-દોષનો વિષય ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ના. ના.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ... અપરાધનો સ્વીકાર કરે છે. પોતાના અપરાધનો સ્વીકાર કરે છે. સ્વચ્છંદ જ ત્યાંથી ટળે છે. મુમુક્ષુતા ઉત્પન્ન જ ત્યાંથી થાય છે. અનાદિનો જે સ્વચ્છંદ છે, દોષદષ્ટિ છે, મિથ્યાદષ્ટિ એટલે દોષદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ એટલે ગુણદષ્ટિ. સ્વભાવ કહો કે ગુણ કહો, બે એક જ વાત છે. અનંત ગુણોનું એકરૂપ તે સ્વભાવ છે. ગુણદષ્ટિ કહો, સ્વભાવદષ્ટિ કહો, દ્રવ્યદષ્ટિ કહો કે સમ્યગ્દષ્ટિ કહો. પર્યાયદષ્ટિ કહો કે દોષદષ્ટિ કહો. બે એમાં છે. દોષદષ્ટિમાં દોષનો પક્ષપાત, પોતાના દોષનો અસ્વીકાર, પોતાના દોષનો બચાવ કરવો એ બધો ... છે. એ .. મોહ છે. પોતાના દોષનો (બચાવ) કર્યા વિના રહે નહિ. 'અધમાઅધમ અધિકો પતિત સકળ જગતમાં હુંય, એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ?' એ એને પહેલુંવહેલું લાગે છે.

લાગે છે તે એવું જ લાગે કે એ વખતે દોષ કરવાની વૃત્તિ અને અભિપ્રાય છે ... જાણીબૂઝીને કોઈ દોષ કરવો નથી. થઈ જાય એ બીજી વાત છે પણ જાણીજોઈને દોષમાં પડવું નથી. એ અભિપ્રાયમાં આવી જાય છે. નિર્દોષતાના અભિપ્રાયમાં આવી જાય છે એ ... આવ્યા વિના રહે નહિ. સીધી વાત છે. લક્ષ બાંધે એ આત્મા... વિના રહે નહિ. એ .. ભાવનામાં આવ્યા વિના રહે નહિ.

અહીંયાં 'સોભાગભાઈ'ને પોતે ક્ષમાપનાનો પત્ર લખ્યો છે એ 'સોભાગભાઈ'ને વાંચતા પણ જે લાગણી થઈ હશે. સામે સામું છે કે નહિ ? લાગણી તો અરસપરસ હોય છે. એમાં One way traffic હોતો નથી. એટલે એમના પરિણામમાં પણ હળવાશ ...

'આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે.' આ દેહે કરવા યોગ્ય કાર્ય તો આ એક જ છે. કોઈ પ્રત્યે રાગ કે કોઈ પ્રત્યે દ્વેષ રાખવાનું મારે કારણ નથી. ... છે. મારે મારા આત્મહિતનું પ્રયોજન છે. સિવાય કાંઈ મારે બીજું પ્રયોજન નથી. **'સર્વત્ર સમદશા વર્તે.'** સર્વત્ર સમદશા વર્તે. કોઈ પ્રત્યે રાગ નહિ, કોઈ પ્રત્યે દ્વેષ નહિ. આખું જગત જ્ઞાનનું માત્ર જ્ઞેય થઈ જાય. જ્ઞાતા રહે વીતરાગભાવે આખું જગત જ્ઞાનનું જ્ઞેય (થઈ જાય). એ જ કરવા યોગ્ય છે.

'એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.' આત્મકલ્યાણ કરવાનો એ જ મુખ્ય નિશ્ચય છે. એવો નિર્ણય કરવો જોઈએ. **'એ જ વિનંતિ.'** એવો નિર્ણય જીવે કરવો જોઈએ. આ દેહમાં જ રહીને નિર્ણય કરી લેવો જોઈએ. એ જ વિનંતી છે. **'શ્રી રાયચંદ્રના નમસ્કાર પ્રાપ્ત થાય.'**

મુમુક્ષુ :- આ પત્ર એકદમ...

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો. છેલ્લો પત્ર આવે છે. છેલ્લે .. એટલે ... તે દિવસે પણ ટપાલખાતું Regular હતું, હોં ! બીજે-ત્રીજે દિવસે ટપાલ મળી જતી હતી.

મુમુક્ષુ :- આજે પત્ર મળ્યા પછી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેલા ... ... આ પત્ર પહેલા થઈ છે. ... અનંત ભવ છેદ્યા.

મુમુક્ષુ :- આ પત્ર મહત્વનો છે, ફરી વાંચીએ.

પૂજ્ય ભાઈશ્રી :- **'જેને કોઈ પણ પ્રત્યે રાગ-દ્વેષ રહ્યા નથી, તે મહાત્માને વારંવાર નમસ્કાર.'** સર્વ મહાત્માઓને, સર્વ વીતરાગી મહાત્માઓને નમસ્કાર ! આમ છે. સર્વ વીતરાગી મહાત્માઓને નમસ્કાર. વીતરાગ દ્રવ્ય, વીતરાગ ભાવ. દ્રવ્ય અને ભાવ બંનેને નમસ્કાર. તારે વીતરાગતા પ્રાપ્ત કરવી છે ? નિર્વિકલ્પ દશા તો સ્વયં વીતરાગભાવ છે. નિર્વિકલ્પ દશા તો સ્વયં વીતરાગભાવ છે. પણ પ્રારંભમાં નિર્વિકલ્પ દશા તો હજી જેને થઈ પણ નથી, હજી એ દશાનો પ્રારંભ પણ નથી થયો, એને વીતરાગતાની કેવી ભાવના હોય ? આ પ્રદર્શિત કરે છે. એને વીતરાગતાની કેવી ભાવના હોય ? કે જ્યાં જ્યાં એ વીતરાગતા જોવે છે ત્યાં ત્યાં નમી પડે છે. વિકલ્પમાં પણ નમી પડે છે. એને નિર્વિકલ્પ આવશે. જે વિકલ્પમાં દોષ પ્રત્યે નમી પડતો હોય એને નિર્વિકલ્પ વીતરાગતા ક્યાંથી આવશે ? હજી વિકલ્પમાં પણ વીતરાગતા પ્રત્યે જેને નમવું નથી, સવિકલ્પપણામાં વીતરાગતા પ્રત્યે જેને બહુમાન આવતું નથી, નમતો નથી, એને નિર્વિકલ્પ વીતરાગતા તો આવે જ ક્યાંથી ? આ લ્યો, અહીંથી ભક્તિ સ્થાપી છે.

(પત્રાંક) ૭૫૩. કેમ એને વ્યામોહ ન થાય ? અધ્યાત્મનો વ્યામોહ કેમ ન થાય ? મુમુક્ષુમાં અધ્યાત્મનો વ્યામોહ પણ થાય, .. પણ થાય. ન થાય એ કેવી રીતે થાય ? કે બહારમાં જ્યાં જ્યાં વીતરાગતા જોવે ત્યાં ત્યાં એનો વિકલ્પ ઢળે. આ .. એટલે એને યથાર્થ વીતરાગતા આવે. બહારમાં વીતરાગતા જોવે અને ઢળે નહિ અને વીતરાગતાની વાત કરે તો એને વ્યામોહ છે. એને વ્યામોહ વર્તે છે. અધ્યાત્મ છે નહિ. અધ્યાત્મ તો વીતરાગભાવસ્વરૂપ છે. વીતરાગભાવ પોતે અધ્યાત્મસ્વરૂપ છે. અહીંથી કાઢ્યું છે.

સૂક્ષ્મપણે વિચાર કર્યો છે. એ વિષયમાં બહુ સૂક્ષ્મતાથી વિચાર કર્યો છે. વાત લીધી છે Agenda ઉપર 'આનંદઘનજી'ના પદની વાત ચાલે છે.

'આનંદઘનજી'એ તીર્થંકરોના નામે ભક્તિ કેમ કરી ? હે પ્રભુ ! આપ આમ કહો છો. હે પ્રભુ ! આપ આમ કહો છો, પ્રભુ ! આપ આમ કહો છો, એમ કેમ કહે છે ? એમની વીતરાગતા જોવે છે. આમ વીતરાગ છો, વીતરાગતાનો ઉપદેશ કરો છો. મારો વિકલ્પ છે એ આપના પ્રત્યે નમીને ... છે. આપને જોઈને મારો વિકલ્પ પણ આત્મા પ્રત્યે નમી જાય છે. આપના પ્રત્યે નમી જાય છે. ત્યાં અંદરથી અધ્યાત્મ .. થાય છે. એટલે ત્યાં વિકૃતિ નથી આવતી.

સિદ્ધાંતનો વિષય એવો છે કે કોઈપણ સિદ્ધાંત, ઊંચામાં ઊંચી કોટિનો અધ્યાત્મનો સિદ્ધાંત હોય તોપણ ત્યાંથી વિકૃતિ થવાનો સંભવ છે. ફેરફાર થઈ જાય, અન્યથાપણું થઈ જાય, એ બનવાનો સંભવ રહેલો છે. ન થાય એના માટે શું છે ? આ પણ વિચારી લેવા જેવો વિષય છે. જેમ માણસ પાળ બાંધી દે ને કે વેપાર કરવો છે પણ નુકસાન તો જવું જ ન જોઈએ. નફો ઓછો થાય, મોડો થાય, કાંઈ વાંધો નહિ, પણ નુકસાન તો જવું જ ન જોઈએ. એ દૃષ્ટિકોણથી એ વિચારણા છે અને એ સુવિચારણાનો એક વિષય છે. આત્મહિત અને આત્માનું અહિત એ સુવિચારણાનો મુખ્ય વિષય છે. મથાળામાંથી પણ ઘણું નીકળે છે.

પોતે ભક્તિ કરે છે. આ તો જ્ઞાની થયા પછી (કરે છે). પછી તો શું છે કે જ્ઞાનીને પણ જ્યાં સુધી વિકલ્પ વર્તે છે ત્યાં સુધી. ચોથે ગુણસ્થાને તો બહુ જ અલ્પ કાળ છે. પાંચમે થોડોક .. વધે છે. પછી રમઝટ તો છઠ્ઠા-સાતમામાં ચાલે છે. પણ ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં તો બહુ અલ્પ કાળ છે. ઘણો કાળ સવિકલ્પ દશામાં જાય છે. મોટા ભાગનો કાળ સવિકલ્પ દશામાં જાય છે. ત્યારે જ્ઞાનીને શું થાય ? કે જો નિર્વિકલ્પતામાં એ વીતરાગતામાં આવતા હોય તો સવિકલ્પતામાં પણ વીતરાગતા પ્રત્યે એનો વિકલ્પ દોડે. એને વ્યવહાર-નિશ્ચયની સંધિ... એને વ્યવહાર-નિશ્ચયની સંધિ કહેવામાં આવે છે. આ પ્રકારે સંધિ છે. એક ... તો રહેવી જોઈએ કે નહિ ? ... અને નિર્વિકલ્પમાં બરાબર, એમ ? એમ કોઈ દિવસ બને નહિ. સવિકલ્પ અને નિર્વિકલ્પ એને મેળવાળા જ હોવા જોઈએ. રાજા હોય એ સાહેબી ભોગવતો હોય તો એની વૃત્તિ પણ ઉદાર હોય. જો પોતાના માટે એ ખર્ચ કરતો હોય તો બીજાના માટે પણ એ હાથ બીડે નહિ. એનું નામ રાજા. હાથ બીડે એનું નામ રાજા નહિ. ઉદાર હોય એને રાજા કહે છે ને. ભાઈ ! એ તો રાજા માણસ છે. એટલે એવું છે. અહીંયાં પોતે વીતરાગતામાં આવે, બહારમાં મેળવાળી સ્થિતિ હોય, વિરૂદ્ધ સ્થિતિ હોય નહિ.

મુમુક્ષુ :- ખરો મુમુક્ષુ ચોથું ગુણસ્થાન જોવે તો નમી પડે. ચોથા ગુણસ્થાનવર્તી જ્ઞાની હોય, એને પણ મુમુક્ષુ ખરો હોય તો નમી પડે.

પૂજ્ય ભાઈશ્રી :- નમે જ છે ને. એ તો વીતરાગતા જોવે છે કે નહિ ? એને વીતરાગતા પ્રાપ્ત કરવી છે તો જ્યાં જ્યાં વીતરાગતા એ ત્યાં ત્યાં વારંવાર નમસ્કાર. કહે છે ને એ તો. નાસ્તિથી કહ્યું કે રાગ નથી, દ્વેષ નથી એટલે વીતરાગપણું છે. એ મહાત્માને વારંવાર નમસ્કાર.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- ગલુડિયા જેવા થઈ જાય ત્યાં તો. પુંછડી પટપટાવા માંડે. પછી ભલે એ Schedule caste નો હોય. એ તો કુદરતી છે. જેને જે જોઈએ ત્યાં તે નમ્યા વગર રહે નહિ. તું વીતરાગતાને નમતો નથી એનો અર્થ એ કે તારે વીતરાગતા જોઈતી નથી. જો વીતરાગતાની વાત કરતો હોય તો તું ખોટો છો. બાકી વીતરાગતા પ્રત્યે નમ્યા વગર રહે નહિ. એમ વસ્તુસ્થિતિ છે આ તો.

'પરમ ઉપકારી, આત્માર્થી, સરલતાદિ ગુણસંપન્ન શ્રી સોભાગ.' 'સોભાગભાઈ'ને સરળતા પણ ઘણી હતી. એ તો એમના પત્રો જેણે વાંચ્યા હોય એને ખ્યાલ આવી જાય એવું છે કે એમણે 'શ્રીમદ્‌જી'ને ભગવાનપુરુષ તરીકે જોયા છે. પરમેશ્વરબુદ્ધિએ એમણે એમને અવલોક્યા છે. અને પોતાના જેવા કોઈ જેટલા પરિણામ આવે એ બધા વિકલ્પનું પ્રદર્શન કર્યું છે. જેટલા દોષ થાય એ બધાય વર્ણવ્યા છે. કેમ કે મારે મૂળમાંથી કાઢવા છે. એકેય રાખવા નથી.

એ એક મુમુક્ષુજીવનો નિશ્ચય હોય કે જેને કોઈ એવો પરમયોગ પ્રાપ્ત થાય એ પહેલાં જ એને એ વિકલ્પ આવે છે કે જો કોઈ આવો પરમયોગ પ્રાપ્ત થાય તો વીણી વીણીને મારા દોષ મારે રજુ કરીને તે ટાળવા માટેનો ઉપાય શોધી લેવો છે. કેમ ? કે Doctor મળ્યા. આ Doctor એવા છે, દરદ મટે કે ન મટે એવા નથી. મટે જ મટે એવા છે. એવો રામબાણ ઈલાજ છે એની પાસે. અને મારો ભવરોગ બહુ મોટો છે. Chronic છે. કેવો છે ? અનંત કાળનો Chronic થયેલો છે. આ રોગ કોઈ હિસાબે રાખવો નથી. જેને સંપૂર્ણ શુદ્ધ થવું છે એ કયા દોષને રાખવા માગે છે ? એકેય દોષ રાખવો નથી. જો રાખવો નથી તો મારે જાહેર કરવામાં વાંધો શું ? કહી કહીને કાઢું, કહી કહીને કાઢું. ... કાઢો. એને બરાબર પાછળ પડી જઈને કાઢું. કાઢવા માટે પાછળ પડી જાય. એ પ્રકાર એને અભિપ્રાયમાં આવ્યા વિના રહે નહિ. નહિતર સત્પુરુષનું કામ શું છે ? શું કરવા સત્પુરુષને શોધે છે ? ...

મુમુક્ષુએ એક સત્પુરુષને શોધ, બીજું કાંઈ શોધમાં. શું કરવાને ? કે પોતાના

દોષને વીણી વીણીને કાઢવા છે એટલા માટે. વીણી વીણીને, કહી કહીને કાઢવા છે, કહેવા છે એટલા માટે. એ એટલા માટે .. છે કે એની પાસે ઈલાજ છે, એની પાસે મારી દવા છે. મને ખબર નથી મારા દોષ કેમ મટાડવા એ મને ખબર નથી. .. કેટલા છે એની મને ખબર નથી જેટલી એને ખબર પડે એટલી મને ખબર પડે એવું નથી.

ખરેખર જેને અંતઃકરણથી નિર્દોષ થવું છે એવો અભિપ્રાય થયો એ તો સત્પુરુષને શોધીને એટલી સરળતામાં ... આવે છે. જ્યાં સ્વચ્છંદનું નામનિશાન પણ રહે નહિ. એવી પરમ સરળતામાં આવે એને શું કરવા આત્મા ન પ્રગટે ? એને દોષ શું કરવા ન જાય ? જેને કાઢવા જ છે એને શું કરવા ન જાય ? દોષ કાંઈ પરાણે રહે એવી ચીજ નથી. દોષ કાંઈ પરાણે રહે એવી ચીજ નથી. જેને કાઢવા છે એને તો રહે જ નહિ. કેમકે આત્મા પોતે નિર્દોષ પરમાત્મા છે. સ્વભાવે કરીને તો આત્મા પોતે નિર્દોષ પરમાત્મા છે. જેને દોષ કાઢવા છે એને દોષ રહે નહિ. એ નિયમબદ્ધ વાત છે. એમાં એકેય અપવાદ નથી. એકેય અપવાદ નથી.

'સોભાગભાઈ'ના જે પત્રો જોઈએ તો એ સરળતાની મૂર્તિ જેવા છે. એવા પત્રો છે. એટલે એ વિશેષણ લીધું છે. પછી 'ત્રંબકભાઈ' એમના દીકરાના હાથે લખાવેલો કાગળ મળ્યો છે એની પહોંચ લખી. પોતે ''આત્મસિદ્ધિ' ગ્રંથના અર્થનું-સંક્ષેપ અર્થનું પુસ્તક અને કેટલાક ઉપેદશપત્રોની નકલ, પ્રત એટલે નકલ. આપણે નકલ કહીએ છીએ અત્યારે. '**અત્રે હતી તે આજે ટપાલમાં મોકલ્યા છે.**' જુઓ ! કેટલી કાળજી લીધી છે પોતે ! પોતાની પાસેથી જે પત્રો હતા એમાંથી કેટલાક પસંદ કરીને, કેટલાકનો અર્થ એમ થાય છે, બધા નથી મોકલ્યા, કેટલાક મોકલ્યા છે. એટલે એમને ઉપયોગી થાય. આ વખતે, આ સમયે ઉપયોગી થાય એવા કેટલાક પત્રો એમણે મોકલ્યા છે.

'**બન્નેમાં મુમુક્ષુ જીવને વિચારવા યોગ્ય ઘણા પ્રસંગો છે.**' એ પોતે એ વિષયના બહુ જાણકાર હતા. મુમુક્ષુજીવની યોગ્યતા પણ સમય સમયની હોય છે. કોઈ મુમુક્ષુની એકસરખી યોગ્યતા હંમેશા રહે એવો કોઈના માટે અભિપ્રાય બાંધવો એ નિતાંત ભૂલ છે, બહુ મોટી ભૂલ છે. કેમકે પર્યાય પલટતી ચીજ છે. સમય સમયની યોગ્યતા છે. દરેક જીવની દરેક સમયે એકસરખી યોગ્યતા હોતી નથી. માટે કોઈની સાથે પૂર્વગ્રહથી વર્તવા યોગ્ય નથી. આ તો આવો જ છે. એમ માનીને કદિ કોઈની સાથે પ્રસંગમાં આવવું નહિ, વ્યવહારમાં આવવું નહિ. ભૂલી જાવું. એની યોગ્યતા ક્યારે ફરી ? ક્યારે એને જિજ્ઞાસા થઈ ? ક્યારે એને ભાવના થઈ ? તને શું ખબર પડે ? માટે પહેલેથી નક્કી કરી નાખ, કોઈને માટે અભિપ્રાય કાયમ માટેનો બાંધી લેવો નહિ. જરાક એવું

દેખાય કે આ તો ફરવા માગે છે. એટલે માથે ઉપાડી લેવો. એટલો Response આપવો. કોઈ જીવ ઊલટો ચાલતો હોય, માર્ગથી ઊંધો ચાલતો હોય, જાણી જોઈને ઉંધો ચાલતો હોય એવા કોઈ દુષ્ટ પરિણામો વર્તતા હોય જીવને, પોતાને ભૂલીને, જ્ઞાનમાં તો બધું ... યોગ્ય છે. આ જીવ પણ બધું કરી ચૂક્યો છે. સર્વ .. તૈયાર છે. એટલે એને જબરજસ્ત આવકાર દેવો જોઈએ, જબરજસ્ત આદર દેવો જોઈએ કે જેથી એ પોતે ફરીને આગળ વધી જાય. એમાં પૂર્વગ્રહથી એની સાથે ક્યારેય વર્તવું જોઈએ નહિ.

'કૃપાળુદેવ'માં એક વિશેષતા હતી. વર્તમાનમાં અત્યારે આ જીવની યોગ્યતા કેવી છે અને અત્યારે એ યોગ્યતા માટે એને શું જરૂરી છે ? એને કઈ દવાનો કેટલો Dose આપવો એના માટે એના એક જબરજસ્ત Expert doctor જેવું કામ કરે છે. આ જીવને આ પ્રકારની ક્ષતિ છે. એની સાથે આવી જ વાત કરવી. આ જીવને આવા પ્રકારની પરિસ્થિતિ છે માટે આ વાત તો એને કરવી જ નહિ. 'અંબાલાલભાઈ' 'મુંબઈ' આવ્યા છે તો કહે, મારા ભાગીદારો સાથે તમે વાત કરજો પણ મારી વિદ્યમાનતામાં કોઈ મારી વાત ન કરતા. એટલે કે હું બેઠો હોય ત્યારે મારી હાજરીમાં કોઈ મારી વાત તમારે ન કાઢવી. મારી ગેરહાજરીમાં વાત કાઢવી હોય તો કાઢજો, પણ મારી હાજરીમાં નહિ. અને તમે એમને કેટલાક પ્રશ્નો પૂછજો. એમ કરીને પ્રશ્નો પૂછ્યા છે. લખાવ્યા છે. આવા આવા પ્રશ્નો તમારે પૂછવા. હવે એને આવા પ્રશ્નો પૂછવા એવું શું કરવા ? એ એમની નજર છે. બહુ ઝીણી અને બહુ સારી ચોખ્ખી નજર જેને કહીએ. એ જીવને લાભ જ થાય, નુકસાન ન થાય. એની સાથેની એ જાતની Treatment થી એના રોગમાં કાંઈને કાંઈ એને લાભ થાય, થાય ને થાય. બહુ ઓછા જીવો એમના પરિચયમાં આવ્યા છે. ... નહોતો. પણ જે કોઈ જીવો એમની સમીપમાં આવ્યા છે એને બહુ સારો લાભ થયો છે. કેમકે એમની એ નજર બહુ સારી હતી. સામાને પરખવાની, ઓળખવાની, માણસને પરખવાની અને ઓળખવાની નજર બહુ સારી હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. 'ગુરુદેવ' બોલ્યા છે. 'આત્મસિદ્ધિ'ના પ્રવચનોમાં. પાંચ વર્ષ જો એમનું આયુષ્ય વધારે હોત તો આખા જૈનદર્શનમાં ખળભળાટ મચાવી નાખ્યો હોત. કેમકે પુરુષાર્થ ... ... પછી ગૃહસ્થપણું તો છોડી દેવાના હતા. ગૃહસ્થપણું છોડ્યા પછી જો એ ઉપદેશ દેવામાં આવ્યા હોત તો બહુ જબરજસ્ત કામ કર્યું હોત. ઘણું જબરજસ્ત કામ કર્યું હોત. સમર્થ બહુ હતા. ભાવને ભાષામાં વ્યક્ત

કરવાનો વાણીનો યોગ બહુ જબરજસ્ત હતો. એ પૂર્વનો ક્ષયોપશમ લઈને આવેલા. પવિત્રતા અહીંયાં પ્રગટ કરી એટલે પુણ્ય અને પવિત્રતાનો સુમેળ થઈ જાય. જગતના ભાગ્ય ક્યાંથી ? જગતના ભાગ્ય ક્યાં ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ભાવનાથી બોલાય. ભાવનાથી બધી વાતો થાય. બાકી વસ્તુસ્થિતિમાં કોણ ફેરફાર કરે ? જે કાળે, જે ક્ષેત્રે, જે દ્રવ્યનું, જે પ્રકારનું, જે નિમિત્તના સંયોગ-વિયોગમાં પરિણમન થવાનું તે થવાનું. એમાં ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરફાર કરવા સમર્થ નથી. ભાવનાથી બોલાય, પણ એ કાંઈ અસમાધાન કરવાનો વિષય નથી. સમાધાન રાખવાનો વિષય છે.

મુમુક્ષુ :- બહુ સરસ વાત આવી. પૂર્વગ્રહ ન રાખવો.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બિલકુલ નહિ.

મુમુક્ષુ :- એનો મતલબ જેટલી વાર એની સાથે પરિચયમાં ફરીને આવે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યારે એણે એ પૂર્વગ્રહ પહેલેથી જ છોડી દીધેલો હોવો જોઈએ. એટલે એને તરત ખ્યાલ પડે. જો એનામાં સામા જીવમાં ફેરફાર થયો તો તરત Light થાય અને અભિપ્રાયમાં અથવા પૂર્વગ્રહમાં, અભિપ્રાય કહો કે પૂર્વગ્રહ કહો, જે .. ઊભો હોય એટલે ઓલો ફર્યો હોય તોપણ એને ઊંધું જ દેખાય કે ઢોંગ કરતો લાગે છે. અત્યારે આપણને સારું લગાડવા માટે બોલતો લાગે છે. અત્યારે કાંઈક કારણ એને લાભ લેવાનું લાગે છે. એને કાંઈક અંગત લાભ લેવો હશે, કાંઈક ફલાણું હશે. ઊંધું જ વિચારે. સવળો વિચાર જ ન આવે. Prejudice માં ઊભો હોય તો સવળો વિચાર ન આવે. પેલો મધ્યસ્થ હોય. કોઈની પણ સમય સમયની યોગ્યતા છે. મધ્યસ્થપણે, કોઈપણ વાત મધ્યસ્થપણે ... કાલનો ગાંડો આજે ડાહ્યો થઈ શકે છે. કાલ સુધી ગાંડો હોય એ આજે ડાહ્યો થઈ શકે છે. એ અપેક્ષા રાખવી. કોઈના પ્રત્યે .. હોય તો એ અપેક્ષા રાખવી. તો પછી એને ક્યાંય તકલીફ પડતી નથી.

મુમુક્ષુ : 'મારિચી'નો જીવ 'મહાવીર' બન્યા કે નહિ.

પૂજ્ય ભાઈશ્રી : હા. પણ આ 'રાવણ'નો જીવ તીર્થંકર થશે. થશે કે નહિ ? તો પછી.

મુમુક્ષુ : ....

પૂજ્ય ભાઈશ્રી : પુરાણો એટલા માટે લખ્યા છે કે આવી ભૂલ જીવ ન કરે. આવી જીવ ભૂલ ન કરે. એમાં પણ જે મહાપુરુષોનું ભવિષ્ય પ્રસિદ્ધ થઈ ગયું હોય એના પ્રત્યે તો કદિ તિરસ્કાર વૃત્તિ આવવી જોઈએ નહિ. ભલે વર્તમાને .. તિરસ્કાર વૃત્તિ ન

આવે. આ એક વિધિની વિચિત્રતા છે. 'રામ' જેવા મહાપુરુષ સામે 'રાવણે' આવો વ્યવહાર કર્યો, દુષ્ટ વ્યવહાર કર્યો. એ વિધિની વિચિત્રતા છે. ... તીર્થંકરનો જીવ છે, જગતગુરુ થાશે. જે દિ' તે દિ' એનો મહિમા દશે દિશામાં ઉજ્વળપણે ગવાશે. એ જ આત્માને ... પોતાને પૂર્વગ્રહ છોડવા માટેનું એ દૃષ્ટાંત છે. ક્યાંય પણ પૂર્વગ્રહ રાખવા જેવો નથી. બહુ મોટી વાત છે. એ સરળતામાં બની શકે છે. અસરળતા હોય તો એવું બનવું કઠણ પડે છે. સરળતા હોય તો જ બની શકે અને એ સરળતા બહુ મોટી વાત છે. વિશેષ કહેશે...

કુદરતની અકળ કળા અતિ ગંભીર છે, તેમ વિચારવા યોગ્ય છે. જેની અનેક ઘટના ઉદાહરણપણે જોવા મળે છે. જેવા કે અનેક મહાત્માઓ અન્યમતમાં જન્મ પામવા છતાં મૂળ માર્ગને છેવટ પામે છે, તો કોઈ મહાન સાધક જીવ; સાધનાને ગૌણ કરે તેના નિમિત્તે તેમના બાહ્ય પરિણમનના નિમિત્તે શાસનનેજગતને અનુપમ ઉપકાર થઈ જાય છે. તેનું ઉદાહરણ શ્રીમદ્ વિષ્ણુકુમાર મુનિરાજ પ્રસિદ્ધ છે. જેમના વિકલ્પના નિમિત્તે સાતસો ભાવ લિંગી મુનિઓનો ઉપસર્ગ દૂર થઈ ગયો !! બીજુ ઉદાહરણ શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવનું છે. તેમને ધ્યાનમાં નિર્વિકલ્પતા છૂટી વિકલ્પ (?) / ભાવના થઈ, 'સાક્ષાત્ તીર્થંકરદેવના દર્શન અને દિવ્યધ્વનિશ્રવણની'; ઉત્કૃષ્ટ પુણ્યભાવનું ફળ પણ તુરતમાં જ આવ્યું. મહાવિદેહની યાત્રા થઈ, દર્શનશ્રવણ પ્રાપ્ત થયા અને મુમુક્ષુ જગતને સમયસાર આદિ ચોરાશી પાહુડ (ભેટ)ની પ્રાપ્તિ થઈ, જેના નિમિત્તે અનેક ધર્માત્માઓની ઉત્પત્તિની પરંપરા સર્જાણી. પરોમપકારી પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી અને પ. કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રદેવ બંન્ને યુગપુરુષો શ્રી સમયસારથી ઉપકૃત થયા છે. મહાત્માઓના વિકલ્પો હંમેશા જગતને કલ્યાણકારી થયા છે; એવા મહાન આત્માઓની સાધનાનું મહાત્મ્ય ગાવાની શક્તિ વાણીમાં નથી. તેમની નિષ્કારણ કરુણાની સ્તુતિ પણ મોહને ગાળી નાખીને આત્મસ્વભાવને પ્રગટ કરે છે. અહો ! અહો ! **(અનુભવ સંજીવની-૧૮૫૩)**

પત્રાંક-૭૮૧

મુંબઈ, જેઠ વદ ૬, રવિ, ૧૯૫૩

પરમપુરુષદશાવર્ણન

'કીચસૌ કનક જાકૈ, નીચ સૌ નરેસપદ,
મીચસી મિતાઈ, ગુરુવાઈ જાકૈ ગારસી;
જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,
હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી;
જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.'

જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળસમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબનાં કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઈચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઈચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ઠા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.

કોઈને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો. જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતિમાં આવશે, જેમ જેમ આજ્ઞાથી અસ્થિમિંજા રંગાશે, તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે, એમ નિઃસંદેહતા છે.

ત્રંબક, મણિ વગેરે મુમુક્ષુને તો સત્સમાગમ વિષેની રુચિ અંતર ઈચ્છાથી કંઈક આ અવસરના સમાગમમાં થઈ છે, એટલે એકદમ દશા વિશેષ ન થાય

તોપણ આશ્ચર્ય નથી..

ખરા અંતઃકરણે વિશેષ સત્સમાગમના આશ્રયથી જીવને ઉત્કૃષ્ટ દશા પણ ઘણા થોડા વખતમાં પ્રાપ્ત થાય છે.

વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઈ પણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી કેવળ અસંગ ઉપયોગે અથવા પરમપુરુષની ઉપર કહી છે તે દશાના અવલંબને આત્મસ્થિતિ કરવી એમ વિજ્ઞાપના છે, કેમકે બીજો કોઈ પણ વિકલ્પ રાખવા જેવું નથી. જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષના વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી; અને શરીરનિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે, એટલે તે વિષે પણ કંઈ વિકલ્પ રાખવા યોગ્ય નથી. જે વિકલ્પ તમે ઘણું કરીને શમાવ્યો છે, તોપણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે.

સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે; એવા સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે. એ જ વિનંતિ.

તા. ૧૭-૬-૧૯૯૨, પત્રાંક - ૭૮૧
પ્રવચન નં. ૩૮૫

'શ્રીમદ્ રાજચંદ્ર'વચનામૃત, પત્ર ૪૯૩. પત્રાંક૭૮૧. પાનુ૬૦૫. ... પત્રના મથાળામાં 'બનારસીદાસ'ની ... ... પરમપુરુષની દશા ...

'કીચસૌ કનક જાકૈ, નીચ સૌ નરેસપદ,
મીચસી મિતાઈ, ગુરુવાઈ જાકૈ ગારસી;
જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,
હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી;

જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.'

'બનારસીદાસ' .. એવી પરમદશા સ્વરૂપની વર્ણવી છે. 'શ્રીમદ્જી'એ પોતે એનો અર્થ કર્યો છે તે અર્થ છે. '**જે કંચનને કાદવ સરખું જાણે છે,...**' કંચન એટલે સોનુ. સોનુ અને કાદવ જેને સરખું છે. '**રાજગાદીને નીચપદ સરખી જાણે છે,...**' એ પરમ પરમાત્મપદ સ્વરૂપે હોવાથી રાજગાદી એ પોતાનું ઊંચ પદ નથી પણ નીચપદ છે. '**કોઈથી સ્નેહ કરવો...**' એટલે રાગ કરવો. '**મીચસી મિતાઈ,...**' કોઈથી રાગ કરવો, સ્નેહ કરવો '**તેને મરણ સમાન જાણે છે,...**' .. પ્રાણની એમાં હિંસા છે. જ્ઞાન અને આનંદ પ્રાણની એમાં હિંસા છે.

મુમુક્ષુ -: ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ મરણ સમાન છે. ચોખ્ખું કરે છે. પોતાના કુટુંબ-પરિવાર પ્રત્યે રાગ ઊભો હોય તે આત્માના જ્ઞાન અને આનંદ પ્રાણને ઘાત છે, મૃત્યુ છે.

'**મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે,...**' દુનિયામાં આબરૂ મળે એને લીપવાની ગાર. ગારમાં શું નાખે ખબર છે ? .. અને છાણ નાખે છે. '**કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે,...**' કોઈ મિત્ર, ... વગેરે જાણકારી હોય તો એને ઝેર સમાન જાણે છે. કેમકે એ પણ આત્માના .. નું ખૂન કરે છે. '**સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે,...**' રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ થઈ હોય તો એને અશાતા સમાન જાણે છે. એ રોગ જાણે છે એને. તે પ્રાપ્ત કરવા યોગ્ય નથી. પુણ્યનો યોગ છે ને એટલે પુણ્યનો .. ગણે છે, લોપ ગણે છે.

'**જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે,...**' લોકો બધા મોટાઈ આપીને પૂજે. પૂજ્ય ગણીને પૂજે એ અનર્થ છે, વ્યર્થ છે. એનો કોઈ અર્થ નથી તે અનર્થ છે. એની કોઈ જરૂર આત્માને નથી. '**પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે,...**' ભવિષ્યમાં રાખ થવાની છે. પણ અત્યારે જ એને રાખ થઈ ગયેલી જાણે છે. '**જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે,...**' મોહના સ્થાનો જેટલા છે એ મોહમાં જે મૂંઝાય છે. મોહમાં જે મોહાય છે એવી જાળ સમાન જાણે છે.

'**ઘરવાસને ભાલા સમાન જાણે છે,...**' ઘરમાં રહેવું એ ભાલા લાગતા હોય,

વાંસામાં અને પેટમાં. એટલે ઘરમાં રહેવું ગમતું નથી. મુનિરાજ છે ને ? જંગલમાં વસે છે. એ પરમશ્રુતદશાનું વર્ણન છે. '**કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે,...**' કાળ એટલે ઉપાધિ. કુટુંબનું જે કારણ-કાર્ય છે એને એ મૃત્યુ સમાન છે. આ ક્યાં ઉપાધિ આવી પડી મારે ? મારે માથે કુટુંબની ઉપાધિ ક્યાંથી ? અને '**લોકમાં લાજ વધારવાની ઈચ્છાને મુખની લાળ સમાન જાણે છે,...**' જગતની કીર્તિ, લાજ વધારવી, આબરૂ વધારવી એને મુખમાંથી લાળ પડે ગંદગી એ સમાન જાણે છે.

'**કીર્તિની ઈચ્છાને નાકના મેલ જેવી જાણે છે...**' નાકમાં જે કફ જામે છે એના સ્થાને જગતની કીર્તિ છે. '**અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે,...**' ઘણો પુણ્યનો ઉદય હોય તો એને વિષ્ટાનો મોટો ઢગલો જાણે છે. બહુ પુણ્ય કા .. વિષ્ટાકા ... સમજો. 'સોગાનીજી' કહે છે. એ મૂળ 'બનારસીદાસજી'એ ગાયું છે. બેસી જાય છે. જ્ઞાનીને એ બેસી જાય છે. એટલે પોતાની રીતે પણ એનો મેળ કરે છે. '**એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.**' 'બનારસીદાસ' .. કરે. આવા પરિણામની રીતિ થઈ ગઈ છે એને 'બનારસીદાસ' વંદન કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તો આપણા પરિણામ તો બધા આથી ઊલટા જ છે. સોનુ ગમે છે, રાજ અને સત્તા ગમે છે, કુટુંબના પ્રેમમાં અડધો અડધો થઈ જાય છે. દીકરા-દીકરી, જમાઈઓ, વેવાઈઓ ભેગા થાય ત્યાં અડધો અડધો, ઘેલો-ઘેલો થઈને ફરે છે. એટલે એમાં રિદ્ધિસિદ્ધિ હોય તો જાણે મારા જેવું કોઈ નથી. કહે છે કે એ બધા ઊલટા પરિણામ છે. ફરીથી.

'**જે કંચનને કાદવ સરખું જાણે છે,...**' ઘુંટવા જેવું છે. '**રાજગાદીને નીચપદ સરખી જાણે છે, ને કોઈથી સ્નેહ કરવો તે મરણ સમાન જાણે છે,...**' જગતની '**મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે,...**' મોટાઈ આપે કે ન આપે. લેવાની ક્યાં ? '**કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે,...**' આ મંત્ર-તંત્ર એ બધા ઝેર છે. '**સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે,...**' અર્થ વગરની વાત છે. '**પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયા...**' રૂપાળું શરીર હોય એને '**રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ...**' જાળમાં ફસાય છે ને ? જીવ એમાં ફસાય છે. પંચેન્દ્રિયના વિષયને એ જાળ સમાન જાણે છે. '**ઘરવાસને ભાલા સમાન જાણે છે,...**' જંગલમાં રહેવું પસંદ કરે છે. એકાંતમાં. '**કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ**

સમાન જાણે છે,...' ઉપાધિ, મોટી ઉપાધિ. **'લોકમાં લાજ વધારાની ઈચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઈચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે,...'**

મુમુક્ષુ :- પાપનો ઉદય હોય ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પાપનો ઉદય હોય ત્યારે એ પ્રયોગ કરવાની તક સમજે છે. એને એ પ્રયોગ કરવાની તક સમજે છે. એને એ પ્રયોગ કરવાની તક સમજે છે. આત્મભાવને આવિર્ભાવ કરવાનો અવસર અને પ્રસંગ સમજે છે. સૌથી વધારે આપણો પ્રસંગ મૃત્યુનો છે તો એને મહોત્સવ સમજે છે. મૃત્યુને મહોત્સવ સમજે છે. **'એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.'** જેને વીતરાગતાની પ્રાપ્તિ કરવી છે એ બધા એને વંદના કરે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- આ .. છે. જેટલો ઉદય છે અને જગતમાં જે ઉદય પુણ્યનો ઉદય અને સારો ઉદય જણાય છે તે બધો આત્માને લપસવા માટે પ્રતિકૂળ છે. આત્માને પોતાના જ્ઞાના... ઘાત કરવા માટેના એ પ્રસંગો છે. જગતના જીવો. જ્ઞાનીને તો જ્ઞાનનુ જ્ઞેય છે. એટલે એનાથી દૂર રહેવા માગે છે. એ બધા પ્રસંગથી દૂર રહેવા માગે છે. એવી જેની રીતિ હોય.

મુમુક્ષુ :- આ મૂલ્યાંકન નથી આવતું.

પૂજ્ય ભાઈશ્રી :- દુઃખના કારણો શું ? પ્રત્યક્ષ પરિણામ તે તે પ્રકારના ઉદય પ્રત્યે જોતા જીવને આકુળતા અને દુઃખ થાય છે. અને દુઃખને દુઃખમય હોવાથી, દુઃખના કારણરૂપ હોવાથી વિવેકથી સુખની પ્રાપ્તિ અર્થે એનાથી વિમુખ થવાનું એને કહેવામાં આવ્યું છે. સીધી વાત એ છે. દુઃખ, સુખનો સવાલ છે એમાં.

જ્યાં સુધી આમાં સુખબુદ્ધિ છે. આ જેટલા પ્રકાર વર્ણવ્યા એમાં સુખબુદ્ધિ છે. સુખનો અભિપ્રાય છે. બુદ્ધિ એટલે અભિપ્રાય છે. ત્યાં સુધી પરિણામ ત્યાં દોડ્યા વગર રહેશે નહિ. અથવા એ દોડતા પરિણામને ખુદ સ્વયં પોતે અટકાવી શકશે નહિ. દોડી જાશે પરિણામ. ચાલી જશે. કેમકે સુખબુદ્ધિ છે. તો એમાં .. અભિપ્રાય છે. સુખ નથી પણ ખરેખર દુઃખ છે. ઝેરને અમૃત જાણીને પીએ છીએ. અથવા અમર થવા માટે ઝેરને પીએ છે. એને થાવું છે અમર. મરવું નથી અને ઝેર પીવું છે એ બે વાત કેવી રીતે બનવાની હતી ? નહિ બની શકે.

મુમુક્ષુ :- એમાં એક ક્ષયોપશમની ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ ઝેર છે. બાહ્ય પરલક્ષી ક્ષયોપશમ છે એમાં પણ જીવ

... છે એ ભ્રમના ક્ષેત્રોમાં અને શાસ્ત્રના અભ્યાસમાં આવેલા જીવનો સંસાર છે. આ જગતના જીવનો સંસાર છે. સંસરન કરવાનું સ્થાન. સંસાર એટલે સ્વરૂપમાંથી સરી જવાનું કારણ. અને બાહ્ય ક્ષયોપશમ અને જાણપણું એ શાસ્ત્રના અધ્યયનમાં આવેલા જીવો માટેનું એનું એ મોટામાં મોટું રોકાવાનું સાધન છે.

મુમુક્ષુ :- ... થોડી જાણકારી થાય એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા એટલે રાજી થાય એ. મને ખબર પડી. મને જેટલી ખબર છે એટલી બીજાને ખબર નથી. પરલક્ષી એટલે બીજા ઉપર ધ્યાન જાય છે. એ પણ ફસાવાનું કારણ છે. અથવા એ પણ આગળ જતા મુંઝાવાનું કારણ છે. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ ઈન્દ્રિય વિષયમાંથી ક્યાં ખસ્યો ? શ્રવણ કર્ણેન્દ્રિયનો વિષય થયો, વાંચવું ચક્ષુ ઈન્દ્રિયનો વિષય થયો. થયો કે નહિ ? તો બે ઈન્દ્રિયના વિષયો ચાલુ છે તો પરલક્ષી ક્ષયોપશમમાં એ બે ઈન્દ્રિયો કામ કરે છે અને એને એનાથી મનોરંજન થાય છે. તો એ મનોરંજન અને મનોરંજન એક જ વર્ગમાં જાય છે. એનો બીજો ક્લાસ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જો આત્મહિતનો દૃષ્ટિકોણ ન હોય અને પોતાના હિત પ્રત્યે ન વળે તો આ પણ એક મનોરંજનનું સાધન થઈ જશે. આમાં બહુ મજા આવે છે. આપણને આ બધી ચર્ચામાં, વાતચીતમાં, સાંભળવામાં, વ્યાખ્યાનમાં આપણને બહુ મજા આવે છે. કલાક ક્યાં નીકળી જાય છે એ ખબર પડતી નથી. રસ આવે છે. પણ શેનો રસ આવે છે ? વાણીનો રસ આવે છે, ભાષાનો રસ આવે છે તો એ પુદ્ગલાત્મક છે. તને પુદ્ગલ... .. રસ આવે. તો બીજો શેનો રસ આવે છે કે રાગનો રસ આવે છે ? તો અત્યાર સુધી તે એ બધા રાગના જ સબડકા લીધા છે. હવે જ્ઞાનનો અને વીતરાગતાનો રસ આવે, આત્મરસ આવે, ચિદ્રસ આવે, ચૈતન્યરસ આવે. તો એ અમૃતરસ છે નહિતર બધુ ઝેરનું ઝેર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પંચેન્દ્રિય પોષણરસમાં અહીં સુધી લેવું. ક્યાં સુધી ? બહારનું જાણપણું થાય, એમાં એને રસ પડે, સાંભળવામાં રસ પડે, વાંચવામાં રસ પડે અને કહેવામાં રસ પડે. ત્રણ પ્રકારે છે. બીજાને સંભળાવામાં રસ પડે છે. કા કોઈ એક વ્યક્તિવિશેષને સાંભળવામાં રસ પડે છે. અને કા કોઈ એક પોતાને પ્રિય એવો ગ્રંથ

વાંચવામાં રસ પડે. એમાં વાણીનો રસ હોય તો તે પુદ્ગલરસ છે. રાગનો રસ હોય તો તે વીતરાગતાથી વિરુદ્ધ અનાત્મરસ છે. જ્ઞાનરસ હોય તો એ રસ સાચો છે. એ વીતરાગતાને લાવશે. એટલે રસ તો પડે છે પણ કયો રસ છે એ પોતાને અવલોકન કરીને તપાસીને .. કરવાની ચીજ છે.

મુમુક્ષુ :- ઉપર ઉપરથી પોતાને હિતનું કારણ જાણીને સાંભળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંદર તપાસવું. ઉપર ઉપરથી તો હિતનું કારણ જાણે છે. પણ અંદરથી તપાસવું કે હિતનું કારણ છે તો કેટલું હિત કર્યું ? કેટલા વર્ષથી આ સાંભળું છું ? કેટલા વર્ષથી વાંચુ છું ? ખાલી મનોરંજન થાય છે કે કાંઈક આત્મામાં એના સંસ્કાર પડે છે ? રુચે છે ? જીવને રુચિ સાથે સંબંધ છે કે રાગ સાથે સંબંધ છે ? જુઓ ! આ તફાવત જુદો પાડવાનો છે. આ ભેદ રેખા સૂક્ષ્મ છે. ભેદ રેખા અહીંયાં સૂક્ષ્મ છે કે રાગમાં રસ છે ? કે જ્ઞાનમાં રુચે છે એ જ્ઞાનથી ઉત્પન્ન થતી રુચિ છે એ ? બેમાંથી શું છે ? એમ એ તપાસીને પોતે પોતાનો નિર્ણય કરવો જોઈએ.

હવે વ્યક્તિગત માર્ગદર્શન આપે છે. છેલ્લો પત્ર છે ને ? '**કોઈને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો.**' તમે કોઈનો વિકલ્પ નહિ કરતા. કુટુંબનો, પરિવારનો, દીકરાનો, પત્નીનો કોઈનો પણ તમે વિકલ્પ નહિ કરતા. એકનું અસંગતત્ત્વ હું આત્મા તે આત્માને લક્ષમાં લઈને ભાવમાં અસંગપણું રાખશો કે હું એક જ્ઞાનમય અસંગતત્ત્વ છું. એવું અસંગપણું જ રાખશો. '**જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતીતિમાં આવશે, જેમ જેમ આજ્ઞાથી અસ્થિમિંજા રંગાશે, તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે, એમ નિઃસંદેહતા છે.**' કોઈપણ જીવ માટે. જેમ જેમ કોઈ જીવને સત્પુરુષના વચનમાં પ્રતિ થાય છે. શા માટે પ્રીતિ થાય છે ? પોતાના આત્મકલ્યાણને કારણભૂત છે, એવા વચનો છે માટે પ્રીતિ થાય છે.

અને સત્પુરુષની આજ્ઞાથી અસ્થિમિંજા રંગાશે. સત્પુરુષની આજ્ઞાથી હાડકાં અને હાડકાંના સાંધા. અસ્થિ એટલે હાડકાં. ચામડી, ચામડીથી પછી મસલ્સમાંસ. એમાં લોહી અને બધું આવી ગયું. ત્યાંથી ઊંડો જાય પછી છેલ્લે હાડકું આવે. અહીંયાં હાડકાં અને સાંધાની મિંજા. હલચલ થવા માટે મિજાગરા હોય છે ને. એ બધે .. આખે આખો રંગાઈ જશે. સત્પુરુષની આજ્ઞાએ જ્યાં સુધી આખેઆખો જ્યારે રંગાઈ જશે, '**તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે,...**' હવે એ આત્મકલ્યાણને પામવાનો અધિકારી થયો, પાત્ર થયો. એમાં કોઈ પછી હવે શંકા કરવાનું કારણ રહેતું નથી.એ જીવ માટે પછી એની પાત્રતા માટે શંકા કરવાનું કારણ રહેતું નથી. એનું હોનહાર સારું છે. એનું કલ્યાણ થઈ જવાનું છે. એમાં કોઈ શંકા કરવા જેવું નથી.

'નિઃસંદેહતા છે.' એટલે એમ કે તમારા કુટુંબની તમે ચિંતા નહિ કરતા. સત્પુરુષના વચન જેને રુચશે, એની આજ્ઞા-રુચિમાં આવશે એ જરૂર આત્મકલ્યાણને સાધશે.

મુમુક્ષુ :- ... કલ્યાણની ઈચ્છા કરી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમ કે તમે કોઈની ચિંતા નહિ કરતા. સત્પુરુષના વચન પ્રત્યે જેને પ્રીતિ થશે. અભાવો થાય એની વાત તો કાંઈ વિચારવા જેવી રહેતી નથી. એને પ્રીતિ થશે ... અને એમાં એ આખેઆખો રંગાઈ જશે. જેમ જેમ એમની આજ્ઞામાં એ રંગાઈ જશે તેમ તેમ એ જીવ આત્મકલ્યાણને સુગમપણે, સહજપણે, સહેલાઈથી પ્રાપ્ત થવાનો અધિકારી થશે. એમ નિઃસંદેહતા છે. એના માટે હું નિઃશંક છું. અને આ કાર્યો બધાને માટે સરખા છે. કોઈના માટે હિનાધિકપણું એમાં નથી. તમારું કુટુંબ-પરિવાર હોય કે જગતનો કોઈ જીવ હોય, બધાને માટે કાયદો સરખો છે.

'ત્રંબક, મણિ વગેરે મુમુક્ષુને તો સત્સમાગમ વિષેની રુચિ અંતર ઈચ્છાથી કંઈક આ અવસરના સમાગમમાં થઈ છે, એટલે એકદમ દશા વિશેષ ન થાય તોપણ આશ્ચર્ય નથી.' એ એમના દીકરા છે 'સોભાગભાઈ'ના. એટલે એમને આ વખતના સત્સમાગમમાં કાંઈ પ્રીતિ થઈ છે. સમાગમ વિષેની, સત્સંગમાં આવવાની રુચિ થઈ છે. અને હજી એની દશા કોઈ અત્યારે વધારે સારી ન દેખાય તો કાંઈ વાંધો નહિ. હજી શરૂઆત છે એની. પછી જેમ જેમ આગળ વધશે તેમ તેમ આત્મકલ્યાણ .. પડશે એટલે એની ચિંતા તમે નહિ કરતા. એનો વિકલ્પ નહિ કરતા હવે. એનો ભરણપોષણનો નહિ પણ એના આત્મકલ્યાણનો વિકલ્પ પણ હવે તમે નહિ કરતા. તમારે હવે આ સમય નથી કોઈનો વિકલ્પ કરવાનો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા મુમુક્ષુ શબ્દ છે. **'ત્રંબક, મણિ વગેરે મુમુક્ષુ...'** તમારા દીકરા એમ નથી લખ્યું. ઠીક વાત છે. તો એને મુમુક્ષુની નજરે જોવે. તમારા દીકરા છે માટે એના પ્રત્યે મને કાંઈક વધારે ભાવ છે. મુમુક્ષુતામાં આવે તો અમને એના પ્રત્યે પ્રેમ છે. મુમુક્ષુતાથી વિમુખ જાય તો અમારે કાંઈ લેવાદેવા નથી. એમ છે.

'ખરા અંતઃકરણે વિશેષ સત્સમાગમના આશ્રયથી જીવને ઉત્કૃષ્ટ દશા પણ ઘણા થોડા વખતમાં પ્રાપ્ત થાય છે.' લ્યો ! આ બધા મુમુક્ષુને માટે એક બહુ સુંદર વચનામૃત છે. કોઈપણ મુમુક્ષુ માટે અતિસુંદર વચનામૃત છે. કે ''ખરા અંતઃકરણથી...' શુદ્ધ અંતઃકરણથી. ખરા અંતઃકરણથી એટલે શુદ્ધ અંતઃકરણથી, શુદ્ધ ભાવનાથી વિશેષ સત્સમાગમનો આશ્રય થાય, સત્સમાગમમાં વિશેષ રસ લે એને વિશેષ આશ્રય કર્યો કહેવાય. ત્યારે જીવની દશામાં વિશેષ પાત્રતા, ઉત્કૃષ્ટ પાત્રતા આવે છે. અને થોડા

વખતમાં ઘણી પાત્રતા આવે છે આવો એક કુદરતનો કાનુન છે. આ કુદરતનો કાયદો છે. એના ઉપરથી એ વાત સિદ્ધ થાય છે કે મુમુક્ષુજીવે સત્સમાગમમાં રહેવા યોગ્ય છે. સત્સમાગમથી બને ત્યાં સુધી દૂર જાવું નહિ. દૂર જવાના કારણ હોય તો એ કારણોથી બને ત્યાં સુધી દૂર જાવું. દૂર જવાના કારણોથી દૂર જાવું. પણ સત્સમાગથી દૂર જવા જેવું નથી.

એમાં અત્યારે તો વાતાવરણ ઘણું અસત્ સમાગમવાળું છે. અથવા કુસંગવાળું છે. .. વિરાધક જીવોને સંગ છે એ ... છે. અને કુટુંબ, પરિવાર અને જગતના સમાજનો જે સંગ છે એ અસત્સંગ છે. તે બંનેથી દૂર રહીને સત્સંગમાં રહેવા જેવું છે જો પાત્રતા (પ્રાપ્ત કરવી હોય તો). મોક્ષમાર્ગની ભૂમિકાની પાત્રતા ઈચ્છવી હોય તો એને સત્સમાગમમાં રહેવું. આ સત્પુરુષની આજ્ઞા છે. ભલામણ છે એમ કહો કે આજ્ઞા છે એમ કહો.

મુમુક્ષુ :- મુમુક્ષુજીવે તો વિરાધક જીવોથી તો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ તો અજગર અને કાળા નાગ સમજવા જોઈએ. એને તો શ્વાસ આવે ને ત્યાં ઝેર ચડવા માંડે એવા ઝેરી પ્રાણી હોય છે. નાગને એવા તીવ્ર ઝેરી હોય કે એના ઉચ્છશ્વાસમાં ઝેર હવામાં વ્યાપે. એ જો બીજાને શ્વાસમાં આવે તો એને મૂર્છા થવા માંડે. આ નથી દવા સુંઘાડતા. એમાં કોઈકને સુંઘાડે અને હવામાં આવી ગઈ હોય તો બીજાને ચડી જાય છે કે નહિ ? બાજુમાં ઊભા હોય એને મૂર્છા આવી જાય. ઝેરી હવા.

મુમુક્ષુ :- મુમુક્ષુ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તેજીને ઈશારો બસ છે. ગધેડાને ડફરા મારવા પડે. અરબસ્તાનનો ઘોડો હોય. ઉપર બેઠેલો અસ્વાર એક અંગુઠો મારેને એટલે હવામાં ઉડવા માંડે. ચાર પગે જાય. તેજીને ઈશારો બસ છે. એના જેવું છે. આ એક વાક્ય છે એ જુદું પાડીને પેરેગ્રાફમાં છે. પોતે એક વાક્યને જુદું પાડ્યું છે. ઉપર-નીચેના પેરેગ્રાફથી એક જ વાક્યને જુદું પાડી દીધું છે કે કોઈપણ જીવ ખરા અંતઃકરણથી વિશેષ સત્સમાગમના આશ્રય .. રહે તો ઘણા થોડા વખતમાં એને ઉત્કૃષ્ટદશાની પ્રાપ્તિ થાય છે. કેવી રીતે લાભ થાય અને ક્યા લાભ થાય ? એ વાત ચોખ્ખી કરી દીધી.

'વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઈ પણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી કેવળ અસંગ ઉપયોગે અથવા પરમપુરુષની ઉપર કહી છે તે દશાના અવલંબને આત્મસ્થિતિ કરવી એમ વિજ્ઞાપના છે,...' છેલ્લાં દિવસો છે. જેઠ વદ ૬ પત્ર લખ્યો છે. ૮ કે ૯ ને દિવસે એમણે ... કેટલા છે. જેઠ વદ ૧૦ સવારે દસ વાગે દેહ

છોડવાનો છે. 'સોભાગભાઈ'ને અને આગલે દિવસે કે એક દિવસ અગાઉ આ પત્ર મળ્યો છે. એણે વિજ્ઞાપના કરી છે. પોતે વિજ્ઞાપના કરી છે. મારું વિજ્ઞાપન એ છે કે કોઈ વ્યવહારસંબંધી અને કોઈ પરમાર્થસંબંધી. મુમુક્ષુ સાથે નહિ. કુટુંબના વ્યવહાર સાથે નહિ અને કોઈ બીજાના પરમાર્થના વ્યવહાર સાથે પણ નહિ. કોઈપણ જીવ વિષેની વૃત્તિ હોય તો તે ઉપશાંત કરવી. એ વૃત્તિને શમાવો-ઉપશમ કરો અને કેવળ અસંગ ઉપયોગે અથવા ઉપર જે પરમપુરુષની દશાનું વર્ણન કર્યું. ઉપર 'પરમપુરુષદશાવર્ણન' એવું લખ્યું છે. એમણે પરમપુરુષદશા વર્ણવીએ. 'બનારસીદાસે' કયા અધિકારમાં છે ?

મુમુક્ષુ : બંધ અધિકાર ૧૯મી ગાથા.

પૂજ્ય ભાઈશ્રી : બંધ અધિકારની ૧૯મી ગાથા. ઉત્તમપુરુષનો સ્વભાવ એમ લખ્યું છે. મથાળા .. બાંધ્યા હોય. ઉત્તમ, મધ્યમ અને અધમ ત્રણ પુરુષના અને અધમાધમ ચાર .. લખેલા છે. એટલે સર્વોત્તમપુરુષ, પરમપુરુષ, મધ્યમપુરુષ, .. એટલે એના પરિણામ કેવા છે. અધમ પુરુષ ...

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : મુનિદશાની હવે વાત છે. કેમકે એણે એક વાત એવી લીધી ભાવસંબંધ ભવનવાસ. શું કહે છે ? સમ્યગ્દૃષ્ટિની ભાવના તો એવી છે. '**જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ, કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;...**' આવે છે આ ? 'સોગાનીજી'ના પત્રમાં આ આવે. આ પત્ર છે ... એ પત્રમાં ... કેમકે મુમુક્ષુએ પત્ર લખ્યો છે કે તમે 'સોનગઢ' આવતા નથી અને ધંધા, વેપાર અને પરિવારમાં સરખાયના ખૂંચી ગયા લાગો છો. ઘણા વખતથી તમે 'સોનગઢ' આવ્યા નથી તો નક્કી ખૂંચી ગયા લાગો છો. ત્યારે એમણે લખ્યું કે, '**જિસે સાધર્મીજનોકા સંગ નહિ રુચતે ઉસકો...**' ... આ એમાં ખૂંચી ગયા નથી પણ બરાબરના ઉદયની અંદર જેલમાં પૂરાણા છે. ..કુટુંબમાં કોને હોંશ આવે ? કુટુંબ છે એ જેલની કોટડી થઈ છે. આવે છે ને આ ? ... એ જેલ નથી.

કુટુંબ મધ્યે રહેવું એ જેલમાં રહેવા જેવું લાગે છે. અને ...સગવડતાવાળું મકાન હોય. ... ભુવન. નામ આપે છે કે નહિ ? '... ભાલસૌ ભુવનવાસ.' ભાલા વાગે છે. એમાં રહેવાથી અંદર ભાલા વાગે છે. ... અમથી મુનિદશા આવતી નથી. ...

મુમુક્ષુ : ...

પૂજ્ય ભાઈશ્રી : હા. મુમુક્ષુના સંગમાં રહેવું. .. કામ કરીને તેવી આત્મરુચિ કામ કરે છે. એવી આત્મામાં ... ..ભાઈના છેલ્લો સમય છે એટલે એમ કહે છે કે બધા પ્રકારની બાહ્યવૃત્તિને ઉપશાંત કરીને એટલે વ્યવહાર અને પરમાર્થ બધા પ્રકારની

બાહ્યવૃત્તિને ઉપશાંત કરીને કેવળ અસંગયોગે એટલે પોતાના સ્વરૂપમાં ઉપયોગ લગાવીને '**અથવા પરમપુરુષની ઉપર કહી તે દશાના અવલંબને,...**' આવી મારી દશા હોય એવી ભાવના ભાવવી આત્મસ્થિતિ એવી કરવી, એવી મારી વિજ્ઞાપના છે. એમ હું વિજ્ઞાપન કરું છું કે તમે હવે આ ભાવમાં આવી જાવ.

હવે જેને આજ્ઞા શિરોમાન્ય છે, એમને તો 'શ્રીમદ્‌જી'ની આજ્ઞા એટલે 'સોભાગભાઈ'ને ભગવાનની આજ્ઞા. સાક્ષાત્ જિનેશ્વરની પરમેશ્વરની આજ્ઞા. એ રીતે એમનું ... એટલે '**કેમકે બીજો કોઈ પણ વિકલ્પ રાખવા જેવું નથી.**' કે પહેલા એને દશા થઈ ગઈ. નિર્વિકલ્પ પરમાર્થ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ ગઈ. આ પત્ર વાંચતા હશે એ પહેલા પંદર દિવસે તો એમને એ દિશામાં આવી ગયા છે. આવી ગયા છે અને એની પહોંચ પણ એમણે એમને ત્યાં છોકરા પાસે લખાવી છે. .. દેહ અને આત્મા જુદે જુદા જોવામાં આવે છે. દેહ છે એ પાડોશમાં રહેલો .. પારકું ખોખું ખોળિયું છે. પાડોશમાં રહેલું ખોળિયું છે એમ જોવામાં આવે છે.

'**જે કોઈ સાચા અંતઃકરણે...**' ખરા અંતઃકરણે કહો, સાચા અંતઃકરણે કહો, શુદ્ધ અંતઃકરણથી કહો '**સત્પુરુષના વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી;...**' ઠીક ! ખરા અંતઃકરણથી. મારા પરમહિતનું આ કારણ છે. નિષ્કારણ કરુણાશીલ એવા જે સત્પુરુષ છે. જેમને કોઈ સ્પૃહા નથી. તેમણે કેવળ એક આત્મહિતાર્થે, આત્માના કલ્યાણ અર્થે આ વાત કહી છે એમ પોતે શુદ્ધ અંતઃકરણથી ... પ્રત્યે પ્રેરાશે. તો અવશ્ય પામશે, સત્યને પામશે એટલે આત્મસ્વરૂપને પામશે. '**એમાં કોઈ સંશય નથી.**' પોતાને ખાત્રી છે. 'શ્રીમદ્‌જી'ને પોતાને ખાત્રી છે. મને ખાત્રી છે. શુદ્ધ અંતઃકરણથી સત્પુરુષના વચનને ગ્રહણ કરનાર ન પામે એમ બને નહિ. સહજમાત્રમાં પામે. ન પામે એમ તો બને નહિ પણ સહજમાત્રમાં પામે. કેમકે એને કોઈ અવરોધ નથી, કોઈ પ્રતિબંધ નથી. કોઈ અટકાવ નથી એને. રોકાવાનું કોઈ કારણ નથી. એટલે શુદ્ધ અંતઃકરણ છે ને ? એટલે કોઈ રોકાવાનું કારણ નથી. રોકાવાનું કારણ તો મલિન અંતઃકરણ છે અથવા મલિનતા સંબંધીનો અભિપ્રાય છે. એ જ જીવને રોકાવાનું કારણ છે.

મુમુક્ષુ : ત્યાં સુધી...

પૂજ્ય ભાઈશ્રી : અત્યાર સુધી જિંદગી પૂરી થવા આવી એટલે કે જિંદગીના ઉત્તરાર્ધમાં આવી જતાં છતાં. જીવનની સંધ્યા ગણાયને પછી તો ? ૫૫-૬૦ પછી જિંદગની સંધ્યાના રંગ બધા ગણવા. ત્યાં સુધી પ્રાપ્તિ નથી કરી એનો અર્થ કે સત્પુરુષ મળ્યા, સત્પુરુષના વચન-વાણી મળ્યા પણ શુદ્ધ અંતઃકરણથી એને ગ્રહણ કરવાના

પોતાના પરિણામ થયા નહિ. માટે રહી ગયો. બીજું કાંઈ કારણ નથી. નહિતર એ નિઃશંકપણે એ પામે, પામે ને પામે.

મુમુક્ષુ : અનંતકાળમાં આ એક જ ...

પૂજ્ય ભાઈશ્રી : અનંતકાળમાં આ એક જગ્યાએ ચૂક્યો છે. અનંતકાળપર્યંત અત્યાર સુધીમાં આ એક જ જગ્યાએ ચૂક્યો છે. એક શુદ્ધ અંતઃકરણથી આત્મકલ્યાણને નિમિત્તભૂત એવા સત્પુરુષના વચન કહો, વીતરાગના વચન કહો. એને ગ્રહણ કરવાની પોતે તૈયારી કરી નથી. અંદર મેલપ રાખી છે. માણસ નથી કહેતા નિયત ખોટી છે, દાનત ખોટી છે. એમ જીવની દાનત હજી પોતાનું કલ્યાણ કરવાની નથી. એ વાત ચોક્કસ છે. એ કહે કે ન કહે, માને કે ન માને હજી એને સ્પષ્ટ રુચિથી સંસારમાં પરિભ્રમણ કરવું છે. સત્પુરુષ તો એમ જાણે છે. કે કોઈ આડંબરમાં સત્પુરુષ ... એ તો જાણે જ છે કે આને હજી સ્પષ્ટ રુચિથી સંસારમાં રખડવું છે. એને હજી અંતઃકરણની શુદ્ધતા થઈ નથી. હજી આને છૂટવાની જગ્યા નથી. નહિતર સુગમપણે એ પ્રાપ્ત થવા યોગ્ય છે. એમાં કોઈ સંશય નથી.

'અને શરીરનિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે,...' કુટુંબ કાંઈ ચિંતા કરવા જેવું નથી. બધા એનું નસીબ લઈને આવ્યા છે. જે જીવ અહીંયાં જન્મ પામ્યો એ પહેલા એની આખી જિંદગીનું નસીબ ફીટ થઈ ગયું છે. એને આયુષ છે કે નહિ ? આયુષ પહેલા ફિક્સ થઈ ગયું તો આયુષપર્યંતના બધા પ્રસંગો ફીટ થઈ ગયા. એ તો સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે. તમારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.

મુમુક્ષુ : આ જીવ પરિવારમાં વિધાતા થવું પડે છે...

પૂજ્ય ભાઈશ્રી : એ વિધાતા બનવા જાય છે અને દુઃખી થાય છે, બાકી બની શકતો નથી. બની શકતો નથી. એક કામ કોઈનું નથી કરી શકતો. માને કે ન માને. માને કે મેં આટલા આટલા કાંઈ નહિ તો વ્યવસ્થા કરી, દીકરા, દીકરી, ભાઈઓ, ફલાણું, બધા આખા કુટુંબનું આટલું કર્યું અત્યાર સુધી. એ બધી ભ્રમણા છે. કાંઈ કર્યું નથી. કલ્પના કરી કરીને દુઃખી થવા સિવાય બીજું કાંઈ એણે કર્યું નથી.

મુમુક્ષુ : કરી શકતો નથી... સમાજનું તો કરી શકે ને ?

પૂજ્ય ભાઈશ્રી : હવે એના પોતાના શરીરનું કરી શકે એવું નથી.

મુમુક્ષુ : તો કોનું કરે ?

પૂજ્ય ભાઈશ્રી : શરીરે સાજો રહ્યો હોય તો માંદો થાય. એ સમાજનું શું કરે ?

મુમુક્ષુ : .. પુરુષાર્થ તો ચાલુ રાખે ને.

પૂજ્ય ભાઈશ્રી : આત્મકલ્યાણનો પુરુષાર્થ કરવો. બાકી સમાજ-કુમાજનું કાંઈ કરી શકે છે એ વાતમાં કાંઈ માલ નથી. બધા દુઃખી થવાના અને પરિભ્રમણમાં અધોગતિમાં જવાના રસ્તા છે. સમાજનું ... એ વધારે ... એમાં તો પાર વગરની ગડબડું બધી છે.

મુમુક્ષુ : પરિભ્રમણની વાત કરો ત્યારે કાંઈક .. અધોગતિમાં જવાનું...

પૂજ્ય ભાઈશ્રી : પરિભ્રમણમાં તો અધોગતિ ... વધારે છે. મનુષ્યભવ તો ક્યારેક મળે. મનુષ્યભવ તો ક્યારેક મળે. કાકતાલીય ન્યાય. 'કાગને બેસવું ને ડાળને પડવું.' બાકી તો અધોગતિ જ છે. બીજું કાંઈ છે નહિ. પણ પરિણામનો હિસાબ-કિતાબ કરે તો ખબર પડે એવું છે કે પરિણામ ક્યાં જાય છે ? એટલે કોઈનો વિકલ્પ કરવા જેવો નથી.

'**શરીરનિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે, એટલે તે વિષે પણ કંઈ વિકલ્પ રાખવા યોગ્ય નથી.**' અત્યારે તો એ વિષયનું .. છોડી જ દેવું. ભલે ભૂતકાલમાં કર્યા હોય પણ એ વિકલ્પ અત્યારે કરવા જેવા નથી. '**જે વિકલ્પ તમે ઘણું કરીને શમાવ્યો છે,...**' પાછા કહે મને ખબર છે કે તમને હવે કુટુંબનો વિકલ્પ નથી રહ્યો. પહેલા હતો એ મને ખબર છે. હવે નથી રહ્યો. '**તમે ઘણું કરીને શમાવ્યો છે, તોપણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે.**' પણ તમારા પરિણામને વધારે મજબુત કરવા માટે આ વાત કરી છે. હવે તમને વિકલ્પ છે એ મારે નથી કહેવું. કેમકે તમારો વિકલ્પ શાંત થઈ ગયો છે હવે. એને ખબર છે હવે. પણ હવે વધારે એકદમ શાંત થઈ જાય, બળવાનપણે શાંત થઈ જાય એટલા માટે એ વાત કહી છે.

મુમુક્ષુ : આ સમાધિમરણનો ...

પૂજ્ય ભાઈશ્રી : હા સમાધિમરણનો... વાત છે. બહુ ભાગ્યશાળી છે. બીજે દિવસે કાગળ પહોંચે છે. એ એની .. વાત છે.

'**સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે.**' જ્ઞાનનું ફળ શું ? વીતરાગતા. જ્ઞાનનું ફળ વીતરાગતા છે. સર્વ જીવો પ્રત્યે કોઈ મારા નહિ અને કોઈ પારકા નહિ. સર્વભાવ પ્રત્યે. જેટલા ઔદયિકભાવ આવે એનો .. થઈ જાય. જ્ઞાતા થઈને .. સ્થિર થઈ જાય. ... રહી જાય. '**અખંડ એકરસ વીતરાગદશા રાખવી...**' તો ક્યારે રહે ? કે પોતાના અનંત વીતરાગ વિજ્ઞાનઘનના રસમાં સારી રીતે ભીંજાય જાય ત્યારે. આત્મરસમાં સારી રીતે ભીંજાય જાય ત્યારે એને સર્વજીવ પ્રત્યે અને સર્વભાવ પ્રત્યે એક વીતરાગભાવ, અખંડ વીતરાગભાવ એક રસદશા જે છે એ જ્ઞાનનું ફળ છે. ઘણા વિકલ્પ કરવા એ જ્ઞાનનું ફળ

નથી. બધા જ વિકલ્પ ઉપશાંત થઈને, શાંત થઈને નિર્વિકલ્પદશામાં, વીતરાગભાવમાં લીન થઈ જાય તે જ્ઞાનનું ફળ છે. બહુ સરસ ... આજના, કાલ.. માં તો બહુ સરસ વાત કરી છે.

'આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે;...' આત્મા એટલે પોતે. પોતે શુદ્ધ ચૈતન્ય જન્મ, જરા, મરણરહિત. આ દેહ છૂટે એ મારો નહિ. જે દેહ છૂટવાનો છે એ દેહ મારો નહિ. છે ત્યારે પણ મારો નહિ અને છૂટે ત્યારે પણ મારો નથી. કોકને દેહ છૂટે ને કોઈને કાંઈ લાગતુ વળગતું નથી. એમ એનો કહેવાતો, છે નહિ એનો પણ કહેવાતો એનો એવો જે દેહ એ છૂટે તો પણ કાંઈ લાગતું-વળગતું નથી. એવું પોતાનું શુદ્ધ ચૈતન્ય છે. એ અજર-અમર પદ છે. જન્મ-જરા-મરણરહિત એટલે અજર-અમર પદ છે.

એવા **'જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે;...'** કેવળ અસંગ છે. કોઈની સાથે કાંઈ સંબંધ નથી. આમાં બધું જ્ઞાન આવી ગયું. એવા પરિણમનમાં બધું જ્ઞાન આવી ગયું. બધા જ્ઞાનનો સરવાળો આ એક જગ્યાએ છે. આત્મજ્ઞાન તે જ્ઞાન છે. બાકી બધું .. આત્મજ્ઞાન તે જ જ્ઞાન છે. એ જ્ઞાન કેવું છે ? કે હું શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત એવો અસંગ સ્વરૂપ છું. એવું જે આત્મજ્ઞાન એ જ જ્ઞાન છે. બાકી બીજું અજ્ઞાનમાં જાય છે.

'એમાં સર્વ જ્ઞાન સમાય છે;...' આટલા પરિણમનમાં બધું જ્ઞાન સમાય ગયું છે. એમ કહે છે. લાંબુચોડું જ્ઞાન એ કોઈ જ્ઞાન નથી. કેવી સરસ વાત છે ! **'એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે;...'** પૂરું સમ્યગ્દર્શન. સર્વ સમ્યગ્દર્શન એટલે હું શુદ્ધ ચૈતન્યસ્વરૂપે છું. જન્મજરામરણરહિત સ્વરૂપે છું. એવી જે નિર્વિકલ્પ પ્રતીતિ એ પૂરેપૂરું સમ્યગ્દર્શન છે. **'એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે...'** કોઈનો પણ ભાવમાં પણ સંગ ન થાય. કોઈ પ્રત્યે પરિણામ ન જાય. એવા **'અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ચારિત્ર,...'** ત્રણ લીધું. જ્ઞાન, દર્શન અને ચારિત્ર. મોક્ષમાર્ગનું વર્ણન કર્યું.

ફરીથી **'આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે; એમાં સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ચારિત્ર...'** અથવા વીતરાગચારિત્ર કહેવામાં આવે છે. આ .. છે. **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** આ મોક્ષમાર્ગ છે અને આ ધર્મ છે. બાકી બધી ધર્મના નામે ગમે તેટલી વાતો હોય પણ એમાં ક્યાંય ધર્મ નથી. **'તે**

સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગદશા છે.' એને ધર્મ કહો, એને ઉત્કૃષ્ટ સંયમ કહો, એને વીતરાગદશા કહો. એક નામથી કહેવું હોય તો એને એમ પણ કહો.

'જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે,...' એવા દર્શનજ્ઞાનચારિત્રની પરિપૂર્ણતા થાય ત્યારે સર્વ દુઃખનો ક્ષય થઈને પરમાત્મદશાની પ્રાપ્તિ થાય. તેને ભાવમોક્ષ કહેવામાં આવે છે. આયુષ્ય બાકી રહ્યું હોય તો ભાવમોક્ષ છે. આયુષ્ય પૂરું થાય તો નિર્વાણપદની પ્રાપ્તિ થાય એટલે એને દ્રવ્ય મોક્ષ કહેવામાં આવે છે. છેલ્લું શરીર છૂટે એને નિર્વાણપદ કહે છે. એને મૃત્યુ નથી કહેવાતું. જે ચરમશરીર હોય, છેલ્લું આયુષ્ય પૂરું થાય. નવું ચારગતિમાંથી કોઈ ગતિનું આયુષ્ય ન બંધાય એવું જેને આત્મામય જીવન જીવ્યું હોય એ છેલ્લે શરીર છૂટે ત્યારે નિર્વાણની પ્રાપ્તિમાં જાય. નિર્વાણની પ્રાપ્તિ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય. સિદ્ધાલયમાં જાય.

અહીંયાં તો જેવું કેવળજ્ઞાન તેરમું ગુણસ્થાન પ્રગટ થાય એટલે પરમઔદારિક શરીર થઈ જાય. પરમ ઔદારિક શરીર થાય એટલે આ ઔદારિક શરીરના રજકણો છે એ બધા ફરી જાય. કોઈ ઉત્સર્ગ પરિષહ રહે નહિ. તિર્યંચદશામાં, મોક્ષદશામાં કોઈ ઉપસર્ગ પરિષહ નથી. ... એ ઉદય ખલાસ થઈ જાય છે. ... મોળો છે પહેલા જે ... દશામાં હોય એવો રહે નહિ. બધા વીતરાગોનું એક સરખું. પ્રતિમામાં કોઈનો ચહેરો છે. મહાવીરસ્વામીની પ્રતિમા આવા ચહેરાવાળી, શાંતિનાથ ભગવાનની આવા ચહેરાવાળી, આદિનાથ ભગવાનની આવા ચહેરાવાળી. બધાનો એક ચહેરો. બાળ નહિ, યુવાન નહિ, વૃદ્ધ નહિ. કોઈ ચિહ્ન નથી.

મુમુક્ષુ :- ભગવાનને ...

પૂજ્ય ભાઈશ્રી :- લાંછન હોય ન હોય એની સાથે બહુ કાંઈ મતલબ નથી. લાંછનનો કોઈ બહુ મતલબ નથી. પ્રતિમાજી .. લગાવામાં આવે છે. ત્યાં કાંઈ લાંછન, ફાંછન છે નહિ. તરત આગળના કાળમાં તો લાંછન હોતું નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- બધા ગુણ.. કામ કર્યા છે. બધા તીર્થંકરોએ, બધા અનંતઆત્માઓએ ઉત્કૃષ્ટ પરાક્રમ કરીને જ મોક્ષદશા પ્રાપ્ત કરી છે. કોઈએ ઓછું પરાક્રમ કર્યું છે એવું કાંઈ નથી. આખા સંસારને સ્વયંભૂરમણસમુદ્રને ભુજાએ કરીને ... કર્યા છે. કેવો સંસારસમુદ્ર છે. સ્વયંભૂરમણ જેવો છે. એના કરતા મોટો છે. એને તો હદ છે. આને હદ નથી. એને તરી ગયા. પરાક્રમ કેવું ?

'જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે.' બે વખત લખ્યું છે. એમાં કોઈ શંકા કરવા જેવી નથી. અનંત

વીતરાગોએ એ રીતે માર્ગને સાધીને મોક્ષને પામ્યા છે. જે કોઈ હજી પણ અનંત આત્માઓ એ રીતે માર્ગને સાધશે એ મોક્ષને પામશે. પામશે એટલે સર્વ દુઃખના ક્ષયને પામશે. એને કોઈ દુઃખ રહેવાનું નથી.

મુમુક્ષુ :- બાર લીટીમાં તો આખો મોક્ષમાર્ગ આપી દીધો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મોક્ષમાર્ગની વિધિ અને મોક્ષ બંને લઈ લીધા. દેહ છૂટવાનો કાળ છે ને ? એ વિધિ લઈ લીધી. પહેલા જ્ઞાન લીધું, જોયું ! આત્મા શુદ્ધચૈતન્ય છે. એવું જ્ઞાન તે જ્ઞાન છે. એ જ્ઞાનમાં અનુભવ છે એટલે એની પ્રતીતિ આવે છે. અનુભવાય એટલે એવો જ અનુભવમાં આવી રહ્યો છું. એવો જ હું છું. એ પ્રતીતિ છે. જ્યાં જ્ઞાન-દર્શન હોય ત્યાં સ્વભાવની સ્થિરતા સ્વયં સહજ ઉત્પન્ન થયા વિના રહે નહિ. કોઈપણ અંશે તો ઉત્પન્ન થાય, થાય ને થાય જ. એને મોક્ષમાર્ગ કહે છે. **'જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે.'** એમાં ક્યાંય શંકા પડે એવી વાત નથી. આત્માને સુખી થવાની આ વાત છે. કોઈપણ આત્માને. આ સુખી થવાની વાત છે. આત્મ.. પ્રગટે અને સંસારના ચારેય ગતિના જન્મમરણના, અશાતાના, મુંઝવણના, .., આધિ, વ્યાધિ, ઉપાધિના સર્વ દુઃખનો ક્ષય થવાનો આ માર્ગ છે. સ્વાર્થી થઈ જવું. એના માટે સ્વાર્થી-સ્વ-અર્થી થઈ જવું. પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે તૈયાર થઈ જવું. એ જ કર્તવ્ય છે. બધું છોડીને આ એક જ કર્તવ્ય છે.

મુમુક્ષુ :- છેલ્લી સ્થિતિમાં આમ જ વિચારવું.

પૂજ્ય ભાઈશ્રી :- હા છેલ્લી સ્થિતિમાં આ વિચારવું અને અત્યારે છેલ્લી સ્થિતિ છે એમ માનીને જ અત્યારે વિચારવું. પછી ક્યાં ખબર છે કઈ છેલ્લી સ્થિતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સર્વકાળે આ વિચારવા જેવું છે. અત્યારે, સર્વ વર્તમાનમાં અત્યારે પણ આમ જ વિચારવા જેવું છે. કેમકે કોઈ પુદ્ગલના ભરોસે, આયુષ્યના પરમાણુના પુદ્ગલપરમાણુના ભરોસે રહેવા જેવું નથી. તું એના ભરોસે રહીશ તો એ દગાખોર છે, દગો દેશે અને તું દુઃખી-દુઃખી થઈ જઈશ.

તા. ૨૩-૬-૧૯૯૨, પત્રાંક - ૭૮૧
પ્રવચન નં. ૩૮૬

પત્રના મથાળામાં 'પરમપુરુષદશાવર્ણન' કર્યું છે. 'બનારસીદાસજી' .. કરે છે એવા વીતરાગી મહાત્મા એનું વર્ણન છે, દશાનું વર્ણન છે.

'કીચસૌ કનક જાકૈ, નીચ સૌ નરેસપદ,
મીચસી મિતાઈ, ગુરુવાઈ જાકૈ ગારસી;
જહરસી જોગ જાતિ, કહરસી કરામાતિ,
હહરસી હૌસ, પુદ્ગલછબિ છારસી;
જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માને,
ઐસી જાકી રીતિ તાહી, બંદત બનારસી.'

'જે કંચનને કાદવ સરખું જાણે છે,...' સોનું. સોનું અને કાદવની માટી, એ બેને સમાન જાણે છે. જગતમાં સોનાની કિંમત છે, ધૂડની કિંમત નથી પણ જગતના જીવને સોનાની કિંમત છે. અહીંયાં જેને વીતરાગતા પ્રગટ થઈ છે તેને બંને પુદ્ગલ રજકણ છે. બંને એક જાતિના દ્રવ્યો છે. પુદ્ગલ જાતિનું દ્રવ્ય છે. સોનું પણ પુદ્ગલ પરમાણુ છે, કાદવ પણ પુદ્ગલના પરમાણુ છે. બંને પુદ્ગલના પરમાણુ આ આત્માથી ભિન્ન છે. ભિન્ન હોવાને લીધે ઉપાદેય નથી. એ બંનેમાંથી એક પણ રજકણ આ આત્માને ઉપાદેય નથી. જ્યારે ઉપાદેય નથી ત્યારે બંને રજકણો સરખા છે. મતલબ તો ઉપાદેયપણા સાથે છે.

'રાજગાદીને નીચપદ સરખી જાણે છે,...' જગતમાં રાજગાદીને, સત્તાને ઉચ્ચપદ ગણવામાં આવે છે. ભલે એ સંપત્તિ ન હોય પણ દેશનો રાષ્ટ્રપતિ બનાવવામાં આવે છે. તો એને ઊંચામાં ઊંચું પદ મળ્યું એમ ગણવામાં આવે છે. અહીંયાં કહે છે કે એને નીચપદ જાણે છે. પોતાનું પરમાત્મપદ છે એ જ સર્વોત્કૃષ્ટ પદ છે. એની આગળ જગતની બધી પદવીઓ નીચપદવીઓ છે. પદવી તો પુણ્યનું ફળ છે ને ? અને પુણ્ય શું છે ? મલિનતા છે. આત્માના મલિનભાવના ફળ છે. મલિનભાવના નિમિત્તે ઉત્પન્ન થયેલા સંયોગો છે. આત્મા તો મહાપરમપવિત્ર પદાર્થ છે. મલિનતાથી તદ્દન જુદી જાત

છે એની વિરુદ્ધ જાત છે. એવો ઉચ્ચ કોટીનો પદાર્થ છે. જેની પાસે મલિનતા તો નીચ કોટીનો પદાર્થ છે. એટલે વાસ્તવિક વાત છે. કોઈ ઉપમા આપી દીધી છે અને કહી દીધું છે ને એવું નથી કાંઈ. એની પાછળ એક વાસ્તવિક વસ્તુનું સ્વરૂપજ્ઞાન છે. સ્વરૂપજ્ઞાન છે.

'કોઈથી સ્નેહ કરવો...' સ્નેહ એટલે રાગ કરવો. અભિલાષા કરવી. પરઅભિલાષ. **'તેને મરણ સમાન જાણે છે.'** કેમકે પોતાના જ્ઞાન અને આનંદપ્રાણની એમાં હિંસા થાય છે, મરણ થાય છે, મૃત્યુ થાય છે. ભાવમરણ. એ પણ મલિન પરિણામ છે. **'મોટાઈને લીપવાની ગાર જેવી જાણે છે,...'** જગતમાં લોકો મોટાઈ આપે, માન આપે. મોટાઈ એટલે મહિમા કરે તો એ જેમ ગાર છે. ઘરમાં છાણમાં અને લાદમાં બનાવેલી માટી અને છાણને લાદને mix કરીને ઘરમાં સવારે લગાડે. જેના ઉપર ચાલવા-બેસવાનું કામ થાય. એટલે કે જેની કિંમત નથી. એની કિંમત લાગતી નથી. ન માટીની કિંમત છે, ન છાણની કિંમત છે. એટલું એનું મૂલ્ય છે. ઘરમાં લીપવાની ગાર જેટલું એનું મૂલ્ય છે. અથવા તો તિર્યંચની વિષ્ટા જેટલું એનું મૂલ્ય છે. મોટાઈ પાછળ મરે છે ને માણસો જગતમાં.

મુમુક્ષુ :- રાજેશ્વરી તો... નરકેશ્વરી...

પૂજ્ય ભાઈશ્રી :- રાજેશ્વરી તો નરકેશ્વરી છે. ભોગઉપભોગમાં રસ લે તો. બાકી એની પણ જો દૃષ્ટિ ફરી જાય તો એ સ્વર્ગેશ્વરી છે. નરકેશ્વરી નથી પણ સ્વર્ગેશ્વરી છે અને કોક તો મોક્ષેશ્વરી પણ છે. જગતમાં તો એ બધી કહેવતો સામાન્ય બુદ્ધિથી ઊપજેલી છે. વીતરાગી દર્શનના, જૈનદર્શનના ન્યાયો લોકોત્તર ન્યાયો છે.

'કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે,...' આ મંત્ર-તંત્ર વગેરેને. એને તો ઝેર સમજે છે. કાળકૂટ ઝેર સમજે છે. કેમકે એ વિશેષ મલિન પરિણામથી ઉત્પન્ન થયેલા ભાવો છે. ઘણા મલિન પરિણામ હોય ત્યારે એ મંત્ર-તંત્ર બાજુ જીવને પ્રલોભન થાય.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એ ટકતું નથી. અને એની કોઈ કિંમત પણ નથી. ગારની શું કિંમત ? ગારના લોંદાની શું કિંમત ? વેચવા જાવ તો શું પૈસા મળે ? કાંઈ નહિ. એની કોઈ કિંમત જ નથી. એમ આ જગતમાં કોઈ મોટાઈ આપે, ન આપે એ બધું ધૂડનું ધૂડ છે. કોઈ ઓળખે, ન ઓળખે એથી કાંઈ આ આત્માને કોઈ જાતનો મતલબ નથી. પણ મારી આબરૂ આટલી. લોકો મને આટલો મોટો જાણે છે. એની પાછળ આખો આત્મા, પરમપુરુષ પદાર્થ, પરમપદાર્થને ખોવા તૈયાર થઈ જાય છે. મૂર્ખતાની તો કોઈ

હદ પણ નથી. બેહદ મૂર્ખતા છે.

'કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે,...' અશાતામાં જેમ દુઃખ થાય છે, વેદના થાય છે તેમ પુણ્યના યોગે કોઈ સિદ્ધિ, ઐશ્વર્ય, રિદ્ધિસિદ્ધિ, દૌલત, સંપત્તિ પ્રાપ્ત થઈ હોય એના ઉપર આ જીવનો ઉપયોગ જાય એટલે આકુળતા થાય. બીજું શું થાય ? એનાથી આકુળતા થાય. એટલે એ અશાતા સમાન જાણે છે. એક એકમાં શબ્દ બદલે છે. જગતની એક એક કહેવાતી મોટી વાત, મોટા પ્રસંગો એ એક એક પદની પાછળ પોતે પણ વાત બદલે છે, (શબ્દ) બદલે છે. અને એની પાછળ અનુભવ છે. એની પાછળ અનુભવ છે.

'જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે,...' લોકો મને મહાત્મા ગણીને પૂજે, મહાન આત્મા સમજીને મારા પ્રત્યે પૂજ્યભાવ રાખે એ એક પોતાને માટે તો મોટો અનર્થ છે. એવી અભિલાષા રાખવી એ પોતાને માટે મોટો અનર્થ દંડ છે, નુકસાનનું કારણ છે. અનર્થ છે એટલે નુકસાન. અર્થ એટલે પ્રયોજન અને અનર્થ પ્રયોજન વિરુદ્ધ એ પરિણામો છે. પ્રયોજનને હાનિકારક એવા એ પરિણામો છે. આત્માના હિતને હાનિકારક છે.

મુમુક્ષુ :- માનના ફળમાં દુઃખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સીધી વાત છે. એ અશુભ પરિણામ છે અને અધોગતિમાં એ અધોગતિનું ગતિ નામકર્મ બંધાય એવા એ પાપના પરિણામ છે.

'પુદ્ગલની છબી એવી ઔદારિકાદિક કાયાને રાખ જેવી જાણે છે,...' રાખ થવાની છે ને ? એટલે એ વાત લીધી કે અત્યારે ગમે એવું રૂપાળું, ઘાટીલું શરીર દેખાતું હોય પણ એની ઉત્તર પર્યાય તો રાખની છે. કેવી છે ? એની ઉત્તર પર્યાય છે એ (રાખની છે). અત્યારથી જ એને રાખ જોવે છે. ઠીક ! જુઓ ! દૃષ્ટિ કેવી છે ! નજરમાંથી ઉતરી જાય. સીધું જ તે નજરમાંથી ઉતરી જાય. 'ગુરુદેવ' વળી એમ કહેતા. ફુલેલુ મડદું. કોઈ મૃતક ક્લેવર હોય અને ફુલી જાય તો દુબળો માણસ હોય એ જરા સારો દેખાય દેખાવમાં. પણ છે અંદર કાંઈ ? ખબર પડે કે મડદું છે એટલે ભડકે. પણ ભાઈ ! અંદર આત્માનો યોગ છે ત્યારે પણ એ મડદું જ છે. અને બહુ અલ્પકાળમાં એ શરીરના પરમાણુઓ રાખમાં રૂપાંતર પામશે. એમાં કોઈ ફેરફાર નથી. નિશ્ચિત વાત છે. માટે એને પહેલેથી એમ જાણે છે.

'જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે,...' જુઓ ! નાના પ્રકારના મોહથી મૂંઝાય છે. એવી જેની દૃષ્ટિ છે. એ ગુણથી ઉત્પન્ન થતા સુખને શોધે છે. આગળ પોતે કહી ગયા છે શરૂઆતમાં. જગતના મોહવિલાસમાં જગતના પ્રાણીને

રસ આવે છે, મીઠાશ આવે છે. એ મીઠાશને લઈને મિથ્યાત્વ તીવ્ર થાય છે. કેવું થાય છે ? મિથ્યાત્વ ત્યાં તીવ્ર થાય છે. અને જ્યાં જ્યાં મિથ્યાત્વ તીવ્ર થાય ત્યાં હળુકર્મી અથવા જેને હવે મોક્ષમાર્ગ સમીપ છે એવો લાયકજીવ, પાત્રજીવ એ મૂંઝાય જાય છે. જ્ઞાનીઓને તો મૂંઝવણ થાય જ એમાં કાંઈ સવાલ નથી. પૂર્વ પુણ્યથી આવી પડેલા સંયોગો હોય ભોગ-વિલાસના. તોપણ એમાં મૂંઝાય છે. એમાં એને મૂંઝવણ થાય છે. એને એમ લાગે છે જાણે મને આ બધા મૂંઝવવા આવ્યા કે શું ? મારે મૂંઝાવું નથી. એટલે ભિન્ન રહી જાય છે.

'ઘરવાસને ભાલા સમાન જાણે છે,...' ઘર હોય, કુટુંબ-પરિવાર હોય. કહળ્યું કુટુંબ 'ગુરુદેવ' કહેતા ને ? કહળ્યુ કુટુંબ કહેતા. સરખી રીતે કુટુંબ જામ્યું હોય. દીકરા-દીકરી બધા સરખા અનુકૂળ હોય બધા પાછા. સગા-વ્હાલા બધા અનુકૂળ વર્તતા હોય. ભાઈસા'બ... ભાઈસા'બ... ભાઈસા'બ... કહીને મીઠા અને મામણા શબ્દોથી એને શું કરી નાખે ? ગોળ ગોળ અને પાણી પાણી કરી નાખે. એને ભાલા જેવું જાણે. ભાલો વાગતો હોય એવું લાગે. આમાં મીઠાશ લેવા જેવી નથી. જુઓ ! 'બનારસીદાસે' વર્ણન કેવું કર્યું છે ! 'બનારસીદાસે' અંદરમાંથી કાઢ્યું. છે તો 'સમયસાર નાટક'. 'સમયસાર નાટક'માં આ બધી વાતો કાંઈ લખી નથી. મૂળ 'સમયસાર'માં આ વાત લખી નથી. જે પદ ઉપરથી એમણે આ પદો રચ્યા એમાં પણ આ વાતો નથી. ઘણી વાતો એમણે પોતાના અંતરમાંથી કાઢેલી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તો એ ભાલા લાગ્યા જ નથી. ભાલા તો ઘોંકાય. એમ વાત છે. એટલે એમ કહેવું છે કે જે સમ્યગ્દષ્ટિ ધર્માત્મા છે એને નિર્ગ્રંથ પદની ભાવના રહે છે કે ક્યારે આ ઘરને છોડું... છોડું... છોડું... છોડું... જેમ ભાલા વાગતા હોય અને ભાગવાનુ મન થાય એમ એને ઘરના સંયોગોથી છૂટવાનું છૂટુ... છૂટુ... છૂટુ.... છૂટુવાનું મન થાય છે. એવો જીવ નિર્ગ્રંથદશામાં આવે છે. અથવા જે નિર્ગ્રંથ થયા એને ઘરમાં ભાલા વાગ્યા ત્યારે નિર્ગ્રંથ થયા છે. ચક્રવર્તી હોય તોપણ ઘરમાં ભાલા વાગ્યા હશે ને ? હા.

જેને પાંચ ઈન્દ્રિયના વિષયોની કોઈ ખામી ન હોય, કોઈ કમી ન હોય. એવા ભરતાદિ ચક્રવર્તીઓ પણ ઘરમાં ભાલા વાગ્યા હોય એવી રીતે છોડીને બહાર નીકળી ગયા છે. આત્માના આનંદમાં અને શાંતિના સાગરમાં લહેર કરવાની એમની વૃત્તિ હોય છે. એની અપેક્ષાએ એ ઘરમાં ભાલા છે. જ્યાં આત્માની શાંતિ લેવી છે અને એ આત્મા જેનું આરામસ્થાન છે, વિરામસ્થાન છે. રમવા માટેનું જેનું ક્રિડાવન છે.

અનંતગુણોનો બાગ ખીલેલો છે અંદર. કેવો ? અનંતગુણોનો બગીચો ખીલેલો છે. એમાં જેને ક્રિડા કરવી છે તેને ઘરમાં ભાલા વાગે છે. ઘરમાં સારું નથી લાગતું પણ ઘરમાં ભાલા વાગે છે.

મુમુક્ષુ :- જમ કા દૂત સમજો.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપયોગ બહાર નીકળ્યો કે જમનો દૂત સમજો. ઉપયોગ બહાર નીકળ્યો. એ તો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે જાય. ઘરમાં ઉપયોગ જાય એ તો અશુભ પરિણામ છે. ઘર પ્રત્યે ઉપયોગ જાય એ તો અશુભ પરિણામ છે. ઓલું તો શુભપરિણામ છે તોપણ જમનો દૂત એમ છે.

અહીં તો '**કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે,...**' અહીં તો કુટુંબના કાર્યો માટે પાપ કરે. નહિ કરવાના પાપ કરે. કુટુંબને અનુકૂળતાઓ રહે, આખા કુટુંબને સરખી રીતે બધી ચીજવસ્તુઓ ઈચ્છા પ્રમાણે મળી રહે. જોકે કોઈને List પૂરું થયું નથી હજી સુધી. રાજાને રાણીનું List પણ કોઈ દિ' પરું નથી થયું. હવે કાંઈ જોઈતું નથી અને ઘરમાં કાંઈ લાવશો નહિ. એવું કાંઈ છે નહિ. તોપણ એ કલ્પના જીવને હોય છે. એ નહિ કરવાના અનિષ્ટ અને ઘોર પાપના પરિણામ કરે છે જીવ. એવા કુટુંબના કાર્યને તો કાળ જાણે છે. જાણે કાળો નાગ સામે આવ્યો હોય. કામ માથે આવી પડે તો એને કાળ દેખાય છે. જગતના જીવને હોશું જડે છે. જગતમાં જીવને હોંશ ચડે છે. આને કાળ લાગે છે.

'**લોકમાં લાજ વધારવાની ઈચ્છાને મુખની લાળ સમાન જાણે છે,...**' જગતમાં પોતાની આબરૂ. લાજ એટલે આબરૂ. મારું status, મારી આબરૂ, મારા સમાજમાં જે પોત પોતાનો સમાજ કલ્પ્યો છે. પછી અહીં આવે તો અહીંનો કલ્પે. જ્યાં કલ્પે ત્યાં. નાત-જાત હોય તો નાત-જાત. ધર્મનું મંડળ સંસ્થા હોય તો જે સમાજની અંદર દાખલ થઈ ગયો હોય એ સંપ્રદાયમાં, સમાજમાં મારું કાંઈ સ્થાન હોય, મારી કોઈ આબરૂ મોટી હોય. એ મુખની લાળ છે. લાળ પાછી લેવાનું મન થાય ? જરી જાય તો કહે લાવ મોઢામાં નાખી દઉં. મુખની લાળ સમાન છે. એટલી એની કિંમત છે. જેના જ્ઞાનમાં.

'**કીર્તિની ઈચ્છાને નાકના મેલ જેવી જાણે છે...**' નાકમાં કફ જામી ગયો હોય અને નાક ભારે ભારે થઈ જાય. રાખવો હોય તો પણ રહે નહિ. નીકળી જાય, છૂટી જાય. એવી કીર્તિની ઈચ્છાને છોડનારા જે જીવો છે. '**અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે,...**' પુણ્ય છે એ વિષ્ટા છે અને અધિક પુણ્ય છે એ વિષ્ટાનો ઢેર છે. ઠીક છે. 'સોગાનીજી' એ 'ગુરુદેવે' વાંચ્યું ત્યારે એમ કીધું કે આપણે પુણ્યને વિષ્ટા

કહેતા હતા. આણે વિષ્ટાનો ઢગલો કીધો. ઠીક ! મૂળ 'બનારસીદાસે' વાત કરી છે. કેવું કાઢ્યું છે ! કેમકે એ ખાધા પછી ખોરાકમાંથી જે કાંઈ લોહી વગેરે બને છે. શરીરના અવયવોમાં જે રજકણો ગોઠવાય છે પચી જે નકામા થાય છે એ વિષ્ટારૂપે નીકળે છે. એમ આત્મા સાધક અવસ્થામાં સ્વરૂપને સાધતા સાધતા પોતાના આત્માને પુષ્ટ કરે છે. એમાંથી થોડોક રાગ રહી જાય છે એ પુણ્યના વિષ્ટારૂપે પુણ્યમાં ઇન્દ્ર વગેરે ... અહમિન્દ્ર વગેરે પદવીમાં જાય છે. વિષ્ટાનો ઢગલો છે.

'એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.' 'બનારસીદાસ' કહે છે કે આવા પુરુષને તો વંદન કરવાના મને ભાવ આવે છે. ઠીક ! તમામ સમ્યગ્દૃષ્ટિ અને આરાધક જીવોના પરિણામ આવા પ્રકારના હોય છે એમ કહેવું છે. કોઈના હોય છે અને કોઈના નથી હોતા એમ પણ વિચારવા યોગ્ય નથી. એટલે 'બનારસીદાસ' એ બધાને વંદન કરે છે. એને વંદન કરે છે એટલે બધા સાધકજીવોને એ વંદન કરે છે.

એટલી વાત 'સોભાગ્યભાઈ'ને એટલા માટે લખી છે કે અત્યારે હવે એમને દેહ છૂટવાનો કાળ છે. એ વખતે આત્માના આરાધક પરિણામો એકદમ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ જેટલો પુરુષાર્થ હોય એટલા થઈ શકે એવા થવાની જરૂર છે. જગતના કોઈપણ કહેવાતા મોટા પ્રસંગને, મોટા પદાર્થને, મોટી વાતને એમાં ક્યાંય પણ અભિપ્રાય એવો રહે નહિ કે આ ઠીક છે. ઠીક નથી એ ઠીક મનાય છે એ બધું અઠીક છે. જ્ઞાનદૃષ્ટિમાં બધું અઠીક છે. જેટલું જગતમાં ઠીક મનાય છે તે જ્ઞાન દૃષ્ટિમાં બધું અઠીક છે. એટલે ત્યાં તો ભૂલેચૂકે પણ એવો વિકલ્પ ન થાય તમને. 'બનારસીદાસ' વંદના કરે છે એટલે હું પણ વંદના કરું છું એમ આવી ગયું. 'શ્રીમદ્‌જી' કહે છે કે હું પણ વંદના કરું છું અને તમે એવા પદની અભિલાષા કરો, એ પ્રકારના પરિણામ રાખો જે પરમપુરુષની દશાનું વર્ણન છે. એવો પુરુષાર્થ તમારે કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- માન અને લોભ બે વાત વધારે લીધી હશે. કંચન છે એ લોભ છે. પછી સ્નેહ છે એ લોભ છે. પછી આ કીમિયો છે એ પણ લોભ છે. સિદ્ધિ-ઐશ્વર્ય છે એ પણ લોભ છે. પૂજ્યતા માનમાં જાય છે. પછી ઔદારિક શરીર-કાયા, કાયા પ્રત્યેનો રાગ પણ લોભ છે. પછી જગતના ભોગવિલાસ પણ લોભ છે, ઘરનો વાસ પણ લોભ છે, કુટુંબના કાર્યો પણ લોભ છે. લોભમાં .. જાય છે. કીર્તિ માનમાં જાય છે. પુણ્યનો ઉદય પણ લોભમાં જાય છે. નવ લોભના પદ છે અને પાંચ માનના પદ લીધા છે. પણ છતાં બધામાં જુદી જુદી ઉપમા આપી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એમ જ એ પાછું બરાબર બેસે છે. અનુભવ જ્ઞાને કરીને જોવામાં આવે તો અનુભવી જીવને એવા જ પરિણામ સામે થાય છે. માટે એક એક પદ બદલ્યા છે એમણે. કોઈ ઉપમા આપીને કલ્પના કરી કરીને નથી બદલ્યા. આત્માના અનુભવમાંથી સહેજે નીકળેલી વાત છે એ. એ તો મેળવે એને ખ્યાલ આવી જાય છે મેળવણીવાળાને.

મુમુક્ષુદશામાં પણ પોતાને જ્યાં જ્યાં જે જે વાતની, જે જે પ્રસંગની મહત્તા ભાસતી હોય એ મહત્તા એણે અભિપ્રાયમાં તોડી નાખવી પહેલી. ક્યાં ? આમ તો એ સંમત કરે કે બરાબર છે. મુમુક્ષુજીવ ના ન પાડે. વાત સારી છે. વાત સારી છે. પણ અભિપ્રાય આખો બદલાય જવો જોઈએ. અભિપ્રાય તૂટે તો પરિણામ કેળવાય. અભિપ્રાય એમ ને એમ રહી જાય અને ઉપર ઉપરથી સારું લાગે તો પાછુ તેનું તે થઈને ઊભુ રહે. મુમુક્ષુઓની આ ફરિયાદ છે કે નહિ ? કે સારું તો લાગે છે. આ બધું વાંચીએ, સાંભળીએ ત્યારે સારુ લાગે છે. પાછા પરિણામ તેવા ને તેવા થઈ જાય છે. કેમ થઈ જાય છે તેવા ને તેવા ? કે અભિપ્રાયમાં ફેર પડ્યો નથી. અભિપ્રાયમાં ફેર પડે તો પરિણામમાં ફેર પડ્યા વિના રહે નહિ.

વળી મુમુક્ષુજીવ બીજી ભૂલ, ભૂલ ઉપરની બીજી ભૂલ એ કરે છે કે જરાક સારુ લાગે એટલે એને એમ થાય કે જુઓ ! મારા પરિણામ એટલા તો સારા છે ને ? એટલા તો મારા પરિણામ સારા થયા ને સ્વાધ્યાયમાં અને વાંચનમાં. એલા ભાઈ ! અભિપ્રાયમાં હજી ત્યાં ને ત્યાં ઊભો છો. આ તો છાર ઉપર લીપણું છે, બીજું કાંઈ નથી. છાર લીપણું તેહ જાણો. બીજું કાંઈ ટકવાનું નથી. અભિપ્રાયનું પ્રકરણ તો આપણે ચાલી ગયું છે. એ બહુ મહત્ત્વનો મુદ્દો વિચારવા જેવો છે. કે મુમુક્ષુને જ્ઞાનીના વલણ અનુસારનો પહેલો અભિપ્રાય ઘડવો. સ્વાધ્યાયમાં, વાંચનમાં, શ્રવણમાં, ચિંતનમાં કાર્ય કેટલું થાય ? પહેલું કાર્ય કેટલું થાય ? અભિપ્રાય ઘડાય એટલું કાર્ય થાય. જો અભિપ્રાય ઘડાય તો એ રસ્તે એ આગળ વધે. દર્શનમોહ સાથે સાથે મંદ થાય. અધિક મંદ કરીને એ સ્વરૂપનિશ્ચયમાં આવીને ઉપશમ સમ્યગ્દર્શન સુધી પહોંચે.

હવે એમના કુટુંબ માટે માર્ગદર્શન આપે છે કે '**કોઈને અર્થે વિકલ્પ નહી આણતાં...**' કોઈને અર્થે વિકલ્પ નહિ કરશો. પત્નીનો, પુત્રનો, પુત્રના પુત્રનો, પુત્રીનો, કોઈનો વિકલ્પ ઘરનો, કુટુંબનો કાંઈ વિકલ્પ કરશો નહિ. હવે તમારે કોઈનો વિકલ્પ કરવાનો સમય નથી. જ્યારે કુટુંબ સાથેનો તમારો સંબંધ, વ્યવહારિક સંબંધ, ઉદયનો સંબંધ પણ પૂરો થવાની તૈયારી છે. તો એ પૂરો થાય એ પહેલા તમે જ પૂરો કરોને. એમ કહે છે. કુદરત પૂરો કરે પછી તો તમે સંમત કરવાના નથી. કુદરત એ સંબંધ

પૂરો કરશે પછી તો જીવ પોતે કોઈ એમ કહે પરાણે હવે સ્નેહ કરો તો નહિ કરે. આ પરભવના કોઈ કુટુંબીઓ આવી જાય. ભાઈ ! અમે તમારા ઘરના કુટુંબીઓ છીએ. આપણે બહુ સ્નેહથી ઘણાં વર્ષો સાથે રહ્યા છીએ. આજે પણ હવે તમારા કુટુંબ ભેગા રાખોને હવે. ભાઈસાહેબ ! તમે વયા જાવ નકામી મારામારી થાશે. શું કહે ? તમે નકામા પારકા કોઈ આવીને હક્ક જમાવવા આવ્યા એમ સમજશે અને નકામી મારામારી થશે. તમે વયા જાવ. જે હોય તે. હવે અત્યારે આપણે કાંઈ લેવા-દેવા નથી. એ વાત ગઈ, એ બધી વાત પૂરી થઈ ગઈ. એમ છે. એમાં પણ સર્પ બનીને આવે તો ? માણસ બનીને આવે નહિ પણ સર્પ બનીને આવે તો ? લાકડીને સાણસો બેય લે કે નહિ ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને ઉદયભાવ હોય જ નહિ ને. ઉદયભાવ ન હોય એટલે કોઈ લાગણી જ ન થાય એને. લાગણી એટલી બધી કરી હોય કે એની પાછળ મરી તૂટ્યો હોય. પણ એ ઉદય છે ત્યાં સુધી. ઉદય પૂરો થયો એટલે લેવા કે દેવા. આપણે જેમ ઉપવાસ કરીએ છીએ એ પહેલા... અત્યારે તો આ બધી ખોટી પદ્ધતિ થઈ ગઈ છે અત્તરવાણાની. અત્તરવાણાની પદ્ધતિ શું છે કે ઉપવાસમાં એમ વાત છે કે આગલો ટંક છાંડી દે. આવતીકાલે ઉપવાસ કરવો હોય તો આજે સાંજે આહાર બંધ કરી દે. એટલો વૈરાગ્ય હોય. કાલે મારે આહાર લેવો નથી. એનો રસ એટલો ઉપવાસનો, આહાર નહિ લેવાનો. કે એના પરિણામમાં આજથી મોળાશ આવી જાય કે સાંજે નથી લેવું હવે. પણ ઓલો સાંજે વધારે દાબે એમ નહિ. એ તો વિપરીત છે સાવ. ઉલટાનું સાંજે એને આહાર લેવાનું મન ન થાય અને ઉપવાસ પૂરો થયા પછી બીજે દિવસે એક ટંક છોડી દે. કે હજી મારી વૃત્તિ આહાર લેવામાં કામ નથી કરતી. કાલે એટલા પરિણામ અનહારી આત્માના વિષયમાં રહ્યા છે, એટલો આત્મા અનહારી આત્માનો રસ આવ્યો છે સ્વરૂપરસ, આજે પણ આહાર લેવાના ભાવ નથી. એક ટંક બીજો છૂટી ગયો.

તો અહીંયાં કહે છે કે એ ઉદય છોડ્યો. આહારનો ઉદય તો નિયમિત છે. એ છોડ્યો એ પહેલા જેમ વૈરાગ આવે છે. આયુષ્ય પૂરું કર્યા પહેલા એમ કે અહીંયાં આવી જા. ... ભાવ આવવા જોઈએ. .. સાંભળવું, વાંચવું, વિચારવું, ચર્ચા કરવી એ તત્ત્વસંબંધિત જ પરિણામ રહેવા જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આગળ-પાછળ બધા. શા માટે પણ આહાર નથી લેવાતો ? કે આહારમાં પણ પ્રવૃત્તિ કરવી નથી એટલી પણ પ્રવૃત્તિમાં સમય દેવો નથી. અત્યંત

નિવૃત્તિ રહેવું છે. અને એ નિવૃત્તિનો સદુપયોગ કરવો છે. સ્વતત્ત્વ પ્રત્યે પરિણામની ગતિ કરવા માટેનો પુરુષાર્થ કરવો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ હજી ઘૂટીં રાખ્યું છે ઘણુંને. યથાર્થપણે. જે કાંઈ કરવું તે યથાર્થપણે, આત્માને લક્ષમાં રાખીને, આત્માના આશ્રયે જે કાંઈ કરવું છે તે યથાર્થ છે. બાકી તો ઘણા એમનેમ નીકળી જાય છે. પણ એથી કાંઈ વળતું નથી.

'કોઈને અર્થે વિકલ્પ નહીં આણતાં અસંગપણું જ રાખશો.' હું અસંગતત્ત્વ છું, એવા અસંગપણાના ભાવમાં રહેશો. કોઈની સાથે કાંઈ પણ કિંચિત્માત્ર, લેશમાત્ર પણ આ આત્માને સંબંધ નથી. એવું સ્વરૂપે કરીને અસંગતત્ત્વ છે એ અસંગસ્વરૂપના લક્ષે અસંગભાવ રાખશો, અસંગપણું ભાવમાં રાખશો. '**જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતીતિમાં આવશે,...**' તમારા... કુટુંબમાં 'સોભાગભાઈ'ના કુટુંબને પણ 'શ્રીમદ્જી' પ્રત્યે, 'કૃપાળુદેવ' પ્રત્યે જરા બહુમાન હતું. કે આ કોઈ બાપાજી જેને મહાપુરુષ માને છે. એ ખરેખર છે તો કોઈ મહાપુરુષ. એટલું ઓઘે ઓઘે પણ એ લોકોને બહુમાન હતું.

તો કહે '**જેમ જેમ સત્પુરુષનાં વચન તેમને પ્રતીતિમાં આવશે,...**' એટલે સમજણપૂર્વક વિશ્વાસ આવે એને પ્રતીતિ કહે છે. સમજણપૂર્વક વિશ્વાસ. તેમને વિશ્વાસ જેમ જેમ આવશે. '**જેમ જેમ આજ્ઞાથી અસ્થિમિંજા રંગાશે,...**' આજ્ઞાથી એટલે સત્પુરુષની આજ્ઞા એ જ ધર્મ છે મારો. પરમેશ્વરબુદ્ધિ. સત્પુરુષની આજ્ઞા એ જ મારો ધર્મ છે. અત્યારે બીજુ હું કાંઈ સમજું નહિ. એવી રીતે જેની અસ્થિમિંજા રંગાશે એટલે એના પૂરેપૂરા પરિણામ રંગાઈ જશે. તેમ તેમ.. આ આહાર લે છે ને ? એ આહારમાંથી અસ્થિમિંજા થાય છે. આહારના પરમાણુમાંથી હાડકાને મજબૂતાઈ મળે છે. શરીરના સંઘયણને મજબૂતાઈ મળે છે. એના સાંધા પણ મજબૂત થાય છે.

'**તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે,...**' એમ સત્પુરુષના વચનરૂપી આહાર મળવાથી જેના પરિણામ રંગાઈ જશે. સત્પુરુષના વચનોથી જેના પરિણામો રંગાઈ જશે '**તેમ તેમ તે તે જીવ આત્મકલ્યાણને સુગમપણે પામશે,...**' આત્મકલ્યાણ દુર્લભ ગણ્યું છે તોપણ આવા જીવો માટે સુલભ છે. ક્યા જીવો માટે સુલભ છે ? કે જેને સત્પુરુષના વચનની પ્રતીતિ આવી છે. અને સત્પુરુષના વચનોથી જેના પોતાના પરિણામ ભીંજાય જાય છે. એને આત્મકલ્યાણ સુગમ છે. '**એમ નિઃસંદેહતા છે.**' એમ મને તો એ વાત નિઃશંક લાગે છે. મારો અનુભવ એમ બોલે છે. નિઃશંકતા શું કરવા લાગે છે ? કે મારો અનુભવ આમ પોકાર કરે છે કે આ પ્રકારે જીવનું

કલ્યાણ થવું સુગમ છે. નહિતર જીવને કલ્યાણનો માર્ગ મળવો અત્યંત અત્યંત દુર્ગમ છે.

'**ત્રંબક, મણિ વગેરે મુમુક્ષુને...**' જુઓ ! એમના દીકરા નથી કહ્યા. કેમકે અત્યારે એમને દીકરા તરીકે દેખાડવા નથી. એ એક મુમુક્ષુની દશામાં, મુમુક્ષુની પ્રારંભિક દશામાં આવેલા જગતના જીવો છે. તમારા દીકરા-ફીકરા નથી એમ કહે છે. કેવો શબ્દ વાપર્યો છે ! સામાન્ય વાત લખવામાં પણ એમનો વિવેક કેટલો સૂક્ષ્મ છે ! '**ત્રંબક, મણિ વગેરે...**' છોકરાઓની આવી ઈચ્છા છે એમ ન કહ્યું. '**ત્રંબક, મણિ વગેરે મુમુક્ષુને તો સત્સમાગમ વિષેની રુચિ અંતર ઈચ્છાથી કંઈક આ અવસરના સમાગમમાં થઈ છે,...**' છેલ્લે આવ્યા છે ને ? છેલ્લે આવ્યા ત્યારે એમની ઈચ્છા વિરુદ્ધ 'સોભાગ્યભાઈ'ને એ 'ઈડર' લઈ ગયા. ત્યારે છોકરાઓને તો કેવી રીતે એમણે સમાધાન કરાવ્યું હશે. એમના મનનું સમાધાન કરાવીને લઈ ગયા હશે ને ? કોઈ આંચકીને લઈ ગયા, પરાણે લઈ ગયા કે તમને થાવું હોય એ થાય તમારા પરિણામનું. હું લઈ જાવ છું. ... કાંઈ મળતું નથી. પણ કદાચ ગયા હોય તો મનમાં ... અને સાથે ગયા હોય એકાદ બે જણ, તોપણ એને ત્યાં જે ચર્ચા-વાર્તા ચાલી હોય એના શ્રવણનો લાભ મળ્યો હોય. એમણે એ વખતના 'ઈડર'ના સત્સંગના 'કૃપાળુદેવ'ના પરિણામને સાંભળ્યા હોય. બે છોકરાઓ આવ્યા હોય. સાંભળ્યું હોય એ બનવા યોગ છે. તો એને કાંઈ અંદરની ઈચ્છા થઈ હોય. આ અવસરના સમાગમમાં કાંઈ અંદરની ઈચ્છા, સત્સમાગમ વિષે એની રુચિ અને અંતર ઈચ્છા થઈ હોય કે આવો તો સત્સમાગમ કરવો જોઈએ. આખરમાં આ આત્મા ક્યારે આ સંયોગ અને આ દેહને પણ છોડી દેશે. એનો કોઈ નિયમ અને નિશ્ચય તો છે નહિ. છૂટવું છે. છૂટવાનું છે એ વાત તો નક્કી છે.

જેટલી અનિત્યતામાં નિત્યતા નિઃશંકપણે સ્થાપી છે એટલો જ આઘાત અને પ્રત્યાઘાત ઊભો થશે. એક ક્ષણ આવશે તો એક ક્ષણમાં મૂર્છા ખાઈ જશે. એનું કારણ એ છે. જોરથી એનો આઘાત અને પ્રત્યાઘાત આવે છે. જેવી ખબર પડે છે કે હવે ટકી નહિ શકાય. ડોક્ટરો ના પાડે છે. ખલાસ. અહીં સાન-ભાન ગુમાવી દે. બહુભાગ મનુષ્યો મૂર્છા અવસ્થામાં દેહ ત્યાગ કરીને તિર્યંચગતિમાં અધોગતિમાં ચાલ્યા જાય છે. એટલે એમ કહે છે કે એમને પણ કાંઈ ખ્યાલ આવ્યો છે કે આ કોઈ શાશ્વત પદ છે, શાશ્વત માર્ગ છે, શાશ્વત કલ્યાણનો વિષય છે. આત્માને હિત અને સુખનો, કાયમ માટેનો એક Problem, સમસ્યા ઠરી જાય એવી વાત છે, સમાધાન થઈ જાય એવી વાત છે. એટલે કાંઈક એમને પણ આ વખતની ઈચ્છા અને રુચિ દેખાય છે. એટલે

એકદમ દશા વિશેષ ન થાય. હજી શરૂઆત છે એટલે એકદમ એમની દશા વિશેષ દશા ન થાય તોપણ એમાં કાંઈ આશ્ચર્ય નથી.

સામાન્યપણે મુમુક્ષુ જેમ જેમ એને આ વિષય જ્ઞાનમાં હિતબુદ્ધિએ આવતો જાય છે તેમ તેમ એની યોગ્યતા અને પાત્રતા વિશેષ વિશેષ થતી જાય છે. પાત્રતા પણ એક સરખી બધાની હોતી નથી. કોઈની જઘન્ય પાત્રતા, કોઈની મધ્યમ પાત્રતા, કોઈની ઉત્કૃષ્ટ પાત્રતા. તો એ પ્રકારે એમની પણ અત્યારે વિશેષ દશા ન હોય તો કોઈ આશ્ચર્ય પામવા જેવું નથી. એ સ્વભાવિક છે.

મૂળ વાત તો આટલી છે કે.. હવે એક વાક્ય જુદું પાડી દે છે. એ વિષયનો એક સિદ્ધાંત બતાવવો છે. કે '**ખરા અંતઃકરણે...**' જુઓ ! શુદ્ધ અંતઃકરણથી કહો, સાચા અંતઃકરણથી કહો, એ ખરા અંતઃકરણે વિશેષ સત્સમાગમના આશ્રયથી જીવને ઉત્કૃષ્ટદશા પણ ઘણાં થોડા વખતમાં પ્રાપ્ત થાય છે. ઝપટ કરવી હોય તો આમ છે. સામાન્ય રીતે ધીમે ધીમે જીવો-બહુભાગજીવો આગળ વધે છે. પણ કોઈ જીવો એવા હોય છે કે વખત થોડો લે અને દશા એકદમ ઉત્કૃષ્ટ થઈ જાય એનું શું કારણ ? એનું કારણ એ કે એણે અંતઃકરણથી એ વાતનો સ્વીકાર કર્યો છે, સત્યનો સ્વીકાર કર્યો છે.

ખરા અંતઃકરણથી જ્યારે સત્સમાગમમાં આવે ત્યારે એ વખતે એનો અભિપ્રાય પલટાય જાય છે. અભિપ્રાયને પણ કોઈ વખત શબ્દાંતરમાં અંતઃકરણ કહેવામાં આવે છે. અને અંતઃકરણને કોઈવાર અભિપ્રાય કહેવામાં આવે છે. એટલે ખરા અંતઃકરણે સત્સમાગમમાં આવે છે. જ્ઞાનીપુરુષના વચનોનો યોગ થાય તો જીવનો અભિપ્રાય જ બદલાય જાય છે. એકદમ એની પાત્રતા વિશેષ થઈ જાય છે. એટલે ભલે એ લોકોની હજી પ્રારંભિકદશા છે, પણ જો ખરા અંતઃકરણથી સત્સમાગમ કરશે, લ્યો ! આ એક વાક્ય જો એ છોકરાઓએ ધ્યાનમાં લીધું હોત તો એમની દશા પણ કોઈ બીજી જાતની થઈ હોત. એમ કહેવું છે. આ એક વાક્ય જુદું પાડી દે છે. આ તો કોઈપણ જીવ માટે લાગુ પડે છે. પણ એના ઘરે તો કાગળ આવ્યો છે. એમના ઘરે તો આ કાગળ આવ્યો છે એટલે એમને તો સીધી Direct સૂચના છે. બાકી કોઈપણ જીવ માટે આમ છે. કે કોઈપણ જીવ આત્મહિત કરવાના ખરા અંતઃકરણથી સત્સમાગમ કરે છે તે જીવને પાત્રતા વિશેષ થવી, ઉત્કૃષ્ટ પાત્રદશા થવી એ બહુ અલ્પકાળમાં બને છે. સેકન્ડોમાં બને. અલ્પકાળમાં એટલે કેટલામાં બને ? સેકન્ડોમાં બને. મિનિટોમાં બની શકે.

મુમુક્ષુ :- ભવિતવ્યતા ...

પૂજ્ય ભાઈશ્રી :- ભવિતવ્યતા, જે કાળે જે થવાનું તેને ભવિતવ્યતા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભવિતવ્યતા જાણવાનો વિષય છે, રાહ જોવાનો વિષય નથી. અવલંબન લેવાનો વિષય નથી. માત્ર એક જાણવાનો વિષય છે. કર્તૃત્વબુદ્ધિ જોર ન કરી જાય એટલે. આવા પરિણામ કરું... આવા પરિણામ કરવું... આવા પરિણામ કરું... એવી કર્તૃત્વબુદ્ધિનું જોર ન થાય એટલે એ જાણવાનો વિષય છે. Balanceમાં રાખવા માટે. એ પણ ભવિતવ્યતાને આધીન છે. મારે તો મારું આત્મહિત ઈચ્છવું અને સિવાય બીજું કાંઈ જગતમાંથી ન ઈચ્છવું. મારો .. હજી જેને સ્પષ્ટ રુચિથીથી જગતના પદાર્થો ઈચ્છવા હોય તેણે આત્મકલ્યાણની આશા રાખવી નહિ. આ ચોખ્ખી વાત છે. એને આત્મકલ્યાણ પામવું છે એ વાત છોડી દેવા જેવી થઈ ગઈ છે. છૂટી જ ગઈ છે સમજી લ્યોને. આ એક પાત્રતા માટે બહુ સારી વાત કરી છે. પાત્રતા કેમ મળે અને કેમ થોડા વખતમાં જાજી મળે. શુદ્ધ અંતઃકરણથી જે આત્મકલ્યાણ અર્થે સત્સમાગમમાં આવે છે એની પાત્રતા મિનિટોમાં તૈયાર થઈ જાય છે.

'વ્યવહાર અથવા પરમાર્થ સંબંધી કોઈ પણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી...' હવે અત્યારે તમારે કોઈ વ્યવહારિક કાર્ય હોય કે કોઈ મુમુક્ષુ પ્રત્યેનો પારમાર્થિક ભાવ હોય તમને, બીજાના કલ્યાણનો પણ ભાવ હોય તો કોઈપણ જીવ વિષેની વૃત્તિ હવે ઉપશાંત કરી દેશો. એક આત્મામાં જ હવે વૃત્તિ લગાવો એમ કહે છે. ક્યાંય બહાર નહિ. વ્યવહાર પણ નહિ અને પરમાર્થ પણ નહિ. પરમાર્થ એટલે વ્યવહાર ધર્મ જેને કહેવામાં આવે છે. એ વૃત્તિ ઉપશાંત કરી **'કેવળ અસંગ ઉપયોગે...'** જુઓ ! આટલું લેવું છે. એકલો અસંગ ઉપયોગ. અસંગ તત્ત્વના આશ્રયે અસંગ ઉપયોગે **'અથવા પરમપુરુષની ઉપર કહી છે તે દશાના અવલંબને....'** હવે જુઓ બે વાત કરે છે. બીજી વાર તો થોડું નીકળે એવું છે.

કાં તો આત્માના આશ્રયે તમે ઉપયોગને આત્મામય કરો અને નહિતર જેની આત્મામય દશા થઈ છે એવા પરમપુરુષના સ્મરણે આત્મભાવનો આવિર્ભાવ કરો. આત્મભાવનો આવિર્ભાવ મંદ પુરુષાર્થ અને તીવ્ર પુરુષાર્થ બે વખતે જુદાં જુદાં પ્રકારે કરવાની વિધિનું વિધાન છે. આ એટલા માટે આ દેવ-ગુરુ-શાસ્ત્રની સ્થાપના કરે છે. કે જીવ તીવ્ર પુરુષાર્થમાં આવે તો નિજાલંબનમાં આવે. પણ તીવ્ર પુરુષાર્થમાં સહેજે ન રહી શકે અને બહાર આવે તો કહે છે જેને એવા આત્મામય ભાવો જેના પ્રગટ અને વ્યક્ત જ્યાં છે ત્યાં ઉપયોગ લાગે તો તે આત્મભાવોનો આવિર્ભાવ થાય. એટલા માટે એટલી વાત છે.

એટલે કાં તો તમારા અસંગ ઉપયોગે સ્વરૂપમાં પરિણામો લગાવો, વૃત્તિને જોડો.

અથવા તો પરમપુરુષની ઉપર જે કહી દશા છે તે દશાના અવલંબને. કાં તો પહેલાં તમારુ અવલંબન લ્યો. એ અવલંબન ન લેવાય તો પરમપુરુષની દશાનું અવલંબન લેજો. બીજાને કોઈને સ્મરણમાં લેશો નહિ. એમ કહે છે. જેમની આત્માકાર સ્થિતિ છે. એમ કહેવું છે. એવા જે પરમપુરુષ. એમની '**દશાના અવલંબને આત્મસ્થિતિ કરવી એમ મારી વિજ્ઞાપના છે,...**' હું વિજ્ઞાપન કરું છું. તમે સ્વરૂપમાં આત્મસ્થિતિ કરો. સ્વરૂપમાં આત્મસ્થિતિ ન રહે તો પરમપુરુષના આત્માકાર ભાવમાં જે લીન છે એમને સ્મરણમાં લઈને પણ તમે આત્મસ્થિતિના ભાવમાં રહો. બીજા કિંચિત્‌માત્ર આત્માને છોડીને બીજા કોઈ પરિણામ અત્યારે (કોઈ) વિષયમાં થવા જોઈએ નહિ. એમ મારી વિજ્ઞાપના છે.

'**કેમકે બીજો કોઈ પણ વિકલ્પ રાખવા જેવું નથી.**' આ સમયે જો તમે આત્મભાવમાં રહો તો એનું ફળ બહુ મોટું છે. કહેવાનો મતલબ એ છે કે આ એક એવી તક છે. દેહ છૂટવાનું ટાણું એ એક એવી તક છે કે એ વખતે જો આત્મભાવમાં રહેવાય તો એનું ફળ બહુ મોટું છે. એનું ફળ બહુ મોટું છે. અંદાજ ન કરી શકાય એવી વાત છે. ખરે વખતે એણે જે એની કાંઈ યોગ્યતારૂપ મૂડી હતી એનો ઉપયોગ કર્યો. ઉપયોગ કર્યો નહિ, મૂડીને અનેકગણી વધારી દીધી. ખરી કમાણીના અવસરે એણે કામ કરી લીધું. જગતમાં તો મૂડી હોય એટલો જ વેપાર થાય. અથવા મૂડી હોય એના પ્રમાણમાં વેપાર થાય કે એના પ્રમાણમાં જ નફો થાય. પણ કોકવાર એકના દસગણા ભાવ થાય કે સોગણા ભાવ થાય એવું પણ બને કે ન બને ?

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો વાત સાચી છે અને એટલા માટે વર્તમાન આયુષ્યના ભોગવટા કાળમાં પરિણામને બદલી નાખવા. અત્યારથી જ રસ ફેરવી નાખવો, સંસારનો રસ તોડી નાખવો, આત્મરસ કેળવવો. એ વાત ઠીક છે. છતાં પણ કદાચ કોઈને એમ ને એમ સમય નીકળી ગયો હોય તો પણ જીવ કોઈપણ વખતે પોતાનો પુરુષાર્થ જગાડવા સ્વતંત્ર છે અને સમર્થ છે. એનો દરવાજો બંધ કરવો નહિ. અભિપ્રાયમાં એ વાત ખુલ્લી રાખવી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તાકાત ઘણી છે. જેમ એક પરમાણુમાં Atomic energy છે એમ જીવ નામના પદાર્થમાં બેહદ અપરિમિત જેની હદ નથી, સીમા નથી એટલી શક્તિનો સમૃદ્ધ પદાર્થ છે. એ ગમે ત્યારે કામ કરે, કરી ગયા છે, એવા ગમે ત્યારે પણ કામ કરી ગયા છે.

એક માણસે અહીંયાં દસ રૂપિયાનો પ્લોટ લીધો હતો. જેદિ' 'કૃષ્ણકુમારસિંહજી'એ કૃષ્ણનગર વસાવ્યુંને ત્યારે બે-બે હજારવારના પ્લોટ પાડેલા. દસ-દસ રૂપિયામાં એક પ્લોટ. પણ કોઈ દસ રૂપિયા ખરચવા તૈયાર નહિ. અહીંયાં કોણ આવવાનું હતું ? આ જમીનનો કેદિ' ભાવ થવાનો હતો ? આ તો બધા ખેતર છે નકામા. વગડા છે કાંઈ થાતું જ નથી અહીંયાં તો. અહીં દરિયો પાસે એટલે ખાર હોય ને. કાંઈ ઊગે પણ નહિ બાજુ. તમે આ બાજુ જાવ ભરતનગરને એ બાજુ. ઓલી કોર વગડો એવો છે કાંઈ ઊગે નહિ ત્યાં વનસ્પતિ પણ ન હોય. આંબા પણ ન થાય કે માણસ કેરી ખાય. દસ રૂપિયાનો બે પ્લોટ લેવા પણ કોઈ તૈયાર નહોતું. એક જણાએ બે પ્લોટ લીધા સવાદસ મળ્યા તો વેચી નાખ્યા. પાવલી મળી ને ? ચાર આના નફો મળ્યો. એક પ્લોટ આપી દીધો. એક રાખ્યો. આજે એ પ્લોટના પચ્ચીસ લાખ રૂપિયા મળે. કેટલા ? દસ રૂપિયાના પચ્ચીસ લાખ. આ એથી વધારે નફો થાય એમ કહે છે. આ તો હિસાબ ગણાવ્યો છે. પણ જો મૃત્યુ ટાણે આત્મભાવમાં આવે તો એને કેટલો બધો નફો થાય, કેટલો આત્મકલ્યાણમાં હિતકર થાય એ અંદાજનો વિષય નથી. આમાં તો અંદાજ કાઢ્યો આટલો. આનો અંદાજનો વિષય નથી એટલે ખરી તક જોઈને આ કાગળ લખ્યો છે. બહુ ટાકણે કાગળ લખ્યો છે.

'બીજો કોઈ પણ વિકલ્પ રાખવા જેવું નથી. જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષના વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી;...' એને સત્યસ્વરૂપની પ્રાપ્તિ થવાની, થવાની અને થવાની. નિઃશંકપણે થવાની એમાં મને તો ક્યાંય શંકા પડતી નથી. મારો અનુભવ એમ બોલે છે કે મને પ્રાપ્તિ થઈ છે. તો બધાને પ્રાપ્તિ થાય. મારા જેવા જ બધા આત્મા છે. સત્પુરુષના વચનમાં સાચા અંતઃકરણથી ગ્રહણ થવાનો ભાવ આવવો જોઈએ. સાચા અંતઃકરણથી. જરા પણ અંદરમાં અભિપ્રાયનો વિપર્યાસ નહિ રાખીને. સાચું અંતઃકરણ એટલે શુદ્ધ અંતઃકરણ. જરાય અંતઃકરણમાં મેલપ નહિ. ગમે તે મળી જાય નહિ. આખા જગતની દોમ દોમ સાહ્યબી. ગમે તે મળી જાય નહિ. આખા જગતની અનુકૂળતા ખડકાય જાવ. તોપણ મારી અપેક્ષા અત્યારે જેટલી છે એટલી જ છે. જે કેવળ ઉદાસીનતાનો વિષય છે, કેવળ ઉપેક્ષાનો વિષય છે એની અપેક્ષા કરીને મારે આત્મકલ્યાણને છોડી દેવું નથી.

જીવ ઉદયભાવમાં સંયોગોની અપેક્ષા કરવા સિવાય આખો દિવસ ધંધો શું બીજો કરે છે પરિણામમાં ? એ તો કહો. જે ઉપેક્ષાનો વિષય છે એની અપેક્ષા કરે છે. એટલે ઊલટી વિપરીતતા જ કરે છે આખો દિવસ. પછી એક કલાક, બે કલાક સ્વાધ્યાય કરે તો લાભ થઈ જાય ? ઉપેક્ષાનો વિષય છે. એ ઉપેક્ષા રહે ક્યાં સુધી ? કે આખું જગત

અનુકૂળ થઈ જાય તોપણ. અને આખું જગત પ્રતિકૂળ થઈ જાય તોપણ ઉપેક્ષાનો વિષય અને અનુકૂળ થઈ જાય તોપણ ઉપેક્ષાનો વિષય. અપેક્ષાનો વિષય એક મારો આત્મા છે, બીજું કોઈ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જગતના પ્રાણીને તો એમ જ થાય છે. એનો લોભ વધે એમ નહિ, એનો રસ ચડી જાય. જેટલા જેટલા માણસો... હિન્દુસ્તાનમાં તો લગભગ આમ જ બન્યું છે. કેમકે આ ગરીબ દેશ છે. કોઈની બીજી, ચોથી, પાંચમી પેઢીએ જુઓ તો બધાય બહુ સાધારણ Ordinary માણસો આર્થિક સ્થિતિમાં હતા. કોઈ બીજી પેઢીએ તો કોઈ પાંચમી પેઢીએ. હવે જેમ જેમ સ્થિતિ સુધરતી જાય તેમ રસ ચડતો જાય. જેમ જેમ આર્થિક સ્થિતિ સુધરતી જાય, અનુકૂળતા વધતી જાય એમ રસ ચડતો જાય. હવે એ મરવાના લક્ષણ છે ને બધાય તે ? ડૂબતો જ જાય. ડૂબતો જાય. એના પુદ્ગલરસમાં, અનાત્મરસમાં ડૂબતો જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એક સેકન્ડમાં કેટલો ચડે એ ખબર છે ? આ Opration જોઈને ચક્કર ખાઈને પડે છે કે નહિ ? કેટલો ટાઈમ મળ્યો એને ચક્કર ખાવામાં ? વિકલ્પ કરવા પડ્યા ? જોયું કે અંધારા આવવા માંડે. એટલે શક્તિ ઘણી છે રસની. પરિણામ રસમાં શક્તિ એટલી બધી છે કે સેકન્ડોમાં એટલો રસ ચડી જાય, એટલો રસ ચડી જાય કે જે મહિનાઓમાં ન ચડે એ સેકન્ડોમાં ચડી જાય. ચેતવા જેવું છે.

'જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરુષના વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી; અને શરીર નિર્વહાદિ વ્યવહાર...' જે છે. આજીવિકાનો જે Problem છે. એ **'સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવા યોગ્ય છે,...'** એ પણ એના નસીબ અને પૂર્વકર્મ લઈને આવ્યા છે. તમે વયા જાશો તો કાંઈ એના કર્મ વયા જવાના નથી. .. થઈ રહેશે. એટલે એ વિષય સ્વભાવ પ્રત્યે અખંડ એક... બાકી નિજમાં નિજને જાણવાના દૃષ્ટિકોણને સાધ્ય કરે તો નિજમાં .. પર નથી માટે પર જણાતું નથી. આમ છે. હોય તો જણાય ને. પણ છે નહિ ત્યાં. માટે એ જણાતું નથી. પ્રતિભાસ છે. એ નિજમાં નિજનું કારણ થતું નથી.

'સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વજ્ઞાનનું ફળ છે.' જુઓ ! કેવી સરસ વાત લીધી છે ! એક વચન પણ બહુ સારું મૂક્યું છે. આટલું બધું સમજ્યા, જાણ્યા, બધા જ્ઞાનનું ફળ શું ? એક વીતરાગતા. ઉદય

છે. અન્ય દ્રવ્યો, અન્ય ... નાખવા કે જેથી એ જ્ઞાનનું ફળ છે એ આ વખતે કામમાં આવે. એમ કહે છે. અત્યારે જ્ઞાનનું ફળ લ્યો. જેટલું સમજ્યા છો એનું ફળ અત્યારે લ્યો. મૂડીનો ઉપયોગ કરો. મરણપથારીએ છો, અમારો સમાગમ તમને થયો છે, કાંઈક તમને મળ્યું છે હવે એનો ઉપયોગ કરી લ્યો. ખરે વખતે મૂડી ન વપરાય તો મૂડી કાંકરા છે. એમ છે ખરેખર તો. એમ અહીંયાં કહેવું છે. બહુ સારો વિષય છે.

આત્માર્થીએ આ ધર્મ પામવાના ક્ષેત્રમાં પ્રવેશ ક્યા હેતુકારણથી કર્યો ? તે તપાસવું જરૂરી છે. કેવળ આત્મશાંતિના હેતુથી જ પ્રવેશ થયો હોય તો તે યથાર્થ છે. બીજા કોઈ કારણથી પ્રવેશ થયો હોય તો, આત્મશાંતિની પ્રાપ્તિ થવી સંભવતી નથી. આત્મશાંતિ અકષાય સ્વરૂપ છે. તેથી તેની પ્રાપ્તિની ભાવનામાં અકષાય સ્વભાવ પ્રાપ્ત થવાનો આશય ગર્ભીત છે. નહિતો સકષાય-હેતુ ભાવે થયેલો પ્રવેશ અકષાય સ્વરૂપ ધર્મ પામવા સફળ થતો નથી, જેમકે પ્રતિકૂળતાના દુઃખ નિમિત્તે પ્રવેશ થયેલો, અનુકૂળતા થતાં અટકવાનું કારણ થાય છે, અહીં આશય ફેર હોવાથી પારમાર્થિક આશયનું ગ્રહણ થવું બનતુ નથી. તેવી રીતે કોઈ પ્રકારના રાગ-દ્વેષથી પ્રવેશ થયો હોય તો તે સફળ થાય નહિ.

(અનુભવ સંજીવની-૧૮૬૨)

તા. ૨૪-૬-૧૯૯૨, પત્રાંક-૭૮૧ અને ૭૮૨
પ્રવચન નં. ૩૮૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૭૮૧. છેલ્લો Paragraph છે. 'સોભાગ્યભાઈ' ઉપરનો અંતિમ પત્ર છે. છેલ્લે છેલ્લે મોક્ષમાર્ગનું વર્ણન કર્યું છે. પ્રથમ 'બનારસીદાસ'નું જે પદ દોહરાવ્યું છે. એનો અર્થ કર્યો છે. જગતમાં જે જે પદાર્થો, જે જે પ્રસંગો, જે જે વાતો મોટી ગણવામાં આવે છે, જેનો મહિમા કરવામાં આવે છે, એ જ્ઞાનદૃષ્ટિમાં એનું જરાપણ મહત્વ નથી, ઉલટાનો તે તે પ્રકારમાં જીવનો વિભાવરસ તીવ્ર થતો હોવાથી એ નુકસાનનું કારણ છે. તેથી તેને ભિન્ન સમજવા યોગ્ય છે. ઉપાદેય નથી એટલે હેય સમજવા યોગ્ય છે. એ વસ્તુ મોટી નહિ હોવાથી એને તુચ્છ સમજવા યોગ્ય છે. તુચ્છતા અને ભિન્નતા એ બંને ભાવમાં રહે તો એ પ્રકારનો જે-તે પ્રકારના પુણ્ય ઉદયમાં જીવને રસ ચડે નહિ. નહિતર રસ ચડ્યા વિના રહે નહિ. એ પહેલાં Paragraphમાં વાત કરી છે.

ત્યાર પછી એમના મૃત્યુનો પ્રસંગ નજીક જોઈને કોઈ પણ કુટુંબ-પરિવારના સભ્ય સાથે કે કોઈ પણ મુમુક્ષુ સમાજ સાથેના કોઈ સભ્ય સાથે કોઈ પણ પ્રકારનો વિકલ્પ ન કરવો અને ઉપયોગને એક આત્મામય કરવો. જે પરમપુરુષની દશા કહી છે 'બનારસીદાસ'ના પદથી. એવી દશા સ્વરૂપના અવલંબને કરવી અથવા તો કોઈ મહાપુરુષની અંતરદશાને લક્ષમાં લઈને તદ્રૂપ ભાવનો આવિર્ભાવ કરવો. એવી ભલામણ છેલ્લે કરી છે. શરીર નિર્વાહ એટલે આજીવિકા માટે પણ કુટુંબ-પરિવારનો વિકલ્પ કરવો નહિ. એ પણ સૌના પ્રારબ્ધ અનુસાર બની રહેશે અને એમ જ બને છે. જીવ વિકલ્પ કરે કે ન કરે. એટલે તમામ પ્રકારના વિકલ્પને શમાવીને અને એ શમાય તો જ સ્વરૂપમાં પરિણામ લાગે કે ઉપયોગ લાગે અને આ પ્રસંગે જો સ્વરૂપમાં ઉપયોગ લાગે તો આત્મહિતમાં બહુ મોટો ફાયદો થાય છે એમ જાણી પોતાથી બને એટલી અહીંયાં ભલામણ કરી છે.

મુમુક્ષુ : કુટુંબ આદિ પ્રત્યે જે વારંવાર વિકલ્પ જાય છે એમાં અભિપ્રાયની ક્યાં...

પૂજ્ય ભાઈશ્રી : અભિપ્રાયમાં મમત્વનો અભિપ્રાય છે. આ કુટુંબ મારું છે, આ કુટુંબની જવાબદારી પણ મારી છે એ જે જીવની કલ્પના છે. શું છે ? જીવની એ કલ્પના છે. એ કલ્પના સાથે અભિપ્રાય વણાઈ ગયો છે. પછી પરિણામ છોડાવા માગે તોપણ છૂટે નહિ.

વિચારમાં એમ કરે કે આવા પરિણામ મને ન થાય તો સારું. પણ એ વિચાર સફળ ન થાય. કેમકે અભિપ્રાય ઊલટો પડ્યો છે. કેમકે અભિપ્રાય ઊલટો પડ્યો છે. એટલે એ પરિણામ નિષ્ફળ જાય છે. એટલે અભિપ્રાયમાં તો સર્વ પ્રકારનો વિપર્યાસ મટે ત્યારે જીવને શુદ્ધોપયોગ આત્મામાં શુદ્ધસ્વરૂપમાં ઉપયોગ લાગે. જ્યાં સુધી અભિપ્રાયમાં થોડો પણ વિપર્યાસ રહ્યો છે, કાંઈપણ કોઈપણ પ્રકારનો વિપર્યાસ રહ્યો છે ત્યાં સુધી ઉપયોગ અંતર્મુખ થાય નહિ. અને આ એક તમામ વાતનો ખુલાસો છે આ જગ્યાએ. અભિપ્રાય અને પરિણામમાં વિરુદ્ધતા હોવા છતાં સફળતા અભિપ્રાય અનુસાર છે, પરિણામ અનુસાર નથી.

જેમકે કોઈ જ્ઞાનીને અજ્ઞાની જેવા પરિણામ દેખાય છે. પણ અભિપ્રાયમાં બધું જ સવળુ છે. તો એમની ભૂલ એ ભૂલ ગણવામાં આવતી નથી. ભૂલ એને ભૂલ ગણવામાં આવતી નથી. કેમકે અભિપ્રાય સવળો છે. અને કોઈ અજ્ઞાનીના પરિણામ બધા બરાબર દેખાય છે, છતાં જ્ઞાનદશા પ્રગટી નથી. કેમકે અભિપ્રાયમાં ક્યાંક ઊંધો સલવાયેલો પડ્યો છે. શલ્ય પડ્યું છે, એ અભિપ્રાયમાં તો શલ્ય હોય છે. શલ્ય છે એ અભિપ્રાયની ચીજ છે ખરેખર તો. આ એક મહત્વનો વિષય છે. ક્યાંય પણ પરસ્પર વિરુદ્ધ વાત દેખાય ત્યારે સમજવાનું આ એક ધોરણ છે, standard છે કે અભિપ્રાય આમાં શું છે ? અને અભિપ્રાય અનુસાર વાત શું છે ?

જેમકે એમની જ વાત લઈએ. એક પત્રમાં એ લખે છે કે આ ઉપાધિ છે તેના કરતા નિવૃત્તિ અમે પસંદ કરીએ છીએ. પ્રવૃત્તિયોગ અમે પસંદ કરતા નથી. છતાં અમારી વીતરાગતા એવી છે કે ઉપાધિ હો કે ન હો, અમને એથી કાંઈ ફરક પડતો નથી. કદાચ ઉપાધિના કાળમાં વધારે પણ નિર્જરા કરી લઈએ. નિવૃત્તિ કરતા પ્રવૃત્તિના સમયે વધારે પણ નિર્જરા કરી લઈએ. હવે બે વાત તો પરસ્પર વિરુદ્ધ થઈ. એમના જ વચનોમાં વિરુદ્ધ થઈ ગઈ. એક બાજુ ઉપાધિનો નિષેધ કરે છે, પ્રવૃત્તિનો નિષેધ કરે છે, નિવૃત્તિને વાંછે છે, ઈચ્છે છે. બીજી બાજુ કહે છે કે અમારે પ્રવૃત્તિ-નિવૃત્તિ બધું સરખું છે. અમારી વીતરાગતા છે એમાં તો બંને જ્ઞાનના જ્ઞેય છે. ઉદય પ્રવૃત્તિનો હોય કે ઉદય નિવૃત્તિનો હોય. બંને આખરમાં ઉદય જ છે તે જ્ઞાનનું જ્ઞેય છે. ઉદયથી અમે ભિન્ન પડી ગયા છે. હવે બે વાત જ્યારે વિરુદ્ધ આવે ત્યારે એને સમજવી કઈ રીતે ? કે અભિપ્રાય પ્રમાણે સમજવી. અભિપ્રાયની મુખ્યતા એમની સમજવી. અભિપ્રાયમાં એમાં શું હોઈ શકે એ સમજવો, જ્ઞાનીનો અભિપ્રાય આમ હોય તો એની મુખ્યતા એ વાતને સમજવી. તો સમજણમાં પરસ્પર વિરુદ્ધતા નહિ ભાસે. નહિતર એમ લાગશે કે આ તો બે તરફી વાત કરે છે આમાં કોઈ વાત ખીલે બંધાતી નથી. પછી એમનો

સ્યાદ્વાદ એ સમજે પણ આપણને કાંઈ મેળ પડતો નથી. એવું નથી. અભિપ્રાયને સમજવાની પદ્ધતિ હોય તો કોઈની પણ વાત, જ્ઞાની કે અજ્ઞાનીની કોઈની પણ વાત સમજવામાં સુગમ પડે છે અને સામાને અન્યાય થતો નથી. મોટી વાત તો એ છે કે સામાને પોતે અન્યાય થતો નથી અને ગેરસમજણથી પોતાના આત્માને પણ અન્યાય થતો નથી. એમ સ્વપરહિતકારક એ સમજણની પદ્ધતિ છે. નહિતર સ્વપર અહિતકારક સમજણની પદ્ધતિ છે. કેમકે પદ્ધતિ તો એક જ સાચી છે. બે પદ્ધતિ બંને સાચી નથી. એ પણ છેલ્લે એમને વાત કરી.

હવે છેલ્લે એમ કહે છે કે આ તો તમને ઉદયની વાત કરી. કુટુંબનો કે મુમુક્ષુઓ પ્રત્યે તો સંબંધ છે. પણ કોઈની સાથે સંબંધ નથી એવા સર્વ જીવ પ્રત્યે, જગતના સર્વ જીવ પ્રત્યે અને સર્વ ભાવ પ્રત્યે, આત્મભાવ સિવાયના કોઈપણ સ્વપરપદાર્થના અન્ય પરિણામ પ્રત્યે. સર્વ જીવ પ્રત્યે અને સર્વ ભાવ પ્રત્યે અખંડ એક વીતરાગદશા રાખવી. બસ, આ અભિપ્રાય છે. એકમાત્ર જ્ઞાતાષ્ટાપણું રાખવું. હું જ્ઞાનમય છું. શુદ્ધજ્ઞાન એ મારું સ્વરૂપ છે. અન્ય સર્વ જ્ઞેય માત્ર છે. અન્ય દ્રવ્ય હો, અન્ય ભાવ હો, કોઈ પણ જીવ હો, કોઈપણ જીવના ભાવ હો. અખંડ એકરસ વીતરાગતા રાખવી. '**એ જ સર્વજ્ઞાનનું ફળ છે.**' જે કાંઈ જ્ઞાન, સાચું જ્ઞાન છે અથવા સમસ્ત જ્ઞાન છે એનું ફળ વીતરાગતા છે. જો જીવ વીતરાગતામાં ન આવે તો એને જ્ઞાનનું ફળ જોવામાં આવતું નથી. એ બધું જ્ઞાન ખરેખર જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

'**આત્મા શુદ્ધચૈતન્ય, જન્મજરામરણરહિત અસંગ સ્વરૂપ છે;...**' આત્મા તો શુદ્ધચૈતન્યસ્વરૂપ છે એને કોઈ જન્મજરામરણ નથી. આ મૃત્યુનો પ્રસંગ છે તે આત્માનો નથી. મૃત્યુનો પ્રસંગ છે તે આત્માનો નથી પણ દેહનો છે. જન્મ પણ દેહનો પ્રસંગ, જરા અવસ્થા પણ દેહનો પ્રસંગ અને મૃત્યુ જેને કહેવામાં આવે છે એ પણ દેહનો પ્રસંગ છે. આત્માને મૃત્યુ નથી. આત્મા તો એથી રહિત છે. સદાય અસંગ છે. એને કોઈ અન્ય દ્રવ્ય અને અન્ય ભાવનો કોઈ સંબંધ નથી, કોઈ સંગ નથી. એવું પોતાનું સ્વરૂપ છે. બસ, આવા પરિણામમાં '**સર્વ જ્ઞાન સમાય છે;...**' એ પ્રકારના આત્મજ્ઞાનમાં બધું જ્ઞાન આવી ગયું. આવું જો આત્માનું અનુભવજ્ઞાન છે, જાણપણાનું જ્ઞાન નહિ, અનુભવજ્ઞાન છે એમાં સર્વજ્ઞાન સમાય છે. અહીં તો અનુભવજ્ઞાનને જ જ્ઞાન કહ્યું છે. ઓલા વિચારજ્ઞાનને જ્ઞાનને જ્ઞાન નથી કહ્યું. જાણવા મળે, માહિતી ઊભી થાય એને કોઈ જ્ઞાન નથી કહ્યું.

એવા આત્માનુભવમાં '**સર્વ જ્ઞાન સમાય છે;...**' અનુભવમાં આવ્યા પછી જેવો અનુભવમાં આત્મા આવે છે એવો જ છું એવી જે નિર્વિકલ્પ '**પ્રતીતિમાં સર્વ**

સમ્યક્દર્શન સમાય છે;...' તેમાં બધા સમ્યગ્દર્શન આવી ગયા. કોઈ સમ્યગ્દર્શન હવે એમાં બાકી રહેતું નથી. સમ્યગ્દર્શનના ભેદ પ્રભેદ કોઈપણ ગણવામાં આવે તો બધા ભેદ એમાં આવી જાય. સ્વરૂપ પ્રતીતિમાં અખંડ સમ્યગ્દર્શન છે, પૂરું સમ્યગ્દર્શન છે, સર્વ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શનની બાબતમાં પછી કાંઈ કહેવાનું રહેતું નથી. '**સર્વ જ્ઞાન સમાય છે; તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે; આત્માને અસંગસ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ...**' અથવા પરમાર્થ સંયમ છે. '**અને વીતરાગદશા છે.**' આત્મા સ્વભાવદશામાં રહે, સ્થિર રહે. અથવા જેટલું સ્વભાવદશારૂપ આચરણ કરે તે સમ્યક્ચારિત્ર છે. તે પરમાર્થે સંયમ છે. ઉત્કૃષ્ટ સંયમમાં પરમાર્થ સંયમને ઉત્કૃષ્ટ સંયમ કહેવામાં આવે છે અને એ જ વીતરાગદશા છે. એ રાગના અભાવરૂપ દશા હોવાથી એ વીતરાગદશા છે.

'**જેના સંપૂર્ણપણાનું ફળ...**' એ દર્શન-જ્ઞાન-ચારિત્રનું સંપૂર્ણપણાનું ફળ '**સર્વ દુઃખનો ક્ષય છે,...**' નાસ્તિથી લીધું છે. અત્યારે દુઃખમાં ઊભો છે ને જીવ ? એટલે. કે '**જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે,...**' અથવા જેના સંપૂર્ણપણાનું ફળ પરમસુખ છે, પરમાનંદ છે. સર્વદુઃખનો અભાવ કહો કે પરમ પૂર્ણ સુખ કહો, પૂર્ણ આનંદ કહો, એ પૂર્ણાનંદ એનું ફળ છે. '**એ કેવળ નિઃસંદેહ છે; કેવળ નિઃસંદેહ છે.**' આ બાબતમાં ક્યાંય શંકા પડે એવું નથી. બે વખત નિઃસંદેહ શબ્દ લીધો છે. પૂરેપૂરું એ નિઃશંક છે. હું એમાં પૂરેપૂરો નિઃશંક છું. પોતે પૂર્ણ નથી થયા તોપણ પૂર્ણતાની બાબતમાં પોતે નિઃશંક છે. જુઓ ! પૂર્ણ થયા પહેલાં પૂર્ણતાની નિઃશંકતા લીધી કે ન લીધી ? બે વાર કહ્યું એ. '**એ જ વિનંતિ.**' એમ કહીને 'સોભાગભાઈ'ને પણ એમ કહે છે કે તમે આવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામમાં રહો, તમારી પૂર્ણ કેવળજ્ઞાનદશા guaranted છે. મારી guarantee છે પછી એમાં કાંઈ તમારે શંકા કરવાની જરૂર રહેશે નહિ. જોકે એમની guaranteeની જરૂર પડતી નથી. જેને દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય છે એને પોતાના આત્મામાંથી મુક્તિની પ્રતીતિ આવી જ જાય છે.

મુમુક્ષુ :- ભેદ પાડીને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભેદ પાડીને એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડ્યા છે. એ તો સમજાવવામાં તો એમ જ કહે. અહીંયાં જે પ્રસંગે વાત કરવી છે એમાં એ જ અનુકૂળ છે કે આવું જ્ઞાન હોવું જોઈએ, આવું શ્રદ્ધાન હોવું જોઈએ, આવું આચરણ હોવું જોઈએ કે જેનું ફળ પદ નિર્વાણપદ છે. નિઃશંકપણે જેનું ફળ નિર્વાણપદ છે. એ જ વિનંતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ ત્રણ પત્રો, છેલ્લો ત્રણ પત્રો 'સોભાગ્યભાઈ'ના ખાસ કરીને આયુષ્યના ઉત્તરકાળમાં તો વારંવાર વાંચવા જેવા છે. મનુષ્યઆયુના ઉત્તરકાળમાં, ઉત્તરાવસ્થામાં આ પત્રનો તો વારંવાર સ્વાધ્યાય કરવા જેવો છે. એ દૃષ્ટિએ સ્વાધ્યાય કરવા જેવો છે કે આ પત્ર 'સોભાગ્યભાઈ'ને નથી લખ્યો પણ આ પત્ર મને લખ્યો છે. તો એના ભાવ કાંઈક બીજી રીતે આવશે. એમ ! 'કૃપાળુદેવે' મારા ઉપર કૃપા કરીને પત્ર લખ્યો છે ! અથવા આ તો ખરેખર મારા ઉપર કૃપા કરીને પત્ર લખ્યો છે. એમ જ્યારે ભાસશે ત્યારે પરિણામની અંદર કાંઈક આત્મભાવ સમીપતાના પરિણામ થાય. પત્રો એવા સુંદર છે. એવી શૈલી આગમમાં ક્યાંથી કાઢવી ? શાસ્ત્રામાં તો શાસ્ત્ર પદ્ધતિથી વાતો આવે. શાસ્ત્રમાં તો શાસ્ત્રપદ્ધતિથી આવે. આવી શૈલીથી આવી સુંદર વાત કેવી રીતે આવે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. એ વખતે ઘણી વાતો લખી છે. એ પત્રો આજકાલ પ્રસિદ્ધ પણ કર્યા છે. 'સોભાગભાઈ'ના એ પત્રો આજકાલ પ્રસિદ્ધ કર્યા છે. એ પત્રોમાં ઘણી વાતો કરી છે.

મુમુક્ષુ :- સાથે જ હતા ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'અંબાલાલભાઈ'ને મોકલ્યા હતા. પોતે 'મુંબઈ' ગયા અને 'અંબાલાલભાઈ'ને 'ખંભાત'થી ૧૭-૧૮ દિવસ છેલ્લા આયુષ્યના છે. એમને એમની સેવામાં મોકલ્યા હતા. બંને એમના ઉત્કૃષ્ટ સમીપના પાત્ર જીવો છે. 'સોભાગભાઈ' પહેલાં નંબરે છે. બીજા નંબરે 'અંબાલાલભાઈ' છે.

પત્રાંક-૭૮૨

મુંબઈ, જેઠ વદ ૧૨, શનિ, ૧૯૫૩

આર્ય શ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે દશ ને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.

જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે, અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે; જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને

ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.

વડીલપણાથી તથા તેમના તમારા પ્રત્યે ઘણા ઉપકાર હોવાથી, તેમ જ તેમના ગુણોના અદ્‌ભુતપણાથી તેમનો વિયોગ તમને વધારે ખેદકારક થયો છે, અને થવા યોગ્ય છે. તેમનો તમારા પ્રત્યેના સંસારી વડીલપણાનો ખેદ વિસ્મરણ કરી, તેમણે તમારા સર્વે પ્રત્યે જે પરમ ઉપકાર કર્યો હોય તથા તેમના ગુણોનું જે જે અદ્‌ભુતપણું તમને ભાસ્યું હોય તેને વારંવાર સંભારી, તેવા પુરુષનો વિયોગ થયો તેનો અંતરમાં ખેદ રાખી તેમણે આરાધવા યોગ્ય જે જે વચનો અને ગુણો કહ્યાં હોય તેનું સ્મરણ આણી તેમાં આત્માને પ્રેરવો, એમ તમો સર્વ પ્રત્યે વિનંતિ છે. સમાગમમાં આવેલા મુમુક્ષુઓને શ્રી સોભાગનું સ્મરણ સહેજે ઘણા વખત સુધી રહેવા યોગ્ય છે.

મોહે કરીને જે સમયે ખેદ થાય તે સમયે પણ તેમના ગુણોનું અદ્‌ભુતપણું સ્મરણમાં આણી મોહથી થતો ખેદ શમાવીને ગુણોના અદ્‌ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્તાવવો યોગ્ય છે.

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે.

ધીરજથી સર્વેએ ખેદ શમાવવો, અને તેમના અદ્‌ભુત ગુણોનો અને ઉપકારી વચનોનો આશ્રય કરવો યોગ્ય છે. શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.

સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી, તોપણ એમ જણાય છે કે સત્પુરુષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને પણ થવા યોગ્ય છે.

'આત્મસિદ્ધિ' ગ્રંથ તમારી પાસે રાખશો. ત્રંબક અને મણિને વિચારવાની ઈચ્છા હોય તો વિચારશો; પણ તે પહેલાં કેટલાક વચનો અને સદ્‌ગ્રંથો વિચારવાનું બનશે તો આત્મસિદ્ધિ બળવાન ઉપકારનો હેતુ થશે, એમ લાગે છે.

શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.
શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પત્રાંક-૭૮૨. આ પત્ર એમના દેહાંત પછી એમના પુત્ર 'ત્રંબકભાઈ' ઉપર લખેલો પત્ર છે. 'આર્ય શ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે દશ ને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે.' એમને તો અગાઉથી ખબર છે. પણ છતાં પ્રસંગ એ પ્રસંગ છે, હયાતી તે હયાતી છે અને બિનહયાતી તે બિનહયાતી છે. અરે..! એક સેકન્ડના ફેરમાં. ખબર પડે કે માથુ આમ નાખી દીધું છે એટલે નથી. એમનેમ દેહ પડ્યો છે. પહેલા એમનેમ છે અને અત્યારે પણ એમનેમ છે. પણ છે અને નથીમાં આઘાત અને પ્રત્યાઘાત પરિણામની અંદર બહુ મોટા ઊભા થાય છે. કેમકે અસ્તિત્વ છે એ આધારનો વિષય છે, અવલંબનનો વિષય છે. દૃષ્ટિને, શ્રદ્ધાને અસ્તિત્વ છે એ અવલંબનનો અને આધારભૂત વિષય છે. એટલે છે અને નથીમાં બહુ મોટો ફેર પડે છે. ૧૦મે દેહ મૂક્યો છે. ૧૦મે કે ૧૧ તાર કર્યો હોય તો ૧૧ સમાચાર પહોંચી ગયા છે. ૧૨ તો તેમણે જવાબ આપ્યો છે. ગુરુવારે દેહ છોડ્યો છે શનિવારે તો તરત ને તરત વળતો જવાબ લખ્યો છે.

'**આર્ય શ્રી સોભાગે જેઠ વદ ૧૦ ગુરુવારે સવારે દશ ને પચાસ મિનિટે દેહ મૂક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે.**' બસ, એમનો સંયોગ છે એ પૂરો થયો. આ ભવનો સંયોગ એમનો પૂરો થયો. '**જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.**' ગુણવાનનો વિયોગ થયો, એમ. ખેદ થવાનું કારણ શું છે ? ગુણવાનનો વિયોગ થયો. એ કોઈ એમના સગા-સંબંધી હતા અને મમત્વ હતું માટે દુઃખ થયું છે એમ તો કાંઈ નથી. પણ એ ગુણવાન પુરુષનો કે જેવા ગુણવાનપુરુષ મુમુક્ષુના સમાજમાં ભાગ્યે જ જોવા મળે. ભાગ્યે જ એવા પુરુષના દર્શન થાય એમ કહેવું જોઈએ. જોવા મળે એમ નહિ પણ એવા પુરુષના દર્શન થાય. શું કહે છે ? કે '**જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.**' ખેદ કરું છું નહિ એમ કહે છે. જે સ્થિતિ ભજે છે એને વ્યક્ત કરે છે.

મુમુક્ષુ :- આર્યશ્રી ...

પૂજ્ય ભાઈશ્રી :- આર્યશ્રી સોભાગ્ય. હા. આર્ય એટલે આમ તો બહુ સારું

વિશેષણ છે, બહુ સારું વિશેષણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્દર્શન લઈને ગયા છે ને. એટલે એમને આર્ય ગણ્યા છે ત્યાં. સમ્યગ્દર્શનસહિતને આર્યપણું અને રહિતને અનાર્યપણું. અનાર્ય કહે તો કેવું ખરાબ લાગે.

હવે એમના માટેનો અભિપ્રાય આપે છે કે '**જીવને દેહનો સંબંધ એ જ રીતે છે.**' કોઈપણ હો 'સોભાગ્યભાઈ' હો કે તીર્થંકર હો કે પોતે હો. કોઈપણ હો. '**જીવને દેહનો સંબંધ એ જ રીતે છે.**' કે આયુષ્ય પૂરું થાય એટલે દેહ ને આત્મા સાથે રહેવાના નથી. એ અવધિ પૂરી થઈ ગઈ, મર્યાદા પૂરી થઈ ગઈ સાથે રહેવાની. સંયોગ પૂરો થઈ ગયો. એટલે કે એ સંબંધ જ પૂરો થાય એવો વિયોગ સહિતનો જ સંયોગ છે એ.

'ગુરુદેવશ્રી' તો કહેતા હતા કે, બાળકનો જન્મ થાય છે અને માતા એને પોતાની ગોદમાં લે તે પહેલાં તો અનિત્યતાએ એને ગોદમાં લઈ લીધો છે. એની માતા એને ગોદમાં લે એ પહેલા તો અનિત્યતાની ગોદમાં એ જઈ પડેલો છે એમ કહે છે જન્મ્યો ત્યારથી જ તે. જુઓ ! જ્ઞાનદષ્ટિ કેવી કામ કરે છે ! હજી સંયોગની પહેલી ક્ષણો છે એમાં વિયોગને જોવે છે. દીર્ઘ દષ્ટિ છે ને ?

'**જીવને દેહનો સંબંધ એ જ રીતે છે. તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે, અને તેમાં દઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે; જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે.**' લ્યો ! નવો દેહ પ્રાપ્ત થવાનું કારણ એ છે કે, અનાદિથી આ જીવને દેહ પ્રત્યે એટલું બધું મમત્વ છે કે એ ટળવાનો છે, છૂટવાનો સંયોગ છે એ ખબર હોવા છતાં પણ એને કોઈપણ ભોગે ન છૂટે તો સારું એવો અભિપ્રાય રહેલો છે. કેવો અભિપ્રાય છે ? પછી એ દરિદ્ર હોય કે તવંગર હોય, રાજા હોય કે રંક હોય. પણ કોઈને દેહ છૂટે એ કોઈ રીતે પણ અભિપ્રાય વિરુદ્ધ જ છે. એ અભિપ્રાયમાં એને એમ છે કે કોઈપણ સાધન કરતા જો ન છૂટે તો સારું. ગમે તે કરતા પણ ન છૂટે તો સારું. પણ એ છૂટવું અનિવાર્ય છે એટલે તે દેહને ત્યાગતા જીવ ખેદ પામ્યા કરે છે. એને ઘણું દુઃખ થાય છે. દેહ છૂટતા એને ઘણું ઘણું દુઃખ થાય છે.

'**અને તેમાં દઢ મોહથી એકપણાની પેઠે વર્તે છે;...**' જ્યાં સુધી સંયોગ હોય ત્યાં સુધી દેહના સંયોગ અને દેહને ટકવા માટેના નિમિત્તભૂત એવા પૈસા, અન્ન, પાણી એમાં દઢમોહથી વર્તે છે. બીજા સંયોગોમાં. અને નવા '**જન્મમરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે.**' દેહાત્મબુદ્ધિ, નવો દેહ ઉત્પન્ન થવાનું જીવને કારણ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો બહુ આડો ન ચાલે. સીધો દોર તો ઠીક પણ બહુ આડો ન ચાલે. કાંઈક એને અસર થાય. પણ જીવ વિસ્મૃત કરી જાય છે. પરિણામ તો એવા કરે છે કે જાણે કદી હું મરવાનો જ નથી. એવી અનિત્ય ચીજમાં એટલી બધી નિત્યતા સ્થાપી છે. પૂરી શક્તિથી. કેમકે શ્રદ્ધા તો પૂરી શક્તિથી કામ કરે છે ને ? પછી દેહ છૂટવાનું ટાણું આવે એટલે એનો પ્રત્યાઘાત ઊભો થયા વિના રહે નહિ. પછી એનો આઘાત લાગે છે.

હવે કહે છે કે, **'શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચય અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.'** 'અંબાલાલભાઈ'એ પત્ર લખ્યો છે. તેમની અદ્‌ભુત દશા મેં જોઈ છે. છેલ્લા ૧૭-૧૮ દિવસથી મેં એમની આત્મામય અદ્‌ભુત દશા જોઈ છે. એને સંભળાવવા જાય છે તો ના પાડે છે. મને તું સંભળાવામાં અત્યારે કાંઈ. મારો ઉપયોગ હવે અત્યારે બીજે હોય ? તને કેમ લાગે છે ? તને એમ લાગે છે કે મારો ઉપયોગ બીજે છે તો હું અહીંયાં ઉપયોગ લગાવું છું ? વાત કરે છે એમાં ઉપયોગ લગાવું ? એ સંભવિત છે હવે કહે. એ તાકાત છે. છેલ્લી મિનિટોમાં એમની જે તાકાત છે એ બતાવે છે, શક્તિ બતાવે છે. શરીર તો જીર્ણશીર્ણ થઈ ગયું છે. દેહ છૂટવાની છેલ્લી મિનિટો છે. પણ આત્માની તાકાત કેવી છે ? જાણે યુવાની આવી હોય એવી તાકાત છે ! શું વાત કરે છે ? તું મને શું સંભળાવે છે ? બંધ કર તારું સંભળાવું. મારો ઉપયોગ અત્યારે બીજે હોય અને તું મને ઉપયોગ ખેંચીને એ બાજુ લઈ જા એમ વાત છે ? બને જ નહિ. હવે આત્મામાં ઉપયોગ જવાનો. એમ કરીને ઠપકો આપ્યો છે. 'અંબાલાલભાઈ'ને ઠપકો આપ્યો છે. એટલી શક્તિથી છેલ્લી મિનિટોમાં દેહ ત્યાગ કર્યો છે. એ બધું વર્ણન 'અંબાલાલભાઈ'એ લખ્યું છે એના ઉપરથી લખે છે.

આ મોટા મુનિઓ એટલે અત્યારે જે મોટા કહેવાય છે એ, હોં ! ઓલા ભાવલિંગી મુનિની વાત નથી. અત્યારે આ મોટા મોટા title માર્યા હોય ને ? વ્યાખ્યાન વાચસ્પતિ અને શું બધા ઘણા અત્યારે તો લગાડે છે ને ? મહારાજા શબ્દ લગાડે છે. મહારાજ નહિ પણ આચાર્ય ફલાણા ફલાણા મહારાજા એવું લગાડે છે.

એટલે અહીંયાં કહે છે કે એવા જે મુનિઓ મોટા ગણાય છે એને પણ દુર્લભ દેહ ત્યાગ વખતે પણ જેને નિશ્ચલ અસંગતા દુર્લભ હોય છે, એવી દુર્લભ અવસ્થામાં એમણે અસંગપણે નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે. એમના અનંતકાળમાં આ વખતમાં જે દેહ ત્યાગવાનો પ્રસંગ છે એ એમના અપૂર્વ હિતના સાબિતીરૂપ એ પ્રસંગ સિદ્ધ થયેલો છે. એમાં સંશય નથી.

મુમુક્ષુ :- 'અંબાલાલભાઈ' નો આ પત્ર મહત્ત્વનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ છેલ્લો પત્ર છે એ મહત્ત્વપૂર્ણ છે. બહુ સારો પત્ર છે, ઘણો સારો પત્ર છે. ત્યારે તો એવા જોરમાં આવ્યા છે કે કેવળજ્ઞાન લઈ લઈશ. સૂતા છે મરણપથારીએ. અને પુરુષાર્થનું જોર એવું છે કે કેવળજ્ઞાન લઈ લઈશ. એવી આત્મામાં સ્થિરતા કરે છે કે કેવળજ્ઞાન લઈ લઈશ. અંતર્મુહૂર્તમાં તો હવે. એવું જોર કરે છે. એવું થોડુંક લખી નાખ્યું છે, એમણે લખાવ્યું છે. એવું બોલ્યા છે એટલે 'અંબાલાલભાઈ'એ લખ્યું છે. જોર ઘણું હતું. પુરુષાર્થનો વેગ-સંવેગ આત્માનો બહુ સારો હતો એમ કહે છે. એટલે લખે છે. કે '**શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતા મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.**' ... પરિણામ સાથે રહેવાના બહુ હતા ને ? સ્વર્ગમાં પાછા ભેગા થાશે. ત્યાં બધી મોક્ષમંડળી જામે છે. છેલ્લા સેંકડો વર્ષમાં ગયેલા બધા લગભગ ગૃહસ્થાવસ્થામાં હોય એ બધા ત્યાં ભેગા થાય. 'સોગાનીજી', 'ટોડરમલજી', 'બનારસીદાસજી' એ બધાની ત્યાં મંડળી ભેગી થાય છે. ધર્માત્માઓની મંડળી ભેગી થાય એ .. લોકો ત્યાં નાટક... જોવામાં સમય વ્યતીત કરતા નથી. નહિતર ત્યાં એ પણ ઘણું છે પાછું. એ બધા ભેગા થઈને તત્ત્વચર્ચા કરે છે. અને કાં તો યાત્રા કાઢે કે ચાલો આપણે હવે મહાવિદેહમાં જઈએ. ચાલો આપણે અષ્ટમદ્વિપમાં નંદીશ્વરમાં જઈએ. આપણે જેમ કેમ સમ્મેદશીખરની યાત્રા કાઢે છે એમ એ બધા સાથે ઉપડે. એ જે બધા દેવોના ટોળા હોય એમાં એ બધા સાથે હોય. એક માર્ગે ચાલનારા, એક વિચારધારાના, એક મતવાળા બધા.

મુમુક્ષુ :- ... બધા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની ભાવના અને પુરુષાર્થનું જોર એટલું કરે કે કેવળજ્ઞાન અત્યારે લઈ લઉં. લગભગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એને પૂર્ણતાની ભાવના બહુ હોય છે ને. અંદર પૂરણ જોવે છે. અહીંયાં અંતર્મુહૂર્તનું તો કામ છે. કામ કેટલું છે ? અંતર્મુહૂર્તનું કામ છે અને અંતર્મુખ થતા આવડે છે. અંતર્મુખ થવું એ મારા અધિકારનો વિષય છે. મારા પુરુષાર્થને આધીન છે અને એ મારો સ્વભાવ ને સ્વરૂપ છે. સહજ છે મારા માટે એ. કૃત્રિમતાથી કરવું પડતું નથી. એટલે એમને મોક્ષ છે એ હાથવેંતમાં દેખાય છે. મોક્ષમાર્ગમાં આવેલા ધર્માત્માઓને પોતાનો મોક્ષ હાથવેંતમાં દેખાય જાય છે.

મુમુક્ષુ :- અંતર્મુહૂર્તમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ પૂર્ણતાની ભાવનામાં 'ગુરુદેવ'નું એક પ્રવચન છે. 'નિયમસાર'ની ૯૬ ગાથા ઉપર બહુ સારું આવેલું છે. 'નિયમસાર'ની ૯૬ ગાથા. અત્યારે જ પૂર્ણતા વર્તે છે. ભવિષ્યમાં થશે એમ નહિ. એવી ભાવનામાં જેને

વર્તમાનમાં લઈ લે છે કેવળજ્ઞાન. અને એ ગાથા પણ એવી જ છે. વ્યવહારનયથી પણ અત્યારે અમે આઠ ગુણ કહીએ છીએ, નિશ્ચયનયથી તો અષ્ટગુણસહિત છે પણ વ્યવહારનયથી પણ એમ જ છે. એમ કરીને લીધું છે. એટલામાંથી કાઢ્યું છે 'ગુરુદેવે'. નિશ્ચયનયથી તો બરાબર છે કે અષ્ટગુણસહિત સ્વરૂપ છે. પણ મોક્ષદશા વ્યવહારનયથી અત્યારે ક્યાં છે ? એમાં એમ ટીકા કરી છે 'પદ્મપ્રભમલધારીદેવે'. અત્યારે વ્યવહારનયથી પણ હું એમ જ છું. ભાવનાનો અધિકાર છે. 'ગુરુદેવ'નું તો બહુ ભાવનાથી વ્યાખ્યાન આવ્યું છે. ૯૬ ગાથાનું. કેસેટ મેળવી લેવી. બહુ સારી છે.

મુમુક્ષુ :- 'નિયમસાર' ગાથા-૯૬ના ૮-૯ પ્રવચન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જુદાં જુદાં વર્ષોના થયેલા હશે. બાકી એ વર્ષોમાં તો એક કે બે જ પ્રવચન થયેલા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જુદાં જુદાં વર્ષોના હશે. જુદાં જુદાં વર્ષોમાં તો જેટલી વાર વંચાણું હોય એટલી વાર પ્રવચનો થયા હોય. પણ આ લગભગ છેલ્લી વખતના પ્રવચનો. પ્રત્યક્ષ સાંભળો અને જો કે કેસેટમાં સાંભળો એમાં અંતર તો પડે છે. કેમકે એ પ્રવચન પ્રત્યક્ષ પણ સાંભળ્યું છે અને કેસેટમાં પણ સાંભળ્યું છે. ફેર તો ઘણો પડે છે, અંતર તો ઘણું પડે છે.

પ્રત્યક્ષનો તો કોઈ Alternative પ્રત્યક્ષનો કોઈ Alternative નથી. એ તો અનુભવગમ્ય થાય છે.

હવે એમના દીકરાઓ પ્રત્યે લખે છે કે, '**વડીલપણાથી...**' તમારા ઘરના એ વડીલ હતા. '**તથા તેમના તમારા પ્રત્યે ઘણા ઉપકાર હોવાથી,...**' વડીલ હતા અને તમારા પ્રત્યે તેમના ઘણાં ઉપકાર હતા. વ્યવહાર અને પરમાર્થે બંને પ્રકારે. પરમાર્થમાર્ગમાં વાળવાની પણ એમણે કોશીશ કરી હતી. '**તેમ જ તેમના ગુણોના અદ્‌ભુતપણાથી...**' તેમનામાં જે ગુણો હતા એના અદ્‌ભુતપણાથી '**તેમનો વિયોગ તમને વધારે ખેદકારક થયો છે, અને થવા યોગ્ય છે.**' તે કોઈ અસ્થાને વાત નથી. તમને દુઃખ થાય, ખેદ થાય અને વિશેષપણે ખેદ થાય, વધારે ખેદ થાય તો એ ખેદ થયો છે તે થવા યોગ્ય થયો છે. કાંઈ નહિ થવા યોગ્ય થયો નથી. કેમકે એવું જ બને. જ્યારે ઉપકારી પુરુષનો વિયોગ થાય ત્યારે ખેદ થયા વિના રહે જ નહિ.

'**તેમનો તમારા પ્રત્યેના સંસારી વડીલપણાનો ખેદ વિસ્મરણ કરી,...**' હવે શું કરવું તમારે ? શિખામણ આપે છે. ઓલી વાત છોડી દેજો. સંસારનો જે સંબંધ છે એને ગૌણ કરજો. સંસારી વડિલપણાના કારણે જે ખેદ છે તેને વિસ્મરણ કરી. '**તેમણે**

તમારા સર્વે પ્રત્યે જે પરમ ઉપકાર કર્યો હોય...' ધાર્મિક દૃષ્ટિએ જે, આત્મહિતને અનુલક્ષીને જે પરમ ઉપકાર કર્યો હોય **'તથા તેમના ગુણોનું જે જે અદ્‌ભુતપણું તમને ભાસ્યું હોય...'** તેમનામાં આવા આવા ગુણો હતા. તેવા ગુણોનું અદ્‌ભુતપણું તમને ભાસ્યું હોય **'તેને વારંવાર સંભારી, તેવા પુરુષનો વિયોગ થયો તેનો અંતરમાં ખેદ રાખી...'** જુઓ ! શું કહે છે ? એ વિયોગને કારણે જે નુકસાન ઊભું થયું છે, એ નુકસાનને સંભારતા જે ખેદ થાય એ ખેદને અંતરમાં રાખવો એમ કહે છે. એ ખેદ ન થાય એ પ્રશ્ન નથી અહીંયાં. પ્રશસ્ત દ્વેષ છે ને ? એ પ્રશસ્ત દ્વેષ છે.

'તેમણે આરાધવા યોગ્ય જે જે વચનો અને ગુણો કહ્યાં હોય તેનું સ્મરણ આણી તેમાં આત્માને પ્રેરવો,...' આ ખેદને આ રીતે નિમિત્ત બનાવવો. તેમના વચનો અને તેમના ગુણોમાં આત્માને પ્રેરણા મળે આ ખેદનો આ પ્રસંગ આ રીતે Diverete કરી નાખવો એમ કહે છે. ખેદ તો થાશે જ. ખેદ થયા વિના રહેશે નહિ. જે તમારો અને એમનો સંબંધ છે અને એમનો જે યોગ્યતાનો પ્રકારનો છે, એમનો વિયોગ જોઈને તમને ખેદ ન થાય એ તો બનવા યોગ્ય નથી. એ તો થવાનો. પણ હવે એ ખેદને આ રીતે વાળી લ્યો તમે. કે એમના ગુણોનું સ્મરણ કરો અને એમના જે વચનો અને એમના ગુણો ગ્રહણ કરવામાં હવે પરિણામને એ બાજુ તમે વાળી લ્યો.

'તેમાં આત્માને પ્રેરવો, એમ તમો સર્વ પ્રત્યે વિનંતિ છે.' તમારા બધા કુટુંબ પ્રત્યે મારી આ વિનંતી છે કે તમે આ રીતે પરિણામને વાળો. જુઓ ! Letter of consolation કહે છે ને ? દિલાસાનો પત્ર. મૃત્યુ થાય પછી દિલાસાનો પત્ર. જ્ઞાની દિલાસાનો પત્ર આવો લખે. અત્યારે તો નહિતર રૂઢિગત પ્રમાણે (લખે), પંચમઆરો છે અને ધર્મ કરશે એ સુખી થશે અને આપણા હાથની બાજી નથી અને ઈશ્વર ઈચ્છા મોટી છે. એમ કરીને વાંચ્યું, ન વાંચ્યુ કરીને એકકોર મૂકી દે પોસ્ટકાર્ડ. કેમકે Stereo type બધા આવતા હોય ને એકસરખા. જ્ઞાનીનો દિલાસાનો પત્ર આવો હોય છે. કે જીવને આત્મગુણોમાં પ્રેરે. 'શ્રીમદ્‌જી'ના આવા બે-ત્રણેક પત્રો છે. મેં તો નોંધ કરી છે મારામાં. ત્રણેક પત્રો આવા છે. એક કોઈ 'કૃષ્ણદાસભાઈ'ને લખેલો છે, એક બનતા સુધી 'ત્રિભોવનભાઈ'ને કોઈ ...

મુમુક્ષુ :- ૬૮૯

પૂજ્ય ભાઈશ્રી :- ૬૮૯. 'માણેકચંદભાઈ'ને. ૫૦૧. ૬૮૯ પણ છે, ૬૯૨ છે. 'સુંદરલાલ'ના દેહ છોડ્યાનો. 'સુંદરલાલે વૈશાખ વદિ એકમે દેહ છોડ્યાના ખબર લખ્યા તે વાંચ્યા.' બીજો પેરેગ્રાફ વાંચવા જેવો છે. **'વિચારવાન પુરુષોને તે ખેદકારક પ્રસંગનો મૂર્છાભાવે ખેદ કરવો તે માત્ર કર્મબંધનો હેતુ ભાસે છે,...'** પોતાને **'અને**

વૈરાગ્યરૂપ ખેદથી કર્મસંગની નિવૃત્તિ ભાસે છે, અને તે સત્ય છે. મૂર્છાભાવે ખેદ કર્યાથી પણ જે સંબંધીનો વિયોગ થયો છે, તેની પ્રાપ્તિ થતી નથી, એને જે મૂર્છા થાય છે તે પણ અવિચારદશાનું ફળ છે, એમ વિચારી વિચારવાન પુરુષો તે મૂર્છાભાવ પ્રત્યયી ખેદને શમાવે છે, અથવા ઘણું કરીને તેવા ખેદને તેમને થતો નથી. કોઈ રીતે તેવા ખેદનું હિતકારીપણું દેખાતું નથી, અને બનેલો પ્રસંગ ખેદનું નિમિત્ત છે, એટલે તેવે અવસરે વિચારવાન પુરુષોને જીવને હિતકારી એવો એ ખેદ ઉત્પન્ન થાય છે.' મુમુક્ષુ હોય, લાયક જીવ હોય, પાત્ર જીવને તો આત્માને હિત થાય એવો ખેદ થાય છે.

'સર્વસંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું, અને તુચ્છપણું તેમ જ અન્યત્વપણું દેખીને...' જુઓ ! આ બાર ભાવનાના કેટલી ભાવના લઈ લીધી. **'સર્વસંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું, અને તુચ્છપણું અને તેમ જ અન્યત્વપણું દેખીને...'** ચાર-પાંચ ભાવના લઈ લીધી. **'પોતાને વિશેષ પ્રતિબોધ થાય છે કે હે જીવ, તારે વિષે કંઈ પણ આ સંસારને વિષે ઉદયાદિ ભાવે પણ મૂર્છા વર્તતી હોય તો તે ત્યાગ કર, ત્યાગ કર, તે મૂર્છાનું કંઈ ફળ નથી, સંસારમાં ક્યારેય પણ શરણત્વાદિપણું પ્રાપ્ત થવું નથી, અને અવિચારપણા વિના તે સંસારને વિષે મોહ થવા યોગ્ય નથી,...'** જે કોઈ મોહ થાય છે તે અવિચારપણાથી થાય છે.

'જે મોહ અનંત જન્મમરણનો અને પ્રત્યક્ષ ખેદનો હેતુ છે, દુઃખ અને ક્લેશનું બીજ છે, તેને શાંત કર, તેનો ક્ષય કર. હે જીવ, એ વિના બીજો કોઈ હિતકારી ઉપાય નથી, એ વગેરે ભાવિતાત્મતાથી...' જુઓ ! કેવા શબ્દો વાપર્યા છે ! **'એ વગેરે ભાવિતાત્મતાથી વૈરાગ્યને શુદ્ધ અને નિશ્ચલ કરે છે. જે કોઈ જીવ યથાર્થ વિચારથી જુએ છે, તેને આ જ પ્રકાર ભાસે છે.'**

૬૯૨માં લીધું છે. **'દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે, કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરુષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે.'** જુઓ ! જ્ઞાનીના આશ્રયે દેહ છૂટે એ સાર્થક છે એમ લીધું. 'ગુરુદેવ' પધારતા ને ? ક્યારેપણ એમ સાંભળે કોઈની માંદગી વિશેષ છે. તો એના ઘરે જાય, હોસ્પિટલમાં જાય. આપણા (એક મુમુક્ષુ) માટે તો અહીં 'ભાવનગર' આવ્યા હતા.

કેમકે એ **'પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ તે**

પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે.' એને આધારબુદ્ધિ હોય છે ને ? મહાપુરુષ છે, મારા ગુરુ છે, એમના આશ્રયે મારો દેહ છૂટે છે. એ પ્રસંગ એને યાદ એમને તો આ સૂઝી ગયું હતું એટલે આગલી રાતથી જ તે એક જ રટણ હતું કે 'ગુરુદેવ'ને બોલાવી લ્યો... 'ગુરુદેવ'ને બોલાવી લ્યો... સવાર પડવી જોઈએ ને. રાત્રે કેવી રીતે આવે 'ગુરુદેવ' ? ચોવીસ કલાક પહેલાથી જ એ રટણ શરૂ થઈ ગયું હતું. બીજે દિવસે સાંજે સાડા સાત વાગે દેહ છોડ્યો હતો. 'ગુરુદેવ' પધાર્યા. બોલવાની અશક્તિ હતી. બહુ પ્રસન્નતા વ્યક્ત કરી. વેદના ઘણી હતી. અંતરની વેદના ઘણી હતી પણ પ્રસન્નતા એટલી કરતા હતા. તત્ત્વચર્ચા ચાલે તો પ્રસન્નતા બહુ વ્યક્ત કરતા હતા. 'ગુરુદેવ' પધારે તો બહુ પ્રસન્નતા થઈ ગઈ. કેમકે આખી રાત સૂતા નહોતા. રટણ જ થઈ ગયું હતું. એટલે સૂતા જ નહોતા. બે વાગે, ત્રણ વાગે તો છોકરાને ઉઠાડે. એક વાગ્યાથી. જો એલા ! સવાર પડી ગઈ લાગે છે. ઉઠ જલ્દી... ઉઠ જલ્દી... પછી 'ગુરુદેવે' ખાલી એટલું પૂછ્યું : દવા પીવો છો ? દવા લ્યો છો ? ઈશારો કર્યો. બોલી તો શકતા નહોતા એટલે ઈશારો કર્યો. 'ગુરુદેવ'ને કાંઈ ઉત્તરની અપેક્ષા નહોતી. 'જ્ઞાન સુધારસ પીજે.' 'આનંદઘનજી'નું એક પદ દોહરાવ્યું 'ગુરુદેવે'. 'જ્ઞાન સુધારસ પીજે' બહુ પ્રસન્નતા થઈ. કેટલા ? 'જ્ઞાન સુધારસ પીજે.' ત્રણ શબ્દો છે. એક વાક્યના ત્રણ શબ્દો. પણ એને તો અમૃત જેવું થઈ જાય ને ત્યાં ! સાંભળે એને તો અમૃત જેવું લાગે. એટલે એ બધો પ્રસંગ છે.

'જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મજરામરણાદિને નાશ કરવાવાળું...' કારણ કે સામાન્ય મુમુક્ષુને બીજો પુરુષાર્થ તો ત્યાં છે નહિ. **'જન્મજરામરણાદિને નાશ કરવાવાળું આત્મ જ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મજરામરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે,...'** નિશ્ચયે એટલે વિયોગ જ છે. **'પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે, કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડાકાળે પણ સ્વરૂપમાં સ્થિતિ કરે.'** જુઓ ! આ બીજી વાત એ લીધી છે કે પોતાનો એટલો પુરુષાર્થ ન હોય તો સત્પુરુષના આશ્રયે, એના લક્ષે દેહ છૂટે, તોપણ બહુ મોટો ફેર પડે છે એમ કહે છે.

આત્મભાવનાની છેલ્લી બે લીટી લખી છે. 'હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું, એમ

આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.' 'આત્મભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' એ આ આત્મભાવના છે. આ સિવાય પણ એક પત્ર છે. એ બહુ સારા પત્રો આવ્યા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ૬૯૩માં છે. એમાં નથી. એમાં તો નીચે ઓલું છે. એ તો જે છ જીવનિકાય અધ્યયનનો ઓલો દોહરાવીને પછી બીજી જ વાત છે. ૬૯૩માં તો માર્ગદર્શન છે. જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ અને ભક્તિમાર્ગનો ફેંસલો કર્યો છે. ૬૯૩માં. એ પત્ર બીજો છે.

હવે શું કહે છે અહીંયાં ? **'સમાગમમાં આવેલા મુમુક્ષુઓને શ્રી સોભાગનું સ્મરણ સહેજે ઘણા વખત સુધી રહેવા યોગ્ય છે.'** જે જે મુમુક્ષુએ એમનો પરિચય કર્યો છે એમને એમનું સ્મરણ જલ્દી ખસશે નહિ એમ કહે છે. ઘણા વખત સુધી એમનું સ્મરણ રહેશે. કે આપણી વચ્ચે કોઈ આવો પણ મહાન આત્મા હતો. એ રહેવા યોગ્ય છે એમ કહે છે. **'મોહે કરીને જે સમયે ખેદ થાય તે સમયે પણ તેમના ગુણોનું અદ્‌ભુતપણું સમરણમાં આણી...'** મોહે કરીને જે સમયે તમને ખેદ થાય તે સમયે તેમના ગુણોનું. તમને જ્યારે... એમ કે અમારા પિતાશ્રી છે, અમારા વડીલ છે, દાદા છે. એવો જ્યારે ખેદ થાય. એમ પોતાપણાને કારણે પણ ખેદ થાય ત્યારે પણ તેમના ગુણોનું અદ્‌ભુતપણું સ્મરણમાં આણવું. વડીપણું ન સ્મરણમાં રાખવું. અમારા હતા એમ સ્મરણમાં નહિ લેવું.

'તેમના ગુણોનું અદ્‌ભુતપણું સ્મરણમાં આણી મોહથી થતો ખેદ શમાવીને...' એ પ્રકારનો ખેદ શમાવવો. આ પ્રકારનો ખેદ કરવો પણ ઓલા પ્રકારનો ખેદ ન કરવો એમ કહે છે. ખેદ તો થશે. અત્યારે ઉદય એવો છે કે ખેદ થયા વગર તો નહિ રહે. પણ પ્રકારાન્તરે ખેદ થવો ઘટે છે એમ કહે છે. વડીલપણાના કારણે નહિ. એમના સદ્‌ગુણોના કારણે એ ખેદને શમાવીને **'ગુણોના અદ્‌ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્તાવવો યોગ્ય છે.'** કેવું સરસ માર્ગદર્શન આપ્યું !

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા એ જ વાત કરે છે. 'હૈદ્રાબાદ'માં આપણા પંચકલ્યાણક પ્રતિષ્ઠા વખતે (એક મુમુક્ષુએ) ઓચિંતા દેહ છોડ્યો. સ્વાધ્યાયમાં જ દેહ છોડ્યો છેલ્લી મિનિટે. બે મિનિટ જ બાકી હતી અને એમને હાર્ટફેઈલ થઈ ગયું. પ્રસંગ જ એવો હતો. જરા હાહાકાર થઈ જાય એવો. એ જ વિચારવું. કે એમનામાં કયા ગુણો હતા ? સામાન્ય મનુષ્ય તો ગુણ-દોષનું પૂતળું છે. એકલા ગુણો હોય એ પણ સંભવ નથી.

એકલા દોષો હોય મુમુક્ષુને એ પણ સંભવ નથી. મુમુક્ષુતામાં આવ્યો છે. સન્માર્ગે આવવાની એમણે ભાવના કરી છે. એ પણ એનો એક ગુણ તો છે ને ? મુમુક્ષુ છે એટલે. સન્માર્ગમાં આવવાનો તો એણે વિચાર કર્યો છે. તો આ ખેદના પ્રસંગે એમના ગુણોને સંભારે અને એ ગુણવાનનો વિયોગ થયો છે. એ પ્રકારે ખેદને એ દિશામાં વાળવો જોઈએ. એ વાત ચાલી ખરી. આ જ પ્રકારની વાત ચાલી.

'મોહે કરીને જે સમયે ખેદ થાય તે સમયે પણ તેમના ગુણોનું અદ્‌ભુતપણું સ્મરણમાં આણી મોહથી થતો ખેદ શમાવીને ગુણોના અદ્‌ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્તાવવા યોગ્ય છે.' મારા સગા ગુજરી ગયા માટે મને દુઃખ થાય છે એમ નહિ. ગુણવાનનો મને વિયોગ થાય છે એનું મને દુઃખ થાય છે. આમ એના ખેદનું અવલંબન બીજું લેવું. સંસાર સંબંધ મોહનો છે અને ગુણોનો સંબંધ એ મોહને કારણે નથી. ગુણોનો સંબંધ તો આત્મગુણનો આવિર્ભાવ કરવાની ભાવનાના કારણે છે કે મારે પણ એવા ગુણો પ્રગટ કરવા છે. એટલે એ પ્રકારે ગુણોને (સંભારીને) ખેદનું અવલંબન બદલી નાખવું એમ કહે છે. ખેદનો તો ઉદય છે. ખેદ જ થશે અત્યારે. પણ અવલંબન બદલી નાખવું. વડીલપણાનો ખેદ ન લેવો પણ ગુણની વાત લેવી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વાત છે.

'મોહે કરીને જે સમયે ખેદ થાય...' મોહે કરીને એટલે એના સગા છે એટલે મોહ છે ને ? મારાપણાનો મોહ છે. એમાં મમત્વને કારણે.

'તે સમયે પણ તેમના ગુણોનું અદ્‌ભુતપણું સ્મરણમાં આણી...' લાવીને. આણીને એટલે લાવીને. **'મોહથી થતો ખેદ શમાવીને ગુણોના અદ્‌ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્તાવવો યોગ્ય છે.'** આમ ખેદનું અવલંબન ફેરવી નાખવું. ખેદનું અવલંબન છે એ ફેરવી નાખવું.

મુમુક્ષુ :- નુકસાનીનો ધંધો લાભમાં લેવો

પૂજ્ય ભાઈશ્રી :- નુકસાનીનો વેપાર લાભમાં પરિણમી જશે. આમ જ્ઞાની કેવી કેવી રીતે માર્ગદર્શન આપે છે. કોઈપણ પ્રસંગે એમનો યોગ છે એ હિતકારી થઈ પડે છે. કોઈ પણ પ્રસંગ હો. પછી આવો અસાધારણ મૃત્યુ પ્રસંગ હો કે બીજો કોઈપણ પ્રસંગ હો.

મુમુક્ષુ :- ... આવતી કાલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. ઠીક છે. આવતી કાલે જેઠ વદ ૧૦ જ છે એમ ને ? એ તો આમેય પત્ર તો અધૂરો જ રહેવાનો છે. આપણે પહેલેથી ફરીને શરૂ કરશું. કાલનો

સ્વાધ્યાય દશમ છે અને પત્ર છે એ જ લીટીનો એ જ પત્ર છે. અને પાછો આપણે તો અધૂરો રહે એમ છે. બે મિનિટ માટે તો આટલુ...

'**આ ક્ષેત્રે આ કાળમાં...**' જુઓ ! હવે અભિપ્રાય આપે છે 'સોભાગભાઈ' ઉપરનો. '**આ ક્ષેત્રે...**' અત્યારે આ ક્ષેત્રે કાઠિયાવાડમાં અને '**આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે...**' મળે એટલે ભાગ્યે જ મળે એમ. '**એમ અમને વારંવાર ભાસે છે.**' એટલે અમને તો એવા યોગની ભાવના રહે છે. આવા પુરુષો મળે નહિ. આ કાળમાં આવા પાત્ર જીવો હોય નહિ, થાય નહિ એમ કહે છે. પણ અમને તો એવા 'સોભાગ' જેવા વિરલા પુરુષો મળે એમ અમને વારંવાર ભાસે છે. એટલે અમને પણ વારંવાર ભાવના થાય છે કે એવા પુરુષનો સત્સંગ રહે. એવા વિરલા પુરુષોનો અમે પણ સત્સંગ ચાહીએ છીએ. શરૂઆતના પત્રોથી જ એમના પ્રત્યે આ જ્ઞાનદશા થઈ ત્યારથી જ એમના પ્રત્યે સત્સમાગમ બહુ ઈચ્છ્યો છે. ૨૦૧ માં છે ઘણું કરીને.

મુમુક્ષુ :- ૨૬૩ પાને.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૬૪થી લઈએ. ગોપાંગનાઓનો જે પત્ર લખ્યો છે ને એ છે. પરાભક્તિનો જે પત્ર છે એ. ૨૬૪ પાને પહેલા Paragraphમાં ચોથી લીટીથી. '**અને એને લીધે આજની પરમ અદ્‌ભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઈ ગયા વિના રહેશે નહીં,...**' એટલે બનતા સુધી એ દિવસે એમને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો હોય એમાં .. એવી લાગે છે. એમ લાગે છે. '**એને લીધે આજની પરમ અદ્‌ભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઈ ગયા વિના રહેશે નહીં, અને વાસુદેવ હરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઈ જાય એવા લક્ષણના ધારક છે;...**' એટલે શુદ્ધોપયોગ તો પૂરો થઈ જાય. અને શુદ્ધાત્મા અંતર્ધાન થઈ જાય છે. પાછો વિકલ્પનો પડદો પડી જાય છે. આપના લખણ પણ જુઓને કેવા છે કે વાસુદેવ હરિના લખણ કેવા છે ? કે દર્શન દઈને પાછા અંતર્ધ્યાન થઈ જાય. ઊભા ન રહે વળી. આપણે એને રાખવા માગીએ તો રહે નહિ. એના પગ પકડીને બેઠા હોય તો પાછા અંતર્ધ્યાન થઈ જાય. હાથમાંથી પગ છૂટી જાય. એમની લાક્ષણિક પદ્ધતિ બહુ હતી ને.

'**માટે અમે અસંગતાને ઈચ્છીએ છીએ; અને તમારો સહવાસ તે પણ અસંગતા જ છે, એથી પણ વિશેષ અમને પ્રિય છે.**' અસંગતાથી પણ અમને તમારો સહવાસ વિશેષ પ્રિય છે. જુઓ ! એ ૨૦૧માં નાખ્યું છે. જ્યારે એમને નિર્વિકલ્પદશા થઈ ત્યારે પણ એમણે 'સોભાગભાઈ'ને પત્ર લખ્યો છે અને એમના સંગને ચાહ્યો છે. આગળ જે પત્રોમાં વચનાવલી લખી એના અનુસંધાનમાં પછી આ પત્ર લેશે...

તા. ૨૫-૬-૧૯૯૨, પત્રાંક - ૭૮૨
પ્રવચન નં. ૩૮૮

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર ૭૮૨. આજે જેઠ વદ ૧૦ છે. અને પત્ર પણ જેઠ વદ ૧૦ના 'સોભાગ્યભાઈ'ના દેહાંતને અનુલક્ષીને લખાયેલ છે. એમના પરિવાર પ્રત્યે પત્ર લખ્યો છે. પણ કોઈપણ આવા પ્રસંગે સંસારી સંબંધને લઈને જે ખેદ છે અથવા દુઃખ પહોંચે છે. આ પ્રસંગ તો આવ્યા વિના રહેવાના નથી. પ્રત્યેકના કુટુંબ-પરિવારમાં જેના જેના આયુષ્ય પૂરા થાય. ઉંમર નાની હોય કે ઉંમર મોટી હોય એની સાથે કાંઈ સંબંધ નથી. પણ જન્મ-મરણના પ્રસંગ તો દરેક પરિવારમાં સામાન્ય રોજનો ઘટનાક્રમ છે. સમજણમાં એમ હોય કે દુઃખ ન થાય તો સારું અથવા આવા પ્રસંગે દુઃખના પરિણામ થવાથી નવા કર્મબંધન થાય છે એવું જાણવા છતાં અભિપ્રાયમાં મમત્વ ચાલુ રહેલું હોવાને લીધે દુઃખ તો થયા વગર રહેવાનું નથી. ત્યારે એ ખેદને કેવી રીતે ... માઠા કર્મ ન બંધાય અને પ્રશસ્ત કર્મ બંધાય એ રીતે (પ્રસંગની) રીતે લઈ જવો. એવો એક 'સોભાગભાઈ'ના પરિવારમાં પણ માણસો સામાન્ય કક્ષાના હોવાથી, દરેક સામાન્ય મુમુક્ષુને પણ આ પ્રકાર લાગુ પડે છે. કેમકે એ તો જેવા સામે પાત્રો હોય એને અનુસરીને વાત કરે. પત્ર છે.

'**ધીરજથી સર્વેએ ખેદ શમાવવો,...**' તમારા બધાએ ધીરજ રાખીને, શાંતિ રાખીને બને તેટલો ખેદ શમાવવો. '**અને તેમના અદ્ભુત ગુણોનો અને ઉપકારી વચનોનો આશ્રય કરવો યોગ્ય છે.**' એમનું સ્મરણ આવ્યા વિના નહિ રહે. તો એ સ્મરણ એ રીતે કરવું કે એમનામાં ગુણો કેવા કેવા હતા. કેવા પ્રકારના એમના ગુણો હતા ? એ કેવા કેવા આત્મહિતકારી વચનોને પ્રકાશતા હતા ? આ બે વાતને યાદ કરવી, સ્મરણ કરવું. તો આ પ્રકારે એમનું સ્મરણ કરવું કે આત્મહિત માટે એ આપણને શું શું કહેતા હતા ? અને તેમનામાં પણ પરમાર્થની પ્રાપ્તિ માટેના કેવા ગુણો હતા ? એ વારંવાર આશ્રય કરવા યોગ્ય છે. આશ્રય એટલે એમનું અવલંબન કરવા યોગ્ય છે. તમારે એનો આધાર લેવા યોગ્ય છે. આશ્રય લેવા યોગ્ય છે એટલે આધાર લેવા યોગ્ય છે. એમના વચનોનો આધાર લેવો, એમના ગુણોનો આધાર લેવો.

મુમુક્ષુ :- ..ભાઈ હતા ત્યારે અનુકૂળતા રહેતી હતી, પરિવાર માટે આમ કરતા હતા, એ યાદ ન કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. (એમણે) અમને આમ લાભ કરી દીધો હતો. અમારે આવા પ્રસંગો પડ્યા હતા. એ કાંઈ મમત્વના સાંસારિક સંબંધોને સ્મરણમાં ન લેવા. એમના વચનો પણ આત્મહિતકારી વચનો કેવા હતા ? આત્મહિતકારી એમના ગુણો કેવા હતા ? એનું અવલંબન લેવું.

મુમુક્ષુ :- .. આત્મહિત .. ન હોય ...

પૂજ્ય ભાઈશ્રી :- એનું તો મમત્વ રાખવું પણ યોગ્ય નથી. કાંઈક પણ મમત્વ તો ધર્મીજીવને ધર્મના કારણે હોવા યોગ્ય કે રહેવાયોગ્ય છે. કેવળ સાંસારિક સંબંધ જ હોય એ તો વિસ્મરણ કરવા યોગ્ય છે. એ જીવ પરિભ્રમણ કરતો કરતો આપણા સંયોગમાં આવી ગયો. એ સંયોગ પણ પૂરો થયો. મનુષ્ય દેહે જે પ્રારબ્ધ ભોગવવાનું હતુ .. યોગ્યતા પ્રમાણે એના પરિણામ એણે કર્યા. આપણે કાંઈ સંબંધ નથી. એવા અનંત જીવો છે જગતમાં. પણ એવા અનંતા જીવો સાથે પોતાને પણ આવા સંબંધો સંયોગ-વિયોગના ભૂતકાળના અનંતવાર થઈ ગયા છે. કોનો કોનો ખેદ કરશે ? જીવ કોનો કોનો ખેદ કરશે ? અનંતા થઈ ગયા. ઉદય પૂરો થયો, વાત પૂરી થઈ ગઈ. આપણે તો ગુણથી મતલબ છે. આપણા આત્મગુણને નિમિત્ત થાય એનું અવલંબન લેવું. આત્મગુણો પ્રગટ થાય એમાં નિમિત્ત થાય એનું અવલંબન લેવું. બીજાનું અવલંબન લેવા યોગ્ય નથી. એટલી વાત છે.

મુમુક્ષુ :- પરિવારમાં એ તો ભાગ્યે જ પ્રસંગ હોય, જીવને સત્સંગ તો ભાગ્યે જ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે જીવને (સત્સંગ)નો પ્રસંગ ન હોય ત્યારે કેવળ મમત્વ રાગ પણ કર્યો હોય એવું નથી હોતું. દ્વેષ પણ આ જીવે કર્યો હોય. જ્યારે જ્યારે પોતાને અનુકૂળ સામા જીવની પ્રવૃત્તિ ન હોય ત્યારે નાનું બાળક હોય તોપણ એને મા-બાપ પ્રત્યે દ્વેષ આવે છે ને ? રિસાય જાય છે કે નહિ ? પાંચ વર્ષનું બાળક હોય અને એનું ધાર્યું ન થાય તો રિસાય જાય કે ન રિસાય જાય ? એટલે કેવળ રાગ કર્યો હોય છે એવું તો બનતું નથી. સંસારિક જીવોમાં જ્યારે ગુણ નથી અને અવગુણ તો કાંઈ લાવવા પડતા નથી. એવગુણ તો હોય જ છે. વળી સોએ સો ઈચ્છાઓ કોઈની પૂરી થાય એવું તો કોઈ દિ' કોઈનું બનતું નથી. ચક્રવર્તીને પણ બનતું નથી. ત્યારે રાગની જગ્યાએ દ્વેષ થયા વિના રહે નહિ. રાગનુ સ્થાન દ્વેષ લઈ જ લે અનિવાર્યપણે. હવે શું સંભારશો ? રાગ સંભારશો કે દ્વેષ સંભારશો ? એ કાંઈ સ્મરણ કરવા યોગ્ય નથી. ખરેખર તો એ સંબંધ વિસ્મરણ કરવા યોગ્ય છે. ધર્મના કારણભૂત જે સદ્‌ગુણો છે એ સદ્‌ગુણો વિસ્મરણ કરવા યોગ્ય નથી અને અવગુણો છે તે સ્મરણ કરવા યોગ્ય

નથી. એ તો સામે સામે ન્યાયનો વિષય થઈ ગયો કે ન થયો ? તોળવામાં આવે તો ન્યાય તો એમ જ તોળાય ને. એટલે એણે બધા મુમુક્ષુઓને એ ભલામણ લખી નાખી છે કે '**શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.**' જુઓ ! એટલું વચન આપ્યું છે. ભૂલી ગયા બધા.

મુમુક્ષુ :- ... કહી ગયા છતાં ભૂલી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- આજ્ઞા આપીને ગયા છે. કહી ગયા છે એ કરતા પણ ખરેખર તો આજ્ઞા આપીને ગયા છે.

મુમુક્ષુ :- ધાકડ ધાકડ માનીએ છીએ એ વાત...

પૂજ્ય ભાઈશ્રી :- કહે તો એમ જ કે અમે આ વાત માનીએ છીએ. અમે પણ કોઈ એક જગ્યાએ નાનો એવો ફોટો એમનો ટીંગાડેલો છે. વાત એટલી છે કે કોને કેટલી મુખ્યતા આપવી ? એ સમજવાનું છે. શાસ્ત્રમાં ઉપદેશ હજારોગમે છે કે નહિ ? હવે કયા ઉપદેશ વચનને મારે મુખ્યતા આપવી, આ આત્માર્થી જીવ સિવાય નિર્ણય ન કરી શકે. આત્માર્થી ન હોય તો એને એ ઠીક પડે એ વાતને મુખ્ય કરે, બિનજરૂરીને મુખ્ય કરે અને જરૂરી પડી રહે. પોતાના માટે જરૂરી વાત એકકોર પડી રહે અને બિનજરૂરી વાતને ઉપાડીને ફરે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં માર્ગ બતાવ્યો છે, મર્મ નથી બતાવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ મર્મ આ ચીજ છે. મર્મ એટલે શું ? કે પોતાને કામની ચીજ શું છે ? એ 'શ્રીમદ્‌જી'ના જ વચનો છે કે શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે. મર્મ જ્ઞાનીઓના હૃદયમાં રહ્યો છે. એ તો કહે જ્ઞાનીના આશ્રયે તને સૂઝે, એટલું આત્માર્થીપણું ન આવ્યું અને તને ન સૂઝે તો જ્ઞાનીના આશ્રયે રહેજે. તો તારે શું કામની ચીજ છે એ કહેશે. તારે નકામી હશે એની ના પાડશે કે એ વાતને તું છોડી દે. તારે કામની નથી. અને બહુભાગ આ જ બન્યું છે. મુખ્ય કરવા યોગ્ય ગૌણ થયું છે, ગૌણ કરવા યોગ્ય મુખ્ય થયું છે. એટલે ગાડી પાટે ચડી નથી. મુમુક્ષુની ભૂમિકામાં જ ગાડી પાટે ચડી નથી. આ પરિસ્થિતિ થઈ છે.

જુઓ ! કેવી સરસ વાત લખી છે. '**શ્રી સોભાગ મુમુક્ષુએ વસ્મરણ કરવા યોગ્ય નથી. સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે...**' સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જાણ્યું છે કે ખરેખર કોઈનો કોઈ સગો નથી. પોતાનો રાગ પોષાય તો પોતે રાગ કરે છે. પોતાનો રાગ ન પોષાય તો પોતે દ્વેષ કરી બેસે છે. એમાં સગો ક્યા રહ્યો ? સગા ઉપર દ્વેષ કરાય ? એ પ્રશ્ન જ નથી રહેતો. સગો તો સ્નેહને લઈને સગો છે. સગાઈ શેની છે ? સ્નેહની સગાઈ છે. પણ તારો રાગ ન પોસાય ત્યારે તું દ્વેષ કરે છો. આમાં સગાઈ રહી

ક્યાં ? તો સંસારનું સ્વરૂપ જ આવું છે. બધા જીવો, સંસારી જીવો એવા છે પોતાનો રાગ અનુકૂળતા પોસાય તો સામે રાગ રાખે, નહિતર દ્વેષ કરતા એને વાર નહિ લાગે. એક સેકન્ડમાં પરિણામ રાગમાંથી દ્વેષમાં પલટી જાય.

મુમુક્ષુ :- આ જ્યારે આવો જ સ્વભાવ છે સંસારી જીવનો તો આમાં આશ્ચર્ય કરવા જેવું તો કાંઈ છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- આશ્ચર્ય કરવા જેવું નથી અને એની પાછળ મમત્વ કરીને આ જીવે મરવા જેવું પણ નથી. સામાન્ય વાત થઈ ગઈ એટલે આશ્ચર્યનો તો સવાલ જ નથી. પણ આ જીવ ભૂલ શું કરે છે કે મારા-મારા કરીને એની પાછળ બધું ખોઈ બેસે છે. આખો મનુષ્યભવ હારી બેસે છે. એ પોતાના અનંત મરણને નોતરું આપવા બરાબર છે, આમંત્રણ આપવા બરાબર છે. માટે લટકતી સલામ રાખવી. લટકતી સલામનો અર્થ ખબર છે ? સામા મળે, પતી ગયું. પછી કાંઈ લેવા કે દેવા. એમાં પ્રસંગ પડ્યો તો પ્રસંગોચિત વ્યવહાર કરી લીધો. આગળ-પાછળ કાંઈ લટાકો રાખવાનો નહિ. વાત પૂરી. પણ પોતે લાળ લંબાવી... લંબાવી... લંબાવીને, મમત્વ કરી કરીને પોતાના આત્માને પાર વિનાનું નુકસાન કરે છે એ કરવા જેવું નથી. જો સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જાણ્યું હોય તો. હજી આત્માનું સ્વરૂપ જાણવું તો એક બાજુ રહ્યું. પણ રોજ તને અનુભવ થાય છે આ તો. રાગ-દ્વેષના પ્રસંગોનો રોજનો અનુભવ છે આ તો. દિવસમાં સો વાર, દસ વાર.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં આવી વાત ધ્યાનમાં આવે છે પણ અભિપ્રાયમાં ઓલી બાજુથી આશા રહી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અભિપ્રાય ફરતો નથી. સમજણમાં વાત આવવા છતાં અભિપ્રાય ઘડતો નથી, અભિપ્રાય ફેરવતો નથી. આ જ મુશ્કેલી છે. સ્વાધ્યાય એટલા માટે જ્ઞાનીઓએ ઉપદેશ્યો છે કે ફરમાવ્યો છે કે કોઈ રીતે પણ તું અમારા અભિપ્રાય અનુસાર તારો અભિપ્રાય ઘડ. તો તારી શ્રદ્ધા ફરશે. નહિતર શ્રદ્ધા નહિ ફરે કોઈ દિવસ.

'સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી કે અપ્રાપ્તિથી હર્ષશોક થવા યોગ્ય નથી,...' કોઈ પોતાના પ્રત્યે દ્વેષ કરે તોપણ એને એના પ્રત્યે એટલો દ્વેષ થાય નહિ. રાગ કરે તોપણ એના પ્રત્યે એને એટલો રાગ આવે નહિ. એટલો રાગનો ઉદય છે. સંસારનું સ્વરૂપ જ એવું છે કે રાગ પલટો મારશે એટલે દ્વેષ કરી બેસશે. આપણે તો લટકતી સલામ રાખો. ભિન્ન-ભિન્ન સંબંધ છે ત્યારે સંબંધ નથી એનું ભાન રાખવું. સંબંધ જ્યારે વિદ્યમાન છે, ઉદય વર્તી રહ્યો છે ત્યારે જ સંબંધ નથી એ ભાનમાં રાખવું જરૂરી છે. પછી કાંઈ તકલીફ નથી. અને નહિતર તકલીફનો

પાર પણ નથી.

મુમુક્ષુ :- આચરણમાં ... જ્ઞાનીઓ કેટલા ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીઓ એક હોય તોપણ અનંત અજ્ઞાનીઓ કરતા એની કિંમત વધારે છે. સંખ્યાએ કિંમત માપવી નહિ. કદી પણ સંખ્યાથી કિંમત માપવી નહિ. સોનું અને હીરા લોઢા કરતા જગતમાં ઓછા જ હોય હંમેશા. લોઢું જ વધારે હોય. પણ એથી કાંઈ લોઢાના ભાવ વધારે આપે કોઈ ?

મુમુક્ષુ :- .. ઘઉંમાંથી કાકરા ગોતવા નથી, કાકરામાંથી ઘઉં કાઢવાના છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપણે તો આપણા માટે શું કરવાનું છે એ જોવાનું છે. આપણે જગતનો વિચાર કરીએ છીએ એવો પરલક્ષી વિચાર કરવાની આદત આત્માને નુકસાન કરનારી છે. આપણો વિચાર કરવો કે આપણામાં અવગુણરૂપી કાંકરા કેટલા ? ગુણમાં અવગુણરૂપી કાંકરા કેટલા ? એ આપણામાં જોવાનું છે.

'સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે...' તેવા જ્ઞાનીઓને તો **'સંસારના પદાર્થની પ્રાપ્તિ...'** થાય કે અનુકૂળ થાય, અપ્રાપ્ત થાય કે પ્રતિકૂળ થાય તો તેથી તેને **'હર્ષશોક થવા યોગ્ય નથી, તોપણ...'** કારણ કે સંસારનું સ્વરૂપ જ અનિત્ય છે. સંયોગ-વિયોગ એ નિશ્ચિત થયેલી વાતો છે. એમાં વિશેષ હર્ષશોક કરવા યોગ્ય નથી. **'તોપણ એમ જણાય છે કે...'** હવે તો પોતાના પરિણામને પણ સાથે લે છે ને. **'તોપણ એમ જણાય છે કે સત્પુરુષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ હર્ષ અને તેમના વિયોગથી કંઈ પણ ખેદ અમુક ગુણસ્થાનક સુધી તેમને પણ થવા યોગ્ય છે.'** આ પોતાની વાત લખી કે અમે તો સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જાણ્યું છે. અમે તો સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જાણ્યું છે.

અમારા આત્મા માટે ઈચ્છીએ છીએ એ જ અમે સર્વ આત્માઓ માટે ઈચ્છીએ છીએ. અમારા પરિવાર અને અમારા દેહ માટે જે ઈચ્છીએ છીએ એ જ જગતના જીવો માટે અમે ઈચ્છીએ છીએ. એવો સમભાવ કેળવ્યો છે. મારું-તમારું કાંઈ નથી રાખ્યું. તોપણ સત્પુરુષનો સંયોગ અમને પણ હર્ષનું કારણ થાય છે. સત્પુરુષનો વિયોગ અમને પણ ખેદનું કારણ થાય છે. એ તો અમુક ગુણસ્થાન સુધી થવા યોગ્ય છે. મુનિદશા પહેલાં અથવા ઉત્કૃષ્ટ શ્રાવક દશા થયા પહેલાં જ્યાં સુધી ગૃહવાસ છે ત્યાં સુધી એ પરિણામ થવા યોગ્ય છે. જ્યારે વીતરાગતાને લઈને ગૃહવાસ છૂટે. ઉત્કૃષ્ટ શ્રાવકપણું ... ગ્રહણ કરવાનું રહે છે. અને મુનિદશામાં કોઈપણ પ્રસંગ બને તો પછી એને કાંઈ લેવા-દેવા નથી. એ છાપામાં વાંચે એવી રીતે ખબર પડે એને. કેવી રીતે ? અત્યારે જેમ છાપામાં ખબર પડે ને ? ઘાંચી મરણ. વાંચે કે કયો ઘાંચી મરી ગયો ?

કાંઈ નહિ. ચાલો આગળ. બીજું શું છે ? એમ એ એના પરિવારનું એને કાંઈ સંભળાય, ભૂતકાળના પરિવારનું. એટલું જ લાગે. કેટલું લાગે ? જેટલું ઘાંચી મરણ લાગે એટલું લાગે. મારે કાંઈ સંબંધ નથી. ગૃહવાસ સુધી છે. એ એના પોતાના મમત્વને કારણે લાગે છે. એમ મુમુક્ષુને પણ અથવા જ્ઞાનીને પણ અમુક ગુણસ્થાન સુધી પોતાના પરિવારના કોઈ ધર્માત્માના વિયોગની એના પરિણામ ઉપર અસર આવે છે.

શું કહે છે ? કે સંસારના સંબંધીનો તો ખેદ કરવા યોગ્ય નથી. પણ સત્પુરુષનો વિયોગ થાય તો એ ખેદ થવા યોગ્ય છે એમ કહે છે. અમુક ગુણસ્થાન સુધી એ ખેદ થવા યોગ્ય છે. એ સ્વસ્થાનના પરિણામ છે. એ અસ્થાનના પરિણામ નથી. ન થાય તો પછી બરાબર નથી પાછું. પ્રશસ્ત દ્વેષ ન થાય તો એ યોગ્યતા બરાબર નથી.

મુમુક્ષુ :- ખેદ થવાનું શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :- ખેદ થવાનું કારણ આત્મલાભના નિમિત્તનો વિયોગ થયો. આત્મલાભ થવામાં જે નિમિત્ત હતા એનો વિયોગ થયો. આત્મિક દૃષ્ટિએ પોતાનો લાભ ઘટ્યો. નિમિત્ત નૈમિત્તિક રીતે. અભિપ્રાયમાં તો જુદી વાત છે. બહારમાં સંયોગમાં એ પ્રકારનો રાગ આવ્યા વિના રહે નહિ. વિયોગમાં દ્વેષ આવ્યા વિના રહે નહિ. દ્વેષ એટલે અહીંયાં ખેદ, દુઃખભાવ લેવો.

મુમુક્ષુ :- વ્યક્તિનો વિયોગ નહિ વ્યક્તિ જવાથી મારા આત્માને કાંઈક હાનિ થાય છે. ..

પૂજ્ય ભાઈશ્રી :- હા હાનિ થાય છે, મારો લાભ ઘટ્યો એમનો સંયોગ થયો. મારી કોઈ યોગ્યતા એવી હતી જે એમનો સંયોગ થતા મારા ઉપાદાનમાં વિશેષ કરીને પરિણામોમાં આત્મલાભ થવાના પ્રકારો ભજતા હતા એ લાભ મારો ચાલ્યો ગયો. અથવા મારી આત્મરુચિને પોષણ મળે, મારી આત્મરુચિને પોષણ મળે (એવું નિમિત્ત) ચાલ્યુ ગયું. એ પોતાની રુચિને પોસાતું નથી. એટલે એનો ખેદ થયા વિના રહે નહિ. સ્વભાવિકપણે થાય છે.

''**આત્મસિદ્ધિ' ગ્રંથ તમારી પાસે રાખશો.**' જે 'આત્મસિદ્ધિ' લખીને મોકલી છે ને ? ગયા આસો મહિનામાં લખ્યું હતું. પછી આ જેઠ મહિનામાં દેહાંત છે. આસોમાં 'નડિયાદ'માં હતા. ૨૯મા વર્ષે.

મુમુક્ષુ :- ૭૮૦માં એમ આવ્યું ને મોકલ્યું છે. 'આત્મસિદ્ધિ' પ્રાપ્ત.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'આત્મસિદ્ધિ' તો પહેલા મોકલી દીધું છે. લખીને તરત જ એમને. પછી તો એ પ્રત છે ને નકલ કરી હશે.

મુમુક્ષુ :- .. ઉપદેશ પત્ર આ ટપાલમાં મોકલી

પૂજ્ય ભાઈશ્રી :- '**આત્મસિદ્ધિ ગ્રંથ તમારી પાસે રાખશો.**' કેમકે original એને જ મોકલેલો હતો. જે પોતાના હાથે લખેલો હતો એ original ગ્રંથ 'સોભાગભાઈ' માટે લખ્યો હતો અને 'સોભાગભાઈ'ને મોકલેલો. પછી એની નકલ થઈ થઈને બીજા મુમુક્ષુઓ પાસે ગયેલી. original એની પાસે રહેલો છે. 'સોનગઢ'ના આપણા સ્વાધ્યાય હોલમાં એમના હસ્તાક્ષરે જે 'આત્મસિદ્ધિ' લખાયેલી છે એનો Block બનાવીને જે પ્રસિદ્ધ થયું છે એ મઢાવીને રાખેલો છે. અત્યારે જે સ્વાધ્યાય હોલમાં જીવન પરિચય આવી ગયો ને ? એની પાછળ. એટલે 'ગુરુદેવ'ના રૂમની જે દિવાલ છે, ત્યાં જે કબાટ છે એ કબાટની બાજુમાં 'કૃપાળુદેવ'ના હસ્તલિખિત 'આત્મસિદ્ધિ' મઢાવીને રાખેલી છે. રૂમમાં બધું જોયેલું ધ્યાનથી. એક એક દિવાલ, એક એક વચનોને ધ્યાનથી શરૂ શરૂમાં અભ્યાસ કરવાની દૃષ્ટિ ...

''**આત્મસિદ્ધિ' ગ્રંથ તમારી પાસે રાખશો. ત્રંબક અને મણિને વિચારવાની ઈચ્છા હોય તો વિચારશો;...**' તમારો ભાવ હોય તો એમ કહે છે. એ તમારા માટે થોડો અઘરો ગ્રંથ છે તોપણ ઈચ્છા હોય તો વિચારશો. '**પણ તે પહેલાં કેટલાંક વચનો અને સદગ્રંથો વિચારવાનું બનશે તો આત્મસિદ્ધિ બળવાન ઉપકારનો હેતુ થશે,...**' એ પહેલા કાંઈક તમને સમજાય એવું વાંચશો તો વધારે અનુકૂળ પડશે '**એમ લાગે છે.**' આમાં તમારી યોગ્યતા માટે આ મારો અભિપ્રાય છે.

હવે 'સોભાગભાઈ' માટે છેલ્લું એક વચન લખે છે કે, '**શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય,...**' જુઓ ! અને '**મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.**' તમને એના સદ્‌ગુણોનો કેટલો ખ્યાલ હશે એ તમે જાણો. હું તમને કેટલો ખ્યાલ આપું છું એમ કહે છે. એમની એક તો સરળતા હતી. એ સરળતા અસાધારણ હતી. અસાધારણ સરળતા હતી 'સોભાગભાઈ'ની. અને મુમુક્ષુની ભૂમિકામાં આ એક બહુ મોટો સદ્‌ગુણ છે. મુમુક્ષુની ભૂમિકાનો કોઈ મોટો સદ્‌ગુણ હોય તો આ સરળતાનો છે. અવગુણ હોય તો વક્રતાનો છે. અને એ વક્રતા પરિણામને અંતર્મુખ થવા નહિ દે. વક્રતા એટલે તિર્યક આડું ચાલવું. વક્રતા એટલે આડું ચાલવું. આડા ભાવે દ્રવ્ય પણ આડું થઈ જાય છે. તિર્યંચ ગતિમાં ચાલ્યો જાય છે. એટલે વક્રતા ત્યાગવા યોગ્ય છે. ભલે એકવાર સરળતા રાખતા નુકસાન થતું હોય. અમથી-અમથી તો વક્રતા ન કરવી, પણ એક વાર વક્રતા છોડતા અને સરળતા રાખતા પોતાને નુકસાન થતું હોય, દુનિયાદારીની દૃષ્ટિએ, સંયોગની દૃષ્ટિએ, તો સહન કરીને સરળતા રાખવી.

કોઈવાર તો એમ કહે કે, ભાઈ ! સરળતાથી પાછુ નુકસાન થઈ જાય છે. માટે અમુક તો આપણે પેક રહેવું જોઈએ. પેક એટલે શું ? વક્રતાવાળા રહેવું જોઈએ. ઠીક !

ખરેખર સહેજે સરળતા રહેતી હોય તો નુકસાન છે એ સરળતાને કારણે નથી. એ તો એવા જ પૂર્વ કર્મના યોગાનુયોગનું કારણ છે. એમ લેવું. કેમકે ગુણ નુકસાનનું કારણ થાય નહિ. ગુણ નુકસાનમાં નિમિત્ત પડે નહિ. અવગુણ જ નુકસાનમાં નિમિત્ત પડે. એવું નિમિતતત્ત્વ ગુણ-અવગુણનું સ્વયં રહેલું છે. જેમ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ કોઈને દુર્ગતિમાં નુકસાન પડે નહિ, કોઈને આત્મામાં આત્મિક નુકસાન થાય એવું નિમિતત્ત્વ જેનામાં નથી. તો પછી 'ઋષભદેવ' ભગવાનની વાણી નીકળી અને એનાથી નુકસાન થયું એ વાત વિચારવા જેવી નથી. લોકો જાડું જાડું બોલી જાય ને ? મોક્ષ ગતિ પણ બંધ હતી અને નરક ગતિ પણ બંધ હતી. ભગવાનની વાણી નીકળી ત્યારે બેય ગતિ ચાલુ થઈ ગઈ. તો વાણીને કારણે બે ગતિ ચાલુ થઈ ? વાણીના કારણે એક જ ગતિ ચાલુ થઈ છે. પણ જે જીવો પોતાની અયોગ્યતાને વશ ઊંધા પડ્યા, જેને ઊંધા વિચાર આવ્યા તે નરકગતિમાં ચાલ્યા ગયા. પોતાને કારણે ગયા છે, વાણીના નિમિત્તે નહિ. એમ લેવું.

મુમુક્ષુ :- શરૂઆત કરવી હોય તો સરળતા ગુણ પહેલાં હોવો જોઈએ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં સરળતા આવે. કેમ ? કે પૂર્ણ શુદ્ધ થવું છે. પૂર્ણ શુદ્ધ થવું છે એને સરળતા તો પહેલાં આવે છે. પહેલે ધડાકે સરળતા પ્રગટે.

મુમુક્ષુ :- પછી હું સરળતા કરી લઈશ. પછી સરળતા કરીએ તો ? પહેલા પૂર્ણતાનું લક્ષ કરીએ. એ ચાલે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતાનું લક્ષ પહેલા કરવું એમાં તો કંઈ પ્રશ્ન જ નથી. સરળતાદિ ગુણો આપોઆપ આવ્યા વિના રહેશે નહિ. પૂર્ણતાના લક્ષે સરળતાદિ ગુણો આવ્યા વિના રહેશે નહિ.

'**શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય,...**' આત્મકલ્યાણ માટેનો દઢ નિશ્ચય. જુઓ ! એમને ખ્યાલ છે કે આ જીવ આત્મહિત કરવા માટે દઢ નિશ્ચયી હતો. દઢ મોક્ષેચ્છા હતી એને. લ્યો ! એટલે એમ કહ્યું કે એમણે પૂર્ણતાનું લક્ષ બાંધ્યું હતું. સત્પુરુષ પ્રત્યેની આજ્ઞારુચિરૂપ સ્વચ્છંદ નિરોધપણાની એમને પરમ ભક્તિ અને વિશ્વસનીયતા સંપાદન કરી. પહેલું સમકિત એમને પ્રાપ્ત હતું. ત્યાર પછી બીજું અને ત્રીજું છેલ્લા દિવસોમાં એમણે પ્રાપ્ત કર્યું. પણ એ પહેલું હતુ તો બીજું થયું. પહેલું પગથિયું ન હોય અને બીજું થાય એ અહીંયાં બનતું નથી. ક્રમવિપર્યાસથી કામ નથી થતું. ક્રમે કામ થાય છે. વિજ્ઞાન છે ને ? આ તો Science છે.

'**પરમાર્થ સંબંધી નિશ્ચય,...**' સરળતા, નિશ્ચય અને '**મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા...**' લ્યો ! આ એક ગુણ હતો એમનામાં. એવું નથી કે સાધન-સંપન્ન હોય

અને બીજાને બે પૈસાની મદદ કરે તો એને ઉપકાર કર્યો ગણાય. એ તો ખરેખર...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ નહિ. ખોટી વાત છે. તો પછી જેની પાસે અનાજ ન હોય એ ઉપદેશ આપી જ ન શકે ને પછી. જેની પાસે અનાજ ન હોય એ ઉપદેશ જ ન આપી શકે ને ?

મુમુક્ષુ :- ખાધા વગર ઉપદેશ કેવી રીતે આપે ?

પૂજ્ય ભાઈશ્રી :- ખાધા વગર કે ખવરાવ્યા વગર ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ ખવરાવવાની સ્થિતિ જ ન હોય તો શું કરવું ? ઉપદેશ બંધ રાખવો ? વીતરાગ થયા, મુનિ થયા, નિર્ગ્રંથ થયા, જિનેશ્વર થયા. એ પહેલાં ખવરાવવા બેસે બધાને ? તુ ભૂખ્યો છો પહેલા જમી લે. લે હું તને લાવી દઉં થોડું. પછી તને ઉપદેશ આપીશ. એમ કરે ? એ એમ કહે છે કે હું ખાતો નથી. હું ખાતો નથી અને આ ઉપદેશ ખાધા વગર જ ગ્રહણ કરવાની ચીજ છે. તમારા જેવા જ એક ભાઈ અમને મળી ગયા હતા. ઘણાં વર્ષ પહેલાની વાત છે. (એક મુમુક્ષુ)ની દુકાને ...માં બેઠા હતા ત્યાં તત્ત્વચર્ચા કરતા હતા. અમારી તત્ત્વચર્ચા સાંભળે એમાં આમના જેવા કોઈ ... ભેગા થઈ ગયા. ભૂખ્યા પેટે આવી વાતો થાય ? કહે. મેં કીધું ભાઈ જુઓ. (મુમુક્ષુએ) જવાબ દીધો. હું નહોતો કાંઈ બોલે. જેણે આ વાતો કરી છે ને એવા અમારા જિનેશ્વર અને અમારા મુનિઓ જેને અમે વંદન કરીએ છીએ, એણે તો પોતે ભૂખ્યા પેટે જ આ વાત કરી છે. એણે પેટ ભરીને વાત નથી કરી.

જગતમાં જે પહેલાં પેટ ભરવાની વાત છે ને. સૌથી પહેલાં પેટ ભરો. પોતે પેટ ભરે છે ને ? એટલે સૌથી પહેલાં પેટ ભરો.. સૌથી પહેલા પેટ ભરો... સૌથી પહેલા પેટ ભરો... એ ધૂન લાગી જાય છે. છોડ કહે છે આ રસ્તો બીજો છે. ગપ્પા ચાલે એવું નથી આમાં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બહુ ગપ્પા ચાલ્યા છે એવા. એ ગરી જાય મગજમાં. એવું બધું વાંચ્યુ અને સાંભળ્યું હોય ને એટલે એ બધા ભૂસા ભરાય જાય. એવી વાત છે. મૂંઝવણ થાય એવું છે. આ વાત સાંભળીને એ બધું ભરાય ગયું હોય એને મૂંઝવણ થાય એવું છે. કાંઈ વાધો નહિ. આવ્યા છો ઠેકાણે, એનો વાંધો નથી. આ રસ્તો જે 'ગુરુદેવે' પ્રકાશિત કર્યો છે એ અલૌકિક માર્ગ છે. જગતમાં અત્યારે એ વાત ક્યાંય નહોતી. ભૂતકાળમાં હતી. તીર્થંકરોએ પ્રસિદ્ધ કરેલી. પણ અત્યારે ક્યાંય નહોતી એ

વાત એમણે પ્રસિદ્ધ કરી છે. ઘરે ઘરે એ વાત ચાલતી થઈ ગઈ.

મુમુક્ષુ :- આ પત્ર અંબાલાલભાઈનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઠીક છે. 'અંબાલાલભાઈ'એ પત્ર લખેલો તે. વાંચવો છે ?

મુમુક્ષુ :- સાહેબ ! આમાં લખ્યું છે '**શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી.**' નીચેથી નવમી લીટી. આપણે ચાલુ વાચ્યું એ. એટલે દરેક સમ્યગ્દૃષ્ટિઓને વિસ્મરણ કરવા યોગ્ય નથી. એમાંથી લાભ મળે એમ આવું ગયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો છે જ.

મુમુક્ષુ :- અત્યારના ચારેય જ્ઞાનીઓ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- જે સમીપવર્તી હોય, જેના વચનામૃત ઉપલબ્ધ હોય એ વિસ્મરણ કરવા યોગ્ય નથી. જેમ કે 'કૃપાળુદેવ'ના ઉત્કૃષ્ટ પાત્ર જે હતા. તો એમને ભલામણ આપી કે મુમુક્ષુનું વિસ્મરણ ન કરવું. એમ 'ગુરુદેવ'ના આશ્રયમાં જે ઉત્કૃષ્ટ પાત્ર જ્ઞાની થયા હોય તે વિસ્મરણ કરવા યોગ્ય નથી. તે આપોઆપ આવી ગયું. આપો આપ એ આવી ગયું.

મુમુક્ષુ :- એ ચાલે ચાલ્યા એમ ચાલવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- એના રસ્તે ચાલવું હોય તો એમ જ છે.

મુમુક્ષુ :- ત્રંબકભાઈને અને મણિભાઈને જે કેટલાક ઉપદેશ વચનો અને ... .. એમ લખ્યું છે ...એમને જિજ્ઞાસાથી પત્ર લખીને બોલાવ્યા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- ... પત્ર વ્યવહાર ચાલ્યો છે. પણ 'કૃપાળુદેવ'ની અંતરગદશા કોઈ વિશેષ એવી થઈ ગઈ છે કે એમનો જે પત્રવ્યવહારનો જે સિલસિલો હતો એ ઘટી ગયો. જે પત્રો ૨૪મા વર્ષમાં, ૨૫માં વર્ષમાં, ૨૬, ૨૭ વર્ષ સુધી દેખાય છે. એ પછી આગળના વર્ષોમાં એ પત્રોની સંખ્યા ઘટી ગઈ. એ પત્ર લખવાનો વિકલ્પ જ નથી આવતો, કોઈને ઉત્તર દેવાનો પણ વિકલ્પ નથી આવતો. એટલે ક્યાંક ક્યાંક એમણે એમ લખ્યું છે. 'ત્રંબકભાઈ' અને 'મણિભાઈ' ઉપરના પત્ર જે મળ્યા છે. મારા પત્ર ન મળે તો તમે કાંઈ વિશેષ નહિ લગાડતા. મારી કોઈ વર્તમાન પરિસ્થિતિ એવી છે કે હું પત્રો જ ઓછા લખું છું. એમ એકાદ-બે જગ્યાએ ઉલ્લેખ મળે છે. મૂળ તો શું છે કે 'સોભાગભાઈ' જેવાના પણ દસ ટકા પત્રો ઉપલબ્ધ નથી. ...

મુમુક્ષુ :- .. લાભ ઘણો છે. 'ત્રંબકભાઈ'ને અને 'મણિભાઈ'ને જિજ્ઞાસા ... ઉલ્લેખ કર્યો છે, ધ્યાન દોર્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં શું છે કે પોતે કેટલું વજન આપે છે. એના ઉપર આધાર છે. એને એમ થાય કે મારા માટે વ્યક્તિગત રીતે આવો ઉલ્લેખ કર્યો છે તો મારે

એ વાત પાછળ પડી જવું જોઈએ. એવું ધ્યાન જાય તો એ ઘણો પોતાના આત્માનો વિચાર સાધી શકે છે. પણ એવું ધ્યાન ન ગયું અને હળવાશમાં Lightly લઈ લીધું હોય. બહુભાગ તો માણસ એમ કરે છે. પોતાના વિષયની વાત હોય તો એટલી ગંભીરતાથી ન લે. અને એટલી ગંભીરતાથી ન લે એટલે પછી એને લઈને જે ગુણ થવો જોઈએ એ ન થાય.

મુમુક્ષુ :- એના પછી આઠ પત્રો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આઠ જ પત્રો છે ? એમના પરિવાર સાથે થોડો પત્રવ્યવહાર તો ચાલે છે.

'સોભાગ્યભાઈ' એમના જીવનમાં બીજા મુમુક્ષુઓ પરમાર્થને પામે એ પ્રકારની એમની પણ પરિણામની પ્રવૃત્તિ રહ્યા કરતી હતી. પારમાર્થિક, વ્યવહાર પરમાર્થ જેને કહેવામાં આવે છે. એ પારમાર્થિક વ્યવહાર પણ હતો.

મુમુક્ષુ :- આમ તો સાહેબ જ્ઞાનીને અન મુમુક્ષુને દરેકનો એમ થાય ને કે બધા પામો.

પૂજ્ય ભાઈશ્રી :- થાય જ ને. મુમુક્ષુ એટલે જ્ઞાનીના રસ્તે ચાલવા ઈચ્છતો જીવ. એનું નામ મુમુક્ષુ. એટલે એ જ્ઞાનીનું જ અનુસરણ કરે. જ્ઞાની કહે એટલે એની આજ્ઞા શીરોધાર્ય કરે.

'સોભાગ્ય'નું અપૂર્વ સમાધિમરણ એ title નીચે એમણે ડો. 'ભગવાનદાસ ...' કરીને મુમુક્ષુ છે એમણે ગ્રંથ લખેલો છે. 'મનસુખલાલ કીરતચંદ' જે 'મોરબી'ના છે એ 'શ્રીમદ્‌જી'ના પ્રત્યક્ષ પરિચયમાં આવેલા સાક્ષર હતા. જેમને કેટલાક ગ્રંથોમાં સુધારા-વધારાનું કામ સોંપતા હતા. એમના આ પુત્ર છે. એ પોતે પણ સાક્ષર છે. એમણે 'અધ્યાત્મ રાજચંદ્ર' નામનો એક બહુ મોટો ગ્રંથ 'શ્રીમદ્‌જી'ના જીવન ઉપર લખેલો છે. ૧૦૮ પ્રકરણ લખ્યા છે. એમાં આ પ્રકરણ ચાલ્યું છે. પ્રકરણ પૂરું કરતા પહેલા એમ લખે છે કે આવી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અસંગ આત્મામાં સમાધિ, અદ્‌ભુત રત્નત્રયનો ઉદ્‌બોધ કરનારી 'સોભાગ્ય'ને અંતિમ આરાધના કરાવતી આવી અદ્‌ભુત છે 'શ્રીમદ્'ની આ પરમ અમૃત પત્રરત્નત્રયી. ત્રણ પત્ર અને ત્રણ રત્ન એવું નામ આપ્યું છે.

મુમુક્ષુ :- આપણે આ ત્રણ પત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- આ જે ફરી ફરીને વાંચ્યા એ ત્રણ પત્રો રત્નત્રયી એમ લખ્યું છે.

'શ્રીમદ્'ની આ પત્રરત્નત્રયીની 'સમયસાર' આદિ શાસ્ત્ર રહસ્યના જાણ પરમાર્થ પ્રેમી 'સોભાગ્ય'ના આત્મા ઉપર અજબ ચમત્કારિક અસર થઈ. આ ત્રણ પત્રોની

'સોભાગ્યભાઈ' ઉપર બહુ અસર થઈ. કેવા હતા 'સોભાગ્યભાઈ' ? કે 'સમયસાર' આદિ શાસ્ત્રના રહસ્યના જાણનારા હતા. તેનું સૂચન 'સોભાગ્ય'એ જેઠ વદી ૩ના દિને 'શ્રીમદ્' પર લખેલા આ પત્રમાં જોવા મળે છે. હવે 'સોભાગભાઈ'ને શું પત્ર હતો જેઠ વદ ૩. એટલે એક અઠવાડિયા પહેલા.

આપનો કૃપાપત્ર સેવક સંભાળ લેવા આવ્યો તે પહોંચ્યો છે. આપ સાહેબે આત્મા વિષે લખ્યું તો આપની કૃપાથી ઘણું કરીને મારા ધારવા પ્રમાણે તેમ જ વર્તે છે. આપ સાહેબે આત્મા વિષે લખ્યું એવા જ પરિણામ મારા આત્માને વિષે હવે વર્તે છે. જ્ઞાનદશા પ્રાપ્ત થઈ ગઈ છે. અઠવાડિયા અગાઉ. આ પત્ર લખે છે એ પહેલા દસેક દિવસ અગાઉ તો એમને સ્વાનુભવ થયો છે. એટલે એવી જ દશા વર્તે છે. અને મારા આત્માને તેમ જ ભાસે છે. આપની કૃપાથી મોહ હવે કાંઈ નથી. હવે કુટુંબ પ્રત્યેનો કોઈ મોહનો વિચાર નથી. દેહ છૂટો પડી ગયો પછી કુટુંબની ક્યાં વાત કરવી ? મારો દેહ છૂટો પડી ગયો છે હવે. અને એક આપનો આધાર જ છે. કાંઈક વિચાર આવે છે એ પરમ ઉપકારી હોવાથી, પરમાત્માથી પણ વિશેષ ઉપકાર આપે કરેલો હોવાથી. કેવો ? અનંત તીર્થંકરોથી અધિક. કાંઈક આધાર તો આપનો છે.

સહજાત્મ સ્વરૂપ સ્વામીનું વિસ્મરણ દિ ને રાત રહ્યા કરે છે. હવે આપ સ્વીકારો તે ખરું. મારા પરિણામ તો આપ જે માન્ય કરો તે ખરું. મારે કાંઈ એમાં કહેવાનું હોતું નથી. હું તો મારા પરિણામ છે એ સરળતાથી નિવેદન કરું. આપને કેટલું સ્વીકારવું એ આપનો વિષય છે. મારો વિષય નથી. આપ સ્વીકારો તે ખરું. હું પામર અજાણ છું. કાંઈ જાણતો નથી. આ અનુભવ થયા પછી એમ લખે છે. અહીં તો હજી થોડો ક્ષયોપશમ મળે, થોડુંક વાંચ્યું હોય, થોડુંક સાંભળ્યું હોય ત્યાં ખ્યાલો ફાટે. ઉભરાઈ ઉભરાઈને બહાર નીકળવા માંડે. અધૂરો છલકાય. આ તો કહે છે હું પામર કાંઈ જાણતો નથી.

'અને શ્રીમદ્‌ની આ સમયસાર આદિ સર્વશાસ્ત્રના પરમ નિચોડરૂપ, પરમ ચમત્કારિક અમૃતપત્ર રત્નત્રયની સૌભાગ્યના દિવ્ય આત્મા ઉપર શી જાદુઈ અસર થઈ કે ૧૯૫૩ના જેઠ વદ ૬ના દિને લખેલા સોભાગ્યનું હૃદય ખોલતો આ સોભાગ્યનો છેલ્લો પત્ર જ બોલે છે.' એ એમનો છેલ્લો પત્ર છે. પછી 'અંબાલાલભાઈ'નો તો પછી છે. પહેલાં આમનો લીધો છે. 'સોભાગભાઈ'ના બે પત્રોના અંશ લીધા છે.

મુમુક્ષુ :- જેઠ વદ ત્રીજે પત્ર લખ્યો તો એની પહેલાના ત્રણ પત્રો હતા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- આમના તો ત્રણ પત્ર તો હતા ને ? છેલ્લા ત્રણ પત્રોની અસર ઘણી થઈ ગઈ. 'શ્રીમદ્‌જી'ના તો છેલ્લા ત્રણ પત્રો તો આપણે વાંચ્યા એ.

મુમુક્ષુ :- ૭૮૦...

પૂજ્ય ભાઈશ્રી :- ના. ૭૭૯, ૮૦, ૮૧.

મુમુક્ષુ :- પત્ર જેઠ વદ ૬નો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેઠ વદ ૬નો છે. પણ આ તો શું છે કે એમને તો એમના એ ત્રણ પત્રની અસર ઘણી થઈ છે. એ દરમ્યાનમાં જે પત્ર વ્યવહાર ચાલ્યો એ પત્ર વ્યવહાર એ અસર બતાવે છે એમ એનું કહેવું છે.

મુમુક્ષુ :- જેઠ વદ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા પહેલેં જેઠ વદ .. લખેલો. એ પહેલા તો ઓલો આગલો એક મળેલો. બે મળેલા. બે મળેલા.

'આ કાગળ છેલ્લો લખી જણાવું છું. જેઠ વદ ૯ ને બુધવારે મૃતક છે તેવો આગળ ભાસ થયેલો.' જેઠ સુદ ૯ને બુધવારે મૃતક છે એવો આગળ ભાસ થયેલો '**તે સુદ-૯નું તો બન્યું નહિ.**' એટલે વદ ૩ તો હું હજી જીવતો છું. છતાં તે તારીખ ગઈ તો જેઠ વદ ૯ને બુધવારે છે. જેઠ સુદ ૯ને દેહ છૂટવાનો હતો એના બદલે હવે કદાચ વદ ૯મે છૂટશે, વદ ૧૦મે છૂટે છે. એમણે તો એ પણ લખ્યું છે કે એ વિકલ્પ પણ તમે છોડી દેજો હવે. તમે તિથિનો વિકલ્પ છોડી દ્યો. ભલે ૯ મે થાય, બુધવારે થાય, ગુરુવારે થાય એ વિચાર વિકલ્પ કરવા જેવો નથી. પોતાના મૃત્યુની ચર્ચા કરે છે. આ તારીખે મારું મૃત્યુ છે. બોલો કેટલો ભય ચાલ્યો ગયો છે !

મુમુક્ષુ :- સંપૂર્ણ ભય ચાલ્યો ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મા અજર અમર અવિનાશી છે એનો ભેટો થઈ ગયો. એ શરીર છૂટવાનું છે. એ તે જીર્ણ થઈ ગયું તો છૂટે નહિ તો શું કરે ? ફાટી ગયેલા કપડાને ક્યાં સુધી પહેરે ?

'**ઘણું કરી તે તારીખે મૃતક થશે એમ ખાત્રી છે. હવે આ પામર સેવક ઉપર બધી રીતે આપ કૃપાદૃષ્ટિ રાખશો. અને દેહ ને આત્મા જુદો છે.**' કૃપાષ્ટિ રાખશો. બધી રીતે કૃપાદૃષ્ટિ. એટલે પૂરેપૂરી કૃપા છે જ એમ પોતે સ્વીકારી લીધું છે. '**દેહ ને આત્મા જુદો છે. તે દેહ જડ છે, આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજ્યામાં આવતો નહોતો.**' વાત સાંભળી હતી પણ અત્યાર સુધી એ વાત પ્રત્યક્ષ નહોતી થઈ. 'પણ દિન આઠ થયા.' જેઠ વદ ૩ ગઈ જેઠ વદ ૬ લખે છે. એટલે આગલા આઠ દિવસ પહેલા. એટલે જેઠ સુદ ૧૪ લગભગ. ૧૩-૧૪ લગભગ.

'**આપની કૃપાથી અનુભવગોચરથી...**' સમજવાથી નહિ, વિચારથી નહિ. '**અનુભવગોચર બેફટ રાત દિને પ્રગટ જુદો દેખાય છે.**' અત્યારે અમને પ્રત્યક્ષ આત્મા

જુદો દેખાય છે. શરીર જુદું અને આત્મા જુદો. ચૈતન્ય જુદો પડી ગયો છે. અને રાતદિવસ. દિવસે નહિ. રાત અને દિવસ નિરંતર. **'આ ચેતન અને આ દેહ જુદા એમ આપની કૃપાદૃષ્ટિથી સહેજ થઈ ગયું છે એ આપને સહેજે જણાવા લખ્યું છે.'** આ પત્રમાં એમણે છેલ્લા પત્રમાં પોતાની દશા અઠવાડિયા પહેલાં શું થઈ એ એમને જણાવ્યું છે. એટલા સરળ હતા. એક અંશ અસત્ય લખે એ કલ્પના કરવા જેવી નથી. જેણે પોતાના દોષ વીણી વીણીને લખ્યા છે. એ એવડો મોટો અપરાધ ન કરે કે પોતાને ગુણ ન થયો હોય અને ગુણ થયો એમ બતાવે. એમ કદી ન કરે. બહુ સરળ, અતિ સરળ જીવ. કદાચ એમ કહી શકાય કે એવી સરળતાવાળા મુમુક્ષુ જોવા મળે નહિ. એવા સરળ. મુમુક્ષુતાની સરળતા, અદ્‌ભુત સરળતા હતી.

'આ પત્રમાં સોભાગ્યે પોતાનું મૃત્યુ, પોતાનો દેહ જેઠ વદ ૯ના દિને થવાનો પોતાને ભાસ થયો હોવાને લખ્યું છે...' જેઠ સુદ ૯ના દિને. 'પણ તેમનો દેહાંત જેઠ વદ ૧૦ સવારે ૧૦.૫૦ મિનિટે અપૂર્વ સમાધિભાવે થયો છે. અને એક પરિચય નોંધમાં નોંધાયું છે કે જે સમયે સોભાગ્યનો દેહાંત થયો તે જ સમયે જ્ઞાનબળથી જાણી સામાન્યપણે ઓછું જળથી સ્નાન કરનારા સુકોમળ 'શ્રીમદ્' પહેરેલે કપડે ઠંડા પાણીએ સ્નાન કરવા બેસી ગયા. અને સોભાગ્યના દેહાંતનો તાર તો થોડા કલાક પછી મળ્યો.' એમને તાર..

મુમુક્ષુ :- એમના ...

પૂજ્ય ભાઈશ્રી :- એ પહેલાં એમણે સ્નાન કરી લીધું. એમને ખ્યાલ હતો કે આ આવી દિવસે દેહ છોડવાના છે. એમને તો તારીખ, વાર અને સમય ખ્યાલમાં આવી ગયો હતો. આટલા વાગ્યે. જોકે બહુ વિચિક્ષણતા વાળા. વિચિક્ષણતા ઘણી હતી.

'સોભાગ્યના અપૂર્વ સમાધિમરણના સાક્ષી શ્રી અંબાલાલભાઈએ જેઠ વદ ૧૧ના દિને...' ત્યાર પછી બીજે દિવસે. અંતિમક્રિયા પતાવીને બીજે દિવસે. 'શ્રીમદ્ પર લખેલા પત્રમાં સોભાગ્યના સમાધિમરણનું સાદૃશ્ય આલેખન કર્યું છે.' 'અંબાલાલભાઈ' પોતે ઉપસ્થિત હતા. એમણે કેવા પરિણામના સદ્‌ભાવમાં દેહ છોડ્યો છે એનું વર્ણન પોતાને જે સમજમાં આવ્યું એમ કર્યું. **'હે પ્રભુ ! બેહદ દિલગીર છું.'** એટલે કે દિલગીરી સાથે લખે છે. કોણ ? 'અંબાલાલભાઈ'. પ્રભુ કહીને જ પત્ર લખે છે એ તો. કે 'પરમ પૂજ્ય પૂજવા યોગ્ય.' પરમ પૂજ્ય પૂજવા યોગ્ય. પરમ સ્તુતિ કરવા યોગ્ય. આટલા તો વિશેષણ 'સોભાગભાઈ' માટે લગાડ્યા છે.

'મહાન શ્રી સોભાગ્યભાઈ સાહેબ.' એને પણ એવી રીતે લખ્યું. **'મહાન શ્રી સોભાગ્યભાઈ સાહેબ, પરમ સમાધિ ભાવે શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક આ ક્ષણિક**

દેહનો ત્યાગ કર્યો છે.' પહેલું જ વચન આ લખ્યું છે. **'શુદ્ધ આત્માના ઉપયોગપૂર્વક...'** સમાધિમરણે એમણે દેહ ત્યાગ કર્યો છે. **'એ પવિત્ર પુરુષને દુઃખ વેદનાની સ્થિતિ આત્માનું અત્યંત તારતમ્યપણું...'** એ એને પ્રાણ છૂટે ત્યારે જે .. દુઃખ થાય જ છે જીવને. એ વેદવાની એમની જે સ્થિતિ. આત્માનું અત્યંત તારતમ્યપણું અને એ વખતે આત્માના પુરુષાર્થની ઉગ્રતા અને સદ્‌ગુરુ પ્રત્યેના એકનિષ્ઠતા ભાવ આપના પ્રત્યેનો એકનિષ્ઠભાવ **'અને છેવટ સુધીનો ઉપયોગનો એક જ શ્રમ એ જોઈને મને બહુ જ આનંદ થાય છે.'** હું એમની છેલ્લી દશામાં ઉપસ્થિત હતો. મને બહુ આનંદ થાય છે. સ્મરણ કરીને પણ મને આનંદ થાય છે. એણે આવી દશામાં દેહ છોડ્યો છે. બહુ સારી દશામાં એમણે દેહ છોડ્યો છે.

'વારંવાર તેમના ઉત્તમોત્તમ ગુણો અને મારા પ્રત્યેની કૃપા સ્મૃતિમાં આવ્યા કરે છે.' એને વાળનાર એ હતા. 'અંબાલાલભાઈ'ને વાળનાર એ હતા. આ એક પુરુષ છે તમારે કાંઈ માર્ગ જોઈતો હોય તો ગૃહસ્થવેશમાં એક પુરુષ છે. 'અંબાલાલભાઈ'ને વાળનાર મારા પ્રત્યેનો ઉપકાર પણ સ્મતિમાં આવ્યા કરે છે. પછી જે અમુક ઓલા ચોકડી-ચોકડી એટલા માટે કરી છે કે કોઈ બિનજરૂરી ભાગ કાઢી નાખ્યા હોય. બે-ચાર વચનો કાઢી નાખ્યો હોય.

'વધારે દુઃખની સ્થિતિમાં રખેને આત્મ ઉપયોગ ભૂલી ગયા હોય.' શરીર વેદનાની સ્થિતિમાં રખે ઉપયોગ ચૂકાય જાય. **'અથવા દુઃખના લક્ષમાં ચડી ગયા હોય તો સ્મરણ આપ્યું હોય તો ઠીક એમ ધારીને ધારશીભાઈની સલાહ લઈને મેં સહજાત્મસ્વરૂપ સ્વામી એવું એક, બે અને ત્રણ વાર નામ લીધું.'** છેલ્લે-છેલ્લે. સંભળાવતા હતા. એટલે પોતે બોલ્યા. સંભળાવ્યું ત્યારે પોતે બોલ્યા. **'હા એ જ મારો લક્ષ છે.'** મારો લક્ષ બરાબર છે. હું કાંઈ ભૂલી ગયો નથી. શરીરની વેદનામાં મેં કાંઈ પ્રયોજન છોડી દીધું નથી.

'મારે કેટલોક ઉપદેશ કરવાની ઈચ્છા છે પણ મને હવે તેવો વખત નથી.' જ્ઞાન થઈ ગયું છે ને ! નહિતર તમને કહેત ક્યાંક. જ્ઞાન તો થયું છે. કેટલીક વાત તમને હું કરત. એ વખતે પુરુષાર્થ બહુ સારો હતો. કે જે એમની પરિણતિ ચાલે છે એ વાત એમને કહેવાની ઈચ્છા થઈ છે. અને 'અંબાલાલભાઈ' પ્રત્યે એમની કૃપાષ્ટિ પણ ઘણી હતી. હવે અત્યારે ઠીક નથી. અત્યારે હવે છેલ્લી મિનિટો, છેલ્લા કલાકોમાં એ વખત નથી. 'હું સમાધિભાવમાં છું, તું સમાધિમાં રહેજે. હવે મને કાંઈ કહીશ નહિ.' જા. મને કાંઈ સંભળાવાની જરૂર નથી. 'સોગાનીજી'એ લખ્યું છે ને ? મરણ વખતે કોઈ એમ

કહે કે મને સંભળાવો તો એની યોગ્યતા એટલી હીણી છે. વિશેષ યોગ્યતાવાળા જીવને સંભળાવવાની જરૂર હોતી નથી. એ નિમિત્ત ઉપર લક્ષ નથી દેતો, ઉપાદાન ઉપર એના પરિણામ એટલા જોરદાર છે કે તેને સંભળાવવાની જરૂર હોય નહિ. એવી આત્માની મુક્તતામાં વર્તે છે.

હવે મને કાંઈ કહીશ નહિ. કારણ કે મને ખેદ રહે છે એ મારા પુરુષાર્થની અંદર ધ્યાન બીજે ખેંચાય એ મને ફાવતું નથી. એટલા વચન પોતે બોલ્યા. એટલા વચન પોતે બોલ્યા કે સર્વ કુટુંબ-પરિવારે ત્રિકરણ યોગથી નમસ્કાર કર્યો. બધાએ વંદના કરી. સમાધિ મરણ હતું ને ! ધ્યાનમાં હતા. .. દેહ છૂટ્યો અને છૂટશે એટલો ટાઈમ છે અને આ આત્માની વાતો કરે છે. આ બાજુ દેહ છૂટવાનું ટાણુ આવ્યું છે અને સમાધિમરણ અને આત્માની વાતો કરે છે. બધાએ નમસ્કાર કર્યા. **'કે તરત પોતે ડાબું પડખું ફેરવ્યું કે ૧૦.૫૦ મિનિટે પોતે દેહનો ત્યાગ કર્યો.'** એ છેલ્લે છેલ્લે જે બનાવ બન્યો એનું વર્ણન એમણે આ રીતે કર્યું.

બીજાએ પણ ઓલા ગોસળિયા વગેરે પણ એમને બોલાવ્યા. કાંઈક સંભળાવા માટે. તો પોતે કહ્યું, બધા છાના માના બેસી રહ્યો. વખતે પોતે ઉચ્ચાર કરે પણ બીજાને બોલવા ન દે. પોતે પોતાની ધૂન પ્રમાણે વિચાર કરતા હતા. પણ બીજાને બોલવા નહોતા દેતા. એ ક્યારેક ક્યારેક એમને 'કૃપાળુદેવ'ને અનુસરીને હે દેવ ! હે પરમાત્મા ! હે દેવાધિદેવ ! સહજાત્મસ્વરૂપ સ્વામી. એવા બધા ઉચ્ચારણ કરતા હતા. એટલે પછી એમણે ના પાડી પછી કોઈએ પણ કહેવાનું બંધ રાખ્યું હતું અને એમને સમાધિમરણ .. દીધું હતું. એ રીતે એમનો જે દેહાંતનો છેલ્લો પ્રસંગ છે એ પણ બહુ સારો વર્ણવ્યો. પ્રત્યક્ષ હતા ને 'અબંલાલભાઈ'.

મહામુનિઓને જિનદર્શનથી ઉપજતા સુખથી એવો સંતોષ થાય છે કે જગતના કોઈ પદાર્થની, અરે ! ઈન્દ્રના વૈભવની પણ વાંછા થતી નથી. તો અભેદ આત્મ દર્શનથી કેવું અચિંત્ય સુખામૃત પ્રાપ્ત થાય !! તે ગવેષણીય છે. તો જે જીવો જિન-દર્શન કરી માત્ર પુણ્યફળની અપેક્ષા ભાવે, તે મૂળમાર્ગથી કેટલા દૂર છે !! અને દુર્ભાગી પણ છે ! તે શોચનીય છે. (અનુભવ સંજીવની-૧૮૫૬)

પત્રાંક-૭૮૩

મુંબઈ, અસાડ સુદ ૪, રવિ, ૧૯૫૩

શ્રી સોભાગને નમસ્કાર

શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

સર્વ જીવ સુખને ઈચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી, તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્પુરુષના સમાગમનો લાભ પામે તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઈચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.

મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી પરમ દુર્લભ છે, એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યનના ત્રીજા અધ્યયનમાં ઉપદેશ્યું છે.

પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.

સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષો વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને

ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે; કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

તા. ૨૯-૬-૧૯૯૨, પત્રાંક - ૭૮૩
પ્રવચન નં. ૩૮૯

'શ્રીમદ્ રાજચંદ્ર'વચનામૃત, પાનું-૬૦૬, પત્રાંક-૭૮૩. 'સોભાગભાઈ'ના પુત્ર એટલે પરિવાર પ્રત્યે લખાયેલો પત્ર છે. પત્રના મથાળામાં 'સોભાગ્યભાઈ'ને નમસ્કાર કર્યા છે. ગુરુને નમસ્કાર કરે, જિનેન્દ્ર દેવને નમસ્કાર કરે. આ તો પોતાના શિષ્યને નમસ્કાર કરે છે. નમ્રતાની પણ એક હદ છે. '**શ્રી સોભાગને નમસ્કાર**' મથાળું એ બાંધ્યું છે. 'ત્રંબકભાઈ' ઉપર લખાયેલો પત્ર છે. '**શ્રી સોભાગની મુમુક્ષુ દશા તથા જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેનો અદ્‌ભુત નિશ્ચય વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.**' પોતાને શું યાદ આવે છે ? કે એમની જે મુમુક્ષુદશા હતી, એવી મુમુક્ષુદશા આ કાળમાં ભાગ્યે જ કોઈ જીવને હોય તો એ વિરલ જીવને હોય. એવી મુમુક્ષુદશા, એ

'કૃપાળુદેવ'ના સ્મરણનો વિષય થઈ ગયો. અમને તો એ વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે.

એક તો એમની મુમુક્ષુદશા અને બીજી વિશિષ્ટતા લીધી છે, '**જ્ઞાનીના માર્ગ પ્રત્યેનો તેમનો અદ્‌ભુત નિશ્ચય...**' જ્ઞાનીનો માર્ગ શું ? એ જે માર્ગે જે ઉપાયે આત્મકલ્યાણ સધાય એ જ્ઞાનીનો માર્ગ. જ્ઞાનીનો માર્ગ કહો, નિર્ગ્રંથ માર્ગ કહો, જિનેન્દ્રદેવનો માર્ગ કહો, આત્મકલ્યાણનો માર્ગ કહો. આ પ્રકારે આત્મકલ્યાણ થાય એવો એમનો જે નિશ્ચય એ પણ એમનો અદ્‌ભુત નિશ્ચય હતો મુમુક્ષુદશામાં. એ એટલે પામ્યા.

જ્ઞાનીનો માર્ગ નિશ્ચિત (થયો). જેના જ્ઞાનમાં. જ્ઞાનીનો માર્ગ જેના જ્ઞાનમાં નિશ્ચિત થયો તેને પોતાને પણ આત્મકલ્યાણ આ રીતે થાય એવો નિશ્ચય થયો. એ તો વિધિનો વિષય છે. માર્ગ કહો કે વિધિ કહો કે ઉપાય કહો. એમનો જે આત્મકલ્યાણ કરવા સંબંધીનો જે ઉપાય, એ ઉપાય સંબંધીનો જે નિશ્ચય એ એમનો કોઈ અદ્‌ભૂત હતો. મુમુક્ષુને આવો નિશ્ચય હોય એ આશ્ચર્યકારી વાત છે. અદ્‌ભૂત નિશ્ચય લીધો છે. અમને એ સ્મૃતિમાં આવ્યા કરે છે. આ એક 'સોભાગભાઈ'ની વ્યક્તિગત વિશિષ્ટતાનું સ્મરણ કર્યું છે. 'કૃપાળુદેવ'ના આત્મામાં 'સોભાગભાઈ' જે છાપ મારીને ગયા. શું કરી ગયા ? છાપ મારીને ગયા. એ એમણે વ્યક્ત કર્યું છે. આ વસ્તુ મારા સ્મરણમાં આવે છે હજી.

મુમુક્ષુ :- સાચા મુમુક્ષુ આને કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ખરેખર મુમુક્ષુ એમ. ખરેખર મુમુક્ષુ.

મુમુક્ષુ :- અદ્‌ભૂત નિશ્ચય...

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચય નથી કીધો. અદ્‌ભૂત નિશ્ચય કીધો છે.

મુમુક્ષુ :- .. પ્રગટ થયો છે છતાં..

પૂજ્ય ભાઈશ્રી :- એની મુમુક્ષુદશામાં આવો સરસ નિશ્ચય ! એમ. આશ્ચર્યકારી છે ! જ્ઞાનદશા તો છેલ્લા દિવસોમાં હતી. એ તો કોઈને ખબર પડે નહિ. આખું જીવન તો એમણે મુમુક્ષુતામાં વ્યતીત કર્યું. અને બહુ જ કપરા સંયોગોમાં, ઘણી નબળી આર્થિક પરિસ્થિતિમાં જે જીવન વ્યતીત કર્યું છે અને એમાં પણ આત્મકલ્યાણ પ્રત્યે એમણે વિકાસ સાધ્યો. શું કર્યું ? આત્મકલ્યાણની દિશામાં વિકાસ સાધીને આત્મકલ્યાણને પામ્યા છેવટે. તો એ મુમુક્ષુદશામાં એમનો જે નિશ્ચય હતો એ અદ્‌ભૂત નિશ્ચય હતો. બીજાને છૂટી જાય એમ કહે છે. બીજાને એ નિશ્ચય છૂટી જાય. એમને તો બહુ સૂક્ષ્મ ઉપયોગ હતો. 'કૃપાળુદેવ'નો ઉપયોગ બહુ સૂક્ષ્મ હતો. સામા જીવને માપવા માટે

એમની પાસેની જે જ્ઞાનની કોઈ સાતિશયતા હતી એ જ્ઞાનનો એક અતિશય હતો એમની પાસે, એમ કહે છે. જાણે ચમત્કારીક જ્ઞાન હતું. છતાં એ જ્ઞાન ઉપર પણ 'સોભાગભાઈ' છાપ મારીને ગયા છે. વિચારવા જેવો વિષય તો ખરો કે નહિ ? આમ છે. હોય છે. આવા પણ મુમુક્ષુ જિનમાર્ગમાં હોય છે, થાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- જિનમાર્ગમાં આવા જ મુમુક્ષુ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- આવા જ હોય. આનું નામ મુમુક્ષુતા કહેવાય એમ કહે છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી' છાપ મારી ગયા 'ગુરુદેવ'ના હૃદય ઉપર ?

પૂજ્ય ભાઈશ્રી :- હા એ પણ છાપ મારી ગયા, જુઓ !

મુમુક્ષુ :- નમસ્કાર પહોંચશે અમારા.

પૂજ્ય ભાઈશ્રી :- એમણે નમસ્કાર કર્યા છે. આમણે નમસ્કાર કર્યા, એમણે પણ નમસ્કાર કર્યા. અહીંયાં ગુરુએ શિષ્યને નમસ્કાર કર્યા અને ત્યાં પણ ગુરુએ શિષ્યને નમસ્કાર કર્યા છે. એવું જોયું માટે હું નમસ્કારને યોગ્ય છું. અધિકાર તો એના નમસ્કાર ઝીલવાનો છે. એમ જોયું નથી, એમ જોયું નથી. એવી વાત છે.

જે નમન કરવા યોગ્ય છે. અભિપ્રાયથી જે નમન કરવા યોગ્ય છે. ત્રણે કાળે. અભિપ્રાયથી તો ત્રણે કાળે જે સદ્‌ગુણો નમસ્કાર કરવા યોગ્ય છે, તે સદ્‌ગુણો ગમે ત્યાં કોઈ પણ આત્માને વિષે હોય તો એને નમસ્કાર કરવામાં આવે છે. આમ છે. ગુણને નમસ્કાર છે ને અહીં તો ? પછી તો ગુણધારી વ્યક્તિનું નામ લઈને નમસ્કાર કરાય છે પણ વાસ્તવમાં તો ગુણને નમસ્કાર કરે છે.

મુમુક્ષુ :- ગણધરદેવ ત્રણે કાળના પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નમસ્કાર કરે છે. 'ણમો લોએ ત્રિકાળવર્તી સવ્વસાહુણં' છેલ્લું અંતિમ પદ છે નમસ્કાર મંત્રનું. પોતે આચાર્ય છે. અને અનેક આચાર્યોને શિષ્યો હોય છે. એને નમસ્કાર કરે છે. ગુરુ શિષ્યને નમસ્કાર કરે છે. એ આ માર્ગમાં છે. બીજે ક્યાંય જોયું હોય તો કહો.

અમારે ... ભાઈ આવેલા. 'સોનગઢ'થી આવેલા. આમ તો દેરાવાસી હતા પણ કાંઈક તબિયત નરમ-ગરમ રહેતી હશે એટલે ચારિત્ર વિજય આશ્રમના સેનિટોરિયમમાં પરિવાર સાથે રહેતા હોય. આખો દિવસ કાઢે ક્યાં ? 'સોનગઢ'ના સેનેટોરીયમમાં. ત્યાં સ્ટેશનરોડ ઉપર તો વસ્તી પણ નહિ પાછી. કે કોઈ આડોશી-પાડોશીને ત્યાં જઈને બેસે. એટલે એમણે જોયું કે અહીંયાં 'કાનજીસ્વામી'નો આશ્રમ છે અને વ્યાખ્યાનો ચાલે છે એટલે ટાઈમ પાસ કરવા, કાંઈ ન સમજે પણ ટાઈમ પાસ કરવા વ્યાખ્યાનમાં આવીને બેસે. એમ એમ કરતા એને લાગી ગયું. વાત તો બરાબર છે, સારી છે, સાચી

છે. પછી નિયમિત થઈ ગયા અને થોડા વલણવાળા થઈ ગયા. પછી એની તબિયત ઠીક થઈ એટલે 'ભાવનગર'માં settle થયા. અમારી દુકાને તો અમારા ગ્રાહક હતા. એ પહેલાં એણે એક વાત કરેલી કે જૈનદર્શનમાં ગુણને નમસ્કાર છે. ગુણવાચક બધા નામ છે. 'ણમો અરિહંતાણં' ગુણવાચક છે. ઈ પહેલી વાત એમણે કરી હતી. બરાબર છે. ઠીક વાત છે, ન્યાયસંગત વાત છે. એમ લાગેલું. બીજું કોઈ ધ્યાન નહિ. એટલે સામાન્ય વાત કરતા કરતા એણે વાત કરી કે જૈનદર્શનમાં તો ગુણને નમસ્કાર છે. 'ણમો અરિહંતાણં' અંદરના વિકારરૂપી દુઃખદાયક શત્રુઓને હણી નાખ્યા, અવગુણોને જેમે હણી નાખ્યા એવા અરિહંતને નમસ્કાર. ગુણવાચક નમસ્કાર છે. એ બહુ સારું ગણાય. ન્યાય તો સમજી શકાય ને ? બહુ સારી વાત કીધી. પહેલાં એ છાપ પડતી એ વિષયની. ઠીક લાગે છે.

'સર્વ જીવ સુખને ઈચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.' બાકી તો જગતમાં લોકો જેને સુખ કહે છે. પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છિત પદાર્થોની પ્રાપ્તિ થાય, અનુકૂળ સંયોગો મળે એને જગતમાં લોકો સુખ કહે છે, સુખી થયો, આ ભાઈ સુખી છે એમ કહેવામાં આવે છે. વાસ્તવમાં એ સુખી હોતા નથી. હોય છે તો દુઃખી હોય છે. સુખી હોતા નથી. પણ વાસ્તવમાં હોય છે એ દુઃખી. કેમકે એનો આલંબન અને આધાર ખોટો છે. સુખ થાય એવું એનું અવલંબન નથી. જે સંપત્તિ મારે છે અને મારા છે એવું જે અવલંબન રહ્યું છે એ દુઃખ પહોંચાડે છે, દુઃખની ઉત્પત્તિ કરાવે છે. પોતાનો જ ભાવ પોતાને દુઃખ ઉત્પત્તિમાં કારણ થાય છે.

'સર્વ જીવ સુખને ઈચ્છે છે, પણ કોઈ વિરલા પુરુષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.' કોઈ વિરલા પુરુષ છે, નિરાકુળ આત્માના સુખગુણમાંથી સુખ ઉત્પન્ન થાય છે એ નિરાકુળ હોય છે. આકુળતાના અભાવરૂપે જે ભાવ છે, નાસ્તિથી કહેવું પડે છે. અસ્તિથી કહેવામાં નામ સિવાય બીજું કાંઈ એમાં થઈ શકે એવું નથી. સુખ એવું નામ એટલું કથંચિત્ વક્તવ્ય છે. બાકી તો એ અનુભવગમ્ય છે. અને એ અનુભવગમ્ય થાય ત્યારે જ એનો મહિમા આવે છે. ત્યાં સુધી એનો મહિમા આવતો નથી. એટલે લોકોને એ સુખની ખબર નથી. એમ કહે છે.

'કોઈ વિરલા પુરુષ...' એટલે કોઈ અનુભવી આત્મા. જેને સ્વાનુભૂતિમાં આત્માના સુખનો આસ્વાદ થયો, અનુભવ થયો. એવા કોઈ વિરલા પુરુષ એ સુખનું સ્વરૂપ જાણે છે. અને કાં તો કોઈ ઉચ્ચ કોટીના મુમુક્ષુ એ સુખનું સ્વરૂપ જાણે છે. સ્પષ્ટ અનુભવાંશે નિર્ણય થયો ને ? એમાં જ્ઞાન અને સુખ બે મુદ્દા મુખ્ય છે સ્વરૂપના. હું અનંત જ્ઞાનસ્વરૂપે છું અને અનંત સુખસ્વરૂપે છું. બે વાત સાથે આવે છે. એ કોઈ

વિરલા પુરુષ યથાર્થ જાણે છે.

'જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી,...' જન્મ, મરણ આદિ. આદિમાં બીજા લઈ લેવા. કેમકે સૌથી વધારે દુઃખ માણસ અથવા કોઈપણ ચારે ગતિમાં જીવનો જન્મ થાય છે ત્યારે સૌથી વધારે દુઃખ થાય છે અને એક પ્રાણ છૂટે, આયુષ્ય પૂરું થાય ત્યારે સૌથી વધારે દુઃખ થાય છે પ્રાણ છૂટવાનું. પછી તો બીજા પીડાના, બાધાના, બેચેનીના, Tensionના, મૂંઝવણના એ દુઃખ પણ કાંઈ ઓછા નથી. રોગની પીડાના દુઃખ થાય છે. માણસને મૂંઝવણ થાય છે તો મૂંઝવણમાં એ પ્રાણ છોડવા તૈયાર થાય છે, આપઘાત કરવા પણ તૈયાર થાય છે. એ પણ દુઃખ કાંઈ ઓછા નથી.

એ અનંત દુઃખ છે એ સર્વ દુઃખનો આત્યંતિક એટલે સર્વથા ક્ષય થવાનો ઉપાય. પૂરેપૂરો એનો ક્ષય થાય એવો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી. સંસારમાં પરિભ્રણ કરી રહેલો આ જીવ એ આ દુઃખને અનુભવી રહ્યો હોવા છતાં અને દુઃખને નહિ ઈચ્છતો હોવા છતાં એને દુઃખનો કેમ અભાવ કરવો એ ઉપાય જાણતો નથી. નથી જાણતો એટલે મન ફાવે એવા ગમે તેવા કલ્પિત ઉપાયો કરે છે. દુઃખ મટવાને બદલે દુઃખ વધે છે. દુઃખ મટવાને બદલે દુઃખ વધે છે. યથાર્થ ઉપાય નહિ જાણતો હોવાથી દુઃખ મટતું નથી.

'તે ઉપાય જાણવાની અને...' જાણવાની એટલી નહિ, જુઓ ! **'તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્પુરુષના સમાગમનો લાભ પામે...'** એવે ટાણે, હોં ! **'તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.'** બહુ સારી વાત કરી છે. જે મુમુક્ષુઓનો મુમુક્ષુતામાં હજી પ્રવેશ નથી થયો એ મુમુક્ષુને મુમુક્ષુતામાં પ્રવેશ થાય તો કેમ થાય અને કેવી રીતે થાય ? એ વાત સ્પષ્ટ કરી દીધી. શું કહે છે ? કે એક તો જીવને આ સંસારમાં અનુકૂળતાઓ પ્રાપ્ત હોવા છતાં પણ જીવન દુઃખમય લાગતું હોય. પ્રતિકૂળતાઓમાં તો બધાયને લાગે છે. પણ અનુકૂળતાઓ મળે તોપણ જીવન દુઃખમય લાગતું હોય. કે આ જન્મ-મરણનો કોઈ ઉપાય ખરો ? ભય સપ્ત પ્રકારના છે ને ? પરલોકમાં કોને ખબર કેવી ગતિ થાશે ? અહીંયાં પણ અકસ્માત ભય છે, વેદના ભય છે, ચોરીનો ભય છે, લૂંટનો ભય છે. બધા ભય છે. મૃત્યુ ભય સિવાયના પણ ભય છે બધા.

તો કહે છે કે આ ઉપાય જાણવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થઈ છે એની કોઈ સાબિતી છે ? છે. બધા એમ કહે છે કે ઈચ્છા છે એટલે તો અહીંયાં કલાક બેસીએ છીએ. નહિતર શું કરવા આવીએ કલાક ? ઘરે ટીવી છે. અને કુટુંબ પરિવાર છે. કહ્યું

કુટુંબ છે. એ બધા ગુલતાન કરે છે. અમે ન રહીએ ઘરે. અહીંયાં શું કરવા આવીએ ? કે સાચું સુખ અમારે જોઈએ છે ત્યારે આવીએ છીએ. એમ કહે ને ? તો એમણે એક વાત કરી કે એ ઉપાય માત્ર જાણવો જ છે કે એ ઉપાય કરવો પણ છે ? બહુભાગ જીવો માત્ર જાણીને સંતોષ પામે છે. કે ચાલો આપણને આ વાતી ખબર તો પડી. હવે જરા વધારે ખબર પડે એમ વારંવાર જરાક આપણે એને સાંભળીએ, વાંચીએ, સમજીએ પછી જ એનો કાંઈક પ્રયત્ન કરશું. એ વાત ખોટી છે. પછી કરશું એ વાત ખોટી છે. ... નથી એ. અત્યારે નથી કરતો તો પછી કરવાનો નથી.

આ માર્ગ તો રોકડાનો છે, ઉધારીનો નથી. ધર્મ કરે એ એ વખતે સુખી થાય કે પાછળથી સુખી થાય ? કે જ્યારે ધર્મની ઉત્પત્તિ થાય. સમ્યગ્દર્શન આદિ, એ જ વખતે સુખાનુભવ થાય. બીજી Second નથી એની. બીજો સમય નથી. બીજી Second તો નથી પણ બીજો સમય નથી. કહે છે કે જો તારે સુખી થવું હોય તો એ સુખનો ઉપાય જાણવો રહે છે અને એ જાણીને તરત કરવો રહે છે. ક્યારે ? તરત જ. પછી કરવું હોય એનું હોય અહીંયાં કામ નથી એમ કહે છે. પછી કરવું હોય એનું આમાં કામ નથી. આવી વાત છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ છીએ..

પૂજ્ય ભાઈશ્રી :- છીએ કે નહિ નક્કી કરો. ૬૦ પહોંચ્યા ભાઈ. ઉપાય જાણ્યો, શ્રીગુરુ પાસેથી ઉપાય જાણ્યો. પણ કર્યો કે નહિ આ સવાલ છે. બે વાત સાથે લીધી છે. તે ઉપાયની જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થઈ હોય તો. જાણવાની ઈચ્છા થાય છે, કરવાની ઈચ્છા નથી થતી. પછી કરીશ... પછી કરીશ... પછી કરીશ...

સામાન્ય રીતે તો પરિવારવાળાને એમ થાય કે આ દીકરા-દીકરીના પ્રસંગ પતી જાય પછી ઉપાધિ નહિ. પણ હવે પતિ ગયા પછી શું છે હવે ? પછી શેની ઉપાધિ છે. 'સોભાગભાઈ'એ તો જુઓ ! કેવી ઉપાધિમાં કામ કર્યું છે કે જેના ચાર-આઠ દિવસના અનાજ ખાવાના સાસા હોય. દાણાના સાસા પડ્યા હોય અને આગલું બીલ અપાણું ન હોય, આગલા ઉધાર પૈસા દાણાના આપી શક્યા હોય નહિ, નવા લાવવાની પરિસ્થિતિ હોય નહિ. એમાં મુમુક્ષુતા પ્રગટી છે અને એમાં કામ કર્યું છે. કેવી રીતે કામ કર્યું હશે ? કહો. એમાં તો આબરૂ પણ જાય કે આ કુટુંબની પાસે કાંઈ છે નહિ. ખબર પડે એટલે બધાને દયા ખાવાનો વારો આવે છે. બધા દયા જ ખાય ને બીજું શું કરે ? અને દયાને પાત્ર થવું ગમે કોઈને ? લાચારી કરવી ગમે કોઈને ? કામ જેને કરવું છે એ કોઈ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પોતાનું હિત સાધી લે છે અને સાધી શકે છે. જે કાંઈ બહાના

જીવ બતાવે છે તે અત્યારે તદ્દન ખોટા છે. થોડા ખોટા નથી પણ તદ્દન ખોટા છે. કેમકે એથી વધારે કપરા સંયોગોમાં પણ મુમુક્ષુએ હિત સાધ્યું છે એનો આ જીવંત પુરાવો છે. જીવતો પુરાવો છે આ.

'તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થયે...' એટલે એવા ભાવમાં આવી જાય કે જો જાણવા મળેને તો તરત જ એ આદરુ કામ. મને જો આત્મકલ્યાણનો ઉપાય જણાય, સમજાય તો તરત જ હું એ કામ મારું શરૂ કરી દઉં. ભલેને ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયત્ન કરવો. પુરુષાર્થમાં આવવું, પ્રયોગમાં આવવું, જે જાણ્યું છે એ વાતને લાગુ કરવી, પરિણમનમાં લાગુ કરવી. પ્રયત્ન કાળ છે આ.

મુમુક્ષુ :- સુનતે હી પ્રયાસ ચાલુ હો જાના ચાહીએ.

પૂજ્ય ભાઈશ્રી :- સુનતે હી ચોંટ લગની ચાહિયે ઔર ચોંટ લગતે હી પ્રયાસ ચાલુ હો જાના ચાહીએ. અરે..! આવી આત્મકલ્યાણની વાત છે ! અનંતકાળથી નથી સમજ્યો એવી અપૂર્વ વાત છે ! અને આવી મૂલ્યવાન વાત છે કે જેનું ફળ નિર્વાણપદ હોય ! હવે આ વાત સમજાણા પછી થોડુંક એને ... કાંઈ કારણ ખરું ? અને કારણ હોય તો એવું આ નિર્વાણપદથી ઉત્કૃષ્ટ બીજું કયું કારણ છે ? કે જેથી એને Priaority આપું અને નિર્વાણપદને પાછળ રાખું ? કારણથી કાર્ય પ્રતિબદ્ધ છે કે નહિ ? એટલે સાચી ઈચ્છા એનું નામ. બાકી બધી ઈચ્છા છે એ ખોટી છે, દેખાવમાત્ર છે, આડંબરમાત્ર છે. વાતમાં કાંઈ માલ નથી. આમ છે. ચોખ્ખી વાત તો એ છે. ન ગમે કે ગમે એ બીજો વિષય છે. પણ ચોખ્ખી વાત તો એવી છે.

મુમુક્ષુ :- ઉપાય જાણવાની ઈચ્છા હોય, ઉપાય બતાવનારા મળે તો પરમેશ્વરબુદ્ધિ આવ્યા વિના એને કેવી રીતે રહે ?

પૂજ્ય ભાઈશ્રી :- એવા કાળમાં જો એને સત્પુરુષના સમાગમનો લાભ પ્રાપ્ત થાય તો એની જિજ્ઞાસા એટલી સચેત થઈ હોય. ત્રાસી ગયો છે, સંસાર દુઃખોથી એ ત્રાસી ગયો છે. સંતપ્ત તપી ગયો છે. હવે સહન કરી શકતો નથી. તો એવા કાળે જો એને સત્પુરુષનો સમાગમ થાય તો એ ઉપાય જાણે પણ બરાબર, નહિતર જાણતો પણ નથી બરાબર. માને ભલે કે હું જાણું છું. જાણવા આવ્યો છું માટે હું જાણું છું. પણ ખરેખર તો જાણતો નથી. જાણ્યું ક્યારે કહેવાય ? સો રૂપિયાની નોટને સો રૂપિયાની નોટ ક્યારે જાણી કહેવાય ? કે એની પાછી ઓલા પડીકાના કાગળને ફેંકી દે એમ ફેંકી દે ? એક દવાનું પડીકું હોય, ફાટેલો કાગળનો ટૂકડો હોય એને શું કરે ? ફાટલા ટૂકડાને

ફેંકી દે. એવી રીતે સોની નોટને ફેંકી દે. કેમકે જાણે છે કે આ સોની નોટ છે, એની કિંમત છે. એ જાણે છે પણ આદરતો નથી એનું નામ કે જાણતો નથી. જાણે છે છતાં એ લાગુ કરતો નથી, એ વાતનો ઉપાય સાધતો નથી માટે ખરેખર તો એ જાણતો જ નથી. આમ વાત છે.

મુમુક્ષુ :- ... જેવી રીતે ક્રમ ગોઠવે એ ક્રમ અહીંયાં આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી જ વાત છે. એ તો એ જ કહ્યું ને 'સોગાનીજી'એ ? કે 'સુનતે હી પ્રયાસ ચાલુ હો જાના ચાહીયે.' સુનતે હી પ્રયાસ ચાલુ હો જાના ચાહિયે. ક્યાંથી લખ્યું એમણે ? ક્યા શાસ્ત્રમાંથી એ વાત કહી ? કહો જોઈ. એમણે પોતે સાંભળતાં જ પ્રયાસ ચાલુ કરેલો. વાત પોતાની લખે છે. ચર્ચા ભલે મુમુક્ષુઓની સાથે કરે છે પણ વાત પોતાની લખે છે કે 'સુનતે હી પ્રયાસ ચાલુ હો જાના ચાહિયે.' એમ છે. અને ખરેખર સાચું હોય છે ત્યાં એમ થાય છે. બાકી ઓલા જેવી વાત છે. લેણદારને પૈસા ન દેવા હોય તો દેવા છે, દેવા છે એમ કહે. દેવા છે પણ અત્યારે નહિ. તો ક્યારે એ કહો. તો કહે એ હું ન કહું. અને કદાચ કહે છે કે કાલ દેવા છે લ્યો ને. તો કાલ કે દિ' આવે ? કાલ કોઈ દિ' પડે નહિ. એનો અર્થ કે એને દેવાની ઈચ્છા નથી. ઈચ્છાને અહીં દાનત કહેવામાં આવે છે. એની દેવાની દાનત નથી. એમ આ જીવને ઉપાય કરવાની દાનત નથી ખરેખર તો. ઈચ્છા નથી એટલે દાનત નથી એમ છે. ઠીક ! થોડો કડક શબ્દ છે, કઠોર શબ્દ છે. પણ ખરી વાત આ છે.

મુમુક્ષુ :- 'માતાજી' નો બોલ આવે છે ને ? આંતરડીમાંથી ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- આંતરડીમાંથી ભાવના થાય તો એ કારણ સાથે કાર્ય પ્રતિબદ્ધ છે. બધે એમણે જ વાપર્યો છે. કાર્ય થાય જ, કાર્ય થાય જ. એમ બધે જ વાપર્યો છે. અનુભવની વાતો કરી છે. મને એમ થયું છે તો બધાને એમ જ થાય. બીજી રીતે કેમ થાય ? સીધી વાત છે.

'તો તે ઉપાય જાણી શકે છે, અને તે ઉપાયને ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.' આખા જગતની આ સમસ્યા છે. કરોડો-અબજોની સંપત્તિ પ્રાપ્ત થયા પછી દુઃખ મટ્યું નથી. લાખોની નહિ, કરોડો-અબજોની સંપત્તિ પ્રાપ્ત થયા પછી જેઓને દુઃખ મટ્યું નથી. એવા માંધાતાઓની આ સમસ્યા છે. રાજા હોય, રાષ્ટ્રનો મોટો 'અમેરિકા'નો President હોય અને અબજોપતિ હોય, સત્તા હોય, બધું હોય. છતાં દુઃખની સમસ્યા જગતની ગઈ નથી. એ જવાનો ઉપાય છે ખરો. એક જગ્યાએ છે. બે જગ્યાએ નથી. એક જ જગ્યાએ છે.

'તેવી સાચી ઈચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત

થાય છે.' જુઓ ! આ પૂરક લીધું સામે સામે. આમ તો જીવને એવી સાચી ઈચ્છા ઉત્પન્ન થઈ નથી. પણ કોઈવાર એવું બને છે કોઈ કોઈ જીવોને કે કોઈ પૂર્વના પુણ્યયોગે એ સત્પુરુષના સમાગમમાં જાણ્યે-અજાણ્યે આવી જાય છે અને આવી ગયા પછી એના કાને વાત પડતા કોઈ એનું ભવિતવ્ય સારું હોય કે હોનહાર સારી હોય તો એની સાચી ઈચ્છા ઉત્પન્ન થાય છે કે અરે..! આ તો ખરેખર આખા જગતને જે સમસ્યા છે, Problem છે કે સુખ નથી મળતું, સુખ નથી મળતું. આ સાચા સુખનો ઉપાય છે. આ તો કરી લેવા જેવું કામ છે. તો કાં તો એવી ઈચ્છા ઉત્પન્ન થાય અને એ શોધે છે અને સત્પુરુષ મળે છે. કોઈને કોઈ પૂર્વના પુણ્યયોગે સત્પુરુષ મળે છે અને એ ઈચ્છા નહોતી ઉત્પન્ન થઈ એ થઈ જાય છે. આમ બે પ્રકાર બને છે. માટે સત્પુરુષનો સમાગમ તો એકાંતે લાભનું કારણ છે.

નહિતર વળી પ્રશ્ન થાય કે એ ઈચ્છા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી સત્સંગ ન કરવો અમારે ? એમ નથી. સત્સંગ કરવો. ઈચ્છા નહિ ઉત્પન્ન થઈ હોય તો સાચી ઈચ્છા ઉત્પન્ન થવાનું કારણ પણ ત્યાં જ છે. એટલે એમ કહે છે કે **'તેવી સાચી ઈચ્છા પણ ઘણું કરીને જીવને સત્પુરુષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.'** આ દુર્લભબોધીપણું જે બાર ભાવનામાં આવે છે. બોધીદુર્લભ ભાવના આવે છે એના જેવી વાત કરી છે. કે એવો એક તો સમાગમ મળવો ઘણો દુર્લભ છે. આ કાળમાં સત્પુરુષનો દુષ્કાળ છે. અને હવે પછીના કદાચ એવા કાળ હશે કે જેમાં ઘણાં કાળના અંતરાળે કોઈક સત્પુરુષ પાકે. લાંબા કાળના અંતરાળે (કોઈ સત્પુરુષ) અત્યાર સુધી તો પરંપરા ને સીલસીલો ચાલ્યો આવ્યો છે. છેલ્લા સો-બસ્સો વર્ષ જોઈએ તો 'ટોડરમલજી' હતા. આ બાજુ 'ધર્મદાસજી ક્ષુલ્લક' હતા એ પણ બહુ જ નજીકના સમકાળમાં છે. 'શ્રીમદ્‌જી'ના લગભગ સમકાળના છે. પણ જુદાં જુદાં ક્ષેત્રોમાં અને એ વખતે કોઈ વિશેષ પ્રચારના સાધનો નહિ. અત્યારે તો કોઈ સત્પુરુષ હોય તો એનો પ્રચાર કરવો હોય તો સહેલાઈથી થવાના સાધનો ઘણાં છે. અનેક પ્રકારના. પણ તે દિ' એ સાધનો નહોતા. પાડોશમાં હોય તોપણ ખબર પડે નહિ. એવી પરિસ્થિતિમાં સોએક વર્ષ પહેલા તો આ બધા હતા. ત્યાર પછી આ 'ગુરુદેવે' જે.. હમણાં સુધી આ સીલસીલો ચાલુ રહ્યો. હવે એમ દેખાય છે કે ઘણાં કાળ સુધી કદાચ કોઈ સત્પુરુષનો યોગ ન મળે. વળી કોક થાય. સાવ નહિ થાય એવું નથી. વળી કોક ઘણાં કાળ સુધી ન મળે ને વળી કોક થાય. ક્યારેક કોઈની આયુષ્યની સ્થિતિ હોય અને ક્યારેક ન હોય. આમ બધી પરિસ્થિતિ ચાલવાની. નબળો કાળ છે. દિવસે દિવસે

નબળો ઉતરતો કાળ છે.

એટલે કહે છે કે તેવો સમાગમ દુર્લભ છે. તે સમાગમ મળે તો તેની ઓળખાણ થવી ઘણી દુર્લભ છે. ઠીક ! અમે માનીએ છીએ માટે ઓળખીએ છીએ એ વાતમાં કાંઈ માલ નથી. અમે બધા 'ગુરુદેવ'ને માનતા હતા માટે ઓળખતા હતા એ વાતમાં કાંઈ માલ નથી. અને ઘણું બહાર આવી ગયું. માનતા હતા, નહોતા માનતા, ઓળખતા હતા, નહોતા ઓળખતા એવું બધું ઘણું બહાર આવી ગયું. મોટા સમજદાર વિદ્વાનોની એ પરિસ્થિતિ હોય તો સામાન્યની શું પરિસ્થિતિ શું હશે ? આ વિચારવા જેવો વિષય છે.

'**તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ,...**' પછી ઓળખાણ થઈ હોય, એમણે જે માર્ગ દર્શાવ્યો હોય એની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. આ જ માર્ગ છે, બીજો માર્ગ નથી. આ જ પ્રકારે વિધિ છે, બીજા પ્રકારે વિધી નથી. એવી અંતર્મુખ થવાની વિધિ. એનો ઓળખાણપૂર્વક વિશ્વાસ આવવો કે જેથી બીજા માર્ગે ચાલ્યો જાય નહિ. અન્યથા પ્રયત્ન કરે નહિ. આમાં તો શું ફેર પડે છે ? કે જો દર્શાવેલા માર્ગની ઓળખાણપૂર્વક પ્રતીતિ હોય તો અંતર્મુખ થવાનો પુરુષાર્થ યથાર્થ કરે. અયથાર્થ કરે નહિ. અને નહિતર જે કાંઈ કરે તે બધું અયથાર્થ હોય જ છે. યથાર્થ હોય જ નહિ. અને એ પ્રતીતિપૂર્વક ચાલવાની પ્રવૃત્તિ એટલે પુરુષાર્થની પ્રવૃત્તિ એ જીવને પરમ દુર્લભ છે. ઉત્તરોત્તર એ દુર્લભ છે. અહીં સુધી આવે એટલે પામી જ જાય પછી. કહેવાની જરૂર રહેતી નથી. એ માર્ગને ન પામે એ વાત રહેતી નથી.

'**મનુષ્યપણું,...**' જુઓ ! આ પરિવારવાળાને કાગળ કેવો સરસ લખ્યો છે ! એમના દેહાંત પછીનો પહેલો કાગળ છે. જેઠ વદ ૧૨ પહેલો દિલાસાનો પત્ર લખ્યો અને ત્યાર પછી અષાઢ સુદ ૪ એક અઠવાડિયા પછી. ઓલો શનિવારે લખ્યો છે, આ બીજા રવિવારે લખ્યો છે. એક અઠવાડિયું ગયા પછી. એક અઠવાડિયે પત્ર લખ્યો છે. કેવો સુંદર પત્ર છે ! યોગ્યતા હોય તો તો કામ થઈ જાય એવી વાત છે કે નહિ ? પ્રારંભવાળાને, શરૂઆતવાળાને સીધું માર્ગદર્શન છે. અને ઓલા શરૂઆતવાળા હતા.

શું કહે છે ? કે '**મનુષ્યપણું,...**' એ પણ દુર્લભ છે. ચાર ગતિમાં મનુષ્યપણું.. બે હજાર સાગરના ત્રસ પર્યાયમાં વધુમાં વધુ આ ... આવે છે. વધુમાં વધુ આ સ્થિતિ છે. બે હજાર સાગર જેટલો કાળ. એક સાગર, બે સાગર નહિ પણ બે હજાર સાગરનો ઉત્કૃષ્ટ ત્રસ પર્યાયનો કાળ છે. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનો. પછી તો જાય નિગોદમાં. વહેલો જાય. આ તો ઉત્કૃષ્ટ કાળ મળે તોપણ. એમાં મનુષ્યપણું સૌથી દુર્લભ છે. વાચાસહિત વિચારદશા, વાચાસહિત વિચારદશા મનુષ્યપણામાં જે છે એ

બાકીની ત્રણ ગતિમાં નથી. તિર્યંચમાં તો વાચા નથી, વિચાર પણ નથી. મનુષ્ય અને નારકીમાં રાગ અને દ્વેષનો current એટલો બધો, પ્રવાહ એટલો બધો તાણવાળો છે. જે નદીમાં તાણ ઘણું હોય. ભલે નાની હોય પણ તાણ ઘણું હોય તો સામે પૂરે ચાલી શકાય નહિ. તણાય જાવું પડે. તાણમાં તણાઈ જવું પડે. હાથી હોય તો તણાય જાય. એમ તાણ ઘણું છે. દેવલોકમાં રાગનું તાણ ઘણું છે. અને અહીં જુઓ સંપત્તિ વધે એને રાગનું તાણ વધે છે કે નથી વધતું ? અનુકૂળતાઓ વધતી જાય અને પ્રતિકૂળતામાં દ્વેષનું તાણ વધે છે. હવે અહીંયાં સામાન્ય પરિસ્થિતિ છે, ત્યાં ઉત્કૃષ્ટ પરિસ્થિતિ છે. એટલે ત્યાં તાણ પણ ઉત્કૃષ્ટ થઈ જાય છે. એટલે બીજું સૂઝે નહિ. બીજું સૂઝે નહિ. આત્મકલ્યાણ એને સૂઝે નહિ. અહીંયાં મનુષ્યપણામાં આત્મકલ્યાણ સૂઝવાનો અવસર સૌથી વધારે છે.

એટલે '**મનુષ્યપણું,...**' અને તે મનુષ્યપણામાં પણ '**જ્ઞાનીના વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું,...**' બહુભાગ તો શું છે કે સંપ્રદાયબુદ્ધિ એ સંસ્કાર લઈને આવ્યો હોય એટલે છૂટે નહિ અને પોતાના સંપ્રદાયને છોડીને જ્ઞાનીના માર્ગે ચાલવાનો તો કોઈ પ્રકારે બને નહિ. બને તો કોઈને કેટલોક કાળ ગયા પછી બને. કોઈને વૃદ્ધાવસ્થામાં વારો આવે, કોઈને વહેલો-મોડો આવે. પણ જેટલો ગયો એટલો સમય ગયો ને ? એટલી તો ચોખ્ખી ખોટ છે કે નહિ મનુષ્ય આયુમાં ?

'**જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું,...**' ઘણું દુર્લભ છે. કેમકે એમાં સાચો ઉપાય છે. ... શ્રવણ પ્રાપ્ત થયા પછી '**તેની પ્રતીતિ થવી,...**' દુર્લભ છે. આમ જ છે અને બીજી રીતે નથી. એ પ્રતીતિ આવવી પણ બહુ મુશ્કેલ છે. એમાં પણ જીવને અનેક જાતના તર્ક-વિતર્ક પૂર્વ સંસ્કારને લઈને માનસિક ગડબડ, Disturbance જેને કહેવાય. Mental disturbancy એ પૂર્વ સંસ્કારને લઈને, હાથે કરીને, ઊંધા ઉપચારો કરીને ઊંધા લાકડાઓ બુદ્ધિમાં નાખેલા હોવાને લીધે એને વિશ્વાસ કે પ્રતીતિ આવતી નથી. એ પ્રતીતિ આવવી ઘણી દુર્લભ છે. આમ હોય તો પછી આમ શું કરવા ન હોય ? આમ કહે છે પછી આમ કેમ નહિ ? ભાઈ ! પણ તું જે રસ્તાને જાણતો નથી, અને જેણે અનુભવથી સિદ્ધ કર્યો ઉપાય એમાં પછી સમજવાનો પ્રયત્ન કરને. એવી કોઈ વાત સત્ય છે. બીજી બધી વાતમાં ખેંચાવાની જરૂર નથી.

'**તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી...**' ત્યાં પણ જુઓ ચાલવાની પ્રવૃત્તિ થવી. બધી જગ્યાએ. જાણવાની અને કરવાની ઈચ્છા થવી. બધે એમ લે છે. પરિણમવું સાથે લે છે અહીંયાં. એકલું જાણવું નથી લેતા. '**મનુષ્યપણું, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે**

કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી...' .. ક્યાંય ન આવ્યું. થવું, થવું, થવું લીધું છે. શું બતાવે છે આ ? સહજતા. કૃત્રિમતા અને કર્તાપણાનું જોર નથી એમાં. સહજતા થાય છે. **'તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી પરમ દુર્લભ છે, એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યયના ત્રીજા અધ્યયનમાં ઉપદેશ્યું છે.'** જુઓ ! એ મૂળ ચીજ રહી ગઈ છે એમ કહે છે. અમુક વસ્તુ તો મૂળ રહી ગઈ હોય ને ? ભલે જુદા પડ્યા હોય પણ એમાં આપણે .. વિચારભેદ હોય પણ અમુક વાત તો મૂળ સાંભળવા મળી હોય એ તો મૂળ જ કરે ને. બીજી થોડી કરે કાંઈ ? ... એ જ વખતે તો ચાલે નહિ. પછી કાળાંતરે જુદી વાત છે. પણ જેને બીજાએ પ્રત્યક્ષ કર્યું હોય એને તો ચાલે નહિ. એટલે અમુક વાતો મૂળ હોય છે. તો એ ઉત્તરાધ્યયનમાં આ વાત રહી છે એમ કરીને આધાર આપ્યો છે કે ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનમાં આ વાત ઉપદેશી છે. એમ શું કરવા અહીંયાં કહ્યું ? વળી એ પ્રશ્ન કરે કે ઉત્તરાધ્યયનનો આધાર શું કરવા આપ્યો ? દિગંબર શાસ્ત્રનો આધાર કેમ ન આપ્યો ? પણ કોને વાત કરી છે એ તો સમજીશ કે નહિ સમજે ? 'સોભાગભાઈ'ના પરિવારને આ વાત લખી છે. પરિવારમાં હજી ધર્મ પરિવર્તન કોઈ આવ્યું નથી. એ તો હજી સ્થાનકવાસીમાં પડ્યા છે ત્યાં પડ્યા છે. તો ત્યાં 'ઉત્તરાધ્યયન' અને 'દશવૈકાલિક' એ બે વધારે ચાલે છે. 'ઉતરાધ્યયન' અને 'દશવૈકાલિક' વધારે ચાલે છે. પછી એમાંથી જે મૂળ વાત હોય એ પકડીને .. તમારામાં આમ કહ્યું છે.

મુમુક્ષુ :- એની ભાષામાં એને સમજાવે.

પૂજ્ય ભાઈશ્રી :- એની ભાષામાં જ કહેવું પડે ને ? મલેચ્છની ભાષામાં સમજે ને. બીજાની ભાષામાં કેવી રીતે સમજે ? બ્રાહ્મણની ભાષામાં મલેચ્છ સમજે ? સંસ્કૃતમાં શું સમજે એ ? કાંઈ ન સમજે. એમ છે. એટલે એ વાત કરી.

'એમ શ્રી વર્ધમાનસ્વામીએ...' એટલે એ મૂળ વાત તીર્થંકરની છે એમ કહે છે. ભલે એ શાસ્ત્રમાં છે પણ એ વાત મૂળ તીર્થંકરદેવની વાત છે. તત્ત્વ તો ગમે ત્યાં પડ્યું હોય તો તત્ત્વ કાંઈ ફરી જાય છે ? અન્યમત લ્યો ને. જૈનદર્શનના શાસ્ત્રો વાંચ્યા. તીર્થંકરની વાણી અને એના આત્માને રુચ્યું એ વાત એણે અંગીકાર કરી અથવા એ વાત એણે રુચિને પોતાના શાસ્ત્રોમાં એ વાત લખી. તો મૂળ વાત તો મૂળ ધણીની છે. એની નથી કાંઈ. એણે પોતાની કૃતિમાં નાખી માટે એની થઈ ગઈ છે ? કે નહિ. એ તો મૂળ ધણીની જેની છે એની જ રહી છે. એ બીજાની થતી નથી. અને એ વસ્તુનું સ્વરૂપ છે. ખરેખર તો એ વસ્તુનું સ્વરૂપ છે. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- નરસિંહ મહેતા, કબીર એ બધા એ ઘણા એવી રીતે જ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ માર્ગાનુસારી એટલે કહેલા એને. એમને મૂળ વાત રુચેલી. એ આત્માની વાત આત્માને રુચિ. કોને ? એ પણ એક આત્મા છે કે નહિ ? આત્માની વાત આત્માને રુચિ. પછી એ જ્ઞાની સમજી લે છે કે આના આત્મામાં રુચે છે આ. આ માર્ગને અનુસરનારો છે. આ માર્ગને અનુસરીને જાશે. એને રુચ્યું કેમ ? નહિતર પ્રકૃતિ ધક્કો મારે, રુચે નહિ. ઘણાય આ વાત સાંભળવા આવે અને ભાગી શું કરવા જાય છે ? ટકી નથી શકતા. એને રુચે નહિ. ... આપણને જે અનેક વાતો બધી જે ચાલ્યા કરે છે એ આપણને ગમતી નથી. એને ગમે નહિ. ગમે નહિ એટલે ભાગી જાય. ગમે તો સ્થિર થઈ જાય. એ તો સીધી વાત છે. રુચિ ઉપર આધાર છે.

'પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચારતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધા સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે;...' આ એમની ... લે છે. પછી કમનસીબી હોય એ ન થાય તો એ .. જુદી છે. બાકી વસ્તુ સ્થિતિ તો આવી છે. એક તો સત્પુરુષનો સમાગમ દુર્લભ છે અને જો એ મળે તો જીવને મોક્ષસંબંધીના બધા સાધનો એટલે મોક્ષ પામવા માટેના ભૂમિકાની અંદર જે જે ભાવો ઉત્પન્ન થવા જોઈએ તે બધા ભાવોને અહીંયાં સાધન કહેવામાં આવે છે. સાધ્ય તો મોક્ષ છે. મોક્ષ પૂર્ણ શુદ્ધતા, પૂર્ણ નિર્દોષતા, પૂર્ણ પવિત્રતાને પ્રાપ્ત કરવાના ભાવો સત્પુરુષની સમીપમાં સહેજે... સહેજે... સહેજે થવા માંડે છે. ન થાય તો પછી એ નસીબની બલિહારી છે. કાંઈ બીજો ઉપાય નથી. કાંઠે આવે એ તરી જાય એમ કહે છે. અને કાંઠે આવીને ન તરે અને ડૂબે તો એનો તો કોઈ ઉપાય નથી.

આપણે ઘણીવાર એ વાત કરીએ છીએ કે કાંઠે તો પાણી નવ ઈંચ કે દસ ઈંચ કે બાર ઈંચ હોય. કાંડા બૂડ પાણીમાં માણસને ડૂબવાની શક્યતા જ નથી. અને છતાં ડૂબે તો શું સમજવું ? કે એ શીર્ષાસન કરીને ચાલતો હોવો જોઈએ. ઊંધે માથે ચાલતો હશે. તો જ મૂંઝાઈને ડૂબેને ? નાકમાં પાણી ક્યારે જાય ? એવી ઊંધાઈ કરી હોય ત્યારે. પૂરે પૂરી ઊંધાઈ કરી હોય.

મુમુક્ષુ :- ઓલાની મૂર્ખતા સમજાય. અમે મૂર્ખતા કરીએ એ નથી સમજાતી ?

પૂજ્ય ભાઈશ્રી :- સમજાવા માટે સ્વાધ્યાય તો (થવો જોઈએ). સ્વલક્ષી. અત્યાર સુધી કેમ અનંતકાળ ગયો ? આ જીવ તો અત્યારનો તો છે નહિ કાંઈ આ. ૨૫-૫૦ વર્ષનું આયુષ્ય થયું એવડો તો કાંઈ છે નહિ. અનંતકાળથી છે. કેમ ન તર્યો ? આવી જ ભૂલો કરી છે. થોડી ભૂલો કરી નથી પણ પૂરે પૂરી ભૂલો કરી છે. સુધારવા માટે સ્વાધ્યાય છે. સ્વાધ્યાયમાં એ વાત (આવે છે). ઉપદેશ નથી આ. આ સંસારમાં પરિભ્રમણ કરવાની, ડૂબવાની વાત મને તો સારી લાગતી નથી. તમને પણ સારી નહિ

જ લાગતી હોય એટલી વાત છે. એ રીતે એ વાત છે.

'પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો..' એવા જ આનુષંગિક પરિણામ થાય બધા. ત્યાં ધ્યેય બાંધે કે મારે પરિપૂર્ણ નિર્દોષ થવું છે ત્યારે બધા જ પરિણામો એવા ઉત્પન્ન થાય. અલ્પ પ્રયાસે. સહેજે સહેજ થવા માંડે. **'અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે;...'** એટલે એમાં એને સફળતા મળે છે. **'પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે.'** યોગ પામ્યા પછી સાધવું એટલું દુર્લભ નથી જેટલો યોગ પામવો દુર્લભ છે. એમ કહે છે. સત્પુરુષનો કેવો મહિમા કરે છે ! ઘણાંને તો યોગ મળ્યો છે પણ પામ્યા નથી. તો કહે છે નહિ યોગ ઘણો દુર્લભ છે. જો એની દુર્લભતા સમજાશે તો એ યોગમાં તને પામવાની વૃત્તિ પણ એટલી જ બરાબર સાચે સાચી ખરેખરી ઉત્પન્ન થઈ જશે.

ખરેખર તો શું છે કે યોગ પામ્યા છતાં કેમ ન પામ્યો ? કે દુર્લભ યોગની દુર્લભતા અને મહિમા છે એ સમજાણી નહિ માટે પામ્યો નહિ. એને સામાન્ય યોગ ગણીને, સામાન્ય સંયોગ ગણીને એને કાઢી નાખ્યો. જ્યારે યોગ હતો ત્યારે એ યોગની કિંમત આંકી નહિ. ઠીક છે. આપણને નવરાશ મળે, આપણને જ્યારે અનુકૂળતા હોય ત્યારે 'સોનગઢ' જઈશું. પછી કોઈ બાર મહિનામાં એકવાર આવે, કોઈ બેવાર આવે, કોઈ ચાર વાર આવે. અને કોઈ ત્યાં પણ રહી જાય. પ્રકાર તો ઘણાં બન્યા છે. પ્રકાર ગમે તે બન્યા. એની સાથે કોઈ મતલબ નથી. મહિમા કેટલો આવ્યો એની સાથે મતલબ છે. મહિમા કેટલો આવ્યો એની સાથે મતલબ છે.

એને એમ લાગે કે આ તીર્થંકરથી પણ અધિક યોગ પ્રાપ્ત થયો છે. પત્રમાં નાખ્યું છે, હોં ! તીર્થંકરથી અધિક યોગ પ્રાપ્ત થયો છે. એવું ભાસે તો પછી યોગ તો પુણ્યના ઉદય અનુસાર થશે. એ એના હાથની બાજી નથી. પણ કાર્ય સિદ્ધ થઈ જાય. પણ મહિમા આવવો જોઈએ. પ્રત્યક્ષ ઉપર ઘણું વજન છે.

'પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે;...' ઘણું કરીને એમ જ બને છે. **'પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે.'** અને હવે એ દેખાય એવું છે. હવે એ સમજાય એવું છે કે દુર્લભતા કેવી ચીજ છે. (એક મુમુક્ષુ) કહેતા. 'જામનગર'ના (મુમુક્ષુ) સત્પુરુષનો યોગ મળે તો સારું. સાચી ભૂખ ઉઘડેલી અને એ પછી 'શ્રીમદ્‌જી'નો ગ્રંથ હાથમાં આવ્યો એટલે એ વાત એમને Telly થઈ ગઈ અંદરથી. ખરેખર આ સત્પુરુષ કહે છે એમ જ છે. એ હતા

ત્યારે તો હું હતો. તો કહે ભીંત સાથે માથું પછાડ્યું. શું કીધું ? હું ચૂકી ગયો. હું યોગ ચૂકી ગયો. દુર્લભ યોગ ચૂકી ગયો. એટલો પશ્ચાતાપ કરેલો. વળી યોગ થઈ ગયો. પાછો એમને જોગ થઈ ગયો. ભાવના હતી તો જોગ થઈ ગયો. પણ એ તો કિંમત આવી હોય એને લાભ થાય છે. યોગ થાય એને લાભ થતો નથી. કિંમત આવી હોય એને લાભ થાય છે. અને કોઈવાર યોગ થયા પછી કિંમત આવવાનો પ્રસંગ બને છે. આ પ્રકાર છે એની અંદર. એટલે એ યોગ પામવો દુર્લભ છે.

'તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.' પછી યોગ હોય તોપણ અને યોગ ન હોય તોપણ. 'સોભાગભાઈ'ને એમ હતું. એમનું તો ચિત્ત ત્યાં જ હતું. રોજ કાગળ લખે. નહિતર રોજ કાગળ લખવો એને મોંઘો પડે એવું હતું. પણ એનું ચિત્ત જ એક ઠેકાણે હતું. કે અહીંયાં મારા પ્રત્યક્ષ ભગવાન બિરાજે છે અને હું અહીંયાં છું. તો મારો દેહ અહીંયાં છે, મારો આત્મા તો ત્યાં જ છે. બીજું કાંઈ નહિ. શરીર અહીંયાં હતું અને આત્મા ત્યાં હતો. એવું હતું. એટલે મુમુક્ષુનું ચિત્ત તો સત્સમાગમમાં જ રહે અને બીજે ક્યાંય રહે નહિ. યોગ હોય તોપણ ત્યાં રહે અને યોગ ન હોય તોપણ ત્યાં રહે. યોગ હોય ત્યારે અત્યંત પ્રીતિ રુચિથી સમાગમ કરે અને યોગનો વિયોગ થાય ત્યારે એ રુચિ અને પ્રીતિ બમણી થાય. કેવી થાય ? બમણી થાય. કે ઘટી જાય ? પાછો યોગ થાય તો ચારગણી થાય. અને પાછો વિયોગ થાય તો આઠ ગણી થાય. જેમ જેમ કાળ જાય એમ વૃદ્ધિગત થતી જાય. એવી ચીજ છે એ.

'તે જ સમાગમના યોગમાં મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.' પહેલો કાગળ બહુ સારો છે, હોં ! મુમુક્ષુ માટેનો કાગળ છે લ્યો આ તો એમ કહીએ તો ચાલે. ત્યારે નવા મુમુક્ષુ હતા ને ? નવા નવા મુમુક્ષુ હતા. એમના પ્રિયપાત્રના પરિવારજન હતા પાછા. થોડું થોડું એમને પણ આકર્ષણ થયું હતું. તો એને કેટલો Response આપ્યો છે આ કાગળથી. જુઓ ! થોડોક એ લોકોનો ભાવ જોયો, થોડોક ભાવ જોયો તો એને વધારે ભાવ થઈ જાય માટે કેટલું બધું લખી નાખ્યું ! આ આનું નામ વાત્સલ્ય, લ્યો ! આનું નામ વાત્સલ્ય કે કોઈ થોડો આવતો હોય એ જાજો આવે એ કેમ થાય ? એવું જે વલણ અને વર્તન એનું નામ વાત્સલ્ય. બીજું કાંઈ નથી. એ ભાગી જાય એવું કદી કરાય નહિ. એ સત્પુરુષની આજ્ઞા વિરુદ્ધ છે. વાત્સલ્ય વિરુદ્ધ છે એટલે સત્પુરુષની આજ્ઞા વિરુદ્ધ વાત છે.

ખરેખર તો એમ છે કે જુનાને આદર ન દે એથી વધારે તો નવાને આદર દેવો જોઈએ. કેમકે એ હજી પાકો નથી થયો. કાચો છે. એ વાત્સલ્યનો પ્રકાર છે. આપણા સમાજમાં એ વાતની ત્રુટી છે. અને એ ત્રુટી ત્રુટી ન રહે એવું થવું ઘટે છે. એ ત્રુટી

ત્રુટી ન રહે એવું થવું ઘટે છે. નહિતર સત્પુરુષની આજ્ઞાનો પ્રારંભમાં જ વિરોધ થઈ જાય આપણાથી. જાણ્યે-અજાણ્યે. પછી અમે માનીએ છીએ 'ગુરુદેવ'ને એ વાત રહેતી નથી. એ વાત જ રહેતી નથી. આમ છે.

આગળ કહે છે કે **'સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે.'** કારણ કે **'વિરલા જ સત્પુરુષ વિચરે છે.'** આ પોતે છે તો પણ આટલું લખવાની હિંમત કરી છે. એ ઘણાએ આડુ લીધું છે, હોં ! પોતાનો મહિમા વધારવા બહુ આવું લખે. એમ કહેતા પાછા. માણસને ઊંધું સૂઝે એને ઊંધુ જ સૂઝે પછી. એને સવળું સૂઝે નહિ. એકલું નિષ્કારણ કરુણાથી અને પરમ નિઃસ્પૃહતાથી કેવળ મુમુક્ષુના હિતને અર્થે લખ્યું છે. બીજો કોઈ એની અંદર હેતુ નથી. આવું છે. સપને પણ વિચારવા યોગ્ય નથી. એ ફરી ફરીને એ વાત ઉપર વજન મૂકે છે. ઓલા લોકોનું ધ્યાન ખેંચાય ને એટલે ફરી ફરીને એ લખે છે. કે તમારું ધ્યાન ખેંચાય તો થોડો કાળ યોગ છે. હવે તો ચારેક વર્ષ રહ્યા છે. વધારે નથી. અને એમાં છેલ્લા બે વર્ષમાં તો પોતે જ સમાગમ ઓછો કરી નાખ્યો હતો.

જે મુમુક્ષુઓને એ લખતા હતા કે પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમમાં વધુમાં વધુ રહો, તે જ મુમુક્ષુઓને કહે તમે મારી પાસે આવશો નહિ. મારે એકાંતમાં રહેવું છે. એટલે એની વૃત્તિ ફરી જાય તોપણ યોગ ન થાય. એને થોડોક રાગ હોય ત્યાં સુધી વાંધો નથી. પણ એને જેવો રાગ ઘટ્યો એ સાધર્મીના સંગમાં પણ રહેવાના નથી. એ સાધના માટે એકાંતમાં ચાલ્યા જાય છે. એટલે બહુ અલ્પકાળ છે. સત્પુરુષ હોય તો એનો કાળ અલ્પ છે. જ્યાં સુધી એને થોડીક વાત્સલ્ય અને પ્રભાવનાની વૃત્તિ છે ત્યાં સુધી તમારી વચ્ચે છે. નહિતર ચાલ્યા. આવશો નહિ મારે સાથે, આવશો નહિ મારી પાસે. કહી દે ચોખ્ખું. એવી ચીજ છે.

મુમુક્ષુ :- ...મુમુક્ષુ આવતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

અજ્ઞાનદશામાં જીવો ઉપવાસ કરે છે, મોહકંદને મજબૂત કરે છે, પરંતુ ત્યાં જીવ કષાયરસ પીએ છે. જ્યારે જ્ઞાની ઉપવાસ કે આહારમાં આત્મરસ જ્ઞાનરસ કે જે અકષાયરસ છે તેને પીએ છે. **(અનુભવ સંજીવની-૧૮૪૪)**

તા. ૮-૭-૧૯૯૨, પત્રાંક - ૭૮૩
પ્રવચન નં. ૩૯૦

એ વંચાઈ ગયો છે. પત્રના પ્રારંભમાં 'શ્રી સોભાગભાઈ'ને નમસ્કાર કર્યા છે અને એમના પરિવાર ઉપર પત્ર લખેલો છે. પત્રનો મુખ્ય વિષય છે સત્પુરુષનો મહિમા કર્યો છે અને 'સોભાગભાઈ'ના પરિવારને પણ સત્પુરુષના યોગમાં રહેવા માટેની પ્રેરણા આપી છે. શરૂઆતથી થોડું સંક્ષેપમાં લઈ લઈએ. કે '**જન્મ, મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી,...**' જન્મ-મરણનો નાશ કેવી રીતે કરવો ? કયા ઉપાયથી કરવો એ વિષયમાં અનાદિથી જીવ અજાણ્યો છે. અને તેથી તે જન્મમરણ મટતા નથી. ચાલુ ને ચાલુ રહ્યા કરે છે.

'**તે ઉપાય જાણવાની અને કરવાની સાચી ઈચ્છા ઉત્પન્ન થયે...**' વજન અહીંયાં છે. સામાન્ય રીતે જન્મ-મરણના દુઃખ કે કોઈ કોઈ દુઃખ ટાળવાની ઈચ્છા તો બધા જ જીવને હોય છે પણ ઈચ્છા અને સાચી ઈચ્છામાં ફરક છે. સાચી ઈચ્છા હોય તો એને કોઈપણ ભોગે એ ઉપાય કરવો છે. અને સાચી ઈચ્છા ન હોય તો પોતાની કલ્પના પ્રમાણે અનુકૂળતા થાય તો કરવો છે. નહિતર ભલે જન્મમરણ થતા. આવો અભિપ્રાય ભૂલથી રહી જાય છે. એવો અભિપ્રાય ભૂલથી રહી જાય છે. અભિપ્રાયના સંદર્ભમાં વિચારીએ તો સાચી ઈચ્છામાં અભિપ્રાય શું છે એ મહત્ત્વનો વિષય છે.

કોઈપણ ભોગે જેને જન્મ-મરણ ટાળવા જ છે એવા જીવને તો કોઈપણ પ્રકારની અનુકૂળતા-પ્રતિકૂળતા એમાં રોકાવાનું કારણ બનતું નથી. પણ જેને સાચી ઈચ્છા નથી એટલે ખરો અભિપ્રાય નથી થયો એને તો પોતાની અનુકૂળતા અથવા પોતાની કલ્પના પ્રમાણે બધી વ્યવસ્થા હોય તો આ સાધન કરવું છે નહિતર જન્મ-મરણ થાય તો શું કરીએ ? થાય જ ને. બધાને થાય છે આપણને પણ (થાય). આનો કોઈ ઉપાય દેખાતો નથી. બીજો કોઈ રસ્તો દેખાતો નથી એમ કરીને જીવ ગૌણ કરી નાખે છે. સાચી ઈચ્છામાં મુખ્યતા આવે છે. અભિપ્રાય સહિતની મુખ્યતા આવે છે. અને એવી ઈચ્છા ઉત્પન્ન થતા એ માર્ગના, એ ઉપાયના જાણકાર એવા સત્પુરુષ. સત્પુરુષ કેવા છે ? કે જેણે પોતે જન્મ-મરણ ટાળ્યા છે. ટાળ્યા છે એટલે ઉપાય સાધી રહ્યા છે ટાળવાનો. એમ જેને લાંબા જન્મ-મરણ નથી હવે. અને એ રીત એ

ઉપાય જાણે છે. એવા પુરુષનો સમાગમ થાય, એ સમાગમનો લાભ મળે તો તે ઉપાય જાણી શકે. એ સિવાય તો બીજો કોઈ ઉપાય નથી. '**અને તે ઉપાયને ઉપાસીને સર્વદુઃખથી મુક્ત થાય છે.**' તે ઉપાય ઉપાસીને સર્વદુઃખથી મુક્ત થાય છે.

'**તેવી સાચી ઈચ્છા ઉત્પન્ન ન થઈ હોય તોપણ જો કોઈ સત્પુરુષનો યોગ થાય...**' અને એ ધ્યાન ખેંચે કે, ભાઈ ! જીવનમાં તો જન્મમરણનો નાશ થાય એવું કોઈ કાર્ય કરી લેવા જેવું છે. તો એને સાચી ઈચ્છા પણ ઉત્પન્ન થવાનો સંભવ છે. એટલે બંને પ્રકાર છે. કાં તો સાચી ઈચ્છા ઉત્પન્ન થાય. એ પહેલી વાત છે. ઉપાદાનમાં એ જાતની પોતાની તૈયારી થાય અને સત્પુરુષનો તદ્અનુકૂળ સમાગમનો લાભ મળે તો તો એ ઈચ્છનીય છે. કદાચ એમ ન બન્યું તો ? આ પ્રશ્ન છે. તો કહે છે, કોઈ સત્પુરુષનો યોગ બની જાય અને એ જન્મ-મરણ ટાળવા માટેનો ઉપાય બતાવે તોપણ એવી સાચી ઈચ્છા ઉત્પન્ન થવાનો પ્રસંગ મુમુક્ષુ જીવને થઈ આવે છે. એવા પણ કોઈ કોઈ દૃષ્ટાંતો, એવા કોઈ કોઈ પ્રસંગો પણ બને છે, કે પહેલાં એવી કોઈ પરિસ્થિતિ તૈયારી નહોતી પણ સત્સમાગમના યોગે એ પાત્રતા ઉત્પન્ન થઈ. એવું પણ બને છે.

'**તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.**' સમાગમ દુર્લભ છે, સમાગમ થાય તો ઓળખાણ (થવી) ઘણી દુર્લભ છે. અનંતકાળમાં સમાગમ કદાચ અનંતવાર થયો છે. પણ ઓળખાણ એકવાર પણ થઈ નથી. એકવાર પણ નથી થઈ. કેમકે એમાં પાત્રતા અપેક્ષિત છે. પાત્રતા વિના ઓળખાણ થતી નથી. ઓળખાણ થાય, ઓળખાણ થયા પછી દર્શાવેલા માર્ગની પ્રતીતિ એટલે વિશ્વાસ આવે કે આ જ માર્ગ છે, આ જ વિધિ છે અને બીજી કોઈ વિધિ નથી. એવી પ્રતીતિ આવે. અને તેમજ ચાલવાની જીવની પ્રવૃત્તિ એટલે કામ શરૂ કરી દે. સાંભળતાવેંત કામ શરૂ કરી દે. પ્રવૃત્તિ ચાલુ કરી દે. એટલી પાત્રતા જેની તૈયારી હોય તો એ પ્રકાર છે એ ઉતરોત્તર દુર્લભ છે.

સામાન્ય રીતે ઓળખાણ થાય તો દર્શાવેલા માર્ગની પ્રતીતિ અવશ્ય-અવશ્ય થાય છે. અને કદાચ કોઈને તાત્કાલીક ન થાય અને થોડો સમય જાય તોપણ થાય છે. અને દર્શાવેલા માર્ગની પ્રતીતિ થાય તો ચાલવાનું સહજ જ બને છે. વિશ્વાસ આવે તો તો ચાલવાનું બન્યા વગર રહે નહિ. પણ એ ઉત્તરોત્તર આગળ-આગળનો વિષય છે અને એ આગળ-આગળનો વિષય છે એટલે એની દુર્લભતા અને એની કિંમત પણ વિશેષ છે.

મુમુક્ષુ :- યોગ તો મળ્યો ... ઓળખ્યા છે બરાબર તોપણ કાર્ય તો થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે ઓળખ્યા છે એવું માન્યું છે. ઓળખ્યા હોય ખરેખર તો તેમના વચનને વિષે પ્રતીતિ આવ્યા વિના રહે નહિ. એમણે જે માર્ગ દર્શાવ્યો હોય એ માર્ગની પ્રતીતિ જાણવાપૂર્વક પ્રતીતિ આવે છે, .. પ્રતીતિ આવે છે. અનુભવાંશે પ્રતીતિ આવે છે. કેમકે માર્ગ તો અંતર્મુખ થવાનો છે. અંતર્મુખ થવું એમ જાણ્યું છે. મોક્ષમાર્ગના પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ અંતર્મુખી જીવના પરિણામ છે. એ જાણ્યું છે. ... છે એમ પણ જાણ્યું છે. મારે અંતર્મુખ થવું જોઈએ એમ પણ જાણ્યું છે. પણ કેમ અંતર્મુખ થવું તે જાણ્યું નથી. જે જગ્યા ખાલી રહી ગઈ એ આ રહી ગઈ.

મુમુક્ષુ :- વિધિની ભૂલ ?

પૂજ્ય ભાઈશ્રી :- વિધિની ભૂલ છે. એટલે એ પ્રતીતિ એ પ્રકારે આવે છે. અંતર્મુખ થવાનું જાણવું જે બને છે એના પૂર્વક પ્રતીતિ આવે છે. જાણ્યા વિના પ્રતીતિ વિશ્વાસ આવે નહિ. એ જગ્યાએ ઓળખાણ થાય તોપછી આ પ્રતીતિ આવવાનો પૂરો સંભવ છે. મૂળમાં ઓળખાણ થઈ નથી. ભલે વહેલી મોડી કોઈને પ્રતીતિ આવે. પણ ઓળખાણ થાય તો પ્રતીતિ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- અંતર્મુખ થવું કોને કહીએ ?

પૂજ્ય ભાઈશ્રી :- નાસ્તિથી લઈએ તો બહિર્મુખપણાનો અભાવ થાય તો અંતર્મુખપણું થાય. પરિણામની બે જ દિશા છે. એક અંતર્મુખની દિશા છે અને એક બહિર્મુખની દિશા છે. જો નાસ્તિથી લઈએ તો બહિર્મુખ પરિણામનો નાશ થાય, અભાવ થાય, મટી જાય. બહિર્મુખપણું મટી જાય તો અંતર્મુખપણું ઉત્પન્ન થાય. અથવા અસ્તિથી લઈએ તો અંતર્મુખપણું ઉત્પન્ન થાય તો બહિર્મુખપણું છૂટે. એ વિષય ઉપર આપણે ઘણીવાર અહીંયાં ચર્ચા ચાલી છે કે પ્રથમ જ અંતર્મુખ જ્ઞાન થાય છે. કેમકે જ્ઞાન સાધન છે અને તે જ્ઞાન જ્ઞાનવેદનથી અંતર્મુખ થાય છે. કેમકે જ્ઞાન જ્ઞાનને વેદે ત્યારે એને બહિર્મુખ થવાનો કોઈ પ્રસંગ રહેતો નથી. જે જ્ઞાનવેદન જ્ઞાનના અંતરંગમાં રહેલું છે અને જે જ્ઞાનનો ઉપયોગ બહિર્મુખ વર્તી રહ્યો છે તે જ્ઞાનનું બહિરંગ છે. એક જ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાનનું બહિરંગ જ્ઞાનના અંતરંગ ઉપર આવી જાય છે. પછી ઉપયોગને બહિર્મુખ રહેવાની કોઈ પરિસ્થિતિ નથી રહેતી. પ્રથમ વિશ્વાસ પણ એ વેદન અંશથી આવે છે. પ્રતીતિ પણ વેદન અંશથી આવે છે.

પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. ત્યાં પરમાર્થ શબ્દ વાપર્યો છે. ૭૫૧માં કેવો શબ્દ વાપર્યો છે ? પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ. પરમાર્થનો અંશ સ્વભાવ પણ થાય છે અને પરમાર્થનો અંશ પરમાર્થ માર્ગ, નિશ્ચયમાર્ગ, અંતર્મુખી માર્ગ એ પણ

એનો અર્થ થાય છે. અનુભવાંશે પ્રતીતિ થાય છે. વેદનઅંશ છે તે અનુભવનો અંશ છે. સ્વસંવેદન પ્રગટ્યુ નથી એટલે અહીંયાં અંશ લીધો છે. નિર્વિકલ્પદશાનું ચતુર્થગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગનું સ્વસંવેદન પ્રગટ નથી થયું એટલે અહીંયાં અંશ શબ્દ વાપર્યો છે એમણે. એક એક શબ્દમાં અનુભવ છે એમનો. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ એ સમકિતનો બીજો પ્રકાર છે. એને ભાવભાસન આપણે કહીએ છીએ.

મુમુક્ષુ :- વેદનમાંથી રાગથી છૂટો પડ્યો એટલે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં રાગનો આધાર છૂટ્યો. વિચારદશા છે. પણ સામાન્યપણે અનાદિથી વિચારદશામાં રાગની મુખ્યતા, રાગના અવલંબને સાથે જ્ઞાન રહીને વિચાર ચાલ્યા કરે છે. અને એ વિચારમાં આગમ અનુકૂળ આત્માનું સ્વરૂપ જાણવા મળે તોપણ આધાર ખોટો હોવાથી, આધાર રાગનો હોવાથી એ નિશ્ચયને યથાર્થ નિશ્ચય કહેતા નથી. પછી આગમથી જાણ્યું હોય, શ્રીગુરુના વચનોથી જાણ્યું હોય તો એ જાણકારી અવશ્ય છે. જાણકારી છે તોપણ એ નિશ્ચય યથાર્થ નથી કેમકે એના અવલંબનમાં અનાદિનો જે રાગ છે એ એનો એ જ છે. બીજો કાંઈ ફેરફાર થયો નથી.

મુમુક્ષુ :- રાગના આધારે જ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાગના આધારે હજી જ્ઞાન વર્તી રહ્યું છે. અને અનુભવાંશમાં વેદનના અંશના આધારે, જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાનસ્વભાવનો નિશ્ચય થયો છે અને ત્યાં આધાર છૂટ્યો છે. રાગનો આધાર અંશે છૂટ્યો છે. સંપૂર્ણ તો હજી સ્વસંવેદન વગર છૂટે નહિ. પણ છતાં અહીંયાં વેદનને ગ્રહણ કર્યું છે એટલે વેદન શું ચીજ છે જે એનાથી અજાણ્યો હતો. એ વેદનથી સમજાયું, અનુભવ અંશથી સમજાયું. વેદનથી સમજાયું એટલે અનુભવ અંશથી સમજાયું છે. એવી માર્ગની અંતર્મુખતાની, અંતર્મુખપણાની પ્રતીતિ આવે જીવને તો અંતર્મુખ કેમ થવું એ જે સમસ્યા છે એનું સમાધાન મળી જાય છે. ત્યારથી અંતર્મુખ થવાની વિધિ જાણે છે. Second માત્રમાં જ્ઞાન જ્ઞાનના વેદને સીધું જ ગ્રહણ કરી લે છે. એને કોઈ સમય લાગતો નથી.

મુમુક્ષુ :- અંતર્મુખપણામાં વિશાળતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંડપ વધારે છે. વિશાળતા કરતા ઊંડપ વધારે છે. આ જે વેદનનો વિષય છે એ ઊંડાણનો વિષય છે. અંતર્મુખી ઊંડાણનો વિષય છે. એવી પ્રતીતિ થાય તો તેમના કહેલા માર્ગમાં એટલે અંતર્મુખના ઉપાયમાં પ્રવૃત્તિ થાય અને તે ઉત્તરોતર દુર્લભ છે.

'એમ શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તરાધ્યનના ત્રીજા અધ્યાયનમાં ઉપદેશ્યું છે.' 'ઉત્તરાધ્યયન'માં ક્યાં લખ્યું છે એ પણ ખબર છે. વાંચ્યું છે પણ સ્મૃતિ ઘણી તેજ

હતી. '**પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ વિના...**' હવે જુઓ ! સંપ્રદાય બુદ્ધિ હોય તો. ઉત્તરાધ્યયન નામથી ... થાય છે. સંપ્રદાયબુદ્ધિ હોય તો કહે એનો કેમ આધાર આપ્યો ? દિગંબર શાસ્ત્રમાં એવું નથી લખ્યું ? પણ સામે કોણ છે એ તો જોવું જોઈએ ને ? સામે દિગંબર શાસ્ત્રના અધ્યયન કરનારો પરિવાર નથી. સ્થાનકવાસીનો પરિવાર છે. તો એને ક્યાંથી એ વાત ... થાય એમ બતાવે કે ક્યાંથી બતાવે ? અજાણ્યું પુસ્તક બતાવાનું તો કાંઈ એને ખબર નથી. એમ ત્યારે આપણા ઉત્તરાધ્યનનમાં એ વાત લખી છે ? ફટ પકડે. એને ભાવ થાય તરત જ. આદર થાય તરત જ. અને વાત તો વાત છે. કોઈની નથી.

આપણે એમ કહીએ છીએ કે આ જિનેશ્વરની વાત છે. આપણે એમ કહીએ છીએ કે આ 'ગુરુદેવ'ની વાત છે. પણ વસ્તુનું સ્વરૂપ છે એ તો. વસ્તુનું સ્વરૂપ કોનું છે ? 'ગુરુદેવ' એમ કહેતા કે જિનેન્દ્રદેવે માર્ગ પ્રસિદ્ધ કર્યો છે. માર્ગ એમણે નવો કર્યો નથી. ભલે જિનમાર્ગ કહેવાય છે તોપણ એ માર્ગ એમણે પ્રસિદ્ધ કર્યો છે. વાણી દ્વારા પ્રકાશમાન કર્યો છે. બાકી એ તો વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈના ઘરની ચીજ છે નહિ. પછી એને ગમે એ નામથી કહો. વસ્તુ તો વસ્તુ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી'નો પત્ર લખેલો છે એમ કહેવાય. બાકી તો વસ્તુનું સ્વરૂપ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનું સ્વરૂપ છે. કોઈના નામથી વાત થાય. કોઈપણ મહાપુરુષના નામથી, જિનેશ્વરના નામથી વાત થાય છે પણ એ તો વસ્તુનું સ્વરૂપ છે. એક આપણે સંસ્કૃતમાં એને ગ્રંથ કહીએ, ગુજરાતીમાં એને પુસ્તક કહીએ અને અંગ્રેજીમાં એને Book કહીએ. તો વસ્તુ ફરી જાય છે કાંઈ ? અને ઉર્દુમાં એને કિતાબ કહો. કિતાબ છે એ ઉર્દુ ભાષાનો શબ્દ છે. એને ગમે તે નામ આપો વસ્તુ તો વસ્તુ છે. આ નામથી કેમ કહ્યું એને ? કે ભાઈ એ નામથી એને સમજાય છે માટે એની ભાષામાં વાત કરી. મલેચ્છ ભાષાના સ્થાનમાં ..ભાષા જ વાપરવી પડે. બીજો રસ્તો નથી. મલેચ્છને સમજાવવા માટે મલેચ્છ ભાષા વાપરવી એ 'કુંદકુંદાચાર્યે' કહ્યું. કે અમે પણ એમ કરીએ છીએ. તો બીજા કોઈ સત્પુરુષ એમ કરે એનો કાંઈ વાંધો લેવાય ? સામે જે ભાષામાં સમજતા હોય એ ભાષામાં કહેવું. સમજાવવાનો એવો વ્યવહાર છે. એ ન સમજતો હોય એવી ભાષામાં કહેવું એ કોઈ વ્યવહાર નથી સમજાવાનો. કેવી રીતે સમજે ? માટે તે યથાર્થ કહ્યું છે. એમણે યથાયોગ્ય વ્યવહાર કર્યો છે એમ લેવું.

આપણે ઓલી ગંધ લઈને બેઠા હોય સંપ્રદાયબુદ્ધિની કે ઉત્તરાધ્યનની વાત કેમ લખી છે ? એ જે સંપ્રદાયબુદ્ધિ છે એ ઘણો નુકસાનનો વિષય છે. તે મતાર્થીના

લક્ષણમાં જાય છે. શું કહ્યું ? જે મતાર્થી છે એ આત્માર્થીનો પ્રતિપક્ષ છે. જે આત્માર્થી નથી તે મતાર્થી છે અને મતાર્થી છે તે આત્માર્થી નથી. એટલે એને આત્માર્થ ન સમજાય. મતાર્થ હોય તેને આત્માર્થ ન સમજાય અને આત્માર્થી હોય એને ગમે ત્યાંથી આત્માર્થ સમજાય. એને આનું જ .. હોય તો આત્માર્થ સમજાય એવું નથી. એવું છે. એવી યોગ્યતા કામ કરે છે. નિમિત્ત તો નિમિત્ત છે. એ કોઈના ઘરની ચીજ નથી. તત્ત્વ તો તત્ત્વ છે એ કોઈના ઘરની ચીજ નથી. જેમ સમુદ્ર કોઈનો નથી. સમુદ્ર કોનો છે ? કોઈનો નથી. સમુદ્રને બાંધી શકાય ? કે હવે અહીંથી સમુદ્ર મારો હવે. સમુદ્ર તો ખુલ્લી ચીજ છે

મુમુક્ષુ :- નરસિંહ મહેતાનું પદ ગાય કે કબીરનું ગાય એનો ભાવાર્થ, ભાવ તો એ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા તત્ત્વ જ કહ્યું છે એમણે. ભાવ તો જે તત્ત્વ છે એ જ બતાવવું છે. બીજું કાંઈ બતાવવું નથી.

'પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે;...' આ એક સુગમતા છે. નહિતર આ જીવને બીજા રસ્તે ચડી જતા વાર લાગતી નથી. એ પોતે અજાણ્યો છે. ક્યાંકને ક્યાંક કલ્પના કરી બેસે છે. ત્યારે કહે છે કે જે **'પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી...'** કહો કે જન્મમરણથી છૂટવા સંબંધી કહો. (બધા સાધનો અલ્પ) પ્રયાસે મળે છે અને અલ્પ કાળમાં મળે છે. મનુષ્ય જીવન પણ મર્યાદિત છે. ઘણું મર્યાદિત છે. ઘણું અનિશ્ચિત પણ છે. મર્યાદિત છે એટલું નહિ પણ અનિશ્ચિત પણ ઘણું છે. કોઈ ભરોસો નથી. કઈ ઉંમરે આયુષ્ય પૂરું થાય એનો કોઈ નિયમ આ કાળમાં તો નથી. જ્યાં એવી પરિસ્થિતિ છે ત્યાં અલ્પ પ્રયાસે મોક્ષનું સાધન થતું હોય તો તે પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ છે. હવે આની કિંમત કેટલી આંકવી કહો જોઈ ? આની કોઈ કિંમત થઈ શકે એવી ચીજ નથી.

મુમુક્ષુ :- આડાઅવળા ઘણાં પાટા છે સત્પુરુષ બચાવે.

પૂજ્ય ભાઈશ્રી : હા એમાંથી બધેથી બચી જાય. સત્પુરુષના આશ્રયમાં રહે તો. આશ્રયમાં રહે એટલે આજ્ઞામાં રહે તો. એમના વિકલ્પની સાથે સાથે ચાલે. એમના ભાવ, એમની ઈચ્છા, એમની આજ્ઞાની સાથે સાથે ચાલે. એમ છે. એટલે તો આપણે એ વાત લીધી કે બપોરે બાર વાગે ચંદ્ર કહે તો ? ચંદ્ર જ છે. એની પાછળ એ હેતુ છે કે એટલી તૈયારી છે કે તારે તારી બુદ્ધિ ચલાવવાની છે ? એમ છે.

અલ્પ કાળે સિદ્ધ થાય છે '**પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે.**' આ કાળમાં તો એ સમાગમ હવે તો કદાચ મળવો મુશ્કેલ રહેશે. જેમ અત્યારે છેલ્લા પાંચસો-છસ્સો વર્ષથી મુનિઓનો અભાવ છે. ભાવલિંગી સંતોનો અભાવ છે પાંચસો-છસ્સો વર્ષથી. તો ક્યારેક કોઈ થવાનો સંભવ છે એવી સત્પુરુષમાં સો-પચાસ વર્ષના ગાળા પડે, પછી સો-બસ્સો વર્ષના ગાળા પડે, પછી બસ્સો-ત્રણસો વર્ષના ગાળા પડે. તો સત્પુરુષ થાય. એવા કાળ આવશે. એ યોગ પામવો દુર્લભ છે.

મુમુક્ષુ :- આ (કાળ) કેટલો સરસ આવ્યો !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સારો આવ્યો. આમ તો ચાલી જ રહ્યું છે. આ 'ટોડરમલજી' પોણા બસ્સો વર્ષ પછી હતા, પછી 'ધર્મદાસજી' હતા, 'કૃપાળુદેવ' થઈ ગયા, 'ગુરુદેવ' થયા. આ પરંપરા લગભગ ચાલુ રહી છે એમ કહીએ તો ચાલે. પણ છતાં બધાને યોગ થતો નથી. ચાલુ રહે તેથી કાંઈ યોગ થાય એમ નથી. કેમકે કોઈ ક્યાં હોય, કોઈ પ્રારબ્ધ વશાત્ ક્યાં હોય, કોઈ પ્રારબ્ધ વશાત કેટલા દૂરના ક્ષેત્રમાં હોય એનો કોઈ... તો પ્રારબ્ધ વશાત ખબર જ ન હોય કે ક્યાં કોણ કેવું પાક્યું છે. અને કદાચ યોગ થાય તો ઓળખાણ થવી દુર્લભ છે. મોટી વાત તો એ છે. એટલે એ તો પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમની તીવ્ર ભાવનામાં રહ્યા કરે તો. યોગ થાય તો ઓળખી લે. પણ ભાવનામાં જ ન હોય તો યોગ થાય તોપણ ઓળખે નહિ. એવું થાય છે.

'**યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં...**' જો તે યોગ થાય તો તે જ સમાગમના યોગમાં કે વિયોગમાં. યોગમાં કે વિયોગમાં '**મુમુક્ષુજીવનું નિરંતર ચિત્ત વર્તે છે.**' પછી એનો જીવ ત્યાં જ ચોંટેલો રહે કે આખા વિશ્વમાં આ એક ખારા સમુદ્રમાં મીઠી વીરડી છે. અને જ્યારે તરસ્યો થાય ત્યારે એમાંથી પાવળુ પાણી મળે એવું છે. અહીં મારી તરસ છીપાય એવું છે. તો એનું ચિત્ત ત્યાં ને ત્યાં જ રહે પછી. પછી એનું ચિત્ત બીજે ક્યાંય બીજે લાગે નહિ. આ સહેજે (બીજે) ઉપેક્ષા થઈ જાય. એ ઉદય પ્રત્યેની ઉપેક્ષા એક સત્પુરુષ પ્રત્યે તીવ્ર ભક્તિમાન થાય તોપણ ઉપેક્ષા થઈ જાય.

સત્પુરુષના યોગમાં પણ રહે અને પોતાના સંયોગમાં પણ એટલા જ રસથી ખાય, પીએ અને ધંધો-વેપાર ને બધા સંસારના કાર્યો કરે એવું કદી બનતું નથી. એવું બનતું હોય તો એમ સમજવા યોગ્ય છે કે સત્પુરુષનો યોગ પણ અયોગ સમાન વર્તી રહ્યો છે. અને જોઈ લેવું, તપાસી લેવું. કે એનું એ કર્યું આપણે કે કાંઈ ફેરફાર થયો હતો ? એક મુમુક્ષુભાઈનો પત્ર આવ્યો છે કે, અમારે 'કાનજીસ્વામી'નું સાહિત્ય વાંચવું છે. કોઈ 'કૃપાળુદેવ'ના મુમુક્ષુ છે. ઘણી સરસ વાતો છે. 'ધન્ય આરાધના' મળ્યું હતું. એ વાચ્યાં

પછી લખ્યું કે, અહો..! આવો બધો તો ખ્યાલ નહોતો. તો અમારે હવે 'કાનજીસ્વામી'... કે 'કાનજીસ્વામી'વાળામાંથી આવું સમજાવે છે ! એમ. તો અમારે પણ 'કાનજીસ્વામી'ના પુસ્તકો વાંચવા છે. એમાં પ્રથમ અમારે વૈરાગ્ય અને ઉપશમના ગ્રંથો હોય તો એ પહેલાં શરૂ કરવા છે. પછી સિદ્ધાંત ગ્રંથો પછી સમજશું. તો વૈરાગ્ય-ઉપશમના ગ્રંથો હોય તો એ ક્યાં મળશે અને કયા કયા મળશે એ જણાવજો. લ્યો ઠીક ! પુછાવડાવ્યું છે. એટલે પોતે નક્કી કર્યું છે કે અહીંથી આ રસ્તે ચાલવું. એમ.

એ વૈરાગ્ય-ઉપશમ સત્પુરુષના સમાગમમાં નિરંતર જે મુમુક્ષુનું ચિત્ત વર્તે. મને એમનો યોગ નિરંતર વર્ત્યા કરે. અને એમનો યોગ વર્તે તો પછી બીજા સંયોગો પર મારું લક્ષ રહે નહિ. ગમે તેમ હું ચલાવી લઉં. તો એને સહેજે વૈરાગ્ય-ઉપશમ થાય. એ સમાગમ જ વૈરાગ્ય ઉપશમનું કારણ થઈ જાય છે. પાછું ત્યાંથી યાદ આવ્યું. એમણે ગ્રંથ મંગાવ્યો પણ આ યોગ જ વૈરાગ્ય-ઉપશમનું કારણ થઈ જાય. કેવી કુદરતી વ્યવસ્થા છે ! એનું ચિત્ત ત્યાં વર્તે છે.

'સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે.' સર્વકાળમાં ચોથા આરામાં પણ એ યોગ દુર્લભ હતો તો આ કાળમાં એ યોગ બને પરમ દુર્લભથી દુર્લભ છે એવો યોગ સમજવા યોગ્ય છે. **'વિરલા જ સત્પુરુષ વિચરે છે.'** અને આ કાળમાં તો સત્પુરુષ કોઈ વિરલ જીવ હોય છે. **'તે સમાગમનો લાભ અપૂર્વ છે,...'** એમ ભાવના આવવી જોઈએ. આ સમાગમનો લાભ પણ અપૂર્વ છે. પૂર્વે મેં આ પ્રકારે સમાગમ કર્યો નથી એ પ્રકારે હવે મારે સમાગમ કરવાનો છે.

'તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.' અપૂર્વપણે એ સમાગમને અપૂર્વ જાણીને એમના વચનોથી મોક્ષમાર્ગની પ્રતીતિ કરવી. એમની પ્રતીતિ કરવી, એમના વચનોની પણ પ્રતીતિ કરવી અને અંદરમાં પોતાના પરિણામથી અનુભવાંશે પણ પરમાર્થની પ્રતીતિ કરવી. ત્યારે આ બધું એક Lineમાં આવી ગયું. એક Levelમાં આવ્યું. સત્પુરુષની પ્રતીતિ, પુરુષની પ્રતીતિથી તેમના વચનોની પ્રતીતિ, એ વચનોના નિમિત્તભૂત જે મોક્ષનો ઉપાય છે એની સ્પષ્ટ અનુભવાંશે પોતાના પરિણામથી પ્રતીતિ. આમ નિમિત્ત અને ઉપાદાનનો મેળ ખાઈ ગયો. સદશ્ય થઈ ગયા. અને પછી **'તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.'** પછી એ માર્ગને છોડવાનો પ્રશ્ન રહેતો નથી. અહીંયાં માર્ગ એટલે ઉપાય. એ ઉપાયનું નિરંતર આરાધન કરવું. પછી તો પાછળ પડી જાય એ તો સ્વભાવિક છે. જ્યાં લાભ જોવે જીવ પછી એ કાંઈ મૂકે નહિ. એ જીવનો

સ્વભાવ છે. અહીં સુધી આપણે પત્ર ચાલી ગયો હતો.

'તે સમાગમનો યોગ ન હોય ત્યારે...' હવે આ છોકરાઓને લખે છે ને ? એમના પરિવારને, 'સોભાગભાઈ'ના પરિવારને. કે **'તે સમાગમનો યોગ ન હોય ત્યારે...'** કેમકે એ પણ પૂર્વે પ્રારબ્ધ આધીન છે. સત્પુરુષ હોય પણ નિરંતર સમાગમ રહે એમ તો બને નહિ. 'ગુરુદેવ' 'સોનગઢ'માં હતા. પણ 'સોનગઢ'માં હોય તો વ્યાખ્યાન અને ચર્ચા મળે. એથી વળી વધારે જિજ્ઞાસા હોય તો એમની સમીપ એકાંતમાં જવાનું મળે. પણ એ પણ મર્યાદિત સમયે. બાકી તો પોતાને પણ જ્ઞાન-ધ્યાનનો સમય હોય છે. એટલે એ **'તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી...'** ઓસરાવી શબ્દ છે તમારે ? નથી. એ ગુજરાતી શબ્દ અજાણ્યો પડે. આપણે વપરાય છે. ઓસરાવીને એટલે જેને જે કામમાં મન ન થાય, દિલ ન ચોંટે, જે કામમાં વૃત્તિ ચોંટે નહિ એને વૃત્તિ ઓસરી ગઈ એમ કહીએ. ભરતીમાંથી આ પાણી નથી ઉતરી જતું ? પછી એને રોકી શકાય ? એમ આરંભ પરિગ્રહ પ્રત્યે બોજો લાગે. ત્યાં વૃત્તિ કામ કરે નહિ. બોજો બોજો લાગ્યા કરે.

'કાળ સો કુટુંબ કાજ લોકલાજ લીરસી' કહ્યું ને ? 'કાળ સો કુટુંબ કાજ' કાળ જેવું લાગે. જાણે કોઈ માથાનો દુઃખાવો આવી પડ્યો હોય. હોંશ તો ન થાય પણ વૃત્તિ ઓસરી જાય. આળસી જાય. .. વૃત્તિ ઓસરી જાય ઊલટાની. કે આજે સમાગમનો યોગ નથી. આપણી વૃત્તિ ક્યાંય બીજે લાગવી જોઈએ નહિ. **'તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે.'** એમ ને એમ નહિ. કે સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ નથી એટલે શાસ્ત્ર વાંચો. પણ એકલું શાસ્ત્ર વાંચો નહિ. આરંભ-પરિગ્રહ પ્રત્યેની વૃત્તિને ઓસરાવીને શાસ્ત્ર પરિચય કરો એમ કહે છે. અડધી કલાક, કલાક વાંચી લ્યો પછી આપણે ઘણું કામ છે હવે. એ બધા ઘણા કામ પતાવાના છે. એક એક કામ પતે એટલે પાછળ જરાક બરાબર ધ્યાન દેવું પડે. એમ નહિ. એ ઈચ્છા તો ઠંડી થઈ જવી જોઈએ.

ઉદયના કાર્યો સહેજે-સહેજે ઉપેક્ષિત થવા જોઈએ. અપેક્ષાવૃત્તિ છે એ ઉપેક્ષાવૃત્તિની વિરુદ્ધની પ્રતિપક્ષની છે. જીવને પોતાના ઉદય કાર્યોમાં અપેક્ષાવૃત્તિ રહે અને સત્સમાગમનો યોગ કે સત્શાસ્ત્રનું વાંચન રહે તો એની સફળતા થવી મુશ્કેલ છે. એ ધોઈ નાખે છે. જે કાંઈ ઉપદેશ ગુરુ પાસેથી કે શાસ્ત્રમાંથી લે તો ઓલી જે સંયોગની અપેક્ષાવૃત્તિ છે ને ? એક Secondમાં, થોડી Secondમાં, ગણતરીની Secondમાં એટલો રસ એને ચડે કે એ Secondમાં ધોવાઈ જાય બધું. સાંભળ્યું હોય, વાંચ્યું હોય એ બધું ખલાસ થઈ જાય. એટલે આ પ્રતિબંધ, નિયમ આપ્યો છે. ક્યા

પ્રકારે સમાગમ કરવો ? કઈ રીતે શાસ્ત્ર વાંચન કરવું ? આ એક જેને એમ કહેવાયને કે આ શિસ્ત છે. આ કાર્ય કરવા માટેની આ એક શિસ્ત છે. Decsipline છે આ. નહિતર ઓલું કરેલું તો નહિ કર્યા બરાબર થઈ જશે, નિષ્ફળ ચાલ્યું જશે.

અત્યાર સુધી નિષ્ફળ જવાનું કારણ આ છે કે આ નિયમ જાણ્યો નથી. સંયોગ પ્રત્યેની, ઉદય પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિએ આ તત્ત્વનું આરાધન કરવું. પછી પ્રત્યક્ષયોગમાં કે શાસ્ત્રના સ્વાધ્યાયથી આરાધન કરવું એ આ શરતે છે. એ શરતને નેવે મૂકે. અને સાંભળે કે વાંચે એથી કાંઈ એને સ્પર્શ થાય નહિ. એ બોધનો સ્પર્શ જ ન થાય. અથવા જે ભાવનાથી એને સાંભળવું જોઈએ એ ભાવના જ એને ન હોય. કારણ કે ઓલી અપેક્ષાવૃત્તિ ઊભી છે એ નિરંતર ઊભી છે. એ જ્યાં સુધી અપેક્ષા વૃત્તિ બદલાઈને ઉપેક્ષાવૃત્તિમાં ફેરવાય ન જાય ત્યાં સુધી આ બધી તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ માત્ર ધારણા કરવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ રહે નહિ. અને તે પ્રાયે નુકસાનનું કારણ છે.

જુઓ ! કેવી સરસ વાત કરી છે ! '**તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી...**' કેવું સરસ માર્ગદર્શન છે ! '**સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય...**' કરવી નથી. '**કરવી પડતી હોય...**' માથે આવી પડી હોય. ઉદય તો માથે આવી પડેલો હોવો જોઈએ. આ તો હાથે કરીને બેઠું કરે. કામ ન હોય તો કાંઈ ને કાંઈ કામ ગોત્યા કરે. હવે શું કરવું ? નવરો બેઠો બેઠો નુકસાનનો વેપાર ગોત્યા કરે. આ તો કહે છે એ પ્રવૃત્તિ છે. આજીવિકા આદિ પ્રવૃત્તિ છે. કર્યા વગર ચાલે એવું ન હોય. કેમકે દીનતાથી જો પ્રવર્તે તોપણ જ્ઞાનીના માર્ગ ઉપર પગ દેવા જેવું થાય છે. યાચનાવૃત્તિમાં રહીને કે આપણે નિવૃત્તિ લઈ લઈએ. આપણે કોઈની પાસેથી માગી લેશું. એ યાચનાવૃત્તિમાં રહેવું એ પણ જ્ઞાનીના માર્ગમાં એનો નિષેધ છે. પોતાનું સાધન પોતે કાંઈ પણ પરિશ્રમ કરીને એ પરિશ્રમના બદલામાં જે કાંઈ (કરવું પડે) એ ઉદયમાં આવી પડેલી ચીજ છે. એવો પૂર્વ પુણ્યનો યોગ ન હોય તો કાંઈ પ્રવૃત્તિ કરવી પડતી હોય, '**તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે;...**' જુઓ ! આ રસ તોડવાની વાત છે. વૃત્તિને મોળી પાડવી એનો અર્થ શું ? બહુ સાદી ભાષામાં લે છે કે રસ તૂટી જવો જોઈએ. ભલે પ્રવૃત્તિ કરે પણ પ્રવૃત્તિનો રસ ન હોય. 'કાળ સો કુટુંબ કાજ.' કાળ જેવું લાગે. જેમ કાળને આઘો-પાછો કરી શકાતો નથી એમ આ આવી પડેલી ચીજને ફેરવી શકાતી નથી. પણ તે જીવ મોળી પાડી શકે છે.

'**અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.**' નહિતર તો એને જગતમાં પ્રવૃત્તિ એટલી છે કે કોઈનું પૂરું જ થાતું નથી. બધાની પોતાની પાસે જે

મળે છે એ અધૂરુ જ લાગ્યા કરે છે અને કોઈને પૂરું થાતું નથી. હજી મેળવો... હજી મેળવો.... હજી મેળવો... પણ કાંઈ નક્કી કર્યું છે કે ક્યારે બંધ કરવું આ ? એ કાંઈ નહિ. અને મળતું હોય પછી શું કરવા જાવા દેવું ? ઠીક ! સહેજે સહેજે મળતું હોય તો શું કરવા જાવા દેવું ? અપેક્ષાવૃત્તિ આ કામ કરશે.

મુમુક્ષુ :- બીજા કરતા વધુ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજા કરતા ઓછું લાગે છે ને ? એ તો એમ જ લાગવાનું. હવે બતાવો કે કોને ઓછું નથી લાગતું ? એ એકાદો બતાવી દો. શેરની માથે સવાશેર દેખાવાનો જ છે. મારા કરતા મારા ભાઈની પાસે વધારે છે, કા મારા કરતા મારા વેવાઈની પાસે વધારે છે, કાં મારા કરતા મારા ફલાણા સગાની પાસે વધારે છે કે અમારા ફલાણા અમારા circleના મિત્ર કે બજારના વેપારી પાસે છે. કાંઈ નહિ તો ... છે કે નહિ ? આપણે જે બજારમાં બેસીએ છીએ એ આપણા કરતા ઘણા વધારે કમાયેલા છે. આપણે એની આગળ નીકળી જવું જોઈએ. આગળ નીકળે કે ન નીકળે આયુષ્ય તો પૂરું થઈ જાય. ધમાધમ કરતા કરતા આયુષ્ય પૂરું થઈ જાય.

જો એ રીતે જીવે વૃત્તિ મોળી પાડી હોય તો એને સત્શાસ્ત્રના અથવા સમાગમ અર્થે સમયનો અવકાશ પ્રાપ્ત કરી શકે. સમયનો અવકાશ પ્રાપ્ત કરી શકે. નહિતર મોટા ભાગના માણસો એમ કહે છે કે અમારી પાસે વખત નથી. અમારી પાસે વખત નથી. અમારે કામ ઘણું, પ્રવૃત્તિ ઘણી, જવાબદારી ઘણી. છેવટે કાંઈ નહિ તો જવાબદારીના બહાને. અમારે જવાબદારી ઘણી છે. તારું આત્મકલ્યાણ કરવાની જવાબદારી કોઈ નથી તારે માથે ? અને સંસારના કાર્યો કે જે તારે વશ નથી પાછા, તારે આધીન છે ? એની જવાબદારી લઈને બેસે છે.

મુમુક્ષુ :- મરવાની ફુરસદ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- મરવાની ફુરસદ નથી એમ કહે. પણ ભાઈ ! સોએ કામ અધુરા રહી જશે. કેટલા ? સોએ સો અધૂરા રહી જશે. એક Secondમાં આંખો મીંચાઈ જશે. વાત પૂરી થઈ જશે. વાર નહિ લાગે. અને એ સમય અનિશ્ચિત છે પાછો. એ કોઈ Guranted નથી કે આટલા વરસ તો તને વાંધો નથી એવો કોઈ દસ્તાવેજ લખી દેતા નથી.

'આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે,...' જુઓ ! આરંભ પરિગ્રહ ઉપર વૃત્તિ જાય તો એને ખેદ થાય, દુઃખ થાય. કંટાળો આવે. અરે..રે..! આ ક્યાં માથે આવ્યું બધું ? આમાં ક્યાં મારે સમય આપવો પડે ? એમ એને દુઃખ થાય, ખેદ થાય. કે મારો કિંમતી સમય મારે આમાં આપવાનો ? પોતાને તો કેટલો ખેદ વર્તે છે. જ્ઞાનદશા

છે તો દુકાને બેસે છે. ૨૫માં વર્ષમાં કેટલો ખેદ કર્યો છે ! ૨૪માં વર્ષે જ્ઞાન થયું છે. ૨૫મા વર્ષમાં કેટલો ખેદ કર્યો છે. ૩૦૮માં તો એ લીધું કે વિધિની ક્રૂરતા લીધી છે કે આવી સામાન્ય પ્રવૃત્તિમાં આવા મહાપુરુષને સમય ગાળવો પડે ! જે સ્વપર કલ્યાણ કરવામાં સમર્થ છે. પોતાનું અને બીજાનું કલ્યાણ થવામાં નિમિત્ત થવામાં જે સમર્થ છે એને દુકાને બેસીને Time કાઢવાનો ? એવા તો ઘણા સામાન્ય પુણ્યવાળા પાપી માણસો હોય છે કે એને કાંઈ ન કરે આખો દિ' નવરા હોય ને આવક થયા કરતી હોય. બેઠા-બેઠા જેને બેઠી આવક કહે છે ને ? તો એવા પાપી પ્રાણીઓને બેઠી આવક અને આવા પવિત્ર મહાપુરુષને મજૂરી કરવી પડે. કે અમે પરિશ્રમ જેવું કામ કરી લઈએ છે. ઠીક !

મુમુક્ષુ :- એ પણ પરેચ્છાનુચારી...

પૂજ્ય ભાઈશ્રી :- પરેચ્છાનુચારી મજૂરી જેવું કામ કરી લઈએ છીએ. એવી કુદરતની વિચિત્રતા છે આમાં. પણ ખેદ ઘણો છે.

'આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જીવો ઓસર્યા છે,...' જુઓ ફરીને એ શબ્દ વાપર્યો છે. અસાર જાણ્યા પછી એના પ્રત્યેની કિંમત ચાલી જાય અને ઉત્સાહ ઠંડો થઈ જાય એને ઓસર્યા કહે છે. એનો ઉત્સાહ મરી જાય, ઉત્સાહ ઠંડો થઈ જાય એને ઓસર્યા એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નદીમાં પૂર આવ્યું હોય અને ઓસરી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓસરી ગયું પૂર.

'એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે,...' તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે કે આ આરંભ પરિગ્રહની પ્રવૃત્તિ કરી પણ એમાં સાર શું ? આત્મામાં આવે કેટલું ? ગમે એટલું મળ્યા પછી આત્મામાં આવે કેટલું ? ખાલી-શૂન્ય. કાંઈ આવે નહિ એમાંથી. તપાસે તો એને તરત ખબર પડે. આવ્યું શું ? મને મળ્યું એ મમતા આવી એના પરિણામમાં. શું આવ્યું ? મમતા આવી. એ મમતાએ આત્માની શાંતિનું ખૂન કર્યું. બીજું કાંઈ નથી કર્યું.

'આરંભ પરિગ્રહ પરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે.' એ વૃત્તિ ઓસરી ગઈ હોય એને હિતકારી થાય. હજી એનો એ ઉત્સાહ અને ઉંમગ એ બાજુનો ચાલુ રહે. કે અહીંથી અહીંયાં ખંખેરીને હટ ઘોડો હવે કામ ઘણાં બાકી છે. જલ્દી જલ્દી આપણા કામે પહોંચી જાવ

અને લાગી જાવ. હવે કાલે આવશું પાછા ફરીને. એને કાંઈ આ વાતનું હિતકારીપણું થતું નથી. સંતોષ ખોટો લઈ લે. બાકી એને હિતનું નિમિત્ત પડતું નથી.

'**તે જીવોને સત્પુરુષોનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષ કરીને હિતકારી થાય છે.**' અને એને વિશેષ કરીને હિતકારી થાય છે. ખાસ એને હિતકારી થાય છે. '**આરંભ પરિગ્રહ પર વિશેષ વૃત્તિ વર્તતી હોય...**' આરંભ પરિગ્રહ ઉપર વિશેષ વૃત્તિ વર્તતી હોય '**તે જીવમાં સત્પુરુષનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.**' એ પરિણમનથી વંચિત રહ્યા હોય એને આ તપાસવું રહ્યું કે આપણે શું કર્યું ? સત્શાસ્ત્ર અને સત્પુરુષનો યોગ મળ્યો પણ આરંભ પરિગ્રહ પ્રત્યેની આપણી વૃત્તિમાં કાંઈ મોળપ આવી'તી ? આ તો નિવૃત્તિ લે તો બરાબર સાધન થાય તો નિવૃત્તિ લે. કે સરખું વ્યાજ આવે. ખર્ચ હો એના કરતા બમણુ-તમણું. પછી વાંધો નહિ 'સોનગઢ' બેઠા હોય તો. આધાર શું લીધો ? જે વ્યવસ્થા, આર્થિક વ્યવસ્થા થઈ ગઈ છે એના આધારે નિવૃત્તિ લીધી છે. એટલે ત્યાં જે પરિણામ અને રસની પકકડ છે એ એટલી ને એટલી રાખી. એની પોટકી એમનેમ બાંધી, એની ગાંઠ ઢીલી પણ કર્યા વિના હવે બેસી જાવ આપણે સાંભળવા. શું હાથમાં આવે ? કાંઈ એમાંથી મળે નહિ. આ તો પહેલી શર્ત છે.

અસ્તિ લેવી હોય તો નાસ્તિ એમનેમ રાખીને અસ્તિ લેવાશે નહિ. 'કળશટીકા'માં એ વાત લખી છે કે પરિણામ એમ ને એમ રહે, ભૂતકાળના પરિણામ એવા ને એવા રહે અને સમ્યગ્દર્શન થાય અને આત્માનુભવ થાય એમ કદી બનતું નથી. આત્માનુભવ થાય અને સમ્યગ્દર્શન થાય અને પરિણામ પાછા એવા ને એવા રહે એમ કાંઈ બનતું નથી. પહેલાં ફેરફાર થઈ જાય છે.

મુમુક્ષુ :- ... બાવા થઈ જવું ?

પૂજ્ય ભાઈશ્રી :- જૂનો પ્રશ્ન છે. ભાઈનો. બાવા થઈ જવું ? એમ કહે. પણ વૃત્તિ મોળી પાડવાની વાત છે. અહીંયાં ક્યાં એમ કીધું કે તું આ ત્યાગી દે, ઘર છોડી દે, કુટુંબ છોડી દે, ફલાણો ત્યાગ કર, ફલાણો ત્યાગ કર એવું કાંઈ કીધું આમાં ? કરવું પડતું હોય તો વૃત્તિ મોળી પાડ અને ન કરવું હોય તો તું નસીબદાર છો. કે ચાલો આપણે કાંઈ જરૂર જ નથી. એ તો બધું હવે સહેજે સહેજે છે. પછી આપણે એક બાજુ કામે લાગી જાવ. એ બાજુનો રસ જ તોડી નાખો. ઉપેક્ષા જ કરી નાખો. અપેક્ષા મટાડવાની. બાવો થઈ જાય પણ અપેક્ષા ન મટે તો શું કામ લાગે ? દીક્ષા લીધા પછી શું પરિસ્થિતિ છે એ તો જોઈએ છીએ કે નહિ અહીંયાં ? એક કુટુંબ છોડીને કેટલા કુટુંબનો પરિચય વધારીને પોતાના આ ગામમાં આ મારા, આ ગામમાં આટલા મારા,

આ ગામમાં આટલા મારા. આમ છે. એને '**સત્શાસ્ત્રનાં વચનનું અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.**' મુશ્કેલ વાત છે. ન થઈ શકે એમ કહે છે. કઠણ છે એટલે ન થાય.

'**આરંભ પરિગ્રહ પરથી વૃત્તિ મોળી પાડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે;...**' એ શરત જ આકરી લાગે છે જરાક. આ બધા ઉપર અમારો રસ છે એ રસ ઉડાડી દેવો ? કુટુંબ પ્રત્યે રસ હોય. આ મારા... આ મારા... આ મારા... બહુ સારા. મારા અને બહુ સારા પાછા. મારા હોય એ ખરાબ ક્યાંથી હોય ? મારા એટલે બહુ સારા. એ રસ છે. એ રસ તોડવાનું કામ જીવને કઠણ લાગે છે.

મુમુક્ષુ :- મારોનો અર્થ 'પૂજ્ય ગુરુદેવશ્રી' ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. મારા. એને મારાનારા એ જ મારા છે. એ ભાવ જ એને (મારે છે), મારા કરેલા ભાવ જ એનો મારો છે ખરેખર તો. મારનારો મારો. આત્માને મારનારો.

'**પ્રથમ કઠણ પડે છે; કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જદો છે;...**' વિરુદ્ધ છે. પ્રકૃતિ સ્વભાવ એનો વિરુદ્ધ છે. અત્યાર સુધી રસ લીધા છે, પોતાપણાના રસ લીધા છે એ પોતાપણું મટાડવું કઠણ લાગે છે એટલે એ વાત જરાક એને અઘરી લાગે છે. કેમકે એનો પ્રકૃતિસ્વભાવ જુદો છે, આદત જુદી પડી ગઈ છે. '**તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે;...**' આ રસ્તો બતાડી દીધો. નિર્ધાર કર, નિશ્ચય કર. આત્મકલ્યાણ કરવું જ છે અને એ કરવા માટે ગમે તે આકરામાં આકરી શરત હોય તો મારી પાસે પહેલી લાવો. શું કહે ? મારું આત્મકલ્યાણ કરવા માટે આકરામાં આકરી શરત હોય તો એ પહેલી જોઈએ મારે. એટલી મારી તૈયારી છે. અંદરથી ઉછળીને આમ આવવું જોઈએ. ગમે તે આકરી શરત હોય. કોઈપણ ભોગે કરવું છે એટલે કરવું છે. હવે અહીંથી આત્મહિત કર્યા વિના જાવું નથી. આ ભવ આત્મહિત કરવા માટે આવ્યો છે, મળ્યો છે. આવી ચીજ સામે આવી છે એ બતાવે છે કે આત્મહિત કરવા માટે જ આ ભવ મળ્યો છે. હવે આત્મહિત કર્યા વગર જાવું નથી. તેવો દઢ નિર્ધાર કરે એ પ્રકૃતિ સ્વભાવનો તોડવાનો એ અધિકારી છે. નહિતર પ્રાણ અને પ્રકૃતિ બે સાથે જ જાય. જગતમાં તો કહેવત થઈ ગઈ છે ભાઈ, પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય. એ પ્રકૃતિ નહિ છૂટે. નહિ છૂટે.

એક આ માર્ગ એવો છે, પરમાર્થનો માર્ગ એવો છે કે સંસારની પ્રકૃતિને તોડી નાખે. એવું બળ છે એનામાં, પોતામાં એવી તાકાત છે, બળ છે કે એને એ તોડી શકે છે. પણ એણે નિશ્ચય કરવો જોઈએ કે આ કરવું જ છે એમ જેણે નિશ્ચય કર્યો છે તે

તેમ કરી શક્યા છે. '**માટે વિશેષ ઉત્સાહ રાખીને...**' ઉમંગ લાવીને '**તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.**' કરવું જ છે એમ ઉત્સાહ લાવીને.

'**સર્વ મુમુક્ષુઓએ...**' આ તો પત્ર લખ્યો છે 'સોભાગભાઈ'ના પરિવારને. પણ હવે General વાત કરે છે કે '**સર્વ મુમુક્ષુઓએ...**' કેમકે એમના આવા પત્રો Circulate થતા હતા એમની ઉપસ્થિતિમાં જ તે. એટલે એક લીટી છેલ્લે-છેલ્લે નાખી દીધી છે કે '**સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચ અને નિત્ય નિયમ કરવો ઘટે છે,...**' નિયમ કરવો ઘટે છે. પ્રતિજ્ઞાબદ્ધ થવું ઘટે છે. કારણ સાથે કાર્ય પ્રતિબદ્ધ છે. પણ કારણને જ સેવે નહિ ને કાર્યની અપેક્ષા રાખે કે આટલા વર્ષથી આપણે વાંચીએ સાંભળીએ છીએ કેમ કાંઈ થતું નથી ? કે તેં કારણને સેવ્યું નથી.

એવો '**નિત્ય નિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.**' એ બાબતમાં આળસ પણ કરવી નહિ અને અનિયમિત પણ થવું નહિ. સમાગમ માટે, સત્શાસ્ત્ર માટે નિત્ય નિયમ રાખવો. આ તો મારો ખોરાક છે. મને આના વગર ચાલે નહિ. સ્વાધ્યાય એ મુમુક્ષુનો ખોરાક થઈ જવો જોઈએ. બીજું થાય, ન થાય, મોળું થાય, પાતળું થાય અને ક્યાંક નુકસાન જાય તો જે થાવું હોય તે ભલે થાવ. પણ મારે મારું આત્મહિત પહેલું છે. આવી રીતે ઉત્સાહ લાવીને કામ કરે તો અવશ્ય કામ થાય.

મુમુક્ષુ :- અષ્ટાહિનકામાં દેવો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નંદિશ્વરદ્વીપ જાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ને એ બધા...

પૂજ્ય ભાઈશ્રી :- હા ત્યાં જતા હશે અત્યારે. એમને ત્યાં રસ હોય નહિ. દેવલોકના વૈભવમાં રસ પડે નહિ. ચાલો નંદિશ્વર જઈએ કે અહીંથી આઘા વયા જઈએ થોડાક. આ તો નીચે આવે છે.

મુમુક્ષુ :- નંદીશ્વરદ્વીપમાં ?

પૂજ્ય ભાઈશ્રી :- હા નંદીશ્વરદ્વીપમાં આવે છે કે નહિ ? આકાશ તો ઉપર છે ને ? આ તો નીચે છે ને ?

પત્રાંક-૭૮૪

મુંબઈ, અસાડ, સુદ ૪, રવિ, ૧૯૫૩

સાચા જ્ઞાન વિના અને સાચા ચારિત્ર વિના જીવનું કલ્યાણ ન થાય એ નિઃસંદેહ છે.

સત્પુરુષના વચનનું શ્રવણ, તેની પ્રતીતિ, અને તેની આજ્ઞાએ પ્રવર્તતાં જીવ સાચા ચારિત્રને પામે છે, એવો નિઃસંદેહ અનુભવ થાય છે.

અત્રેથી 'યોગવાસિષ્ઠ'નું પુસ્તક મોકલ્યું છે, તે પાંચ-દશ વાર ફરી ફરીને વાંચવું તથા વારંવાર વિચારવું યોગ્ય છે.

તા. ૯-૭-૧૯૯૨, પત્રાંક ૭૮૪ થી ૭૮૮
પ્રવચન નં. ૩૯૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૭૮૪. પાનું-૬૦૭. '**સાચા જ્ઞાન વિના અને સાચા ચારિત્ર વિના જીવનું કલ્યાણ ન થાય એ નિઃસંદેહ છે.**' જીવને આત્મકલ્યાણમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિએ ચારિત્ર હોય તો જ કલ્યાણ થાય એવું છે. જ્ઞાન .. હોય, વિપરીત હોય અને આચરણ પણ મિથ્યાત્વમાં ... જીવને સંસાર પરિભ્રમણ પણ એ જ કારણથી થયું. કલ્યાણ થવું એટલે દુઃખથી મુક્ત થવું, ભવભ્રમણથી મુક્ત થવું અને ટ્ઞ સાચા જ્ઞાન અણજ્ઞ સાચા ચારિત્ર વિના બની શકતું નથી. સાચું જ્ઞાન એટલે શું ?

સાચું જ્ઞાન એટલે પદાર્થ જેમ છે તેમ જાણવો. કોઈપણ પદાર્થને જેમ છે તેમ જાણવો. આત્માને આત્મા જાણવો, અનાત્માને અનાત્મા જાણવો. આત્માનું સુખ આત્મામાં છે. આત્માને આત્મા જાણવો એટલે શું ? પ્રયોજન તો સુખનું છે. આત્માનું સુખ પોતામાં-આત્મામાં છે અને પોતાના આત્મા સિવાય પોતાનું સુખ ક્યાંય નથી. એવું જે સ્વ-પર પદાર્થનું ભિન્નપણાં સહિતનું, સ્વની ઉપાદેયતા સહિતનું અને પરની હેયતા સહિતનું જે જ્ઞાન છે તે સાચું જ્ઞાન છે. એને ચારિત્ર કહો. સ્થિરતાનું સ્વરૂપ... પોતાના પરિણામ સ્થિર થાય એને ચારિત્ર કહે છે. પરપદાર્થમાં પરિણામ સ્થિર થાય તેને અચારિત્ર કહેવામાં આવે છે. ચારિત્ર એટલે રૂઢિગતપણે તો એમ સૂચવે છે કે કાંઈક ત્યાગ કર્યો હોય એનું નામ ચારિત્ર. ખરેખર એ ચારિત્રની પરિભાષા નથી. એ ચારિત્રનું

સ્વરૂપ પણ નથી. સ્વરૂપમાં રમણતા થાય, સ્વરૂપમાં લીનતા થાય એ સત્ચારિત્ર અથવા આત્મચારિત્ર છે અને પરપદાર્થમાં સુખબુદ્ધિએ લીનતા થાય એ અચારિત્ર છે, મિથ્યાચારિત્ર છે, કુચારિત્ર છે. એ દુઃખદાયક છે.

મુમુક્ષુ :- .. 'ગુરુદેવે' વચન આપ્યું...

પૂજ્ય ભાઈશ્રી : સાચા જ્ઞાન અને સાચા ચારિત્ર વિના જીવનું કદી કલ્યાણ થાય નહિ એ વાત નિઃશંક છે. એ કઈ રીતે સિદ્ધ થાય-પ્રાપ્ત થાય ?

'સત્પુરુષના વચનનું શ્રવણ, તેની પ્રતીતિ, અને તેની આજ્ઞાએ પ્રવર્તતાં જીવ સાચા ચારિત્રને પામે છે,...' ત્યારે જીવ સાચા ચારિત્રને પામે છે. લોકો સાચા જ્ઞાન વિના સાચા ચારિત્રને પામે છે એમ તો વસ્તુના સ્વરૂપમાં છે નહિ. જ્ઞાનપૂર્વક જ આચરણ હોઈ શકે. જ્ઞાન ઊંધું હોય, વિપરીત હોય અને ચારિત્ર અવિપરીત હોય, સાચું હોય એવું તો કદી બને નહિ. **'સત્પુરુષના વચનનું શ્રવણ,...'** થાય, એને સાંભળવા મળે. પ્રત્યક્ષ યોગ કહેવાય. તેની પ્રતીતિ આવે કે આ જ માર્ગ છે, આ સિવાય બીજો કોઈ માર્ગ નથી એવો વિશ્વાસ આવે અને તેમની આજ્ઞાએ જીવ પ્રવર્તે, આજ્ઞા બહાર જાય નહિ તો જીવ સાચા ચારિત્રને પામે. સત્પુરુષમાં બધું સમાવી દીધું. બીજું કાંઈ ન લીધું.

... સર્વજ્ઞ અને નિર્ગ્રંથ ગુરુ અત્યારે (છે નહિ) સર્વજ્ઞપદ વિચ્છેદ ગયું આ કાળમાં અને નિર્ગ્રંથ ગુરુનું પદ વિચ્છેદ થવા તુલ્ય પરિસ્થિતિ છે. ગયું કે જશે. બાકી રહ્યા એક સજીવનમૂર્તિમાં કોઈ રહ્યા તો તે સત્પુરુષ રહ્યા છે. જીવને કોઈ વિચાર કરવાનું સ્થાન હોય, નિમિત્ત હોય તો હવે આ એક જ રહ્યું. એનું દુર્લક્ષ કરે, કોઈ પણ બહાને એનું દુર્લક્ષ કરે તો જીવનું કલ્યાણ કેવી રીતે થાય ? અત્યારે નથી કરવું એને કદી નથી કરવું એ વાત (નક્કી થાય છે).

'સત્પુરુષના વચનનું શ્રવણ, તેની પ્રતીતિ,...' આવે, ખાત્રી થઈ જાય કે આમ જ માર્ગ છે. આત્મકલ્યાણનો આ સિવાય બીજો કોઈ માર્ગ નથી. એમના વચન દ્વારા પ્રતીતિ થાય અને તે કહે તેમ અનુસરે. એમની આજ્ઞાને અનુસરે. પોતાના સ્વચ્છંદે ન ચાલે. આજ્ઞાને અનુસરે એનો અર્થ કે પોતાના સ્વચ્છંદે ન ચાલે.

મુમુક્ષુ :- આ સાચું ચારિત્ર નથી થતું તો આજ્ઞામાં ખામી રહી ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. આજ્ઞામાં ખામી રહી ગઈ. પ્રતીતિ પણ નથી આવી અને ભાવથી જે શ્રવણ કરવું જોઈએ એ શ્રવણ પણ નથી થયું. એના કારણ-કાર્યના જ પદ છે. જો ભાવથી શ્રવણ કરે એટલે આત્મકલ્યાણના હેતુને લક્ષમાં રાખીને શ્રવણ કરે, બીજા કોઈ હેતુએ નહિ, તો એને પ્રતીતિ આવે એવી વાત છે. ન પ્રતીતિ આવે એવી

કાંઈ વાત નથી. એમ પોતાના આત્મકલ્યાણની વાત છે. બીજાના કોઈની વાત તો છે નહિ આમાં. કોઈના માટે કાંઈ કરવાનો તો પ્રશ્ન નથી. અવશ્ય પ્રતીતિ આવે. વિશ્વાસ આવે તો એને સહેજે આજ્ઞામાં રહેવું એવી અર્પણતા આવ્યા વિના રહે નહિ. કેમ ? કે પોતે અજાણ્યો છે, માર્ગથી પોતે અજાણ્યો છે. એ જીવ અવશ્ય સાચા ચારિત્રને પામે.

મુમુક્ષુ :- પહેલી લીટીમાં તો બધું આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવી ગયું. થોડા ટૂંકામાં પણ ઘણું કહેવાનું સમર્થપણું ઘણું હતું. એટલે એમ કહે છે કે એકલા સાચા ચારિત્રને જીવ પામે છે એવો નિઃસંદેહ અનુભવ થાય છે. અમે વાંચીને કહેતા નથી એમ કહે છે. અમે આગળ ...માં વાંચ્યું હતું, આવું આવતું હતું એમ નથી, અમને તો એ જાતનો અનુભવ થાય છે. આ અમારા અનુભવની વાત કરીએ છીએ. '**એવો નિઃસંદેહ અનુભવ થાય છે.**'

'અત્રેથી 'યોગવાસિષ્ઠ' પુસ્તક મોકલ્યું છે, તે પાંચદશ વાર ફરી ફરીને વાંચવું...' કેટલી વાર ? પહેલું અને ત્રીજું પ્રકરણ છે. વૈરાગ્ય ઉપશમનું પ્રકરણ છે અને મુમુક્ષુ પ્રકરણ છે. મુમુક્ષુ કેવા હોય ? એ એનું પહેલું પ્રકરણ છે. અને એ મુમુક્ષુને વૈરાગ્ય કેવો હોય એ એનું ત્રીજું પ્રકરણ છે. ત્યાંથી કથાનુયોગ ચાલ્યો છે. 'યોગવાસિષ્ઠ' છે એ 'રામાયણ' છે. 'રામચંદ્રજી'ની કથા છે. ૧૬ વર્ષ અને દસ મહિનાની ઉંમરે એટલે યુવાનીમાં પ્રવેશ કાળ ... થઈ ગયું. ત્યારે એમને જે વૈરાગ્ય આવ્યો એ વૈરાગ્યનું 'રામચંદ્રજી'ના શ્રી મુખેથી પોતાના વૈરાગ્યનું વર્ણન આવે છે. એ પ્રકરણ એમ છે.

મુમુક્ષુ :- ત્રીજું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્રીજું પ્રકરણ (એમ છે). બધા ચિંતામાં પડી જાય છે. એટલો બધો વૈરાગ્ય અને ઉદાસીનતા છે. કેમકે થોડા સમય પછી એમનું સગપણ કરવું, એમનો રાજ્યાભિષેક કરવો, એ બધા પ્રસંગો માથે આવતા હતા. જે પ્રસંગોમાં જીવને ઉત્સાહ અને રસ આવે એ પ્રસંગોની તૈયારી હતી ત્યારે એ વૈરાગ્યમાં આવે છે. એટલા બધા વૈરાગ્યમાં હતા કે ન લગ્ન કરવા, ન રાજગાદી સંભાળવી. ખાવું, પીવું સુધ્ધામાંથી રસ ઊડી ગયો. શરીરનું વજન ઘટી ગયું. શરીરનું વજન ઘટી ગયું, દુબળા થઈ ગયા. યુવાનીમાં માણસ દુબળો હોય તોય થોડો રુષ્ટપુષ્ટ લાગે. એના બદલે એમનું વજન ઘટી ગયું. એમની સેવામાં જે અનુચરો મૂક્યા હતા એ અનુચરોને એમના પ્રત્યે એટલું બહુમાન હતું. .. પ્રકૃતિ સ્વભાવ પણ એટલો સાલસ હતો કે ઘરમાં, કુટુંબમાં, નોકરમાં, ચાકરમાં અને પ્રજામાં બધામાં અતિપ્રિય વ્યક્તિ હતા. બધી રીતે. શરીરની સુંદરતાથી માંડીને પ્રકૃતિસ્વભાવથી માંડીને એનું નામ પડે એટલે ખલાસ.

એ તો દુબળા પડી ગયા નહિ પણ એની ચિંતામાં એના અનુચરો દુબળા પડી

ગયા. કથા એવી છે. એમના પિતાશ્રીને તો ... આવી પરિસ્થિતિ છે. એ ગંભીર પરિસ્થિતિ અમને લાગે છે. 'રામચંદ્રજી' કોઈ ઊંડી ચિંતામાં તો નથી પડી ગયા ને ? શું એમની ચિંતા છે એ અમને સમજાતું નથી. અમે પૂછીએ છીએ અમને કંઈ કહેતા નથી. બોલતા નથી. આખો દિવસ સુનમુન પડ્યા રહે. અને કોઈ ઊંડી ચિંતા લાગી આવી હોય એવું લાગે છે. તમે લોકો સંભાળો. અમારું તો કાંઈ નોકર-ચાકરનું તો શું કામ આવે ? અમે તો હાથ જોડીને ઊભા રહીએ. એનાથી વધારે શું કહીએ ? પછી બોલાવે છે એમના ગુરુ વસિષ્ઠને. 'યોગવાસિષ્ઠ' છે ને ? ગ્રંથનું નામ 'યોગવાસિષ્ઠ' છે. નાનપણમાં વિદ્યા તો બધી એમની પાસે શીખ્યા છે. ૭૨ કળા એ બધી આવડતી હતી. એકેય ચીજ નહોતી આવડતી એવું નહોતું. બધી Technique આવડતી હતી. મકાન બનાવવું હોય તો મકાન બનાવી દે. મૂર્તિ બનાવવી હોય તો (તે પણ બનાવી દે). બોંત્તરે બોંત્તેર કળા. જગતની બધી કળા આવડતી હતી. સાધ્ય કરી લીધી હતી. શું છે ? મને સંસારથી વૈરાગ્ય આવ્યો છે. બહુ સરસ ... વાર્તાલાપ. ગુરુ-શિષ્યનો વાર્તાલાપ લીધો છે એ બહુ સારો છે. 'રામચંદ્રજી'ના મોઢેથી બોલાવ્યું હોય તો શાસ્ત્રકર્તાએ શું બાકી રાખ્યું ?

એવી ભલામણ કરી છે '**પાંચદશ વાર ફરી ફરીને વાંચવું તથા વારંવાર વિચારવું યોગ્ય છે.**' વૈરાગ્ય અને ઉપશમ માટે તે વારંવાર વાંચવું અને વિચારવું મુમુક્ષુની ભૂમિકામાં યોગ્ય છે. અન્યમતનો ગ્રંથ છે, જૈનમતનો ગ્રંથ નથી, એ સંપ્રદાયબુદ્ધિ છોડાવી છે. એમ કહીને સંપ્રદાયબુદ્ધિ છોડાવી દીધી. આડકતરી રીતે પણ કેવી શિક્ષા આપી છે ! એમને કાંઈ નથી ખબર એવું કાંઈ નથી. પણ ચાહીને લખે છે કે જો આ જીવમાં સંપ્રદાયબુદ્ધિ હશે તો આડી આવીને ઊભી રહેશે કે આ જૈનદર્શનનો ગ્રંથ નથી, અન્ય દર્શનનો ગ્રંથ છે.

એમાં દૃષ્ટાંત એવું આવે છે. એકે એક ગાથાએ દૃષ્ટાંતો આવે છે. ... એક એક ગાથાએ દૃષ્ટાંત આવે છે. અને એવા ઘણા દૃષ્ટાંતો આપણા શાસ્ત્રમાં છે. એવા ઘણા દૃષ્ટાંતો જૈન શાસ્ત્રમાં છે. અને વૈરાગ્ય-ઉપશમનો સિદ્ધાંત પણ એવો છે. તોપણ કોઈ વ્યક્તિને અનુસરીને એ વાત ... 'મોક્ષમાર્ગ પ્રકાશક' માટે લખ્યું. એક વ્યક્તિના હિતને અર્થે અનુસરીને લખ્યું છે. કોઈ સિદ્ધાંતિક દૃષ્ટિએ એ વાત લખાવી જોઈએ નહિ. ૭૮૪ થયો.

પત્રાંક-૭૮૫

મુંબઈ, અસાડ, વદ ૧, ગુરુ, ૧૯૫૩

શ્રી ધીરુભાઈએ 'અગુરુલઘુ' વિષે પ્રશ્ન લખાવ્યું તે પ્રત્યક્ષ સમાગમે સમજવું વિશેષ સુગમ છે.

શુભેચ્છાથી માંડીને શૈલેશીકરણ પર્યંતની સર્વ ક્રિયા જે જ્ઞાનીને સમ્મત છે, તે જ્ઞાનીનાં વચન ત્યાગવૈરાગ્યનો નિષેધ કરવામાં પ્રવર્તે નહીં; ત્યાગવૈરાગ્યના સાધનરૂપે પ્રથમ ત્યાગવૈરાગ્ય આવે છે, તેનો પણ જ્ઞાની નિષેધ કરે નહીં.

કોઈ એક જડ ક્રિયામાં પ્રવૃત્તિ કરી જ્ઞાનીના માર્ગથી વિમુખ રહેતા હોય, અથવા મતિના મૂઢત્વને લીધે ઊંચી દશા પામતા હોય, અથવા અસત્ સમાગમથી મતિ વ્યામોહ પામી અન્યથા ત્યાગવૈરાગ્યને ત્યાગવૈરાગ્યપણે માની લીધા હોય તેના નિષેધને અર્થે કરુણાબુદ્ધિથી જ્ઞાની યોગ્ય વચને તેનો નિષેધ ક્વચિત્ કરતા હોય તો વ્યામોહ નહીં પામતાં તેનો સદ્હેતુ સમજી યથાર્થ ત્યાગવૈરાગ્યની ક્રિયામાં અંતર તથા બાહ્યમાં પ્રવર્તવું યોગ્ય છે.

૭૮૫. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**શ્રી ધીરુભાઈએ 'અગુરુલઘુ' વિષે પ્રશ્ન લખાવ્યું તે પ્રત્યક્ષ સમાગમે સમજવું વિશેષ સુગમ છે.**' અગુરુલઘુ નામનો પદાર્થમાં એક ગુણ છે. છએ દ્રવ્યમાં આ સામાન્ય ગુણ છે. જીવમાં પણ છે, જડમાં પણ છે, આકાશ આદિ અન્ય પદાર્થોમાં પણ છે. એ અગુરુલઘુપણું શું છે ? એ પ્રશ્ન પૂછાવડાવ્યો છે ... અને ... સૂક્ષ્મમાં સૂક્ષ્મ એને જે પરિણમન છે ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ એ કેવી રીતનું છે ? પણ સામાન્યપણે એનું સ્વરૂપ સમજાય એવું છે. અગુરુ અને અલઘુ. કેવળજ્ઞાન થાય તો એથી ગુરુપણું આગળ ન થાય. નિગોદમાં જાય તો એથી લઘુપણું પણ ન થાય. નિગોદમાં જાય અને એટલો લઘુ ન થાય કે જીવ મટીને જડ થઈ જાય. એ મર્યાદા છે. વિભાવની પણ પૂરી થાય છે અને સ્વભાવની પણ પૂરી થાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં પોતાનું .. છે. એવો એક પદાર્થની અંદર અગુરુલઘુ નામનો ગુણ છે. એનું વિશેષ સ્વરૂપ સમજાવવા માગે છે. પ્રત્યક્ષ સમાગમે વધારે સમજાય છે.

'**શુભેચ્છાથી માંડીને શૈલેષીકરણ પર્યંતની સર્વ ક્રિયા જે જ્ઞાનીને સમ્મત છે, તે**

જ્ઞાનીનાં વચન ત્યાગવૈરાગ્યનો નિષેધ કરવામાં પ્રવર્તે નહીં; ત્યાગવૈરાગ્યના સાધનરૂપે પ્રથમ ત્યાગવૈરાગ્ય આવે છે, તેનો પણ જ્ઞાની નિષેધ કરે નહીં.' એટલે શું કહે છે ? કે જીવને પ્રથમ ભૂમિકા વૈરાગ્ય ઉપશમથી માંડીને, ત્યાગ વૈરાગ્યથી માંડીને બારમા ગુણસ્થાન પર્યંતની જે ... શૈલેષીકરણ એટલે બારમું ગુણસ્થાન, ત્યાં સુધીની સ્થિતિ પ્રાપ્ત થાય અને એ સ્થિતિ જીવને સર્વજ્ઞ અથવા પરમજ્ઞાનીએ કહી છે તે સર્વ ક્રિયાદિ જ્ઞાનીને સમ્મત કરે. **'તે જ્ઞાનીનાં વચન...'** ત્યાગ વૈરાગ્યને છોડાવવા માટે અને ભોગ-ઉપભોગને પ્રાપ્ત કરાવવા માટે છે એમ છે નહિ. એટલે એ પ્રકારે જ્ઞાનીનો નિષેધ એમાં આવતો નથી. અન્યથા પ્રકારે, મિથ્યા પ્રકારે અણસમજણથી, બાળવૃત્તિથી જે કાંઈ ત્યાગ કરવામાં આવે છે સમજણ વગર, એનો નિષેધ કરે છે. પણ સમજીને જે ત્યાગ વૈરાગ્યની ... ઉપશમ આવે છે એનો કાંઈ નિષેધ કરેલો નથી. શુભેચ્છાવાન સર્વવૃત્તિથી માંડીને બારમા ગુણસ્થાન સુધીની જે માર્ગની ક્રમિક દેશના છે, ક્રમવિપર્યાસને છોડીને અવિપરીત ક્રમથી જે દેશના છે એમાં ત્યાગ વૈરાગ્યનો નિષેધ કર્યો છે એમ માનવા જેવું નથી. એમ કહેવું છે. અને જ્ઞાની એવું કરતા નથી.

હવે ક્યારે થઈ જાય ? ત્યાગ વૈરાગ્યનો નિષેધ આવે તો કઈ રીતે આવે એનું સ્પષ્ટીકરણ માર્ગદર્શનના રૂપમાં અહીં આપી દીધું છે. **'કોઈ એક જડ ક્રિયામાં પ્રવૃત્તિ કરી જ્ઞાનીના માર્ગથી વિમુખ રહેતા હોય,...'** ત્યાગ તો કરે પણ કેવી ? જડ ક્રિયા. સમજ્યા વિના. એમ ને એમ વૈરાગ્ય વિના એવી જડ ક્રિયામાં પ્રવૃત્તિ કરીને. નથી ખાવું તો નથી ખાવું. પછી ભલે પરિણામ ગમે એટલા બગડે. પણ બહારની ક્રિયા તો બરાબર સચવાવી જોઈએ. **'કોઈ એક જડ ક્રિયામાં પ્રવૃત્તિ કરી જ્ઞાનીના માર્ગથી વિમુખ રહેતા હોય,..'** જે ગુણસ્થાન અનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ એ જ્ઞાનીનો માર્ગ છે અને તેનાથી વિમુખ રહેતા હોય.

'અથવા મતિના મૂઢત્વને લીધે...' મતિ વિપરીત હોવાને, મૂંઢાઈ ગઈ હોવાને, બિડાઈ ગઈ હોવાને લીધે વિચારશક્તિ કુંઠિત થઈ ગઈ હોય. એને લીધે **'ઊંચી દશા પામતા અટકતા હોય,...'** ત્યાગ ઘણો કરે, દીક્ષા લઈ લે પણ ઊંચી દશા, ચોથું ગુણસ્થાન આવે નહિ. પહેલાં ગુણસ્થાનમાં જ (રહે). **'અથવા મતિના મૂઢત્વને લીધે ઊંચી દશા પામતા અટકતા હોય, અથવા અસત્ સમાગમથી મતિ વ્યામોહ પામી અન્યથા ત્યાગવૈરાગ્યને ત્યાગવૈરાગ્યપણે માની લીધા હોય...'** સાચો નથી ત્યાગવૈરાગ્ય. અસત્ સમાગમથી, કુગુરુના સમાગમથી. તું દીક્ષા લઈ લે, તું આમ કર, આમ ત્યાગ કરી નાખ, આમ કર, આ વ્રત લઈ લે, પચ્ચખાણ લઈ લે. એ અસત્

સમાગમથી મતિ વ્યામોહ. એનો એવો મોહ હોય. આ અમારા ગુરુએ કીધું છે. અમારા ગુરુ કહે એ અમારે બરાબર પાળવું જોઈએ. ગુરુએ આદેશ આપ્યો છે એટલે અમે એમ કરીએ છીએ.

'**મતિ વ્યામોહ પામી અન્યથા ત્યાગવૈરાગ્યને...**' એટલે ખોટો જૂઠો ત્યાગવૈરાગ્ય છે એને ત્યાગવૈરાગ્યપણે સાચો માની લીધો હોય '**તેના નિષેધને અર્થે...**' એવી ખોટી પદ્ધતિના નિષેધને અર્થે. પદ્ધતિ ખોટી છે, આશય ખોટો છે, અભિપ્રાય ખોટો છે. '**તેના નિષેધને અર્થે કરુણાબુદ્ધિથી...**' કેવી રીતે ? કે તિરસ્કારબુદ્ધિથી નહિ પણ કરુણાબુદ્ધિથી, કે આ જીવને આત્મકલ્યાણ કરવું છે પણ આત્મકલ્યાણ પ્રાપ્ત કરવાને બદલે તે આત્માનું અહિત સાધી રહ્યો છે. મિથ્યાત્વને, અજ્ઞાનને દૃઢ કરી રહ્યો છે. '**તેના નિષેધને અર્થે કરુણાબુદ્ધિથી જ્ઞાની યોગ્ય વચને...**' જ્ઞાની યોગ્ય વચને '**તેનો નિષેધ ક્વચિત્ કરતા હોય...**' જ્ઞાની હોય, યોગ્ય વચન દ્વારા, જુઓ ! વચનમાં પણ યોગ્ય વચન એમ કીધું. ગમે તેમ ઉડાડે એમ છે નહિ. '**યોગ્ય વચને તેનો નિષેધ ક્વચિત્ કરતા હોય...**' એની એ વાત કર્યા એમ નહિ. ક્વચિત્ કરતા હોય કે આવું નહિ કરવું જોઈએ, આવી ભૂલ નહિ થવી જોઈએ. જ્યાં લાલબત્તી મૂકવા જેવી હોય ત્યાં જ્ઞાની બરાબર લાલબત્તી મૂકે છે.

તે '**ક્વચિત્ કરતા હોય તો વ્યામોહ નહીં પામતા...**' તો તે સંબંધિમાં વ્યામોહ પામવું એટલે એનું આકર્ષણ એને હોવું જોઈએ નહિ. એવા જૂઠા કલ્પિત ત્યાગ વૈરાગ્યનું આકર્ષણ નહિ થવું જોઈએ. '**તેનો સદ્હેતુ સમજી...**' અથવા ત્યાં મૂંઝવણ નહિ પામતા અથવા વિપરીતતા નહિ ગ્રહણ કરતા એનો હેતુ સમજીને '**યથાર્થ ત્યાગવૈરાગ્યની ક્રિયામાં અંતર તથા બાહ્યમાં પ્રવર્તવું યોગ્ય છે.**' કેવું સરસ માર્ગદર્શન એમાં આપ્યું ! ત્યાગવૈરાગ્યનો હેતુ શું છે ? કે આત્માને વિકારી પરિણામથી પાછો વાળવો છે. વિકારી પરિણામથી પાછો વાળવો છે એટલે એને દુઃખથી પાછો વાળવો છે. એને દુઃખથી પાછો વાળવો છે. કેમકે વિકાર અને દુઃખ અવિનાભાવી એક સિક્કાની બે બાજુ છે. ત્યાં દુઃખથી છોડાવવા માટે એના સદ્હેતુને સમજીને. સદ્હેતુ-સાચો હેતુ, પારમાર્થિક હેતુ, આત્મકલ્યાણના હેતુને સમજીને '**યથાર્થ ત્યાગવૈરાગ્યની ક્રિયામાં અંતર તથા બાહ્યમાં પ્રવર્તવું યોગ્ય છે.**' યથાર્થપણે ત્યાગ વૈરાગ્યની ક્રિયામાં આવવામાં વાંધો નથી. અંતરમાં સમજીને, અંતરમાં પરિણામ પણ તથાપ્રકારે અનુસરીને અને બહારમાં પણ પ્રવૃત્તિ જે છે એ બાહ્ય પ્રવૃત્તિ પણ પરિણામ અનુસાર યથા યોગ્ય થાય.

મુમુક્ષુ :- વ્રત-પચ્ચખાણ લઈને બેઠા હોય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ સમજ્યા વગરના વ્રત-પચ્ચખાણ લીધા હોય તો એનો તો નિષેધ કરે છે જ્ઞાની કરુણાબુદ્ધિથી કે આત્મકલ્યાણની ભાવનાથી કરે છે પણ કલ્યાણના માર્ગને નહિ પામતા એ પોતાનું અકલ્યાણ સાધી રહ્યા છે. ૬૮૦માં છે ને ? ત્રીજો Paragraph, પાનું-૪૯૯.

'**કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો,...**' કલ્યાણના માર્ગને અને પરમાર્થ સ્વરૂપને યથાર્થ રીતે નહીં સમજનારા અજ્ઞાની જીવો, '**પોતાની મતિ કલ્પનાથી મોક્ષમાર્ગને કલ્પી,...**' આ પચ્ચખાણ લીધું એટલે ધર્મ થઈ જશે. '**વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં...**' અનેક પ્રકારના ઉપાય કરે છે. કોઈ દાન દે છે, કોઈ ત્યાગ કરે છે, કોઈ યાત્રા કરે છે. '**વિવિધ ઉપાયોમાં પ્રવર્તન કરતા છતાં મોક્ષ પામવાને બદલે સંસાર પરિભ્રમણ કરતા જાણી...**' એને આત્મકલ્યાણ થવાને બદલે ઊલટાનું એને સંસારનું પરિભ્રમણ વધે છે. કેમકે એણે ત્યાં જ ધર્મ માન્યો છે. મિથ્યાત્વથી એણે ધર્મ માન્યો છે. '**નિષ્કારણ કરુણાશીલ એવું અમારું હૃદય રડે છે.**' અરેરે..! એ બિચારા મરાઈ ગયા. આ રીતે ઊંધા રસ્તે ચડીને મરાઈ ગયા. એ એમણે કારૂણ્યબુદ્ધિથી એ વાત લખી છે.

ત્યાગ વૈરાગ્યનો નિષેધ નથી પણ અણસમજણથી અયોગ્ય રીતે કરેલા ત્યાગ વૈરાગ્યનો નિષેધ છે એમ કહેવું છે. અને તે પણ કરુણાબુદ્ધિથી. તિરસ્કાર બુદ્ધિથી નહિ. તિરસ્કારનો વિષય તો મૂળમાં જ નથી. તિરસ્કારનો વિષય તો મૂળમાં જ નથી. આ માર્ગમાં એ વિષય જ નથી, એ વાત જ નથી. બધાને જ્યારે ભગવાન આત્માથી જોવે છે તો પછી તિરસ્કાર કોનો કરવો ? એ પ્રશ્ન રહેતો નથી. એ ૭૮૫ થયો.

પત્રાંક-૭૮૬

મુંબઈ, અસાડ, વદ ૧, ગુરુ, ૧૯૫૩

'સકળ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિઃકામી રે.'

આર્ય સોભાગની અંતરંગદશા અને દેહયુક્ત સમયની દશા, હે મુનિઓ ! તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

હે મુનિઓ ! દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અસંગપણે વિચરવાનો સતત ઉપયોગ સિદ્ધ કરવો યોગ્ય છે. જેમણે જગતસુખસ્પૃહા છોડી જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે, તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે. જે શ્રુતથી અસંગતા ઉલ્લસે તે શ્રુતનો પરિચય કર્તવ્ય છે.

૭૮૬. એ 'લલ્લુજીમુનિ' ઉપરનો છે.

સકળ સંસારી ઈંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિઃકામી રે.'

શ્રી શ્રેયાંસ... શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિ કરી છે. 'આનંદઘનજી'નું એ પદ ટાંક્યું છે. '**સકળ સંસારી ઈન્દ્રિયરામી,...**' આખા સંસારના જીવો ઈન્દ્રિયના વિષયોની અંદર લીન છે. રામી એટલે લીન છે. પાંચ ઈન્દ્રિયના વિષયોમાં સકળ સંસારી જીવો લીન છે. '**મુનિગુણ આતમરામી રે,...**' જ્યારે મુનિ છે એ આત્મગુણમાં લીન છે, આત્મામાં લીન છે. એ મુનિનો ગુણ છે. મુનિ એને કહીએ. આત્મામાં લીન હોય એને મુનિ કહીએ. એ વાત 'કુંદકુંદાચાર્યદેવે' 'અષ્ટપાહુડ' (લખ્યું). મુનિદશા ઉપર તો 'અષ્ટપાહુડ' લખ્યું છે. એમાં ભાવલિંગ છે એ મુનિઓનું ચિહ્ન છે. દ્રવ્યલિંગ મુનિઓનું ચિહ્ન નથી કહ્યું. નગ્ન દિગંબર બધો ત્યાગ કરી નાખ્યો હોય તોપણ એને મુનિઓનું ચિહ્ન કહ્યું નથી. કેમકે એ આતમરામી છે, મુનિ છે એ આતમરામી છે. 'આનંદઘનજી'એ પણ એ વાત લીધી છે અને 'કુંદકુંદાચાર્યે' પણ એ જ વાત લીધી છે. '**મુનિગુણ આતમરામી રે.**'

મુમુક્ષુ :- નિર્ગ્રંથ કહ્યા છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિર્ગ્રંથ કહ્યા છે. પણ નિર્ગ્રંથ એટલે માત્ર બાહ્ય ત્યાગ નહિ, અંતરથી પણ જેની ગ્રંથિ તૂટી ગઈ છે. અભ્યંતર ગ્રંથિ પણ મોહની ગ્રંથિ જેને નથી. એ તો નાસ્તિ થઈ ગઈ. અસ્તિથી આત્મામાં લીન રહે છે તે મુનિ છે. એ એમનું ભાવચિહ્ન છે. જેમના પરિણામ આત્મામાં લીનતામાં છે.

'**મુખ્યપણે જે આતમરામી,...**' અને જે મુખ્યપણે આત્માના સુખમાં, અતીન્દ્રિય સુખમાં લીન રહે '**તે કહિએ નિઃકામી રે.**' તે ખરેખર નિષ્કામ છે. તેને કોઈ કામના પછી રહેતી નથી. કેમકે સુખ અંતરમાં છે અને સુખ બહારમાં નથી એમ વસે છે. અનુભવગોચરપણે જેને અંતરમાંથી સુખનો અનુભવ થાય છે એને બહારથી જે સુખથી શૂન્ય પદાર્થો છે એમાં સુખ કેવી રીતે દેખાય ? અને કેવી રીતે અનુભવાય ? બેમાંથી એકેય વાત બનતી નથી. એ 'શ્રેયાંસનાથ' ભગવાનની સ્તુતિ કરતાં 'આનંદઘનજી'એ ગાયું છે. એ પત્રનું મથાળું બાંધ્યું છે. સામે 'લલ્લુજીમુનિ' છે ને ? મુનિ તો આવા હોય, મુનિ તો આવા હોય.

...તોપણ એ અમારા પ્રભુ છે, અમારા ભગવાન છે એમ લીધું. પરમેશ્વર બુદ્ધિએ લીધું. પોતે ત્યાગી, સામે ગૃહસ્થી. રાગ નથી દેખાતો. એવી પરમેશ્વરબુદ્ધિ એને છે. એમની ભક્તિ કરું નહિ, એમનો પત્ર આવે તો એની ભક્તિ કરતા હતા.

'આર્ય સોભાગની અંતરદશા અને દેહમુક્ત સમયની દશા, હે મુનિઓ ! તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.' જુઓ ! કેવી શિક્ષા આપી છે ! તમે ભલે ત્યાગી હો, લોકો ભલે તમને સાધુ તરીકે વેષથી જોતા હોય, વંદન-નમસ્કાર કરતા હોય, પણ 'સોભાગ્યભાઈ'ની અંતરંગ દશા છે અને એ પણ એમની દેહમુક્ત સમયની જે દશા છે એ ... પુરુષાર્થ ઘણો હતો. દેહાંત સમયે એમનો પુરુષાર્થ ઘણો હતો. એ દેહાંતની અંતરંગ દશા અને દેહમુક્ત દશા તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે. તે દશાની ભાવના કરવા યોગ્ય છે તમારે. અમને આવી દશા ક્યારે થાય ? અનુપ્રેક્ષા એટલે વારંવાર અવલોકન કરીને ભાવના કરવી. અથવા વારંવાર ભાવનાથી એ અવલોકન કરવું.

મુમુક્ષુ :- ... કરવામાં અમને જ પત્ર લખ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- નામ ગમે તેને ઉદ્દેશીને હોય પણ મુદ્દો-વાત તો પોતાને ગ્રહણ કરવાની છે.

'હે મુનિઓ ! દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અસંગપણે વિચરવાનો સતત ઉપયોગ સિદ્ધ કરવો યોગ્ય છે.' ક્યાંય તમે માયામાં ફસાશો નહિ. ગમે તે ગામમાં જાવ, ગમે તે ક્ષેત્રમાં જાવ અસંગ વ્યવહારની વૃત્તિ રાખજો. કોઈની સાથે લગવાડ રાખશો નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- અમારે શું લેવું હવે આમાં ? મુમુક્ષુએ.

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને પણ એ જ વાત છે. ભલે ઘરમાં રહેતા હોય, ભલે પરિવારની વચ્ચે રહેતા હોય પણ એ પારકા જાણીને રહેવાનું છે, પોતાના જાણીને રહેવાનું નથી. પારકું દેખાવું જોઈએ, હાં ! જાણવું એટલે દેખાવું જોઈએ. બરાબર સામે હોય એમ દેખાવું જોઈએ. પોતાનું દેખાય છે કે પારકું દેખાય છે ? પારકું અને પોતાનું બાજુબાજુમાં હોય એમાં શું ફેર દેખાય છે ? પોતાના પરિણામનું અવલોકન કરવું. મુમુક્ષુ તો તે મુમુક્ષુ છે કે જે સતતપણે પરમાં પોતાપણું મટાડવાનો પ્રયત્નશીલ છે, પ્રયત્ન કરે છે. પરમાં પોતાપણું મટાડવાનો પ્રયત્ન કરે છે.

મુમુક્ષુ :- છેલ્લે કરી લેશે એક સાથે.

પૂજ્ય ભાઈશ્રી :- જે રસ અને જે રીતથી આખી જિંદગી રસ ને રુચિ લીધા હશે એ છેલ્લે આવ્યા વિના રહેશે નહિ. પરિણામ કાબુમાં નહિ રહે એમ કહે છે. દેહને આત્મા માનીને પાળ્યો-પોષ્યો હશે એ પછી દેહત્યાગ વખતે છેલ્લે ભીંસ આવશે. કે નહિ ? ભીંસ પડશે કે નહિ ? દર્દની, વેદનાની પ્રાણત્યાગની ભીંસ આવશે ત્યારે એ દેહના પરિણામ, દેહ પ્રત્યેના, મમત્વના પરિણામ કેવી રીતે છોડી શકે ? અરે..! મને પીડા થાય છે. મને કોઈ છોડાવો અને મને કોઈ બચાવો આમાંથી. મને કોઈ બચાવો. હું

સહન કરી શકતો નથી. કોણ બચાવે ? બધાય લાચાર થઈને જોયા કરે. આ કોઈ બચાવી શકે એવું છે નહિ. છેલ્લે તો આ થાય પછી. બીજું કાંઈ થાય નહિ. પરિણામ એના કાબુમાં રહી શકે નહિ. અત્યારે સુધ-બુધ ઠેકાણે હોય અથવા ઠેકાણે રાખીને અત્યારથી કાંઈક તૈયારી કરે તો અત્યારનો વર્તમાન સમય પણ સફળ અને એનું ભવિષ્ય પણ સફળ. અને અત્યારે જેને નથી કરવું અને છેલ્લે કરવું છે એની દાનત ખોરા ટોપરા જેવી છે. એને ક્યારેય કરવું નથી. એમ છે. એની દાનત જ ખોટી છે.

તેથી '**હે મુનિઓ !**' અહીં મુનિઓની જગ્યાએ મુમુક્ષુઓ લેવું. 'કૃપાળુદેવ' મુમુક્ષુને કહે છે. એ મુમુક્ષુ જ હતા ને ? '**દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી...**' એટલે કોઈપણ પદાર્થથી, કોઈપણ ગામથી, ક્ષેત્રથી... આ ગામ બહુ સારું છે, લ્યો ! આ ગામમાં બધા ધાર્મિકો બહુ સારાં છે. ધર્મબુદ્ધિવાળા જીવો અહીંયાં રહે છે. શ્રાવકો પણ બધા ધર્મબુદ્ધિવાળા છે એમ તમારે કોઈના મોહમાં ફસાવું નહિ. ક્યાંય કોઈ ઓળખતું ન હોય ત્યાં વયું જાવું. પરિચયવાળા વચ્ચે ન રહેવું. કેમકે કુટુંબ-પરિવારમાં પરિચય જ વધારે છે ને ? બીજું શું છે ? પરિચયવાળા હોય ત્યાં ન જાવું. અસંગવૃત્તિ રાખવી.

'**દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી...**' આ સમય બહુ સારો છે. અહીંયાં અત્યારે ... બહુ પડતા નથી. માટે અહીંયાં અનુકૂળતા છે. માટે આ Seasonમાં અહીંયાં રહેવું અને આ Seasonમાં અહીંયાં રહેવું. એ પ્રકારે કોઈપણ .. પ્રતિબદ્ધપણું પામવું નહિ. '**અસંગપણે વિચરવાનો સતત ઉપયોગ સિદ્ધ કરવો યોગ્ય છે.**' એવો ઉપયોગ સિદ્ધ કરવો જોઈએ. '**જેમણે જગતસુખસ્પૃહા છોડી જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે, તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે.**' એવો ઉપયોગ ક્યારે થાય ? કે જે ઉપયોગ ક્યાંય પણ ચોંટે નહિ, સ્પૃહા થાય નહિ, સ્પૃહા થાય એટલે ઈચ્છા થાય નહિ. આ મળે તો ઠીક, આ હોય તો ઠીક, આમ હોય તો ઠીક.

જેમણે જગતના સુખની સ્પૃહા છોડી છે, એવો જે જ્ઞાનીનો માર્ગ. જ્ઞાનીના માર્ગનું આ વિશેષણ લગાડ્યું છે. જ્ઞાનીના માર્ગમાં જગતના સુખની સ્પૃહા નથી. એમ છે. આત્માના સુખની વાત છે અત્યારે. જગતના સુખની વાત નથી. એવા '**જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે,...**' એ માર્ગે જેણે આશ્રય લીધો છે, એ માર્ગે ચડવું છે એવો જેણે નિર્ધાર કર્યો છે, '**તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે.**' એવી દશાને પામે છે. જેણે નિશ્ચય કર્યો છે એને એ દશાની પ્રાપ્તિ થાય છે.

'**જે શ્રુતથી અસંગતા ઉલ્લસે તે શ્રુતનો પરિચય કર્તવ્ય છે.**' વ્યક્તિગત લખે છે ને. તમારે તો કેવું શાસ્ત્ર વાંચવું ? કે જે શાસ્ત્રથી તમારી અસંગવૃત્તિ વધારે મજબૂત બને

એવા શાસ્ત્રનો તમારે સ્વાધ્યાય કરવો. 'પંચાસ્તિકાય'માં લીધું. 'પંચાસ્તિકાય'માં વનશાસ્ત્ર કહેતા હતા. 'પંચાસ્તિકાય'ને તો જંગલમાં જઈને અસંગવૃત્તિ કેળવવા માટે અસંગદશામાં અસંગ થઈને એ શાસ્ત્ર વાંચવા જેવું છે.

મુમુક્ષુ :- પદ્મનંદિ.

પૂજ્ય ભાઈશ્રી :- 'પદ્મનંદી'. 'પદ્મનંદી પંચવિંશતી'. એને વન શાસ્ત્ર કહ્યું 'પદ્મનંદીપંચવિંશતિ'ને. એમને બહુ રસ હતો. વૈરાગ્ય-ઉપશમનો પોતાને ઘણો રસ હતો ને ? ગ્રંથના વૈરાગ્ય-ઉપશમનો ઘણો રસ હતો. 'પદ્મનંદી' વાંચ્યા પછી કહે છે, આ તો વનશાસ્ત્ર છે. એ શાસ્ત્રને એવું ઉપનામ આપી દીધું. આ તો વનશાસ્ત્ર છે. એકાંત વનમાં-જંગલમાં જઈને અધ્યયન કરવા જેવું છે.

મુમુક્ષુ :- 'પદ્મનંદી પંચવિંશતિ' ?

પૂજ્ય ભાઈશ્રી :- 'પદ્મનંદી પંચવિંશતિ'.

મુમુક્ષુ :- બાર ભાવનાનું વર્ણન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં બાર ભાવનાનું વર્ણન છે. બાર ભાવના 'કુંદકુંદાચાર્યે' રચી છે. બાર ભાવના તો ઘણાએ ભાવી છે અને પોતાની ભાવના માટે જ લખી છે. લખી હોય પછી શું છે કે, એ જ ભાવ હોય.

મુમુક્ષુ :- કૃપાળુદેવે લીધું જ છે ને બારભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- હા. બાર ભાવના પોતે લખી છે. બાર ભાવના પોતાની જ રચના છે. દૃષ્ટાંત કથા સાથે લખેલી છે. વૈરાગ્ય-ઉપશમ માટે બાર ભાવના એ બહુ સારી, બહુ સારી. એ વિષય માટે બાર ભાવના ઘણી ઉત્તમ વસ્તુ છે. એકત્વભાવના, અન્યત્વભાવના, અશરણભાવના, અનિત્યભાવના એ ચાર ભાવના તો એકદમ વૈરાગ્યને લાવે એવી છે. અન્યત્વભાવના-કોઈ તારું નથી. અન્યત્વભાવનામાં કોઈ તારું નથી. મારું, મારું કરીને મરી જાય પણ કોઈ તારું નથી. આ સીધી વાત છે. અને અશરણમાં તને કોઈ શરણ નથી. દુઃખી થઈશ તોપણ તું એકલો જન્મ્યો, એકલો મરીશ, એકલો દુઃખી થઈશ અને સિદ્ધિને વરીશ તો પણ એકલો. એકત્વ અને અન્યત્વ. પદાર્થ વિજ્ઞાન જ છે ને એ તો. એ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુના સ્વરૂપને ભાવનામાં લીધું છે. એકલી લુખ્ખી વાત નથી લીધી. છે એ વસ્તુનું સ્વરૂપ અને એને ભાવનાના ઢાળામાં ઢાળી. જો ભાવનામાં ન આવે તો શુષ્કતા આવી જાય. કોઈ કોઈનું નથી એમ કરીને શુષ્કતામાં આવી જાય. શુષ્કતાપૂર્વક નહિ, પછી ભાવનાપૂર્વક હોવું જોઈએ. આત્મપ્રાપ્તિની ભાવનાથી એ બધી વાતો છે. એ ૭૮૬ થયો.

પત્રાંક-૭૮૭

મુંબઈ, અસાડ, વદ ૧, ગુરુવાર, ૧૯૫૩

ૐ

શ્રી સોભાગના દેહમુક્ત સમયની દશા વિષેનું પત્ર લખ્યું તે પણ અત્રે મળ્યું છે. કર્મગ્રંથનું સંક્ષેપ સ્વરૂપ લખ્યું તે પણ અત્રે મળ્યું છે.

આર્ય સોભાગની બાહ્યાભ્યંતર દશા પ્રત્યે વારંવાર અનુપ્રેક્ષા કર્તવ્ય છે.

શ્રી નવલચંદે દર્શાવેલાં પ્રશ્નનો વિચાર આગળ પર કર્તવ્ય છે.

જગતસુખસ્પૃહામાં જેમ જેમ ખેદ ઊપજે તેમ તેમ જ્ઞાનીનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય.

૭૮૭ પણ 'લલ્લુજીમુનિ' ઉપરનો છે. એ પણ અસાડ વદ એકમે લખેલો છે. આ પણ અસાડ વદ ૧, ગુરુવારે લખ્યો છે. ગુરુવારે 'અંબાલાલભાઈ' ઉપરનો પણ પત્ર મળ્યો અને બે પત્ર 'લલ્લુજી' ઉપરના. ત્રણ પત્ર મળ્યા છે.

'**શ્રી સોભાગના દેહમુક્ત સમયની દશા વિષેનું પત્ર લખ્યું તે પણ અત્રે મળ્યું છે.**' 'અંબાલાલભાઈ'એ ... આ ... દેહ છૂટવા સંબંધીની .. ઘણી સારી દશા હતી. મુમુક્ષુએ વારંવાર અનુપ્રેક્ષા કરવા યોગ્ય દશા છે. '**કર્મગ્રંથનું સંક્ષેપ સ્વરૂપ લખ્યું તે પણ અત્રે મળ્યું છે. આર્ય સોભાગની બાહ્યાભ્યંતર દશા પ્રત્યે વારંવાર અનુપ્રેક્ષા કર્તવ્ય છે.**' ફરીને પાછું એ જ વાક્ય. એ જ દિવસે બીજો પત્ર લખ્યો છે તોપણ એમનું વજન છે ત્યાં એટલે ફરીને એ વાત લખી છે. શ્રી 'સોભાગભાઈ'ની બાહ્યાભ્યંતર દશા જે એ વખતની છે તે તમારે વારંવાર અનુપ્રેક્ષા કરવી. આયુષ્ય ઘણું હતું 'લલ્લુજી'નું તો. આ પત્ર લખ્યા પછી ૪૦ વર્ષ સુધી રહ્યા છે. 'કૃપાળુદેવ'ના સ્વર્ગવાસ પછી ૩૫ વર્ષ સુધી રહ્યા છે. એ .. માં પછી સ્વસ્થ તો ઘણા હતા, એ અગાસમાં રહ્યા. ઘણો સમય રહ્યા છે. એમના નિમિત્તે પ્રભાવના પણ ઘણી થઈ છે. સમાજની અંદર વિશેષ પ્રભાવના (થઈ). પોતે ત્યાગના વેશમાં હતા અને વૈરાગ્ય ઉપશમનો ઉપદેશ સીધો એમણે લીધેલો છે. પ્રત્યક્ષ પરિચયથી પણ લીધો છે, ભક્તિ પણ ખૂબ કરી છે.

'**શ્રી નવલચંદે દર્શાવેલાં પ્રશ્નનો વિચાર આગળ પર કર્તવ્ય છે.**' એ 'નવલચંદભાઈ'એ પ્રશ્નો લખ્યા હશે. એ વર્તમાન વૈચારિક ભૂમિકામાં એમને માટે અત્યારે કાંઈ એ જરૂરી નથી. આગળ ઉપર કર્તવ્ય છે એટલે અત્યારે એમને એનું કાંઈ પ્રયોજન નથી. માટે એ અપ્રયોજનભૂત વિષયમાં એમણે અત્યારે સમય અને શક્તિનો

ખર્ચ કરવા જેવું નથી. આગળની વાત છે. એમનું એવું હતું કે એને યોગ્ય હોય તે જ આપે. બિનજરૂરી ઉત્તર પણ આપે નહિ. કારણ કે જીવ લગભગ ગુંચાય છે. જે વિષય પોતાને વર્તમાનમાં ઉપયોગી ન હોય એ વિષયની માથાકૂટમાં ઉતરીને પછી ઘૂંચવાય જાય અને રોકાય જાય છે. એણે એમ કરવા જેવું નથી.

'જગતસુખસ્પૃહામાં જેમ જેમ ખેદ ઊપજે તેમ તેમ જ્ઞાનીનો માર્ગ સ્પષ્ટ સિદ્ધ થાય.' જગતના સુખની સ્પૃહામાં રસ એવો ને એવો રહે, સુખનો અભિપ્રાય જરાય ફરે નહિ, સુખબુદ્ધિ એમ ને એમ જળવાઈ રહે તો જ્ઞાનીનો માર્ગ એને સ્પષ્ટ થતો નથી. જ્ઞાનીનો માર્ગ તો અંતર્મુખ થવાનો છે. અંતરમાં સુખ છે એ દેખાતું નથી. જેને બહારમાં સુખ દેખાય છે તેને અંતરનું સુખ દેખાતું નથી. કેમકે એ ભ્રાંતિગત સુખ છે. એમાં સુખ નથી ને સુખ દેખાય છે. સાચુ સુખ છે એ સુખ શક્તિરૂપે છે, દેખે તો છે નહિ. એટલે એની પ્રતીતિ ને વિશ્વાસ નથી આવતો. અથવા એટલી નિર્મળતા નથી. જગતસુખની સ્પૃહામાં પરિણામ એટલા, જ્ઞાન એટલું મલિન થાય છે કે જ્ઞાનદર્પણમાં એને પોતાનો સુખસ્વભાવ છે એ પ્રતિભાસિત થતો નથી. ... એટલા માટે એ વાત લીધી છે.

જેને જ્ઞાનની મલિનતા છોડવી હોય અને નિર્મળતાની પ્રાપ્તિ કરવી હોય એણે જગતસુખની સ્પૃહા એ રસ છે એમાંથી મુક્ત થવું જોઈએ. એ રસ ઠંડો પડ્યા વિના નિર્મળતા નહિ આવે. એ રસ એમ ને એમ રહે અને અહીંયાં જ્ઞાનીનો માર્ગ એને મળે એ વાતમાં કાંઈ માલ નથી. સ્પષ્ટ જ ન થાય, એને સૂઝે જ નહિ.

મુમુક્ષુ :- એક એક લીટીમાં કેવા સૂત્રો મૂક્યા છે !

પૂજ્ય ભાઈશ્રી :- સૂઝે જ નહિ. સૂઝ તો આવવી જોઈએ ને ? અંતર્મુખ થવાની કોઈ સૂઝ આવે નહિ. એ સૂઝ આવવી જોઈએ ને ? એ સૂઝ એને આવતી નથી. ધર્મના નામે બહારનું ગમે ઈ કર્યા કરે, પૂજા કરે, ભક્તિ કરે, દાન કરે, દયા કરે, શાસ્ત્ર વાંચે પણ અંદરની સૂઝ ન આવે ત્યાં સુધી એ બધું બહારનું કાંઈ કામમાં આવે એવું નથી. 'છાર પર લીપણું એહ જાણો'. ઘાસ ઉપર ગાર કરે એ ગાર ટકે નહિ.

એટલે **'જગતસુખસ્પૃહામાં જેમ જેમ ખેદ ઊપજે...'** 'લલ્લુજી'ને એમ લખે છે, હાં ! એણે તો દીક્ષા લીધેલી અને ત્યાગીના વેશમાં છે. તો પછી એને જગતની સ્પૃહા ક્યાં રહી ? કુટુંબ-પરિવાર છોડીને એ તો જુદાં જુદાં ગામમાં ફરતા હતા. એક ગામમાં નહોતા રહેતા. અનુકૂળતા હોય ત્યાં જાવ છો ? શું જોવે ? ક્યા ગામમાં અનુકૂળતા રહેશે ? એટલે અનુકૂળતાનું લક્ષ તો નથી રહેતું ને ? જ્યાં જવાનું થાય ત્યાં અનુકૂળતાનું લક્ષ રહે તો એ જગતસુખસ્પૃહા છે. ઠીક !

મુમુક્ષુ :- એકે એક પત્રમાં ..

પૂજ્ય ભાઈશ્રી :- ... ત્યાગીને એવી વાત લખી છે. એમને તો કોઈ ભોગ-ઉપભોગનો વિષય નથી. ... થયેલા છે. એમને કાંઈ બીજા કોઈ પંચેન્દ્રિયના વિષયો પ્રત્યે.. અનુકૂળતામાં બધું આવી ગયું. એક અનુકૂળતામાં પાંચેય ઈન્દ્રિયના વિષય આવી ગયા. માટે અનુકૂળતાનું લક્ષ તો નથી રહેતું ને ? એમ કહે છે. તો જ્ઞાનીનો માર્ગ સ્પષ્ટ થાશે, નહિતર જ્ઞાનીનો માર્ગ સ્પષ્ટ નહિ થાય. અસ્તિ-નાસ્તિને કેવો સંબંધ છે ! પરપદાર્થ પ્રત્યેના રસવાળા પરિણામ જ્ઞાનને મલિન કરે છે. એ જ્ઞાનને મલિન કરે છે. કષાયરસ છે એ જ્ઞાનને મલિન કરે છે. ત્યાં જ્ઞાન મલિન થયું, આત્મા તો નિર્મળ પદાર્થ છે, પવિત્ર પદાર્થ છે. એના પ્રત્યે (વળવું) એમાં નિર્મળતા અપેક્ષિત છે. એમાં મલિનતાથી એ કામ થાય એવું નથી. એટલે એમ કહે છે તો જ્ઞાનીનો માર્ગ સ્પષ્ટ થાય. નહિતર જ્ઞાનીના માર્ગનો પતો લાગે એવું નથી. એ ૭૮૭ થયો.

પત્રાંક-૭૮૮

મુંબઈ, અસાડ, વદ ૧૧, રવિ, ૧૯૫૩

પરમ સંયમી પુરુષોને નમસ્કાર

અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતાં જે પુરુષો તે ઉદયથી ક્ષોભ ન પામતાં સહજભાવ સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે, તે પુરુષોના ભીષ્મવ્રતનું વારંવાર સ્મરણ કરીએ છીએ.

સર્વ મુનિઓને નમસ્કાર પ્રાપ્ત થાય.

૭૮૮ પણ 'લઘુજીમુનિ' ઉપરનું Post card છે. જ્ઞાનીની દશા કેવી હોય ? કે '**અસારભૂત વ્યવહાર...**' કેવો છે એને ? વ્યવહાર છે તે '**અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા...**' કરે છે. જગતના જીવો જે રીતે વ્યવહાર કરે એવી જ રીતે એ વ્યવહાર કરે છે. ખાય છે, પીવે છે, લે છે, દે છે, વેપાર-ધંધો કરે છે, દુકાને જઈને બેસે છે કે નહિ ? '**અસારભૂત વ્યવહાર સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતાં જે પુરુષો તે ઉદયથી ક્ષોભ ન પામતાં...**' અંદરથી હલ્યા નથી. ભિન્ને-ભિન્ન રહી ગયા. અંદરમાં એ ક્ષોભ પામ્યા નથી.

'**સહજભાવ સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે,...**' અચલિતપણે ક્ષોભ પામ્યા વગર. આવો ઉદય આકરો આવશે તો કાંઈક આપણે ખસી જશું એ વાત રહેતી નથી. પોતાના આત્મધર્મમાં, સ્વધર્મમાં એટલે આત્મધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે. '**તે પુરુષોના ભીષ્મવ્રતનું વારંવાર સ્મરણ કરીએ છીએ.**' પોતાને એ પરિસ્થિતિ છે ને ?

પોતાને જ પરિસ્થિતિ છે. અમે એને યાદ કરીએ છીએ. ઋષભાદિ તિર્થંકર જુઓ. શાંતિનાથ, કુંથુનાથ આદિ ચક્રવર્તીઓ. એને ભીષ્મવ્રત હતું. જરાય ચલિત ન થાય. સ્વધર્મમાંથી જરાય ચલિત ન થાય. ગમે તેવો ઉદય આવે, અનુકૂળતાનો, પ્રતિકૂળતાનો, અનુકૂળતામાં લપસે નહિ, પ્રતિકૂળતામાં જરાપણ દુઃખી થાય નહિ. એવા એ ભીષ્મ વ્રતધારી હતા. વાત કેવી લીધી છે ! ધૃતરાષ્ટ્ર પાંડવોના પિતામહ હતા ને ? ધૃતરાષ્ટ્ર એમણે એ વ્રત લીધેલું. ... વ્રત લઈ લીધું. બાણશય્યા ઉપર સૂવું. વર્ષો સુધી. એક સાંકડી પથારી હોય ને એ જાપટીને સાફ કરીને, .. સાફ કરીને બાણશય્યા ઉપર સૂતા. ભીષ્મવ્રત જેને કહીએ. અડગ નિશ્ચયી હતા, સિદ્ધાંતવાદી હતા. સિદ્ધાંત તૂટે તો ભીષ્મવ્રત ...

શું કહે છે ? કે અમે એનું સ્મરણ કરીએ છીએ. એવા મહાપુરુષો વ્યવહારમાં રહ્યા છતાં નિશ્ચળપણે સ્વધર્મમાં રહ્યા. ઉદયથી દુઃખી નથી થયા કે ઉદયમાં ભળી ગયા નથી અને છૂટા ભિન્ન રહી ગયા. એવી જેમણે નિશ્ચળપણે પોતાના પરિણમનની સ્થિતિ રાખી, ઉદય હોવા છતાં અનુદય પરિણામમાં રહ્યા, લ્યો ! ઠીક ! ઉદય હોવા છતાં ઉદયથી ભિન્ન પડીને અનુદય પરિણામમાં વર્ત્યા. એવા પુરુષોના, મહાપુરુષોના ભીષ્મવ્રતનું અંતરંગ વૃત્તિનું, બળવાન વૃત્તિનું અમે સ્મરણ કરીએ છીએ. એમના પુરુષાર્થનું અમે સ્મરણ કરીએ છીએ એમ કહે છે. ઠીક ! જ્ઞાની જ્ઞાનીના પુરુષાર્થનું સ્મરણ કરે છે. જ્ઞાનીને જ્ઞાનીના પુરુષાર્થનું સ્મરણ કરવાની જરૂર નહિ ને ? ઉપયોગ બહાર જાય છે કે નહિ ? ઉપયોગ બહાર જાય તો એવા મહાપુરુષોનું પોતે સ્મરણ કરે છે. કેવી રીતે રહ્યા હશે ? આવા સંયોગોમાં પણ એ કેવી રીતે રહ્યા હશે ?

આત્મચારિત્ર અને અચારિત્રની મિશ્ર દશા છે. અચારિત્ર છે એની ભૂલ છે એમ ન કીધું. પણ એનું ચારિત્ર શું છે એ જુએ છે. 'રામચંદ્રજી'એ 'લક્ષ્મણ'ને ખંભે રાખ્યા, એ ખંભે રાખ્યા ત્યારે એના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં કેવી રીતે રહ્યા એ જોવાનું છે. દેખાડવું એ છે. શાસ્ત્રકર્તાને એ દેખાડવું છે. શાસ્ત્રકર્તાને 'રામચંદ્રજી'ની ભૂલ નથી દેખાડવી. એ વખતે પણ એમની ભૂલ નહોતી શું એ જોવું છે.

મુમુક્ષુ :- એ જોઈએ તો લાભ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ જોવે તો લાભ થાય. ગુણ જોવે તો લાભ થાય કે અવગુણ જોવે તો લાભ થાય ?

મુમુક્ષુ :- ગુણ જોવે તો લાભ થાય. ગુણ ગ્રહતા..

પૂજ્ય ભાઈશ્રી :- ગુણગ્રાહીપણું. એવી વાત છે. એનું સ્મરણ કરવું. એવા મહાપુરુષોનું અમે પણ સ્મરણ કરીએ છીએ. એની Line જુદી જ છે.

પત્રાંક-૭૮૯

મુંબઈ, અસાડ વદ ૧૪, બુધ, ૧૯૫૩

ૐ નમઃ

પ્રથમ કાગળ મળ્યો હતો. હાલ એક પત્તું મળ્યું છે.

મણિરત્નમાળાનું પુસ્તક ફરીથી વાંચવાનું કર્યાથી વધારે મનન થઈ શકશે.

શ્રી ડુંગર તથા લહેરાભાઈ આદિ મુમુક્ષુઓને ધર્મસ્મરણ પ્રાપ્ત થાય. શ્રી ડુંગરને જણાવશો કે પ્રસંગોપાત્ત કંઈ જ્ઞાનવાર્તા પ્રશ્નાદિ લખશો અથવા લખાવશો.

સત્શાસ્ત્રનો પરિચય નિયમપૂર્વક નિરંતર કરવા યોગ્ય છે. એકબીજાનાં સમાગમમાં આવતાં આત્માર્થ વાર્તા કર્તવ્ય છે.

તા. ૩૦-૭-૧૯૯૨, પત્રાંક - ૭૮૯ થી ૭૯૨
પ્રવચન નં. ૩૯૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્ર-૭૮૯, પાનું-૬૦૮. 'ત્રંબકભાઈ' 'સોભાગભાઈ'ના પુત્ર ઉપરનો પત્ર છે. '**પ્રથમ કાગળ મળ્યો હતો. હાલ એક પત્તું મળ્યું છે.**' એટલે એમનો પત્રવ્યવહાર (ચાલુ છે). '**મણિરત્નમાળાનું પુસ્તક ફરીથી વાંચવાનું કર્યાથી વધારે મનન થઈ શકશે.**' મણિરત્નમાળાના બે ગ્રંથ છે. વાંચવાની ભલામણ કરી હશે. ફરીથી વાંચવું અને મનન કરવું. '**શ્રી ડુંગર તથા લહેરાભાઈ આદિ મુમુક્ષુઓને ધર્મસ્મરણ પ્રાપ્ત થાય.**' 'સોભાગભાઈ'ના મિત્રો હતા. '**શ્રી ડુંગરને જણાવશે કે પ્રસંગોપાત્ત કંઈ જ્ઞાનવાર્તા પ્રશ્નાદિ લખશો અથવા લખાવશો.**' એ પણ વૃદ્ધ અવસ્થામાં હતા. પણ એમને તત્ત્વની રુચિ હતી. છેલ્લે-છેલ્લે રુચિ સારી હતી. આ સત્સમાગમનો પ્રકાર લાભ વિશેષ છે. કેમકે સ્થાનકવાસીમાં અને અન્યમતમાં વધારે માન્યતામાં ચાલ્યા ગયેલા.

મુમુક્ષુ :- વેદાંત...

પૂજ્ય ભાઈશ્રી :- હા. વેદાંતવાદી.

'સત્શાસ્ત્રનો પરિચય નિયમપૂર્વક નિરંતર કરવા યોગ્ય છે.' આ આજ્ઞા છે. સત્શાસ્ત્રનો પરિચય નિયમપૂર્વક. નિયમિત રીતે રોજ કલાક, બે કલાક, ત્રણ કલાક જે કાંઈ સમયનો અવકાશ હોય એ પ્રમાણે નિયમપૂર્વક અને નિરંતર કાયમ માટે એ કરવા યોગ્ય છે. **'એકબીજાના સમાગમમાં આવતાં આત્માર્થ વાર્તા કર્તવ્ય છે.'** એટલે મુમુક્ષુએ પણ એકબીજાના સમાગમમાં આત્મકલ્યાણ કેવી રીતે થાય ? આત્માર્થ એટલે આત્માનું પ્રયોજન જે રીતે સિદ્ધ થાય એવી વાર્તા પરસ્પર, એવી ચર્ચા કરવા યોગ્ય છે. આ બે આજ્ઞા જેવી વાત છે મુમુક્ષુ માટે. સત્શાસ્ત્રનો સ્વાધ્યાય સ્વતંત્ર વિચાર અર્થે રાખવો અને પરસ્પર આત્મકલ્યાણ થાય એ હેતુથી મુમુક્ષુએ પણ એકબીજાના સમાગમમાં એ વિષયની ચર્ચા કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- મુમુક્ષુએ મળીને પણ આ ચર્ચા કરવી.

પૂજ્ય ભાઈશ્રી :- આ ચર્ચા કરવી. મુમુક્ષુએ મળવું અને આ ચર્ચા કરવી. બે આજ્ઞા આપી છે. પોતે પોતાને ત્યાં પણ સ્વતંત્ર શાસ્ત્ર સ્વાધ્યાય રાખે. નિયમિત રીતે અને કાયમ રાખે. નિરંતર એટલે કાયમ-દરરોજ. અને પરસ્પર મળીને પણ આત્માર્થની ચર્ચા વાર્તા કરવી. આ બંને કરવા યોગ્ય છે. એટલે 'ત્રંબકભાઈ'ને શિખામણ આપી છે. તમે પણ સત્શાસ્ત્રનો સ્વાધ્યાય રાખજો. બીજા મુમુક્ષુઓનો પરિચય પણ રાખજો. એ બધાને માટે લાગુ પડે છે. પોસ્ટકાર્ડ છે. ત્યાર પછીના પણ બે પોસ્ટકાર્ડ છે.

પત્રાંક-૭૯૦

મુંબઈ, શ્રાવણ સુદ ૩, રવિ, ૧૯૫૩

પરમ ઉત્કૃષ્ટ સંયમ જેના લક્ષમાં નિરંતર વર્ત્યા કરે છે

તે સત્પુરુષોના સમાગમનું ધ્યાન નિરંતર છે.

પ્રતિષ્ઠિત વ્યવહારના શ્રી દેવકીર્ણજીની જિજ્ઞાસાથી અનંતગુણવિશિષ્ટ જિજ્ઞાસા વર્તે છે. બળવાન અને વેદ્યા વિના અટળ ઉદય હોવાથી અંતરંગ ખેદ સમતા સહિત વેદીએ છીએ. દીર્ઘકાળને ઘણા અલ્પપણામાં લાવવાના ધ્યાનમાં વર્તાય છે.

યથાર્થ ઉપકારી પુરુષપ્રત્યક્ષમાં એકત્વભાવના આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે.

સર્વ મુનિઓને નમસ્કાર.

એમાં પહેલા મુનિશ્રી 'લઘુજી' ઉપરનો છે. '**પરમ ઉત્કૃષ્ટ સંયમ જેના લક્ષમાં નિરંતર વર્ત્યા કરે છે તે સત્પુરુષોના સમાગમનું ધ્યાન નિરંતર છે.**' અમને પણ. ઠીક ! પરમ ઉત્કૃષ્ટ સંયમ, પૂર્ણ સંયમ, યથાખ્યાત ચારિત્ર, મોક્ષદશા. '**જેના લક્ષમાં નિરંતર વર્ત્યા કરે છે...**' જે મહાત્માના લક્ષમાં એ નિરંતર વર્તે છે. તે પુરુષોનો સમાગમ અમે કરીએ. એવું ધ્યાન અમને પણ રહે છે. એટલે આવા જીવોનો સમાગમ કરવો જોઈએ. જેને પૂર્ણતાનું લક્ષ હોય એનો સમાગમ કર્તવ્ય છે. એમ કહેવું છે. પરમ ઉત્કૃષ્ટ સંયમ લીધો ને ? એ પૂર્ણતામાં પછી કોઈ શબ્દ લઈ લેવો. શબ્દ ગમે તે હોય.

જેનું લક્ષ છે, જેનું ધ્યેય છે એવા પુરુષોનું સમાગમ કરવો એવું અમે પણ વિચારીએ છીએ. નિરંતર ધ્યાન છે એટલે અમને પણ એવું લક્ષ રહે છે કે આવાનો સમાગમ કરવો જોઈએ.

મુમુક્ષુ :- સત્પુરુષોનો શબ્દ છે.

પૂજ્ય ભાઈશ્રી :- '**તે સત્પુરુષોના સમાગમનું ધ્યાન નિરંતર છે.**' બરાબર છે. જેના લક્ષમાં નિરંતર ઉત્કૃષ્ટ સંયમ છે તે સાધક છે અને હવે પૂર્ણ સંયમ પ્રત્યે જેનું ધ્યેય છે એવા સત્પુરુષના સમાગમનું ધ્યાન અમે પણ નિરંતર કરીએ છીએ. ધ્યાન એટલે અહીંયાં લક્ષ લેવું. ધ્યાન એટલે એકાગ્રતારૂપ ધ્યાન નહિ. ધ્યાન ખસે નહિ ને. સત્સમાગમ તો આવા જીવોનો કરવો જોઈએ.

'**પ્રતિષ્ઠિત વ્યવહારની શ્રી દેવકીર્ણજીની જિજ્ઞાસાથી અનંતગુણવિશિષ્ટ જિજ્ઞાસા વર્તે છે.**' જિજ્ઞાસા એટલે પ્રાપ્તિની ભાવના. '**પ્રતિષ્ઠિત વ્યવહારની શ્રી દેવકીર્ણજીની જિજ્ઞાસાથી અનંતગુણવિશિષ્ટ જિજ્ઞાસા વર્તે છે.**' પ્રતિષ્ઠિત વ્યવહાર એટલે મોક્ષમાર્ગને યોગ્ય જિનોક્ત વ્યવહાર. જે સ્થાપેલો છે. પ્રતિષ્ઠિત એટલે ભગવાને જે સ્થાપેલો છે. એવી જે 'દેવકીર્ણજીની' ભાવના છે. એથી અમારી ભાવના તો અનંતગુણ વિશિષ્ટ ભાવના છે. એટલે અમે પણ સંયમના માર્ગે વિચરવા ભાવના ભાવીએ છીએ. ૩૦મું વર્ષ છે ને ? એટલે મથાળું પણ ઉત્કૃષ્ટ સંયમનું લીધું છે. એ અમારી ભાવના છે. એ ભાવના દર્શાવવા માટે ઉત્કૃષ્ટ સંયમનું મથાળું બાંધ્યું છે.

'**બળવાન અને વેદ્યા વિના અટળ ઉદય હોવાથી અંતરંગ ખેદ સમતા સહિત વેદીએ છીએ.**' શું કહે છે ? અમારો જે ઉદય છે એ ઘણો બળવાન ઉદય છે. એવું લાગે છે કે એને ભોગવ્યા વિના, વેદ્યા વિના સમ્યક્ પ્રકારે એને વેદ્યા વિના એ ટળે નહિ એવો અટળ ઉદય લાગે છે. તેથી એ ઉદય પ્રત્યેના આંશિક પરિણામનો ખેદ છે. અને મુખ્યપણે સમતા સહિત એને વેદીએ છીએ. સાધકદશાના બેય ભાગ લઈ લીધા. જેટલો ખેદ છે એટલો પ્રશસ્ત દ્વેષ છે. પોતાના પરિણામ ઉદયમાં લગાવવા પડે છે

એનો ખેદ વર્તે છે અને એ ખેદ પોતે પ્રશસ્ત દ્વેષ છે. અને બીજો એક ભાગ મુખ્ય પરિણતિનો છે એમાં સમભાવ છે. જેનું હોય તે જ્ઞાનનું જ્ઞેય છે. એમાં ક્યાંય ઈષ્ટ-અનિષ્ટ કર્તવ્ય નથી. અભિપ્રાયમાં સમતા છે, અભિપ્રાય અનુસાર પરિણતિ છે એમાં પણ સમતા છે. અને જેટલા અંશે પરિણામ ઉદયમાં દેવા પડે છે એનો ખેદ વર્તે છે. આવો ઉદય ન હોત તો સહેજે સહેજે અમે પ્રતિષ્ઠિત વ્યવહારરૂપ સંયમને અંગીકાર કર્યો હોત. ભગવાને જે સ્થાપેલો વ્યવહાર છે એ સંયમને અમે અંગીકાર કર્યો હોત. એમ કહેવું છે. પણ ઉદય કોઈ જોરદાર છે.

મુમુક્ષુ :- આ પ્રશસ્ત દ્વેષ દેખાવમાં તો કષાય જેવું લાગે છે મંદ કાષય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. મંદકષાય છે. પ્રશસ્ત દ્વેષ પુણ્યબંધનું કારણ છે, પાપબંધનું કારણ નથી. દ્વેષના પરિણામ હોવા છતાં પણ એ પુણ્યબંધનું કારણ છે, પાપબંધનું કારણ નથી.

'દીર્ઘકાળને ઘણા અલ્પપણામાં લાવવાના ધ્યાનમાં વર્તાય છે.' અને ઉદયનો જે દીર્ઘકાળ છે એને જો સમ્યક્ પ્રકારે વેદવામાં આવે તો જે જે ઉદયમાં નથી આવ્યા એ ઉદયમાં આવવા યોગ્ય કર્મ પરમાણુ છે એને અલ્પપણામાં, એની સ્થિતિ ટૂંકાવી દેવાનું બને છે. એવા ધ્યાનમાં વર્તાય છે. આવું અમારું પુરુષાર્થનું કાર્ય તો આ પ્રકારનું છે. વર્તમાન ઉદયમાં તો આવે એમાં તો ફેરફાર થઈ શકે નહિ. જે કર્મ ઉદયમાં આવે એમાં કાંઈ ફેરફાર ન થઈ શકે. એમાં તીવ્રતા, મંદતા, સ્થિતિની ઓછા-વત્તાપણું કોઈ ફેરફાર ન થઈ શકે. પણ જે સત્તામાં છે, ઉદયમાં આવ્યા નથી. એવા દીર્ઘકાળવાળા, લાંબી સ્થિતિવાળા એને ઘણા અલ્પપણામાં લાવવું એવા ધ્યાનમાં અમે વર્તીએ છીએ, એવા પુરુષાર્થમાં વર્તીએ છીએ કે તેની સ્થિતિ ટૂંકાય છે. એ વર્તમાન પરિણામનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધે સત્તામાં રહેલા કર્મો ઉપર ફેરફાર થાય છે. આ ચરણાનુયોગ સાથે આવી જાય છે. અધ્યાત્મની સાથે સાથે ચરણાનુયોગ આવી જાય છે.

મુમુક્ષુ :- કરણાનુયોગ, ચરણાનુયોગ બધું આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચારે અનુયોગ આવે છે. કથાનુયોગ તો એ પોતે જ છે. કથાનુયોગ તો પોતે જ છે. દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, આચરણની તો વાત ચાલે છે. સંયમમાં આવવું એ આચરણની તો વાત ચાલે છે. ચરણાનુયોગની ભાવના ભાવે છે. કરણાનુયોગનો એટલે ભવિષ્યનો વિચાર કરે છે. અને સ્વદ્રવ્યમાં ધ્યાનમાં રહેવું, સ્વદ્રવ્યમાં સમતાભાવે રહેવું એ દ્રવ્યાનુયોગ સાથે અધ્યાત્મ છે. એક પોસ્ટકાર્ડમાં ત્રણ તો અનુયોગ આવે છે.

'યથાર્થ ઉપકારી પુરુષપ્રત્યક્ષમાં એકત્વભાવના આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે.'

આ પ્રત્યક્ષ સત્પુરુષના યોગનું મહત્ત્વ દર્શાવ્યું છે. ઠામ ઠામ આ મહત્વ એ દર્શાવે છે કે યથાર્થ ઉપકારી પુરુષપ્રત્યક્ષ. પ્રત્યક્ષ પુરુષના બદલે પુરુષપ્રત્યક્ષ એવું વિશેષણ વાપર્યું છે.

મુમુક્ષુ :- એટલે પોતાનો શુદ્ધ આત્મા ન લેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનો શુદ્ધ આત્મા નહિ પણ એમાં ઉપકારી શબ્દ છે. એ અન્યના સંયોગને સૂચવે છે. એ સંયોગને સૂચવે છે. ઉપકારી છે ને ? ઉપકાર તો નિમિત્ત નૈમિત્તિક સંબંધે એકબીજાએ ગણાય છે ને ? એમ કહેવું છે કે, ઉપકારી સત્પુરુષનો પ્રત્યક્ષ યોગ હોય. યથાર્થ ઉપકારી એટલે સત્પુરુષ, ઉપકારી સત્પુરુષ. યથાર્થમાં સત્પુરુષ લઈ લેવા. તેમાં એકત્વભાવના એટલે અભિન્ન ભાવના. એકત્વભાવનાનો અર્થ છે અહીંયાં અભિન્નભાવના. એમની અનુકૂળતાએ અનુકૂળતા અને એમની પ્રતિકૂળતાએ પ્રતિકૂળતા. ઘરમાં અભિન્નભાવના હોય છે ને ? આ તો ઘરના છે. એને પ્રતિકૂળતા આપવામાં પણ વાંધો નહિ અને એને અનુકૂળતા આપવામાં પણ વાંધો નહિ.

મહેમાન હોય મિષ્ટાન પીરસાતા પીરસાતા થઈ રહ્યું હોય તો ઘરવાળાને વાંધો નહિ. પછી થોડુંઘણું ગમે તે બનાવીને ખાઈ લે. કે ખોટું લાગે કોઈને ? અમારે માટે ન રહ્યું એમ. રસોઈ બનાવ્યા પછી બીજા બે-પાંચ મહેમાન ભળી ગયા બીજા. ગૃહસ્થીને યોગ્ય આદર સત્કાર કરતા પોતાને ન બચે તો ઘરમાં ભિન્નભાવના હોતી નથી. ઘરનાને ઘરના વચ્ચે કોઈ ભિન્ન ભાવના હોય છે ? એ એમ વિચાર ન કરે કે પતિએ તો મિષ્ટાન બધાની સાથે ખાઈ લીધું અને આપણે રહી ગયા. આપણા માટે તો કાંઈ રહ્યું નહિ એવો વિચાર કરે ? આપણા ઘરે જે મહેમાન આવ્યા છે એનું સ્વાગત કરવામાં આવું પણ થાય. અને એ થાય એમાં કોઈ ભેદભાવ વિચારવાનો ન હોય. એવી જે એકત્વભાવ એટલે અહીંયાં અભિન્નભાવના લેવી છે. સત્પુરુષના દુઃખે દુઃખી અને સત્પુરુષના સુખે સુખી. એનો વિકલ્પ એ પોતાનો વિકલ્પ, એનો નિષેધ એ પોતાનો નિષેધ.

મુમુક્ષુ :- જેવી એને સહજતા છે એવી જ અહીં સહજતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવી સહજતા છે. પણ સહજતા કેવી છે ? ભેદભાવ નહિ વચ્ચે.

એ '**આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે.**' લ્યો ! એમાં આત્મશુદ્ધિની ગર્ભિત વાત લીધી છે. નહિતર તો છે નિમિત્ત આશ્રિત પરિણામ એ બધા. ઓળખાણ છે. ઓળખાણ છે ને ? એટલે એમાં વ્યક્તિ નથી જોતા, ગુણ જોવાય છે. ગુણનું બહુમાન છે. ગુણનું બહુમાન છે એ દર્શનમોહને અવગુણરૂપી મોટા દર્શનમોહને હાનિ પહોંચાડે

છે. મોટો ફાયદો એ છે કે દર્શનમોહ ત્યાં હાનિ પામે છે. એટલે આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે.

'સર્વ મુનિઓને નમસ્કાર.' જ્ઞાનીઓ પણ સત્સંગની ભાવના ભાવે છે. એમાં પણ એમને ગુણ જ થાય છે. એમાં પણ એમને ગુણ થાય છે. કેમકે ગુણનો પ્રમોદ છે એની અંદર.

મુમુક્ષુ :- સત્સંગની ભાવના એકલા પુણ્ય પરિણામ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ એકલા પુણ્ય પરિણામ નથી. આત્મહિતના લક્ષે હોય તો દર્શનમોહની મંદતા અવશ્ય થાય. અનુભાગ ઘટે. એમ છે. લક્ષ બરાબર હોવું જોઈએ. આખું એનું મૂલ્યાંકન લક્ષ ઉપર છે. પોતાનું આત્મહિત કરવું એ લક્ષમાં રાખે છે. તો એને એ લક્ષને કારણે જે જે પ્રકારના પરિણામ ઉપાદાન આશ્રિત કે નિમિત્ત આશ્રિત આવે છે. એમાં દર્શનમોહની મંદતા થાય છે.

મુમુક્ષુ :- લક્ષ રાખવામાં પાત્રતા ઉત્પન્ન થઈ જાય એ તો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આત્મહિત કરવું છે એ જ પાત્રતા લાવે છે. આત્મહિતની ભાવના એ પાત્રતાને ઉત્પન્ન કરનારી છે.

'સર્વ મુનિઓને નમસ્કાર.' તમારી સાથેના બીજા મુનિઓ છે એમને પણ નમસ્કાર લખ્યા છે. એ 'લલ્લુજી' મુનિ ઉપરનો પત્ર છે. એમાં પોતાની દશાનો પણ ઉલ્લેખ કર્યો છે. 'ધન્ય આરાધના'માં આ બધા દશાના વચનો જુદાં પાડીને લેવાના છે.

પત્રાંક-૭૯૧

મુંબઈ, શ્રાવણ સુદ ૧૫, ગુરુ, ૧૯૫૩

દીર્ઘકાળની જેની સ્થિતિ છે, તને અલ્પકાળની સ્થિતિમાં આણી,
જેમણે કર્મક્ષય કર્યો છે, તે મહાત્માઓને નમસ્કાર.
સદ્વર્તન, સદ્ગ્રંથ અને સત્સમાગમમાં પ્રમાદ કર્તવ્ય નથી.

પત્રાંક-૭૯૧. 'અંબાલાલભાઈ' ઉપરનું પોસ્ટકાર્ડ છે. **'દીર્ઘકાળની જેની સ્થિતિ છે, તેને અલ્પકાળની સ્થિતિમાં આણી, જેમણે કર્મ ક્ષય કર્યો છે, તે મહાત્માઓને નમસ્કાર.'** ભાવના તો પોતાની છે. જે કર્મોની દીર્ઘકાળની સ્થિતિ છે. એને અલ્પકાળમાં પોતે લાવવાના પુરુષાર્થમાં વર્તી રહ્યા છે. જે જે મહાત્માઓ તેવું કાર્ય કરે છે, કાર્ય કર્યું છે એ બધાઓને હું નમસ્કાર કરું છું. આવું બને છે. બધા કર્મો એકસાથે

ક્ષય નથી થતાં. ઉદયમાં આવેલા ક્ષય થાય છે અને એ વખતે જે સત્તામાં રહેલા હોય એ સમ્યક્ પ્રકારના પુરુષાર્થના નિમિત્તે અલ્પ સ્થિતિમાં આવી જાય છે. દીર્ઘ સ્થિતિમાં હોય તે અલ્પસ્થિતિમાં આવી જાય છે અને એ રીતે મોક્ષમાર્ગી ધર્માત્માનો સંસાર ટૂંકો થતો જાય છે, અલ્પકાલીન થતો જાય છે. દીર્ઘકાળ રહેતો નથી. દીર્ઘકાળની સ્થિતિના બાંધ્યા હોય એમાં પણ ફેરફાર થઈ જાય છે. એટલું વર્તમાનમાં કાર્ય થાય છે. નવા આવે નહિ અને જૂનામાં ફેરફાર કરે. એકસાથે બે બાજુ કામ કરે છે. એક પરિણામ એકસાથે બે બાજુ ડબલ નફો કરે છે આ વેપારમાં ડબલ નફો છે. નવું નુકસાન નહિ અને જૂનું નુકસાન છે એમાં નફો ભળે છે. એમ છે. નુકસાન ઘટતું જાય છે. અત્યાર સુધી અનંતકાળથી નુકસાનીનો વેપાર કર્યો છે.

મથાળામાં તો પોતાની ભાવના ભાવી છે. ઉપરના પત્રોમાં એ વાત લીધી છે ને ? કે અમે એને અલ્પકાળમાં વેદાવીએ છીએ. એવું જેમણે જેમણે કર્યું છે એ બધાને અમે તો નમસ્કાર કરીએ છીએ. '**સદ્વર્તન, સદ્ગ્રંથ અને સત્સમાગમમાં પ્રમાદ કર્તવ્ય નથી.**' સદ્વર્તન એટલે વ્યવહાર. વ્યવહારમાં સદાચરણ એ તત્ત્વ પામવા માટેની મુખ્ય ભૂમિકા છે. સદાચરણ છે એ મુમુક્ષુજીવને સહેજે સહેજે સરળતાપૂર્વક હોવું જોઈએ. સદ્ગ્રંથ જે જ્ઞાની ધર્માત્માઓની રચનાઓ છે અને સત્સમાગમ એ ત્રણના કાર્યમાં ક્યાંય પ્રમાદ કર્તવ્ય નથી.

સત્સમાગમમાં પણ પ્રમાદ ન કરવો, વાંચનમાં પણ પ્રમાદ ન કરવો. આત્માનું કલ્યાણ કરવાની કોઈ પ્રવૃત્તિ કરવી હોય તો એમાં પ્રમાદ કરવા યોગ્ય નથી. કેમકે એ તો પુરુષાર્થ પ્રધાન માર્ગ છે. જ્યાં પુરુષાર્થની પ્રધાનતા છે ત્યાં પ્રમાદ વિરુદ્ધ પરિણામ છે. એમાં ક્યાંય પ્રમાદ કરવા યોગ્ય નથી. પ્રમાદમાં કોઈવાર એવું લાગે કે કષાયની મંદતા છે. તીવ્રતા તો નથી ને. તીવ્ર કષાય તો આપણે નથી કરતા ને ? અને એ પ્રમાદના પરિણામમાં કષાયનો ભારેલો અગ્નિ છે એમ લેવું. દેખાતો ન હોય તો પણ. ભારેલો અગ્નિ ન દેખાય એટલે અગ્નિ નથી ? એ ભારેલો અગ્નિ છે એમ સમજવું. એ પ્રમાદનો કષાય જરા વિચિત્ર પ્રકારનો છે.

જેમ ઘરમાં કોઈ ચોર ચોરી કરી જાય અને માણસ ઊંઘતો રહી જાય અને એની સંપત્તિ લૂંટાઈ જાય. એ આ પ્રમાદ ચોર છે એવો. પ્રમાદ છે એ ચોર છે. ખબર ન પડે. પોતાના ગુણરત્નને ચોરે છે. એ 'અનુભવપ્રકાશ'માં લખ્યું છે. પ્રમાદ ચોર છે અને જીવના ગુણરત્નને ચોરે છે. ચોર છે એટલે ખબર ન પડે એને કે આ ચારેય ગયું એમ. આમ માણસ વિચાર કરે. આપણે પુરુષાર્થ કરવો છે પણ થતો નથી. પણ ક્યાં ક્યાં કેટલો પ્રમાદ કર્યો છે એનો હિસાબ તો એની પાસે છે નહિ. હિસાબ રાખ્યો નથી.

એટલો પ્રમાદ કરી રહ્યો છે અને કર્યો છે અને પરિણામ હિનસત્ત્વ થયા છે, નબળા પડી ગયા છે એ જોર ક્યાંથી કરશે ? એટલે આ ત્રણ કાર્યમાં પ્રમાદ કરવા યોગ્ય નથી.

'અંબાલાલભાઈ'ને એ શિખામણ આપી છે. જુઓ ! એ પાત્રજીવ છે છતાં પણ પોસ્ટકાર્ડમાં એક જ લીટી લખી. ઉપરનું મથાળું બાંધીને ખાલી એક લીટી લખી. બહુ વિચિક્ષણતા છે એમનામાં. જગ્યા રહી જાય પોસ્ટકાર્ડમાં એટલે કાંઈક ને કાંઈક લખવું એમ નથી. પણ સામા જીવને વર્તમાન યોગ્યતા અનુસાર અત્યારે એને શું કહેવું જોઈએ એટલું કહી દે. મુદ્દાની વાત. એટલે એનું ધ્યાન બીજે જાય નહિ. બીજી બીજી વાત ઉપર ન જાય. મુખ્ય વાત એક હોય અને પાછળ ત્રણ વાત ગૌણ હોય અને કાગળમાં જગ્યા હોય તો ચારે ચાર વાત લાવો લખી નાખીએ એ પ્રકાર નથી રાખ્યો એમણે. આ વિચિક્ષણતા છે. બીજે ક્યાંય એ વખતે એનું ધ્યાન દોરાય નહિ. જે પોતાને કહેવું છે એના એક ઉપર એનું લક્ષ જાય. તો એક જ લીટી લખે. બીજી લીટી ન લખે. Treatment કેવી આપે છે ! ડો. ઘણીવાર કહે ને દવા બંધ કરી દ્યો. દવા ચાલુ રાખવામાં પણ તંદુરસ્તીનું કારણ છે અને બંધ કરવામાં પણ તંદુરસ્તીનું કારણ છે. એ 'અંબાલાલભાઈ'ને લક્ષ ઉપર વાત મૂકી છે એ વિષયમાં. અને મુમુક્ષુજીવ માટે, કોઈપણ મુમુક્ષુ જીવ માટે આ વિષય, આ વાત લાગુ પડે છે.

પત્રાંક-૭૯૨

મુંબઈ, શ્રાવણ સુદ ૧૫, ગુરુ, ૧૯૫૩

બે પત્ર મળ્યાં છે. 'મોક્ષમાર્ગપ્રકાશ' નામે ગ્રંથ આજે ટપાલ દ્વારા મોકલાવ્યો છે તે મુમુક્ષુ જીવે વિચારવા યોગ્ય છે. અવકાશ મેળવી પ્રથમ શ્રી લલ્લુજી અને દેવકીર્ણજીએ સંપૂર્ણ વાંચીને, મનન કરીને પછી કેટલાક પ્રસંગો બીજા મુનિઓને શ્રવણ કરાવવા યોગ્ય છે.

શ્રી દેવકીર્ણમુનિએ બે પ્રશ્નો લખ્યાં છે તેનો ઉત્તર ઘણું કરીને હવેના પત્રમાં લખીશું.

'મોક્ષમાર્ગપ્રકાશ' અવલોકન કરતાં કોઈ વિચારમાં મતાંતર જેવું લાગે તો નહીં મૂંઝાતાં તે સ્થળે વધારે મનન કરવું, અથવા સત્સમાગમને યોગ તે સ્થળ સમજવું યોગ્ય છે.

પરમોત્કૃષ્ટ સંયમમાં સ્થિતિની તો વાત દૂર રહી. પણ તેના સ્વરૂપનો વિચાર થવો પણ વિકટ છે.

૭૯૨. મુનિશ્રી 'લલ્લુજી' ઉપરનો પત્ર છે. **'બે પત્ર મળ્યાં છે. 'મોક્ષમાર્ગપ્રકાશ' નામે ગ્રંથ આજે ટપાલ દ્વારા મોકલાવ્યો છે તે મુમુક્ષુ જીવે વિચારવા યોગ્ય છે.'** લ્યો ઠીક ! ચોખ્ખો અભિપ્રાય આપ્યો ? પોતે મોકલ્યો છે. પોસ્ટથી 'લલ્લુજી'ને પોતે 'મોક્ષમાર્ગપ્રકાશક' મોકલ્યું છે. અને સાથે સાથે અભિપ્રાય આપ્યો છે કે મુમુક્ષુજીવે તે વિચારવા યોગ્ય છે. આ વીસમાં નામ છે કે નહિ ? વીસ શાસ્ત્રના નામ લખ્યા છે. કેટલામા પાને છે ? સત્શ્રુતનું List કર્યું છે.

મુમુક્ષુ :- ૬૬૯

પૂજ્ય ભાઈશ્રી :- ૬૬૯. છે ? ૭મું 'મોક્ષમાર્ગપ્રકાશક'. સત્શ્રુતનું List બનાવ્યું છે. **'ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે.'** શરત મૂકી છે, હોં ! પુસ્તક વાંચે અને ખાવા બેસે ત્યારે પાછો રસ લેવામાં જરાય અવલોકન ન રહે. કેટલો રસ લેવાય છે એમ નહિ. ઈન્દ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક ઉપરનું સત્શ્રુત સેવવા યોગ્ય છે. **'એ ફળ અલૌકિક છે, અમૃત છે.'** લ્યો ! 'નિયમસાર' એ વખતે એમના ખ્યાલમાં નથી. એમના હાથમાં નથી આવ્યું ને ? એમને ખબર નથી 'નિયમસાર'નું પ્રકાશન છે એ. 'સમયસાર', 'પ્રવચનસાર', 'પંચાસ્તિકાય' અને 'અષ્ટપાહુડ' એ ચાર આવ્યા છે. 'રયણસાર' પણ આવી ગયું છે.

મુમુક્ષુ :- 'નિયમસાર' નથી આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં સત્શ્રુતમાં નથી લખ્યું. કારણ કે એમને ખબર નથી. નહિતર તો ગમે ત્યાંથી મેળવીને વાંચે. એ પુસ્તક એમના હાથમાં જ નથી આવ્યું. એ કૃતિ જ એમના ખ્યાલમાં ઘણું કરીને નથી આવી. આ 'ક્રિયાકોષ'ને એ બધું પ્રકાશન કર્યું છે ને ? એ સત્શ્રુતને હિસાબે જ પ્રકાશન કર્યું છે 'ક્રિયાકોષ'.

મુમુક્ષુ :- 'ક્રિયાકોષ' ...

પૂજ્ય ભાઈશ્રી :- 'અગાસ'થી પ્રસિદ્ધ થયું છે. જોયું છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર...

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબર છે. દિગંબર શાસ્ત્ર છે. આમાં એક જ શ્વેતાંબર શાસ્ત્ર છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય' જે છે એ એક જ ... 'યોગદૃષ્ટિ સમુચ્ચય' છે એ 'હરિભદ્રાચાર્ય'નું છે. અને 'હરિભદ્રાચાર્ય' જ્યારે થયા ત્યારે એના મૂળ સિદ્ધાંતો ... પરંપરાએ ધારણામાં રહી ગયા શ્વેતાંબરમાં પણ જેમ કે આચારંગનું પહેલું વચન છે. જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. તો એ મૂળ વચન છે. ભગવાનનું એ મૂળ વચન છે. તો અમુક વાત તો મૂળ રહી જાય ને ? ફેરફાર થઈ હોય, અમુક મૂળ રહી જાય. એમાં જે 'યોગદૃષ્ટિ સમુચ્ચય' છે એમાં એમનો પણ સ્વરૂપદૃષ્ટિ વિષયનો અધ્યાત્મનો

વિષય લીધો હોય એવું લાગે છે. આપણે નથી વાંચ્યું. એ 'યશોવિજયજી'ને આઠ દૃષ્ટિની સજ્ઝાય 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ઉપરથી લખાયેલી છે. બહુ પ્રસિદ્ધ છે. આઠ દૃષ્ટિની સજ્ઝાય 'યશોવિજયજી'ની. એ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' .. બહુ પ્રમાણિત ગ્રંથ છે. એક 'હરિભદ્રાચાર્ય'નો છે બાકી બધા દિગંબર શાસ્ત્ર છે.

મુમુક્ષુ :- ... 'ગુરુદેવશ્રી' એ જે લિસ્ટ આપ્યું છે... એમાં શ્વેતાંબર શાસ્ત્ર એકેય નથી...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ? એકેય નથી એમ કોણે કહ્યું ? 'ગુરુદેવ'ના પ્રવચનમાં ? હા. નથી. પણ આ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' છે એ ...

મુમુક્ષુ :- મૂળ ૩૨ છે. એવા જે શાસ્ત્રો ગણાતા હશે એમાં કદાચ આ નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા એમાં નથી. આ મૂળ આગમ નથી. આ તો 'હરિભદ્રાચાર્ય'ની રચના છે.

મુમુક્ષુ :- મૂળ રચનામાંથી નથી લેતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં એકેય નથી લીધા. જે ૪૫ છે એમાંથી એકેય નથી લીધા. સત્શ્રુતમાં ૪૫માંથી એકેય નથી લીધા. હવે એ લોકો પણ વિચાર નથી કરતા. જે સંપ્રદાયનો પાયો તો એ ૪૫ છે ને ? તો સત્શ્રુત હોય તો નથી લેતા. વિચાર કરવો જોઈએ ને ? આમ કેમ કીધું હશે ? આમ કેમ કર્યું હશે ? એક બાજુ મુમુક્ષુને એ કહે છે કે 'યોગવાસિષ્ઠ' તમે વાંચો. 'ઉત્તરાધ્યયન' વાંચો. સંપ્રદાયબુદ્ધિ મુખ્ય કરીને નહિ, સંપ્રદાયબુદ્ધિને ગૌણ કરીને. એમ આશય છે. એની અંદર એ વાત છે. સંપ્રદાયબુદ્ધિને ગૌણ કરીને.

જૈનના શાસ્ત્રો વાંચવાનું અમે કહીએ ત્યારે જૈન થવા માટે કહેતા નથી. ઠીક ! અને અન્યના શાસ્ત્રો વાંચવાનું કહીએ ત્યારે અન્યમતિ થવા અમે કહેતા નથી. અન્યમતિ થવા માટે ન કહે તો બરાબર છે. પણ જૈન થવા માટે કેમ નથી કહેતા ? એમ વિચાર થાય કે નહિ ? તો એમાં સંપ્રદાયબુદ્ધિનો નિષેધ છે. એમ કહેવું છે. ન સમજે તો ગડબડ થાય. 'ધર્મદાસજી ક્ષુલ્લક' મૂળ દિગંબર છે. તો કહે હું વિષ્ણુ નથી, બૌદ્ધ નથી, શ્વેતાંબર નથી અને દિગંબર પણ નથી. એમ લીધું છે. અને જૈન પણ નથી. બધા શબ્દો લઈ લીધા છે. શ્વેતાંબર, દિગંબર અને જૈન બધાનો નિષેધ છે. એમાં જૈનત્વનો નિષેધ જ નથી. સંપ્રદાયબુદ્ધિનો નિષેધ છે એમ સમજવા યોગ્ય છે. આ ચર્ચા 'જામનગર'માં વધારે ચાલી સ્વપરપ્રકાશક પર જણાતું નથી, એ વિષય છે ને ? જ્ઞેય-જ્ઞાયક સંકર દોષનો નિષેધ છે. કુદરતી ૩૧ ગાથા એમણે લેવડાવી પાછી. સાંજે ૩૧ ગાથા લીધી. ૩૧ ગાથામાં જ્ઞેય-જ્ઞાયક સંકર દોષનો નિષેધ છે. એટલે વિષય પણ

Agenda ઉપર હતો. એ વિષયને અનુસરીને પણ ચાલે અને પછી તો ચર્ચા વિશેષ લીધેલી. છેલ્લે દિવસે દોઢ કલાક ચર્ચાનો ઉમેર્યો. સવારે અડધો કલાક, પોણો કલાક સાંજે.

સર્વથા પર ન જણાય તો પર્યાય નહિ જણાય. કેમકે પર્યાય છે એ અધ્યાત્મમાર્ગ સર્વથા પર ન જણાય તો રાગ સાથેનો નિષેધરૂપ, વિધિનિષેધરૂપ ભેદજ્ઞાનનો પ્રયોગ ન થાય. જે પ્રયોગ છે. રાગ તે હું નહિ અને જ્ઞાન તે હું. રાગ અને જ્ઞાન વખતે જે ભેદજ્ઞાન કરવાનું શાસ્ત્રમાં વિધાન છે. 'સમયસાર'માં તો મુખ્યપણે વાત છે. રાગ જણાતો જ ન હોય તો ભેદજ્ઞાન કેવી રીતે કરશો ? અને નિષેધ કેવી રીતે કરે ? સર્વથા એ વાત એવી રીતે નથી. ચર્ચા ખૂબ ચાલી હતી.

શું કહે છે ? **'બે પત્ર મળ્યાં છે. 'મોક્ષમાર્ગપ્રકાશ' નામે ગ્રંથ આજે ટપાલ દ્વારા મોકલાવ્યો છે તે મુમુક્ષુજીવે વિચારવા યોગ્ય છે. અવકાશ મેળવી પ્રથમ શ્રી લલ્લુજી અને દેવકીર્ણજીએ સંપર્ણ વાંચીને, મનન કરીને પછી કેટલાંક પ્રસંગો બીજા મુનિઓને શ્રવણ કરાવવા યોગ્ય છે.'** વાંચવા યોગ્ય ન લીધું. શ્રવણ કરાવજો એમ કહ્યું. સંભળાવજો એમને. 'લલ્લુજી' અને 'દેવકીર્ણજી' એ એનું અધ્યયન કરી અને બીજા મુનિઓને સંભળાવવા. સીધુ વાંચશે તો એને નહિ મેળ પડે. તો એને સમજાવજો. સંભળાવો ત્યારે સમજાવવું પડે, ખુલાસા આપવા પડે. પહેલાં તમે અધ્યયન કરી લેજો એટલે તમે બીજાને સંભળાવતી વખતે ખુલાસા કરી શકો, સ્પષ્ટીકરણ આપી શકો.

'શ્રી દેવકીર્ણમુનિએ બે પ્રશ્નો લખ્યાં છે તેનો ઉત્તર ઘણું કરીને હવેના પત્રમાં લખીશું. 'મોક્ષમાર્ગપ્રકાશ' અવલોકન કરતાં કોઈ વિચારમાં મતાંતર જેવું લાગે તો નહીં મૂંઝાતા તે સ્થળે વધારે મનન કરવું, અથવા સત્સમાગમને યોગે તે સ્થળ સમજવું યોગ્ય છે.' ચોખ્ખી વાત કરી નાખીને ? કે આ ગ્રંથ એવો છે કે એ વાંચતા તમને કાંઈક મતાંતર જેવું લાગવાનો સંભવ છે. ધ્યાનથી વાંચે તો બહુ ચોખ્ખી વાત છે. કે તમને કદાચ ત્યાં બીજા સંપ્રદાયોનો નિષેધ કર્યો છે. એ સંપ્રદાયો ગૃહીત મિથ્યાત્વમાં, અન્ય સંપ્રદાય અજૈનના સંપ્રદાયો છે એમાં સ્થાનકવાસી, શ્વેતાંબર બેય લઈ લીધા છે. એ બેને પાંચમા અધિકારમાં બધા લઈ લીધા છે. અન્યમતમાં પાંચમાં અધિકારમાં બધા લઈ લીધા. વૈષ્ણવમતને વેદાંતની સાથે સાથે એને પણ લીધા છે. ત્યારે તમને મતાંતર જેવું લાગે કે આમાં કંઈક બીજો મત છે. આ લખનારનો મત કાંઈક આમાં બીજો લાગે છે. આપણો મત આવો નથી. એવું મતાંતર જેવું લાગે તો મૂંઝાશો નહિ. ત્યાં તમે નિષેધ ન કરતા એમ કહે છે. આ લખનારને ખબર નથી પડતી,

લખનાર ભૂલ્યા છે, એની ભૂલ થઈ છે એમ વિચાર કરશો નહિ.

જોકે એમણે એટલા માટે લખ્યું છે કે જ્યારે 'કૃપાળુદેવ' પોતે જ એ ગ્રંથ મોકલે છે. મુમુક્ષુજીવે વિચારવા યોગ્ય છે એ જ્યારે ભલામણ કરે છે ત્યારે એ નહિ વાંચવા યોગ્ય છે અને ભૂલવાની વાત છે એ તો રહેતી નથી. હવે ભૂલ નથી છતાં મતાંતર લાગે તો મૂંઝાવું પડે. તો કહે મૂંઝાતા નહિ તમે. જરાક વધારે વિચાર કરજો, વધારે મનન કરજો. અને છતાં તમારી મૂંઝવણ ન મટે તો સત્સમાગમમાં પ્રત્યક્ષ યોગે એ વાત છે, એ સ્થળ છે જ્યાં તમને મૂંઝવણ થતી હોય એટલે તમારે સમજી જવું. પણ નિષેધ કરવાની વાત તો રહેતી નથી. ... હવે પછી ૮૩૧ આવશે એના કરતા પહેલાં આવી ગયું. એમાં પોતે વ્યક્તિગત રીતે લખ્યું છે ને ? એનું .. નહોતું કરવા જેવું એમ કરીને લખ્યું છે. એ ઓલાને માટે લખ્યું છે. વ્યક્તિગત. નહિતર આ વાત પોતાની અને પોતાની વાતને કાપવા જેવી થઈ જાય ને ? એવું તો કાંઈ કરે નહિ. એ વ્યક્તિગત વાત છે.

'પરમોત્કૃષ્ટ સંયમમાં સ્થિતિની તો વાત દૂર રહી. પણ તેના સ્વરૂપનો વિચાર થવો પણ વિકટ છે.' એ કાંઈક લખ્યું હશે. પરમોત્કૃષ્ટ સંયમનું જે પહેલું પોસ્ટ કાર્ડ જે શ્રાવણ સુદ ૩નું ૭૯૦મું છે. એની સામે કાંઈક ઉત્તર લખ્યા છે. બે પત્રો મળ્યા છે. એમાં પરમ ઉત્કૃષ્ટ સંયમના સ્તુતિની કાંઈક પોતે પણ ભાવના ભાવી હશે તો કહે છે એ વાત તો હજી બહુ દૂર છે. પરમોત્કૃષ્ટ સંયમ એટલે યથાખ્યાત ચારિત્ર. પણ એના સ્વરૂપનો વિચાર આવવો પણ મુશ્કેલ છે. સ્વરૂપસ્થિરતા મુનિઓની કેવી હોય ? એ પણ સાધારણ પ્રાણીને ન સમજાય એવી વાત છે.

આજે શેત્રુંજય પર્વત ઉપર આખા શરીર સળગેને ? જ્યારે એમને હાથમાં, પગમાં, ગળામાં બધા સળગતા દાગીના નાખ્યા હતા. દાગીના એટલે સળગતા અલંકારો પહેરાવ્યા એનો અર્થ કે આખા શરીરે આગ ચાંપી. એક આંગળી દાઝેને તો સમજણ પડે કે કેટલી વેદના થાય છે. આખા શરીરે આગ લાગી છે ત્યારે એ પોતે શુક્લધ્યાનમાં ચડી જાય છે. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન. તો કહે છે એ સ્થિતિનો વિચાર દુર્લભ છે. એ સ્થિતિ પ્રાપ્તની વાત તો એકબાજુ રાખો. એનો વિચાર તો પહેલાં કરો કે આ સ્થિતિ કેવી હોય છે ! એને ઓળખો તો ખરા. પહેલાં ઓળખવાની વાત કરી છે. ઓલાએ અનુભવની વાત લખી હશે. તો કહે છે હજી તો ઓળખવાની જરૂર છે. આમાંથી શું સિદ્ધાંત નીકળે છે ?

અનુભવની વાત સારી છે, ઊંચી છે. સારી છે એટલે ઉચ્ચ કોટીની છે. પણ ઓળખાણ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી એ અનુભવની વાત કેવી રીતે કામમાં

આવવાની હતી ? પહેલાં એમ કહે છે, એ વાત તો દૂર રહી. એના સ્વરૂપનો પહેલા વિચાર થવો, એની ઓળખાણ થવી એ જરૂરી છે. એ વિકટ છે પણ પહેલાં તે જરૂરી છે. આમ છે, લ્યો ઠીક !

'પૂજ્ય બહેનશ્રી'એ એ વધારે લીધું. વચનામૃતમાં ઓળખવાનો વિષય કેટલા ઠેકાણે આવે છે ? સોએક ઠેકાણે આવે છે. ૪૩૨ વચનામૃત છે. તેમાં સોએક વચનામૃતમાં આત્માને ઓળખવાની વાત જુદી જુદી રીતે. આવે છે. ઓળખ્યા વિના અનુભવ કેવી રીતે થવાનો હતો ? નિર્ણય વગર અનુભવ થાય ? નિશ્ચય વગર થાય નહિ. એટલે એ પણ જ્ઞાનદશા સમજાય તો મુનિદશા સમજાય તો સર્વજ્ઞદશા સમજાય તો બધી અધ્યાત્મિકદશા સમજાય. કેમકે જાતિ એક છે માટે. એક જાતિ હોવાને લીધે એની ઓળખાણ થાય. અને તો આત્મા પણ ઓળખાય. આત્મા ઓળખાય એને બધું ઓળખાય.

એટલે હજી તો ઓળખવાની વાત ચાલે છે તમારે. એમ કહે છે. 'લલ્લુજી' મુનિને શું કહે છે ? હજી તો તમારે ઓળખવાની વાત ચાલે છે. અનુભવની વાત બહુ આગળ છે અને સંયમની વાત બહુ આગળ છે. આ તો મુનિવેશમાં છે ને ? મુનિવેશમાં છે એટલે એમ માની લે કે અમે સંયમ પાળીએ છીએ, ઉત્કૃષ્ટ સંયમ અમે પાળીએ છીએ. તો કહે એના સ્વરૂપનો વિચાર કરવો એ પણ હજી તો વિકટ છે. તમારા માટે તો એ પણ અઘરી વાત છે એમ કહે છે. ઓળખાણ કરો, પહેલાં ઓળખાણ કરવાની વાત છે. કેવી ગંભીર વાત મૂકી છે !

આ તો વાત તો કોઈપણ જગ્યાએ કોઈપણ રીતે આવે. પણ સિદ્ધાંતિક રીતે મુમુક્ષુજીવે એનો વિચાર કરવા યોગ્ય છે. સત્શાસ્ત્રમાં તો સિદ્ધપદથી માંડીને, કેવળજ્ઞાનથી માંડીને શુક્લધ્યાનની પણ વાતો આવવાની, મુનિદશાની પણ વાત આવવાની, સ્વાનુભવની પણ વાત આવવાની. અને આત્માની પણ એવી વાત આવવાની કે ક્ષાયિક પર્યાય પણ પરદ્રવ્ય ને હેય છે. એ તો ભાવના ભાવી છે 'કુંદકુંદાચાર્યે'. 'નિયમસાર' ગ્રંથ છે, એની ભાવના ભાવી છે. ૩૮ ગાથામાં આ છે. 'નિયમસાર' સવારે ૩૮ ગાથા. ચાલતી હતી 'જામનગર'માં.

મુમુક્ષુ :- સાંજે ૩૧ ગાથા.

પૂજ્ય ભાઈશ્રી :- સાંજે ૩૧ ગાથા 'સમયસાર'ની. સવારે ૩૮ ગાથા 'નિયમસાર'ની. આખો 'નિયમસાર' ગ્રંથ ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' નિજસ્વરૂપની ભાવના અર્થે લખ્યો છે. 'કુંદકુંદ' ભગવાન જેવા મહાન આચાર્ય પોતાના સ્વરૂપની ભાવના કેવી રીતે અને કેવી ઉત્કૃષ્ટ પ્રકારથી ભાવતા હતા તેનું મૂર્તિમંત સ્વરૂપ એટલે

'નિયમસાર' પરમાગમ. એવી વાતો આવે છે આમાં. એકલી સ્વરૂપની પારિણામિકભાવની જ ભાવના ભાવી છે. .. પરદ્રવ્ય છે, કેવળજ્ઞાન પરદ્રવ્ય છે, ક્ષાયિકભાવ પરદ્રવ્ય છે. પણ ઓળખાણપૂર્વક વાત છે એ તો. પહેલી તો એણે ઓળખાણ કરવી જોઈએ. વાત સારી છે, વાત ઊંચી છે. એમાં કોઈ શંકા નથી. પણ પહેલા સ્વરૂપની ઓળખાણ વિચારદશામાં થવી જોઈએ. તો એ બધી વાતોમાં જે ભાવ ભર્યા છે એ ભાવનો આવિર્ભાવ થવાનો પ્રસંગ આવે. નહિતર ઓઘસંજ્ઞામાં યથાર્થ પ્રકારે અધ્યાત્મ ભાવોનો આવિર્ભાવ થઈ શકતો નથી. એની ઓઘસંજ્ઞા તીવ્ર થાય એટલે ક્યાંક કલ્પના પણ થવાની શક્યતા રહેલી છે. એમ વિચારવું. ક્રમ છે ને ? ક્રમ તૂટી જાય છે. પહેલા ઓળખાણ ન થાય તો ક્રમ ભંગ થઈ જાય છે અથવા ક્રમ વિપર્યાસ થાય છે. તેથી પણ સાધ્યની સિદ્ધિ થતી નથી. એમ છે ખરેખર. એમાં સંકેત છે. ક્રમનો સંકેત છે આમાં. ૭૯૨ થયો.

પત્રાંક-૭૯૩

મુંબઈ, શ્રાવણ સુદ ૧૫, ગુરુ, ૧૯૫૩

'સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે ?' એ આદિ પ્રશ્નો લખ્યાં. એ પ્રશ્નોના હેતુ વિચારવાથી જણાવા યોગ્ય છે કે પ્રથમ પ્રશ્નમાં કોઈ એક દૃષ્ટાંત ગ્રહણ કરી જીવે શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવું છે. મતિના અસ્થિરપણાથી જીવ પરિણામનો વિચાર કરી નથી શકતો. શ્રેણિકાદિના સંબંધમાં કોઈ એક સ્થળે એવી વાત કોઈ એક ગ્રંથમાં જણાવી છે; પણ તે કોઈએ પ્રવૃત્તિ કરવા અર્થે જણાવી નથી, તેમ એ વાત યથાર્થ એમ જ છે, તેમ પણ નથી. સમ્યગ્દૃષ્ટિ પુરુષને અલ્પમાત્ર વ્રત નથી હોતું તોપણ સમ્યગ્દર્શન આવ્યા પછી ન વમે તો વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ પામે, એવું સમ્યગ્દર્શનનું બળ છે, એવા હેતુએ દર્શાવેલી વાતને બીજા રૂપમાં લઈ ન જવી. સત્પુરુષની વાણી વિષય અને કષાયના અનુમોદનથી અથવા રાગદ્વેષના પોષણથી રહિત હોય છે, એવો નિશ્ચય રાખવો, અને ગમે તેવે પ્રસંગે તે જ દૃષ્ટિથી અર્થ કરવો યોગ્ય છે.

શ્રી ડુંગર આદિ મુમુક્ષુને યથા. હાલ ડુંગર કંઈ વાંચે છે ? તે લખશો.

૭૯૩. એ 'ત્રંબકભાઈ' ઉપરનો પત્ર છે. દેહાંત પછી તરત આવ્યા છે. જેઠ મહિનામાં ૧૦મે દેહાંત થયો છે ને ? અષાઢમાં આવ્યો, આ શ્રાવણમાં એક પત્ર લખે

છે. **'સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે ? એ આદિ પ્રશ્નો લખ્યાં. એ પ્રશ્નોના હેતુ વિચારવાથી જણાવા યોગ્ય છે કે પ્રથમ પ્રશ્નમાં કોઈ એક દૃષ્ટાંત ગ્રહણ કરી જીવે શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવું છે.'** બહુ સરસ વાત લખી છે. આ પ્રશ્ન આપણા મુમુક્ષુ સમાજમાં પણ ક્યારેક ક્યારેક ... **'સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે ?'** હું ૩૯માં 'કલકતા' આવ્યો ત્યારે એ પ્રશ્ન બહુ ચર્ચાણો હતો. એ .. નહોતો. એ પછી ત્યાં જમવા ગયા ત્યાં બે-ત્રણ જણાને આમંત્રિત કર્યા હતા. દિગંબરભાઈઓ હતા. એ આ બહુ પ્રશ્ન ચર્ચા કરતા હતા. ઘણી ચર્ચા કરી. ...

'સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે ? એ આદિ પ્રશ્નો લખ્યાં. એ પ્રશ્નોના હેતુ વિચારવાથી જણાવા યોગ્ય છે...' પ્રશ્ન વિચારવાથી ન કહ્યું. એ પ્રશ્નનો હેતુ વિચારવામાં આવે એટલે કે આ પ્રશ્ન પાછળ હેતુ એ હોવો જોઈએ કે જે મુમુક્ષુને પરિપૂર્ણ શુદ્ધ થવું છે, પરિપૂર્ણ નિર્દોષતા જોઈએ છે. એણે આ પ્રશ્ન કરવો જોઈએ. અને એ પ્રશ્ન કરનારે કદાચ કોઈ સમ્યગ્દૃષ્ટિનો અભક્ષ્ય આહારનો કોઈ દૃષ્ટાંત અમને મળે તો એ દૃષ્ટાંત એણે ગ્રહણ ન કરવો કે જુઓ ! સમ્યગ્દૃષ્ટિ પણ આવો આહાર લેતા હતા. એમ કરવા જતા શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવું છે. નુકસાન થાશે તમને.

કોઈનું અવલંબન ચારિત્રમોહના દોષનું લેવું નહિ. જે પણ જ્ઞાની મુનિ હોય, ધર્માત્મા હોય, કદાચ એનો ચારિત્રદોષ ક્યાંય પણ પ્રસિદ્ધ થયો હોય તોપણ તે બીજાએ અવલંબન લેવા યોગ્ય નથી. અથવા જે ધર્માત્મા પુણ્યવંત છે અને પુણ્યના ઉદયથી જેને સંસારના સંયોગો વૈભવ વિલાસવાળા દેખાતા હોય તો તેનું પણ અવલંબન લેવા યોગ્ય નથી. એક પત્રમાં આવી ગયું છે. ચક્રવર્તી સમ્યગ્દૃષ્ટિનું અવલંબન હું લેવા માગતો નથી. અને એ દૃષ્ટાંત તો એના શ્રદ્ધા-જ્ઞાનને બતાવવા માટે છે કે આવા મોહના નિમિત્તભૂત સંયોગો વચ્ચે પણ જેમણે પોતાના નિર્મોહિ શ્રદ્ધા-જ્ઞાનને એમ ને એમ સ્થિર રાખ્યું, વધાર્યું. સ્થિર રાખ્યું ઉપરાંત વધાર્યું. એ એમના અપૂર્વ પરાક્રમને, મહાન પરાક્રમને લક્ષમાં લેવા માટે એ દૃષ્ટાંત છે. એના ઉપભોગને અને વૈભવ વિલાસનું અવલંબન લેવા માટે એ દૃષ્ટાંત આપ્યું નથી. એટલે હેતુ વિચારવાનો છે.

કોઈપણ વાતમાં એનો દૃષ્ટિકોણ શું છે એ વિચારવાનું છે. વાત કહેવાનો દૃષ્ટિકોણ શું છે ? કેમકે સત્શાસ્ત્રમાં તો નિર્દોષતા, પવિત્રતા અને વીતરાગતા લાવવા માટે શાસ્ત્ર લખ્યું છે. કોઈને ઊંધે રસ્તે ચડાવવા શાસ્ત્ર નથી લખ્યું. તો કહે પણ છતાં આવું વાંચે ત્યારે ઊંધે રસ્તે ચડી જાય તો એવું શાસ્ત્ર શું કરવા રચવું જોઈએ ? આચાર્યદેવને નહિ ખબર પડતી હોય ? ભાઈ ! મુમુક્ષુ કરતા જે શાસન ઉપર જેનો વિશેષ વિચિક્ષણ

દૃષ્ટિપાત છે એણે શું કહેવું ? કેમ કહેવું ? કેવી રીતે કહેવું ? એ સામાન્ય મુમુક્ષુ કરતા એમને બહુ વિશાળ દૃષ્ટિનો વિષય હોય છે. અને એમાં પ્રાયઃ કોઈને નુકસાન થતું નથી. કોઈને થાય તો એ એની યોગ્યતાનો વિષય છે. એમાં શાસ્ત્રને કે કોઈ વાતને દોષ દેવા જેવું નથી. એમ છે.

મુમુક્ષુ :- આગળ દૃષ્ટાંત અભક્ષ્ય આહાર ...

પૂજ્ય ભાઈશ્રી :- જાણવાના વિષય છે. પણ સામાન્ય રીતે અત્યારના કાળમાં એ વાત ઊભી થાય. એલોપથિક દવા છે, બીજી દવા છે, બીજી દવા છે, એના ઉપરથી ... દૃષ્ટાંત ગ્રહણ કરીને શુદ્ધ પરિણામને હાનિ કરવા જેવું થાય એ દૃષ્ટિકોણથી કોઈ વાત વિચારમાં લેવી નહિ. એમ કહેવું છે. એ વખતે શ્રદ્ધા જ્ઞાનમાં શું છે એ નક્કી કરો ને.

'મતિના અસ્થિરપણાથી જીવ પરિણામનો વિચાર કરી નથી શકતો.' એના મતિનું ઠેકાણું નથી, બુદ્ધિનું ઠેકાણું નથી એટલે જીવ એ પોતાના પરિણામનું ફળ શું આવશે એનો વિચાર કરી શકતો નથી. વાત સાધારણ લાગે. વાત સાધારણ લાગે પણ એ સાધારણ વાતનું ફળ સાધારણ ઘણીવાર નથી હોતું. અસાધારણ હોય છે. સાધારણ નથી હોતું પણ અસાધારણ આવે છે. એટલે મતિના અસ્થિરપણાને લીધે અથવા જીવને અન્ય પદાર્થની અંદર સુખબુદ્ધિથી જે તારતમ્યતા વિશેષ વધી જાય છે, રસના પરિણામ જે તીવ્ર થાય છે એટલે એની મતિ છે એ યથાયોગ્ય વિચાર કરવા માટે સ્થિરતા ધારણ કરતી નથી. અસ્થિરતામાં આવી જાય છે. એ વાત વિશેષ વિચારવા જેવી છે. અહીં સુધી રાખીએ...

દેહાદિ પરદ્રવ્ય અને રાગાદિ પરભાવોની ભિન્નતા તત્વજ્ઞાનના અભ્યાસથી જીવને જાણવા મળે છે. યથાર્થ પારમાર્થિક દૃષ્ટિકોણના અભાવમાં જીવને પર પ્રત્યેનો રસ જો ચાલુ રહે છે, તો પરમાં ઉદાસીનતા આવતી નથી અને પરનું એકત્વ મટતુ નથી. જો 'નિજરસ'થી ભિન્નતા જાણે તો સહજ ઉદાસીનતાને પ્રાપ્ત થઈ, આત્મરસ વૃદ્ધિગત થઈ સ્વરૂપમાં એકત્વ થાય તેથી હિત સધાવાનો કે નહિ સધાવાનો આધાર જ્ઞાન ઉપરાંત રસ ઉપર આધારીત છે. તત્વના અભ્યાસી જીવને આ સમજવું પ્રયોજનભૂત છે. (અનુભવ સંજીવની-૧૮૭૧)

તા. ૩-૮-૧૯૯૨, પત્રાંક - ૭૯૩ થી ૭૯૭
પ્રવચન નં. ૩૯૩

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૭૯૩, પાનું-૬૦૯. શરૂઆત કરી હતી. ફરીથી લઈએ. 'ત્રંબકલાલભાઈ' 'સોભાગભાઈ'ના પુત્ર ઉપરનો આ પત્ર છે. **'સમ્યગ્દષ્ટિ અભક્ષ્ય આહાર કરે ?' એ આદિ પ્રશ્નો લખ્યાં.'** 'ત્રંબકભાઈ'એ એ પ્રશ્નો લખ્યા હશે. એમાં એક પ્રશ્ન દોહરાવ્યો છે કે સમ્યગ્દષ્ટિ અભક્ષ્ય આહાર કરે કે ન કરે ? **'એ પ્રશ્નોના હેતુ વિચારવાથી જણાવા યોગ્ય છે કે પ્રથમ પ્રશ્નમાં કોઈ એક દષ્ટાંત ગ્રહણ કરી જીવે શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવું છે.'** શું કહે છે ? સિદ્ધાંતિક વાત જુદી છે અને સિદ્ધાંતને મિથ્યાદષ્ટિ જીવ કઈ રીતે સમજે એ વાત જુદી છે. પરમાર્થ સૂક્ષ્મતા શું છે ? કે સિદ્ધાંતિક દષ્ટિએ સમ્યગ્દષ્ટિ દ્વારા કોઈ અભક્ષ્ય આહારનું ગ્રહણ થયું હોય તો સમ્યગ્દર્શન મટતું નથી, છૂટતું નથી. અભક્ષ્ય આહારનો અભિપ્રાય તો કોઈ મુમુક્ષુને પણ ન હોય, તો સમ્યગ્દષ્ટિને તો હોવાનો પ્રશ્ન જ નથી. અને તેથી મુમુક્ષુ પણ અભક્ષ્ય આહાર ન કરે તો સમ્યગ્દષ્ટિ પણ અભક્ષ્ય આહાર ન જ કરે. આ તો એક સામાન્ય બુદ્ધિથી સમજી શકાય એવો વિષય છે.

પણ પ્રથમ એટલે પહેલી વાત એ છે કે આ પ્રશ્નથી કોઈ એક દષ્ટાંત ગ્રહણ કરીને એટલે કોઈ એક વ્યક્તિ વિશેષનું દષ્ટાંત ગ્રહણ કરે કે જો સમ્યગ્દષ્ટિ અભક્ષ્ય આહાર ન કરતા હોય તો ફલાણા સમ્યગ્દષ્ટિએ ફલાણી વખતે ફલાણો આહાર ગ્રહણ કર્યો એનું શું ? એવું દષ્ટાંત ગ્રહણ કરીને. તો પછી અમને પણ વાંધો ન હોવો જોઈએ. એને વાંધો નથી તો બીજાને વાંધો હોવો ન જોઈએ. તમે એમ કહો કે એમને વાંધો નહિ. તો પછી બીજાને શા માટે વાંધો ? આ તો સિદ્ધાંતિક વાત થઈ ગઈ. તો કહે છે કે એવી રીતે દષ્ટાંત ગ્રહણ કરીને કે કોઈ વ્યક્તિનું આલંબન લઈને જીવે શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવી છે. એમાં તો પોતાને નુકસાન છે. એવી રીતે કોઈનો આધાર પકડાય નહિ. આમ કહેવું છે. જુઓ ! કેવી રીતે ઉત્તર આપે છે.

સિદ્ધાંત અપેક્ષાએ કરી શકાય પણ છતાં કરવું ન જોઈએ એમ ઉત્તર નથી દેતા. આ પ્રશ્નના ઉત્તરમાં કોઈપણ એક વ્યક્તિનું દષ્ટાંત ગ્રહણ કરીને, જો પહેલા તમે એક દષ્ટાંત ગ્રહણ કરો. પ્રથમ એટલે એના ઉપર તમારું વજન જાય એનું નામ પ્રથમ છે. પહેલા તો. એમ. જો પહેલા કરી શકે એમ હોય તો પછી કોઈને વાંધો આવવો જોઈએ નહિ. બધાને છૂટ રહેવી જોઈએ. એ તો શુદ્ધ પરિણામને હાનિ કરવા જેવું છે. આવી

ઘણી વાતો છે.

જેમકે શાસ્ત્રમાં કથાનુયોગમાં એ વાત આવે છે કે ચક્રવર્તીને આટલો વૈભવ હોય છે અને છતાં એ સમ્યગ્દૃષ્ટિ હોય છે. છન્નુંહજાર રાણીમાંથી કોઈપણ મરી જાય તો તરત જ માગા ઊભા હોય એમાંથી બીજા લગન કરી લે. અને હજારો રાણી હોય તો કોઈવાર તો ઉપરાઉપરી રોજ લગન કરવાના દિવસો આવે. કેમકે એને પુણ્યનો યોગ એવો છે કે કોઈ ઓછી સંખ્યા એને ન હોય. તો એ દૃષ્ટાંત ગ્રહણ કરીને એનું આલંબન લેવું છે ? શું કરવું છે ? એનાથી વિભાવને પોષવો છે ? રાગને પોષવો છે ? શું કરવું છે ? જો એ પોષણનો અભિપ્રાય થઈ જાય તો આખો અભિપ્રાય એટલો વિપરીત થાય કે જે પૂર્ણ શુદ્ધતાનો અભિપ્રાય છે એની વિરૂદ્ધ દોષ ગ્રહણનો અભિપ્રાય ઉત્પન્ન થાય. શું પરિસ્થિતિ થાય ? દોષને ગ્રહણ કરવા જોઈએ એવો અભિપ્રાય એમાંથી બંધાઈ જાય. માટે કોઈપણ વાતને કેવી રીતે ગ્રહણ કરવી ? આ પણ એક ગુરુગમનો વિષય છે. દરેકને પોતાની મેળે સમજાય એવો વિષય નથી. એક જ વાત હોય. કોઈ કોઈ દૃષ્ટિકોણથી એને મૂલવે છે, કોઈ બીજા દૃષ્ટિકોણથી એની ખતવણી કરે છે, કોઈ બીજા દૃષ્ટિકોણથી એનું મૂલ્યાંકન કરે છે. હવે એ સાચુ મૂલ્યાંકન ક્યું ? તો ત્યાં જે સમ્યક્ત્વ છે, સમ્યગ્દૃષ્ટિપણું છે અહીંયાં એની કિંમત છે. કોઈપણ વાતનું સાચું મૂલ્યાંકન થાય અને એ સાચું મૂલ્યાંકન થવા માટે સમ્યગ્દૃષ્ટિ પાસે ગુણ-દોષને યથાર્થપણે જાણવાની મધ્યસ્થતાવાળી મતિ અથવા બુદ્ધિ છે. માટે એનાથી ભૂલ નથી થાતી.

સમ્યગ્દૃષ્ટિના અભિપ્રાય ઉપર કેમ આધાર રાખવામાં આવે છે કે આ બાબતમાં જ્ઞાની શું કહે છે ? જ્ઞાની કહે છે એ આપણે સ્વીકારો. એ એટલા માટે એમના અભિપ્રાયને સ્વીકારવામાં આવે છે કે એમનામાં મધ્યસ્થતા છે. ગુણ-દોષને જોવાની મધ્યસ્થ દૃષ્ટિ છે. પક્ષપાત વિના એ ગુણને ગુણ તરીકે અને દોષને દોષ તરીકે જોઈ શકે છે. જ્યારે મધ્યસ્થતા ન હોય ત્યારે ગુણને દોષ જોવાય અને દોષને ગુણ જોવાય. કેમકે કેટલાક ગુણદોષનો વિષય જ એટલો પાતળી ભેદરેખાવાળો છે કે આ ગુણ છે કે દોષ છે એમાં માણસ ગોથું ખાય છે. આવી એક પરિસ્થિતિ પણ છે. એ ચર્ચા આપણે ઘણીવાર થાય છે કે આને ગુણ કહેવો કે આને દોષ કહેવો ? આની ભેદરેખા શું ? તો અહીંયાં જે સમતોલ જ્ઞાન છે-સંતુલન ગુમાવ્યા વગરનું જ્ઞાન છે, પક્ષપાત વગરનું જ્ઞાન છે, મધ્યસ્થ જ્ઞાન છે એનો અહીંયાં પરિણમવાનો અધિકાર એવો સુંદર છે કે એ યથાર્થ નિર્ણય લે છે. અયથાર્થ નિર્ણય નથી લેતો. આ એક વિશેષતા છે સમ્યગ્જ્ઞાનની.

મુમુક્ષુ :- આમ તો અહિંસા પરમો ધર્મ... ચક્રવર્તી સંકલ્પી હિંસા કરતા દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સંકલ્પી હિંસા કરતા દેખાય છે. એટલે હિંસાનો સંકલ્પ આવે છે. એને સંકલ્પી હિંસા કહે છે. પછી ?

મુમુક્ષુ :- કેમ મેળ ખાય ?...

પૂજ્ય ભાઈશ્રી :- 'પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહિ આજ્ઞા' અને યુદ્ધ કરવા જાય. પંચેન્દ્રિયનો ઘાત થાય. ન બેસે એવી વાત છે. એક ... પોતે કાંઈને કાંઈ અભિપ્રાય બાંધીને પૂર્વગ્રહમાં ઊભો છે. બરાબર છે ? કોઈપણ જીવ. પોતે કોઈને કોઈ અભિપ્રાય બાંધીને એ અભિપ્રાયના પૂર્વગ્રહમાં ઊભો છે. હવે એ અભિપ્રાય વિરુદ્ધ સામે કોઈ વાત આવે છે ત્યારે મોટા ભાગના જીવો પોતાના અભિપ્રાય (અનુસાર) વિચારે છે, એ વાતને અનુસરે છે. એક મધ્યસ્થ જીવો અને સમ્યગ્દૃષ્ટિ જીવોદ, મુમુક્ષુમાં પણ જેને મધ્યસ્થતા અને સરળતા પ્રાપ્ત છે એવા જીવો અને એક સમ્યગ્દૃષ્ટિ જીવો મધ્યસ્થથી વિચારે. પ્રશ્ન ન કરે. એના ગુણ-દોષને વિચારીએ અને એમાં કયું વધારે યોગ્ય છે એ આપણે વિચારીએ.

સમ્યગ્દૃષ્ટિના શ્રદ્ધા-જ્ઞાન ઉપર વજન જવું જોઈએ મુમુક્ષુને કે સમ્યગ્દૃષ્ટિનો જે કોઈ ચારિત્રમોહનો દોષ છે એના ઉપર વજન જવું જોઈએ ? જોવાનો દૃષ્ટિકોણ કઈ રીતનો હોવો જોઈએ ? અને એનો આધાર લઈને પોતે દોષ કરવો ? કે પોતે નિર્દોષતાનું જે ધ્યેય બાંધ્યું છે એને અનુસરવું ? જો ધ્યેય બરાબર બાંધ્યું હોય તો ભૂલ ન થાય. મારે તો નિર્દોષતાથી રહેવું છે. કોઈપણ વાતમાંથી નિર્દોષતા કેવી રીતે પ્રાપ્ત થાય ? અને રાગ દ્વેષ મોહ ઘટે કેવી રીતે એટલું જ મારે જોવાનું છે. મારો હેતુ સચવાય છે કે મારો હેતુ નથી સચવાતો ? આમ જોવે છે. વિચારવાની જે પદ્ધતિ છે એમાં મધ્યસ્થતાનો બહુ મોટો અધિકાર છે અથવા બહુ મોટો Roll રોલ છે.

બહુ વિચિક્ષણતાથી ઉત્તર આપે છે કે સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે ? કે એ પ્રશ્નોમાં એ પ્રશ્નનો હેતુ વિચારવાથી એમ જણાવા યોગ્ય છે. એટલે હવે શું છે કે હેતુવાદથી ઉત્તર આપું છું. હું તમારા પ્રશ્નનો સીધો ઉત્તર નથી આપતો. પણ પ્રશ્નમાં કયો હેતુ સિદ્ધ થાય અને કયો હેતુ સિદ્ધ ન થાય એ હેતુની પ્રધાનતાથી હવે હું ઉત્તર આપું છું. બાર અંગમાં તો હેતુવાદ નામનું એક અંગ છે. બાર અંગની અંદર હેતુવાદ નામનું એક અંગ છે. એમાં હેતુ એટલે અભિપ્રાય અનુસાર કેવી રીતે, ક્યાં ક્યાં, કયા કયા પ્રકારમાં, કેવા કેવા પ્રસંગમાં, કઈ કઈ રીતે એને જોવું જોઈએ ? હેતુનો દૃષ્ટિકોણ આની અંદર શું હોવો જોઈએ ? એવો ભગવાને જિનવાણીમાં, દિવ્યધ્વનિમાં વિસ્તાર કરેલો છે અને એની રચના ગણધરદેવે કરી છે. આ હેતુવાદનો પ્રકાર છે. આની અંદર જે ઉત્તરનો પ્રકાર છે એ હેતુવાદનો છે.

'એ પ્રશ્નોના હેતુ વિચારવાથી જણાવા યોગ્ય છે કે પ્રથમ...' એટલે પહેલા તો **'પ્રશ્નમાં કોઈ એક દૃષ્ટાંત ગ્રહણ કરી...'** એ પ્રશ્નના ઉત્તરમાં. પ્રશ્નમાં એટલે પ્રશ્નના ઉત્તરમાં કોઈ એક જીવનું દૃષ્ટાંત પકડીને **'જીવે શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવું છે.'** જો દૃષ્ટાંત પકડવામાં આવે એટલે કે એ દૃષ્ટાંતનું અવલંબન લેવામાં આવે તો એ જીવને શુદ્ધતાની હાનિ થાય. એટલે કે એને દોષ આવી પડે. એનો દર્શનમોહ વધે અને એને દોષ ગ્રહણ થાય, એને ગુણ ગ્રહણ ન થાય. આમ કહેવું છે. કેવી સરસ પદ્ધતિ છે ઉત્તર આપવાની !

'મતિના અસ્થિરપણાથી જીવ પરિણામનો વિચાર કરી નથી શકતો.' જીવને મતિનું અસ્થિરપણું છે અથવા તો જીવને મતિનો વિપર્યાસ પણ છે. આ બંને દોષ છે. અસ્થિરપણું છે એ ચંચળતા છે. એટલે ઉતાવળથી વિચારી લે છે. એ સમ્યગ્દૃષ્ટિ આહાર કરે જ નહિ અને આહાર કરે તો એ સમ્યગ્દૃષ્ટિ હોય નહિ. સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે જ નહિ. કદાચ કોઈ સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે એ સમ્યગ્દૃષ્ટિ હોય નહિ. જાવ. એટલા બધા અસ્થિર થવાની જરૂર નથી. જુઓ ! કેવી કેવી વાતો આવી છે !

૩૯માં 'કલકત્તા' આવ્યો તો એને ત્યાં એ પ્રશ્ન ચાલ્યો હતો. એમ કે 'ગુરુદેવ'નું નિધન થયું. પછી ચોવીસ કલાક તો ... અગ્નિ સંસ્કાર કર્યા તો એમાં ત્રસની ઉત્પત્તિ થઈ જાય છે. મૃતક કલેવરમાં ત્રસની ઉત્પત્તિ થઈ જાય છે. એમ કહ્યું કે, 'લક્ષ્મણજી'નો દેહ છ મહિના 'રામચંદ્રજી'એ ખભે રાખ્યો ત્યારે શું થયું હશે ? તમે ચોવીસ કલાકનો બાધ લ્યો છો. તો છ મહિના સુધી મૃતક કલેવર રાખ્યું હશે એનું શું થયું હશે ? શાસ્ત્રમાં આ તો આવે છે. 'રામચંદ્રજી' સમ્યગ્દૃષ્ટિ હતા કે નહિ એ તો શંકા કરી શકાય એવું નથી. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા. ક્ષયોપશમ હોય ને તો અત્યારે ... ઘણાં મારે છે. ક્ષયોપશમ હોય ત્યારે વયુ જાય અને પાછું આવી જાય અને વયું જાય. અહીંયાં તો એ અવકાશ નથી. ક્ષાયિક સમ્યક્ત્વ હોય ત્યાં એ શંકા કરવાનો અવકાશ જ નથી. પતી ગયું. ચર્ચા બંધ. એમ માણસને તુક્કા આવે છે. અહીંયાં આમ દોષ થાય કે નહિ ? અહીંયાં આવો દોષ થાય કે નહિ ? અહીંયાં આવો દોષ થાય કે નહિ ? ભાઈ ! તું મુમુક્ષુ છો અને પહેલાં દર્શનમોહ ટાળવાનો વિચાર કર ને. સમ્યગ્દૃષ્ટિના ચારિત્રને મુખ્ય કરીને તું એના શ્રદ્ધા જ્ઞાનને ક્યાં ભૂલી જા છો ? મારે શું વિચારવું જોઈએ ? પ્રથમ મારે શું વિચારવા યોગ્ય છે ? એ જીવને ખબર નથી. આ એટલા માટે એને સત્પુરુષના ચરણમાં મૂક્યો છે. 'કૃપાળુદેવે' મુમુક્ષુને સત્પુરુષના સંગમાં રહેવાનું એટલા માટે કહ્યુંક છે કે એને ખબર નથી કે મારે વિચારવું પણ કેવી રીતે ? અને ન વિચારવું પણ કેવી

રીતે ?

એટલે (એમ કહે છે કે) '**મતિના અસ્થિરપણાથી...**' જલ્દી જીવ ઉતાવળો થઈ જાય છે. શું કરે છે ? અસ્થિર એટલે ? એકદમ ઉતાવળો થઈને Judgement બાંધી લે છે કે આમ હોવું જોઈએ અને આમ ન હોવું જોઈએ. ભાઈ ! ઝીણો વિષય છે. ધર્મના વિષયમાં કોઈ પણ પ્રકારનો અભિપ્રાય આપવો એ બહુ મોટી જવાબદારીનો વિષય છે. ધર્મના પ્રસંગોમાં અવળો અભિપ્રાય અપાય તો એમાં બહુ મોટી જવાબદારી છે. નાનીસુની જવાબદારી નથી એની અંદર. એ ગંભીરતાનો ખ્યાલ નથી એટલે સટ દઈને પોતાનો અભિપ્રાય આપી દે. આમ થવું જોઈએ અને આમ ન થવું જોઈએ, આમ થવું જોઈએ અને આ ન થવું જોઈએ. ક્યાંયનો ક્યાં વયો જઈશ, ખબર પડશે નહિ.

'**મતિના અસ્થિરપણાથી જીવ પરિણામનો વિચાર કરી નથી શકતો.**' પરિણામ એટલે અહીંયાં Result. પરિણામ એટલે પર્યાય નહિ અહીંયાં. હું ઉતાવળે અસ્થિરતાથી જે કાંઈ મારો અભિપ્રાય વ્યક્ત કરીશ, મારા પરિણામને હું નક્કી કરીશ કે આમ થવું જોઈએ નિશ્ચય કરીશ તો એનું ફળ શું આવશે ? એની એને પોતાને ખબર નથી એમ કહેવું છે.

'**શ્રેણિકાદિના સંબંધમાં કોઈ એક સ્થળે એવી વાત કોઈ એક ગ્રંથમાં જણાવી છે; પણ તે કોઈએ પ્રવૃત્તિ કરવા અર્થે જણાવી નથી, તેમ એ વાત યથાર્થ એમ જ છે, તેમ પણ નથી.**' શું છે કે આ શ્રેણિક મહારાજા તો જૈનદર્શનના પુરાણ સિવાય તો બીજે ક્યાંય નથી. શ્રેણિક મહારાજાનો ઈતિહાસ તો જૈનોના પુરાણમાં આવે, બીજે ક્યાંય તો આવે નહિ. તો કહે છે, '**શ્રેણિકાદિના સંબંધમાં...**' આદિમાં બીજા કોઈ કોઈ પણ હશે, કોઈ સ્થળે એક એવી વાત છે કે એમણે આવો આહાર લીધો એ અભક્ષ્ય હતો, ભક્ષ્ય નહોતો. કોઈ એક ગ્રંથમાં '**એવી વાત કોઈ એક ગ્રંથમાં જણાવી છે;...**' એવી વાત જણાવી છે માટે એ પ્રવૃત્તિ કરવી એમ હોઈ શકે નહિ.

ખાસ કરીને શ્વેતાંબર શાસ્ત્રોની અંદર આચારોની શિથિલતાના ઘણાં સિદ્ધાંતોનું પ્રતિપાદન થયું છે. મુનિઓના આહાર, શ્રાવકોના આહાર અને બીજી જે વર્તના છે એમાં ઘણી શિથિલતાનું પોષણ થયું છે. કેમકે આખો સંપ્રદાય શિથિલતામાંથી ઉત્પન્ન થયેલો સંપ્રદાય છે. એટલે એમણે જે સિદ્ધાંતો રચ્યા એમાં શિથિલતાનું પોષણ થાય એવા ઘણાં સિદ્ધાંતો મૂળના શાસ્ત્રના નામે, અંગ પૂર્વના નામે ઘૂસાડેલા છે. તો કહે છે કે એ પ્રવૃત્તિ કરવા અર્થે એ વાત જણાવી નથી. તેમ એ વાત યથાર્થ છે એમ પણ અમે માનતા નથી. ભલે શાસ્ત્રમાં એના પુરાણમાં લખી હોય. એ વાતને યથાર્થ અમે માનતા નથી.

હવે કહે છે કે **'સમ્યગ્દૃષ્ટિ પુરુષને...'** પુરુષ નામ આત્મા. **'સમ્યગ્દૃષ્ટિ પુરુષને અલ્પમાત્ર વ્રત નથી હોતું તોપણ સમ્યગ્દર્શન આવ્યા પછી ન વમે તો વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ પામે, એવું સમ્યગ્દર્શનનું બળ છે, એવા હેતુએ દર્શાવેલી વાતને બીજા રૂપમાં લઈ ન જવી.'** હેતુથી જવાબ આપે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ હોય. અલ્પમાત્ર વ્રત ન હોય. એટલે રોજ એક વખત નવકાર બોલવો, નમસ્કાર મંત્રનું સ્મરણ કરવું એટલી પણ પ્રતિજ્ઞા ન લીધી હોય. તોપણ સમ્યગ્દર્શનનું બળ એવું છે કે જો એ સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પછી પાછો મિથ્યાત્વમાં ન આવે તો એ પંદર ભવે મોક્ષમાં (જાય), વધુમાં વધુ એને પંદર ભવથી સોળમો ભવ ન થાય. એવી જે વાત લીધી છે એમાં પંદર ભવ થવામાં ભવભવાંતર થવામાં એના ચારિત્રદોષના અનેક પ્રકારનું કારણ હોય છે. તો એ વાત દર્શાવવાનો હેતુ હોય એના બદલે એ વાત કરીએ તો વાંધો નહિ. સમ્યગ્દૃષ્ટિ પણ એમ કરે છે માટે આપણે પણ વાંધો નહિ. એમ આલંબન લેવાના હેતુએ બીજા રૂપમાં એ વાત ન લઈ જવી.

ક્યારે પણ કોઈપણ વાતને દોષની ઉત્પત્તિ થાય એવા કારણથી અંગીકાર કરવી નહિ. બહુ સીધે સીધી વાત એ છે. જો જીવ મુમુક્ષુ હોય અને માત્ર મોક્ષ અભિલાષ હોય એટલે પૂર્ણ શુદ્ધતા જેને પ્રાપ્ત કરવી છે, એને તો શુદ્ધતા થાય એ જ રીતે બધી વાતને અંગીકાર કરવી છે. એને તો શુદ્ધતા થાય એ રીતે બધી વાતને અંગીકાર કરવી, પણ ક્યાંય દોષ વધે એ વાતને એ દૃષ્ટિકોણથી, એ હેતુથી ક્યારેય વિચારવી પણ નહિ અને અંગીકાર કરવી પણ નહિ. એટલા માટે (એ જીવ) ભૂલતો નથી. ધ્યેય બરાબર છે એ ભૂલતો નથી. કેમકે ઘણા એવા અટપટા પ્રસંગો, ...ના પ્રસંગો સામે આવે છે. તો પછી આનું શું ? આને આમ થયું તો એનું શું ? હવે તે દિ' આમ થયું હતું કે નહોતું થયું એ ક્યાં ખબર છે પણ કો'કે લખી માર્યું. ત્યારે એક વાત બને ને ત્રણ જણા ત્રણ વાત જુદી જુદી કરે. હજી વર્તમાનમાં પ્રસંગ બન્યો હોય ને એકવાર, તો પાંચ જણને પૂછો તો પાંચેયની વાતમાં થોડો થોડો ફેર આવે. તો પછી હજારો કે સેંકડો વર્ષ પહેલાં બન્યું હોય એ વાત એમ જ લખાણી હોય એમ કેવી રીતે માનવું આપણે ? માટે આપણે શું માનવું કે આપણે શું વિચારવું ?

આપણે એમ માનવું અને આપણે એમ વિચારવું કે મારા આત્માને ગુણ થાય કે દોષ થાય ? મારું ધ્યેય છે એને અનુસરીને મારે વિચારવાનું છે. મારા ધ્યેયથી વિરુદ્ધ જઈને મારે કાંઈ વિચારવું નથી. બસ, આ એક જો પૂર્ણતાનું લક્ષ હોય તો જીવ બચી જાય. એક સિદ્ધાંતમાં કેટલું બધું ભર્યું છે ! રહસ્ય કેટલું ભર્યું છે. 'ગુરુદેવે' એક સિદ્ધાંત આપ્યો છે પણ રહસ્ય કેટલું ભર્યું છે ! બચાવી લીધો, મુમુક્ષુજીવને બચાવી

લીધો છે.

એને '**બીજા રૂપમાં લઈ ન જવી. સત્પુરુષની વાણી...**' જુઓ ! હવે એના ઉપર ચોખ્ખો સિદ્ધાંત આપી દે છે કે '**સત્પુરુષની વાણી વિષય અને કષાયના અનુમોદનથી અથવા રાગદ્વેષના પોષણથી રહિત હોય છે,...**' કેવો સિદ્ધાંત મૂકી દીધો ! કોઈપણ સત્પુરુષની વાણી. ચારેય અનુયોગમાંથી કોઈ વાત ચાલતી હોય તો એને વિષય કષાયનું અનુમોદન કરવાની ક્યાંય પણ વાત અંદર હોય નહિ કે રાગદ્વેષને પોષણ થાય એવી કોઈ વાત હોય નહિ. કેમકે કહેનાર આત્માને રાગદ્વેષની અરુચિ છે. સ્વભાવની રુચિ છે, નિર્દોષ પવિત્ર સ્વભાવની રુચિ છે. એટલે સ્વભાવને પોષણ મળે, ગુણને પોષણ મળે એવી વાત હોય છે. એમાંથી દોષને પોષણ મળે એવી વાત કાઢવી એ મતિનો વિપર્યાસ છે, બીજું કાંઈ નથી. અને એમાં વિષયકષાયનું અનુમોદન પણ ક્યાંય હોઈ શકે નહિ.

'**પોષણથી રહિત હોય છે, એવો નિશ્ચય રાખવો,...**' એવો નિશ્ચય રાખવો. એ નિર્ણયમાં ક્યારેય ફેરફાર કરવો નહિ. સત્પુરુષની વાણી છે એમાં વિષય કષાય પોષવાની વાત હોઈ શકે નહિ. એમાં રાગદ્વેષને પોષવાની કે અનુમોદન કરવાની વાત હોઈ શકે નહિ. આ સીધી વાત છે. ચોખ્ખી વાત તો આ છે. '**એવો નિશ્ચય રાખવો, અને ગમે તેવે પ્રસંગે...**' કોઈ પ્રસંગની કોઈ પણ વાત સામે આવે, '**તે જ દૃષ્ટિથી અર્થ કરવો યોગ્ય છે.**' તે જ દૃષ્ટિથી વિચારવું યોગ્ય છે, બીજી દૃષ્ટિથી વિચારવું જરાપણ યોગ્ય નથી. બહુ સારું માર્ગદર્શન આપ્યું છે.

મુમુક્ષુ :- ખાણીયા ચર્ચા વખતે આ જ વાત મૂકી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા.

મુમુક્ષુ :- વીતરાગતા થાય છે એ અર્થ કાઢો એમાંથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે ઝઘડો છે નિમિત્તનો. 'કાનજીસ્વામી' નિમિત્તને માનતા નથી અને નિમિત્તને માનવું જોઈએ. નિમિત્ત શું છે ? કે પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યને પ્રધાનતા આપીને પરદ્રવ્ય કાંઈ પણ લાભ-નુકસાન કરે છે એવો સિદ્ધાંત સ્વીકારીને તમે વીતરાગતા કેવી રીતે લાવશો ? વીતરાગતા તો એક એવી દશા છે કે જે અસંગપણામાં રહેલી દશા છે. નિમિત્ત તો પરસંગ છે. નિમિત્ત છે એ પરસંગ છે. અસંગ થાવું છે અને પરસંગનો સિદ્ધાંત સ્વીકારવો છે કે નહિ, એ તો હોવું જ જોઈએ. એના વગર ચાલે નહિ. નિમિત્ત તો જોઈએ જ. તો એમાં વીતરાગતા થવાનો તમારો હેતુ કેવી રીતે પોષાય છે ? રાગ-દ્વેષથી રહિત થવું છે, વીતરાગ થવું છે ? કે રાગ-દ્વેષ તમારે કરવા છે એ હેતુ છે? નક્કી તો કરશો કે નહિ ?

નહિતર શાસ્ત્રમાં તો પોતાને પોતાના અભિપ્રાયનું પોષણ થાય એવી વાતો તમને મળી રહેશે ક્યાંયને ક્યાંય. તમારા વિપરીત દૃષ્ટિકોણને લઈને તમે એ વાતને એમ લઈ જશો. એમ વાત નહિ હોય તોપણ લઈ જશો. એનું શું કરશો ? માટે હેતુની વાત મુખ્ય છે. વિચાર કરવાની અંદર, નિર્ણય કરવાની અંદર તમારો હેતુ શું છે ? કોઈપણ કાર્ય કરવા પાછળ તમારો હેતુ શું છે ? આ જોવાનું છે. જો હેતુ શુદ્ધ હોય તો એ વાત નિર્દોષ છે અને હેતુ મલિન હોય તો એ વાત સારી દેખાતી હોય તોપણ ખરેખર સારી નથી. આપણે સામાનો અભિપ્રાય કેમ પહેલાં સમજીએ છીએ ? એમાં હેતુ રહેલો છે. અભિપ્રાયમાં હેતુ રહેલો છે. આમ છે.

'શ્રી ડુંગર આદિ મુમુક્ષુને યથા. હાલ ડુંગર કંઈ વાંચે છે ? તે લખશો.' 'ડુંગરભાઈ'ની સંભાળ પાછળથી લે છે. 'સોભાગભાઈ'ના મિત્ર હતા એ દાવે પણ તેમને કરુણાદૃષ્ટિએ ખબરઅંતર પૂછ્યા છે.

પત્રાંક-૭૯૪

મુંબઈ, શ્રાવણ વદ ૧, શુક્ર, ૧૯૫૩

પ્રથમ એક કાગળ મળ્યા હતો. બીજો કાગળ હમણાં મળ્યો છે.

આર્યે સોભાગનો સમાગમ વિશેષ વખત તમને રહ્યો હોત તો ઘણો ઉપકાર થાત. પણ ભાવી પ્રબળ છે. તે માટે ઉપાય એ છે કે તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને જીવને વિષે તે ગુણો ઉત્પન્ન થાય એવું વર્તન કરવું.

નિયમિતપણે નિત્ય સદ્ગ્રંથનું વાંચન તથા મનન રાખવું યોગ્ય છે. પુસ્તક વગેરે કંઈ જોઈતું હોય તો અત્રે મનસુખને લખવું. તે તમને મોકલશે.
ૐ

બીજો ૭૯૪મો પત્ર છે એ 'મણિલાલ સોભાગ્યભાઈ' એ પણ 'સોભાગ્યભાઈ'ના પુત્ર ઉપરનો જ પત્ર છે. બીજે દિવસે લખેલો છે. ઓલો શ્રાવણ સુદ પૂનમે લખ્યો છે. આ શ્રાવણ વદ એકમે લખ્યો છે. ૯૫ વર્ષ થયા. સોમાં પાંચ ઓછા. **'પ્રથમ એક કાગળ મળ્યો હતો. બીજો કાગળ હમણાં મળ્યો છે.'** એટલે એમના પુત્રોએ પણ 'કૃપાળુદેવ' સાથે પત્ર વ્યવહાર ચાલુ રાખ્યો છે એમ આ પત્રોથી જણાય છે. **'આર્ય સોભાગનો સમાગમ વિશેષ વખત તમને રહ્યો હોત તો ઘણો ઉપકાર થાત.'** એમનું આયુષ્ય પૂરું થઈ ગયું. પણ જો એમનો સમાગમ તમને રહ્યો હોત અને સમાગમ કરવાની બુદ્ધિએ સમાગમ કર્યો હોય તો. બાપ-દીકરાના દૃષ્ટિકોણથી સમાગમ કાંઈ

થાતો નથી. મુમુક્ષુતાની દૃષ્ટિએ વિચારે તો.

'આર્ય સોભાગનો સમાગમ વિશેષ...' આ તો એના પિતાશ્રી છે. કોઈ વાર એવું હોય છે કે ઘરમાં પુત્રની યોગ્યતા વધારે હોય. પિતા કરતા પુત્રની યોગ્યતા વધારે હોય. પણ જો દૃષ્ટિ એમ હોય કે આ મારો દિકરો છે તો એના ગુણ એને પોતાને ગુણ થવા અર્થે નજરમાં આવે નહિ કે એ સંબંધીનો એને લાભ ન થાય. એમ કોઈપણ સંબંધ હોય. ભાઈ હોય, પતિ હોય, પત્ની હોય, પિતા હોય, પુત્ર હોય. ગમે તે વ્યવહારિક સંબંધમાં સગાઈ થતી હોય પણ મુમુક્ષુપણામાં એ વાત ભૂલી જવી જોઈએ. કે જ્યારે આપણે આત્મહિતનો વિચાર કરવા બેઠા છીએ ત્યારે એ પણ એક મુમુક્ષુ આત્મા છે, હું પણ એક મુમુક્ષુ આત્મા છું. અને સમાગમ, સત્સમાગમ કરવાનો આ પ્રસંગ છે આપણે. બીજો પ્રસંગ આ નથી. એમ વિચારવું જોઈએ. 'ગુરુદેવે' એક વાર કહ્યું હતું કે તમારો દીકરો છે એમ વિચાર ન કરતા. એ કહે છે એ સાંભળજો. મારો દીકરો છે એમ વિચાર ન કરતા. 'ગુરુદેવે' પ્રસંગે તો ઘણી વાતો કરી છે.

'આર્ય સોભાગનો સમાગમ વિશેષ વખત તમને રહ્યો હોત તો ઘણો ઉપકાર થાત.' પણ પિતાની દૃષ્ટિએ નહિ. **'પણ ભાવી પ્રબળ છે.'** જે કાંઈ થાય છે, પ્રસંગ બને છે, એનું બળવાનપણું છે. એમાં ફેરફાર કરવાનો ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનો અધિકાર નથી. **'ભાવી પ્રબળ છે. તે માટે ઉપાય એ છે કે તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને જીવને વિષે તે ગુણો ઉત્પન્ન થાય એવું વર્તન કરવું.'** શું કહે છે ? કે તે માટે ઉપાય એ છે કે તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને હવે. એ તો ચાલ્યા ગયા કહે છે. ચાલ્યા ગયા તો હવે શું કરવું ? એનો કોઈ ઉપાય નથી. સત્સમાગમ તો છે નહિ. તો કહે છે, પણ એમના ગુણોની તો ખબર છે કે નહિ ? એ હતા ત્યારે આવા ગુણવાન હતા. એવા **'તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને જીવને વિષે તે ગુણો ઉત્પન્ન થાય એવું વર્તન કરવું.'** મુખ્યપણે સરળ હતા. 'સોભાગ્યભાઈ'ની સરળતા કોઈપણ મુમુક્ષુજીવે સ્મરણમાં લઈને પણ ઉત્પન્ન કરવા જેવી વાત છે. આ 'મણિભાઈ'ને કાગળ નથી લખ્યો. સત્પુરુષ પ્રત્યેની અર્પણતા અને ભક્તિ અને એમની જે સરળતા એ તો ભાગ્યે જ કોઈ મુમુક્ષુમાં જોવા મળે એવી બહુ મોટી વાત હતી એમના જીવનની.

'તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને જીવને વિષે...' એટલે પોતાને વિષે **'તે ગુણો ઉત્પન્ન થાય એવું વર્તન કરવું.'** એટલા માટે સ્મરણ કરવું. 'વંદે તદ્ગુણ લબ્ધયે.' **'નિયમિતપણે નિત્ય સદ્ગ્રંથનું વાંચન તથા મનન રાખવું યોગ્ય છે.'** તમારે પ્રવૃત્તિમાં શું કરવું ? કે પ્રત્યક્ષ યોગ તો એમનો છે નહિ. તો કહે છે, સદ્ગ્રંથનું,

સત્શાસ્ત્રનું નિયમિતપણે રોજ, રોજ નિયમિતપણે એમ. આપણે વખત મળે ત્યારે વાંચી લેશું એમ નહિ. વખત મળે ત્યારે વાંચી લેશું એમ નહિ. નિયમિતપણે આટલો Time તો રોજ મારે આ જ કરવાનું. બધા કામ પડતા મૂકીને, બધા કામને ગૌણ કરીને મુખ્યપણે મારે આ કામ કરવું છે એનો નિયમ રાખવો અને નિત્ય એટલે હંમેશા, રોજ એવું વાંચન તથા મનન રાખવું યોગ્ય છે.

'**પુસ્તક વગેરે કંઈ જોઈતું હોય તો અત્રે મનસુખને લખવું.**' એમના ભાઈ થાય. નાના ભાઈ. તમારે કાંઈ પુસ્તક જોઈતું હોય તો તમે એમને લખજો એટલે નાના ભાઈને અત્રે એટલે અમને લખજો. એવી લખવાની પદ્ધતિ છે. અત્રે આમ છે. એટલે અમારે આમ છે અત્યારે. અત્રે બધા ખુશી મજામાં છે. એટલે કે અમારા ઘરે બધા મજામાં છે. પત્રમાં એવું લખાય છે. તમારે 'મનસુખ' નાના ભાઈને લખવું તે તમને મોકલી આપશે. કોઈ પુસ્તક જોતા હોય તો. પણ તમે વાંચન તો રાખજો. નિત્ય અને નિયમબદ્ધપણે વાંચન તો તમે રાખજો જ. કોઈપણ મુમુક્ષુ માટે એ વાત પણ લાગુ પડે છે. છેલ્લે ૐ લખ્યો છે પૂર્ણ કરવા માટે.

પત્રાંક-૭૯૫

મુંબઈ, શ્રાવણ વદ ૮, શુક્ર, ૧૯૫૩

શુભેચ્છાસંપન્ન શ્રી મનસુખ પુરુષોત્તમ આદિ, શ્રી ખેડા.

કાગળ મળ્યો છે.

તમારી તરફ વિચરતા મુનિ શ્રીમદ્ લલ્લુજી આદિને નમસ્કાર પ્રાપ્ત થાય. મુનિશ્રી દેવકીર્ણજીના પ્રશ્નો મળ્યાં હતાં. તેમને વિનયસહિત વિદિત કરશો કે 'મોક્ષમાર્ગપ્રકાશ' વાંચવાથી કેટલુંક સમાધાન તે પ્રશ્નોનું થશે અને વિશેષ સ્પષ્ટતા સમાગમઅવસરે થવા યોગ્ય છે.

પારમાર્થિક કરુણાબુદ્ધિથી નિષ્પક્ષપાતપણે કલ્યાણનાં સાધનના ઉપદેષ્ટા પુરુષનો સમાગમ, ઉપાસના અને આજ્ઞાનું આરાધન કર્તવ્ય છે. તેવા સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો યથામતિ પરિચય રાખી સદાચારથી પ્રવર્તવું યોગ્ય છે. એ જ વિનંતિ. ૐ

૭૯૫ છે 'મુનિશ્રી લલ્લુજી' ઉપરનો. '**શુભેચ્છાસંપન્ન શ્રી મનસુખ પુરુષોત્તમ આદિ, શ્રી ખેડા.**' શું (થયું હશે)? જ્યાં ઉતર્યા હશે એમાં મુખ્ય માણસ... 'ખેડા'માં

અત્યારે ચોમાસું છે ને ? ચોમાસામાં એક જગ્યાએ સંપ્રદાયના સાધુ રહે. એ રીતે સાધુ વેશમાં હતા એટલે આચાર પાળતા હતા. 'ખેડા'માં ચોમાસું હશે. ત્યાંના જે માણસ હોય તેની પાસે પત્ર લખાવતા હોય. '**કાગળ મળ્યો છે. તમારી તરફ વિચરતા મુનિ શ્રીમદ્ લલ્લુજી આદિને નમસ્કાર પ્રાપ્ત થાય.**' કદાચ કોઈ આજુબાજુના ગામમાં ચોમાસું કર્યું હોય. તો ત્યાં Post office ન હોય તો આમને પણ પત્ર લખ્યો હોય. પણ આ નામ બહુ નથી આવતું. નવું નામ છે. બહુ પરિચયમાં નથી. નામ બહુ પરિચયમાં નથી.

'**મુનિશ્રી દેવકીર્ણજીના પ્રશ્નો મળ્યાં હતાં. તેમને વિનયસહિત વિદિત કરશો કે 'મોક્ષમાર્ગપ્રકાશ' વાંચવાથી કેટલુંક સમાધાન તે પ્રશ્નોનું થશે...**' ઠીક ! ૭૯૨માં પણ એમણે 'મોક્ષમાર્ગપ્રકાશ' વાંચવાની એમને ભલામણ કરી છે. આ પત્રમાં પણ એ વાત એમણે દોહરાવી છે. અઠવાડિયા પછીનો પત્ર છે. ઓલો પૂનમનો કાગળ છે. આ વદ આઠમનો છે. અને તેમના પ્રશ્નોનું સમાધાન 'મોક્ષમાર્ગપ્રકાશ'માંથી થશે. '**અને વિશેષ સ્પષ્ટતા સમાગમઅવસરે થવા યોગ્ય છે.**'

'**પારમાર્થિક કરુણાબુદ્ધિથી નિષ્પક્ષપાતપણે કલ્યાણનાં સાધનના ઉપદેષ્ટા પુરુષનો સમાગમ, ઉપાસના અને આજ્ઞાનું આરાધન કર્તવ્ય છે.**' શું કહે છે હવે ? '**પારમાર્થિક કરુણાબુદ્ધિથી નિષ્પક્ષપાતપણે કલ્યાણનાં સાધનના ઉપદેષ્ટા...**' જે છે, એવા કોઈ પુરુષ હોય કે જે આત્મકલ્યાણના સાધનનો ઉપદેશ કરે. નિષ્પક્ષપાતપણે કરે. કોઈ કારણ વિશેષથી ન કરે. એટલે કે એક જ હેતુ હોય. આત્મકલ્યાણ સિવાય બીજો કોઈ એ વાતની અંદર હેતુ ન હોય. એવી પારમાર્થિક બુદ્ધિ આત્મકલ્યાણની હોય. એવા ઉપદેષ્ટા પુરુષનો સમાગમ. આ બધું વિશેષણ એ પુરુષને લાગુ પડે છે. ઉપદેષ્ટા પુરુષને લાગુ પડે છે. જે પારમાર્થિક બુદ્ધિથી ઉપદેશ કરતા હોય, નિષ્પક્ષપાતપણે ઉપદેશ કરતા હોય અને એ રીતે એ માત્ર કલ્યાણના સાધનનો જ ઉપદેશ કરતા હોય. ઉપદેશનો પ્રકાર કેવો હોય એમ કહે છે. એવા પુરુષનો સમાગમ કર્તવ્ય છે. એવા પુરુષની ઉપાસના પણ કર્તવ્ય છે. અને તેમની આજ્ઞાનું આરાધન પણ કર્તવ્ય છે. આટલી વાત છે. સમાગમ કરવો, તેમની ઉપાસના કરવી એટલે બહુમાન કરવું. અને એ જે આજ્ઞા આપે તેનું આરાધન કરવું. આજ્ઞા વિરૂદ્ધ જાવું નહિ, વિકલ્પ વિરૂદ્ધ જાવું નહિ, એ જે કહે તે સંમત કરવું.

'**તેવા સમાગમના વિયોગમાં...**' એવો સમાગમ ન મળતો હોય ત્યારે. '**સત્શાસ્ત્રનો યથામતિ પરિચય રાખી સદાચારથી પ્રવર્તવું યોગ્ય છે.**' એવા સમાગમનો વિયોગ હોય ત્યારે સત્શાસ્ત્રનો પોતાની મતિ અનુસાર પરિચય રાખવો.

યથામતિ પરિચય રાખવો. એટલે મતિની આગળ જઈને પરિચય રાખવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે કે પોતાથી વિશેષ મતિમાન હોય, જ્ઞાની હોય, ગુરુ હોય, આચાર્ય હોય એની આગળ જવાનો તારે પ્રશ્ન રહેતો નથી. નહિતર વળી માણસ એ ડહાપણ કરે. એ આમ ન હોવું જોઈએ, આમ નહિ અહીંયાં આમ હોવું જોઈએ. ભાઈ ! તું આગળ છો કે પાછળ એ તો નક્કી કર. યથામતિ પોતાની મતિ અનુસાર એનો પરિચય રાખવો. સદાચારથી પ્રવર્તવું અને બાહ્ય પ્રવૃત્તિમાં પણ આચરણ બરાબર મુમુક્ષુને યોગ્ય રાખવું. મુમુક્ષુની ભૂમિકાને ઓળંગીને કોઈ આચરણ ન કરવું. '**એ જ વિનંતિ છે.**' ત્યાં પણ ૐ કરેલો છે. એટલે એ જ વિનંતિ છે. એ રીતે 'લઘુજી'ને પણ સત્શાસ્ત્રનું વાંચન કરવું અને સત્પુરુષનો સમાગમ કરવો, એમની આજ્ઞામાં રહેવું એ વાત કરી છે. પત્ર ઓલાના નામે લખ્યો છે. પણ મૂળ તો મુનિશ્રીને અનુસરીને આ વાત લખી છે. એ ૭૯૫ થયો.

પત્રાંક–૭૯૬

મુંબઈ, શ્રાવણ વદ ૮, શુક્ર, ૧૯૫૩

'મોહમુદ્ગર' અને 'મણિરત્નમાળા' એ બે પુસ્તકો હાલ વાંચવાનો પરિચય રાખશો. એ બે પુસ્તકમાં મોહના સ્વરૂપના તથા આત્મસાધનના કેટલાક ઉત્તમ પ્રકારો બતાવ્યા છે.

''**મોહમુદ્ગર' અને 'મણિરત્નમાળા' એ બે પુસ્તકો હાલ વાંચવાનો પરિચય રાખશો.**' પત્ર કોના ઉપર છે એ આની અંદર સ્પષ્ટ નથી. પણ કોઈ મુમુક્ષુને પત્ર લખ્યો છે અને એમાં આ બે ગ્રંથો વાંચવાની પોતે ભલામણ કરી છે. કયા મુમુક્ષુને કયા પ્રકારના ગ્રંથનું અત્યારે વાંચન કરવું યોગ્ય છે એ પણ એમના સાતિશય જ્ઞાનની અંદર .. અને એટલા માટે કોઈને આ પુસ્તક વાંચવાનું કહે છે અને કોઈને આ પુસ્તક વાંચવાનું કહે છે. '**એ બે પુસ્તકમાં મોહના સ્વરૂપના તથા આત્મસાધનના કેટલાક ઉત્તમ પ્રકારો બતાવ્યા છે.**' આ બે ગ્રંથની અંદર કોઈ વિશેષ વાત છે તમારે ધ્યાન દેવા જેવી. જેને વાંચવા માટે ભલામણ કરી છે એને ધ્યાન દેવા જેવી વાત એ છે કે એમાં મોહ સંબંધીની જે વાતો લખી છે અને આત્મસાધન સંબંધીની, આત્મકલ્યાણના સાધનની વાતો લખી છે. એમાં કેટલીક વાતો ઉત્તમ પ્રકારની વાતો છે એ તમારે ધ્યાન દેવા જેવી છે, લક્ષમાં લેવા જેવી છે. એટલે એ વિષય આવે ત્યારે તમે ખાસ લક્ષ આપજો, એમ કહેવું છે. એટલે એ પત્ર વ્યવહારમાં પણ પત્ર દ્વારા જે સત્સમાગમ થતો હતો એમાં પણ આવી વિશેષ વાતો એમણે બતાવી છે.

મુમુક્ષુ :- શ્વેતાંબર પુસ્તકો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- એ ખબર નથી. આપણે કેટલાક પુસ્તકો હાથમાં નથી આવ્યા એવા પુસ્તકો એમના હાથમાં આવી ગયા. આ જુઓને ક્રિયાકોષ ને એ બધા દિગંબર પુસ્તક છે પણ એટલા પ્રચલિત નથી. .. વગેરે પ્રકાશિત કર્યા છે ને ? 'અગાસ'માંથી.

પત્રાંક-૭૯૭

મુંબઈ, શ્રાવણ વદ ૮, શુક્ર, ૧૯૫૩

કાગળ મળ્યો છે.

શ્રી ડુંગરની દશા લખી તે જાણી છે. શ્રી સોભાગના વિયોગથી તેમને સૌથી વધારે ખેદ થવો યોગ્ય છે. એક બળવાન સત્સમાગમનો યોગ જવાથી આત્માર્થીના અંતઃકરણમાં બળવાન ખેદ થવા યોગ્ય છે.

તમે, લહેરાભાઈ, મગન વગેરે સર્વ મુમુક્ષુઓ નિરંતર સત્શાસ્ત્રનો પરિચય રાખવાનું ચૂકશો નહીં. કોઈ કોઈ પ્રશ્ન અત્ર લખો છો તેના ઉત્તર ઘણું કરીને હાલ લખવાનું થતું નથી, તેથી કંઈ પણ વિકલ્પમાં ન પડતાં અનુક્રમે તે ઉત્તર મળી જશે એમ વિચારવું યોગ્ય છે.

થોડા દિવસ પછી ઘણું કરીને શ્રી ડુંગર પ્રત્યે એક પુસ્તક તેમને નિવૃત્તિનું પ્રધાનપણું રહે તેવું વાંચવા અર્થે મોકલવાનું થશે. રાધનપુર મણિલાલ પર અત્રેથી એક પત્તું લખ્યું હતું.

પત્રાંક-૭૯૭. એ પણ 'ત્રંબકભાઈ' ઉપર લખેલો પત્ર છે. 'સોભાગભાઈ'ના પુત્ર છે. પહેલો પત્ર પૂનમનો હતો ત્યાર પછી અઠવાડિયે એમને પત્ર લખે છે. '**કાગળ મળ્યો છે. શ્રી ડુંગરની દશા લખી તે જાણી છે. શ્રી સોભાગના વિયોગથી તેમને સૌથી વધારે ખેદ થવો યોગ્ય છે.**' આટલો ફેરફાર તો 'ડુંગરભાઈ'ને હતો. એમના જે મિત્ર હતા એમનો વિયોગ થયો છે. એનો વધારે ખેદ એમને થયો છે. લખ્યું હશે. 'કૃપાળુદેવ'નો પત્ર છે, તમને યાદ કર્યા છે. એમને જે પોતાને પરિણામ મુખ્યપણે ચાલતું હોય એ જ માણસ કહે. વાત ગમે તે ચાલતી હોય પણ અંદર જે મુખ્ય થતું હોય એ જ વાત બહાર આવી જાય. એટલે એને 'સોભાગભાઈ'ના વિયોગની વાત વિશેષપણે કરતા હશે જ્યારે મળે ત્યારે.

'એક બળવાન સત્સમાગમનો યોગ જવાથી આત્માર્થીના અંતઃકરણમાં બળવાન ખેદ થવા યોગ્ય છે.' એને જે ખેદ થાય છે તે યથાર્થ છે. બળવાન સત્સમાગમનો યોગ જોયો. 'સોભાગભાઈ' જેવાનો સમાગમ જે હતો ... કે 'ડુંગરભાઈ'ના સમાગમથી 'સોભાગભાઈ'ને થોડી ગૃહિત મિથ્યાત્વ જેવી સ્થિતિ હતી. બંને સ્થાનકવાસી હોવા છતાં વેદાંત બાજુ થોડાક ખેંચાઈ ગયા હતા. અને ચમત્કારમાં અને બીજા-ત્રીજામાં વ્યામોહ થઈ ગયો હતો. હવે 'કૃપાળુદેવ'નો બળવાન યોગ મળ્યો તો 'સોભાગભાઈ'માં પણ ફેર પડ્યો અને 'ડુંગરભાઈ'માં પણ ફેર પડ્યો. Major force prevail. ગમે તે બાજુથી જોરથી ધક્કો વાગે તો એ બાજુ માણસ ધકેલાય. ભલે સામસામે ધક્કા મારતા હોય પણ જેનો ધક્કો જોરવાળો હોય એ બાજુ ખસે. એમ સંગની અંદર એવું છે. એક ગુણી હોય એક વધારે ગુણવાન હોય, એક અવગુણી હોય અથવા ઓછા ગુણવાન હોય પણ જે બળવાન હોય એની અસર બીજા ઉપર આવે. જો ગુણવાન બળવાન હોય તો અવગુણીને સુધરવું પડે. અવગુણી બહુ તીવ્ર હોય અને ગુણવાન એનો સંગ ન છોડે તો એને અવગુણની અસર થવા માંડે. એને નુકસાન જાય. આવું છે. એટલે એમણે જે ખેદ વ્યક્ત કર્યો એના ઉપર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે.

'એક બળવાન સત્સમાગમનો...' તેમને વિયોગ થયો છે. યોગ ગયો એટલે વિયોગ થયો છે. અને તેથી આત્માર્થીના અંતઃકરણમાં બળવાનપણે એટલે વિશેષપણે ખેદ થવા યોગ્ય છે. એમને તો ખરેખરો સત્સમાગમ ગયો છે. એટલે એમને તો વધારે દુઃખ થાય એ સંભવિત છે. **'તમે, લહેરાભાઈ, મગન વગેરે સર્વ મુમુક્ષુઓ નિરંતર સત્શાસ્ત્રનો પરિચય રાખવાનું ચૂકશો નહીં.'** ઠીક ! એક એક પત્રમાં શું વાત આવે છે ? કેમકે પોતાને ખ્યાલ છે. ૩૦મું વર્ષ છે. હવે એ પોતે કોઈના સમાગમમાં પણ આવવા બહુ માગતા નથી. પોતાને રસ્તે જવા માગે છે. મુમુક્ષુઓનો સમાગમ છોડીને અસંગદશા તરફ આગળ વધવા માગે છે. તો મુમુક્ષુએ શું કરવું ? કે તમે ભેગા થઈને સત્શાસ્ત્રનો પરિચય રાખજો. અને એ રાખવાનું ચૂકશો નહિ તમે, અમે એમ કહીએ છીએ. એ પરિચય રાખવાનું ચૂકશો નહિ.

એટલે આ 'ત્રંબકભાઈ' વગેરે એમના દીકરા, 'લહેરાભાઈ' એ પણ એમના 'સોભાગભાઈ'ના સમાગમમાં આવેલા હતા. 'મગનભાઈ' તો કોઈ પરિચિત હશે. તમારે ત્યાં મુમુક્ષુઓનું જે નાનું એવું Group છે તો તમે સત્શાસ્ત્રનો નિરંતર, નિયમિત રીતે પરિચય કરજો. એ વાત તમે ચૂકશો નહિ. એવી ભલામણ આપી છે કે નહિ ? આ બધા મુમુક્ષુને લાગુ પડે છે. સત્શાસ્ત્રનો પરિચય રાખવો એ તમામ મુમુક્ષુને લાગુ પડે

છે. ઘણાં 'મુંબઈ'માં દૂર દૂર રહેતા હોઈએ, મંદિર દૂર પડતું હોય અથવા સ્વાધ્યાય થતો હોય એ દૂર પડતું હોય તો શું કરવું ? 'અમદાવાદ'માં અત્યારે એ સ્થિતિ છે. બધા દૂર દૂર રહેવા વયા ગયા હોય. એણે આજુબાજુમાં નજીકમાં રોજ શાસ્ત્ર પરિચય રહે, શાસ્ત્ર સ્વાધ્યાય સામૂહિકપણે રહે, વિચાર-વિમર્શ થાય, વિચારોની આપ-લે થાય, વાતને ચર્ચાય એ પ્રકારની અંદર હંમેશા કાંઈક ગોઠવણી કરી લેવી જોઈએ. દુકાન ગમે એટલી દૂર હોય, કારખાનું ગમે એટલું દૂર હોય તો ત્યાં જાય. માણસ 'મુંબઈ'માં રહેતો હોય ને 'વાપી'માં કારખાનું કરે, 'વલસાડ'માં કરે. 'પૂના'માં હોય ત્યાં કરે. એથી આઘે અમે તો જોયું. અમારે સંબંધી એક 'માધવનગર'. કેટલું દૂર ? તો કહે 'મુંબઈ'થી અઢીસો માઈલ દૂર છે. ... એક ભાઈ ત્યાં રહે. અથવા એક માણસ સારો રાખે. આઠ-પંદર દિવસે આંટો મારી આવીએ. જરૂરત હોય તો માણસ દૂર પણ જાય છે. સત્સમાગમની જરૂર નથી એટલે અમને દૂર પડે છે, અમારે આઘુ પડે છે, અમે પહોંચી શકીએ એમ નથી. એમ કરીને માણસ સમાગમને ટાળે છે. એને સંસારની પ્રીતિ અને રુચિ એટલી બધી હોય છે કે એને વખત કાઢવો ગમતો નથી. વખત કાઢવો જોઈએ, બરાબર કાઢવો જોઈએ.

મુમુક્ષુ :- નિયમિત પ્રવચનમાં આવવું અને ઘરે પણ વાંચવું ભલામણ આવી આવી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું સ્વતંત્ર વાંચન પણ હોવું જોઈએ, વિચાર પણ સ્વતંત્ર હોવા જોઈએ અને સત્સમાગમમાં વિચારોની આપ-લે પણ બરાબર હોવી જોઈએ. અને બહુ મધ્યસ્થતાથી વિચારવું જોઈએ. મારા અભિપ્રાયથી આ બીજું કહે છે માટે એનો નકાર કરવો. એ પદ્ધતિ નહિ હોવી જોઈએ. તમે એમ કહો છો ? વિચારીએ આપણે. એના ગુણ-દોષનો વિચાર કરીએ. અમને એમ લાગે છે કે આમાં તો નુકસાન જાય. એમાં નફો કેવી રીતે થાય ? લાભ કેવી રીતે થાય ? એ બતાવો. પછી આપણે એની તુલના કરીએ કે આ બરાબર ગણાય કે આ બરાબર ગણાય ?

મુમુક્ષુ :- 'કૃપાળુદેવે' કેવી કેવી ભલામણ કરી છે ! કેટલો લાભ થાય છે મુમુક્ષુઓને !

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગદર્શનનો વિષય તો એટલો બધો પત્રમાંથી નીકળે છે. મુમુક્ષુને યોગ્ય માર્ગદર્શન છે કે શાસ્ત્રોમાંથી ગોતવું કઠણ પડે. એવા પ્રકારો શાસ્ત્રમાંથી જડે નહિ. એવા પ્રકારો કોઈ કુદરતી રીતે આવી ગયા.

મુમુક્ષુ :- માર્ગદર્શન વગર આગળ ચાલે ક્યાંથી ? લાભ ક્યાંથી થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલ થવાની, મુમુક્ષુને તો ગોથું ખાવાની શક્યતા ઘણી છે.

એટલે એમ કહે છે કે તમે '**સર્વ મુમુક્ષુઓ નિરંતર સત્શાસ્ત્રનો પરિચય રાખવાનું ચૂકશો નહીં. કોઈ કોઈ પ્રશ્ન અત્ર લખો છો તેના ઉત્તર ઘણું કરીને હાલ લખવાનું થતું નથી, તેથી કંઈ પણ વિકલ્પમાં ન પડતાં અનુક્રમે તે ઉત્તર મળી જશે એમ વિચારવું યોગ્ય છે.**' શું કહે છે ? કે તમે લોકો કોઈ કોઈ અહીંયાં પ્રશ્નો લખો છો અને અમે એનો ઉત્તર નથી આપતા તો તમે કાંઈ શંકા, કુશંકા કરશો નહિ, વિકલ્પ કરશો નહિ. બીજા વિકલ્પમાં એટલે તર્ક-વિતર્કમાં ન પડતા. અનુક્રમે એટલે આગળ ભવિષ્યમાં ત્યારે પણ અમે કેટલાક પ્રકારનો ઉત્તર લખશું. એ આશા રાખીને તમે શાંતિ અથવા ધીરજ રાખજો. બીજો વિકલ્પ નહિ કરતા. અધીરજથી કોઈ બીજો વકિલ્પ નહિ કરતા. કેમ જવાબ નહિ આવ્યો હોય ? શું કારણ હશે ? તબિયત તો બરાબર હશે ને ? નારાજ તો નહિ થયા હોય ને ? આપણી ભૂલ તો નહિ થઈ હોય ને ? બીજું કાંઈ કોઈએ આપણા વિષે કીધું તો નહિ હોય ને ? કાંઈ વિકલ્પ કરશો નહિ.

'**થોડા દિવસ પછી ઘણું કરીને શ્રી ડુંગર પ્રત્યે એક પુસ્તક તેમને નિવૃત્તિનું પ્રધાનપણું રહે તેવું વાંચવા અર્થે મોકલવાનું થશે.**' આ એમના પત્રમાં આ સમાચાર 'ડુંગરભાઈ' માટે એમણે મોકલાવ્યા છે કે '**થોડા દિવસ પછી ઘણું કરીને શ્રી ડુંગર પ્રત્યે એક પુસ્તક...**' મોકલવું છે કે જેમાં નિવૃત્તિનું એમને પ્રધાનપણું રહે. મુખ્યપણે એ નિવૃત્તિ તરફ વિશેષ રહે તેવું વાંચવા માટે એ હેતુથી મોકલવું છે. હેતુ પણ સાથે સાથે પોતે બતાવતા જાય છે. આ એક સરળતાનો પ્રકાર છે કે પોતે લગભગ જે જે Statement કરે છે, જે જે વાત લખે છે તે વાત લખવા પાછળ પોતાનો હેતુ શું છે એ સ્પષ્ટ કરતા જાય છે. આ એક સરળતાની વિશેષતા છે. અસરળતામાં શું થાય ? કે માણસ વાત બોલી નાખે અને પોતાનો હેતુ છુપાવે છે. પોતાનો હેતુ વ્યક્ત ન કરે. ભલે ઓલો ગોટે ચડે. ભલે તર્ક વિતર્કમાં પડે, ભલે મૂંઝવણમાં પડે અથવા ભલે આડોઅવળો ચાલ્યો જાય. પોતાનો હેતુ સ્પષ્ટ ન કરે. ત્યારે સરળતાથી એ નાનામાં નાની વાત.. આ તો એક પુસ્તક મોકલવું એ તો બહુ સાધારણ વાત છે. તો કહે હું જે પુસ્તક મોકલવા માગુ છું એમાં એમને નિવૃત્તિનું પ્રધાનપણું રહે તે અર્થે હું વાંચવા મોકલું છું. સાથે સાથે કહેતા જાય છે. આમાંથી શીખવાનું કેટલું મળે છે ! સરળતાની દૃષ્ટિએ ઘણું શીખવાનું મળે છે. જે વાત પોતે કહે છે એ વાત પાછળ પોતાનો દૃષ્ટિકોણ છે, પોતાનો હેતુ છે એ કહેતા જાય છે. આ કારણથી આ વાત હું તમને કરું છું. તમે એ કારણથી એને વિચારો. તો એને બીજી બાજુ જવાનું કારણ રહે નહિ. નહિ તો પોતાની બુદ્ધિ પ્રમાણે વિચારી લે.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ને Treatment આપી એ બધી આપણને કામની. એવી

રીતે આ 'ડુંગરભાઈ'ને પાછી આપવાની શરૂ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો જે તે મુમુક્ષુ હોય એને બધાને એની યોગ્યતા પ્રમાણે એ બહુ સારી ચીજ કહેતા. 'સોભાગભાઈ' પ્રત્યે એમને વિશેષ કૃપા હતી એનું કારણ કે 'સોભાગભાઈ'ની યોગ્યતા વિશેષ હતી. અને એ યોગ્યતાવિશેષને લઈને 'સોભાગ્યભાઈ'એ પરિચય પણ વધારે કર્યો. નહિતર છ થી સાત વર્ષનો જ ગાળો છે બેના પરિચયમાં. ૨૩માં વર્ષે પરિચયમાં આવ્યા છે અને ૩૦માં વર્ષે તો એ પોતે સ્વર્ગમાં ચાલ્યા ગયા છે. તો સાત વર્ષની અંદર પણ એમણે પરિચય કર્યો છે. ૯૦૦ જેટલા પત્રો લખ્યાં છે. સાત વર્ષમાં ૯૦૦ થી ૧૦૦૦ પત્રો લખ્યાં છે. એટલે એક વર્ષમાં ૬૦-૭૦ પત્રો લખ્યા છે. મહિનાના પાંચ-છ-સાત કાગળ લખેલા છે. ઓછામાં ઓછા, હોં ! વધારે લખ્યા હોય તો ના નહિ. અનુમાન તો ઓછામાં ઓછા પત્રોનું થાય છે. લગભગ એકાંતરે તો લખે જ. નહિતર તો દરરોજ લખે. નહિતર એકાંતરે બીજે, ત્રીજે દિવસે તો કાગળ લખ્યો જ હોય. અથવા એમ કહેવાય કે એમનો દેહ 'સાયલા'માં હતો, આત્મા એનો 'કૃપાળુદેવ'ના ચરણમાં હતો. દેહ 'સાયલા'માં હતો અને આત્મા ત્યાં હતો. જીવ ત્યાં ચોંટેલો હતો. નથી કહેતા ? ભાઈ ! એનો જીવ ત્યાં વળગેલો છે. એટલી સત્પુરુષ, ભગવાન, ભગવાનરૂપ સત્પુરુષ એની એટલી મહત્તા કે જીવ ત્યાં ને ત્યાં વળગેલો રહે. જીવ ત્યાં ને ત્યાં એમનો વળગેલો રહ્યા કરે. પછી ઉદયનો રસ તૂટે કે ન તૂટે ? કહો.

કોઈ એક વિષયની મુખ્યતા થતાં બીજા વિષયોના રસમાં મંદતા આવ્યા વિના રહે નહિ. તો સત્પુરુષની અતિ મુખ્યતા થાય અને ત્યાં ને ત્યાં જીવ વળગેલો રહે અને એને લઈને ઉદયરસમાં ફીક્કાપણું આવી જાય, નિરસપણું આવી જાય તો એ જીવને નિર્મળતાનું કારણ થાય છે. એનું જ્ઞાન નિર્મળ થાય. એનું જે મિથ્યાત્વ છે એનો અનુભાગ પણ છૂટી જાય. એ પ્રકારનો લાભ સત્પુરુષના અવલંબને, સત્પુરુષની મુખ્યતાએ સહેજે સહેજે મુમુક્ષુને થાય છે. એટલા માટે એમણે સત્પુરુષની ભક્તિ જે વધારે પ્રરૂપી છે એનું કારણ એ છે કે આવો જે લાભ છે એ ન ખબર પડે એ રીતે પણ એ લાભ થાય છે. જેમ કેટલુંક નુકસાન ખબર ન પડે એ રીતે થઈ જાય એમ આ લાભ પણ ન ખબર પડે એ રીતે થઈ જાય છે. અહીં સુધી રાખીએ...

પત્રાંક-૭૯૮

મુંબઈ, શ્રાવણ વદ ૧૦, ૧૯૫૩

'મોક્ષમાર્ગપ્રકાશ' શ્રવણ કરવાની જે જિજ્ઞાસુઓને જિજ્ઞાસા છે, તેમને શ્રવણ કરાવશો. વધારે સ્પષ્ટીકરણથી અને ધીરજથી શ્રવણ કરાવશો. શ્રોતાને કોઈ એક સ્થાનકે વિશેષ સંશય થાય તો તેનું સમાધાન કરવું યોગ્ય છે. કોઈ એક સ્થળે સમાધાન અશક્ય જેવું દેખાય તો કોઈ એક મહાત્માને યોગે સમજવાનું જણાવીને શ્રવણ અટકાવવું નહીં; તેમ જ કોઈ એક મહાત્મા સિવાય અન્ય સ્થાનકે તે સંશય પૂછવાથી વિશેષ ભ્રમનો હેતુ થશે, અને નિઃસંશયપણાથી થયેલા શ્રવણનો લાભ વૃથા જેવો થશે, એવી દૃષ્ટિ શ્રોતાને હોય તો વધારે હિતકારી થાય.

તા. ૪-૦૮-૧૯૯૨, પત્રાંક - ૭૯૮ થી ૮૦૧
પ્રવચન નં. ૩૯૪

... જિજ્ઞાસુ માટે વાત લીધી છે. જિજ્ઞાસુ નથી એને માટે એ વાત નથી લીધી. પૂછાવ્યું છે એમણે. જિજ્ઞાસુઓ છે એને આ શ્રવણ કરાવવું કે નહિ ? પહેલાં તો એમ કહ્યું હતું કે તમારે અને 'દેવકીર્ણજી'એ વાંચવું. અને પછી તમારે બીજાને કાંઈ શ્રવણ કરાવવું હોય તો બીજા મુનિને શ્રવણ કરાવજો. હવે એમના પરિચિત જે મુમુક્ષુઓ છે. એમાં પણ જે જિજ્ઞાસુઓ છે, એમને જિજ્ઞાસા થઈ છે તો તેમને પણ શ્રવણ કરાવશો. એનો અર્થ એ થયો કે 'લલ્લુજી'એ વાંચ્યા પછી પણ એમને નિષેધ નથી આવ્યો. 'મોક્ષમાર્ગપ્રકાશક'નો નિષેધ નથી આવ્યો. પોતે વાંચન કર્યા પછી પરિચયમાં આવતા જે મુમુક્ષુઓ છે એને એ વિષયમાં કંઈ પણ એમણે વાતચીત કે ચર્ચા કરી હોય એ વાર્તાના અનુસંધાનમાં જેમણે નથી વાંચ્યું, સાંભળ્યું એને શ્રવણ કરવાની ભાવના થઈ છે. આટલો પ્રસંગ ઉત્પન્ન થઈ ગયો છે. અને એમણે માગણી કરી છે કે તમે અમને પણ આ શાસ્ત્ર સંભળાવો. ત્યારે એમણે 'કૃપાળુદેવ'ની આજ્ઞા લીધી છે કે આ જિજ્ઞાસુઓને શ્રવણ કરાવવું કે ન કરાવવું ? તો કહે, કરાવો. ઠીક ! હવે એ કરાવું એમાં કેટલીક સૂચના આપે છે એનો આ પત્ર છે.

'વધારે સ્પષ્ટીકરણથી અને ધીરજથી શ્રવણ કરાવશો.' જરા સ્પષ્ટીકરણ તમારે વધારે આપવું પડશે. આ શાસ્ત્ર એવું છે કે એમાં વધારે સ્પષ્ટીકરણ આપવાની જરૂર પડશે. એ વધારે સ્પષ્ટીકરણ આપજો અને જરાક ધીરજથી એ વાત કરજો. કોઈ ઉતાવળે વાત કરી મૂકશો નહિ. કેમકે એમાં મતમતાંતરનો વિષય પણ ચાલ્યો છે. માટે કોઈ વાત ઉતાવળે ન કરશો કે જેથી કોઈ મંડન ખંડનની સંપ્રદાયબુદ્ધિમાં આવી જાય. એ પ્રકારે શ્રવણ નહિ કરાવશો.

'શ્રોતાને કોઈ એક સ્થાનકે વિશેષ સંશય થાય તો તેનું સમાધાન કરવું યોગ્ય છે.' એવા પણ અંદર સ્થાન છે કે જ્યાં કાંઈ વધારે શંકા પડશે. તે સંભવિત છે. તોપણ તેનું તમારે સમાધાન કરાવવું યોગ્ય છે. જો સમાધાન નહિ થાય તો સામાને જરા મનમાં સંશય રહી જશે. એ સમાધાન કરવાની પણ તમારી તૈયારી હોવી જોઈએ એમ એમાં આવી જાય છે. હવે **'કોઈ એક સ્થળે સમાધાન અશક્ય જેવું દેખાય...'** તમે ન સમાધાન કરાવી શકો માનો કે. આમ તો તમે ધ્યાન રાખજો કે શ્રવણ કરાવો છો તો તમારે સમાધાન ક્યાંક ક્યાંક કરાવવા પડશે. વધારે સ્પષ્ટીકરણ આપવું પડશે. પણ કદાચ કોઈ સ્થળે તમે સમાધાન ન કરી શકો. **'અશક્ય જેવું દેખાય તો કોઈ એક મહાત્માને યોગે સમજવાનું જણાવીને શ્રવણ અટકાવવું નહીં;...'** ત્યાં તમારે એટલી વાત કરી નાખવી. એટલે કોઈ મહાત્મા એટલે પોતાનું નામ તો પોતે લખે નહિ અને 'લલ્લુજી'ને તો 'કૃપાળુદેવ' પ્રત્યે વિશ્વાસ છે.

મુમુક્ષુ :- મહાત્મા એમની દૃષ્ટિમાં તો એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમની દૃષ્ટિમાં તો એક જ છે એ વખતે. એટલે પોતે પોતાનું નામ ન લખે. એ દૃષ્ટિએ મર્યાદામાં પત્રની અંદર ભાષાપ્રયોગ એવો કર્યો છે. પણ આપણે સીધું વિચારીએ તો એમને એમ કહી દેવું કે 'કૃપાળુદેવ'ને રૂબરૂ આ તમે સમજવાનું રાખશો. આમાં હું તમને સમાધાન નથી કરાવી શકતો પણ 'કૃપાળુદેવ' સમાધાન કરાવી શકશે. અને એમના પ્રત્યક્ષ યોગે તમે અવશ્ય સમાધાન કરજો. એમ કરાવીને શ્રવણ અટકાવવું નહિ. એ વાતને Pending રાખીને શાસ્ત્ર સ્વાધ્યાયમાં તમારે આગળ ચાલવું. એ વાતને અટકાવવી નહિ પણ શાસ્ત્ર બંધ ન કરી દેતા. એ વાતને ઊભી રાખીને તમે આગળ ચાલજો, શ્રવણ કરાવજો.

'તેમ જ કોઈ એક મહાત્મા સિવાય અન્ય સ્થાનકે તે સંશય પૂછવાથી વિશેષ ભ્રમનો હેતુ થશે, અને નિઃસંશયપણાથી થયેલા શ્રવણનો લાભ વૃથા જેવો થશે, એવી દૃષ્ટિ શ્રોતાને હોય તો વધારે હિતકારી થાય.' આ પણ એક સૂચના તમે આપજો શ્રોતાઓના હિતમાં કે જ્યાં સંશય છે, તમે બીજે પૂછવા નહિ જતા. એટલે સંપ્રદાયમાં

ક્યાંય પૂછવા ન જતાં. બીજે તો ક્યાં જાય ? સંપ્રદાયના સાધુ હોય અથવા કોઈ એવા વિદ્વાન હોય અધકચરા, ત્યાં કોઈ જ્ઞાની તો હતા નહિ, એને પૂછવા જાશો તો શું દશા થાશે ? કે એ સંશય પૂછવાથી વિશેષ ભ્રમનો હેતુ થાશે. ભ્રમમાં ઊભો છે અને ભ્રમ વધી જાશે. મિથ્યાત્વમાં ઊભો છે અને મિથ્યાત્વ તીવ્ર થાશે. અને જે કાંઈ એણે નિઃશંકપણે સાંભળ્યું હશે એ લાભ એને ચાલ્યો જશે. શંકા પડે એટલે લાભ ચાલ્યો જાય.

એમાંથી એ સિદ્ધાંત નીકળે છે. કે પ્રથમ કોઈ આસ્થા રાખીને સાંભળે... હવે આપણો ચાલતો વિષય લઈએ કે 'ગુરુદેવ'ને આપણે વર્ષો સુધી સાંભળ્યા. સાંભળ્યા તો આસ્તિક્ય બુદ્ધિથી સાંભળ્યા. એ જ્ઞાની છે, વિશેષજ્ઞ છે, આપણને સમજાવે છે. પણ ક્યાંક શંકા પડી ગઈ કે આ વાત બરાબર નથી લાગતી. અને પોતાનો ભ્રમ વધી ગયો. પોતાનો ભ્રમ વધે ત્યારે શું થાય ? તો એમની છે એ બરાબર (ન લાગે), જ્ઞાનીપુરુષની વાત પણ બરાબર ન લાગે, શાસ્ત્રની વાત પણ બરાબર ન લાગે. ત્યારે એણે જે શ્રવણ કર્યું હોય, વાંચન કર્યું હોય અને જે કાંઈ પરિણામમાં કાંઈક કષાયની મંદતા અથવા દર્શનમોહની મંદતા થઈ હોય એ પાછી તીવ્ર થઈ જાય. બધું વૃથા જાય, નકામું થઈ જાય. એક જગ્યાએ દર્શનમોહની તીવ્રતાને લઈને શંકામાં આવી જાય, આશંકા છોડીને શંકામાં આવી જાય એટલે શાસ્ત્રકર્તાનો કે જ્ઞાનીપુરુષનો કે વિશ્વાસ ગુમાવે એટલે જેટલું આગળ સાંભળ્યું, શ્રવણ કર્યું અને જે કાંઈ થોડું ઘણું પ્રાપ્ત થયું એ બધું એક સપાટે ધોવાણ થઈ જાય. જુઓ ! કેવી કેવી વાતો નીકળે છે આમાંથી ! આવું બધું બની જાય. એટલે બહુ વિશેષ સાવધાન રહેવાનો વિષય છે. વિશેષ સાવધાન રહેવાનો વિષય છે.

મુમુક્ષુ :- સાંભળવા જવું ત્યાં પણ વિવેક રાખીને જવું.

પૂજ્ય ભાઈશ્રી :- સાંભળવું, સાંભળવામાં પણ પોતે કેવી મર્યાદામાં રહીને સાંભળવું ? આ બધો વિષય બહુ વિચારવાન માણસને બહુ હિતબુદ્ધિએ સાંભળવાનું હોય ત્યારે જ બને. નહિતર બુદ્ધિવાળા ઘણા હોય એટલે જાજી બુદ્ધિ જાજી શંકા કરે અને એમાંથી એવું ગોથું ખાય કે જેટલું મળ્યું હોય એ બધું ધોવાણ થઈ જાય.

મુમુક્ષુ :- ૩૦-૩૦, ૪૦-૪૦ વર્ષનું સાંભળ્યું હોય એ બધું ધોવાણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ ધોવાણ થઈ જાય.

એટલે પહેલાં સાંભળ્યું હશે ત્યારે '**નિઃસંશયપણાથી થયેલા શ્રવણનો લાભ વૃથા જેવો થશે, એવી દૃષ્ટિ શ્રોતાને હોય તો વધારે હિતકારી થાય.**' માટે આ દૃષ્ટિકોણ પણ તમે શ્રોતાને આપજો કે આ તમારા હિતની વાત છે. પોતાની શંકાને જ્યાં ત્યાં

પૂછવા જાવું નહિ. આ પણ આમાંથી વાત નીકળે છે. પોતાને કોઈ શાસ્ત્રની, સિદ્ધાંતની, ઉપદેશની કોઈ વાત ન બેસતી હોય તો જ્યાં ત્યાં પૂછવા જાવું નહિ, ઘરે-ઘરે પૂછવા જાવું નહિ. પૂછવા યોગ્ય એવા પુરુષને પુછવું અને ગમે તેને પૂછવું નહિ. નહિતર ઉલમાંથી ચૂલમાં પડે. એક તો શંકામાં હોય અને પાછો વધારે શંકામાં પડે. ઉલમાંથી ચૂલમાં પડે. બે વાત લીધી એમાંથી.

મુમુક્ષુ :- શ્રોતાની જવાબદારી પણ બહુ મોટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રવણ કરનારની આ જવાબદારી લીધી, શ્રોતાની જવાબદારી લીધી. શ્રોતાએ આસ્તિક્ય બુદ્ધિથી શ્રવણ કર્યું હોય તે વિશ્વાસ ગુમાવીને શંકાથી જ્યારે સાંભળે અને શંકાનું નિવારણ ન થાય. બને એવું. કોઈવાર શું બને ? કે પોતાને જે કાંઈ ન બેઠું હોય, પ્રશ્ન ઉપસ્થિત થયો હોય, તેનું સમાધાન માગ્યું હોય અને સમાધાન આપવા છતાં સમાધાન અહીંયાં થાતું ન હોય. એમાં જ્ઞાનીપુરુષનો દોષ નથી પણ પોતાની અજ્ઞાનતાનો દોષ છે. પોતાના અજ્ઞાનને લઈને પોતાને બેસતું નથી. અને એને લઈને પોતાનો દોષ જોવાને બદલે જ્ઞાની ઉપર એને શંકા વધી જાય ત્યારે એણે પહેલાં જે આસ્તિક્ય બુદ્ધિથી સાંભળીને કાંઈક દર્શનમોહની મંદતા કરી હોય એ બધું ધોવાય જાય. એક તો એ સિદ્ધાંત નીકળે છે.

બીજું, પોતાને શંકા પડે તો જ્યાં ત્યાં પૂછવા જાવું નહિ. પૂછવા યોગ્ય વ્યક્તિને જ પૂછવું. નહિતર કો'ક બીજું લાકડું ભરાવી જશે તો એને ખબર પડશે નહિ. આ વાત બહુ સારી કરી છે. વાત ભલે 'લલ્લુજી'ને લખી છે પણ વાત મુમુક્ષુજીવે બહુ સંભાળીને, શંકા-સમાધાન પણ સંભાળીને કરવા યોગ્ય છે એ વાત કરી નાખી. નહિતર ભ્રમમાં પડ્યો છે ઓર વધારે ભ્રમમાં પડી જશે. એ પરિસ્થિતિ થશે. એટલે મુમુક્ષુના હિતને લક્ષમાં રાખીને આટલી સૂક્ષ્મ વિષયની શિખામણ આપી છે. એ ૭૯૮ નંબરનો પત્ર થયો.

પત્રાંક-૭૯૯

મુંબઈ, શ્રાવણ વદ ૧૨, ૧૯૫૩

ૐ

સર્વઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિમત છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે.

સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાનીપુરુષનાં વચનો)નું અવલંબન જે જે વખતે મંદ પડે છે, તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષનો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ અવલંબન રહ્યા છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે.

એમ છે તોપણ જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્રવિચારરૂપ અવલંબનમાં દઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકાપર્યંત પહોંચવું કઠણ નથી; કઠણ છતાં પણ કઠણ નથી.

૭૯૯. શ્રી 'સુખલાલ છગનલાલ' વિરમગામના મુમુક્ષુ છે એને પત્ર લખેલો છે. મથાળામાં 'ૐ' લખ્યો છે. '**સર્વઉત્કૃષ્ટ ભૂમિકામાં...**' ૐ એટલે આત્માનો વાચક અનક્ષરી શબ્દ એને ૐ કહે છે. અનક્ષરી. એમાં નાદ છે ખાલી. ૐ એવો નાદ છે. બીજા કોઈ અક્ષર એમાં ગોઠવવા હોય તો એમ ગોઠવાય. એમાં અ, ઉ અને મ આવે છે. આમ અનક્ષરી છે. ૐકાર નાદ અનક્ષરી નાદ ભગવાનના સમવસરણમાં જે દિવ્યધ્વનિરૂપે પ્રવર્તે છે એને ૐકાર કહે છે. એનું વાચ્ય છે એ શુદ્ધ આત્મા છે. સમયસાર રૂપી શુદ્ધ આત્મા એ ૐકારનું વાચ્ય છે. ૐકાર એનો વાચક છે.

'**સર્વઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિમત છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે.**' ભગવાનના નામે વાત કરે છે. ભગવાનનો આ અભિપ્રાય છે અને અમને પણ એ પ્રત્યક્ષ સાચું દેખાય છે. ભગવાનના અભિપ્રાય પ્રમાણે પ્રત્યક્ષ દેખાય છે. '**સર્વઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા...**' ચોથા ગુણસ્થાનવાળાને પાંચમા ગુણસ્થાન થવામાં, પાંચમાં ગુણસ્થાનને મુનિ દશામાં, મુનિદશાને શ્રેણી માંડવામાં જે જે ઉપરની ભૂમિકામાં સ્થિર થવું છે, એ સ્થિર ન થાય ત્યાં સુધી, પર્યંતનો અર્થ એ લીધો છે, જ્યાં સુધી પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં લીન ન થાય, સ્થિર ન થાય ત્યાં સુધી બહાર ઉપયોગ જાય ત્યારે શું કરવું ? કે '**શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે,...**' તો એને સત્શાસ્ત્રમાં જાવું. સત્સંગ અને સત્શાસ્ત્ર બે ઉપાસવા યોગ્ય છે. નહિતર પછી બીજા પરિણામ છે એ બધા એથી નીચેના એવા છે કે એને પોતાની દશામાં ટકાવી રાખવું, સ્થિર રહી મુનિદશા ટકાવી રાખવી એ એટલું સુગમ નથી એમ કહેવું છે. એટલે ઉત્કૃષ્ટ વ્યવહાર લીધો છે.

ઉત્કૃષ્ટ સ્થિતિ પામવા માટે લીનતા કરવી છે. લીનતા ન હોય ત્યારે સવિકલ્પદશામાં પણ વર્તમાન ભૂમિકામાં સ્થિર રહી શકવા માટે શું સાધન છે બહારમાં ? કેમકે એ બહાર ઉપયોગ ગયો. ઉપયોગ બહાર જાય ત્યારે બાહ્ય સાધન હોવું જોઈએ અને એ ઉપયોગને અંતર ખેંચવા માટે અંતર સાધન પણ હોવું ઘટે છે. આમ બાહ્ય સાધનનું પણ ઉપયોગ બહાર જાય ત્યારે ઉપકારી એટલે નિમિત્તપણું છે અને અંતરંગ સાધન તો સાક્ષાત્ જ ઉપકારી છે. એ તો પોતે સાધ્યને પહોંચાડે છે એવું એ સાધન છે. એ પુરુષાર્થ આદિ છે. અંતરંગ સાધન છે એ પુરુષાર્થ છે અને પ્રયોગ છે પોતાનો.

કહે છે કે, **'સર્વઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવા પર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિમત છે...'** કેમ એમ છે ? કે જે શ્રુતજ્ઞાન છે એ શ્રુતજ્ઞાન શુદ્ધાત્મ ભાવનામાં રહીને લખાયેલું શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાનનો મુખ્ય વિષય શુદ્ધાત્મા છે. ગમે તેટલો એ શ્રુતજ્ઞાનનો વિસ્તાર હોય તોપણ એનું કેન્દ્રસ્થાન શુદ્ધાત્મા છે. આમ છે. અને શુદ્ધાત્મામાં વલણ કરાવે એવું નિમિત્તત્વ એમાં છે. પરિણામને બહિર્મુખપણું છોડાવીને અંતર્મુખ કરે એવું એ શ્રુતજ્ઞાનનું નિમિતત્ત્વ જોઈને સત્પુરુષો પણ સ્વદશામાં સ્થિર રહી શકવા માટે શ્રુતજ્ઞાનનું અવલંબન લે છે. મુનિઓ પણ અવલંબન લે છે. 'અમૃતચંદ્રાચાર્ય' જેવા આચાર્યોએ 'કુંદકુંદ' ભગવાનનું શ્રુતજ્ઞાન હાથમાં લઈને ટીકા કરી.

સમયસારાદિ જેવા મહાન પરમાગમની ટીકા કરતા એમ કહ્યું કે, આ ટીકા કરતા મારી જે કલ્માશિત પરિણતિ છે એની વિશુદ્ધિ થાવ. છે કે નહિ ? 'ગુરુદેવ' તો બહુ ખોલતા કે, પ્રભુ ! તમે ટીકા કરશો ત્યારે તો વિકલ્પ થાશે. તો વિકલ્પથી શુદ્ધિ કેવી રીતે થાશે ? વિકલ્પ તો રાગ છે. ટીકા કરવાનો વિકલ્પ તો રાગ છે અને રાગથી કેવી રીતે શુદ્ધિ થશે ? ભાઈ ! એકલો રાગ તો મિથ્યાદષ્ટિ જોવે છે. મુનિરાજને, આચાર્ય ભગવાનને એકલો રાગ નથી. પણ એ શ્રુતજ્ઞાનના અવલંબને જે શુદ્ધાત્માનો રસ વૃદ્ધિગત થશે, આત્મરસ અને ચૈતન્યરસ પરિણતિમાં વૃદ્ધિગત થશે અને એને લઈને વારંવાર શુદ્ધોપયોગ વિશેષ ઉગ્રપણે થશે, તો પોતાની પરિણતિમાં એ શુદ્ધતાને લઈને શુદ્ધતા વધતી જશે. શુદ્ધતાનું કારણ રાગ નથી પણ શુદ્ધતાનું કારણ શુદ્ધતા છે. પણ અંદર રહેવાતું નથી તો બહાર આવે ત્યારે પણ એ શુદ્ધતા વધે એવું નિમિત્ત પકડવું જોઈએ. એ વિવેકનો વિષય છે. નિમિત્તમાં પણ એ વિવેક કરવા યોગ્ય છે અને એ મોક્ષમાર્ગી ધર્માત્મા પણ વિવેક કરે છે. મોક્ષમાર્ગી ધર્માત્મા પણ વિવેક કરે છે.

'સોગાનીજી'એ લીધું છે કે જેને અંતર્મુખ થવું છે અને જેને મોક્ષ ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત કરવી છે એને બહારમાં સહેજે વિવેક હોય જ. નિમિત્તનો વિવેક એને હોય, હોય ને

હોય જ. એને સહેજે એ વિવેક આવી જાય છે. ન હોય એવું બનતું નથી. કેમકે પોતાને પરિણામને અનુકૂળ સંગ પકડશે ને ? કે પ્રતિકૂળ સંગ પકડશે ? માણસ મિત્ર શોધે તો કેવો શોધે ? પોતાની સાથે મેળ ખાય એવો શોધે ? કે રોજ ઉઠીને એને વડચકા ભરે એવો ગોતે ? એની સાથે ઝઘડા કરે એવો ગોતે ? કેવો ગોતે ? પોતાની સાથે જેને મેળ ખાય એની સાથે એને સામાન્યપણે મિત્રાચારી હોઈ શકે છે.

'એમ જિનનો અભિમત છે...' જુઓ ! ભગવાને પણ એ વાત કરી છે કહે છે. અને **'તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે.'** અમે પણ જે ભૂમિકામાં છીએ એ ભૂમિકામાં પણ અમને શ્રુતજ્ઞાનનું અવલંબન છે એ સ્વદશામાં સ્થિર રહેવા માટે નિમિત્તભૂત છે એ અમને પ્રત્યક્ષ પણ અનુભવગોચર થાય છે. **'સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાનીપુરુષનાં વચનો)...'** જુઓ ! શ્રુતજ્ઞાનનો અર્થ કર્યો છે–જ્ઞાનીપુરુષનાં વચનો. શ્રુતજ્ઞાનનો અર્થ કૌંસમાં પોતે કર્યો છે. 'ગુરુદેવશ્રી' એ આ અર્થ મુખ્યપણે વધારે સ્પષ્ટપણે 'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત'માં કર્યો કે આ શ્રુતજ્ઞાન છે, આ જિનવાણી છે, આ ભગવાનની વાણી છે અને આ દિવ્યધ્વનિ છે. એ બધું સ્પષ્ટ ત્યારે કર્યું. નહિતર શું છે ? સંપ્રદાયબુદ્ધિએ આચાર્યોની વાણી હોય એને શ્રુતજ્ઞાન કહેવું, મુનિઓની વાણી હોય એને શ્રુતજ્ઞાન કહેવું પણ સત્પુરુષની વાણીને શ્રુતજ્ઞાન ન કહેવું. આવો એક સંપ્રદાયબુદ્ધિમાં ભ્રમ થાય છે. એ અહીંયાં સ્પષ્ટ થઈ ગયું. પોતે કૌંસ કર્યો છે. કોઈ એક અક્ષર બીજો નથી નાખ્યો. કૌંસ પોતે પણ ક્યાંક ક્યાંક ભરતા હતા.

'સર્વોત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાનીપુરુષનાં વચનો)નું અવલંબન જે જે વખતે મંદ પડે છે, તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષો પણ પામી જાય છે,...' જો શ્રુતજ્ઞાનનું અવલંબન લેવાનું ઓછું થઈ જાય અને બાહ્યાકાર ઉપયોગમાં બીજા બીજા નિમિત્તોનો સંગ થઈ જાય તો ચંચળતા વધી જાય છે. એટલે ચારિત્રમોહનો દોષ છે એ વધી જાય છે. ચપળપણું એટલે ચંચળતા અથવા અસ્થિરતા વધી જાય છે. **'તે તે વખતે કંઈ કંઈ ચપળપણું સત્પુરુષો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુજીવો કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ અવલંબન રહ્યાં છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે.'** આ તો સત્પુરુષોને પણ આ જાળવવા જેવી વાત છે, જ્ઞાનીઓને પણ જાળવવા જેવી વાત છે. મુનિ કાંઈ એમ વિચારે ? કે આ તો બીજા મુનિનું છે ને ? ભગવાનની વાણી ક્યાં છે ? બીજા મુનિના વચનો પણ શ્રુતજ્ઞાન છે. અને જ્ઞાનીઓને અને મુનિઓને અને ઉત્કૃષ્ટ દશાના મુમુક્ષુઓને પણ વાણી ઉપરથી લખનારની દશાની તારતમ્યતાનું માપ આવે છે. લખનારની દશાની માપ આવે છે એવી પ્રજ્ઞા વિશેષ હોય છે. ૬૭૯માં લીધું છે.

ભૂતકાળમાં થઈ ગયેલા જ્ઞાનીઓની દશા માપી લે છે. પોતે લખે છે. 'કુંદકુંદાચાર્યજી' તો સ્વરૂપમાં વધારે સ્થિર હતા. ક્યાંથી લખ્યું ? ૧૯૦૦-૨૦૦૦ વર્ષનું છેટું છે. એ સ્વરૂપમાં વધારે સ્થિર હતા એ ક્યાંથી જાણ્યું ? એ નિર્મળ શ્રુતજ્ઞાનથી એમની વાણીના નિમિત્તે જાણ્યું છે કે એમની આત્મસ્વભામાં સ્થિરતા ઘણી હતી.

સત્પુરુષોને ચંચળપણું મટાડવા અર્થે શ્રુતજ્ઞાનનું અવલંબન યોગ્ય છે. '**તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો કે જેને...**' શ્રુતજ્ઞાનનું અવલંબન ન લે તો વિપરીત સમાગમ તો એને ઘરમાં જ થઈ જાય. બહાર જાય તો દુકાને, બજારમાં થઈ જાય અથવા આડોશ-પાડોશમાં જ્યાં જાય ત્યાં સમાગમ તો મુમુક્ષુનો છે નહિ. ધર્માત્માનો સમાગમ છે નહિ. બધો વિપરીત સમાગમ છે અથવા અસત્સંગ છે. સત્સંગ નથી પણ અસત્સંગ છે. એવો વિપરીત સમાગમ અને '**વિપરીત શ્રુતાદિ અવલંબન રહ્યાં છે.**' બીજું તો હાલ્યા જાય ને મહાત્માના જાણવાના સમાચાર મળ્યા કરશે, સાંભળવા મળશે. વિપરીત શ્રુત-દુનિયાના પ્રસંગો, જગતના પ્રસંગો (સાંભળવા મળશે). અમથા અમથા કોઈ ભેગા થઈને (વાતે કરશે), ભાઈ ! ખબર પડી કે ફલાણું આમ થઈ ગયું છે, ફલાણું આમ થઈ ગયું છે. દુનિયાદારીના બધા પ્રસંગો એ જ સાંભળવા મળશે. વિપરીત શ્રુતનું તો અવલંબન રહ્યું છે. '**તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણું થવા યોગ્ય છે.**' અને એને અવલંબીને ઉપયોગ પ્રવર્તે ત્યારે તે ઉપયોગમાં ચંચળતા વધે. મુમુક્ષુને ચંચળતા વધી જાય તો એને સ્થિરતાથી દૂર જાવું પડે. એને શુદ્ધોપયોગથી દૂર જવાની પરિસ્થિતિ આવે છે.

'**એમ છે તોપણ જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્રવિચારરૂપ અવલંબનમાં દઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકાપર્યંત પહોંચવું કઠણ નથી; કઠણ છતાં પણ કઠણ નથી.**' અભિવ્યક્તિ કેવી સરસ છે ! સાદી ભાષામાં પણ પોતાને જે કહેવું છે એનો Tone કેવો સરસ આવે છે !

મુમુક્ષુ :- વાતને ભૂલી નથી જતા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે કહેવું છે એ બરાબર વ્યક્ત કરી શકે છે.

સત્પુરુષોને પણ આમ છે તોપણ મુમુક્ષુઓ જો સત્સમાગમમાં વિશિષ્ટપણે રહે, સદાચાર છોડે નહિ અને સત્શાસ્ત્રના વિચારરૂપ અવલંબનમાં દઢ નિવાસ કરે તો એને પણ સરવાળે સર્વોત્કૃષ્ટ ભૂમિકા એવું નિર્વાણપદે પહોંચવું કઠણ નથી. ભલે આમ કઠણ ગણાય છે અને કઠણ છે છતાં આમ કરનારને કઠણ નથી એમ કહેવું છે. આ સહેલુ કરી દીધું.

મુમુક્ષુ : અમારા માટે (સહેલું) છે...

પૂજ્ય ભાઈશ્રી : બધાને માટે લાગુ પડે છે. કોઈના પણ માટે એ લાગુ પડે છે. સમય છે એની કિંમત ઘણી છે. એનો સદુપયોગ કરવો. થઈ શકે એટલો વધારે સદુપયોગ કરવો, પણ એનો દુરુપયોગ ન થાય એની સાવધાની રાખવી. આમ છે.

મુમુક્ષુ :- કેવું સરસ માર્ગદર્શન છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સરસ માર્ગદર્શન છે. મુમુક્ષુઓ માટેનો તો પત્ર છે ને ? પત્રો જ મુમુક્ષુઓને લખાયેલા છે. એટલે મુમુક્ષુઓને એ ઉપકારી વિષય છે. એનો અભિપ્રાય સમજવા જેવો છે. 'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત' પ્રકાશિત થયા ત્યારે એમણે એમ કહ્યું કે લાખ નકલ છપાવો. એટલે ખુબ પ્રચાર કરો. મુમુક્ષુ સમાજમાં આનો ખૂબ પ્રચાર કરો. એમ કેમ કહ્યું ? પાછું એમ કહ્યું કે અમે કોઈ પુસ્તક માટે ક્યારેય કહ્યું નથી. આ પુસ્તક માટે કહીએ છીએ. એમ કેમ કહ્યું ? કે એ ગ્રંથમાં મુમુક્ષુને યોગ્ય ભૂમિકાનું માર્ગદર્શન ઘણું છે. જેમ 'કૃપાળુદેવ'ના વચનામૃતમાં એ વાત વિશેષ છે, એમ 'પૂજ્ય બહેનશ્રી'એ પણ પોતાના સ્વાધ્યાયમાં અને વાંચનમાં મુમુક્ષુને અનુલક્ષીને ઘણી વાતો કરી છે. અને એ વાતો બહાર આવી. બીજી વાતો પણ કરી છે, નથી કરી એમ નથી. અને એ તો બધાના વચનોમાં બીજી ઉપરની ભૂમિકાની વાતો તો આવે. નિર્વાણપદ સુધીની વાતો આવે. પણ મુખ્યપણે વિષય મુમુક્ષુને કામમાં આવે એવો હોવાથી 'ગુરુદેવે' પોતાનો અભિપ્રાય વ્યક્ત કરેલો હતો. તો જ્યાં જ્યાં એ પ્રકાર હોય ત્યાં એ મત લાગુ પડે છે કે નહિ ? જે જે ગ્રંથોમાં મુમુક્ષુને યોગ્ય જે વધારે માર્ગદર્શન મળતું હોય તો શ્રીગુરુનો ત્યાં અભિપ્રાય લાગુ પડે છે.

મુમુક્ષુ :- યથાર્થપણે એ વાત કરે છે. ભેટ આપો બધાને એમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. હા. અભિપ્રાય એમ થયો ને કે આનો પ્રચાર ખૂબ થાવ. એનો અર્થ શું થયો ? કે આનો પ્રચાર ખુબ થાવ. તો મુમુક્ષુને યોગ્ય જે માર્ગ મળતો હોય એવા જે કોઈ ગ્રંથો હોય તે તમામમાં 'ગુરુદેવ'નો અભિપ્રાય લાગુ પડે છે.

હમણાં એક મુમુક્ષુભાઈએ પ્રશ્ન પૂછ્યો કે, તમે બે, અઢી વર્ષથી એકલું 'શ્રીમદ્' જ વાંચો છો ? 'સમયસાર' ને બધા ઘણાં શાસ્ત્ર છે તોપણ તમે 'શ્રીમદ્' વાંચો છો ? અમારે તો 'સમયસાર' પણ વંચાય છે, 'કળશટીકા' પણ વંચાય છે, 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' પણ વંચાય છે અને આ પણ વંચાય છે. અમારે તો ચાર ચાર શાસ્ત્ર ચાલે છે. ઓલી વાત મોટી થઈ ગઈ. 'શ્રીમદ્' વંચાય છે... 'શ્રીમદ્' વંચાય છે. એ વાત જરા Propaganda થઈ ગઈ. વિદ્વાન માણસ હતા, હોં ! આ વિદ્વાન માણસ પ્રશ્ન કરે. તમે બે, અઢી વર્ષ સુધી એકલું 'શ્રીમદ્' જ વાંચ્યું ! એકલું 'શ્રીમદ્' વાંચ્યું ? એકલું નથી વાંચ્યું. ઘરે પાછો સ્વાધ્યાય ચાલતો હોય છે એ પાછા બીજા શાસ્ત્રોનો ચાલતો હોય

છે. તો એક સાથે ઘરનું વાંચન ગણીએ તો પાંચ-પાંચ શાસ્ત્ર ચાલે છે. પછી એકલું કેવી રીતે ગણશો ? એ ખબર નહિ. મેં કહ્યું, કોઈની વાતમાં ક્યાં ચડી જાવ ?

મુમુક્ષુ :- ટેપમાં તો 'બહેનશ્રીના વચનામૃત' લીધા હતા. પહેલેથી છેલ્લે સુધી. ૪૩૨ ગાથા સુધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ .. પાછું એ છઠ્ઠું થયું.

મુમુક્ષુ :- 'બહેનશ્રીના વચનામૃત'માં બહુ સરસ વ્યાખ્યાનો બધા આવ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- પણ કહેવાનો મતલબ શું છે કે આ તો 'ગુરુદેવ'નો અભિપ્રાય કહો કે 'ગુરુદેવ'ની આજ્ઞા કહો, એને અનુસરવું તે યોગ્ય છે. મુમુક્ષુનો એ પરમધર્મ છે કે આજ્ઞાને અનુસરવું. ... કેટલા પડખેથી માર્ગદર્શન આપ્યું છે. કેમકે ભિન્ન ભિન્ન કક્ષાવાળા મુમુક્ષુઓ મળ્યા. ભિન્ન ભિન્ન યોગ્યતામાં ભિન્ન ભિન્ન માર્ગદર્શનની આવશ્યકતા દેખાણી.

મુમુક્ષુ :- બધું અમને લાગુ પડે એવું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જેને જેને જે લાગુ પડતું હોય એ પ્રકાર અંગીકાર કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા, રોજ ચાર-પાંચ કલાક વાંચવું જોઈએ. બધું આમાં જ આવી ગયું. શ્રુતનું અવલંબન લેવું.

પૂજ્ય ભાઈશ્રી :- શ્રુતનું અવલંબન લેવું. સત્પુરુષો લે છે, મુનિઓ લે છે. 'અમૃતચંદ્રાચાર્ય' જેવા આચાર્ય. 'ઉમાસ્વામી'એ 'તત્ત્વાર્થસૂત્ર' લખ્યું-મોક્ષ શાસ્ત્ર. કેટલી ટીકાઓ કરી છે. સર્વાર્થસિદ્ધિ ને બધી. શ્લોકવાર્તિક ને રાજવાર્તિક એ બધી એની ટીકાઓ છે. એની ઉપર ટીકાઓ છે. એ બતાવે છે કે મુનિઓ પણ શ્રુતનું પૂર્વાચાર્યોનું અવલંબન લે છે. અને ટીકા કરતા કરતા એમાં ઉદ્ધરણ કરે પાછા. 'પ્રવચનસાર'માં 'અમૃતચંદ્રાચાર્ય' પાછા બીજા શાસ્ત્રોના આધાર આપે. 'પરમાત્મ પ્રકાશ'ના એના આધાર લીધા છે ને ? ઉપયોગ બહાર જાય છે શું કરીશ તું?

વાત તો એ છે કે અંતર્મુખ ઉપયોગ તો એક-બે ઘડી રહે એટલે પછી તો કાંઈ બહાર આવવાનો પ્રસંગ રહેતો નથી. શ્રેણી માંડી કે કેવળજ્ઞાન થઈ ગયું. પણ મુનિને પણ જ્યાં હજી શ્રેણી માંડવાનો પુરુષાર્થ ચાલતો નથી. એ ઉપયોગ બહાર આવ્યા વિના રહેવાનો નથી. એ બહાર આવશે તો શું કરીશ તું ? ભાઈ ! વિવેક કરજે, એમ કહે છે. તું ત્યાં વિવેક કરજે. નિમિત્તનો વિવેક કરજે. આત્માનો વિવેક છે. નિમિત્તનો વિવેક નથી પણ Indirectly તો આત્માનો એ વિવેક છે. એ ૮૨૭માં કહ્યું છે, 'પરમાગમસાર'માં. નિમિત્તનો વિવેક છે એ આત્માનો વિવેક છે.

મુમુક્ષુ :- એ જ ગુણસ્થાનના આચાર્યનો આધાર લે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ જ ગુણસ્થાનના આચાર્યનો આધાર લ્યે. જ્ઞાની પણ બીજા જ્ઞાનીના વચનોનો આધાર લે. 'ગુરુદેવે' પૂજ્ય બહેનશ્રીના વચનામૃતો ઉપર પ્રવચનો કર્યા કે ન કર્યા ? પોતે તો પોતાનો સ્વાધ્યાય કર્યો કે નહિ ? ઠીક ! ગુરુ-શિષ્ય કોઈ છે નહિ. એમની દૃષ્ટિમાં કોઈ ગુરુ-શિષ્ય છે નહિ. એક વ્યવહારનો વિષય છે. જ્ઞાન થયું, એટલું જ બહુમાન આવે. કોઈપણ આત્માને જ્ઞાન થયું એટલે એટલું જ બહુમાન આવે. 'સોગાનીજી' પ્રત્યે, એ એમના શિષ્ય હતા, કેટલું બહુમાન હતું ! એટલે એમાં તો દશા જોવાય છે, ગુણ જોવાય છે, ગુણવાનની દૃષ્ટિ ગુણને જોવે છે, બીજું જોતું નથી.

મુમુક્ષુ :- બધાને સાધર્મી તરીકે જોવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધાને સાધર્મી જોવે છે. જુઓને ! અજ્ઞાનીને એમ જોવે છે તો પછી જ્ઞાનીની ક્યાં વાત કરવી ! એવી વિશાળ દૃષ્ટિ છે અને એવી ઉદાર દૃષ્ટિ છે. વિશાળ દૃષ્ટિ છે એ ઉદાર દૃષ્ટિ છે. એમ છે ખરેખર તો. એ ૭૯૯ થયો.

પત્રાંક-૮૦૦

મુંબઈ, શ્રાવણ વદ ૧૨, ૧૯૫૩

ૐ

પત્ર મળ્યું છે. દિવાળી પર્યંત ઘણું કરીને આ ક્ષેત્રે સ્થિતિ થશે.

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જે સત્પુરુષને પ્રતિબંધ નથી તે સત્પુરુષોને નમસ્કાર.

સત્સમાગમ, સત્શાસ્ત્ર અને સદાચારમાં દૃઢ નિવાસ એ આત્મદશા થવાનાં પ્રબળ અવલંબન છે. સત્સમાગમનો યોગ દુર્લભ છે, તોપણ મુમુક્ષુએ તે યોગની તીવ્ર જિજ્ઞાસા રાખવી અને પ્રાપ્તિ કરવી યોગ્ય છે. તે યોગના અભાવે તો અવશ્ય કરી સત્શાસ્ત્રરૂપ વિચારના અવલંબને કરી સદાચારની જાગૃતિ જીવે રાખવી ઘટે છે.

૮૦૦મો પત્ર. '**શ્રી મગનલાલ ખીમચંદ, લીંબડી**'. 'લીંબડી'ના એક મુમુક્ષુભાઈને લખેલો પત્ર છે. '**પત્ર મળ્યું છે. દિવાળી પર્યંત ઘણું કરીને આ ક્ષેત્રે સ્થિતિ થશે.**' એટલે 'મુંબઈ' આવ્યા છે અને શ્રાવણ મહિને એમ લખે છે કે દિવાળી સુધી તો ઘણું કરીને 'મુંબઈ' રહેવાનું થશે. '**દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જે સત્પુરુષોને**

પ્રતિબંધ નથી તે સત્પુરુષોને નમસ્કાર.' શું કહે છે ? કેમકે 'મુંબઈ'નું ક્ષેત્ર છે એ નિમિત્તપણે પ્રતિબંધને યોગ્ય ક્ષેત્ર છે. અને પૂર્વકર્મના યોગે જ્યાં ઘણો અસત્સમાગમ હોય, સત્સમાગમ ન હોય એવા ક્ષેત્રમાં ધર્માત્મા પણ આવી પડે તોપણ એને પ્રતિબંધ ન થાય એ પ્રકારે પોતે પુરુષાર્થમાં પ્રવર્તે છે. અહીંયાં પરદ્રવ્ય લેવા. પરદ્રવ્યથી, પરક્ષેત્રથી, પરકાળથી અને પરભાવથી.

'જે સત્પુરુષોને પ્રતિબંધ નથી...' જે એ કોઈ ચારેય-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ક્યાંય પણ અટકતા નથી, એકત્વપણું પામતા નથી અથવા કાંઈ અમને મમત્વ થતું નથી. **'તે સત્પુરુષોને નમસ્કાર.'** 'મુંબઈ'માં રહીને પણ શુદ્ધોપયોગમાં આવતા હશે. 'મુંબઈ'માં રહીને પણ શુદ્ધોપયોગમાં આવે છે. ભરત મહારાજા ચક્રવર્તી માટે લડાઈ કરે. ત્યારે એ લડાઈનું મેદાન છોડીને સાંજે સાંયકાળે ધ્યાનમાં બેસે તો શુદ્ધોપયોગમાં આવે. લડાઈનો પ્રતિબંધ એને રહેતો નથી એનું આ કારણ છે. તે લડાઈના પરિણામથી મુક્ત છે. લડાઈ કરે છે ત્યારે પણ મુક્ત છે અને એની સાબિતી એ છે કે એ પ્રવૃત્તિ છૂટતાં એમને શુદ્ધોપયોગમાં આવતા વાર લાગતી નથી. માટે એનો એને પ્રતિબંધ નથી એ સિદ્ધ થાય છે. એવા સત્પુરુષોને પોતે નમસ્કાર કર્યા છે. પોતે પણ એ સત્પુરુષની કક્ષામાં છે છતાં પણ અહીંયાં પેલા ભાઈએ કાંઈક પૂછાવ્યું છે કે આપ નિવૃત્તિ ક્ષેત્રમાં આવશો કે નહિ ? નિવૃત્તિમાં અમને લાભ મળશે કે નહિ ? એવી કોઈ વાત નિવૃત્તિક્ષેત્રની થઈ હશે. ત્યારે લખે છે કે દિવાળી સુધી તો અહીંથી નીકળાય એવું લાગતું નથી. પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો અમને પ્રતિબંધ નથી. એમ છે.

મુમુક્ષુ :- છ ખંડને સાધે છે કે અખંડને સાધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અખંડને સાધે છે. એમ છે.

મુમુક્ષુ :- આ 'મુંબઈ'માં અખંડને સાધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. પાછું ત્યાં સત્સંગ વગેરે તો ચાલતું જ હોય છે એમને. દુકાને પણ ચાલતું હતું. વેપાર કરે તો કોઈ મુમુક્ષુ આવી જાય. પાછા સાંજે તો વળી લગભગ નિયમિત ચાલતું હતું. એક બીજી એમની Office હતી. .. કામ હશે. જ્યાં બહુ ઘરાકી ન હોય, Wholesaleનું કામ હોય, Commission નું જ કામ હોય. બહારનું જ કામ હોય, Office તો ખાલી હિસાબ-કિતાબ માટે રાખે છે ને બધા ? મેડી રાખે છે. એવું હોય ત્યાં જઈને બેસતા હતા. પછી જે રોજ સમાગમમાં આવવાવાળા હોય, 'મુંબઈ'માં રહેનારા બે-ચાર જણા ત્યાં સાંજે આવે. અને એમાં જો કોઈ વખત ચર્ચા ચાલી હોય તો પછી રાતે કેટલા વાગે એનો મેળ નહિ. એટલે કહેવાય કે 'મુંબઈ'માં રહેતા હતા, ધંધો કરતા હતા. પણ એમની બાહ્ય પ્રવૃત્તિમાં સત્સમાગમ

ચાલતો હતો. અંતર પ્રવૃત્તિમાં પણ આત્માનો પુરુષાર્થ ચાલતો હતો. આ તો બધું પત્રો મળે એટલે ખ્યાલ આવે કે ક્યાં ક્યાં શું શું બન્યું છે. નહિતર તો ખબર જ કેમ પડે ? 'મુંબઈ' તો વેપાર જ એકલો કરતા હશે. કારણ કે 'મુંબઈ'માં જઈને બધા એકલો વેપાર જ કરતા હોય. એમ 'શ્રીમદ્‌જી' પણ એકલા વેપારમાં પડી ગયા હશે. એવું એમને પણ હતું નહિ.

મુમુક્ષુ :- ઉદયના પ્રસંગમાં તો બધે મોકળાશ એટલી રાખે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલી મોકળાશ રાખે છે અને એમનું ચિત્ત ક્યાંય ચોંટતું નથી એ તો લખે છે કે અમારું ચિત્ત ક્યાંય ચોંટતું નથી. આમ કરીએ છીએ, લઈએ છીએ, દઈએ છીએ, બોલીએ છીએ, હસીએ છીએ પણ અમારું ચિત્ત ક્યાંય ચોંટતું નથી. એ તો લખ્યું છે. એ તો પ્રવૃત્તિ દરમ્યાન ચિત્ત ચોંટતું નથી. પાછો સત્સમાગમ વખતે તો વિષય આખો બદલાય જાય. કેમકે એ તો ગૌણ હોય એટલે ક્યાંય વયું જાય પહેલેથી જ.

'સત્સમાગમ, સત્શાસ્ત્ર અને સદાચારમાં દઢ નિવાસ એ આત્મદશા થવાના પ્રબળ અવલંબન છે.' શું કહે છે ? સત્સમાગમ, સત્શાસ્ત્ર, સદાચાર ત્રણ બોલ ઉપર જે લીધા છે. એક જ દિવસનો કાગળ છે. શ્રાવણ વદ ૧૨ અને શ્રાવણ વદ ૧૨. એ ત્રણેમાં દઢ નિવાસ એટલે એમાં દઢપણે રહેવું. વિશેષ ઉત્સાહથી, વિશેષ રસવાળા પરિણામથી સત્સમાગમ કરવો, સત્શાસ્ત્રનું અધ્યયન કરવું અને સદાચારમાં રહેવું એ આત્મદશા થવાના પ્રબળ અવલંબન છે. બાહ્ય સાધનમાં. બાહ્ય સાધનમાં એમણે બીજા કોઈ બાહ્ય સાધન નથી લીધા, જોયું ! પૂજા, યાત્રા, દાન, કોઈ ક્રિયા એવું કાંઈ લેતા નથી. સત્સમગામ, સત્શાસ્ત્ર અને સદાચાર. એ ત્રણ આવી ગયા. સદાચારમાં થોડી ઘણી બાહ્યપ્રવૃત્તિ આવી જાય છે. જે હોય તે. મુમુક્ષુને યોગ્ય. **'એ આત્મદશા થવાના પ્રબળ અવલંનબ છે.'**

'સત્સમાગમનો યોગ દુર્લભ છે,...' હવે એમાં જે સત્સમાગમનો યોગ છે એ દુર્લભ છે. **'તોપણ મુમુક્ષુએ તે યોગની તીવ્ર જિજ્ઞાસા રાખવી અને પ્રાપ્તિ કરવી યોગ્ય છે.'** શું શિખામણ આપી ? કે સત્સમાગમ નિરંતર મળે એવું પુણ્ય તો ભાગ્યે જ હોય કે સત્પુરુષનો યોગ નિરંતર મળે. 'ગુરુદેવ'નો યોગ તમને બધાને તો વર્ષો સુધી નિરંતર મળ્યો. બહુ ન મળે એવો. સામાન્ય રીતે ચોથા ગુણસ્થાને જ્ઞાનીપુરુષ નિવૃત્તિયોગમાં ન હોય અને પૂર્વ કર્મથી મોટા ભાગે તો પ્રવૃત્તિયોગમાં જ હોય. એટલે એનો નિરંતર યોગ ન મળે. 'ગુરુદેવ' જેવાની તો વાત જ કોઈ (અલૌકિક છે) ! પહેલેથી જ એ નિવૃત્તિમાં હતા. તો હજારો મુમુક્ષુઓને, સેંકડો મુમુક્ષુઓને નિવૃત્તિયોગ વર્ષો સુધી મળ્યો છે.

વર્ષોના વર્ષો સુધી મળ્યો છે. બહુ દુર્લભ ચીજ છે. એવો યોગ મળવો એ બહુ દુર્લભ ચીજ છે.

હવે ન હોય તો શું કરવું ? એની શિખામણ આપે છે. એવો યોગ ન હોય તોપણ '**મુમુક્ષુએ તે યોગની તીવ્ર જિજ્ઞાસા રાખવી...**' એવો યોગ મને ક્યારે મળે ? મને ક્યારે એ યોગની પ્રાપ્તિ થાય એની ભાવના અને જિજ્ઞાસા રાખવી, એમ કહે છે. '**અને પ્રાપ્તિ કરવી યોગ્ય છે.**' એવી ભાવના રાખવી અને શક્ય હોય તો સત્સમાગમ જ્યાં થઈ શકે ત્યાં પોતે જવું, તથા તેની પ્રાપ્તિ કરવી યોગ્ય છે. '**તે યોગના અભાવે તો અવશ્ય કરી સત્શાસ્ત્રરૂપ વિચારના અવલંબને કરી સદાચારની જાગૃતિ જીવે રાખવી ઘટે છે.**' તે યોગના અભાવે એટલે પ્રત્યક્ષ સત્પુરુષનો યોગનો અભાવ હોય તોપછી સત્શાસ્ત્રરૂપ વિચારનું અવલંબન રાખવું. એકલું સત્શાસ્ત્ર વાંચવું ન લીધું. સત્શાસ્ત્રરૂપ વિચારનું અવલંબન રાખવું, જાગૃતિ રાખવી. મુમુક્ષુની ભૂમિકા બહારના કોઈપણ આચરણ કરવા નહિ. એ જીવે રાખવું ઘટે છે. એટલી આ શિખામણ આપી દીધી. બચાવી લીધા. પ્રત્યક્ષ યોગ નથી તોપણ સૂચના આપીને બચાવી લીધા છે. 'ગુરુદેવ' તો બહુ ચોખ્ખું કહેતા. મુમુક્ષુને તો બે-ચાર કલાકનો સ્વાધ્યાય તો હોવો જ જોઈએ. અડધી કલાક-કલાકનું નહોતા કહેતા. બે-ચાર કલાકનો તો સ્વાધ્યાય હોવો જ જોઈએ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સત્સમાગમ, સદ્આચાર, સત્શાસ્ત્ર. બધું સત્ જ લીધું છે.

મુમુક્ષુ :- સત્શાસ્ત્રમાં શું કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- સત્શાસ્ત્રમાં સત્પુરુષોના વચનોને સત્શાસ્ત્ર કહે છે. જે જ્ઞાનીપુરુષના વચનો છે. સત્શાસ્ત્રરૂપ વચનો છે તો એ સત્શાસ્ત્રરૂપ વિચારના અવલંબને સાદાચાર કરી જાગૃતિ રાખવી. અભિપ્રાય તો બધા જ્ઞાનીનો એક જ હોય ને ? જે આપણે સૌ મેળવી શકીએ છીએ કે 'ગુરુદેવ' પણ આમ કહેતા. એ ૮૦૦મો પત્ર થયો.

મુમુક્ષુ :- પ્રવચનમાં તો આવવું પણ ટાઈમસર આવવું. મોડા આવે તે ઠપકો આપતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાસ્ત્રનો અવિનય થાય ને. શાસ્ત્રનો અવિનય થાય તો શાસ્ત્ર 'સમયસાર' આદિ વંચાતું હોય તો શાસ્ત્રકર્તા આચાર્યનો અવિનય થાય. ગુરુ અને શાસ્ત્રનો અવિનય થાય એટલે દર્શનમોહની તીવ્રતા થાય. એનાથી દંડ મોટો પડે છે, નુકસાન મોટું થાય છે એ વિચારવા યોગ્ય છે. બીજાને ન કહે પણ અમારા જેવા મોડા થયા હોય તો 'ગુરુદેવ' ગરમ થઈ જાય. અમારે એવું થયું હતું.

મુમુક્ષુ :- એક વખત થયું હતું ને. ભાદરવા વદ એકમે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાદરવા વદ એકમે ક્ષમાપના હતી. પદ્ધતિ ત્યારથી બદલી. તે દિવસે આપણે બધાનું સંઘ જમણ થતું હતું. સ્વામિ વાત્સલ્ય. એટલે જમવામાં મોડું થાય. ત્યાં તો ૩થી ૪ વ્યાખ્યાન. જમવામાં બે-અઢી વાગ્યા સુધી ચાલે. બસમાં તો બધાને સાથે જવાનું. બધા જમી લે પછી બસ ચાલે. .. ચાલે તો. પછી બસવાળા હેરાન કરે. એમાં પડેલું કાંઈક પંક્ચર. એક તો માંડ માંડ પહોંચાય એવું થયું. એમાં પડ્યું પંક્ચર. પંદર-વીસ મિનિટ મોડા થયા. મોડા આવ્યા. જોયું. જાવ. ત્યાંને ત્યાં બધા બેસી જાવ. કોઈએ આગળ નહિ આવવું. અમે આગળ બેસીએ ને ? ત્યાં ને ત્યાં બેસી જાવ કહે.

મુમુક્ષુ :- કેવું સરસ આવી ગયું તમે મોડા પડ્યા... જગ્યા રાખવી જોઈએ આવવાની...

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો નિયમ જ ફેરવી નાખ્યો હતો. ભાદરવા વદ એકમે ક્યારેય પણ સ્વામી વાત્સલ્ય રાખવાનું નહિ. ફેરફાર કરી નાખ્યો. Cancel કરી નાખ્યો. ત્યારથી સ્વામી વાત્સલ્યનો તો દિવસ જ બદલી નાખ્યો. તે દિવસે રાખીએ તો વળી એ બધી ભાંગજડ ઊભી થાય ને ? માટે પહેલેથી મોકળાશ રાખવો. આપણે એટલો આદર રાખવામાં શું વાંધો છે ?

'ગુરુદેવ' ગુસ્સો કરીને ઠપકો આપે તોપણ એમાં પ્રેમની નિશાની છે. બધા ઉપર ગુસ્સો ન થાય. ઘરના છોકરાને ધોલ મારી લેવાય. પાડોશીના છોકરાને ધોલ મરાય નહિ. અરે..! ઊંચે સાદે ન કહેવાય. મોટો ઝઘડો થઈ જાય.

મુમુક્ષુ :- જૂના હોય એને વઢાઈ નવાને...

પૂજ્ય ભાઈશ્રી :- નવાને ન કહે. એ પ્રેમની નિશાની છે. એમની કૃપાની નિશાની છે. પ્રેમ કહતાં પણ એમની કરુણાની એ નિશાની છે ખરેખર. કરુણા વિશેષ કરુણા હોય છે. એમ સવળુ લેવાનુ હોય આમાં. અવળુ લેવાનું ન હોય, એમ કહેવું છે.

પત્રાંક-૮૦૧

મુંબઈ, ભાદ્રપદ સુદ ૬, ગુરુ, ૧૯૫૩

પરમ કૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી, વવાણિયાબંદર.

આજ દિવસ પર્યંત મેં આપનો કાંઈ પણ અવિનય, અભક્તિ કે અપરાધ કર્યો હોય તે બે હાથ જોડી મસ્તક નમાવીને શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું.

કૃપા કરીને આપ ક્ષમા આપશો. મારી માતુશ્રી પ્રત્યે પણ તે જ રીતે ખમાવું છું. તેમ જ બીજા સાથ સર્વે પ્રત્યે મેં કોઈ પણ પ્રકારનો અપરાધ કે અવિનય જાણતાં અથવા અજાણતાં કર્યો હોય તે શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. કૃપા કરીને સૌ ક્ષમા આપશોજી.

૮૦૧. '**પરમ કૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી, વવાણિયા બંદર.**' આ એમના પિતાશ્રીને પત્ર લખ્યો છે. ભાદરવા સુદ છઠ એટલે ક્ષમાપનાના દિવસો ચાલે છે. એ શ્વેતાંબરના છે. મુખ્યપણે શ્વેતાંબરના જ પર્યુષણ ગણાય છે ને ? તે દિ' તો દિગંબરને ઓળખતું કોણ ? કાઠિયાવાડમાં કોઈ દિગંબરને ઓળખતું નહિ. જૈન એટલે શ્વેતાંબર. શ્વેતાંબરના ભાદરવા સુદ ચોથે પર્યુષણ પૂરા થાય પછી આ ક્ષમાપનાનો પત્ર લખ્યો છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ બહાર પાડ્યો દિગંબર ધર્મ. આખા ગુજરાતમાં, સૌરાષ્ટ્રમાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કોઈ ઓળખતું નહિ અહીંયાં. એક 'જુનાગઢ' અને 'ભાવનગર'માં થોડાક કુટુંબ. એટલે કોઈ જાણે નહિ કે દિગંબર જેવો કોઈ સંપ્રદાય છે.

મુમુક્ષુ :- 'જુનાગઢ'માં પણ નહિ. ફક્ત 'ભાવનગર'માં જ.

પૂજ્ય ભાઈશ્રી :- એકલા 'ભાવનગર'માં ? 'જુનાગઢ'માં મંદિર તો જૂના છે. વસ્તી નથી.

મુમુક્ષુ :- વસતી નહિ. એક જમાનામાં ઘોઘામાં પાંચસો ઘર હતા. પણ હવે એકેય ઘર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ જાણે નહિ. કોઈ જાણે નહિ કે અહીં દિગંબર સંપ્રદાય છે એ જાણે. જૈન એટલે શ્વેતાંબર જ.

મુમુક્ષુ :- ઉત્તર ગુજરાતમાં...

પૂજ્ય ભાઈશ્રી :- ગુજરાતમાં બધે છે. દક્ષિણ ગુજરાતમાં, ઉત્તર ગુજરાતમાં. ત્યાં વસતી ખરી બધી.

મુમુક્ષુ :- 'સુરત'માં બધે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. 'સુરત'માં બધે. 'સુરત' દક્ષિણ ગુજરાતમાં જ આવ્યું ને ? 'સુરત', 'અંકલેશ્વર'થી માંડીને દક્ષિણ ગુજરાતમાં વસતી છે. એમ તો 'વડોદરા'માં પણ જૂના મંદિર છે. વસતી હશે કે નહિ એ તો ભગવાન જાણે. પણ 'વડોદરા'માં જૂના દિગંબર મંદિરો છે. ઉત્તર ગુજરાતમાં તો તમારે બધાને ખ્યાલ છે. 'તલોદ' ને એ બધા.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ના પ્રતાપે આટલા બધા મંદિર થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી -: હા. એ બહુ મોટી ક્રાંતિ આવી. જબરજસ્ત ક્રાંતિ આવી.

'આજ દિવસ પર્યંત મેં આપનો કાંઈ પણ અવિનય, અભક્તિ કે અપરાધ કર્યો હોય...' અભક્તિ શબ્દ વાપર્યો છે, જુઓ ! **'તે બે હાથ જોડી મસ્તક નમાવીને શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું.'** મન, વચન અને કાયા. બે હાથ જોડી, મસ્તક નમાવી અને શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. એટલે કાયા અને મન લીધું. વચન તો પોતે લખી રહ્યા છે.

મુમુક્ષુ :- આવા જ જીવો મોક્ષે જાય ને ? કેટલી નમ્રતા છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ નમ્રતા છે. અરે..! પણ મુમુક્ષુ પ્રત્યે આટલી નમ્રતા છે. સામાન્ય મુમુક્ષુ હોય તો નમ્રતા કેટલી રાખે છે !

'કૃપા કરીને આપ ક્ષમા આપશો. મારી માતુશ્રી પ્રત્યે પણ તે જ રીતે ખમાવું છું. તેમ જ બીજા સાથ સર્વે પ્રત્યે...' પછી ઘરમાં જે કોઈ બીજા પરિવારના સભ્યો સાથે છે તે **'સર્વે પ્રત્યે મેં કોઈ પણ પ્રકારનો અપરાધ કે અવિનય જાણતાં અથવા અજાણતાં કર્યો હોય તે શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું.'** મનમાં શલ્ય રાખીને નહિ. શુદ્ધ અંતઃકરણનો અર્થ શું છે કે મનમાં કાંઈ શલ્ય રાખીને નહિ. શુદ્ધ અંતઃકરણ એટલે શુદ્ધ અંતઃકરણ. **'કૃપા કરીને સૌ ક્ષમા આપશોજી.'** એટલે ખમાવી છે અને બીજાને ક્ષમા આપવાની વિનંતી પણ કરી છે. એટલે એને લાભ અને સામાને પણ લાભ, બેયને લાભ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. મને એમ છે કે એમના દેહાંત પર્યંત હયાત હતા. ક્યાંય એમના માતા-પિતાનું દેહાંત થયું હોય એવો કોઈ ઉલ્લેખ નથી આવતો.

મુમુક્ષુ :- આશ્વાસન આપજો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. માતુશ્રીને આશ્વાસન આપજો એ લખ્યું છે.

મુમુક્ષુ :- ભાઈને કહી જાય છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એમના પિતાશ્રીનો ખ્યાલ નથી. પણ માતુશ્રી તો હતા જ. કેમકે એ તો બોલ્યા છે. નાના ભાઈને ભલામણ કરી છે કે માતુશ્રીને આશ્વાસન આપજો. હું હવે બધાને છોડીને સ્વર્ગમાં જાવ છું. હવે અહીંનો ટાઈમ પૂરો થઈ ગયો.

એ રીતે એમણે ક્ષમાપનાનો પત્ર લખ્યો છે. આ જે વ્યવહાર છે એ પણ જૈન સંપ્રદાય સિવાય ક્ષમાપનાનો આવો વ્યવહાર ક્યાંય નથી. વેર અને વૈમનસ્ય અંતઃકરણથી ધોઈ નાખવા માટેનો બહુ સારો ઉચ્ચ કોટીનો આ વ્યવહાર છે. મારા

હાથમાં તો તે દિ' જૈનદર્શનનું શાસ્ત્ર આવ્યું નહોતું. પણ અમારી સાથે મુંબઈમાં કામ કરનારા ભાઈ હતા એ શ્વેતાંબર જૈન હતા. આમ તો સાથે કામ કરવામાં થોડી ગડબડ પણ થતી જ હોય ને સાથે કામ કરતા હોય તો. સંવત્સરીને દિવસે પ્રતિક્રમણ કરીને આવ્યા અને ક્ષમાપના કરી એટલે મને એમ થયું કે ઓહો..! મારા કરતા ઉંમરમાં ઘણા મોટા હતા. ક્ષમા માંગે છે ! આ લોકોનો આ વ્યવહાર ભારે જબરો છે. બહુ સરસ છે. એટલે એ રીતે કોઈને પણ છાપ પડે. ગુણદૃષ્ટિ હોય અને ગુણ પ્રત્યે જો આકર્ષણ હોય તો આ વ્યવહાર એવો છે કે છાપ પડ્યા વગર રહે નહિ.

જેની સાથે સંબંધો બગડ્યા હોય, જેની સાથે કાંઈપણ કડવાશ થઈ હોય, વેર થયું હોય, વૈમનસ્ય થયું હોય. કાંઈ પણ છડતો-અછડતો વ્યવહાર થયો હોય. જો શુદ્ધ અંતઃકરણથી માણસ ક્ષમા માગે તો સામાના આત્મા ઉપર (અસર થયા વિના) રહે નહિ. વ્યવહારની જે ગોઠવણી છે, સંકલના છે એ ગુણ-દોષની દૃષ્ટિએ બહુ ઉચ્ચ કોટિની સંકલના છે. ભલે બાહ્ય વ્યવહાર છે આ. પણ ગુણ-દોષની દૃષ્ટિએ તો ગમે તેને છાપ મારી જાય એવી વાત છે. આ લોકોમાં આ વ્યવહાર છે. બીજે ક્યાંય આ વ્યવહાર જોવામાં આવતો નથી.

આમ તો જૈનદર્શનના જેટલા કોઈ વ્યવહાર છે એ બીજા સંપ્રદાયના વ્યવહાર, ત્યાગ, યત્ના, અહિંસા, હિંસાની જે સૂક્ષ્મતા, ઝીણવટ એ બધું કોઈપણ સંપ્રદાયમાં નથી. એ પ્રકાર એટલા માટે છે કે સર્વજ્ઞ અનુસાર આ બધી પરંપરા ચાલે છે. સર્વજ્ઞદેવની દિવ્યધ્વનિમાં જે વિષય આવ્યો એ વિષયની પરંપરા ઓછા-વત્તા અંશે ચાલુ રહી. ક્યાંક વિકૃતિ આવી ગઈ પણ ઓછા વત્તા અંશે કાંઈપણ ચાલુ રહી એટલે એની જે કક્ષા છે, કોટી છે એ બીજા કરતા તો Superior હોય, હોય ને હોય જ એમાં સવાલ નહિ. અને જો કોઈ મધ્યસ્થ માણસ હોય તો એને બાહ્ય વ્યવહાર છાપ મારી જાય છે. કેમકે અંતરંગ તો કોઈનું સમજી શકાય એવો અન્યમતિમાં તો એવો દૃષ્ટિકોણ હોતો નથી, કોઈ એવી યોગ્યતા હોતી નથી. ત્યારે પરિસ્થિતિ તો બાહ્ય વ્યવહારની જ રહી. એ બાહ્ય વ્યવહારની અંદર છાપ પડે એવો વ્યવહાર જૈનોનો અનાદિથી છે. જૈનોનો એ અનાદિથી છે. કોઈને પણ એ છાપ મારી જાય. ફેર પડી જાય. વિચિક્ષણતા હોય એ જાતની તો ખ્યાલ આવ્યા વિના રહે નહિ. બીજા કરતા ફેર પડે છે આમાં.

મુમુક્ષુ :- ક્ષમાપનાના દિવસે ક્ષમા રાખવી અને બ્રહ્મચર્યના દિવસે બ્રહ્મચર્યા રાખવું, બરાબરને ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું નથી. ધર્મ તો નિરંતર પાલન કરવા યોગ્ય છે. પણ જીવ ભૂલી જાય છે. શું કરે છે ? જીવ વિસ્મરણ કરી જાય છે ત્યારે આવા જે દિવસો આવે

છે કે એ એને નિરંતર રાખવા માટે સ્મરણ કરાવે છે. તે દિવસે રાખવા માટેની વાત નથી. આજે ક્ષમા માગી અને કાલથી ધબાધબી પાછી. એમ નહિ. અને સાચી ક્ષમા એની માગી કહેવાય કે ફરીને અપરાધ ન કરે ત્યારે. પાછો એનો એ થઈને ઊભો રહે તો એણે ક્ષમા માગી જ નથી. ખરેખર તો એમ છે.

મુમુક્ષુ :- અહીં તો .. ક્ષમાપના...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જ ચાલ્યું છે. ખરેખર તો લખતી વખતે પોતાના ભાવ ભળે છે. ઓલું તો Address કરીને જાવા દો. આપણે પાંચ લખતા હોય એના બદે પચ્ચીસ લખો પણ જાવા દો. એટલે એમાં પણ આડંબર અને દેખાવ. પોતાના હસ્તાક્ષરથી લખ્યું. પોતાને લખતી વખતે પણ ક્ષમાના ભાવ આવે. લખે ત્યારે લખવાની પ્રવૃત્તિમાં મન પણ કામ કરે ને ? ક્ષમાપનાના ભાવ આવે કે નહિ ? વિકૃતિ આવે પછી તો વિકૃતિ આવી જાય.

મુમુક્ષુ :- સામાવાળાનો જવાબ ન આવે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- ન આવે તો પછી અપેક્ષા રાખવી આપણે એમ ને ? આપણા પરિણામના આપણે માલિક છીએ. બીજાના પરિણામના કાંઈ આપણે માલિક છીએ ? જવાબ ન આવે... આ તો પ્રત્યક્ષ હોય તોપણ જવાબ ન દે. મોઢું મરડી લે કો'ક. લ્યો ઠીક ! તો પછી શું કરવું ? એના પરિણામના કાંઈ માલિક થવાય ? અહીં સુધી રાખીએ...

જીવનું સહજ સ્વરૂપ એટલે કર્મ રહિતપણે માત્ર એક આત્મત્વપણે જે સ્વરૂપ છે, તે ઈશ્વરપણું છે, જેમાં જ્ઞાનાદિ ઐશ્વર્ય છે, તે ઈશ્વરતા આત્માનું સહજ સ્વરૂપ છે, જે સ્વરૂપ 'કર્મપ્રસંગે' જણાતું નથી, પણ તે અન્ય સ્વરૂપ જાણી જ્યારે આત્માભણી દૃષ્ટિ થાય છે ત્યારે જ સર્વજ્ઞતા આદિ ઐશ્વર્ય આત્મામાં જણાય છે. ત્યારે આત્માનો ખરેખર મહિમા ધ્યેયરૂપ પરમાત્મ સ્વરૂપની દૃષ્ટિ - જ્ઞાન થાય અને સહજ સ્વરૂપ જ્ઞાનાનંદ ચૈતન્ય મૂર્તિને વારંવાર અવલંબી સ્થિર થઈ શુદ્ધતાને પામે. **(અનુભવ સંજીવની-૧૯૧૭)**

પત્રાંક-૮૦૨

મુંબઈ, ભાદ્રપદ સુદ ૯, રવિ, ૧૯૫૩

બાહ્ય ક્રિયા અને ગુણસ્થાનાકાદિએ વર્તતી ક્રિયાનું સ્વરૂપ ચર્ચવું હાલ સ્વપર ઉપકારી ઘણું કરીને નહીં થાય. એટલું કર્તવ્ય છે કે તુચ્છ મતમતાંતર પર દષ્ટિ ન આપતાં અસદ્વૃત્તિના નિરોધને અર્થે સત્શાસ્ત્રના પરિચય અને વિચારમાં જીવની સ્થિતિ કરવી.

તા. ૫-૮-૧૯૯૨, પત્રાંક - ૮૦૨ થી ૮૦૭
પ્રવચન નં. ૩૯૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૦૨, પાનું-૬૧૧. 'કેશવલાલ' ..ના મુમુક્ષુ. મૂળ 'લિંબડી' ના છે. 'ભાવનગર'માં અહીંયાં નોકરીમાં રહેલા છે. '**બાહ્ય ક્રિયા અને ગુણસ્થાનકાદિએ વર્તતી ક્રિયાનું સ્વરૂપ ચર્ચવું હાલ સ્વપર ઉપકારી ઘણું કરીને નહીં થાય.**' શું કહે છે ? કે બાહ્યક્રિયા અને ગુણસ્થાન આદિક. કયા ગુણસ્થાને કઈ મર્યાદામાં કેટલી બાહ્યક્રિયા હોય એના સ્વરૂપની ચર્ચા કરવી એ ચર્ચા વર્તમાન ભૂમિકામાં તમારે કરવા યોગ્ય નથી. એમ કહેવું છે. એનું કારણ છે કે તે ગુણસ્થાને કેટલી વીતરાગતા, સ્વરૂપ સ્થિરતા, તેના સદ્ભાવમાં કેવા કેવા વિકલ્પનો, રાગાદિનો અભાવ હોય અને રાગાદિનો અભાવ હોય તો એ ક્રિયા ન હોય. એના મૂળ ગુણમાં મૂળ ક્રિયાઓ કેટલી ? એની અંદર દોષ થાય તો એનો અતિચાર આદિ દોષની મર્યાદા કેટલી ? એનું પ્રાયશ્ચિત કેટલું ? આ એક ચરણાનુયોગનો વિષય છે.

સ્વરૂપની અંતર સ્થિરતા એ પણ સ્વરૂપાચરણ એટલે ચરણાનુયોગનો વિષય છે અને બાહ્યમાં રાગાદિનો અભાવ અને સદ્ભાવને લઈને જે ક્રિયા અને રાગાદિના સદ્ભાવથી રાગ દેખાય એની મર્યાદા કેટલી ? એ પણ ચરણાનુયોગનો વિષય છે. આચરણની મર્યાદા કેટલી ? કેમ એમ છે ? કે પહેલો પ્રશ્ન તો ચોથા ગુણસ્થાનનો ઉત્પન્ન થાય. ચોથું ગુણસ્થાન અવિરત ગુણસ્થાન હોવાને લીધે સમ્યગ્દષ્ટિને આમ હોય અને સમ્યગ્દષ્ટિને આમ હોય તો વાંધો નહિ, સમ્યગ્દષ્ટિને અહીં સુધી હોય તો વાંધો નહિ, અહીં સુધી વાંધો નહિ. એ જે ચર્ચા છે એ મુમુક્ષુને માટે ઉપકારી નથી. અથવા અપવાદપણે કોઈ મહાપુરુષના આચરણમાં પણ ફેર દેખાય ત્યારે એ મહાપુરુષ પ્રત્યે

ભક્તિ થવાને બદલે અભક્તિના પરિણામ થાય.

યુધિષ્ઠિર રાજા જુગાર શું કરવા રમ્યા ? ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ચરમશરીરી. સાત વ્યસન. જુગારાદિ સાત વ્યવસન તો સમ્યગ્દષ્ટિને હોય નહિ. હવે પુરાણમાં આવું મોટું દષ્ટાંત આવે. તો વ્યવસનનું સ્વરૂપ શું ? આચરણના અધિકારમાં વ્યસન કોને કહેવાય અને વ્યવસન કોને ન કહેવાય ? એટલે કે વ્યસનરૂપ વૃત્તિ શું ? અને એવી જ વૃત્તિ વ્યસન વિનાની શું ? એની જે પાતળી ભેદરેખા છે એ મુમુક્ષુને ગમ્ય થાય નહિ. જો ધર્મરાજા જુગાર રમતા હોય તો આપણે પણ જુગાર રમવામાં કાંઈ દોષ ન આવવો જોઈએ. આપણે તો હજી જ્ઞાની પણ નથી, એ તો જ્ઞાની હતા. એમ અનેક પ્રકારે જીવને અનાદિથી ઊંધું-વિપરીત વલણ હોવાથી અને દોષદષ્ટિ હોવાથી, દોષનું પોષણ થાય, દોષની રુચિ પોષાય એવો પ્રકાર ગ્રહણ કરતા એને વાર લાગતી નથી. એને શુદ્ધતામાં આવતા અને ગુણ ગ્રહણ કરતા પરિશ્રમ અને પુરુષાર્થ જોઈએ છે. પણ દોષ તો સહજ સહજ થઈ ગયો હોવાથી એ સહેજે નીચે ઉતરી જાય છે. ઉપર ચડવામાં એને પરસેવો પડે એવું છે.

આવી એક પરિસ્થિતિ જોઈને અહીંયાં જ્ઞાનીપુરુષ એમ કહે છે કે ગુણસ્થાન અને બાહ્યક્રિયાની ચર્ચા કરવી એ મને તમારી ભૂમિકામાં યોગ્ય નથી લાગતું. તમે અંતરંગ પરિણતિની ચર્ચા કરો. સમ્યગ્દર્શન કેમ થાય ? સમ્યગ્દર્શનની ભૂમિકા કેવી હોય ? પાંચમા ગુણસ્થાને સ્વરૂપ સ્થિરતા કેટલી આવે ? છઠ્ઠે-સાતમે ગુણસ્થાને સ્વરૂપસ્થિરતા કેટલી હોય એ તો પહેલાં જાણો. બાહ્યક્રિયામાં તમને ક્યાંકને ક્યાંક ગડબડ થવાના કારણો દેખાશે. તો તમારી યોગ્યતામાં એ નુકસાનનું નિમિત્ત થાશે, લાભનું નિમિત્ત નહિ થાય. જુઓ ! કેટલી વિચિક્ષણતા છે ! કેટલી વિચિક્ષણતા છે ! જિજ્ઞાસા થઈ છે, પ્રશ્ન ઉઠ્યો છે, પ્રશ્ન પૂછાવ્યો છે. ઉત્તર નથી આપતા.

મુમુક્ષુ :- જેમ જ્ઞાની ચોથા ગુણસ્થાને વર્તતા હોય અને એટલું બહારમાં હોઈ શકે તો તેવી જાતની પોતાને જાણકારી હોય તો જ્ઞાનીની વિરાધનામાં તો નહિ આવે ને.

પૂજ્ય ભાઈશ્રી : એ જાણકારી કરનારની યોગ્યતા ઉપર આધારિત છે બધી વાત. દરેકને માટે એવી વાત લાગુ પડે એવી નથી. કેમકે બહુભાગ જીવોની વૃત્તિ અને વલણ એવા છે. જેમ કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. સિદ્ધાંત તો મહાન સિદ્ધાંત છે. ભેદજ્ઞાનનો મહાન સિદ્ધાંત છે. પણ અવળું પડે તો ગડબડ થાય, સવળું પડે તો સારી વાત છે. પણ અવળું પડે તો મોટી ગડબડ થાય. મોટું નુકસાન થાય. મોટી ગડબડ થાય એટલે મોટું નુકસાન થાય. જ્ઞાનની શુષ્કતા એકદમ આવી જાય. એટલે 'સમયસાર' આદિ શાસ્ત્રમાં એ ગાથાઓ પણ આચાર્ય ભગવાને વ્યવહારની

સાથે સાથે લીધી. નિશ્ચયપ્રધાન ગ્રંથ હોવા છતાં વ્યવહારની ગાથાઓ સાથે સાથે લીધી કે કોઈ ભૂલો ન પડે. કેમકે શાસનમાં તો અનેક યોગ્યતાવાળા જીવો આવવાના. પણ જ્યારે અહીંયાં વ્યવક્તિગત પત્રવ્યવહારનો પ્રશ્ન છે ત્યારે એ 'કેશવલાલભાઈ'ને એમ કહે છે કે, ભાઈ ! અત્યારે આ ચર્ચા કરવી મને તમારા માટે યોગ્ય નથી લાગતી.

મુમુક્ષુ :- સ્વપર ઉપકારી નથી એમ લખ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વપર ઉપકારી નથી. જો સમજ્યા વિના પોતે પણ એને કહેવા માંડે તો એ પોતાને નુકસાન થાય. એટલે એમ કે બીજાને કહેવું એ પણ એક જવાબદારીવાળું કામ છે. નહિતર આપણે શું થાય છે અહીંયાં ? કે શાસ્ત્રજ્ઞાન અને શાસ્ત્ર સ્વાધ્યાય થઈ ગયો હોવાથી ઝટ દઈને બીજાને વાત કરી દઈએ. આમ કરવું અને આમ ન કરવું. ઝટ દઈને ઉપદેશ આપી દઈએ. જલ્દી આપણો અભિપ્રાય આપી દઈએ, જલ્દી આપણી સહાલ આપી દઈએ. આમ કરવું જોઈએ અને આમ ન કરવું જોઈએ

મુમુક્ષુ :- આ તો ઘણું નુકસાન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ પણ બહુ જવાબદારીવાળું કામ છે. ઉપદેશ ગ્રહણ કરવામાં અને ઉપદેશ દેવાની તો યોગ્યતા જ નથી. પહેલાં તો એ સમજવા યોગ્ય છે. આપણું કામ જ નથી. આપણે આપણા માટે સમજીએ. જેટલું સમજીએ એટલું આપણે આપણા આત્મહિતાર્થે સમજીએ. એ પ્રકાર રાખવો જોઈએ. મુખ્યપણે એ પ્રકાર રાખવો જોઈએ. એટલે વાત વાતમાં બીજાને આમ હોય અને બીજાને આમ ન હોય એ કહેવાનો પ્રસંગ ન આવે. પોતે એકદમ મૌન જ રહે કે, ભાઈ ! આપણો અધિકાર નથી. આ વાત સમજાવવાનો જ્ઞાનીઓનો અધિકાર છે, આપણો અધિકાર નથી. અને કાં તો જ્ઞાનીની આજ્ઞાએ વર્તતા હોય અને જ્ઞાનીની આજ્ઞાએ એને કહેવાની, વાંચવાની કે વાત કરવાની આજ્ઞા મળી હોય કે તમારે આટલી વાત મુમુક્ષુઓમાં કરવી, આવી વાત તમારે કરવી, શાસ્ત્ર-સ્વાધ્યાય તમારે કરાવવો, તમારે આમ કરવું.

'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં આ ચર્ચા નીકળી હતી. મારે તો પ્રવેશ નવો નવો હતો. ત્યારે કોઈએ રાત્રી ચર્ચામાં પ્રશ્ન ઉઠાવ્યો. ભાઈ ! સમ્યગ્દૃષ્ટિ હોય એ તો બરાબર યથાર્થ શાસ્ત્ર વાંચન કરે જ. પણ આપણે ત્યાં ગામે ગામ મંડળો છે એમાં શાસ્ત્ર વાંચન થાય છે. મુમુક્ષુઓ તો કાંઈ ત્યાં બધા સમ્યગ્દૃષ્ટિ હોય નહિ કે છે નહિ. તો પછી એ બરાબર છે ? શાસ્ત્ર વાંચે છે એ બરાબર છે ? વાંચવું જોઈએ કે બંધ કરી દેવું જોઈએ ? આ પ્રશ્ન ચાલ્યો હતો.

'ગુરુદેવે' સમજાવ્યું, જ્ઞાનીની આજ્ઞાએ તે પ્રવૃત્તિ કર્તવ્ય છે. એટલે શું ? કે જ્ઞાની બિરાજે છે અને કાંઈ સમજણમાં વિચાર ભેદ થયો, સમજણ ભેદ થયો તો એ પ્રશ્ન

છેવટે ત્યાં આવશે. ક્યાં આવશે ? 'ગુરુદેવ' પાસે આવશે. અને આવતા હતા, એવા પ્રશ્નો ઘણાં આવેલા છે. 'ગુરુદેવ' એ વિષયનું સ્પષ્ટીકરણ આપતા હતા. પણ સત્સંગના હેતુથી શાસ્ત્ર સ્વાધ્યાય કરવામાં આવે અને ઉપદેશકને ઉપદેશ લેવા યોગ્ય એવા પ્રકારમાં શાસ્ત્ર સ્વાધ્યાય ન કરવામાં આવે તો પ્રાયઃ સાંભળનારને અને સંભળાવનારને અહિત થતું નથી. નહિતર અહિત થવાના ઘણાં Chance છે, ઘણી તક છે. એમ છે.

મુમુક્ષુ :- ... 'ગુરુદેવશ્રી' ... સાહેબ ! મારે .. થવાનો .. છે મારે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- પૂછવાની પદ્ધતિ આપણે ત્યાં મુમુક્ષુએ અપનાવી નથી પહેલેથી. પણ 'ગુરુદેવ'ને જ્યારે ખ્યાલ આવે તો વ્યક્તિગત રીતે પ્રશંસા કરે એની. કે ફલાણા ગામમાં ફલાણા ભાઈ વાંચે છે. સારું વાંચન કરે છે. એટલે આજ્ઞા મળી ગઈ ત્યાં. એવી વાત ચાલી જાય. અહીંયાં વાંચન ચાલે છે, .. વાંચન સારું થાય છે. ફલાણાનું નામ દઈને થાય ત્યારે એના માટે પ્રતિબંધ નથી અને આજ્ઞા છે. વાત તો એવી છે કે ખરેખર તો 'ગુરુદેવ'ની આજ્ઞા લેવી જોઈએ. એ ક્ષતિ રહી ગઈ એમ કહો. મુમુક્ષુની એ ક્ષતિ રહી ગઈ એમ કહો. 'ગુરુદેવ' એ રીતે પણ પોતાની અનુમોદના વ્યક્ત કરતા હતા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સત્સંગ કરવો સાથે મળીને. એ તો આજ્ઞા આપે છે ને ? કે તમારે બધાએ સત્સમાગમ કરવો, સત્શ્રુતનો પરિચય રાખવો. પણ પ્રવૃત્તિમાં ગંભીરતા ઘણી છે. એ સાથે સાથે ધ્યાનમાં લેવા યોગ્ય છે કે આ તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિ એકાંતમાં શાસ્ત્ર વાંચે કે સામૂહિક શાસ્ત્ર સ્વાધ્યાય કરે એ વિષયની ગંભીરતા ઘણી છે. એમાં ચૂક થાય તો નુકસાન મોટું છે. એમાં યથાર્થતા આવે તો લાભ પણ બહુ મોટો છે. બીજી કોઈ ક્રિયાના નિમિત્તે એ લાભ નથી એવો મોક્ષપદનો લાભ, નિર્વાણપદનો લાભ (થાય એવી) નિમિત્તભૂત ક્રિયા છે. અને ચૂક થાય તો નુકસાન પણ બહુ મોટું છે. જો એની ગંભીરતા સમજે તો ભવભયથી ડરી ડરીને ચાલે. તો એને અજાણતા દોષ થાય, જાણીબુઝીને ન થાય. નહિતર સ્વચ્છંદ ફાટી જાય. જેમ જેમ જાણતો થાય, જેમ જેમ ક્ષયોપશમ વધતો જાય એમ એનું અહમ પણ સાથે સાથે વધતું જાય. એવું થઈ જાય.

મુમુક્ષુ :- ... કેટલું સરસ વર્ણન... એને જ્યારે આ વાત લખતા હોય તો અમારા માટે શું લખ્યું હશે ?

પૂજ્ય ભાઈશ્રી : વિચારવા જેવો વિષય છે. જલ્દી એવી ચર્ચામાં ન પડવું જોઈએ. સામાન્ય રીતે શું થાય છે કે કેટલાય જ્ઞાનીઓ પ્રસિદ્ધ છે, જેમના શાસ્ત્રો અને વચનો આપણને ઉપલબ્ધ છે. છેલ્લા ચારસો-પાંચસો વર્ષમાં જોઈએ તો

'બનારસીદાસજી' છે. પછી 'ટોડરમલજી' છે. ત્યાર પછી 'શ્રીમદ્જી' છે. પછી વર્તમાનમાં 'ગુરુદેવશ્રી', 'પૂજ્ય બહેનશ્રી' છે, 'સોગાનીજી' છે. હવે આ પાંચ-છ જ્ઞાનીના વચનામૃતો આપણી સામે આવે છે ત્યારે કોઈ મુમુક્ષુઓ એવી ચર્ચામાં પણ પડી જાય છે કે આમના કરતા આમનું સારું અને આમના કરતા આમનું સારું, આના કરતા આ ઠીક અને આના કરતા આ ઠીક. આ અધિકાર બહારનો વિષય છે. આવી ચર્ચા કરવી તે મુમુક્ષુના અધિકારની બહારનો વિષય છે. બહુ મોટું નુકસાન થાય. કેમકે જેને ઊંચા ગણે અને જેને નીચા ગણે એને ઊંચા-નીચા ગણવાની યોગ્યતાનું માપ કરવાની તો એની પાસે કોઈ શકિત નથી. અને છતાં એ સ્વચ્છંદે પ્રવૃત્તિ કરે છે. તો એને એ જ્ઞાની પ્રત્યે ભકિત કરવા જતાં બીજા જ્ઞાની પ્રત્યે અભકિતના પરિણામ થયા વિના રહેશે નહિ. અને એને તો ખબર નથી કે અંતરંગ સ્થિતિ કોની તારતમ્યતાથી વિશેષ છે. એ કોઈ સાધારણ જીવનું કામ નથી. એ આચાર્યોનું કામ છે. અથવા તો ઉપરના ગુણસ્થાને બિરાજતા એવા જ્ઞાનીઓનું એ કામ છે. નીચેવાળાનું એ કામ નથી. જ્યારે આ તો નીચેવાળો ઉપરવાળાના ઝઘડા સુધી પ્રવેશ કરવા મંડ્યા. અને એ પક્ષાપક્ષી ને એ ધમાલ. બહુ નુકસાન થઈ જાય. એવા રાગ-દ્વેષ કરવા જાય તો અત્યંત નુકસાન થઈ જાય.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ જ્ઞાની હોય અને આ પ્રકારે...

પૂજ્ય ભાઈશ્રી :- કુદરતી થાય, કુદરતી જ થાય. પ્રત્યક્ષ જ્ઞાની વર્તતા હોય, પ્રત્યક્ષ એમનો ઉપકાર મળતો હોય તો સહેજે સહેજે એમના પ્રત્યે તો ભકિત વિશેષ થાય. કેમકે ત્યાં તો પ્રવૃત્તિનો પ્રસંગ છે. જે જ્ઞાની પરોક્ષ થઈ ગયા એના પ્રત્યે તો કોઈ પ્રવૃત્તિનો પ્રસંગ જ નથી. કેમકે એ તો અહીં વિદ્યમાન નથી. જ્યારે જે પ્રત્યક્ષ વિદ્યમાન છે એના પ્રત્યે તો વંદન, નમસ્કાર, એમનું શ્રવણ એ આદિનો પ્રવૃત્તિનો પ્રસંગ છે.

મુમુક્ષુ :- બીજા જ્ઞાની પ્રત્યે બહુમાન કઈ રીતે કરવું ? એ જ્ઞાનીનો પોતાને પરિચય નથી. પ્રત્યક્ષ પરિચય છે એને પ્રત્યે વિશેષ...

પૂજ્ય ભાઈશ્રી :- વિશેષ બહુમાન આવે કેમકે પ્રવૃત્તિ પ્રત્યક્ષ છે ને એટલે રસ વધે. પ્રત્યક્ષતામાં રસ વધે, પરોક્ષતામાં એટલો રસ ન વધે. પણ પ્રત્યક્ષ જ્ઞાની એમ કહે કે આ પણ જ્ઞાની છે... આ પણ જ્ઞાની છે... આ પણ જ્ઞાની છે. તો જ્ઞાનીને યોગ્ય બહુમાન સ્ફુરવું જોઈએ. કેટલું ? મુમુક્ષુને યોગ્ય નહિ, વિદ્વાનને યોગ્ય નહિ પણ જ્ઞાનીને યોગ્ય બહુમાન સ્ફુરવું જોઈએ. જેમ ગણધર પણ કહે કે ણમો લોએ સવ્વ સાહુણં. ગણધર તો મોટા આચાર્ય છે. ગણધર તો આચાર્ય શિરોમણિ છે. અને એક

મિનિટ પહેલાં જેણે દીક્ષા લીધી અને સપ્તમ ગુણસ્થાનમાં આવ્યા છે એને વંદન નમસ્કાર કરે છે. તો કેમ એમ કરે છે ? એ મુનિ છે, એ મુનિઓ જે દશામાં આવ્યા તો એ નમસ્કારને યોગ્ય છે. પંચ પરમેષ્ઠીમાં મળ્યા. એમ જેને સ્વાનુભવ થયો તે જ્ઞાની તરીકે, ધર્માત્મા તરીકે એણે પ્રવેશ કર્યો તો એને એ યોગ્ય બહુમાન એને આવવું જોઈએ. વર્તમાનમાં પ્રવૃત્તિ વિશેષ થાય, વર્તમાનમાં ભાવ વિશેષ આવે. કેમકે પ્રત્યક્ષમાં તો રસ વધવાનો જ છે. પરોક્ષમાં એટલો રસ ન આવે. પણ જ્ઞાનમાં તો એટલું જ બહુમાન ઉત્પન્ન થઈ જાય. અરે..! એમ...! જ્ઞાની થયા ! જ્ઞાની હતા ! વંદનને યોગ્ય છે, નમસ્કારને યોગ્ય છે. એને બહુમાન તો એટલું ને એટલું આવે. પણ આ આમ અને આ આમ એ અધિકાર, સરખામણીનો અધિકાર કોઈ મુમુક્ષુનો નથી. એ બહુ મોટો અપરાધ થઈ જાય. એ જ્ઞાનીનું કામ છે. એ મુમુક્ષુનું કામ નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' એમ કહે કે 'સોગાનીજી' સમ્યગ્દષ્ટિ થયા અમારા નિમિત્તે અને એના પ્રત્યે જ્ઞાની તરીકે બહુમાનનો ભાવ આવે તો એ યોગ્ય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુમાન આવવું જ જોઈએ ને. એ તો ચર્ચા થઈ કે જ્યારે 'ગુરુદેવ' પોતે Certify કરે છે પછી તો બહુમાન આવવું જ જોઈએ.

મુમુક્ષુ :- એને નિષેધના પરિણામ આવે તો 'ગુરુદેવશ્રી'ની અવજ્ઞના થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ જ જાય ને. એની થઈ અને 'ગુરુદેવશ્રી'ની થઈ. અનંતા જ્ઞાનીઓની થઈ. એકની થઈ તો 'ગુરુદેવશ્રી'ની નહિ અનંતા જ્ઞાનીઓની થઈ. એવું થાય.

મુમુક્ષુ :- પ્રત્યક્ષતાને....

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલું બધું બહુમાન કરી દીધું. જ્યારે ખુદ 'ગુરુદેવ'ને આટલું બહુમાન આવતું હોય તો કહેવાની પણ ભાગ્યે જ જરૂર છે કે બીજાને બહુમાન આવવું જોઈએ. એ કહેવાની પણ જરૂર નથી. એટલો એ સામાન્ય બુદ્ધિનો વિષય છે કે કહેવાની પણ જરૂર રહે નહિ. આ તો બહુ સીધી સાદિ વાત છે.

મુમુક્ષુ :- એ વખતે વંદના કરવાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- નથીને પ્રશ્ન કાંઈ ? કાંઈ નહિ ચાલો. હવે શું છે તમારો પ્રશ્ન ?

મુમુક્ષુ :- 'ગુરુદેવ' પ્રત્યક્ષ મળ્યા. આજે 'ગુરુદેવ' પરોક્ષ થઈ ગયા. બીજા જ્ઞાનીઓ પણ પરોક્ષ થઈ ગયા. અને 'ગુરુદેવ' તો આપણને પ્રત્યક્ષ મળ્યા. એટલે સ્વભાવિક રીતે બીજા જ્ઞાનીઓ તો પરોક્ષ રહ્યા અને 'ગુરુદેવ' પ્રત્યક્ષ થઈને પરોક્ષ થયા છે. તો 'ગુરુદેવ' પ્રત્યે તો વધારે બહુમાન આવે જ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વભાવિક જ છે. એ પ્રકારના ભાવ વિશેષ પ્રમાણમાં

થાય એ તો સ્વભાવિક છે. એ કાંઈ અસ્વભાવિક નથી, એ સ્વભાવિક જ છે. કેમકે એમનો ઉપકાર પ્રત્યક્ષપણે વિશેષપણે પોતાને થયેલો હતો. એટલે સહેજે પણ એ વિશેષપણે એવા પરિણામ આવવા યોગ્ય છે. એમાં કાંઈ દોષ નથી. પણ બીજાનો નિષેધ ન થાય. એમણે જે આદર કર્યો હોય તો એ આદર કરે અને આપણે અનાદર કરીએ એ વાત કાંઈ સુસંગત છે ? તો એ વાત કાંઈ સુસંગત નથી. એ તો વિસંગત વાત છે.

મુમુક્ષુ :- અનાદર થાય એમાં અજ્ઞાનતા છે કે માન કષાય છે ? નડે છે શું ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં સ્વચ્છંદ છે. મોટો દોષ છે.

હવે અહીંયાં એ રીતે કહે છે, કે '**બાહ્ય ક્રિયા અને ગુણસ્થાનકાદિએ વર્તતી ક્રિયાનું સ્વરૂપ ચર્ચવું હાલ...**' એટલે તમારી અત્યારની જે વર્તમાન યોગ્યતા છે. જુઓ ! હાલ શબ્દ નાખ્યો છે. તમારી જે વર્તમાન યોગ્યતા છે (એ જોઈને) એ ચર્ચા કરવી તમારી સાથે મને બરાબર લાગતી નથી. આ 'કેશવલાલભાઈ'ના પત્રો વાંચ્યા હતા. બહુ સરળ પરિણામી જીવ છે. પોતાના પરિણામનું અવલોકન કરીને, સરળતાએ કરીને એમણે ઘણી વાતો, પોતાના દોષ વ્યક્ત કર્યા છે. 'વવાણિયા'માં પત્ર વાંચ્યા હતા.

મુમુક્ષુ :- 'ભાવનગર'ના છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. 'લીંબડી'ના છે. 'લીંબડી'માં રૂનો વેપાર કરતા નુકસાની ગયેલી, કરજ થઈ ગયેલું. નુકસાની થઈ ગયેલી ત્યાં 'લીંબડી'માં રૂનો વેપાર કરતા કરજ થઈ ગયું. પછી ત્યાંથી અહીંયાં નોકરીમાં રાખ્યા છે. એ 'કુંવરજી આણંદજી' હતા એમની સાથે પત્રવ્યવહારનો સંપર્ક થતાં અહીં જૈનધર્મ પ્રચારક સભા છે ને ? ત્યાં એમને નોકરીએ રાખ્યા હતા. બાર મહિનાના ૧૫૦ રૂપિયાના પગારથી. કેટલા ? તે દિ' બાર મહિનાનો પગાર નક્કી થાતો. મહિનાનો પગાર ન નક્કી થાય. બાર મહિને તમને સો આપશું, સવા સો આપશું, દોઢસો આપશું, બસ્સો આપશું. જેવો માણસ. બાર મહિનાનો પગાર નક્કી થાય.

મુમુક્ષુ :- મહેતા સાહેબી એવું છે...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના અહીંયાં છે. હું અહીંયાં આવ્યો ત્યારે બાર મહિનાના પગારે હતો. ઘણી જગ્યાએ એ પદ્ધતિ હોય છે. એટલે મહિનાના સાડા બાર થયા. ૧૨X૧૨=૧૪૪. આઠ આના બીજા થાય, છ રૂપિયા વધે એટલે. સાડા બાર રૂપિયાનો પગાર હતો અને પંદર રૂપિયાનો એનો ખર્ચ હતો. કેટલો ? લોજમાં જમે તો પંદર રૂપિયાના ખર્ચમાં મહિને અઢી તૂટતા હતા. મહિને અઢી તૂટે એટલે કાંઈક બીજી પ્રવૃત્તિ કરી અને દેવું ન થાય, કરજ ન વધે. એની એ બહુ પ્રમાણિકપણે કાળજી રાખતા હતા.

એકવાર 'નડિયાદ'માં ૩૦મા વર્ષમાં 'નડિયાદ'માં 'કૃપાળુદેવ' છે ને ? ત્યારે

'આત્મસિદ્ધિ' લખ્યું ૨૯મા વર્ષે. ત્યારે દર્શન કરવાનો ભાવ થયો. 'કુંવરજીભાઈ' કહે, આ લે પાંચ રૂપિયા. તું તારે કરી આવ દર્શન, જા. તને દર્શન કરવાનો ભાવ છે ને ? પાંચ રૂપિયા લઈ જા મારી પાસેથી. એણે વાત કરી હશે કે મારે દર્શન કરવાનો ભાવ છે પણ શું થાય મારી પાસે ગાડી ભાડાના પૈસા નથી. તે દિ' પાંચ રૂપિયામાં આવવા-જવાનું પતી જતું હશે. આત્માર્થી માણસ હતા. મારે ઉછીના પૈસા લઈને એવી રીતે જાત્રા કરવી નથી. એક તો મારા માથે દેવું છે. વળી બીજા હું ઉછીના પૈસા લઉં. અને દર્શન કરવા એટલે જાત્રા કરવા જાવ. મારે એવું કરવું નથી. ના પાડી પ્રમાણિકતાથી. પૈસા આપતા હતા તોપણ. બહુ સરળ પરિણામી જીવ.

'એટલું કર્તવ્ય છે કે તુચ્છ મતમતાંતર પર દૃષ્ટિ ન આપતાં...' કેમકે પછી આ સંપ્રદાયમાં આવી ક્રિયા છે અને આ સંપ્રદાયમાં આવી ક્રિયા છે એ થયા વગર રહેશે નહિ. એટલે **'તુચ્છ મતમતાંતર પર દૃષ્ટિ ન આપતાં અસદ્વૃત્તિના નિરોધને અર્થે સત્શાસ્ત્રના પરિચય અને વિચારમાં જીવની સ્થિતિ કરવી.'** પરિણામમાં જીવની સ્થિતિ કરવી. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત તે સ્વસમય જાણવો, એ પદ્ધતિ લીધી. તમારી જે વિચારશક્તિ છે એ વિચારશક્તિને અસદ્વૃત્તિનો નિરોધ થાય, દોષનો નિરોધ થાય એમાં તમારી શક્તિ ખર્ચો. મતમતાંતર ઉપર તમારી દૃષ્ટિ ન ખર્ચો. એ નિર્ણય કરવાની અત્યારની તમારી ભૂમિકા નથી, એમ કહેવું છે. એટલે એ વિચારમાં જીવની સ્થિતિ ન ... એ બાજુ તમારે અત્યારે ન લંબાવું. વિચારને એ બાજુ ન લંબાવવા. સત્શાસ્ત્રનો પરિચય કરવો અને પોતાના દોષ ટાળવાની મુખ્યતા રાખવી.

આત્માર્થી જીવે પહેલાં આત્માર્થ છે એને સંભાળવો. આત્મહિતને પહેલાં સંભાળવું અને પછી બીજા ક્ષેત્રમાં જવા માટે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ ચાલવું. એમ ને એમ ગમે ત્યાં ઝંપલાવી દેવું નહિ. ગમે તે પ્રસંગ ઊભો થાય અને ઝંપલાવે એમ નહિ હોવું જોઈએ. એ ૮૦૨ થયો. ત્રણ લીટીનો પત્ર છે પણ મુમુક્ષુ માટે ઉપયોગી છે, માર્ગદર્શનમાં ઉપયોગી છે.

પત્રાંક-૮૦૩

મુંબઈ, ભાદરવા સુદ ૯, રવિ, ૧૯૫૩

શુભેચ્છાયોગ્ય,

તમારો કાગળ મળ્યો છે. અત્ર ક્ષણ પર્યંત તમારો તથા તમારા સમાગમવાસી ભાઈઓનો કોઈ પણ અપરાધ કે અવિનય મારાથી થયો હોય તે નમ્રભાવથી ખમાવું છું. ૐ

૮૦૩. આ દિવસોમાં બધા Post card જ લખેલા છે. એ ક્ષમાપનાનો પત્ર છે. 'સુખલાલ છગનલાલ' 'વિરમગામ'ના એક મુમુક્ષુ છે. એને '**શુભેચ્છાયોગ્ય, તમારો કાગળ મળ્યો છે. અત્ર ક્ષણ પર્યંત...**' ક્યાં સુધી ? છેલ્લી ક્ષણ સુધીમાં. '**તમારો તથા તમારા સમાગમવાસી ભાઈઓનો કોઈ પણ અપરાધ કે અવિનય મારાથી થયો હોય તે નમ્રભાવથી ખમાવું છું.**' કેટલી નમ્રતા છે ! મુમુક્ષુને પણ પોતે ક્ષમાપનાના પત્રો લખતા હતા. એ વ્યવહાર એમણે જ્ઞાનીપુરુષ તરીકે પણ જાળવ્યો છે.

પત્રાંક-૮૦૪

મુંબઈ, ભાદરવા સુદ ૯, રવિ, ૧૯૫૩

મુનિપથાનુગામી શ્રી લલ્લુજી આદિ મુમુક્ષુઓ તથા શુભેચ્છાયોગ્ય ભાવસાર મનસુખલાલ આદિ મુમુક્ષુઓ, શ્રી ખેડા.

અત્ર ક્ષણ પર્યંત તમારો કંઈ પણ અપરાધ કે અવિનય આ જીવથી થયો હોય તે નમ્ર ભાવથી ખમાવું છું. ૐ

એવો જ પત્ર ૮૦૪ છે. એ પણ ક્ષમાપનાનો પત્ર છે. 'લલ્લુજી' મુનિ ઉપરનો. '**મુનિપથાનુગામી શ્રી લલ્લુજી આદિ મુમુક્ષુઓ....**' શું કીધું ? '**લલ્લુજી આદિ મુમુક્ષુઓ..**' શબ્દ વાપર્યો છે. બાહ્ય મુનિવેશમાં છે ને ? એટલે મુનિના માર્ગમાં અનુગમન કરવાવાળા. નિવૃત્તિ લઈ લીધી છે, દીક્ષા લઈ લીધી છે. એ વગેરે મુમુક્ષુઓ '**તથા શુભેચ્છાયોગ્ય ભાવસાર મનસુખલાલ આદિ મુમુક્ષુઓ,...**' ઓલા મુમુક્ષુઓ. બધા મુનિઓની સાથે બીજા પણ હતા અને 'ખેડા'માં જે 'મનસુખભાઈ' કરીને કોઈ ભાવસાર છે એ સિવાયના બીજા પણ મુમુક્ષુઓ છે તેમને પણ ક્ષમાપના લખે છે.

'**અત્ર ક્ષણ પર્યંત તમારો કંઈ પણ અપરાધ કે અવિનય આ જીવથી થયો હોય તે નમ્ર ભાવથી ખમાવું છું.**' એક જ Post card માં બધાને સંબોધન કર્યું છે એટલે ઓલામાં જુદાં પાડ્યા છે મુનિપથાનુગામી કરીને. ત્યાગી છે ને ? એટલે એમને જુદાં પાડ્યા છે. અને ગૃહસ્થીઓને જુદાં પાડ્યા છે. એક લીટીનું Post card લખ્યું છે. એટલે બે તો લખવા ન પડે. તે દિ' એક પૈસાનું Post card હતું. ક્વાટર આના. ઓલા પોસ્ટકાર્ડ જોયાને 'ઈડર'માં આપણે ?

'**અત્ર ક્ષણ પર્યંત તમારો કંઈ પણ અપરાધ કે અવિનય આ જીવથી થયો હોય તો તે નમ્ર ભાવથી ખમાવું છું.**' એ પણ 'ૐ' લખે છે છેલ્લે. ૮૦૩માં પણ નીચે ૐ લખ્યો છે. ૮૦૪માં પણ નીચે ૐ લખ્યો છે.

પત્રાંક-૮૦૫

મુંબઈ, ભાદરવા સુદ ૯, રવિ, ૧૯૫૩

તમને તથા શ્રી અંબાલાલ આદિ સર્વ મુમુક્ષુઓને અત્ર ક્ષણ પર્યંત તમારો કોઈનો મારાથી કંઈ અપરાધ કે અવિનય થયો હોય તે ખમાવું છું. ૐ

ફેણાયથી ભાઈ પોપટનું પત્તું મળ્યું હતું. હાલ કોઈ સદ્ગ્રંથ વાંચવા તેમને જણાવશો.

એ જ વિનંતિ.

એવી જ રીતે ૮૦૫મો પત્ર છે એ પણ ક્ષમાપનાનો છે. એ 'ત્રિભુવન માણેકચંદ' એ 'ખંભાત'ના મુમુક્ષુ છે. '**તમને તથા શ્રી અંબાલાલ આદિ સર્વ મુમુક્ષુઓને અત્ર ક્ષણ પર્યંત તમારો કોઈનો મારાથી કંઈ અપરાધ કે અવિનય થયો હોય તે ખમાવું છું.**' પત્ર લખ્યો છે 'ત્રિભોવનભાઈ'ને. 'અંબાલાલભાઈ'નું અંદર નામ નાખી દીધું. 'અંબાલાલભાઈ'ને ભક્તિ બહુ હતી ને. એટલે પત્ર લખ્યો છે 'ત્રિભુવનભાઈ'ને. '**ફેણાયથી...**' 'ફેણાય' નામનું ગામ છે. '**ફેણાયથી ભાઈ પોપટનું પત્તું મળ્યું હતું. હાલ કોઈ સદ્ગ્રંથ વાંચવા તેમને જણાવશો. એ જ વિનંતિ.**' કાંઈ માગ્યું હશે કે મારે શું કરવું ? ... એ પણ ક્ષમાપનાનો પત્ર છે.

પત્રાંક-૮૦૬

મુંબઈ, ભાદરવા વદ ૮, રવિ, ૧૯૫૩

શ્રી ડુંગર આદિ મુમુક્ષુઓ,

મન વગેરેની ઓળખાણનાં પ્રશ્નો મગનલાલે લખ્યાં તે સમાગમમાં પૂછવાથી સમજવાં ઘણાં સુલભ પડશે. પત્ર વાટે સમજાવાં કઠણ છે.

શ્રી લહેરાભાઈ આદિ મુમુક્ષુઓને આત્મસ્મરણપૂર્વક યથાવિનય પ્રાપ્ત થાય.

જીવને પરમાર્થ પામવામાં અપાર અંતરાય છે, તેમાં પણ આવા કાળને વિષે તો તે અંતરાયોનું અવર્ણનીય બળ હોય છે. શુભેચ્છાથી માંડી કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચતાં ઠામ ઠામ તે અંતરાયો જોવામાં આવે છે, અને જીવને વારંવાર તે અંતરાયો પરમાર્થ પ્રત્યેથી પાડે છે. જીવને મહત્ પુણ્યના

ઉદયથી જો સત્સમાગમનો અપૂર્વ લાભ રહ્યા કરે તો તે નિર્વિઘ્નપણે કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચી જાય છે. સત્સમાગમના વિયોગમાં જીવે આત્મબળને વિશેષ જાગ્રત રાખી સત્શાસ્ત્ર અને શુભેચ્છાસંપન્ન પુરુષોના સમાગમમાં રહેવું યોગ્ય છે.

૮૦૬. '**શ્રી ડુંગર આદિ મુમુક્ષુઓ,...**' એ 'સાયલા' પત્ર લખ્યો છે. '**મન વગેરેની ઓળખાણનાં પ્રશ્નો મગનલાલે લખ્યાં તે સમાગમમાં પૂછવાથી સમજવાં ઘણાં સુલભ પડશે. પત્ર વાટે સમજાવાં કઠણ છે.**' .. વાત કહેવી હોય ત્યારે એમને પત્ર લખવામાં એ વાત અનુકૂળ નથી પડતી અથવા તો વધારે વિકલ્પ થાય એ પણ એમને અનુકૂળ નથી પડતો. '**શ્રી લહેરાભાઈ આદિ મુમુક્ષુઓને આત્મસ્મરણપૂર્વક યથાવિનય પ્રાપ્ત થાય.**' બીજા 'લહેરાભાઈ' કરીને મુમુક્ષુ છે.

'**જીવને પરમાર્થ પામવામાં અપાર અંતરાય છે,...**' એક મુમુક્ષુજીવને પરમાર્થ એટલે આત્મકલ્યાણની પ્રાપ્તિ થાય અથવા પરમાર્થ માર્ગ નિશ્ચયમાર્ગ પ્રાપ્ત થાય તેમાં અપાર અંતરાય છે. જીવને બહુ અંતરાય છે એમ કહે છે. ક્યાંકનો ક્યાંક ભટકાય જ જાય. અહીંયાં ગોથું ખાય, કાં આમ ગોથું ખાય, આમ ખાય ને આમ ખાય. રસ્તે ચડવું બહુ મુશ્કેલ છે. મુમુક્ષુજીવ અનંતકાળથી આથડે છે અને રસ્તા ઉપર આવવામાં અપાર અંતરાય છે. તેમાં પણ આવા કાળને વિષે તો તે અંતરાયોનું અવર્ણનીય બળ હોય છે. આ તો ૯૫ વર્ષ પહેલાનો (પત્ર) છે. અત્યારે તો પાછી વિષમતા ઘણી વધી ગઈ છે. એ વિષમતા આગળ તો ત્યારે દસમો ભાગ ગણવો જોઈએ. કાં સોમો ભાગ ગણવો જોઈએ. તોપણ એમ કહે છે.

'**આવા કાળને વિષે તો તે અંતરાયોનું અવર્ણનીય બળ હોય છે. શુભેચ્છાથી માંડી કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંતાં ઠામ ઠામ તે અંતરાયો જોવામાં આવે છે, અને જીવને વારંવાર તે અંતરાયો પરમાર્થ પ્રત્યેથી પાડે છે.**' શું કરે છે ? જીવને ઉપર ચડવાને બદલે નીચે પાડે છે. આ એક પરિસ્થિતિ છે. લક્ષમાં લેવા જેવી, ધ્યાનમાં લેવા જેવી અને ગંભીરતામાં આવવા જેવી આ એક પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આ સ્થાનમાં આવીએ તોપણ અહીંથી કાંઈક બીજી લાઈને ચડી જઈએ છીએ. આવીએ છીએ અહીંયાં કલ્યાણ માટે. શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એક જ લક્ષ રાખ્યું હોય, આત્મકલ્યાણ સિવાય બીજું જેનું લક્ષ નથી એ ભૂલવાનો નથી. બીજું લક્ષ થયું એટલે ગયો. એ પડવાનો છે, ચડવાનો

નથી. માટે એક જ લક્ષ રાખવું. એક જ લક્ષે પ્રવૃત્તિ કરવી જે કરવી તે. મારા આત્મકલ્યાણનું આમાં નિમિત્ત છે કે નહિ ? મારા આત્મકલ્યાણને આમાં લાભ છે કે નહિ ? આટલું જોવાનું રહેશે. એક નજર નાખે તો ભૂલ ન થાય.

મુમુક્ષુ :- અહીંયાં આવીએ ને ચારેય કષાય આમ બહાર ડોક્યા મારે છે. અહીંયા આવીએ કષાય ઓછા કરવા.

પૂજ્ય ભાઈશ્રી :- શુભેચ્છાથી માંડીને. શુભેચ્છા એટલે આત્મકલ્યાણની ભાવનાથી માંડીને, જિજ્ઞાસાથી માંડીને. એ શુભેચ્છા એટલે પોતાના હિતની ઈચ્છા થાય. પહેલી ભૂમિકામાં શું થાય ? કે મારે તો મારું કલ્યાણ કરવું છે. ત્યાંથી પછી આગળ જાય એટલે પાછો ઘૂંચવણમાં પડી જાય. તો કહે છે, કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધીનો જે રસ્તો છે એ રસ્તામાં શુભેચ્છાથી માંડીને એ રસ્તામાં ઠામ ઠામ અંતરાયો જોવામાં આવે છે. ક્યાંક ખાડા છે, ક્યાંક ટેકરા છે, કાંઈક રસ્તા આડા અવળા ફાટે છે, કાંઈક જુદી જાતના વળાંક છે, એવા કંઈક જાતના અંતરાયો છે. ક્યાંક ઝાડ આડા પડ્યા છે, ક્યાંક પથરા પડ્યા છે, ક્યાંક કાંઈક છે. હજાર જાતની વાતો જેમ રસ્તામાં હોય છે એમ આમાં પણ એવું છે.

'તે અંતરાયો જોવામાં આવે છે, અને જીવને વારંવાર તે અંતરાયો પરમાર્થ પ્રત્યેથી પાડે છે. જીવને મહત્ પુણ્યના ઉદયથી જો સત્સમાગમનો અપૂર્વ લાભ રહ્યા કરે તો તે નિર્વિઘ્નપણે કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચી જાય છે.' આ સત્પુરુષના પ્રત્યક્ષ યોગનું મહત્ત્વ દર્શાવ્યું છે કે જો કોઈ એવો મહાન પુણ્યનો ઉદય હોય અને એને સત્પુરુષનો સમાગમ રહેતો હોય તો તે અપૂર્વ લાભ છે. અને એને કારણે એ નિર્વિઘ્ન કૈવલ્ય પર્યંતની ભૂમિકાએ પહોંચી જાય. પછી એને વિઘ્ન નથી. શ્રીગુરુ માથે રાખ્યા હો ત્યાં સુધી વાંધો નથી. 'બહેનશ્રી' લખે છે ને ? મોટા પુરુષને માથે રાખવા. છે ને ? મોટા પુરુષને માથે રાખવા.

મુમુક્ષુ :- બે લગામ છે. એક એમની લગામ.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એવો કોઈ યોગ હોય તો તો બચી જવાનો જીવને ઘણો અવકાશ છે. યોગ ન હોય તો બચવું બહુ મુશ્કેલ છે. પોતાની મેળે બચવું બહુ મુશ્કેલ છે. મુશ્કેલ છે નહિ પણ બહુ મુશ્કેલ છે.

'સત્સમાગમના વિયોગમાં જીવે આત્મબળને વિશેષ જાગ્રત રાખી સત્શાસ્ત્ર અને શુભેચ્છા સંપન્ન પુરુષોના સમાગમમાં રહેવું યોગ્ય છે.' અને જ્યારે સત્પુરુષનો વિયોગ હોય ત્યાર, સત્સમાગમનો વિયોગ એટલે અહીંયાં સત્પુરુષનો વિયોગ હોય ત્યારે આત્મબળને વિશેષ જાગ્રત રાખવું. મારે પોતાનું કલ્યાણ કરવું છે એ જાતના

પરિણામ વધારે બળવાનપણે રાખવા. અને એ બળવાન પરિણામ સહિત સત્શાસ્ત્રનો અભ્યાસ રાખવો અને એવા શુભેચ્છા સંપન્ન એટલે મોક્ષના ધ્યેયવાળા પુરુષોના સમાગમમાં રહેવું. બીજા ધ્યેયવાળાના સમાગમમાં ન રહેવું.

ચર્ચા એ કરવી જોઈએ કે એક ધ્યેયવાળા આપણે સાથે મળીએ છીએ ત્યારે એટલી આત્મીયતા હોય કે ભાઈ ! આપણું ધ્યેય આ એક છે તો પછી આ ધ્યેય વિરુદ્ધ કેમ આમ થયું ? મારું થાય તો મારું ધ્યાન દોરજો. તમારું થાય તો હું તમારું ધ્યાન દોરું. પણ આપણું ધ્યેય ન ચુકાય એ માટે આપણે સમાગમમાં રહેવું છે. શુભેચ્છા સંપન્ન. પછી એમ કહે કે ભાઈ ! મારે તો એ ધ્યેય-બ્યેયનું કાંઈ નહિ. આમ જ કરવું છે. તો એ સમાગમ છોડી દેવો. ધ્યેયને છોડવાવાળાનો સમાગમ છોડી દેવો. કાં સત્પુરુષના સમાગમમાં રહેવું, કાં શુભેચ્છાસંપન્ન પુરુષોના સમાગમમાં રહેવું. અને સત્શાસ્ત્ર, એકાંતમાં સત્શાસ્ત્રનો સ્વાધ્યાય રાખવો. એ 'સાયલા'ના મુમુક્ષુવાસીઓને આ રીતે પોતે શિખામણ આપી છે. આ 'લલ્લુજી' મુનિને પત્ર લખ્યો છે એમાં આ પત્રની અંદર આપણે ત્યાં ચર્ચા વિશેષ લઈશું.

પત્રાંક-૮૦૭

મુંબઈ, ભાદ્રપદ વદિ ૦)), રવિ, ૧૯૫૩

શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગંબરવૃત્તિએ વર્તીને ચારિત્રનો નિર્વાહ ન થઈ શકે, તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતાંબરપણેથી વર્તમાન કાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે, તે નિષેધ કરવા યોગ્ય નથી. તેમ જ વસ્ત્રનો આગ્રહ કરી દિગંબરવૃત્તિનો એકાંત નિષેધ કરી વસ્ત્ર મૂર્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્તવ્ય નથી.

દિગંબર અને શ્વેતાંબરપણું દેશ, કાળ, અધિકારીયોગે ઉપકારનો હેતુ છે. એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતાં આત્માર્થ જ છે.

'મોક્ષમાર્ગપ્રકાશ'માં વર્તમાન જિનાગમ કે જે શ્વેતાંબર સંપ્રદાયને માન્ય છે તેનો નિષેધ કર્યો છે, તે નિષેધ કર્તવ્ય નથી. વર્તમાન આગમમાં અમુક સ્થળો વધારે સંદેહના સ્થાન છે, પણ સત્પુરુષની દૃષ્ટિએ જોતાં તેનું નિરાકરણ થાય છે, માટે ઉપશમદૃષ્ટિએ તે આગમો અવલોકન કરવામાં સંશય કર્તવ્ય નથી.

૮૦૭. **'શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગંબરવૃત્તિએ વર્તીને ચારિત્રનો નિર્વાહ...'** ત્યાં ચારિત્ર એટલે બાહ્ય ચારિત્ર લેવું. અંતર ચારિત્રની અહીંયાં ચર્ચા નથી ચાલતી. પણ બાહ્યાચરણની વાત છે. બાહ્ય ચારિત્રનો નિર્વાહ ન થઈ શકે **'તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતાંબરપણેથી વર્તમાન કાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે, તે નિષેધ કરવા યોગ્ય નથી.'** એટલે આપણે શું કરે છે ? કે 'ગુરુદેવ'ની નિશ્રામાં બ્રહ્મચર્ય વ્રત લઈ લેતા હતા. દીક્ષા ન લે પણ ભાઈ કે બહેન કે ગૃહસ્થી હોય તો ગૃહસ્થી બંને બ્રહ્મચર્યનું વ્રત લઈ લે. એટલે નિવૃત્તિનો કાળ વિશેષ વધી જાય. એટલે બાહ્ય નિવૃત્તિનો પ્રસંગ છે એમ સમજીને કોઈ દીક્ષા લઈ લે અને એ નિવૃત્તિ અર્થે લે તો એને કાંઈ દોષ નથી. જેમકે આ લોકો 'લલ્લુજી' મુનિ ને એ હતા ને ? એ સ્થાનકવાસી સાધુ તરીકે હતા. પછી મુહપત્તિ છોડી દીધેલી. પણ એ સાધુ તરીકે રહ્યા એમાં એને એમ ન કહ્યું કે તમે કપડા પહેરી લ્યો કે લગન કરી લ્યો કે તમારા સગા-વ્હાલાના ઘરે વયા જાવ. એમ ન કહ્યું. જેમ 'ગુરુદેવે' ન કર્યું. 'ગુરુદેવે' વેશ રાખ્યો, ત્યાગીનો વેષ રાખ્યો....

મુમુક્ષુ :- મુનિ તરીકે પોતાને નહોતા મનાવતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આમને મુનિ તરીકે તો માનવાનો પ્રશ્ન નથી. કેમકે એ તો મુમુક્ષુ તરીકે સંબોધન કર્યું છે. ભાદરવા સુદ ૯, મુમુક્ષુ તરીકે સંબોધન કર્યું છે. અનેક જગ્યાએ પણ એમણે મુમુક્ષુ તરીકે જ સંબોધન કર્યું છે. જો મુનિ તરીકે માનતા હોત તો પોતે વંદન આદિ કરે. મુનિ તો વંદનને યોગ્ય છે. તો વંદન આદિ કરે. એના બદલે એ મુનિના વેશમાં રહેલા મુમુક્ષુઓ 'કૃપાળુદેવ'ને વંદન આદિ કરતા હતા. એ ગૃહસ્થ હતા તોપણ. એટલે પ્રસિદ્ધપણે મુનિપણે એને માનવા, મનાવવાનો તો એમને પ્રશ્ન હતો જ નહિ.

મુમુક્ષુ :- ઉપર લખ્યું છે ને મુનિપથ અનુગામી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુનિપથ અનુગામી. એટલે તમારે એમ કે એ માર્ગે ચડવું છે, નિર્ગ્રંથના માર્ગે ચડવાના તમે અભિલાષી છો. એટલે કેવળજ્ઞાન લેવાના અભિલાષી છે ને ? મુમુક્ષુ પહેલેથી કેવળજ્ઞાનનો અભિલાષી છે, નિર્ગ્રંથ થવાની પણ ભાવના હોય છે. એ તો એના પેટામાં આવી જાય છે. એમણે ત્યાગ કર્યો છે એટલે મુનિપથાનુગામી કહ્યા. એવા મુમુક્ષુઓ તરીકે જુદા પાડ્યા.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી' સાધુવેષ તરીકે સાધુ માનતા નહોતા.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સાધુ માને તો તો વંદન જ કરવા પડે. અને એને વંદન કરવાનો ક્યાં પ્રશ્ન રહ્યો. વંદન યોગ્ય તમે છો. એ તો આમાં ચોખ્ખું લખ્યું છે કે

વર્તમાન જે ઉપદેશકો છે, મુનિઓ છે એનો સૂત્રાર્થ શ્રવણને પણ યોગ્ય નથી. શું લખ્યું છે ? એ નથી પણ બીજા અત્યારે સંપ્રદાયમાં જે મુનિ અને સાધુ કહેવાય છે એમના સૂત્રનો અર્થ શ્રવણ કરવા જેવો-એને સાંભળવા બેસવા જેવો નથી. એવો અભિપ્રાય આપ્યો છે કે એને સાંભળવા બેસવું નહિ તમારે. શ્રવણને યોગ્ય પણ નથી એનો સૂત્રાર્થ તો. કેમકે એને ખબર જ નથી આત્મજ્ઞાન શું છે ? અનુભવ શું છે ? વીતરાગતા શું છે એ ખબર જ નથી. રાગથી ધર્મ મનાવે છે.

'**તે નિષેધ કરવા યોગ્ય નથી.**' એટલે તું છોડી દે એમ કહે છે. ત્યાગી થઈ ગયો છો તો હવે તું કપડા પહેરી લે અને ગૃહસ્થીમાં વયો જા એમ નિષેધ ન કરવો.

મુમુક્ષુ :- પત્ર વાંચી જાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તો મુશ્કેલી પડે. એમ નથી. કોઈ ત્યાગી હોય, કોઈ બ્રહ્મચારી હોય તો એને એમ ન કહેવાય. નહિતર બ્રહ્મચર્યનું ગુણસ્થાન તો પાંચમા ગુણસ્થાને સાતમી પ્રતિમા છે અને મુમુક્ષુ તો મિથ્યાદષ્ટિ છે. તો એને એમ ન કહેવાય કે તું પાંચમા ગુણસ્થાને આવે ત્યારે બાધા લઈ લેજે ને, અત્યારથી શું છે ? હજી તો તું મુમુક્ષુ છો એમ ન કહેવાય. એની ભાવના હોય તો 'ગુરુદેવ' પણ એને એ જાતની પ્રતિજ્ઞા આપતા હતા. તો એનો નિષેધ ન કરાય એમ કહે છે. એમ કોઈ બાહ્ય નિવૃત્તિ અર્થે કોઈ ત્યાગીના વેષમાં રહે તો એનો નિષેધ ન કરાય.

મુમુક્ષુ :- દિગંબરવૃત્તિ ... શ્વેતાંબરપણે.. કાંઈ ફેર ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે દિગંબર વૃત્તિએ વર્તીને એટલે શું છે કે મારે તો નગ્ન રહેવું છે. ત્યાગ કરીને એટલો ત્યાગ કરવો છે કે હું તો નગ્ન થઈ જઉં. તો એ આ પરિસ્થિતિમાં જે શરીરબળ અને જે વર્તમાન પરિસ્થિતિ છે એમાં એ પ્રમાણે બાહ્ય ચારિત્ર નિર્વાહવું એ સહેલું નથી. એ ન થઈ શકે એવી વાત છે. એટલે એમ કહે છે કે વસ્ત્ર પહેરીને પણ નિવૃત્તિએ રહે તો એ વધારે યોગ્ય છે.

પછી કહે છે કે '**વસ્ત્રનો આગ્રહ કરી દિગંબરવૃત્તિનો એકાંત નિષેધ કરી વસ્ત્ર મૂર્ચ્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્તવ્ય નથી.**' કોઈને એવો ભાવ હોય તો એનો પણ નિષેધ કરવો અને વસ્ત્રનો આગ્રહ રાખવો કે નહિ, આમ નહિ. અત્યારે એ હોય નહિ. આમ જ વસ્ત્ર રાખીને જ ત્યાગી રહેવું. એમ પણ નથી. એની મર્યાદા પાતળી છે. જીવને જેટલો પણ સહેજે સહેજે કષાય મંદ રહેતો હોય, હવે એનો સંક્ષેપ લઈ લઈએ કે કોઈપણ જીવને સહેજે સહેજે કષાય મંદ રહેતો હોય તો એને તીવ્ર કષાયની પ્રવૃત્તિમાં જોડવાનો ક્યાંય પણ સિદ્ધાંત નથી. પછી મિથ્યાદષ્ટિ, સમ્યગ્દષ્ટિની પછી વાત છે.

કોઈ એમ કહે કે મારે આહાર નથી લેવો, ઉપવાસ કરવો છે. તો ઉપવાસ કરવો હોય એને એમ ન કહેવાય કે ના ના, હવે ઉપવાસ ક્યાં સાચું તપ છે ? એ તો તપ છે જ નહિ. મિથ્યાદૃષ્ટિને ક્યાં તપ છે ? ખાઈ-પીને મજા કરોને. એમ ન હોય. એક વખત આહાર લેવો હોય, ઠામુકો આહાર ન લેવો હોય તો સહેજે એનો કષાય મંદ રહેતો હોય અને તીવ્ર ન થતો હોય તો એને તીવ્ર કષાયનો ઉપદેશ આપવો જોઈએ નહિ. એવી વાત છે આ બધી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ઉપવાસનું પચ્ચખાણ આપતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આપતા એમાં કાંઈ વાંધો નહિ. એની શુભેચ્છા હોય એનું અનુમોદન કરે ને ?

મુમુક્ષુ :- એને એમ ન કહે કે તું તો મિથ્યાદૃષ્ટિ છે...

પૂજ્ય ભાઈશ્રી :- તું તો મિથ્યાદૃષ્ટિ છે. આ કાંઈ તપ ન કહેવાય. હવે ખાઈ લે છાનોમાનો એમ ન કહે એને. બહુ સારું તારે ઉપવાસ કરવો છે ને ? તો પચ્ચખાણ લઈ લે તું.

મુમુક્ષુ :- વગર ... બધા લેતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જેનો ભાવ હોય એનો. શ્વેતાંબર સાધુની જેમ ન કરે. તમે લ્યો ને લ્યો. કેમ ઉપવાસ નથી કરતા ? કેટલા કરવાના છો ? કરવો છે કે નથી કરવો ? એમ ન કરે. એવી રીતે ન હોય. પણ એને ભાવ હોય, એને કષાય મંદ રાખવાનો ભાવ હોય તો એને તીવ્ર કષાયમાં પાડવાનો ? એ તો શક્ય જ નથી. એ સિદ્ધાંત લેવો અહીંયાં.

મુમુક્ષુ :- પાતળી ભેદરેખાની વાત થઈ ગઈ એ તો વધારે સ્પષ્ટતા હોય તો જ સમજાય અને એટલા માટે સત્સમાગમની જરૂર બહુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સત્સમાગમની જરૂર બહુ છે. નહિતર જીવ પોતાની કલ્પના પ્રમાણે અર્થઘટન કરે અને પોતાની યોગ્યતા બહારના પરિણામ કરી નાખે. અને કોઈને અન્યાય પણ થઈ જાય. 'શ્રીમદ્‌જી'ની જ આ વાત સમજે તો 'શ્રીમદ્‌જી' પ્રત્યે અભક્તિ થાય. જેણે અંતરંગમાં રાગના એક કણને અડવા નથી દીધો એવા ભિન્ન પડી ગયા. દેહનું ખોખું, કાય યોગ છે છતાં એનાથી ભિન્ન પડી ગયા અંદર ચૈતન્ય ગોળો. એટલે હદ સુધી એણે અંતરમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિવેક કર્યો. એ બહારના સ્થુળ વિવેકના દોષ-નિર્દોષતામાં, સ્થુળ દોષ અને સ્થુળ નિર્દોષતામાં ન સમજે એ કેમ માની લેવાય ? ગળે ઉતરે એવી ક્યાં વાત છે ?

મુમુક્ષુ :- જ્ઞાનીનો ઉપદેશ ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક એટલે શું કે જ્ઞાની એમ કહે કે જો ભાઈ ! આ તું દીક્ષા લે છે એટલે મુનિ છો એમ ન માની લેતો. તારે ધંધામાં, વેપારમાં, કુટુંબ-પરિવારમાં, બૈરા-છોકરાની પળોજણમાં ન પડવું હોય અને નિવૃત્તિ લઈને આત્મકલ્યાણ કરવું હોય તો કાંઈ વાંધો નથી. આ તારી મર્યાદા છે. એની મર્યાદામાં મુનિપણું નથી આવતું.

મુમુક્ષુ :- એવું કોઈ કહેતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ ફેર છે ને. એટલે તો ચોખવટ કરે છે પોતે. એટલે તો પોતે ચોખવટ કરે છે. પછી શું છે કે જે બ્રહ્મચારી હોય તો એણે બ્રહ્મચારીને યોગ્ય એની પોતાની રહેણીકરણી ને બધું રાખવું જોઈએ. પછી જો એ વૈભવવિલાસમાં ગૃહસ્થીઓ રહેતા હોય એ પ્રકારે એને ન રહેવું જોઈએ. એ એની મર્યાદા થઈ ગઈ પાછી. આમાં શું કહ્યું ?

'**જ્ઞાનીએ ઉપદેશી મર્યાદાપૂર્વક...**' ભલે બ્રહ્મચર્યની બાધા આપી. પછી એણે એના જીવનમાં, ખાણીમાં, પીણીમાં, રહેણીમાં, કરણીમાં ક્યાંય પણ બીજાને વ્યામોહ થાય કે બીજાને ટીકા કરવાનું કારણ થાય એવી એની વર્તના (ન હોય), બાહ્ય જીવનમાં ફેરફાર કરે તો બાહ્ય જીવનમાં બધી સુસંગતતા આવવી જોઈએ. એ બધી એની મર્યાદા છે. એમાં ફેરફાર દેખાય તો જ્ઞાની એમ કહે કે આમ ન હોય. થયું છે કે નહિ બધું ? એવા પ્રસંગો બન્યા છે 'ગુરુદેવ'ની હાજરીમાં. એમ લાગે કે આ મર્યાદા નથી સચવાતી અને જે એને દેખાવો હોવો જોઈએ એના એ દેખાવથી બહાર જાય છે. એટલે તરત ટકોર કરે. આમ ન ચાલે. આવી રીતે ન રહેવાય. એ તો પ્રત્યક્ષ હોય તો એ જીવની યોગ્યતા હોય અને પ્રત્યક્ષ હોય, બે વાતનો યોગ હોય તો બચે. નહિતર ઊંધું પડે કે લે આ તો મને આમ કહે છે. એમ ન હોવું જોઈએ.

મુમુક્ષુ :- .. કડક ભાષામાં કહેવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. કડક એટલે.. એ તો 'ગુરુદેવ'ને ખ્યાલ આવી જાય. આ આમ નથી. એનો મૂળનો ખ્યાલ આવી જાય. ભલે એની બહારની ચેષ્ટા સામાન્ય હોય પણ એનું મૂળિયું પકડી લે. એમનો તો ઉપયોગ સૂક્ષ્મ અને ઊંડો છે. એટલે એને પડતો બચાવે. છોકરો ઝેરવાળો પેંડો ખાતો હોય તો એને ધોલ મારીને લઈ લેવો પડે. પેંડો લાવ પાછો. તો કહે નહિ દઉં. નહિ શું દે ? લાફો મારીને લઈ લે. એની મા હોય તો લાફો મારીને લઈ લે કે ન લઈ લે ? ઝેરવાળો પેંડો ખાવા દે એને ? ન ખાવા દે. મારે એને. મારીને લઈ લે. એમ શ્રીગુરુ ઠપકો પણ આપે, ગુસ્સો પણ કરે. તોપણ એમની કરુણાબુદ્ધિ છે, અનંતી કરુણા છે. ગ્રહણ તો એમ સીધું લેવું જોઈએ. એવું ગ્રહણ થવું

જોઈએ. અને એ તો એમને વિશ્વાસ હોય તો ગુસ્સો કરે. આને વાંધો નહિ આવે. કહેશું તો પણ એ ઊંધું નહિ લે. અને એમ લાગે કે ઊંધુ લે તો એ ભલે છૂટો પડી જાય. પછી એનો સંગ બીજા કરે એમ ઈચ્છે નહિ કે એ પોતાના સંગમાં આવે એમ ઈચ્છે નહિ. જો આજ્ઞામાં ન રહેતો હોય એવો જીવ તો કાં તો એ એના રસ્તે વયો જાય એવું સારું છે. અને કાં તો સુધરી જાય તો સારુ છે. બાકી એમ ને એમ ન રહેવા દે ત્યાં. કેમકે એ બગડે અને બીજાને પણ સાથે બગાડે. એવું થાય એની અંદર.

મુમુક્ષુ :- શ્વેતાંબર દિગંબરમાં તટસ્થ હતા એવું કાંઈ ખરું ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. તટસ્થનો સવાલ જ નથી અહીંયાં. અહીંયાં એ મતમતાંતરનો પ્રશ્ન જ નથી. મતમતાંતરનો પ્રશ્ન જ નથી. અહીંયાં તો એમ છે કે કોઈ જીવને ત્યાગીપણે સહેજે રહેવું હોય તો એનો નિષેધ ન કરવો. પણ એને જ્ઞાનીની આજ્ઞામાં ઉપદેશેલી મર્યાદામાં રહેવું. ભલે કપડા પહેરેલા હોય. શ્વેતાંબર તો સફેદ કપડા પહેરે. કેમકે ત્યાગી રહેવું હોય એને તો રંગબેરંગી કપડા પહેરવાનો પ્રશ્ન અમસ્તો પણ ઉપસ્થિત થતો નથી. રંગીન કપડા કોણ પહેરે ? ચાલો ઠીક !

જેને પોતાની શોભા દેખાવમાં વધારવી હોય એ રંગીન કપડા પહેરે છે. પહેરતા હોય એણે વિચારી લેવું કે આપણે રંગની પસંદગીમાં કેમ જઈએ છીએ ? આ રંગ નહિ ને આ રંગ કેમ ? આ રંગ નહિ ને આ રંગ કેમ ? આ Design નહિ ને આ Design કેમ ? કે એને પોતાનો દેખાવ (કરવો છે), એમાં મારો દેખાવ વધારે સારો. એટલે એને બીજાઓની નજરમાં બીજાને મોહ થાય એવો મારો દેખાવ કરવો જોઈએ. કપડા અને દાગીના એ બીજાના વ્યામોહનું કારણ છે.

એમણે તો બહુ નાની ઉંમરમાં લખ્યું છે, ૧૭ વર્ષની ઉંમરમાં કે મોહનીય દેખાવ કરું નહિ. મોહનીય દેખાવ કરવો નહિ. એવા કપડા-દાગીના ન પહેરવા કે જેથી બીજાને પોતાના ઉપર મોહ થાય. ૧૭ વર્ષની ઉંમરે આ બધો વિવેક હતો એમનો.

મુમુક્ષુ :- પહેરવેશ ઉપર બહુ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પહેરવેશ બહુ લખ્યું છે.

મુમુક્ષુ :- કોઈ વસ્તુ બાકી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. વાત સાચી છે. એમનો અભ્યાસ છે. બધાને ઘણાંને જુદી જુદી રીતે નાની ઉંમરનાને, મોટી ઉંમરનાને, ત્યાગીને, પુરુષને, સ્ત્રીને, બ્રહ્મચર્યને, મુનિને બધાને માટે લખ્યું. ૭૦૦ વચનો લખ્યા. કેટલો વિશાળ ઉપયોગ લખ્યો ! એટલો વિશાળ ઉપયોગ અને એટલો સૂક્ષ્મ ઉપયોગ. એ બધું લઈને આવેલા, મૂડી લઈને આવેલા એ તો.

મુમુક્ષુ :- રાજાને ઉપદેશ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૧૭મા વર્ષે એમણે 'વવાણિયા'ના રાજાને ઉપદેશ આપ્યો છે.

મુમુક્ષુ :- ચૌદમા વર્ષે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ચૌદમા વર્ષે. એ ઉપદેશ વાંચે તો અત્યારના હિન્દુસ્તાનના વડાપ્રધાનને શિખવા મળે એવું છે. એવી સરસ વાતો લખી છે. અરે..! બહુ મહાવિવેકી હતા. એમના માટે કોઈ ખોટો અભિપ્રાય બાંધે કે એમને ખબર પડતી નહોતી, એ બહુ મોટો સ્વચ્છંદ છે.

'દિગંબર અને શ્વેતાબરપણું દેશ, કાળ, અધિકારીયોગે ઉપકારનો હેતુ છે.' શું કહે છે ? કે કોઈ કપડા પહેરીને રહે કે કોઈ કપડા વગર ત્યાગી થાય. બે પ્રકારે ત્યાગી થાય તો એની પાત્રતા અનુસાર અને દેશકાળ અનુસાર, એ બધો વિવેક કરીને એને એ પ્રમાણે .. પોતે રાખે. પોતાના આત્માને ઉપકારનો હેતુ થાય એ રીતે કરે. તો એમાં કાંઈ વાંધો નથી. થોડો ત્યાગ કરે કે પૂરો ત્યાગ કરે. પોતાની યોગ્યતા જોઈને, પોતાની ભૂમિકા જોઈને અને વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઈને કરે અને આત્મહિતાર્થે કરે તો એને ઉપકારનો હેતુ છે. બેમાંથી એકેય વાતનું નુકસાન જવાનું નથી. આમાંથી એમ કાઢે છે કે શ્વેતાંબર મુનિપણું એમણે સંમત કર્યું. એમ નથી. એમ કહેવા માગતા નથી. એમ નથી.

'એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતાં આત્માર્થ જ છે.' માટે જ્ઞાનીની આજ્ઞામાં રહીને, એમના ઉપદેશમાં રહીને, એમની નિશ્રામાં રહીને એ જેમ કહે તેમ રહો, એમાં કાંઈ વાંધો નથી. આત્માર્થની સિદ્ધિ થાય. આજ્ઞામાં રહો તો આત્મકલ્યાણ જ થાય. આજ્ઞા બહાર જાવ એટલે આત્મકલ્યાણ થાય નહિ. આ સીધો એક પાધરી પાટીનો દોર લઈ લેવો કે શ્રીગુરુની આજ્ઞામાં રહેવું, આજ્ઞાનુ ઉલ્લંઘન કરવું નહિ. ...

પ્રથમ શ્રદ્ધા કરે કે નયપક્ષના વિકલ્પ રહિત મારું સહજ સ્વરૂપ એકાકાર છે, એમ નિઃશંક થાય પછી વિકલ્પ હોય, તો પણ તે આગળ જવાનો છે, વિકલ્પ તોડશે અને સ્વભાવમાં જશે. પૂ. ગુરુદેવશ્રી. (અનુભવ સંજીવની-૧૯૨૧)

તા. ૧૬-૮-૧૯૯૨, પત્રાંક - ૮૦૭
પ્રવચન નં. ૩૯૬

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૦૭, પાનું-૬૧૨. 'લલ્લુજી' મુનિ ઉપરનો આ પત્ર છે. પહેલા થોડો વાંચ્યો હતો. વચ્ચે થોડા દિવસો ગયા એટલે ફરીથી લઈએ. વિષય અનુસંધાન છે. 'લલ્લુજી' મુનિ સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લઈને સાધુ તરીકે રહેલા. અને 'કૃપાળુદેવ'ના પરિચયમાં આવ્યા પછી એમણે પોતે એક મુમુક્ષુ છે, સાધુ નથી પણ મુમુક્ષુ છે એવો ભાવ ધારણ કરીને 'કૃપાળુદેવ'ના ચરણમાં આત્મકલ્યાણ અર્થે પરમ ભક્તિએ વર્ત્યા. પાત્રતા વિશેષ હોવાને લીધે હું શ્વેતાંબરનો સ્થાનકવાસીનો સાધું છું એક આગ્રહ છૂટી ગયો.

એમ જ 'કૃપાળુદેવ'ના દર્શન થયા પછી અને પરિચય થયા પછી એમને એમ પણ લાગ્યું છે કે સંપ્રદાયમાં આત્મકલ્યાણ થાય એવી પરિસ્થિતિ રહી નથી. જે સંપ્રદાયમાં હું સાધુ તરીકે રહું છું એ સંપ્રદાયમાં આત્મકલ્યાણ થાય એવી પરિસ્થિતિ જોવામાં આવતી નથી. હવે જો મારે મારું આત્મકલ્યાણ કરવું હોય તો આ એક સત્પુરુષ છે. એને પરમાત્માની નજરે જોયા છે. કઈ નજરે જોયા છે ? પરમાત્માની નજરે જોયા છે. અને પરમ ભક્તિએ તેમના સાન્નિધ્યમાં અને પરિચયમાં વર્ત્યા છે. પોતે સાધુ વેશમાં એટલે કે ત્યાગી વેશમાં હોવા છતાં અને 'કૃપાળુદેવ' ગૃહસ્થ વેશમાં હોવા છતાં, બેય પોત પોતાના જુદાં જુદાં વિચિત્ર બાહ્ય વેશમાં હોવા છતાં એમને જે 'કૃપાળુદેવ'ને સ્વીકાર્યા છે, જે દૃષ્ટિએ સ્વીકાર્યા છે એ એમની પાત્રતા વિશેષને પ્રસિદ્ધ કરે છે. એ વાત એમની પાત્રતા વિશેષને પ્રસિદ્ધ કરે છે. એવા પાત્ર જીવને એની પાત્રતાને ધક્કો ન પહોંચે એટલે વ્યક્તિગત સંબોધન છે એમ જાણવું. આ વાત એમણે સિદ્ધાંતિક રીતે અથવા દાર્શનિક રીતે કરી છે એમ નથી.

આ પત્ર સમજવા માટે આટલી પૂર્વસૂચના અથવા આટલી પૂર્વસમજણ અપેક્ષિત છે. નહિતર સમજણમાં થોડો વિરોધ ઉત્પન્ન થાય એવો પ્રકાર છે અને આપણા સંપ્રદાયમાં આ થોડો ચર્ચાનો વિષય પણ રહ્યો છે. એટલા માટે આપણા સંપ્રદાયમાં આ ચર્ચાનો વિષય રહ્યો છે કે આપણે આ વાતને મતાંતરની દૃષ્ટિએ જોઈએ છીએ. શ્વેતાંબર મત અને દિગંબર મત એવા મતાંતરની દૃષ્ટિએ જોઈએ છીએ.

જ્યારે અહીંયાં એમનો ઉલ્લેખ એ વિષયક નથી. અહીંયાં એમનો વિષય એ પ્રકારનો નથી, એ દૃષ્ટિકોણથી નથી. એમને દૃષ્ટિકોણ પોતાનો સ્પષ્ટ કર્યો છે કે વર્તમાન

આગમમાં અમુક સ્થળો વધારે સંદેહના સ્થાન છે. શંકા પડે એવી વાત છે, સંમત ન થાય એવી વાત છે. સંદેહ પડે એટલે એનો અર્થ શું ? કે માની ન શકાય એવી વાતો છે. તોપણ સત્પુરુષની દૃષ્ટિએ જોતાં તેનું નિરાકરણ થાય છે. સત્પુરુષની દૃષ્ટિ કઈ ? કે ઉપશમ દૃષ્ટિએ જોતા. પ્રયોજનભૂતની દૃષ્ટિએ જોતા એનું નિરાકરણ થાય છે, સમાધાન થાય છે કે ચાલો, આ આગમમાં પણ અમુક કેટલીક મૂળ વાતો છે એ પરંપરાએ મહાવીર ભગવાનના દિવ્યધ્વનિના અંશ જે સ્મૃતિમાં રહી ગઈ આ એ પણ આમાં સ્થાન ધરાવે છે. માટે બીજી વાતો જે સંદેહના સ્થાનો છે એમને ગૌણ કરી નાખો. શું કરવું ? એને ગૌણ કરી નાખવું. કોણે ? મુમુક્ષુએ. કેમ મુમુક્ષુએ ગૌણ કરી નાખવા ? કે મુમુક્ષુએ મુમુક્ષુની ભૂમિકામાં મતાંતરમાં રહેવું એ સંપ્રદાયબુદ્ધિને વશ થવા જેવું, સંપ્રદાયબુદ્ધિમાં આવી જવા જેવું એક દુષણ છે. અને એ દુષણ અત્યારે યોગ્ય નથી. જેને શરીરની અશક્તિ હોય એને પૌષ્ટિક ખોરાક ખાવો ઈષ્ટ છે. પણ એ પૌષ્ટિક ખોરાક ક્યારે ખવાય ? કે એ હોજરી પચાવી શકે ત્યારે ખવાય.

મુમુક્ષુ :- આ વૈદરાજની દૃષ્ટિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ વૈદરાજની દૃષ્ટિ છે. એવી દૃષ્ટિ એમણે અહીંયાં અપનાવી છે. જેને શરીરમાં નબળાઈ દેખાતી હોય એને સબળાઈ આવવા માટે ચરબી વધે, જેમાં ચરબી હોય એવા પદાર્થ ખોરાકમાં ખાવા યોગ્ય છે પણ શરત એ છે કે એની હોજરી પચાવતી હોય તો. જો એનું પાચન મંદ હોય, જઠરાગ્નિ એની ઠંડી થઈ ગઈ હોય, ભૂખ લાગતી જ ન હોય અને પાંચસો ગ્રામ ચાર શેર ઘી પાયેલો મેસુબ ખાઈ જાય તો જાડા થઈ જાય. તો નબળાઈ વધે કે ઘટે ? કે નબળાઈ વધે. મેસુબ ખાવાથી નબળાઈ વધે ? કે હા. મેસુબ ખાવાથી પણ વધે. પચે નહિ તો નબળાઈ વધે કે ન વધે ? થોડી શક્તિ હોય એ પણ ચાલી જાય.

એટલે આ વિષય છે એ એકદમ ગંભીર અને સત્પુરુષે જ્યાં જે કહ્યું છે તે ત્યાં તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર યોગ્ય છે એમ પહેલાં અભિપ્રાયમાં રાખીને, પહેલાં અભિપ્રાયમાં રાખીને જો સમજવામાં આવે તો તો તકલીફ ન થાય. પણ કાંઈક એમની ભૂલ થતી હોય એવું લાગે છે કે નહિ ? જ્યાં દૃષ્ટિ ફરી કે કદાચ આમાં એમણે પણ કાંઈક ભૂલ કરી હોય એવું દેખાય છે કે નહિ ? એ જ્યાં દૃષ્ટિ થઈ ત્યારે એ પોતાની નજરમાં, મુમુક્ષુની નજરમાં સત્પુરુષ ન રહ્યા. શું થયું ત્યાં ? ત્યાં એ મુમુક્ષુની દૃષ્ટિમાં એ સત્પુરુષ ન રહ્યા અને સત્પુરુષની દૃષ્ટિએ તે મુમુક્ષુ ન રહ્યો. ત્યાં પછી એની મુમુક્ષુતા નથી રહેતી. એટલે જે મુમુક્ષુ છે એને અભિપ્રાય આપવો એ યોગ્ય છે પણ અમુમુક્ષુ છે એનો તો અભિપ્રાય પણ યોગ્ય નથી. જેમ Minor નો અભિપ્રાય લેવાતો

નથી. Major age માં આવે પછી જ એને મત આપવાનો અધિકાર છે. એમ મત આપવાના અધિકારમાં આવ્યા પછી મત આપવો યોગ્ય છે. એ પહેલા મત આપવા જાય તો મુમુક્ષુપણું છૂટી જાય. મત આપવાની યોગ્યતા ન રહે. આવું જરા ઊંડું વિચારવું પડે એવો આ એક પત્ર છે. કેમકે એમણે એ જોયું છે કે જે પ્રકારે 'ટોડરમલજી'એ શ્વેતાંબર આદિ મતનો નિષેધ કર્યો એ પ્રકારે જો એ આ વ્યક્તિને નિષેધ આપવામાં આવે તો એને નુકસાન થવાનો સંભવ વધારે છે. તો એને નુકસાનમાંથી બચાવવા પૂરતી વાત કરી. એને નુકસાનમાંથી બચાવવા માટે વાત કરી છે.

મુમુક્ષુ :- એક બાજુ વાંચવા માટે ભલામણ કરી છે. વારંવાર વાંચજો એમ પણ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વારંવાર વાંચજો આગળ પણ કહી ગયા અને હજી પણ કહેશે કે આ ગ્રંથ તમે વાંચો. પણ ગ્રંથ વાંચવામાં પણ અધિકારીપણું જોઈએ, પાત્રતા જોઈએ. એની પાત્રતા જોઈને વાંચવાનું કહ્યું છતાં સાવધાની રાખવાનું પણ ક્યાંક ક્યાંક કહ્યું છે. આટલી સાવધાની તમે રાખજો.

હવે આપણે પત્ર શરૂ કરીએ. '**શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોથી માત્ર દિગંબરવૃત્તિએ વર્તીને ચારિત્રનો નિર્વાહ ન થઈ શકે,...**' અત્યારે વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોતાં અત્યંત ત્યાગવૃત્તિ જન્મી હોય તોપણ, બાહ્ય પદાર્થોની અત્યંત ત્યાગવૃત્તિ જન્મી હોય તોપણ દિગંબરવૃત્તિએ જંગલમાં રહીને જે પ્રકારે મુનિદશા પાળવામાં બાહ્ય ચારિત્ર હોય છે, મુનિદશાનું જે બાહ્ય ચારિત્ર હોય છે એ બાહ્ય ચારિત્રો જેટલા જેટલા મનુષ્યોને એ ત્યાગવૃત્તિ ઉત્પન્ન થાય તેટલા મનુષ્યો એ બાહ્ય ચારિત્રનો નિર્વાહ કરી શકે એવી પરિસ્થિતિ અત્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોતા દેખાતી નથી. આમ કહેવું છે. એટલા માટે તો ભગવાન મહાવીરસ્વામી પછી પાંચસો વર્ષે જ્યારે બાર વર્ષ સુધી દુષ્કાળ પડ્યા, આ દેશમાં બાર વર્ષ સુધી દુષ્કાળ પડ્યા એમાં દેશનો દક્ષિણ ભાગ કાંઈક ઠીક રહ્યો. બાકી દુષ્કાળની પરિસ્થિતિ ઘણી કપરી જોઈ ત્યારે મુનિઓ પણ આ ક્ષેત્ર છોડીને દક્ષિણમાં ચાલ્યા ગયા હતા.

આમ તો મુનિરાજ છે એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના પ્રતિબંધવણ વિચરે છે. એ વાત અપેક્ષિત છે. મુનિરાજને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ ન હોઈ શકે એવી એમની વૃત્તિ હોય છે. તોપણ એ ભાવલિંગી મુનિએ ધર્મના સંરક્ષણ અર્થે, ધર્મની રક્ષા અર્થે ક્ષેત્ર ત્યાગ કર્યો. કર્યો કે ન કર્યો ? એ વાત મર્યાદિત થઈ ગઈ ને ? એટલું જ નહિ. તે આચાર્યોએ જે મુનિઓ ન આવ્યા એને આદેશ પણ કર્યો કે હવે અહીંયાં રહેવા યોગ્ય નથી માટે સૌએ મુનિસંઘે બધા દક્ષિણ ભારતમાં ચાલ્યા આવો. જે ન આવ્યા એ

એને માટે (જે) ન આવ્યા અને એ આચાર્યોની આજ્ઞામાં, અનુજ્ઞામાં ન રહ્યા, અનુશાસનમાં ન રહ્યા તો મોટી ગડબડ પાછળ થઈ ગઈ. એ ત્યાંથી શ્વેતાંબર શરૂ થઈ ગયા. અનુશાસનનું મૂલ્ય કેટલું છે. અનુશાસનનું મૂલ્ય ઘણું છે. એટલે જે બાહ્યચારિત્ર છે એમાં અત્યારે ત્યાગવૃત્તિ હોય તોપણ વસ્ત્ર ધારણ થાય એટલી ત્યાગવૃત્તિની મર્યાદામાં આવવું. અને એ ત્યાગવૃત્તિનો જે પુરુષાર્થ છે એને સ્વભાવદૃષ્ટિએ સ્વભાવદશા પ્રાપ્ત કરવામાં યોજવો.

આત્મામાં જે શક્તિ છે એ શક્તિ કાર્ય કરે છે ને ? એ ત્યાગ ટકાવવો એમાં પણ પરિણામમાં શક્તિ જોઈએ છે. અને ત્યાગ ટકાવવામાં જે શક્તિ જોઈએ છે એ શક્તિનો મર્યાદિત ઉપયોગ ત્યાગમાં કરીને, એટલે અહીંયાં શ્વેતાંબરપણું લીધું છે. બે વસ્ત્રો હોય તો વધારે જરૂર નથી. એટલે કે એકદમ મર્યાદિત જીવન કરી નાખે માણસ, પોતાની જરૂરિયાતની મર્યાદા કરી નાખે તોપછી એને બાકીની શક્તિ પોતાના આત્મપરિણામની શુદ્ધિમાં લગાવવી. એવી રીતે એણે પોતાની શક્તિનો ઉપયોગ કરવો જોઈએ. આ ઉપશમ દૃષ્ટિએ ઉપદેશ થયો. આ વાત કઈ દૃષ્ટિએ થઈ ? ઉપશમ દૃષ્ટિ એટલે આત્માને અનંતાનુબંધી અને જે મિથ્યાત્વ મોહનીની પ્રકૃતિઓ છે એ સાતેય પ્રકૃતિઓનો ઉપશમ પહેલો કરવાની જરૂર છે. એટલે ઉપશમ દૃષ્ટિએ આ વાત છે. ચારિત્ર દૃષ્ટિએ આ વાત નથી. ઉપશમ દૃષ્ટિએ વાત છે.

'**તેથી જ્ઞાનીએ ઉપદેશી મર્યાદાપૂર્વક...**' જ્ઞાનીએ કહેલી મર્યાદાપૂર્વક, હોં ! આ સંપ્રદાયમાં ચાલે છે એમ નહિ પાછી. સંપ્રદાયમાં જે રીતે પરંપરા શરૂ થઈ છે અને સંપ્રદાયમાં જે રીતે એની છૂટછાટો અને બાંધછોડ થઈ છે એ પ્રકારથી નહિ. છે કે નહિ વાત ? જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતાંબરપણે એટલે વસ્ત્રસહિત વર્તમાનકાળ જેવા કાળમાં, અત્યારે જે કાળ વર્તી રહ્યો છે એ કાળમાં. '**ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે,...**' બાહ્ય ચારિત્રની મર્યાદામાં રહેવાના અર્થે પ્રવૃત્તિ છે. નિર્વાહ એટલે શું ?

મુમુક્ષુ :- પંચમગુણસ્થાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ રીતે .... પંચમ ગુણસ્થાનથી લાગુ પડે છે. વસ્ત્ર હોય અને છતાં બાહ્ય ત્યાગ પણ (હોય). એણે જરૂરિયાત પોતાની ઘટાડી નાખી હોય. તે યોગ્ય લાગે છે. વર્તમાનકાળમાં તે યોગ્ય લાગે છે.

હવે આપણે બીજું પડખું એનું વિચારીએ કે એમ નહિ માનીને કોઈ અત્યારે દિગંબર દીક્ષા પણ ધારણ કરે છે. અને દિગંબર દીક્ષા ધારણ કર્યા પછી શાસ્ત્રોક્ત રીતે તો બાહ્યાચરણ પણ નિર્વાહ કરતા નથી. તો પછી જે મહાન દિગંબર ભાવલિંગી

આચાર્યો અને સંતો થઈ ગયા એની પરંપરા તૂટે છે. એ દિગંબર મુનિને દિગંબર આચાર્ય તરીકે માનવું મનાવવું થાય છે. એ વસ્તુ ન થવી જોઈએ. કેમકે 'લલ્લુજી' સ્પષ્ટ કહે કે અમે સાધુ નથી, અમે તો મુમુક્ષુમાં પણ પાત્ર થવા માગીએ છીએ. જ્ઞાનદશાની ચતુર્થ ગુણસ્થાનની પણ અમારે પ્રાપ્તિ કરવી બાકી છે. માટે અમે આ સત્સંગ સત્પુરુષનો સેવીએ છીએ. તો પછી એને બાહ્ય ત્યાગમાં રહેવું એ દોષ નથી. એને જરૂરી નથી કે પાછું ગૃહસ્થાશ્રમમાં આવી જવું.

મુમુક્ષુ :- દિગંબરવૃત્તિએ રહે છે એ દિગંબર આચરણના જે સ્થાન છે એનું પાલન નથી કરતા તો વધારે નુકસાન કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કરે જ છે. એને વધારે કસાન થાય જ. એક તો શું છે કે જ્યારે દિગંબરવૃત્તિએ રહેવું હોય તો એને વસ્તીમાં રહેવાની પહેલી તો આજ્ઞા નથી. ક્યાં તૂટે છે ? કે એને વસ્તીમાં રહેવાની આજ્ઞા નથી. આહાર અર્થે વસ્તીમાં આવી જાય એક વાત છે. પણ એ તો આહાર લઈને નીકળી જવાના છે. અને એ ભાવલિંગી સંત છે અથવા દ્રવ્યલિંગી પણ ભાવલિંગીના પુરુષાર્થમાં આવેલા છે તો બરાબર આચરણ પાળે છે. પણ એ પ્રકાર જ્યાં ન વર્તતો હોય ત્યાં એકલા ત્યાગમાં બાહ્ય દૃષ્ટિએ વર્તવું અને બાહ્ય ચારિત્રનો નિર્વાહ થવો એ પરિસ્થિતિ વર્તમાનકાળ જેવા કાળમાં એ પ્રવૃત્તિ દેખાતી નથી. માટે વસ્ત્રને ધારણ કરીને આ પ્રવૃત્તિમાં રહે અને પોતાની જરૂરિયાત ઘટાડે અને આત્માર્થે જીવે. જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદા એટલે આત્માર્થનું લક્ષ રાખીને, ત્યાગનો લક્ષ રાખીને નહિ પણ આત્માર્થનો લક્ષ રાખીને. પોતાના વિકલ્પ ન વધે. કેમકે સૌથી પહેલાં તો એને બ્રહ્મચર્ય આદિ અંગીકાર કરવા પડે. એટલે સાંસારિક પ્રવૃત્તિઓમાં પોતે ન આવી પડે અને ન ઘુંચવાય એટલા માટે એણે આ રીતે રહેવું એમાં કાંઈ વાંધો નથી એમ કહે છે. અને તેનો નિષેધ કરવા યોગ્ય નથી. તેથી તે પ્રકારના ત્યાગનો પણ નિષેધ કરવો નહિ.

મુમુક્ષુ :- જ્ઞાની .... અનુમોદન આપે આપે એવું નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. શ્વેતાંબરપણાને અનુમોદન નથી આપ્યું એ ક્યાંથી નીકળે છે ? કે જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક. આટલી એણે શરત બાંધી છે. હવે દાખલા તરીકે કે 'પૂજ્ય ગુરુદેવ'નો આપણે દૃષ્ટાંત લઈએ. તો એમણે જે સ્થાનકવાસી સંપ્રદાયમાં મુનિ દીક્ષા અંગીકાર ... કર્યા પછી એ મુનિદશામાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી ત્યારે એમણે એ શ્વેતાંબરપણાને અનુમોદયું હતું કે નહોતું અનુમોદ્યું ? કે આપણે સ્પષ્ટ કહી શકીએ કે એમણે એ સ્થિતિને અનુમોદી નહોતી. ત્યારે સામે બીજો પ્રશ્ન આવશે કે જો અનુમોદી નહોતી તો પછી કેમ ત્યાગ ન કર્યો ? ત્યાગ કર્યો પણ તેર વર્ષ થયા.

કેટલા વર્ષ લાગ્યા ? તેર-તેર વર્ષ સુધી એ રહ્યા. તો ત્યાં શ્વેતાંબરપણાનું અનુમોદન થયું કે ન થયું ? તો ન થયું. ન થયું તો રહ્યા કેવી રીતે ? તો કહે છે, આ જ સમજવાનો વિષય છે. જે સમજવાનો વિષય છે એ આ જગ્યાએ છે. શ્વેતાંબરવેશમાં રહેવા છતાં, બીજા મુનિસંઘમાં ભળેલા દેખાવા છતાં, શ્વેતાંબરના મુનિસંઘમાં ભળેલા દેખાવા છતાં, ગોચરી આદિ વ્યવહાર એ રીતે પાળવા છતાં, મુપત્તિ આદિ વેશ એ પણે રાખવા છતાં સમ્યગ્દર્શનમાં ઊભા છે. સ્થાનકવાસી સંપ્રદાયમાં ઊભા નથી, દિગંબર સંપ્રદાયમાં ઊભા નથી પણ પોતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં ઊભા છે.

હવે ત્યારપછીનો વિચાર કરીએ કે એ જ મહારાજશ્રીએ જ્યારે જાહેર પરિવર્તન કર્યું ત્યારે બધાએ એમ જાણ્યું કે એ દિગંબર આમ્નાયને સ્વીકારે છે, શ્વેતાંબર આમ્નાયનો ત્યાગ કર્યો છે. પણ દિગંબર સંપ્રદાયમાં એ ઊભા નથી. ક્યાં ? દિગંબર સંપ્રદાયમાં એ ઊભા નથી. શ્વેતાંબર સંપ્રદાયના વેશમાં હતા ત્યારે શ્વેતાંબર સંપ્રદાયમાં ઊભા નહોતા અને જાહેર પરિવર્તન કર્યા પછી દિગંબર સંપ્રદાયમાં એ ઊભા નથી. એ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં બેય વખતે ઊભા છે. આ જોવાનું છે. જે જોવાનું છે એ આ જોવાનું છે. નહિતર વિરોધાભાસ ઉત્પન્ન થયા વગર રહે નહિ.

આમણે તો કહ્યું, આમણે તો માત્ર વ્યક્તિગત રીતે 'લલ્લુજી'ને કહ્યું પણ આ તો તેર વર્ષ એ આચરણમાં રહ્યા છે. બાહ્યાચરણમાં રહ્યા છે. તોપણ એ દોષ એમને લાગતો નથી. આમ છે. અને આમ કહેવા છતાં એમને આ ગૃહીતનો દોષ લાગતો નથી. આમ છે. આ તો વસ્તુ સમજવાની છે.

મુમુક્ષુ :- સાંભળ્યું છે કે પરિવર્તન પછી ગોચરી કરતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. અરે..! 'સોનગઢ' નિવાસ કર્યા સુધી.

મુમુક્ષુ :- ૨૦૧૨ સુધી.

પૂજ્ય ભાઈશ્રી :- (સંવત) ૨૦૧૨ ની સાલ સુધી. એટલે બાવીશ ને બાર ચોત્રીસ વર્ષ સુધી ગોચરી કરી. એનો આગ્રહ ન રહે. એ જે વાત કહી કે જ્યારે અમને સમ્યગ્દર્શન થયું ત્યારે અમે આમાં હતા. આમ ચેષ્ટા કરી. મુહપત્તિની. ત્યારે અમે આમાં હતા પણ અમને એનો આગ્રહ નહોતો. એટલે કોઈ જીવ અન્યમતમાં હોય બાહ્યદૃષ્ટિએ પણ સંપ્રદાયબુદ્ધિએ તો અન્યમતમાં નહિ હોવાને લીધે, તેને તે સંપ્રદાયનો આગ્રહ પણ નહિ હોવાને લીધે તેને સમ્યગ્દર્શન થવાનો અવકાશ છે. અને થાય છે એનો આ મોટો પુરાવો છે. આવી વાત છે.

મુમુક્ષુ :- આ બધા ઉદયભાવ....

પૂજ્ય ભાઈશ્રી :- ઉદય પણ છે અને ઉદયને અનુસરતા પરિણામ છે પણ એ

મર્યાદામાં છે. એ મર્યાદામાં છે.

મુમુક્ષુ :- ચક્રવર્તીને રાણીઓ હોય એ તો ઉદય જ છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉદય છે અને ઉદયભાવ પણ છે. શુભ-અશુભ ઉદય હોય છે અને ઉદયભાવ હોય છે. તોપણ ત્યાં ચતુર્થ ગુણસ્થાને સમ્યગ્દર્શનનો કોઈ નાશ કરવા સમર્થ નથી. તે ઉદયભાવો સમ્યગ્દર્શનનો નાશ કરવા સમર્થ નથી.

'ચાર વેદ પુરાણ આદિક શાસ્ત્ર સૌ મિથ્યાત્વના, પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યા એ જ ઠેકાણે ઠરો.' એ કયું ઠેકાણું છે કહો ? સમ્યગ્દષ્ટિ મિથ્યાદષ્ટિના રચેલા શાસ્ત્રો વાંચે કે ન વાંચે એ કહો પહેલા ? અને એ વાંચવાના વિકલ્પરૂપ ઉદયભાવ છે એ સમ્યગ્દર્શન સહિત હોય કે ન હોય ? કે અવળો વિકલ્પ થાય ત્યારે મિથ્યાદષ્ટિ થઈ જાય. આ થોડો સિદ્ધાંતનો વિષય ચાલ્યો. ઓલો બાહ્યાચરણનો વિષય છે. હવે આ સિદ્ધાંતનો વિષય લ્યો. કે ન થાય. મિથ્યાદષ્ટિના શાસ્ત્રો વાંચવા છતાં સમ્યગ્દષ્ટિની દષ્ટિ પલટાતી નથી.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનનું જોર છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમાં પણ એ જ કહેવું છે કે એ સમ્યગ્દર્શનનું જોર છે, એ સમ્યગ્જ્ઞાનનું જોર છે કે જેને લઈને આવી પરિસ્થિતિ એમને એમની દશાથી ચ્યુત કરાવી શકતી નથી.

મુમુક્ષુ :- ... જે છે .. તિર્યંચને લાગુ પડે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધાને લાગુ પડે. ચારે ગતિને છે. તિર્યંચને પણ લાગુ પડે.

મુમુક્ષુ :- તિર્યંચને પાંચમું ગુણસ્થાન આવે.

પૂજ્ય ભાઈશ્રી :- પાંચમું ગુણસ્થાન આવે. ઠીક ! આ લીલું ઘાસ હોય. ચોમાસામાં થાય ને ? તો મનુષ્યો હોય, મુમુક્ષુ હોય તો એમ થાય કે આપણે જરા કોરી જગ્યા હોય તો ઘાસ ઉપર પગ ન મૂકીએ. કોરું હોય તો બીજી વાત છે પણ કેડી હોય તો કેડી ઉપર ચાલે. અને પાંચમા ગુણસ્થાને બળદ હોય તો એ લીલો ચારો ઊભો ચરે. ઊભો લીલો ચારો એટલે વાઢ્યો ન હોય. સચેતનપણું ઘણું હોય એમાં. વાઢ્યા પછી કેટલાક જીવો ખલાસ થઈ જાય અને અચેત થતું જાય. તો ઊભો લીલો ચારો ચરે. પંચમ ગુણસ્થાનને બાધ આવે કે ન આવે ? કે ન આવે. પાંચમા ગુણસ્થાને...

હવે વાત એવી છે કે મુમુક્ષુને ફક્ત પોતાના પરિણામોમાં આત્મકલ્યાણના દષ્ટિકોણથી શું શું એને વિચારવું યોગ્ય છે ? કરવું યોગ્ય છે ? એ પોતે નથી જાણતો. એ સત્પુરુષ જાણે છે. અને એ પણ વ્યક્તિગત રીતે એ વાત જુદી જુદી છે. એકસરખી નથી. કેમકે વ્યક્તિગત ભૂમિકા જુદી જુદી છે. આપણે વિચારીએ કે 'ગુરુદેવ' પ્રવચન

કરી રહ્યા છે. માનો કે આજના દિવસમાં 'ગુરુદેવ' પ્રવચન કરી રહ્યા છે. અને ત્યાં બે-ચાર શ્વેતાંબરના સાધુ આવીને સાંભળવા બેસી ગયા. ત્યારે 'ગુરુદેવ' એમ કહે, જરા જગ્યા કરી દ્યો. એમને બેસવા માટે જગ્યા કરી દ્યો. અને જેવી રીતે એમના આચારમાં બેસાય એ રીતની વ્યવસ્થા કરી દ્યો. માનો કે એ અમુક ચીજ ઉપર ન બેસતા હોય. એવી જાતની વ્યવસ્થા ગોઠવણ ત્યાં આજ્ઞા કરે તો પછી શ્વેતાંબરપણાનું અનુમોદન કર્યું કહેવાય ? 'ગુરુદેવ'ને ખબર છે કે આ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનધારી સાધુ નથી. છતાં એમના આચરણ પ્રમાણે એ બેસવાના અને ઉઠવાના છે. કે આપણી રીતે આવીને બેસે ? તો એ વ્યવસ્થા 'ગુરુદેવ' કરાવે તો એને શ્વેતાંબર સાધુનું અનુમોદન કર્યું કહેવાય કે ન કહેવાય ? ન કર્યું કહેવાય. શ્વેતાંબરપણાનું અનુમોદન ન કહેવાય.

હવે એ વખતે ઉપદેશમાં એમ કહે કે આ બધી ગૃહીત મિથ્યાષ્ટિ છે. છોડીને આવો અહીંયાં બેસવું હોય તો. એમ કહે એને ? આ બધા વેશ છોડીને બેસવું હોય તો સાંભળવા બેસો. નહિતર આમાં કાંઈ તમને અમારો આંકડો સમજાશે નહિ. એમ કહે એને ? ઉઠાડી મૂકે એને ? ભલે આ વેશમાં બેઠા. આ વેશમાં પણ ભલે તમે આવ્યા. ઠીક !

દિગંબર મુનિ આવતા. દિગંબર મુનિ આવે તો 'ગુરુદેવ'ને ખબર કે આમાં કોઈ ચોથા ગુણસ્થાને નથી. સમ્યગ્દર્શનની કોઈને ખબર નથી. તો કહે, એને બેસવા માટે આસન આપો. પાટ આપે. પાછી એવી પાટ કે જે 'ગુરુદેવ'ના આસનથી થોડી ઊંચી હોય. કેવી ? 'ગુરુદેવ' જે પાટ ઉપર બિરાજતા હોય એના કરતા થોડી ઊંચી પાટ હોય. એ પાટ ઉપર એને બેસવાનું હોય. 'ગુરુદેવ' પ્રવચન કરે. વસ્ત્રધારી 'ગુરુદેવ' પ્રવચન કરે અને નિર્વસ્ત્ર સાધુ હોય એ એમનું પ્રવચન સાંભળવા બેસે. ઠીક ! છે ઘાટ ? નહિતર ખરેખર તો એનું પ્રવચન 'ગુરુદેવે' સાંભળવું જોઈએ. એના બદલે 'ગુરુદેવ'નું પ્રવચન એ સાંભળવા બેસતા. તો પછી એવું જે દિગંબરપણું, જે શાસ્ત્રોક્ત રીતે માન્ય નથી એનું અનુમોદન કર્યું કહેવાય કે ન કર્યું કહેવાય ?

...એ એની મર્યાદામાં આવે છે. એ ધર્મની મર્યાદામાં નથી આવતું. એમ વાત છે. તો કોની મર્યાદા ક્યાં કેટલી છે એ સત્પુરુષની દષ્ટિનો વિષય છે. મુમુક્ષુ એ માથાફોડમાં પડે તો ખોવાય જાય એવું છે. એની મુમુક્ષુતા છૂટી જશે. એને દેખાશે કે 'ગુરુદેવે' અહીંયાં ભૂલ કરી, અહીંયાં 'શ્રીમદ્‌જી'એ ભૂલ કરી, અહીંયાં 'ગુરુદેવે' ભૂલ કરી, અહીંયાં ... ભૂલ કરી. ગઈ તારી મુમુક્ષુતા. આવો વિષય જરા નાજુક છે. વિષય જરા આ નાજુક છે. એટલે બહુ સંભાળીને ચાલવા જેવું છે.

મુમુક્ષુ :- એક ભાઈ શ્વેતાંબરમાં ...

પૂજ્ય ભાઈશ્રી : બરાબર છે. વિનય મિથ્યાત્વ ન લાગે. (એક સાધુ) આવ્યા ત્યારનું તમને કહું. અત્યારે એ કાળ કરી ગયા. 'પાલિતાણા'થી વળતા 'સોનગઢ' ઉપર થઈને ચાલ્યા. ત્યારે પ્રવચન મંડપમાં પૂર્વ બાજુની છેલ્લી રૂમ છે ત્યાં એમને એ રૂમમાં ઉતારો આપ્યો. એ આવ્યા ત્યારે 'ગુરુદેવ' આહાર કરતા હતા. એમણે પ્રવેશ કર્યો, મંદિરમાં દર્શન કર્યા, માનસ્તંભ ભગવાનના દર્શન કર્યા અને પછી આપણા કોઈ હતા ... પહેલેથી જે .. કરાવી હતી ... ક્યાં ઉતારવાના છો ? કારણ કે સાંજ પછી તો કાંઈ વિહાર કરે નહિ. સાંજે પાંચ વાગે લગભગ પ્રવેશ્યા હતા. અને પછી આગળ વિહાર કરવાનો 'સોનગઢ'થી આગળ વિહાર કરવાનો તો પ્રશ્ન નહોતો. .. ચાલી જતા હતા. એ પહેલા આવેલા.

'ગુરુદેવ'ને ખબર હતી. પોતે પછી આહાર કરીન ત્યાં ગયા. ત્યાં પછી એના રૂમમાં ગયા. પાથરણ હોય નહિ. દિગંબર મુનિ તો કાંઈ પાથરીને બેસે નહિ. .... તો 'ગુરુદેવ' પણ નીચે બેઠા. 'ગુરુદેવ' નીચે બેઠા એટલે આપણામાંથી કોઈ 'ગુરુદેવ'નું આસન લઈને આવ્યા. આપણે ત્યાં તો કોઈ દિ' 'ગુરુદેવ' નીચે બેસે નહિ. એટલે 'ગુરુદેવે' ના પાડી. 'ગુરુદેવ'ને કહ્યું, સાહેબ ! આ બેસવા માટે. નહિ. ઠીક ! સજ્જનતા, શિષ્ટાચાર એક વ્યવહારિક દૃષ્ટિનો વિષય છે અને ધાર્મિક મનુષ્ય એ પણ ચુકી જાય તો ધર્મ ક્યાં રહેવાનો પછી ? જેને વ્યવહાર શિષ્ટાચારનો વિવેક પણ છૂટી જાય તો પછી ધર્મ તો એથી ઊંચી ચીજ છે. નીચી ચીજ પણ તમારી પાસે નથી તો ઊંચી ચીજ ક્યાંથી આવવાની ? એને જે દૃષ્ટિથી જોવું ઘટે તે દૃષ્ટિથી જોવું જોઈએ, એને ધર્મદૃષ્ટિથી જોવાય નહિ. કેટલીક વાત ધર્મદૃષ્ટિ કે સંપ્રદાયદૃષ્ટિથી નથી કહેવાતી હોતી કે નથી આચરાતી હોતી. એની મર્યાદા જ્ઞાનીને બરાબર હોય છે. મુમુક્ષુઓને ખબર ન હોય તો એણે જિજ્ઞાસામાં રહેવું પણ પોતાનો મત આપી દેવો નહિ. એણે એ જગ્યાએ જિજ્ઞાસામાં રહી જવું. એનો ધર્મ શું છે ? જિજ્ઞાસામાં રહેવાનો. આ વાત મને સમજાતી નથી. મારે સત્પુરુષે કહેલું માન્ય કરવું તે મારો ધર્મ છે. અમાન્ય કરવું તે મારો અધર્મ છે. એ મારા માટે મુમુક્ષુની ભૂમિકાનો પણ અધર્મ છે. માટે આ આ વાત સમજવાનો, આ મર્યાદા સમજવાનો પ્રયત્ન કરવો. જો જિજ્ઞાસાનો વિકલ્પ રહેતો હોય તો. નહિતર પ્રયોજનભૂત નથી. પોતાને એ પ્રયોજનભૂત નથી. પણ હંમેશા ઓછી સમજણ હોય ત્યાં એવું બને છે કે પોતે જે કરતો હોય એ બીજો ન કરે એટલે એને ભૂલ દેખાય.

પોતે સ્થાનકવાસી કે દેરાવાસી સંપ્રદાય છોડીને દિગંબર સંપ્રદાયમાં ભળ્યો હોય કે

આ 'સોનગઢ'માં કે પછી એમાં ભળ્યો હોય, પછી બીજો ન ભળે તો એ માટે એને આગ્રહ રહ્યા કરે. એવું કરવા યોગ્ય નથી. એ એની સમજણથી જે ફેરફાર કરે તે કામનું છે. તમારી સમજણથી ફેરફાર કરે એના કામનું નથી અને તમારા કામનું પણ નથી. એટલે વ્યર્થ છે. એમ છે. એ આગ્રહ ક્યાંય કોઈ (માટે) સેવવા જેવો નથી. જે જ્યાં જેમ હોય તેમ સત્યને સમજવાનો પ્રયત્ન કરો. સત્યને સમજવાનો પ્રયત્ન કરો, તમે જિજ્ઞાસામાં રહો અને સત્યની પ્રાપ્તિ કરો. બાકી બધું આપોઆપ થઈ જશે. જેને નુકસાન દેખાશે એ નુકસાનનો ધંધો શું કરવા કરશે ? આમ કરતા મને નુકસાન થયો એવો ખ્યાલ આવે તો એ નુકસાનને છોડી દેશે. એવી વાત છે આ બધી.

'**તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતાંબરપણેથી વર્તમાન કાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ...**' એટલે બાહ્ય આચરણનો નિર્વાહ કરવાને અર્થે જે પ્રવૃત્તિ છે, કે જરૂરિયાતો ઓછી રાખવી. અત્યારે જે વધારી દીધી છે એ નહિ. '**તે નિષેધ કરવા યોગ્ય નથી.**' બરાબર છે. ચાલો. એણે લગ્ન ન કર્યા, વેપાર-ધંધો ન શરૂ કર્યો અને એ આત્મકલ્યાણ અર્થે કાંઈ પણ કરવા માગે છે એટલે આ ક્ષેત્રમાં આવ્યો છે. માટે એને આત્મકલ્યાણની દિશામાં એ આગળ વધે એ જાતનો Response આપો. એનો એ રીતે આદર કરો કે એ આત્મકલ્યાણની દિશામાં આગળ વધે. કેમકે એણે જે પગલું ઉઠાવ્યું છે એ આત્મકલ્યાણ અર્થે ઉઠાવ્યું છે. આત્મકલ્યાણ અર્થે ન ઉઠાવ્યું હોય અને બીજા લક્ષે ઉઠાવ્યું હોય એટલે કોઈ ગરીબ હોય અને રોટલા ખાતર દીક્ષા લીધી હોય, કોઈ પૈસાવાળો હોય અને માન ખાતર દીક્ષા લીધી હોય કે કોઈને અનુકૂળતાઓ એ પ્રકારની પસંદ હોય અને એ અનુકૂળતાઓ ખાતર કર્યું હોય તો એનો આદર કરવા યોગ્ય નથી. એને પોષણ આપવા યોગ્ય નથી.

'**તેમ જ વસ્ત્રનો આગ્રહ કરી દિગંબરવૃત્તિનો એકાંત નિષેધ કરી...**' શું થાય છે કે જે શ્વેતાંબર થાય છે એ દિગંબરનો નિષેધ કરે છે. નહિ, વસ્ત્ર પણ હોવું જોઈએ, દિગંબર થવાય જ નહિ. એવો '**નિષેધ કરી વસ્ત્ર મૂર્ચ્છાદિ કારણોથી...**' વસ્ત્રની પાછી મૂર્ચ્છા હોય છે એને. શિયાળામાં જુદાં, ઉનાળામાં જુદા. એ બધું પાછું શરૂ થઈ જાય છે. એ '**મૂર્ચ્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્તવ્ય નથી.**' એ એમણે જોયું કે અત્યારે જે બાહ્ય ચારિત્રમાં શિથિલપણું થાય છે એ અનુમોદન કરવા યોગ્ય નથી.

હવે કહે છે કે '**દિગંબર અને શ્વેતાંબરપણું દેશ, કાળ, અધિકારીયોગે...**' જુઓ ! દેશ-કાળ. દ્રવ્ય-ક્ષેત્ર ન લીધું. '**દેશ, કાળ, અધિકારીયોગે ઉપકારનો હેતુ છે.**' એ દ્રવ્ય દેખાતા નથી. અત્યારે કોઈ હોય તો ... એ ક્ષેત્ર પણ દેખાતા નથી, એ દેશ નથી, એ

કાળ પણ અત્યારે નથી. માટે જેટલી પાત્રતા, જેટલી દશા વિશેષ હોય એ દૃષ્ટિએ આ વાત વિચારવાની છે. એ સિવાય બીજી દૃષ્ટિએ એ વાત વિચારવી જોઈએ નહિ. '**એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતાં આત્માર્થ જ છે.**' આવી ગયું ? આ સિદ્ધાંતિક વાત છે કે '**જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતાં આત્માર્થ જ છે.**' માનો કે આ 'લલ્લુજી' મુનિ હતા એ સ્થાનકવાસીના સાધુ હતા. તો એને એમ ન કહે કે શ્વેતાંબર સાધુ તરીકે તમે મનાવો એ બરાબર છે, એમાં તમારો આત્માર્થ થશે એમ ન કહ્યું. એમને એમ કહ્યું કે 'અધમાઅધમ અધિકો પતિત, સકળ જગતમાં હું એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શું ?' એ એમના માટે વીસ દોહરા બનાવ્યા છે. વીસ દોહરા લલ્લુજી માટે બનાવ્યા છે એમણે. એ વાત તો આવી ગઈ કે સાધુ તરીકે તમારે તમારી જાતને માનવા મનાવવાનો પ્રશ્ન રહેતો નથી. છતાં એનો ત્યાગ નથી છોડાવ્યો. ત્યાગ નથી છોડાવ્યો પણ સમાજનો પરિચય છોડાવ્યો છે કે સાધુ તરીકે જે સાધુ અત્યારે સમાજમાં પરિચિત રહે છે અને એક ઘર છોડ્યા પછી સો ઘર સાથે ઘરેલું સંબંધ બાંધે છે કે આ ગામમાં પાંચ ઘર એટલે અમારા પાકા. ઓલા ગામમાં ત્રણ ઘર એટલે અમારા પાકા અને ઓલા શહેરમાં તો પચ્ચીસ ઘર અમારા પાકા. સરવાળા કરો ત્યારે થાય સેંકડોનો. એક ઘર છોડ્યા પછી સો ઘર કરે એનો નિષેધ છે. તો એમને કહ્યું કે તમારે લોકોના પરિચયમાં રહેવું નહિ. લોક પરિચય તમારે છોડી દેવો, એકાંતમાં રહેવું અથવા સત્સંગમાં રહેવું. જે એક, બે, ચાર મુમુક્ષુ હોય, સત્પુરુષને માનતા હોય એની સાથે સત્સંગ કરવા યોગ્ય હોય એવાનો તમારે ખાલી સત્સંગ કરવો. સમાજના પરિચયમાં આવવું નહિ. એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતા આત્માર્થ જ છે.

મુમુક્ષુ :- શ્વેતાંબરપણું ઉપકારનો હેતુ છે એમ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી : એ વાક્ય રચના એવી લાગે. પણ અધિકારી યોગે એ શરત નાખી છે. કોઈ શબ્દ આપણે કાઢીને વંચાય નહિ. નહિતર પડીશ તો મરીશ એના જેવું થાય. ભાઈ ! ત્યાં ચાલતા પડીશ તો મરીશ. આ અગાશીની પાળ છે, અગાશીની પાળ ઉપર ચાલતા પડીશ તો મરીશ. તો કહે, મને મરવાનું કહો છો જીવતો છું ને ? ભાઈ ! બાપા ! પડીશ તો મરીશ એમ કીધું છે. મરવાનું કેમ તમે મને કહો છો ? એમ કરીને ઝઘડો કરે તો ? એમ નથી કીધું, ભાઈ ! જીવાડવા માટે તને કીધું છે. તું ન મર એટલા માટે એમ કહ્યું છે કે તું પડીશ તો મરીશ. એમાં '**અધિકારીયોગે..**' આ બહુ મહત્વનો શબ્દ છે. જ્યાં જેની જે યોગ્યતા છે ત્યાં તેને તે યોગ્યતામાં તે ઉપકારી છે. એમ કહેવું છે.

આપણામાં પણ એવું જ છે કે ક્ષુલ્લક થઈ જાય તો પાંચમું ગુણસ્થાન માનવા માંડે. વળી નવી આપત્તિ. જરૂરિયાત ઘટાડો. અનુકૂળતાઓ સંબંધીના વિકલ્પો એકદમ

મંદ રસવાળા થઈ જવા જોઈએ કે જેને લઈને જરૂરિયાતો ઘટી જાય તો આત્માર્થ થવાનો, આત્મકલ્યાણ માટેનો પરિણામમાં અવકાશ ઉત્પન્ન થાય. ઊંચામાં ઊંચા શાસ્ત્રો વાંચે અને ખાવા-પીવા, પહેરવા, ઓઢવામાં રોજિંદા જીવનમાં તીવ્ર રસે પરિણમે. પછી ૫૦-૫૦ વર્ષ પછી એમ લાગે કે આટલા બધા વખતથી આવા ઊંચા શાસ્ત્રો વાંચીએ છીએ. 'સમયસાર' વાંચીએ એટલે સમ્યગ્દર્શન થઈ જાય. થઈ જ જાય એવું 'સમયસાર' જોરદાર શાસ્ત્ર છે. પણ કહે છે, તારા માટે નહિ. કેમ ? કે જે અધિકારીપણું પ્રાપ્ત કરવું જોઈએ એ અધિકારીપણું પ્રાપ્ત કર્યા વગર વાંચ્યું તો તને સ્વચ્છંદ થયા વગર રહેશે નહિ. ચાર શેર ઘીનો મેસુબ ત્રણ લાંઘણના તાવ પછી ખવડાવાય નહિ. એને મગનું પાણી દેવું પડે, એને મોસંબીનું પાણી દેવું પડે અને મગનું પાણી દેવું પડે. નહિતર એમાંથી સ્વચ્છંદ થયા વગર રહે નહિ.

'ગુરુદેવે' બધી વાત કરી છે. બોલકા ન થઈ જવું, સ્વચ્છંદ ન કરવો. આત્માર્થીપણું બહુ ઉપદેશ્યું છે. શરૂઆતમાં તો 'શ્રીમદ્‌જી'માંથી તો વાંચવાનું કહેતા, પોતે વાંચેલું જાહેરમાં બીજાને વાંચવાનું કહેતા અને પ્રવચનોમાં તો ઠેઠ સુધી એમના વચનોનો આધાર લીધો છે એ એટલા માટે કે આત્માર્થીપણાની વાત એમણે ઘણી કરી છે. અને મુમુક્ષુને એ પહેલી જરૂરત છે.

'સમયસાર' વાંચતા વાંચતા પણ 'કૃપાળુદેવ'ના વચનો શા માટે ઉદ્ધરણ કરતા ? કે આત્માર્થીપણું ચુકાય જાય નહિ. એ Balance રાખવાની પ્રવચન વિશેષતા હતી એમની. એ પ્રવચનની વિશેષતા હતી કે ઊંચામાં ઊંચો માલ આવે તોપણ એમનો વૈરાગ્યનો અને ઉપશમનો ઉપદેશ ચાલુ રહેતો. આત્મા અનાદિઅનંત શાશ્વત છે એવું વારંવાર પ્રવચનમાં કહેતી વખતે એ પ્રવચનમાં પણ એમ કહે કે, ભાઈ ! તું સમ્યગ્દર્શન આદિ મોક્ષનો માર્ગ સાધી લેજે, નહિતર ઘડીકમાં આંખ મિંચાઈ જશે અને તું ફુ થઈ જઈશ. શું કહે ? ફુ થઈ જઈશ. શાશ્વત આત્મા ફુ થાય ? આત્મા તો શાશ્વત છે. તો ઘડીકમાં તુ મરી જઈશ એમ પાછી પ્રવચનમાં કેમ વાત આવે છે ? એ આત્માર્થીપણું, ... અને પર્યાયદૃષ્ટિએ જે ઉપદેશ દેવો જોઈએ એ સાથે સાથે દેતા હતા. દ્રવ્યદૃષ્ટિના ઉપદેશની સાથે પર્યાયદૃષ્ટિનો ઉપદેશ સાથે સાથે આવતો હતો એનું કારણ કે ત્યાં મુમુક્ષુને નુકસાન થવું જોઈએ નહિ. એમ સાંગોપાંગ પોતાના પરિણામનું ઘડતર કરવા માટે શ્રીગુરુનો ઉપદેશ હોય છે. એટલે એ વાતમાં સર્વાંગ સંપૂર્ણતા કહેવાય. ક્યાંય એકાંત થાય નહિ.

મુમુક્ષુ :- દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે...

પૂજ્ય ભાઈશ્રી :- હા. નિગોદમાં જાવું પડે. ક્યાં જાવું પડે ? નિગોદમાં જાવું પડે.

સૌથી મોટો અપરાધ દેવ-ગુરુ-શાસ્ત્ર (ની વિરાધનાનો છે). અને એનું ફળ નિગોદ છે. ઝડપથી નિગોદમાં જાય એ. બીજા પરંપરાએ જાય પરિભ્રમણ કરવાવાળા. કેમકે ત્રસનો કાળ તો મર્યાદિત છે. પછી તો નિગોદ જ છે. બે હજાર સાગર ઉત્કૃષ્ટ છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્રના વિરોધમાં જાય એને નિગોદમાં વહેલું જવાનું Signal પડી ગયું છે. ગાડી હવે એ Station ઉપર જશે.

મુમુક્ષુ :- પોતે ન કરે પણ અનુમોદના કરે તો ?

પૂજ્ય ભાઈશ્રી :- કરવું, કરાવવું અને અનુમોદવું બધાનું ફળ એક સરખું છે.

''મોક્ષમાર્ગપ્રકાશ'માં વર્તમાન જિનાગમ...' અહીં સુધી તો આપણે વાંચ્યું હતું. છેલ્લો Paragraph બાકી હતો. કારણ કે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્તતા આત્માર્થ જ છે. એટલે આત્મકલ્યાણના દૃષ્ટિકોણથી જ્ઞાનીનો ઉપદેશ હોય છે. અને એમને વ્યક્તિગત રીતે જેને જે કહ્યું હોય ત્યાં સિદ્ધાંતિક રીતે કે સંપ્રદાયબુદ્ધિએ એનો વિચાર કરવો નહિ એમ કહે છે. મતમતાંતરની દૃષ્ટિએ એનો વિચાર કરવાનો હોય નહિ. એમ કહે છે.

''મોક્ષમાર્ગપ્રકાશ'માં વર્તમાન જિનાગમ કે જે શ્વેતાંબર સંપ્રદાયને માન્ય છે...' જોયું ! મને માન્ય છે એમ કહ્યું ? જ્ઞાનીઓને માન્ય છે એમ કહ્યું ? શું કહ્યું ? **'શ્વેતાંબર સંપ્રદાયને માન્ય છે તેનો નિષેધ કર્યો છે, તે નિષેધ કર્તવ્ય નથી.'** કેમ ? કે એ જિનાગમની અંદર પણ કેટલીક મૂળ વાતો જે દિવ્યધ્વનિની પરંપરાથી ગૌતમસ્વામીએ જે બાર અંગ રચ્યા એની પરંપરા ચાલી આવી એને નિષેધી. જેમકે આપણે ત્યાં અનેક વિદ્વાનો છે. 'ગુરુદેવ'નો ઉપદેશ સાંભળીને તૈયાર થયેલા છે. તો એની અંદર કાંઈ બધા સર્વાંગ સંપૂર્ણ નથી. છતાં કોઈ વિદ્વાનને એમ ન કહેવાય કે એને વાંચન બંધ કરાવી દ્યો. કેમકે એની ફલાણી ભૂલ પડે છે. અને તો પછી કાંઈ પ્રચાર-પ્રસારનો વિષય જ રહેતો નથી. ખલાસ થઈ જશે. કેમકે સમ્યગ્દૃષ્ટિ તો હોય નહિ. કાંઈને કાંઈ ... તો વજન દેવામાં થઈ જાય, કાં તો કોઈ સિદ્ધાંતિક ભૂલ થઈ જાય, કાંઈક ક્ષતિ થઈ જાય. તો એ જેમ ચલાવવું પડે છે એમ એને તમે એવી રીતે ચલાવો અને ઉપશમ દૃષ્ટિએ જ્યાં આત્મકલ્યાણ થાય એવા વિષયને ગ્રહણ કરો. જે શંકાના સ્થાન છે એને ગૌણ કરી નાખો એમ કહે છે.

મુમુક્ષુ :- નિષેધ ન કરે તો અનુમોદન ન થઈ જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- ના. અહીંયાં એવી રીતે નથી. એટલે તો કહ્યું, કે ત્યાં સત્પુરુષની દૃષ્ટિએ તેનું નિરાકરણ કરો. એમણે ત્યાં શું ખુલાસો આપ્યો ? કે જ્ઞાનીની દૃષ્ટિએ તમે એનું નિરાકરણ કરો. હવે માનો કે આચારાંગ છે. અત્યારે જે આચારાંગ છે.

ભલે કલ્પિત છે પણ જે આચારંગના નામે અત્યારે છે એનું પહેલું સૂત્ર શું છે ? કે એગં જાણઈ સો સવ્વં જાણઈ. 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.' હવે આમાં શું ભૂલ કાઢશો ? આમાં ભૂલ શું કાઢશો ? એ તો સર્વજ્ઞ અનુસારી વચન છે. અને મૂળ સર્વજ્ઞદેવે કહ્યું, જે ગૌતમસ્વામી આદિએ કહ્યું એ રાખ્યું છે. એનો નિષેધ કેવી રીતે કરવો ? એનો નિષેધ થાય નહિ.

મુમુક્ષુ :- બોલવા પૂરતું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો શું છે કે વચન અમાન્ય કરવું કે માન્ય કરવું ? તો કહે છે, શ્વેતાંબર સંપ્રદાયના શાસ્ત્રમાં લખ્યું માટે અમાન્ય કરવું એ દૃષ્ટિકોણ સાચો નથી. જ્યાં જ્યાં જે જે સત્ય હોય ત્યાં ત્યાં તે તે સત્ય પક્ષપાત વગર સ્વીકારવું એનું નામ મધ્યસ્થતા છે.

હવે કાઢો જુઓ. ચોથું પાનું કાઢો. કેવી સરસ એમણે લાઈનદોરી આપી છે. પહેલા બધું ઘણું કહી ગયા છે. ચોથું પાનું અને પંદરમું વચનામૃત. સત્તરમા વર્ષ પહેલાના આ વચનામૃતો છે. ૧૦૮ વચનામૃતની એક માળા બનાવી છે. ૧૦૮ પારાની માળા હોય ને ? એમ આ વચનામૃત રૂપી પુષ્પની માળા છે. પુષ્પમાળા એનું નામ આપ્યું છે. સત્તરમા વર્ષ પહેલાં લખી છે. એટલે પંદરમે-સોળમે વર્ષે લખી લાગે છે. એમાં પંદરમું વચન છે કે, '**તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી,...**' તો કહે, અનુમોદન છે ? ભાઈનો પ્રશ્ન હવે ઉઠાવીએ. શું કીધું ? મને પક્ષપાત નથી તો પછી અનુમોદન છે ? કે નહિ, અનુમોદન પણ નથી. તો કહે હવે શું છે ? કે સાંભળ હવે શું છે એ. '**મને તેનો પક્ષપાત નથી,...**' તો પછી શું છે ? કે '**માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.**' ઠીક ! આ એમનો દૃષ્ટિકોણ છે. આ જ્ઞાનીનો દૃષ્ટિકોણ છે. કોઈ જીવ ક્યાં ઊભો છે, કોઈ જીવ ક્યાં ઊભો છે, કોઈ જીવ ક્યાં ઊભો છે. ગમે તે જીવ ગમે ત્યાં ઊભો હોય તેનું આત્મકલ્યાણ થાય આ એક જ ભાવના અને એક જ દૃષ્ટિ જ્ઞાનીઓની હોય છે. બીજી દૃષ્ટિ જ્ઞાનીને હોય નહિ. આમ કહેવું છે. આવી દૃષ્ટિને વિશાળ દૃષ્ટિ કહે છે. આવી દૃષ્ટિને મધ્યસ્થ દૃષ્ટિ કહેવામાં આવે છે. આમ વાત છે. એવી વાત છે.

એમાં તો એમણે એમ કહી દીધું કે જો મને પક્ષપાત નથી તો તું પણ કોઈ ધર્મના પક્ષપાતમાં પડીશ નહિ. જો મને પક્ષપાત નથી તો તું પણ કોઈના પક્ષપાતમાં પડીશ નહિ. એનો અર્થ એમ છે કે તું મારો પક્ષપાત પણ કરીશ નહિ. મારો પક્ષપાત કરીને બીજા ધર્માત્માને એટલે કે કોઈ ધર્માત્માને મુખ્ય કરીને બીજા કોઈ ધર્માત્માને અનાદરમાં લઈ જવાય નહિ. આ સિદ્ધાંત બીજો થઈ ગયો. વ્યક્તિગત વાતમાંથી એ

સિદ્ધાંત ...

કહે છે કે '**તે નિષેધ કર્તવ્ય નથી. વર્તમાન આગમમાં અમુક સ્થળો વધારે સંદેહના સ્થાન છે,...**' એ પોતાને ખ્યાલમાં છે કે કેટલીક વાત બરાબર નથી. '**પણ સત્પુરુષની દૃષ્ટિએ જોતાં તેનું નિરાકરણ થાય છે, માટે ઉપશમદૃષ્ટિ....**' ત્યાં અલ્પવિરામ રાખ્યું. સત્પુરુષની દૃષ્ટિ કઈ ? સત્પુરુષની દૃષ્ટિમાં અમારે શું સમજવું ? સત્પુરુષની દૃષ્ટિ પણ એમાં શું પણ ? કે ઉપશમદૃષ્ટિ, આત્મકલ્યાણની દૃષ્ટિ. '**તે આગમો અવલોકન કરવામાં સંશય કર્તવ્ય નથી.**' એટલે મિથ્યાદૃષ્ટિના આગમો પણ ઉપશમ દૃષ્ટિએ અવલોકન કરવામાં કાંઈ સંશય કર્તવ્ય નથી. આ તો ફલાણાં સંપ્રદાયનું શાસ્ત્ર છે માટે એને વંચાય જ નહિ. એમ છે નહિ.

મુમુક્ષુ :- અહીં ઉપર ... મોક્ષમાર્ગપ્રકાશક ....

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રશ્ન જ નથી. કેમકે એ તો એમણે સત્શાસ્ત્રના List માં એનું નામ લખ્યું છે. સત્ સાહિત્યના List માં એમનું નામ લખ્યું. એ List માં 'મોક્ષમાર્ગપ્રકાશ' છે. એ તો પ્રશ્ન નથી. આગળ-પાછળ પણ વંચાવે છે મુમુક્ષુઓને. એટલે એમણે 'મોક્ષમાર્ગપ્રકાશક'નો નિષેધ કર્યો છે એ વાત તો રહેતી જ નથી. પણ એમાં શ્વેતાંબર કે સ્થાનકવાસી કે અન્યમતિઓના નિરાકરણમાં જે પ્રકરણો લખ્યા છે એની અંદર જે મતાતંરનો દૃષ્ટિકોણ મુમુક્ષુને કેળવાય જાય તો એ નહિ થવો જોઈએ. એનો નિષેધ છે. શેનો નિષેધ છે ? સંપ્રદાય દૃષ્ટિનો નિષેધ છે એમ કહેવું છે. કારણકે મુમુક્ષુની ભૂમિકામાં સીધી સંપ્રદાયદૃષ્ટિ થઈ જવાની. આ સંપ્રદાય ન જોઈએ... આ સંપ્રદાય ન જોઈએ... આ સંપ્રદાય ન જોઈએ. માન્યું કે દિગંબર સંપ્રદાય સાચા અને બીજા ખોટા. પણ માને તો શું થઈ ગયું ? માનીને શું કમાણો બોલ ? તેં માન્યું, હવે તારી કમાણી બતાવ. છે કાંઈ ? હજી સંપ્રદાયબુદ્ધિ ઊભી છે. 'સોનગઢ' જવાય અને બીજે ન જવાય. 'ગુરુદેવ'નો મહિમા કરાય અને બીજા જ્ઞાનીનો મહિમા ન કરાય. થઈ ગઈ સંપ્રદાયબુદ્ધિ. એ જ્ઞાનીનો .. આદર મુમુક્ષુને આવ્યા વિના રહે નહિ. નહિતર અનાદર થાય અને મુમુક્ષુતા ચાલી જાય.

મુમુક્ષુ :- પક્ષપાત...

પૂજ્ય ભાઈશ્રી :- લ્યો, હવે એ વાત છે એ 'શંકરાચાર્ય'ની છે.

મુમુક્ષુ : આ 'હરિભદ્રાચાર્ય'ની છે.

પૂજ્ય ભાઈશ્રી : 'હરિભદ્રાચાર્ય'ની છે. 'શંકરાચાર્ય'ની નહિ પણ 'હરિભદ્રાચાર્ય'ની છે. ... મને કપિલમુનિ સાથે કોઈ દ્વેષ નથી. કપિલમુનિ ક્યાં ગયા ? અન્યમતમાં થયા. વેદાંતમાં થયા એ કપિલમુનિ. અને વીર ભગવાન ક્યાં થયા ? કે

જૈનમાં થયા. તો કહે મને વીર ભગવાનનો પક્ષપાત નથી. મને કપિલમુનિનો દ્વેષ નથી. જે સત્ય કહે છે એ મને માન્ય છે.

મુમુક્ષુ :- પાંચ ગાથા ... દિગંબર તરીકે...

પૂજ્ય ભાઈશ્રી :- મહાવીર પુરાણમાં આ ગાથા છે. આ ગાથા 'હરિભદ્રાચાર્યે' શ્વેતાંબરમાં લખી છે, દિગંબરે વર્ધમાન પુરાણમાં લખી છે. એ ગાથાનો નિષેધ કરશો તો તમારા શાસ્ત્રનો અમુક ભાગ કાઢી નાખવો પડશે. જો તમે સત્યનો નિષેધ કરો તો પોતાના શાસ્ત્રમાંથી પણ અમુકભાગ તમારે કાઢી નાખવો પડે. કેમકે ઓલાના શાસ્ત્રમાં છે માટે. આ તો અહીંયાં પણ લખ્યું છે અને ત્યાં પણ લખ્યું છે. તો કહે છે, એ સંપ્રદાયબુદ્ધિ છોડ અને જ્યાં જે સત્ય છે એ સત્યનો તું આદર કર. એવી વાત છે. બહુ ઝીણવટથી, સૂક્ષ્મતાથી, ગંભીરતાથી ક્યાંય પણ આત્મકલ્યાણને હાનિ ન પહોંચે એ પ્રકારથી અને આત્મકલ્યાણ સધાય એ પ્રકારથી ચાલવું જરૂરી છે. નહિતર ક્યાંકને ક્યાંક જાણ્યે-અજાણ્યે નુકસાન થયા વિના રહે નહિ. અહીં સુધી રાખીએ...

જેવું સ્વરૂપ જ્ઞાનમાં ભાસ્યું છે. ''તેવો જ હું છું'' આવો સ્વરૂપનો અંતરંગ-અંતર્મુખીનિર્ણય થયા બાદ, તે તરફનું વલણ મહિમાને લઈને પરિણતિમાં ચાલુ ઘુંટાય - તે સ્વરૂપની લય લાગી છે ! તેમાં સમ્યક્ સન્મુખતા છે. તથા પ્રકારનો અંતર અભ્યાસ ચાલુ રહેતાં , તેમાં લયલીનપણું રહેતાં, તે નિર્વિકલ્પ થવાનું કારણ બને છે. આ નિર્ણયમાં સ્વરૂપનું મૂલ્યાંકન એટલે કે મહિમા એવો છે કે ''જગત ઈષ્ટ નહિ આત્મથી'' એવું આત્માનું ઈષ્ટ પણું ભાસ્યું છે કે જેની સામે સર્વ જગત (જગતનો કોઈ પણ વિષય પ્રત્યેનું વલણ) અનિષ્ટ છે દુઃખમય લાગે. સર્વ ઉદ્યમથી પોતાના ઈષ્ટની સહજ સાવધાની તે સત્ય પુરુષાર્થ છે.

(અનુભવ સંજીવની-૧૯૩૫)

પત્રાંક-૮૦૮

મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩

ૐ

સત્પુરુષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર

અવિષમ પરિણામથી જેમણે કાળકૂટ વિષ પીધું એવા શ્રી ઋષભાદિ પરમ પુરુષોને નમસ્કાર.

પરિણામમાં તો જે અમૃત જ છે, પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મુંઝવે છે, એવા શ્રી સંયમને નમસ્કાર.

તે જ્ઞાનને, તે દર્શનને અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર.

તા. ૧૭-૮-૧૯૯૨, પત્રાંક - ૮૦૮ થી ૮૧૧
પ્રવચન નં. ૩૯૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક-૮૦૮, પાનું-૬૧૩. આ પત્ર પણ 'લલ્લુજી' મુનિ ઉપરનો છે. '**ૐ. સત્પુરુષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર.**' આ એક પત્રનું મથાળું બાંધ્યું છે. પોતે પણ એવા અગાધ ગંભીર સંયમને ચાહે છે એવો ભાવ એમાંથી, એવો આશય એમાંથી નીકળે છે. ૩૦મું વર્ષ છે ને ? પૂર્વમાં 'ઋષભદેવ' ભગવાન જેવા ગંભીર સંયમી પુરુષ થઈ ગયા, ગંભીર એટલા માટે લીધા છે કે બાર બાર મહિના સુધી જેમણે ઉપવાસ થયા છતાં પણ આહારની વિધિ પોતે ખોલી નથી. સાધુને કેવી રીતે આહાર અપાય, આહારદાન કેવી રીતે થાય એ વિધિ ખોલી નથી. એક વરસના ઉપવાસ કરવા છતાં. કુદરતને ખોલવું હતું એ ખોલ્યું પણ એમણે ખોલ્યું નહિ.

મુમુક્ષુ :- પોતે ખોલે તો ઉદ્દેશિક આહારનો દોષ આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. કરવું નહિ પણ કરાવવું થાય. આમ કરવું... આમ કરવું.... બીજાની પાસે એમ કરાવવું.

મુમુક્ષુ :- ગૃહસ્થ અવસ્થામાં તો કહી શકતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- ગૃહસ્થ અવસ્થામાં એમણે ધર્મનો બોધ નથી કર્યો. તીર્થંકર છદ્મસ્થ હોય ત્યાં સુધી ધર્મનો બોધ નથી કરતા. કેવળજ્ઞાન થાય ત્યારે જ ધાર્મિકબોધ

એમનો સ્વતઃ થાય છે. એટલે જ્યાં સુધી રાજપાટમાં હતા ત્યાં સુધી એમના પહેલાં જુગલિયાના ક્ષેત્રો હોવાથી ખેતી, ઉદ્યોગ, વાણિજ્ય એ લૌકિક વિદ્યાને નહોતા જાણતા એ બધી વિદ્યાઓ એમણે બહાર મૂકી. લૌકિક વિદ્યાઓ. ધાર્મિક કોઈ કાર્ય ... નહિ, એમનાથી કોઈને સમ્યગ્દર્શન થયું એ પ્રકાર ત્યાં નથી થયો.

મુમુક્ષુ :- .. માટે ન કરે પણ તત્ત્વનો પ્રચાર તો... બીજા મુનિઓ, આચાર્યો થવાના છે એના માટે તો કરે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ તો એમનાથી જ બધું શરૂ થવાનું હતું. એમનાથી જ બધું શરૂ થવાનું હતું. એમના સિવાય કાંઈ શરૂ થવાનું નહોતું. પણ કૃત્રિમ રીતે કાંઈ નહિ. એ જાણતા હતા કે જે કાંઈ શરૂ થશે (એ પોતાથી થવાની છે). એ પોતે જ આદિનાથ હતા. શરૂઆત એમનાથી જ થવાની હતી. અંતર-બાહ્ય ધર્મની, નિશ્ચય-વ્યવહારની પરિસ્થિતિ જે છે. બીજાને માટે એમણે ઉપદેશ કર્યો કે પોતાને માટે ઉપદેશ કર્યો એ કેમ નક્કી થશે ? કેવી રીતે નક્કી થશે ? એ આહારદાનની વિધિમાં પોતે નહિ આવે ? પોતાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થવાનો ? શુદ્ધ અંતઃકરણથી ધર્મમાં આવવાનું છે. શુદ્ધ અંતઃકરણથી ધર્મમાં પ્રવેશ થાય છે. અંતઃકરણમાં મલિનતા રહે તો જિનેન્દ્ર પરમાત્માનો એ માર્ગ નથી. જિનેન્દ્રદેવનો એ માર્ગ નથી. આ તો લોકોત્તર શુદ્ધતાનો વિષય છે. સાધારણ વાત નથી.

મુમુક્ષુ :- 'સોગાનીજી' 'ગુરુદેવ' જાણે કે ન જાણે મારે કાંઈ લેવા દેવા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- બે પડખાં હતા. બીજું પડખું બતાવ્યું. 'ગુરુદેવશ્રી'નો ઉપકાર થયો છે એ ઉપકાર વિદિત કરવો એ પણ એક.. ઉપકાર ગાવો, ઉપકાર વિદિત કરવો, ઉપકાર તો એ પત્રમાં ગાતા હતા, 'ગુરુદેવ' પાસે વિદિત કરવામાં કૃત્રિમતા થવાનો સંભવ છે. કોઈ વાત નક્કી કરીને કહેવી પડે કે આમ બોલવાનું છે અને પોતાને માટે બોલવાનું છે. એ વાત એમણે પસંદ કરી નથી. ભક્તિના પરિણામ તો સહજ આવતા હતા. તે આવતા હતા તે આવતા. એ કાંઈ કૃત્રિમતાથી લાવીને આવતા હતા એમ કાંઈ હતું નહિ. એમની મર્યાદા ત્યાં પૂરી થઈ.

મુમુક્ષુ :- એટલે આહાર વિધિ કોઈ જાણે કે ન જાણે, પોતાને જે રસ્તે ચાલવું હતું એ રસ્તે ચાલ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે પોતાના માર્ગે ચાલ્યા. પોતે અગાધ સંયમમાં,.. એ અગાધ સંયમ એમનો હતો. એકવાર દેહ છૂટી જાય તોપણ પ્રાણ જાય પણ માયા થાય ન રોમમાં. આ એના ઉપરથી પોતે લખ્યું છે. 'પ્રાણ જાય પણ માયા થાય ન રોમમાં.' એક રૂવાંડે માયાનો અંશ ન આવે એવું મુનિપણું છે.

એવા '**સત્પુરુષોના અગાધ ગંભીર સંયમને નમસ્કાર**' '**અવિષમ પરિણામથી જેમણે કાળકૂટ વિષ પીધું એવા શ્રી ઋષભાદિ પરમ પુરુષોને નમસ્કાર.**' આ બીજી વખત નમસ્કાર કર્યા છે. '**અવિષમ પરિણામથી...**' એટલે સમતાભાવથી. સમતાભાવથી એટલે વીતરાગભાવથી. રાગનો પણ અંશ નહિ, દ્વેષનો પણ કોઈ અંશ નહિ. એવા પરિણામથી જેમણે કઠોરમાં કઠોર સંયમને આરાધ્યો. બાર બાર મહિનાના ઉપવાસ અને તપ. '**એવા શ્રી ઋષભાદિ પરમ પુરુષોને નમસ્કાર.**' ભક્તિ કરે છે. પોતે પણ એવા પોતાના વીતરાગભાવની ભાવનામાં આવીને નમસ્કાર કરે છે.

મુમુક્ષુ :- એ કાળકૂટ વિષ કીધું તો કાળકૂટ...

પૂજ્ય ભાઈશ્રી :- કાળકૂટ વિષ એટલે શું છે કે બહુ કડવું હોય. કાળકૂટ વિષનો અર્થ શું છે અહીંયાં ? બહુ કડવું હોય, ઘણું કડવું હોય છતાં પણ અવિષમ પરિણામથી પીધું. ઘણું કઠિન બાહ્યાચરણ હોય તોપણ એમણે અવિષમ પરિણામથી એ બરાબર નિભાવ્યું. આચરણને બરાબર નિભાવ્યું. કેમકે એ પોતે આદિનાથ હતા અને જિનમાર્ગ કેવો હોય ? ચરમસીમાએ બાહ્યાચરણની અંદર જિનમાર્ગ કેવો હોય ? કેમકે અંતરંગ તો કોઈ સમજે એવું નથી. વીતરાગતા તો ભાવનું ભાસન થાય ત્યારે જ ખબર પડે એવું છે. બાહ્યાચરણની અંદર પણ પ્રાણ જાય તોપણ માયા થાય ન રોમમાં. એવું કઠિનમાં કઠિન વ્રત, કઠિનમાં કઠિન તપ એમણે અવિષમ પરિણામે સહન કર્યું છે એમ કહે છે. અવિષમ પરિણામથી સહન કર્યું છે. દુઃખી થઈને કોઈ પરિણામથી સહન કર્યું નથી એમ કહેવું છે. દુઃખી નથી થયા એ વખતે.

મુમુક્ષુ :- ગમે તેવા પરિણામને ...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તેવી બાહ્ય પરિસ્થિતિમાં એ અડોળ રહ્યા છે એમ કહેવું છે. વીતરાગભાવથી એ અડોળ રહ્યા છે, અચલિત રહ્યા છે, કોઈ પરિસ્થિતિમાં વિચલિત થયા નથી. છ મહિને આહારનો વિકલ્પ આવ્યો છે. જોયું કે કોઈને ખબર નથી, હજી કોઈને ખબર નથી. આત્મામાં લીન થઈ જાવ. આત્મામાં લીન થઈ જાવ આપણે. એક અંશ પણ દ્વેષનો ઉત્પન્ન ન થાય. નહિતર માણસને એમ થાય, અરે..! કુદરતને આવું મંજુર છે ! કુદરતને આવું મંજુર છે ! એમ થાય.

શ્રેયાંસકુમારને સપનું એ આવ્યું છે. કલ્પવૃક્ષ સૂકાય છે. કલ્પવૃક્ષ સૂકાય છે. કલ્પવૃક્ષ તો પોતે સાતિશય વૃક્ષ છે. કલ્પવૃક્ષને પાણી પાવાની જરૂર નહિ, ખાતરની જરૂર નહિ, એ સૂકાય નહિ. આ શું ? આ તે શું કહેવાય કે કલ્પવૃક્ષ સૂકાય છે ! તીર્થંકર જેવા તીર્થંકર પુરુષ છે. આહારનો વિકલ્પ આવે છે. આહારનો યોગ બાજતો નથી. પોતે ધર્મધુરંધર છે. આહાર તો થોડો લેવાનો છે એટલો યોગ બાજતો નથી. આ

પંચમકાળમાં આવા બધા પ્રકાર બને છે. કેમકે કુદરત બંધાયેલી છે. આવી પરિસ્થિતિમાં કુદરત બંધાયેલી છે. એટલે એમને સપનામાં પૂર્વભવ છે એ વગેરે જાતિસ્મરણ આદિ જ્ઞાન થાય છે અને આહારની યથાર્થ વિધિ પોતે જાણે છે. અને પછી ભગવાન પધારે છે ત્યારે આહારદાનનો પ્રસંગ બને છે. અને અવિષમ પરિણામથી એવા કઠિનમાં કઠિન પ્રસંગોમાં જેઓ વિચલિત થયા નથી '**એવા શ્રી ઋષભાદિ પરમ પુરુષોને નમસ્કાર.**'

'**પરિણામમાં તો જે અમૃત જ છે,...**' કેવું ? એ કાળકૂટ વિષ કેવું છે ? પરિણામે તો અમૃત છે. '**પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મુંઝવે છે,...**' સામે આવે ત્યારે એમ થાય ઓહો..! બાર મહિનાના ઉપવાસ એટલે કહેવાય શું ? '**એવા શ્રી સંયમને નમસ્કાર.**' અત્યારે તો એ ઉપવાસ થઈ શકે નહિ. અત્યારે સંઘયણ નથી. શરીરની એ સ્થિતિ નથી કે બાર મહિનાના ઉપવાસ એ કરી શકે અને જીરવી શકે. એ બની શકવા યોગ્ય નથી. એ તો વજ્રનારાચસંહનન લઈને આવેલા એટલે એમના શરીરને બીજું કાંઈ થાય નહિ.

મુમુક્ષુ :- બાર મહિનાના ઉપવાસ કોઈ કરી લે તો એ સંયમ કહેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સંયમનો એ પ્રશ્ન નથી પણ અવિષમ પરિણામ રહેવા જોઈએ ને ? ત્યારે એને સંયમ કહે છે. અહીં તો નથી ખાધું... નથી ખાધું... નથી ખાધુંની પરિણતિ શરૂ થઈ જાય. એવો કોઈ વિકલ્પ ન ઊઠે. આહારનો વિકલ્પ ન ઊઠે. અનાહારિ આત્માના અવલંબને આહારનો વિકલ્પ ઊઠે નહિ. હું આહાર લેવાવાળો છું એ વાત ભૂલાઈ જાય છે, વિસ્મૃત થઈ જાય છે. ત્યારે એને ઉપવાસ-આત્માની સમીપમાં વાસ કર્યો, અનાહારિ આત્માની સમીપમાં વાસ કર્યો તો આહારને ભૂલી ગયા. આહાર લેવાનું વિસ્મૃત થઈ ગયું. એ ઉપવાસ છે.

એ '**પરિણામમાં તો જે અમૃત જ છે, પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મુંઝવે છે,...**' એટલે કઠણ લાગે છે. '**એવા શ્રી સંયમને નમસ્કાર.**' એવી ભાવના ભાવે છે. સંયમસાગરમાં પોતે ડૂબેલો રહે એવી સાધકજીવની ભાવના હોય છે, આરાધક જીવની એ ભાવના હોય છે. એવા સંયમને પોતે નમસ્કાર કરે છે અને એવા જ સંયમધારી જે જે મહાત્માઓ છે તેને પણ નમસ્કાર કરે છે. '**તે જ્ઞાનને, તે દર્શનને અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર.**' એ Post card ભક્તિનું લખ્યું છે. 'લલ્લુજી'ને આખું Post card ભક્તિનું લખ્યું છે.

જુઓ ! અહીંયાં શ્વેતાંબર આગમમાં સંદેહના અમુક સ્થાન છે એમ લખ્યું છે પણ દિગંબરના કોઈ આગમમાં સંદેહના સ્થાન છે એવું લખ્યું નથી. જુદું તરે છે કે નથી તરતું ? એમ છે. સત્પુરુષની દૃષ્ટિએ એનું નિરાકરણ થાય એ તો સાંખ્યમતનું

સત્પુરુષની દૃષ્ટિએ નિરાકરણ થઈ શકે છે. કોઈપણ બૌદ્ધમતનું પણ સત્પુરુષની દૃષ્ટિએ નિરાકરણ થઈ શકે છે. કેમકે આભાસ દૂર કરો એટલે મૂળ વાત તો તીર્થંકરદેવની દિવ્યધ્વનિમાં આવેલી છે. એ ભક્તિનો પત્ર છે. ૮૦૮ છે એ ભક્તિનો પત્ર છે.

મુમુક્ષુ :- નમસ્કાર કર્યા એટલે પોતાને ભાવના થઈ કે આવો મને સંયમ હો.

પૂજ્ય ભાઈશ્રી :- હું નમું છું. એવા પરિણામ-આરાધક પરિણામોને હું નમું છું. શાના અર્થે નમું છું ? કે તેવા પરિણામની પ્રાપ્તિ અર્થે નમું છું. એમ છે. માણસનું વજન ક્યાં જાય છે ? જેવા ભાવ એને પ્રાપ્ત કરવા છે ત્યાં એનું વજન જાય છે. વજન જાય છે એમ કહો કે નમે છે એમ કહો. પરિણામ તો ત્રાજવાનું પલ્લુ છે. જ્યાં વજન જાશે ત્યાં નમી પડશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેવી સરસ ભાવના ભાવી છે ! ભાવવાહીપણું કેટલું છે ! ભાવનાનો રસ કેટલો છે ! એ રસ અધ્યાત્મરસ છે, આત્મરસ છે. સંયમ તો અહીંયાં નિશ્ચયસંયમની વાત છે. વ્યવહાર સંયમપૂર્વક એના નિશ્ચયસંયમની વાત છે. નિશ્ચય સંયમની ભાવનામાં પોતે વર્તે છે અને એવી ભાવના ભાવે છે કે મને પણ એવી દશાની શીઘ્રમાં શીઘ્ર પ્રાપ્તિ હો. એ ૮૦૮ થયો.

પત્રાંક-૮૦૯

મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩

ઘણી વાર તમ વગેરેથી લિખિત પત્રો અમને મળ્યાં હોય છે; અને તેની પહોંચ પણ લખવાનું અશક્ય થઈ આવે; અથવા તો તેમ કરવું યોગ્ય ભાસે છે. આટલી વાત સ્મરણમાં રહેવા લખી છે. તેવો પ્રસંગ બન્યે જીવને વિષે કંઈ તમારા પત્રાદિના લેખન દોષથી એમ બન્યું હશે કે કેમ એ આદિ વિકલ્પ ન થવા અર્થે આ સ્મરણ રાખવાને લખ્યું છે.

જેની ભક્તિ નિષ્કામ છે એવા પુરુષોનો સત્સંગ કે દર્શન એ મહત્ પુણ્યરૂપ જાણવા યોગ્ય છે. તમારા સમીપ સત્સંગીઓને સમસ્થિતિએ યથા.

૮૦૯. એ દિવસે કોઈના ઉપર લખાયેલો પત્ર છે. '**ઘણીવાર તમ વગેરેથી લિખિત પત્રો અમને મળ્યાં હોય છે; અને તેની પહોંચ પણ લખવાનું અશક્ય થઈ આવે; અથવા તો તેમ કરવું યોગ્ય ભાસે છે.**' તમ વગેરેથી એટલે એકથી વધારે વ્યક્તિ

એક ગામમાં હશે કે કદાચ 'ખંભાત'ના કોઈ મુમુક્ષુને પત્ર લખ્યો હશે. પોતે જ્યારે 'ખંભાત' પધારતા હતા ત્યારે ઘણાં માણસો એમને સાંભળવા માટે એકઠા થતા હતા. એટલે ક્યારેક ક્યારેક કોઈના ને કોઈના પત્રો આવતા હોય. પત્રવ્યવહાર તો ઘણો વધી ગયો હતો. આટલા તો સંકલિત થયા છે. જે ન જળવાયા અને ન રહ્યા તે જુદી વાત છે. એટલે એ વાત છે. તમારા પત્રો મળ્યા હોય છે. પત્રો તો મળ્યા હોય છે પણ પહોંચ પણ લખવાનું અશક્ય થઈ આવે છે. એવી કોઈ આત્મદશા વર્તે છે. એ આત્મદશાને વશ બાહ્ય પ્રવૃત્તિમાં ઉદાસીનતા આવી જાય છે, જેને લઈને પત્ર લખવાનું શક્ય બનતું નથી. અથવા તો એવી દશામાં ઉદીરણા કરીને પત્ર લખવો (તે કરતાં) ન લખવો એવું યોગ્ય ભાસે છે. પત્ર લખવો એવું યોગ્ય ભાસતું નથી પણ ન લખવો એવું યોગ્ય ભાસે છે. માટે પણ પત્ર લખાણો નથી એમ કહેવું છે.

એક તો એટલો વિકલ્પ લંબાવવો અશક્ય લાગે છે. આ જુઓ એમની અધ્યાત્મદશા ! અને બીજી બાજુથી એમ લાગે છે કે આવી દશા વર્તતી હોય ત્યારે આ પ્રવૃત્તિ ન કરવી તે યોગ્ય છે. '**આટલી વાત સ્મરણમાં રહેવા લખી છે.**' અમારી દશાને વશ એવું થાય છે માટે એ વાત તમે સ્મરણમાં એટલે લક્ષમાં રાખજો અને બીજા કોઈ તર્ક-વિતર્ક કરતા નહિ કે કેમ અમને પત્રોત્તર નથી મળતો ? એવો કોઈ તર્ક વિતર્ક કરતા નહિ.

'**તેવો પ્રસંગ બન્યે જીવને વિષે કંઈ તમારા પત્રાદિના લેખન દોષથી એમ બન્યું હશે કે કેમ એ આદિ વિકલ્પ ન થવા અર્થે આ સ્મરણ રાખવાને લખ્યું છે.**' આવો વિકલ્પ ન થાય, તર્ક ન થાય. '**તેવો પ્રસંગ બન્યે...**' એટલે પત્રનો ઉત્તર ન મળે ત્યારે '**જીવને વિષે કંઈ તમારા પત્રાદિના લેખન દોષથી એમ બન્યું હશે કે...**' આપણી કાંઈક ભૂલ થઈ હશે એટલે જવાબ નહિ મળ્યો હોય ? આપણો કાંઈ અવિવેક થઈ ગયો હશે ? આપણે કાંઈક અનુચિત પૂછી લીધું હશે ? એવો વિકલ્પ ન થાય એટલે ઉપરનો ખુલાસો કર્યો છે.

'**જેની ભક્તિ નિષ્કામ છે એવા પુરુષોનો સત્સંગ કે દર્શન એ મહત્ પુણ્યરૂપ જાણવા યોગ્ય છે.**' જેની ભક્તિ નિષ્કામ છે એટલે શું ? કે ભક્તિ કર્યા પછી જેને અપેક્ષા નથી. નહિતર એવી અપેક્ષા રાખે કે અમે આટલી ભક્તિ કરીએ છીએ અને અમને કાંઈ Response મળતો નથી. ઉદાસીનતાનો અર્થ મોઢું ફેરવી લે છે એમ ગણે. એમને અધ્યાત્મભાવને કારણે સમ્યક્ પ્રકારની ઉદાસીનતા છે. પેલાને તો એ ભાવ દેખાતો નથી. તો એમ થાય કે આટલી આટલી ભક્તિ કરવા છતાં અમારી સામેથી મોઢું ફેરવી લે છે ? તો એ ભક્તિ નિષ્કામ રહેતી નથી.

હું સત્પુરુષની ભક્તિ કરું તો સત્પુરુષ મારા ઉપર પ્રસન્ન રહે. બીજી કાંઈ નહિ, લૌકિક અપેક્ષા એક બાજુ રાખો. માન-સન્માન અને કાંઈ લોભની એક વાત બીજી બાજુ રાખો. પણ મારા પ્રત્યે કાંઈક પ્રસન્ન ચિત્ત રાખે. 'ગુરુદેવ'ની સમીપ વધારે રહીએ તો ક્યારેક 'ગુરુદેવ' બધાની વચ્ચે આપણું નામ લઈને સંબોધન કરે, આપણને બોલાવે. એમ કહે છે કે એ સકામ ભક્તિ છે. કેવી ભક્તિ છે એ ? સકામ ભક્તિ છે કે પોતે ભક્તિના બદલામાં સત્પુરુષ પાસેથી કાંઈકને કાંઈક ચાહે છે.

એકવાર અમારે ચર્ચા થઈ ગઈ. ઘણા પ્રસંગ ચર્ચાઓ બહુ ચાલી ગઈ. એક મુમુક્ષુએ એમ કહ્યું કે 'ગુરુદેવ' આમની બહુ પ્રશંસા કરે છે. ત્યારે આપણને એમ થઈ જાય કે આપણી એવી પ્રશંસા થતી હોય તો સારું. ... પ્રશંસા થઈ હશે. તો એ વખતે આપણને એવો ભાવ થઈ જાય કે 'ગુરુદેવ' બધાની વચ્ચે આપણી પણ એવી પ્રશંસા કરતા હોય તો સારું. મેં કીધું, 'ગુરુદેવ' કાંઈ પ્રશંસાનો વેપાર લઈને બેઠા છે ? વ્યવસાય લઈને બેઠા છે ? ધંધો કાંઈ માંડ્યો છે ? એ તો સહેજે વિકલ્પ આવે તે આવે. બાકી આની પ્રશંસા કરવી, પછી આની પ્રશંસા કરવી, પછી આની પ્રશંસા કરવી, એ તો ભાટચારણનું કામ છે, એ મહાપુરુષોનું કામ નથી. એ સહેજે વિકલ્પ આવી ગયો કોઈની પાત્રતા જોઈને તો કોઈના કોઈ કારણે, કોઈના કોઈ કારણે વિકલ્પ સહેજે એ વખતે આવી ગયો તે આવી ગયો. એના એ કર્તા-હર્તા નથી થતા. એમ છે.

શું કીધું અહીંયાં ? કે '**જેની ભક્તિ નિષ્કામ છે...**' કાંઈ અપેક્ષા રાખતા નથી. '**એવા પુરુષોનો સત્સંગ કે દર્શન એ મહત્ પુણ્યરૂપ જાણવા યોગ્ય છે.**' એવા નિષ્કામ ભક્તિવાળા પુરુષોનો અને જેની ભક્તિ કરે છે એવા પુરુષોનો સત્સંગ અને દર્શન એ મહત્ પુણ્યરૂપ જાણવા યોગ્ય છે. એટલે લખનારને એમ કહ્યું છે કે તમારે ભક્તિ કરવી હોય તોપણ નિષ્કામતા રાખજો, સકામતા રાખશો નહિ. એમ કહેવું છે.

મુમુક્ષુ :- ભક્તિ ઈચ્છવી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભક્તિ ઈચ્છવી પણ ભક્તિના બદલામાં કાંઈ ઈચ્છવું નહિ. નિષ્કામ ભક્તિ. એમણે ભક્તિને ઘણા વિશેષણો લગાડ્યા છે. માર્ગભક્તિ. માર્ગને જાળવવા, માર્ગનું રક્ષણ કરવા, માર્ગની ઈચ્છાવાન અથવા માર્ગ પ્રાપ્ત એવા પુરુષોની ભક્તિ કરવી એ માર્ગભક્તિ કહી. અને જે ભક્તિ વખતે લક્ષ આત્માનું હોય અને દર્શનમોહનો ઘાત કરવામાં આવે ત્યારે એને રહસ્યભક્તિ કહી છે. માર્ગભક્તિ, રહસ્યભક્તિ, પરાભક્તિ, નિષ્કામ ભક્તિ. એમણે આવા સંયોજનો બહુ કર્યા છે. એ એમની સ્વતંત્ર શૈલી છે આખી.

'**તમારા સમીપ સત્સંગીઓને સમસ્થિતિએ યથા.**' તમારા સમીપમાં જે

સત્સંગીઓ છે એ બધાને સમસ્થિતિએ એટલે કોઈને ઓછા વધારે ગણીને નહિ. એમ કહે છે. યથાયોગ્ય. એ રીતે યાદી આપી છે. એ ૮૦૯મો પત્ર પૂરો થયો.

મુમુક્ષુ :- કરુણા કેટલી રાખી છે !

પૂજ્ય ભાઈશ્રી :- કરુણા તો ઘણી છે. જગતના અનંતા જીવો પ્રત્યે કરુણા છે એટલે એમની કરુણાને અનંત કરુણા કહેવામાં આવે છે. માર્ગને, માર્ગના કારણને, કારણના કારણને પ્રાપ્ત થાય. ક્યારે પ્રાપ્ત થાય ? એક સમયના અનવકાશપણે પ્રાપ્ત થાય. એટલે અત્યારે એ પ્રાપ્ત થાય. એ અનંત કરુણાવૃત્તિ એટલો રાગાંશની અંદર પ્રકાર સત્પુરુષોને મોક્ષમાર્ગમાં વિદ્યમાન હોય છે. એ ૮૦૯ થયો.

પત્રાંક-૮૧૦

મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩

ૐ

પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી.

જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.

લોકદષ્ટિ અને જ્ઞાનીની દષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દષ્ટિ પ્રથમ નિરાલંબન છે, રુચિ ઉત્પન્ન થતી નથી, જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે.

જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવા યોગ્ય કાંઈ દેખાતું નથી. ૐ

૮૧૦. 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. '**પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી.**' પત્ર નહિ લખવાની પ્રવૃત્તિમાં પારમાર્થિક હેતુ છે. વ્યવહારિક હેતુ નથી. 'મુંબઈ'માં વેપાર-ધંધાની પ્રવૃત્તિ બહુ વધી ગઈ છે. 'મુંબઈ'થી પત્ર લખે છે ને ? એટલે કાગળ લખવાની ફુરસદ નથી એ કારણ નથી. તેમ બીજું કોઈપણ વ્યવહારિક કારણ નથી. વ્યવહારિક કારણ તો પત્ર લખવું એ હોવો જોઈએ. એ કારણ તો લાગુ પડતું નથી. કેમકે એમના પત્રોથી બીજાને બોધ મળતો હતો.

બોધમાં નિમિત્ત થતા હતા. એટલે વ્યવહાર તો પત્ર લખવાનો છે. છતાં પણ પોતાની અધ્યાત્મદશાનું કારણ એવું રહ્યું છે કે જેમાં પત્ર લખવાનું પણ બની શકતું નથી. વૃત્તિ એટલું કામ કરતી નથી.

આત્મામય પરિણતિ વર્તતી હોવાને લીધે. શુદ્ધોપયોગ તો ક્યારે ક્યારે કેટલા અંતરાળે આવતો હશે એ કોઈ કહી શકે એવું નથી. પણ એટલું ચોક્કસ કહી શકાય એવું છે કે પરિણતિમાં એટલી બધી ઉગ્રતા વર્તતી હતી કે જેને લઈને પત્ર લખવાના, મુમુક્ષુઓને પત્ર લખવાની પ્રવૃત્તિના વિકલ્પો શક્ય નહોતા. અશક્ય પરિસ્થિતિ હતી. એમ બની શકતું નથી. એમ કહ્યું. પછી એ કહેવાની જરૂર નથી કે જેને પરિણતિ ઉગ્ર હોય તેને શુદ્ધોપયોગ વારંવાર આવે એ કહેવાની જરૂર નથી. પરિણતિની વાત ચોખ્ખી છે. એવા '**પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી.**'

'**જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે...**' જે અનિત્ય છે. આ તમામ પ્રકારના ઉદય, આખો સંસાર. બધા જ સંયોગો, તમામ સંયોગો. શરીરાદિથી માંડીને બધું લઈ લેવું. '**જે અનિત્ય છે, જે અસાર છે...**' જેમાં કાંઈ માલ નથી. '**અને જે અશરણરૂપ છે...**' ગમે તેવા સારામાં સારા અનુકૂળ સંયોગો હોય તોપણ શરણ થવાના નથી, નથી ને નથી. કોઈને શરણ નહિ થાય. એમ ને એમ આંખો ફાટી રહેશે, સંયોગ-સંયોગમાં રહેશે અને એ ગમે તેટલું ઈચ્છતો હશે તોપણ કાંઈ થાશે નહિ. એક તણખલાને હલાવી નહિ શકે. અરે..! પહેલવાન હશે તોપણ આંખ ઉપરથી માખીને ઉડાડી શકશે નહિ. આ હાલત થાય છે.

'**જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે...**' એવો આ સંસાર '**આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રદિવસ વિચારવા યોગ્ય છે.**' શું કહ્યું છે ? આમની શૈલી જોઈ ? કે તમારા પરિણામનો તમે વિચાર કરજો કે તમને સંસારની, સંયોગની પ્રીતિ વર્તે છે. તો અનિત્ય છે, અસાર છે અને અશરણરૂપ છતાં કેમ એ પ્રીતિ વર્તે છે ? એનો રાત્રિદિવસ એટલે નિરંતર વિચાર કરજો. એ વાતને ભૂલશો નહિ. એ વાતને વિસ્મરણ કરવા જેવી નથી.

જે મનુષ્ય આયુ સિદ્ધપદ ઘડવા માટે કામમાં લેવું જોઈએ, તે સમય સંસારના સંયોગોનું રક્ષણ કરવા માટે કે વૃદ્ધિગત કરવા માટે કે પ્રાપ્તિ કરવા માટે આટલી બધી પ્રીતિ થાય છે એ કેમ થાય છે ? આમાં મારી વિચાર શક્તિ કઈ રીતે કામ કરે છે ? શું એ મને નિત્ય રહેવાના છે ? એ મને શરણ થવાના છે ? એમાં કાંઈ સાર છે એટલે સુખ આવે છે ? સારરૂપ સુખ અને અસારરૂપ દુઃખ. ક્યાંયથી સુખ આવે છે ? તપાસી લે. ન તો ક્યાંયથી સુખ આવે છે, ન તો કોઈ શરણનું કારણ છે, ન તો એ કાયમી

રહેવાવાળી ચીજ છે સંયોગમાં.

'તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.' નિરંતર એનો વિચાર કરવો. પોતાની રુચિ અને પ્રીતિથી જે જોડાય છે એને એ વાત વિચારવા યોગ્ય છે કે આ નિત્ય છે ? આ શરણ થવાના છે ? આમાંથી સુખ આવવાનું છે ? શું થાશે ? જેટલો જીવનો રસ વૃદ્ધિગત થશે, પ્રીતિ વધશે એટલી બેચેની અને દુઃખ વધવાનું છે. પહેલાં બેચેની શરૂ થશે. પછી આકુળતા એટલી વધશે કે પરિણામ Control માં રહેવાના નથી. Control બહાર પરિણામ જાશે.

મુમુક્ષુ : 'ગુરુદેવશ્રી' કહે છે એ જ વાત આવી આમાં.

પૂજ્ય ભાઈશ્રી : અનંત જ્ઞાનીઓએ એક જ વાત કરી છે. અનંતે અનંત જ્ઞાનીઓએ એક જ વાત કરી છે. એમાં કોઈ એમ માને કે બીજી વાત કરી છે એ ભ્રમણા છે. એ જીવની ભ્રમણા છે. જ્ઞાની છે એટલી વાત સંમત થાય, પછી એમના કોઈ વચનમાં શંકા કે અવિશ્વાસ થાય તો એને જ્ઞાની તરીકે એમને સ્વીકાર્યા નથી. વાત પૂરી થઈ જાય છે. એ પોતે હું સમજું છું એમાં ઊભો છે. પોતાનો સ્વચ્છંદ વધ્યો છે અને જ્ઞાનીનું Judgement લખવા બેઠો છે. એમ છે. ગાંડો ડાહ્યાને શિખામણ આપે એના જેવી વાત છે.

મુમુક્ષુ :- આમાં અનિત્ય, અસાર અને અશરણ કીધું તો નિત્ય, સાર, શરણભૂત અને પ્રીતિ ક્યાં કરવી ?

પૂજ્ય ભાઈશ્રી :- એવું પોતાનું સ્વરૂપ છે. પોતાનો ભગવાનઆત્મા નિત્ય છે. તે સાર એટલે સુખનો ભંડાર છે, અનંત સુખનું ધામ છે અને એ જ આશ્રય કરવા યોગ્ય અને શરણરૂપ છે, બાકી બધું અશરણ છે. એ એમાંથી નીકળે છે. નાસ્તિમાંથી અસ્તિ નીકળે છે.

મુમુક્ષુ :- પંચપરમેષ્ઠી શરણ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- પંચપરમેષ્ઠી પણ શરણરૂપ નિશ્ચયથી તો નથી જ. નિશ્ચય તો નથી જ. વ્યવહારે છે એટલે નિશ્ચયથી નથી જ.

મુમુક્ષુ :- એમ પંચપરમેષ્ઠી પોતે જ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પોતે એમ કહે છે કે અમે તારું શરણ થાશું નહિ. અમે કોઈનું શરણ થાતા નથી, એવો અમારામાં ગુણધર્મ નથી. ભક્તિ ગમે તેમ કરે.

મુમુક્ષુ :- કોઈપણ ઉદયપ્રસંગમાં પ્રીતિ થાય ત્યારે આ તપાસી લેવું કે આ મને સુખ આપે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ નિત્ય છે ? સુખરૂપ છે ? શરણરૂપ છે ? આ છે શું આમાં ?

જીવને પોતાના પરિણામને જોતો કરી દે, અવલોકતો કરી દે છે. અવલોકનમાં લાવી દે એવી શૈલી છે.

'**લોકદષ્ટિ અને જ્ઞાનીની દષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે.**' લોકો આમ માને છે અને લોકો આમ માને છે. એ અજ્ઞાનીના ટોળા હોય, જ્ઞાનીના ટોળા ન હોય. લોકદષ્ટિએ ચાલે, લોકમતે ચાલે તો અધોગતિમાં જાય. કેમ ? કે જ્ઞાનીની દષ્ટિ મોક્ષમાં જવાની છે અને લોકોની દષ્ટિ સંસારમાં રખડવાની છે. આમ છે. '**લોકદષ્ટિ અને જ્ઞાનીની દષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દષ્ટિ પ્રથમ નિરાલંબન છે,...**' નિરાલંબન છે એટલે આમ એવું લાગે, આને કાંઈ આધાર નથી. જ્ઞાનીની દષ્ટિને કોઈ ટેકો ન દે. અજ્ઞાનીની દષ્ટિના ટોળાના ટોળા નીકળે. '**જ્ઞાનીની દષ્ટિ પ્રથમ નિરાલંબન છે,...**' એમ લાગે આ આધાર વગરની અધ્ધર ચીજ આ કેવી રીતે ચાલે ? આ કેવી રીતે ચાલે આ બધું ? રુચિ ઉત્પન્ન કરતી નથી, જીવને ગમતું નથી એ બધું. સામાન્ય રીતે જીવને જ્ઞાનીની વાત રુચતિ નથી. એને બધી પોતાની પદ્ધતિ જ ઊલટી છે. પૂર્વ-પશ્ચિમ કીધું ને ? એટલે ઊલટી પદ્ધતિ છે એટલે ઊલટી ઊલટી વાતો એને જલ્દી રુચિ જાય છે. જ્ઞાનીની વાત એને રુચિ ઉત્પન્ન કરતી નથી.

'**જીવની પ્રકૃતિને મળતી આવતી નથી;....**' કેમકે આ સ્વભાવ છે. જ્ઞાનીની દષ્ટિ સ્વભાવદષ્ટિ હોવાથી પ્રકૃતિ અને સ્વભાવ બે વિરુદ્ધ જાતમાં ઊભા છે. રાગ અને વીતરાગતા વિરુદ્ધ જાતમાં ઊભા છે. એટલે જીવની પ્રકૃતિ સાથે સ્વભાવદષ્ટિનો મેળ ખાતો નથી. મળતી આવતી નથી.

એવું તો અનેક માણસો માટે ઈતિહાસમાં બન્યું છે કે અત્યારે કહે ત્યારે આખો સમાજ વિરોધ કરે અને દસ, વીસ, પચીસ, પચાસ વર્ષ પછી એ ન હોય ત્યારે એને પૂજવા બેસે. ભાઈ ! એણે પચાસ વર્ષ પહેલા કીધું હતું એટલી એની દષ્ટિ, અગમ દષ્ટિ, આગળ દષ્ટિ હતી. આગળથી એને એ વાતની ખબર હતી. સમાજને પચાસ-સો વર્ષ પછી એ વાતની સમજણ આવી કે આ બરાબર વાત છે. એવા માણસો ઘણાં થઈ ગયા. ... એવા માણસો ઘણાં થઈ ગયા. એના વખતમાં એને ન માને અને પાછળથી પૂજવા માંડે. પચાસ વર્ષ પહેલા આ વાત કરી હતી. કોઈને ખબર નહોતી પડતી ત્યારે એને ખબર હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે એક વિશિષ્ટ જે વિચારશક્તિ હોય છે અને એક સામાન્ય વિચારશક્તિ હોય છે એમાં અંતર તો હોય જ છે ને ?

મુમુક્ષુ :- એનું Result જોઈને અત્યારે પૂજે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. Result જોઈને પૂજે, કોઈપણ કારણે પૂજે એ તો પુણ્ય-પાપનો યોગ હોય છે બધો. એ તો ગાંડા પણ પૂજાય જાય છે અને આગા ખાન પણ પૂજાય જાય છે અને રજનીશ પણ પૂજાય જાય છે. અને જ્ઞાનીઓ પૂજાય છે અને જ્ઞાનીઓ પણ નથી પૂજાતા. એ તો એ વખતના પુણ્ય-પાપના યોગ અનુસાર હોય છે. પણ જે યથાર્થ છે તે ત્રણે કાળે યથાર્થ છે, અયથાર્થ છે તે ત્રણે કાળે અયથાર્થ છે. પોતાના હિત ખાતર યથાર્થ અને અયથાર્થ સમજવાનો પોતે પ્રયત્ન કરવો જોઈએ. કોઈના માટે નહિ. પોતાના હિત માટે.

'**જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે,...**' દૃષ્ટિ એટલે અહીંયાં દૃષ્ટિકોણ લેવો. લોકોનો દૃષ્ટિકોણ અને જ્ઞાનીનો દૃષ્ટિકોણ એ ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ છે. જ્ઞાનીનો દૃષ્ટિકોણ પ્રથમ નિરાલંબ છે. જેને કોઈ કાંઈ ટેકો નથી. નિરાલંબન લાગે, કાંઈ આધાર વગરનું લાગે, સાવ લુલુ લંગડુ લાગે પણ એ પરમ સત્ય હોય છે. રુચિ ઉત્પન્ન કરતી નથી. એ વાત એમની રુચિમાં જલ્દી જીવને આવતી નથી. કેમકે પોતાની પ્રકૃતિ અને એમના દૃષ્ટિકોણને મેળ ખાતો નથી. જીવની પ્રકૃતિને અને સ્વભાવને મેળ ખાતો નથી. જ્ઞાની સ્વભાવને અનુસરે છે અને સ્વભાવના દૃષ્ટિકોણપૂર્વક એમના અંતર બાહ્ય બધા કાર્યો સુવ્યવસ્થિત અને યથાર્થ હોય છે.

'**તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી,...**' તેથી જ્ઞાનીને અનુસરી શકતો નથી. '**તેથી જીવ તે દૃષ્ટિમાં રુચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને...**' પ્રતિકૂળતાઓ વેઠીને. ભલે ગમે તે પરિસ્થિતિ હોય એ વેઠીને '**થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે,...**' એટલે કે સત્યને વળગી રહ્યા છે. પરિષહ વેઠીને પણ જે સત્યને વળગી રહ્યા છે. '**તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે;...**' અથવા તે નિર્વાણના ઉપાયને પામ્યા છે. માર્ગને પામ્યા છે. જેમણે એ પરિષહ વેઠીને પણ જ્ઞાનીનું અનુસરણ કર્યું છે તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને એટલે એનું ફળ નિર્વાણપદ છે એને પામ્યા છે. અને તે કાળે તો એ માર્ગને પામ્યા છે. કાં તો નિર્વાણને પામે છે કાં તો તેના એટલે નિર્વાણના માર્ગને પામે છે. એટલે મોક્ષને પામે છે અથવા મોક્ષના માર્ગને પામે છે. જે મોક્ષના માર્ગને પામે છે એ મોક્ષને પામે, પામે ને પામે જ.

મુમુક્ષુ :- પરિષહ તો આવવાના જ, હવે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો ઋષભદેવ જેવા મહાપુરુષને બાર બાર મહિના સુધી આહાર ન મળ્યો તો એ કાંઈ પ્રતિકૂળતા થોડી કહેવાય ? અવધિજ્ઞાનનો ઉપયોગ કેમ ન મૂક્યો ? પોતે પોતા માટે કાંઈ ન વિચારે. કેમકે એ એમનો વિષય નથી. પણ ઈન્દ્ર તો દીક્ષા કલ્યાણકમાં આવ્યા હતા કે નહોતા આવ્યા ? ગર્ભકલ્યાણકમાં આવ્યા,

ગર્ભકલ્યાણક પહેલા છ મહિને એમના નગરની સાફસૂફી અને કોઈ ગરીબ ન રહે એટલા માટે રત્નોની વૃષ્ટિ કરી. પછી ગર્ભકલ્યાણકમાં આવ્યા, જન્મકલ્યાણકમાં આવ્યા, દીક્ષા કલ્યાણકમાં આવ્યા. પછી ખબર જ ન લીધી ભગવાનની ? કે આમને આહાર મળે છે કે નથી મળતો ? શું પરિસ્થિતિ છે ? અવધિજ્ઞાનનો ઉપયોગ ન મૂકે ? એક વર્ષ સુધી ક્યાં સુઈ ગયા હશે ?

મુમુક્ષુ :- ભગવાનની હાજરી નહોતી ત્યારે રત્નવર્ષા થઈ

પૂજ્ય ભાઈશ્રી :- હા. હાજરી નહોતી ત્યારે રત્નવર્ષા થઈ કે એ ગામમાં કોઈ ભૂખ્યો-તરસ્યો ન રહે. હવે આ ભગવાન ભૂખ્યા-તરસ્યા રહ્યા. ઠીક ! આહાર ન લે તો પાણી ન લે. આહાર ન લે એટલે પાણી ન લેવાનો પ્રસંગ નથી રહેતો. આ તો જગતની કેવી વિચિત્રતા છે ! જગતનું જે કાળે, જે ક્ષેત્રે, જે થવાનું, જે બનવાનું તે બનવાનું. ભગવાન માર્ગથી વિચલિત થતાં નથી. ભગવાનના ભક્તો પણ માર્ગથી વિચલિત થતા નથી. આમ છે.

મુમુક્ષુ :- ક્યાં ગયા ક્ષેત્રપાળ પદ્માવતી ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષેત્રપાળ પદ્માવતી સૂઈ ગયા એ વખતે ? ભગવાનનું રક્ષણ કરવાવાળા ક્યાં ગયા ? એવા હંબગે હંબગ બધા ચાલે છે.

મુમુક્ષુ :- કોઈપણ ભોગે જ્ઞાનીનો દૃષ્ટિકોણ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ ભોગે ન થાય. પૃથ્વી રસાતાળમાં જાતી હોય તો જાવ. માર્ગને તોડાય નહિ.

એટલે ભલે '**પરિષહ વેઠીને થોડા કાળ સુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે, તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે.**' ઉપાય પહેલા મળે છે. પછી ફળ રૂપે નિર્વાણની પ્રાપ્તિ થાય. '**જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે,...**' પ્રમાદ કેમ કહે છે ? કે જાણે છે પણ આદરતો નથી. એટલે એને પ્રમાદ કહ્યો. ઓછા-વત્તા પ્રમાણમાં ભાવના છે, વાત કાને પડીને સમજણમાં આવી છે પણ એને એ આદરતો નથી માટે પ્રમાદમાં પડેલો છે. એમ કહે છે.

મુમુક્ષુ :- તે વખતે પણ સત્પુરુષનો વિરોધ હતો એટલા માટે આ વાત આવી કે પરિષહ વેઠીને પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમનો વિરોધ કરેલો. સંપ્રદાયના સાધુએ અને સંપ્રદાયમાં રહેલા બહુજન સંખ્યાએ, સંપ્રદાયમાં સંખ્યા વધારે હોય, એમને અનુસરનારા ઓછા હતા. વિરોધ કરતા હતા. કાંઈ વાંધો નહિ. કરે. એમનો એ સ્વભાવ છે. ન કરે તો આશ્ચર્ય પામવું. કરે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ઋષભદેવ ભગવાનનો વિરોધ કર્યો

મરિચિ કુમારે. સત્ યુગનો પ્રારંભ હતો. ચોથા આરાનો. એટલે ઊંચામાં ઊંચો કાળ હતો. પછી બધો ઉતરતો કાળ આવ્યો છે. ચોથા આરામાં પણ ઉતરતો આવ્યો છે, પાંચમો તો ઘણો ઉતરતો છે. તે દિ' પણ એવું જ બન્યું છે. એ તો હંમેશા સત્ય અને અસત્યને હંમેશા વિરુદ્ધપણું જ રહ્યું છે. એ વસ્તુસ્થિતિ જ છે, એમાં કાંઈ નવી વાત નથી.

'**જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે,...**' શેમાં રતિ છે ? પ્રમાદમાં અનાદિથી રતિ છે. એટલે કે રોકાયેલો છે. '**પણ તેમાં રતિ કરવા યોગ્ય કાંઈ દેખાતું નથી.**' એમાં રોકાવા જેવું કાંઈ છે જ નહિ. પ્રમાદમાં કાંઈ રોકાવા જેવું છે નહિ. પ્રમાદ પરિણામની શિથિલતારૂપ છે. પ્રમાદ છે એ પરિણામની શિથિલતારૂપ છે અને એ શિથિલતા છે એ મલિનતાની ઉત્પાદક છે. વિભાવની ઉત્પાદક છે. આવો નિયમ છે. 'ૐ' કરીને એ પત્ર પણ પૂરો કર્યો છે. આદિમાં પણ ૐ કર્યો છે અને અંતમાં પણ ૐ કર્યો છે. ૐ એટલે આત્મસ્વભાવનો વાચક ધ્વનિ એને ૐ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- મુખ્ય શિષ્ય જેવા છે ને 'અંબાલાલભાઈ' એટલે..

પૂજ્ય ભાઈશ્રી :- 'ખંભાત'માં તો શ્વેતાંબર સાધુઓનો અડ્ડો મોટો છે. 'જામનગર'માં, 'ભાવનગર'માં, 'અમદાવાદ'માં. એમ 'ખંભાત'ની અંદર પણ નાનું ગામ છે. મોટા મોટા દેરાસર છે, મોટા મોટા અપાશ્રય છે. એમનું 'ખંભાત'માં મુમુક્ષુની સાથે આવાગમન રહ્યું છે તો ત્યાં વિરોધ થયેલો. લોકો વિરોધ કરે. આ સંખ્યામાં ઓછા હોય. 'કૃપાળુદેવ'ના મુમુક્ષુઓ સંખ્યામાં ગણતરીના હોય. ઓલો આખો સમાજ હોય. એ સમાજ હોય એટલે પછી એ રીતે બધા કાંઈ એકસરખા તો હોય નહિ. ગડબડ કરનારા પણ હોય. એ લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિમાં ફેર રહેવાનો એ તો રહેવાનો જ છે. તમારે જ્ઞાનીનું અનુસરણ છોડવા જેવું નથી.

મુમુક્ષુ :- પરિષહ વેઠીને પણ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિષહ વેઠીને પણ જ્ઞાનીનું શરણ, જ્ઞાનીના ચરણમાં વળગી રહેવા જેવું છે.

મુમુક્ષુ :- નિર્વાણ સુધીની ખાત્રી આપી.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્વાણ સુધીની ખાત્રી આપી. એમ છતાં એનું ફળ નિર્વાણ મળશે. આ સંયોગો પણ અનિત્ય છે. જે લોકો પરિષહમાં ઊભા છે પણ અનિત્ય સંયોગો છે, એ કાંઈ નિત્ય રહેવાના નથી. એટલે એનું કાંઈ વિશેષ વજન દેવા જેવું નથી. એ ૮૧૦ થયો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી : 'સોભાગભાઈ'ના દીકરા 'મણિભાઈ' એમના પૌત્ર છે એ

આપણા મુમુક્ષુ છે. 'વઢવાણ'માં રહે છે. ..ભાઈના દીકરા. એમના પૌત્ર છે. 'મણિભાઈ' એમના Grand father ના Father. Great grand father જેને કહીએ. અવારનવાર આવે છે. 'વઢવાણ' જ્યારે આવે ત્યારે આવે. યાદ કરે. ત્યાં ગયા હતા. 'સાયલા' આવો. ત્યાંથી 'સાયલા' નજીક રહ્યું ને ? વવાણિયા ગયા હતા. હમણા ત્યાં ગયા હતા. 'વવાણિયા' કારતક સુદ પૂનમે ગયા હતા.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ના દીકરા ના દીકરા 'મણિભાઈ' ?

પૂજ્ય ભાઈશ્રી :- દીકરાના દીકરાના દીકરા. 'સોભાગભાઈ'ના દીકરા 'મણિભાઈ' અને 'મણિભાઈ'ના દીકરાના દીકરા. એ પોતે ૬૫ વર્ષની ઉંમરના છે.

મુમુક્ષુ :- 'વઢવાણ' જ રહે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- 'વઢવાણ' જ રહે છે. આપણા મંડળના મુમુક્ષુ છે. મળે તો બધી વખતે મળે, જ્યારે આવે ત્યારે. મેં કીધું, હજારેક પત્રો હશે એમાંથી પચાસેક.. પત્રો બધા એમને સોંપ્યા છે. 'વવાણિયા'માં પત્રો એમના ... જેટલા હતા એટલા ...

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ના પત્રો મળ્યા હશે.

પૂજ્ય ભાઈશ્રી :- 'સોભાગભાઈ'ના પત્રો પચાસ-પંચાવન જેટલા. પણ એ તો એમણે લખી નાખ્યા હોય એટલે 'કૃપાળુદેવ' પાસે કોણ સાચવે ? પત્રો સચવાઈ ગયા એ સચવાઈ ગયા.

મુમુક્ષુ :- લોકદષ્ટિ અને જ્ઞાનીની દષ્ટિમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વ-પશ્ચિમ જેટલો તફાવ છે. પૂર્વ-પશ્ચિમ જેટલો તફાવત છે.

પત્રાંક-૮૧૧

મુંબઈ, આસો સુદ ૮, રવિ, ૧૯૫૩

ૐ

સર્વ જીવ પ્રત્યે અમારે તો ક્ષમાદષ્ટિ છે.

સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ મળવો બહુ કઠણ છે, એમાં સંશય નથી. ગ્રીષ્મ ઋતુના તાપથી તપાયમાન થયેલા પ્રાણીને શીતળ વૃક્ષની છાયાની પેઠે મુમુક્ષુ જીવને સત્પુરુષનો યોગ તથા સત્સમાગ ઉપકારી છે. સર્વ શાસ્ત્રોમાં તેવો યોગ મળવો દુર્લભ કહ્યો છે.

'શાંતસુધારસ' અને 'યોગદષ્ટિસમુચ્ચય' ગ્રંથ હાલ વિચારવાનું રાખશો. એ બન્ને ગ્રંથ પ્રકરણરત્નાકરના ચોપડામાં છપાયેલા છે. ૐ

૮૧૧. 'મુનિશ્રી લલ્લુજી'.

મુમુક્ષુ :- તે જ દિવસે બીજો પત્ર લખ્યો છે. રવિવારે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બીજું Post card લખ્યું છે. તે જ દિવસે લખ્યું છે, બરાબર છે. પહેલા જે ૮૦૮મો છે એ 'લલ્લુજી' ઉપરનો છે. ૮૧૧ પણ 'લલ્લુજી' ઉપરનો છે.

'સર્વ જીવ પ્રત્યે અમારે તો ક્ષમાદૃષ્ટિ છે.' કોઈ ગમે તેમ વર્તે અમારે તો એના પ્રત્યે ક્ષમાદૃષ્ટિ છે. અમને કાંઈ વિષમ દૃષ્ટિ નથી. અને એ તો બિચારા ભૂલે ત્યારે એવું કરે એમાં શું નવાઈ છે ? 'ગુરુદેવ' વળી એમ કહેતા એ તો બિચારા ભૂલે ત્યારે એમ કરે તો એમાં એનો દોષ નથી. પાછા શું કહે ? એમાં એનો દોષ નથી. એમ જ માને ને એમ કહે. એનું નામ ક્ષમાદૃષ્ટિ. એનો દોષ ન ગણવો એનું નામ ક્ષમાદૃષ્ટિ.

'સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ મળવો બહુ કઠણ છે, એમાં સંશય નથી.' આ કાળમાં જ્ઞાનીપુરુષનો યોગ મળવો અથવા એનો સમાગમ પ્રાપ્ત થવો એ બહુ કઠણ છે. જુઓ ! હજારો મનુષ્યોને લાખો, કરોડો, અબજો રૂપિયા મળે છે. જગતમાં એવા માણસો હજારો મળશે તમને. આખા વિશ્વમાં જુઓ તો Millionaire અને Billionaire. પણ સત્સમાગમ અને સત્પુરુષનો યોગ કેટલાને પ્રાપ્ત થાય છે ? એ કેટલાને મળે છે ? તે હજારો નહિ નીકળે, એ હજારો નહિ નીકળે. યોગ મળ્યો કોને કહેવાય ? ઓળખે એને યોગ મળ્યો કહેવાય. **'સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ મળવો બહુ કઠણ છે, એમાં સંશય નથી.'**

'ગ્રીષ્મ ઋતુના તાપથી તપાયમાન થયેલા પ્રાણીને શીતળ વૃક્ષની છાયાની પેઠે મુમુક્ષુ જીવને સત્પુરુષનો યોગ તથા સત્સમાગમ ઉપકારી છે.' આ સંસારમાં આ જીવ દુઃખી છે. કેવો છે ? દુઃખી છે. ઉનાળાના તાપથી તડકે ઊભો ઊભો તપી ગયો હોય એવી દશા આ જીવની છે. અંદરમાં આકુળતા... આકુળતા... આકુળતા... ઉકળાટ-ભય... ઉકળાટ-ભય. ઘડીક આનો ભય... ઘડીક આનો ભય... ઘડીક આનો ભય... છેવટે મરણનો ભય તો નિરંતર Constant (હોય જ છે), એવા અંદરથી તપી ગયેલા **'પ્રાણીને શીતળ વૃક્ષની છાયાની પેઠે...'** છે. તડકે ઊભેલાને છાયા મળે તો હાશ થઈ જાય. તપી ગયો હોય, ચામડી ફાટતી હોય અને એકાદુ કોઈ વૃક્ષ મળી જાય. રણની અંદર કોઈ વૃક્ષ ઊગ્યું હોય અને તપી ગયા પછી એ મળી જાય. એમ મુમુક્ષુજીવને સત્પુરુષનો યોગ અને સમાગમ ઉપકારી છે. એને શીતળતા મળે છે. સત્પુરુષના સમાગમમાં જતા એને સંસારતાપથી તપેલાને થોડી શીતળતા મળે છે. સત્પુરુષના ચરણમાં આવતા એને શાંતિ થાય છે. એને સમાધાન થઈ જાય

છે ને ? સમાધાન થઈ જાય છે એને ખાત્રી થાય છે કે હવે મારું ભવિષ્ય છે એ નબળું નથી. મારી ભવ્યતાનો પરિપાક થઈ ગયો છે. હવે હું આ સંસારને અલ્પકાળમાં તરી જઈશ. મોક્ષના ભણકારા વાગે. સત્પુરુષના સમાગમમાં આવે છે અને સત્પુરુષની વાણી સાંભળે છે ત્યારે એને મોક્ષના ભણકારા વાગે છે. એવો એ ઉપકારી છે.

'સર્વ શાસ્ત્રોમાં તેવો યોગ મળવો દુર્લભ કહ્યો છે.' જેટલા જિનાગમ છે એ બધામાં સત્સમાગમને દુર્લભથી દુર્લભ વર્ણવવામાં આવ્યો છે. એમ એ યોગ મળવો દુર્લભ કહ્યો છે. **''શાંતસુધારસ' અને 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ હાલ વિચારવાનું રાખશો.'** આ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' 'હરિભદ્રાચાર્ય'નું છે. એણે ષટ્દર્શનનું એની અંદર સ્પષ્ટીકરણ આપ્યું છે. જે ભગવાનની વાણીમાંથી આસ્તિક્ય દર્શનો નીકળ્યા, આત્મા અને મોક્ષને માનનારા, એના આભાસને સ્પષ્ટ કર્યો છે. અને એક દૃષ્ટિ, આત્માની દૃષ્ટિ થાય ત્યારે રુચિ થઈ ગઈ હોય અને સમ્યગ્દૃષ્ટિના રુચિના પરિણામ કેવા હોય ? એ સંબંધીનું વર્ણન પણ ઘણું સારું કર્યું છે. એના ઉપરથી આમણે લીધું છે, 'યશોવિજયજી'એ આઠ દૃષ્ટિની સજ્ઝાય રચી છે, આ યોગદૃષ્ટિ સમુચ્ચય ઉપરથી. 'આનંદઘનજી'એ પણ ...

'શાંતસુધારસ' એ પણ એક ગ્રંથ છે. એ કોનો ગ્રંથ છે એ ખ્યાલ નથી. અને 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથ **'હાલ વિચારવાનું રાખશો. એ બન્ને ગ્રંથ પ્રકરણરત્નાકરના ચોપડામાં છપાયેલા છે.'** 'પ્રકરણરત્નાકર' નામનો કોઈ હસ્તલિખિત ચોપડો હશે એમાં લખાઈ ગયા હશે. એટલે ત્યાંથી કદાચ તમને મળી જશે. 'ૐ' એમ કરીને એ પત્ર પણ પૂરો કર્યો છે. અહીં સુધી રાખીએ.

શુભ પરિણામનું મમત્વ શ્રદ્ધાનની વિપરીતતાનું સુચક છે. કારણકે શુભ પરિણામ પરાશ્રિત પરિણામ છે. આત્મા જેણે જાણ્યો છે, તેને આત્મસ્વરૂપનો જ મહિમા હોય, પરાશ્રિત એવા શુભ પરિણામનો નહિ, તેથી શુભ પરિણામના મહિમા વાળાએ આત્માને જાણ્યો નથી તેમ આપો આપ સિદ્ધ થાય છે.

(અનુભવ સંજીવની-૧૯૨૮)

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

	ગ્રંથનું નામ તેમજ વિવરણ	મૂલ્ય
૦૧	અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો)	૦૨-૦૦
૦૨	અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો)	અનુપલબ્ધ
૦૩	આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૦૪	અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન)	૧૫૦-૦૦
૦૫	અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૮	અધ્યાત્મ પરાગ -	
૦૯	બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૦	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) -	
૧૧	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) -	
૧૨	ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૩	દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત	૦૨-૦૦
૧૪	દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા)	૦૪-૦૦
૧૫	દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો)	૦૬-૦૦
૧૬	ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)	૧૦-૦૦
૧૭	દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો)	૧૦-૦૦
૧૮	ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ)	૦૫-૦૦
૧૯	ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૨૦	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૧	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૨	જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૮-૦૦
૨૩	કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦

૨૪	કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૨૫-૦૦
૨૫	કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૩૦-૦૦
૨૬	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૭	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૮	ક્રમબદ્ધપર્યાય -	
૨૯	મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૧૫-૦૦
૩૦	નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)	૧૦-૦૦
૩૧	પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત)	૧૫-૦૦
૩૨	પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત)	૧૧-૨૫
૩૩	પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	અનુપલબ્ધ
૩૪	પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	૨૫-૦૦
૩૫	પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો)	૩૫-૦૦
૩૬	પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો)	૭૫-૦૦
૩૭	પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	૬૫-૦૦
૩૮	પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	-
૩૯	પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ)	૦૩-૦૦
૪૦	પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૬-૦૦
૪૧	પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૪૨	પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૩	પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૮૫-૦૦
૪૪	પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૫	પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૬	પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૭	પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૮	પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૪૯	પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૦	પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૧	પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૨	પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૩	પ્રવચનસાર	અનુપલબ્ધ
૫૪	પ્રચારિસ્તકાય સંગ્રહ	અનુપલબ્ધ
૫૫	પદ્મનંદીપંચવિશતી	-
૫૬	પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	અનુપલબ્ધ

૫૭	રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૮	રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૯	રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૬૦	રાજહૃદય (ભાગ૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૬૧	સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક)	૧૫-૦૦
૬૨	જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો)	૦૬-૦૦
૬૩	સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૬૪	સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૫	સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો)	૩૫-૦૦
૬૬	સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)	૨૫-૦૦
૬૭	સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૮	સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૩૦-૦૦
૬૯	તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)	-
૭૦	વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૭-૦૦
૭૧	વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો)	૨૫-૦૦
૭૨	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧)	-
૭૩	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨)	-
૭૪	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩)	-
૭૫	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪)	-
૭૬	યોગસાર	અનુપલબ્ધ
૭૭	ધન્ય આરાધક	-
૭૮	અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૭૯	અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૮૦	છ ઢાળા પ્રવચન (ભાગ-૧)	૨૦-૦૦
૮૧	છ ઢાળા પ્રવચન (ભાગ-૨)	૨૦-૦૦
૮૨	છ ઢાળા પ્રવચન (ભાગ-૩)	૨૦-૦૦
૮૩	મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)	૨૦.૦૦

૮૪	રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૫	રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૬	રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૭	રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૮	રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૧	રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૪	રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૫	રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૬	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૭	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૮	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦

૧૦૦	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૧	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૨	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૩	રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦

श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
उपलब्ध प्रकाशन (हिन्दी)

	ग्रंथ का नाम एवं विवरण	मुल्य
०१	अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल)	–
०२	आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
०३	अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन)	१५०-००
०४	आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा)	५०-००
०५	आत्मअवलोकन	–
०६	बृहद द्रव्यसंग्रह	अनुपलब्ध
०७	द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा)	३०-००
०८	दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन)	०६-००
०९	दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार)	०६-००
१०	धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन)	–
११	दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१२	धन्य पुरुषार्थी	–
१३	धन्य अवतार	–
१४	गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति)	१५-००
१५	गुरु गिरा गौरव	–
१६	जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन)	०८-००
१७	कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
१८	कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	३०-००
१९	मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन)	०८-००
२०	मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	–
२१	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)	१०-००
२२	निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई)	१०-००
२३	परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त)	–
२४	प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई)	०४-००
२५	परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०-००
२६	प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२७	प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०-००
२८	प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन)	२०-००
२९	प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन)	२०-००
३०	प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००

३१	प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०-००
३२	पथ प्रकाश	२०.००
३३	प्रवचनसार	अनुपलब्ध
३४	प्रंचास्तिकाय संग्रह	अनुपलब्ध
३५	सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक)	१५-००
३६	ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त)	-
३७	सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	१८-००
३८	सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५-००
३९	सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	४०-००
४०	समयसार नाटक	अनुपलब्ध
४१	समयसार कलश टीका	अनुपलब्ध
४२	समयसार	अनुपलब्ध
४३	स्मरण संचिका	२०.००
४४	स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन)	२०-००
४५	तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई)	२०-००
४६	तत्थ्य	अनुपलब्ध
४७	विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन)	१०-००
४८	वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन	२०-००
४९	भगवान आत्मा	२०.००
५०	जिन प्रतिमा जिन सारखी	२०.००
५१.	छः ढाला प्रवचन (भाग-१)	२०.००
५२.	छः ढाला प्रवचन (भाग-२)	२०.००
५३.	छः ढाला प्रवचन (भाग-३)	२०.००
५४.	प्रवचनसुधा (भाग-६)	३०.००

वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

०१	प्रवचनसार (गुजराती)	१५००
०२	प्रवचनसार (हिन्दी)	४२००
०३	पंचास्तिकायसंग्रह (गुजराती)	१०००
०४	पंचास्तिकाय संग्रह (हिन्दी)	२५००
०५	समयसार नाटक (हिन्दी)	३०००
०६	अष्टपाहुड (हिन्दी)	२०००
०७	अनुभव प्रकाश	२१००
०८	परमात्मप्रकाश	४१००
०९	समयसार कलश टीका (हिन्दी)	२०००
१०	आत्मअवलोकन	२०००
११	समाधितंत्र (गुजराती)	२०००
१२	बृहद द्रव्यसंग्रह (हिन्दी)	३०००
१३	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती)	१०००
१४	योगसार	२०००
१५	अध्यात्मसंदेश	२०००
१६	पद्मनंदीपंचविंशती	३०००
१७	समयसार	३१००
१८	समयसार (हिन्दी)	२५००
१९	अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित)	३०००
२०	द्रव्यदृष्टि प्रकाश (गुजराती)	१०,०००
२१	द्रव्यदृष्टि प्रकाश (हिन्दी)	७६००
२२	पुरुषार्थसिद्दिउपाय (गुजराती)	६१००
२३	क्रमबद्धपर्याय (गुजराती)	८०००
२४	अध्यात्मपराग (गुजराती)	३०००
२५	धन्य अवतार (गुजराती)	३७००
२६	धन्य अवतार (हिन्दी)	८०००
२७	परमामगसार (गुजराती)	५०००
२८	परमागमसरा (हिन्दी)	४४००
२९	वचनामृत प्रवचन भाग-१-२-३-४	५०००
३०	अनुभव प्रकाश (हिन्दी)	२०००
३१	निर्भ्रांत दर्शननी केडीए (गुजराती)	५०००
३२	निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी)	७५००

३३	गुरुगुण संभारणा (गुजराती)	३०००
३४	गुरुगुण संभारणा (हिन्दी)	७५००
३५	जिण सासणं सव्वं (गुजराती)	२०००
३६	जिण सासणं सव्वं (हिन्दी)	२०००
३७	द्वादश अनुप्रेक्षा (गुजराती)	२०००
३८	दस लक्षण धर्म (गुजराती)	२०००
३९	धन्य आराधना (गुजराती)	१०००
४०	धन्य आराधना (हिन्दी)	१५००
४१	प्रवचन नवनीत भाग-१-४ (गुजराती)	५८५०
४२	प्रवचन प्रसाद भाग-१-२	२३००
४३	पथ प्रकाश (गुजराती)	२०००
४४	पथ प्रकाश (हिन्दी)	५००
४५	प्रयोजन सिद्धि (गुजराती)	३५००
४६	प्रयोजन सिद्धि (हिन्दी)	२५००
४७	विधि विज्ञान (गुजराती)	२०००
४८	विधि विज्ञान (हिन्दी)	२०००
४९	भगवान आत्मा (गुजरात)	२०००
५०	भगवान आत्मा (हिन्दी)	१५००
५१	सम्यक्ज्ञानदीपिका (गुजराती)	१०००
५२	सम्यक्ज्ञानदीपिका (हिन्दी)	१५००
५३	तत्त्वानुशीलन (गुजराती)	४०००
५४	तत्त्वानुशीलन (हिन्दी)	२०००
५५	बीजुं कांई शोध मा (गुजराती)	४०००
५६	दूसरा कुछ न खोज (हिन्दी)	२०००
५७	मुमुक्षुता आरोहण क्रम (गुजराती)	२५००
५८	मुमुक्षुता आरोहण क्रम (हिन्दी)	३५००
५९	अमृत पत्र (गुजराती)	२०००
६०	अमृत पत्र (हिन्दी)	२५००
६१	परिभ्रमणना प्रत्याख्यान (गुजराती)	१५००
६२	परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी)	४०००
६३	आत्मयोग (गुजराती)	१५००
६४	आत्मयोग (हिन्दी)	३०००
६५	अनुभव संजीवनी (गुजराती)	१०००
६६	अनुभव संजीवनी (हिन्दी)	१०००
६७	ज्ञानामृत (गुजराती)	३५००
६८	ज्ञानामृत (हिन्दी)	१५००

६९	वचनामृत रहस्य (गुजराती)	१०००
७०	वचनामृत रहस्य (हिन्दी)	१०००
७१	दिशा बोध (हिन्दी-गुजराती)	३५००
७२	कहान रत्न सरिता (भाग-१)	१०००
७३	कहान रत्न सरिता (भाग-२)	१०००
७४	कुटुम्ब प्रतिबंध (गुजराती)	१५००
७५	कुटुम्ब प्रतिबंध (हिन्दी)	२५००
७६	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती)	१५००
७७	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी)	२०००
७८	गुरु गिरा गौरव (हिन्दी-गुजराती)	३५००
७९	समयसार दोहन (गुजराती)	७५०
८०	समकितनुं बीज (गुजराती)	१०००
८१	स्वरूपभावना (गुजराती)	१०००
८२	स्वरूपभावना (हिन्दी)	१०००
८३	सुविधि दर्शन (गुजराती)	१०००
८४	सुविधिदर्शन (हिन्दी)	१९००
८५	आत्मसिद्धि शास्त्र पर प्रवचन	१२५०
८६	प्रवचन सुधा (भाग-१) (गुजराती)	१४००
८७	प्रवचन सुधा (भाग-२) (गुजराती)	७५०
८८	प्रवचन सुधा (भाग-३) (गुजराती)	१०००
८९	प्रवचन सुधा (भाग-४) (गुजराती)	१०००
९०	प्रवचन सुधा (भाग-५) (गुजराती)	१०००
९१	प्रवचन सुधा (भाग-६) (गुजराती)	१०००
९२	प्रवचन सुधा (भाग-७) (गुजराती)	७५०
९३	प्रवचन सुधा (भाग-८) (गुजराती)	७५०
९४	प्रवचन सुधा (भाग-९) (गुजराती)	७५०
९५	प्रवचन सुधा (भाग-१०) (गुजराती)	७५०
९६	प्रवचन सुधा (भाग-११) (गुजराती)	७५०
९७	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती)	१०००
९८	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती)	१०००
९९	द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती)	१०००
१००	द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती)	१०००
१०१	राज हृदय (भाग-१) (गुजराती)	१५००
१०२	राज हृदय (भाग-२) (गुजराती)	१५००
१०३	राज हृदय (भाग-३) (गुजराती)	७५०
१०४	अध्यात्मस्धा (भाग-१) (गुजराती)	१०००

१०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती)	१०००
१०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती)	१०००
१०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती)	७५०
१०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती)	७५०
१०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन)	१०००
११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन)	७५०
१११ मुक्तिनो मार्ग (गुजराती)	१०००
११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी)	१०००
११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी)	१०००
११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी)	१०००
११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी)	१०००
११६ धन्य आराधक (गुजराती)	७५०
११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१)	१०००
११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२)	१०००
११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३)	१०००
१२० जिन प्रतिमा जीन सारखी	५००
१२१ स्मरण संचिका	१५००
१२२ दंसण मूलो धम्मो	३५००
१२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी)	१०००
१२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी)	१०००
१२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी)	१०००
१२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी)	१०००
१२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी)	१०००
१२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी)	१०००
१२७ धन्य पुरुषार्थी (गुजराती)	१५००
१२८ धन्य पुरुषार्थी (हिन्दी)	६५००
१२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१)	१०००
१३० राज हृदय (भाग-४) (गुजराती)	५००
१३१ राज हृदय (भाग-५) (गुजराती)	५००
१३२ राज हृदय (भाग-६) (गुजराती)	५००
१३३ राज हृदय (भाग-७) (गुजराती)	१५०
१३४ राज हृदय (भाग-८) (गुजराती)	१५०
१३५ राज हृदय (भाग-९) (गुजराती)	१५०
१३६ राज हृदय (भाग-१०) (गुजराती)	१५०
१३७ राज हृदय (भाग-११) (गुजराती)	१००
१३८ राज हृदय (भाग-१२) (गुजराती)	१००

१३९ राज हृदय (भाग-१३) (गुजराती)	१००
१४० राज हृदय (भाग-१४) (गुजराती)	१००
१४१ राज हृदय (भाग-१५) (गुजराती)	१००
१४२ राज हृदय (भाग-१६) (गुजराती)	१००
१४३ अध्यात्म सुधा (भाग-६) (गुजराती)	१५०
१४४ अध्यात्म सुधा (भाग-७) (गुजराती)	१५०
१४५ अनुभवप्रकाशना किरणों (भाग-२) (गुजराती)	१५०
१४६ अनुभवप्रकाशना किरणों (भाग-३) (गुजराती)	१५०
१४७ अनुभवप्रकाशना किरणों (भाग-४) (गुजराती)	१५०
१४८ अनुभवप्रकाशना किरणों (भाग-५) (गुजराती)	१५०
१४९ अनुभवप्रकाशना किरणों (भाग-६) (गुजराती)	१५०
१५० अनुभवप्रकाशना किरणों (भाग-७) (गुजराती)	१००
१५१ अनुभवप्रकाशना किरणों (भाग-८) (गुजराती)	१००
१५२ अनुभवप्रकाशना किरणों (भाग-९) (गुजराती)	१००
१५३ राज हृदय (भाग-१७) (गुजराती)	२००

પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે